ઇન્ડિયન ઓપિનિયન.

પુસ્તક ૧૨ મું. ફીનીક્સ, બુધવાર, તારીખ ૭ મી જાન્યુઆરી, ૧૯૧૪. અંક ૧.

અધિપતિની નોંધ

અમર હરબતસીંગ હરબતસીંગ એ એક ગીરમીટીયો હીંદી હતો. તેની ઉંમર સીતેર વરસની હતી. સગાં સાંઇ ન હતા. આ હરબતસીંગે ગયે સોમવારે દેહત્યાગ કર્યો. તેને સારૂ આખી હીંદી કોમ શોક કરે છે. જેને આ વીફાગ દેશમાં એક પણ સગો ન હતો, તેને આજ આ મુલકમાં વસતા દોઢ લાખ હીંદી સગાં થઇ પડયા છે. જેના મરણ વિષે સાધારણ સ્થિતીમાં એક પણ હીંદી જાણત નહી. તેના મરણ વિષે આ અસાધારણ સ્થિતીમાં આખું હીંદુસ્થાન જાણશે. આનું શું કારણ એમ સરવે કોઇ પુછશે. તેનો જવાબ એ છે કે હરબતસીંગ સત્યાગ્રહી હતો અને જેમ સત્ય અમર છે તેમ સત્યને આગ્રહ પુરવક વળગી રહેનાર પણ અમર થાય છે. સુરજને ઢાંકવાથી છાનો નથી રહેતો તેમ સત્યને ગમે તેટલું ઢાંકો છતાં તે પ્રગટ થાય છે તેથી સત્યનું એક અંશે પણ સેવન કરનારો પુરૂષ ઢંકાયો રહેતો નથી. હરબતસીંગને ત્રણ પાઉંડનો કર આપવા પણું ન હતું. તે બહુ પુરાનો ગીરમીટીઓ હતો છતાં તેણે બીજા પોતાના ભાઇઓ નીકળી પડયા તેથી પોતે પણ નીકળી પડવું પસંદ કર્યું.

એમની લાશ દટાઇ ગઇ છે. ખબર પડતાં તુરતજ તે લાશ પાછી મેળવવાની માગણી સરકાર પાસે કરી છે ને આ લેખ જ્યારે નટલમાં પરવાનગી મળી ગઇ હશે. લાશ મળ્યા બાદ તેમને અગ્નીદાહ દેવામાં આવશે. અમારી ઉમેદ છે કે એ વેળા દરેક હીંદી ભાઇ લાશની પાછળ ચાલશે.

હરબતસીંગે આ મહાન લડતમાં જોડાઇ પોતાનું નામ અમર કર્યું છે. તેમના જેવી હીંમત અને સદગુણી બધા હીંદીમાં આવો એવું અમે ઇચ્છીએ છીએ.

મીસીઝ શેખ મહેતાબ મીસીઝ શેખ મહેતાબ તથા તેમની મા આવતે સોમવાર તારીખ બારમીએ પીટરમારિત્સબરગની જેલમાંથી છુટશે. આ બન્ને સત્યાગ્રહી તરીકે જેલ જનાર પહેલાં મુસલમાન બાઇઓ છે. તેમને મેરીત્સબરગ તથા ડરબનની બેનો પુરો આવકાર આપશે એમ ઉમેદ છે.

ટેલીફોનનો ત્રાસ ટેલીફોન પોતાના ઘરમાં ઘાલી ઘણા ધંધામાં મશગુલ રહેનારા બહુ સગવડ થઇ એમ માની લે છે. આવા માણસો આગળ પાછળનો વિચાર નથી કરતા. એમ જેઓએ ટેલીફોનનો ખુબ અનુભવ લીધો છે તેઓ કહી શકે છે. અમે રીકામાં પ્રખ્યાત જજ છે જેનું નામ જજ કારટર છે તેણે એક કેસમાં ટીકા કરતાં ટેલીફોનને તદન વખોડી કહાડયો. તેણે એમ કહ્યું કે તેથી અનીતિમાં વધારો થયો છે ને રહેણી નું ખરચ ત્રીસ ટકા વધી ગયું છે. તે કહે છે કે છોકરાં ઓ ટેલીફોન વડે જે અયોગ્ય વાતો કરે છે તે કદિ સામ સામે નહીં કરે. વળી ઘેર બેઠાં માલ મગાવવાની સગવડ મળવાથી ખાસ જરૂર ન હોય તેવો સામાન પણ લોકો તુરત મગાવે છે ને તેથી ઉડાઉ ખરચ વધે છે ને દેશ પાયમાલ થાય છે. પશ્ચિમના પવનમાં ઝડપાએલા હીંદીને જજ કારટર ની ટીકા વિચારવા જેવી છે. ટેલીફોનથી બીજા ગેરફાયદા ઘણા થાય છે તે દરેક માણસ પોતાના મનની સાથે પણ વિચારી શકે છે.

ભાઇ હરબતસીંહનો દેહત્યાગ

ઈ. ઓ. ના અધિપતી સાહેબ,

ભાઇ હરબતસીંગ જેણે સોમવારે આ સંસારનો ત્યાગ કરયો તેને વિષે થોડી હકીકત હું જાણું છું તે ઈ. ઓ. ના વાંચનાર જાણી રાજી થશે એમ માનું છું તેથી નીચે આપું છું.

જ્યારે હું બે માસ પહેલા વોલકરસ્ટની જેલમાં હતો ત્યારે ભાઇ હરબતસીંગે વોલકરસ્ટની જેલ પાવન કરી. તે ભાઇ લગભગ સાડત્રીસ હીંદીમાંના એક હતા. આ સાડત્રીસ હીંદિયે ચારલ્સટાઉનમાં કેટલીક મુદત સુધી રાહ જોયા પછી વોલકરસ્ટમાં દાખલ થઇ જેલ યાત્રા કરવાનું પસંદ કરયું. જ્યારે મેં તેમાં ભાઇ હરબતસીંહને જોયા ત્યારે મારૂં હૃદય હરખથી ઉભરાઇ ગયું. પછી મેં અંતર વિચાર કરી મારૂ કારય તપાસ્યું. મારૂ હૃદય એમ ઉભરાયું કે આવા સીતેર વરષના બુઢા હીંદિ જેણે લગભગ ત્રીસ વરષ નાતાલમાં મજુર ની સ્થિતીમાં ગાળ્યા તેને પણ હીંદનું, હીંદના માનનું, હીંદની પુરાણી તપશ્ચર્યાનું ભાન રહ્યું, પોતાની વૃદ્ધાવસ્થામાં પણ પોતે આરામમાં જીંદગી ભોગવવાને બદલે જેલનાં દુઃખો સહન કરવાનુ પસંદ કરયું. હું ઉદાસ એટલા માટે થયો કે "અરે જીવ, જો તેં તારા નિરદોશ, અભણ છતાં જ્ઞાની, ભાઇઓ ને ખોટે રસ્તે દોર્યા હશે તો તું કેટલા પાપનો જવાબદાર થઇશ? તારી ભુલ તને માલમ પડશે ત્યારે તારો પશ્ચાતાપ શા કામમાં આવશે? તારાથી દોરાયલા મરણ પામેલા સજીવન નથી થવાના, તારાથી દોરવાઇ જેણે જેલનાં દુઃખ ભોગવ્યાં હશે તે ભુલવાના નથી", આમ વિચારો આવવાથી ઉદાસ થયો. પછી વળી વિચાર આવ્યા કે "જો તેં શુદ્ધ બુદ્ધિથી તારા ભાઇઓને જેલ જવાની સલાહ આપી હશે તો તું નિરદોશ ઠરશે. યજ્ઞ વીના પૃથ્વીનો નાશ સંભવે છે એ વાક્ય ખરૂંજ છે. પણ યજ્ઞ એટલે કંઇ લાકડાં બાળી તેમાં ઘી વિ. હોમવું એ નથી. તેથી હવે હવા ચોકખી થાઓ પણ કંઇ જીવ આબાદ થવાનો નથી. જ્યારે આપણાં કામ

GandhiHeritagePortal

ને લાકડાની જેમ બાળીએ ને બાળવા ખાતર આપણાં હાડી રૂપી ઘી હોમીએ ને આપણા માંસ રૂપી બળીદાન આપીએ ત્યારે ખરો યજ્ઞ થયો ને ત્યારેજ પૃથ્વી નભી શકે. એવા પ્રકારના યજ્ઞ—આત્મ ભોગ—વીના પૃથ્વી નભનાર નથી. આત્મભોગ વીના કોઇ કામ ચડી નથી તો પછી શું આપણે અપવાદ છીએ? તેવું તો નથીજ." આમ સમજી મેં જાણ્યું કે હરબતસીંગ જેવા બુઢા હીંદી હીંદને ખાતર જેલ ભરી તેમાંજ મરણ પામે તો કશી ચીંતા કરવા જેવું નથી. મેં હરબતસીંગને પુછેલું કે તેમણે છેક ઉત્તર અવસ્થામાં જેલમાં આવવાનું કેમ પસંદ કર્યું? તેમણે જવાબ દીધો "જ્યારે તમે બધા, ઓરતો વિ. જેલમાં જાઓ છો ત્યારે હું જેલ બહાર રહી શું કરું. જ્યારે તમે ચાર્લસ્ટાઉન ગયા ત્યારે મેં મારું નાનું ખેતર હતું તે છોડી ત્યાં જવાનો વીચાર કર્યો. મારા સાથીઓ જેલમાં આવ્યા એટલે હું પણ આવી નીકળ્યો." મે પુછ્યું "પણ, ભાઈ! તમારો દેહ જેલમાં પડશે તો?" આ શાની હીંદીએ જવાબ આપ્યો "પડેગા તો પડને દો, મેં બુઢા હું મેરે જીનેસે ક્યા ફાયદા હૈ?"

આ બુઢા હીંદીને સખત મજુરીની જેલ હતી. મારી જાણમાં એમ છે કે પહેલી સત્યાગ્રહની લડત વેળા જ્યારે પહેલા કેદીઓને આસન કેદ આપવામાં આવી હતી ત્યારે સરકાર તરફથી કોરટને એવી ચેતવણી મળેલી કે કોઇ પણ સત્યાગ્રહી હીંદીને આસાન કેદ ન આપવી. અને આવા કારણથી પહેલી આસાન કેદ પછી કોઇ હીંદીને આસાન કેદ મળી નથી. સારે નશીબે વોલકરસ્ટમાં જેલરે હરબતસીંગ ઉપર દયાની નજર રાખી હતી. હરબતસીંગ જેલના બગીચામાં પાણી પાવાને હમેશાં જતા ને પોતાનામાં એટલો ઉત્સાહ હતો કે જે જોઇબીજા જુવાન સત્યાગ્રહી કેદીઓ શરમાતા.

આવા હીંદીના શુભ મરણથી કયો હીંદી હરખનાં આંસુ નહીં પાડે? મારી ઉમેદ છે કે જ્યારે હરબતસીંહની લાસ નીકળે ત્યારે તેની પાછળ દરેક હીંદી સ્મશાન લગી ચાલીને જશે. એવું માન આપી આપણે મરનારની યાદી રાખશું એટલુંજ નહિ પણ હીંદને માન આપી આપણું માન ખાટશું.

હું છું,
હીંદનો ગીરમીટીયો,
મોહનદાસ કરમચંદ ગાંધી

પહેલી તારીખની માર્ચ ફુલતવી તે ઉપર ટીકા કરતાં 'ટાઇમ્સ' લખે છે કે મી. ગાંધીએ વલણ બદલાવ્યું એ ખુશી થવા જેવું છે. કલકત્તાથી લોરડ હારડીંગે કરેલી અપીલની હીંદી આગેવાનો ઉપર અસર ઠીક થયેલી દેખાય છે. છતાં અમને ધાસ્તી છે કે આ દેરી ફક્ત થોડા વખતને માટે થયેલી છે. બાકી સમાધાનીનો મુખ્ય આધાર વડી સરકારના દૃઢ પ્રયત્નો ઉપર છે. આમાં સ્વરાજ્ય ભોગવતા સ્થાનોને પોતાની બાબતનો વહીવટ ચલાવવાના હકનો સવાલ તેમજ હીંદુસ્થાનની શહેનશાહતની રઇયતના બ્રીટીશ શહેરી તરિકેના હકનો સવાલ આવી ઉભો છે. મુદ્દો બહુ અગત્યના છે અને પોતાને વડી સરકાર કહેવડાવનારી કોઇ પણ સરકારને તેમના તરફ માન નકારવું, વળણ બતાવવાનું પાલવી શકે એમ નથી.

[illegible] જણાવે છે કે કમીશન નાતાલમાં તા. ૧૬ ને મળશે [illegible].

મી. એંડ્રૂસ અને મી. પીયરસનનું આગમન

કેટલાક વખત પહેલાં કેબલોથી આપણે જાણી ચુક્યા હતા કે રેવ. મી. સી. એફ. એન્ડરૂસ અને મી. ડબલ્યુ. ડબલ્યુ. પીયરસન અહીંની સ્થિતિથી જાતે વાકેફ થવા હીંદુસ્તાનથી અત્રે આવવાના છે. ગયા શુક્રવાર ને તા. ૨ જી એ સ્ટીમર અમટાલી હીંદુસ્તાનથી આ બે ગોરા ગ્રહસ્થોને લઇ પોઈંટ પર આવી પહોંચી હતી. સ્ટીમરની ચકકી તા. ૨૮મીની હતી પણ તોફાની પવનને લીધે તે મોડી થઇ હતી. શુક્રવારે સવારે સ્ટીમર આવી પહોંચ્યાના ખબર થતાં મેસરસ પારસી રૂસ્તમજી, ઉમર હાજી આમદ ઝવેરી, ઇમામ અબ્દુલ કાદર બાવાઝીર, એ એચ. મુસા, ડૉ. એચ, મીવાંખાન, એ. જી. ટીપનીસ, જી. આઇઝેક, એચ. એસ. એલ. પોલાક, એ. એચ. વેસ્ટ, જાણી પરસોતમ, એમ. એસ. રાંદેરી, એ. એમ. શેખ, અબદુલ હક કાજી, એમ. કે. ગાંધી અને બીજા આગેવાનો મી. એન્ડરૂસ અને મી. પીયરસનને આવકાર આપવા હાજર થયા હતા. ઇમામ સાહેબ બાવાઝીરે બન્ને પરોણાને ફુલના હાર પહેરાવી ગજરા અરપણ કર્યા હતા. વખત વહેલી સવારનો હોવાથી હીંદી ભાઈઓનો ભરાવ ધીમે ધીમે થતો જતો હતો. આશરે ૮॥ને સુમારે પરોણાઓ સાથે સહુ મી. એ. એચ મુસાના બંગલા તરફ વિદાય થયા હતા. ત્યાં નાસ્તા પાણીની તઇયારીઓ કરી રાખવામાં આવી હતી. સ્થાનિક ગોરાઓમાંથી રેવ. આરચડીકન ગ્રેગસન, મી. હોડસન, રેવ. એ. એ. બેલી, રેવ. એચ. જે. બેટ્સ, મીસ મોલ્ટીનો અને બીજા કેટલાક અત્રે સામેલ હતા. ડા. નાનજી, મી. અબદુલ કાદર અને બીજા કેટલાક હીંદી આગેવાનો પણ આવી પહોંચ્યા હતા. નાસ્તો લીધાબાદ બહાર ઓશરીમાં સહુ એકઠા થયા. ત્યાં આવકારનાં ભાષણો અપાયાં હતાં. તેમાં આરચડીકન ગ્રેગસન બોલ્યા કે હાલ જે મુશ્કેલીનો મામલો ઉભો થયો છે તે શાંત કરવા કેટલાએક ગોરાઓ કામ કરી રહયા છે. અને કમિશનની નીમણુંક વિષે ન્યાય થાય તે માટે કોઇ પ્રયત્ન તેઓ બાકી રાખશે નહીં. તેમણે જણાવ્યું કે હીંદી સવાલ બ્રિટીશ રાજ્યના બધા લોકો સાથે સંબંધ ધરાવે છે.

મી. એન્ડરૂસે જણાવ્યું કે પોતે જે બાબતો વિષે માહિતગરી મેળવવા આવેલ છે તે વિષે હાલ બોલી શકતા નથી.

મી. પીયરસને અને પોતાને હીંદી અને ગોરા મિત્રો તરફથી જે આવકાર આપવામાં આવ્યો તે માટે તેમણે આભાર માન્યો. મી. પીયરસને થોડા શબ્દોમાં પોતાને અને પોતાના સાથીને મળેલા માન માટે આભાર માન્યો અને જણાવ્યું કે દક્ષિણ આફ્રિકાના કીનારાપર પગ મુકતાંજ પોતે મિત્ર મંડળની વચ્ચે આવી પહોંચેલ છે એમ પોતાને લાગ્યું હતું. તેમણે કહ્યું કે દક્ષિણ આફ્રિકાના હીંદીઓ હીંદી પ્રજાત્વનો ખરો જુસ્સો ઉત્પન્ન કરવાના કારયમાં ભારે સેવા બજાવી રહયા છે.

મી એંડરૂઝ આશરે દોઢેક માસ અત્રે રહેવા ધારે છે જે માંથી પંદરેક દિવસ તેઓ કેપમાં રહેવા ઇચ્છે છે કે તે પછી અહીંથી ઇગ્લાંડ તરફ ઉપડવાનો તેમનો ઇરાદો છે. મી. પીયરસન એકાદ માસ રહી પાછા હીંદુસ્તાન જશે. તેઓ અત્રે શેરડીના ખેતરો, કોલસાની ખાણોમાં અને બીજે જ્યાં જ્યાં હીંદી મજુરો કામ કરે છે ત્યાં જઇ તેઓની હાલત

Gandhi Heritage Portal

જોવા ઇચ્છે છે. સ્વતંત્ર રીતે ખેતી, ઉદ્યોગ કે વેપાર કરતા હીંદીઓની સ્થિતિથી પણ તેઓ વાકેફ થવા ઇચ્છે છે, અમે આશા રાખીએ છીએ કે કોઇ પણ હીંદી ભાઈ કોઇ બાબતની માહિતગીરી આપવા અથવા કોઇ ખાસ તકલીફો જાહેર કરવા ઇચ્છા રાખતા હોય તે મી. એનડ્રુઝ અને મી. પીયરસનની મુલાકાત લેવા ચુકશે નહીં. આ બન્ને પરોણાઓ ગોરાઓની પણ મુલાકાત લેશે અને તેમની બાજુ વિષે પણ વાકેફ થશે. ટ્રાંસવાલ પણ તેઓ જવા ધારે છે અને ત્યાંના હીંદી આગેવાનો તથા ગોરા મિત્રોની કમિટીના સભાસદોની મુલાકાત લેવાની ઇચ્છા તેઓ રાખે છે.

હીંદી કોમ તરફથી આવકાર

ગયા રવિવારે સવારે વિકટોરીઆ સ્ટ્રીટમાં આવેલી સુરત હીંદુ એસોસીએશનની ધરમશાળામાં ઇંડિયન હોકરસ એસોસીએશને સભા ભરી મી. એનડ્રુઝ અને મી. પીયરસનને આવકાર આપ્યો હતો. આશરે ૫૦૦ માણસો એકઠા થયા હતા. તેમાં મુસલમાન, પારસી અને ખ્રિસ્તી ગૃહસ્થો પણ હાજર હતા. મી. કાળીદાસ પરશોતમ પ્રમુખસ્થાને હતા. પ્રમુખે પ્રથમ માતૃભાષા—ગુજરાતિમાં માનવંત પરોણાઓને આવકાર આપ્યો અને પછી મી. એનડ્રુઝ, મી. પીયરસન, મીસ મોલ્ટીનો, મી. ગાંધી, મી. પોલાક, મી. ઇમામ અબ્દુલ કાદર બાવાઝીર, મી. રૂસ્તમજી અને મી. વેસ્ટને સુંદર પુષ્પોની માળાઓ પહેરાવી. ત્યાર બાદ પ્રમુખે પા. ૬૦ની થેલી મી. ગાંધીને અરપણ કરી કહ્યું કે:—

આજે આપ સર્વ અમારી એસોસીએશનનું આમંત્રણ સ્વીકારી પધાર્યા છો તે ખાતર આપ સરવનો આભાર માનુ છું. આ પ્રસંગ ઘણો અમુલ્ય છે અને તેનો સારો ઉપયોગ કરવા આ તક મળી છે તો તેનો લાભ લઈ આપણા દુઃખો જોવા આવનાર બે યુરોપીયન ગૃહસ્થો સમક્ષ ઘણું ટુંક અમારા ઉપરનું વિતક જણાવું છું. અમો આ દેશમાં ઘણા વખત થયાં આવ્યા છીએ, તે મુખ્યત્વે કરી અમારો ધંધો ફેરી કરી ગુજરાન કરવાનો છે. આ દેશમાં અમે અમારો ધંધો શરૂ કર્યો ત્યારે અત્રેના ગોરા લોકોના સુખના સાધનરૂપ થઇ પડયા હતા અને હજુ પણ એમજ છે. પણ કયા કારણ સર ખેદખાઇ ઉત્પન્ન થઇ છે કે હવે દીન પર દીન અમારી સ્થિતિ કફોડી થતી જાય છે. આ દેશમાં ઉત્પન્ન થયેલો માલ અમો શીરપર ઉપાડી જાત મહેનત કરી સ્વચ્છતા સંભાળી વેચવાનો ધંધો કરતા આવ્યા, અને આજ તેજ ધંધાને નિરમુળ કરવા લાઇસેન્સનો કર અમારા શીર ઉપર નાખવામાં આવ્યો. અને તેથી સરકાર શું હેતુથી આ કામ કરે છે તે સહજ સમજી શકાય છે. આટલું છતાં પણ વધારે હાડમારી ઇમીગ્રેશન ખાતાની છે અને તેને લઇને અમારા સાચા હકદાર ભાઈઓને અત્રે કાંઠે આવી પાછા ફરવું પડ્યું છે. કેટલાક થોડાઓ સુપ્રીમ કોરટ સુધી કેસો લડવાનો ખરચો ભોગવી શક્યા તેજ હકદાર તરીકે ઉતરી શક્યા છે, પણ ઘણાઓને તો પાછાજ ફરવું પડ્યું છે. તેના નામો અમે જ્યારે જોઇએ ત્યારે આપી શકીયે છીયે. જે ફડચો સુપ્રીમ કોરટમાં થયેલ તેથી જો આ માણસો આજે હત તો તે હકદાર થઇ શકે છે. અમે સત્યાગ્રહની લડતને ચાહીયે છીયે અને તેથીજ અમારાં દુઃખો ટળશે, જેથી યત કીંચીત તે કામમાં મદદગાર થાળો કરી આજે માનવંતા ગાંધી સાહેબને અરપણ કરવાની તક લઇએ છીએ. અને તેનો સદુપયોગ અમો અથવા અમારા ભાઇઓનાં દુઃખમાં મદદગાર થશે.

મી. ગાંધીએ ઉપરના ભાષણનો સાર ઈંગ્રેજીમાં આપતાં કહ્યું કે છેલ્લાં વીસ વરસ થયાં સભાઓમાં પ્રમુખો તરફથી હીંદી ગુજરાતી ભાષણો થાય તેનો સાર ઇંગરેજીમાં કહેવાની ફરજ હું બજાવતો આવ્યો છું અને આજ પણ તે ફરજ મને સોંપવામાં આવી છે તે બજાવવા ઉભો થયો છું.

પછી મી. ગાંધી બોલ્યા કે આ સોના મહોરની થેલી સત્યાગ્રહના ફાળામાં આપ ભાઈઓએ આપી છે તેથી આભાર માનું છું. એ પ્રમાણે કરતાં પણ તમે તમારી લડત વિષેની લાગણી બતાવી આપી છે. પચાસ વરસમાં નથી થયો એવો ખળભળાટ હીંદમાં ચાલી રહયો છે એમ હીંદના છાપા સુચવે છે. આપણા પરોણાઓ પણ તેજ સંદેશો લાવ્યા છે. તેઓ કહે છે કે ગરીબમાં ગરીબ માણસો બાળક, જુવાન, બુઢા આદિ બધા આ લડતને ઓળખે છે ને તેનાં શ્રમ કરે છે. એવી જંગી લડતમાં કોણ ભાગ ન લીયે! હાલના પઇસાનો સદુપયોગ પ્રમુખે ઇચ્છયો છે તે વાસ્તવિક છે. ઘણો મોટો કારભાર ચાલે તેમાં જો કામદાર કાચા હોય તો અથવા કાળજીવાળા ન હોય તો દુરૂપયોગ થયા વિના ન રહે. દરેક હીંદીયે આ લડતને વિષે સત્ય જાળવવાની જરૂર છે. સત્ય ન જાળવે તો લડતને ધક્કો પહોંચ્યા વિના ન રહે એ ચોકખું દેખાય તેમ છે. આ લડતમાં ગીરમીટીયાઓએ હીંદુસ્તાનને ઉજવળ કર્યું છે એટલે તેઓની તરફ દરેક દરેક હીંદીએ અતિ માનથી ને પ્યારથી વરતવું જોઇએ. જે ગીરમીટીયાનો તિરસ્કાર કરે, તેને છેતરે, તેને હેરાન કરે તે પુરૂષ હીંદનો તિરસ્કાર કરશે, હીંદને છેતરશે ને હીંદને હેરાન કરશે. ×

પછી મી. એન્ડરૂસ ભારે ખુશીના પોકાર વચ્ચે ઉભા થયા. તેમણે સભાને કહ્યું કે હીંદુસ્તાનથી પોતે એક સંદેશો લાવેલ છે; અને તે સંદેશો પ્રેમનો છે. આ કિનારે ઉતર્યા પછી મોટી સંખ્યામાં હીંદીઓનાં મુખ આજેજ જોવા પામ્યો, અને તે જોઇ મારૂં દિલ આનંદથી ઉછળે છે. જે હીંદુસ્તાન મેં જોયું છે અને જેને હું બહુ ચાહું છું તેવું બીજું હીંદુસ્તાન હું અહીં જોઉં છું. હું અને મી. પીયરસન એમ જોઇયે છીયે કે અમે અજાણ્યા દેશમાં આવી ચડેલા નથી, પણ પ્રેમ અને મિત્રતાથી જોડાયેલા લોકો વચ્ચે આવી પહોંચ્યા છીયે. તેમણે કહ્યું કે હીંદુસ્તાન તમારી તરફ બેદરકાર નથી: તમને યાદ ન કર્યાં હોય અથવા તમારે માટે પ્રારથના ન કરી હોય એવો એક પણ દિવસ નહિ વીત્યો હોય. તમારા દેશી ભાઈઓ અને મારા પ્રજા ભાઇઓ તમારી તરફ લાગણી ધરાવે છે અને તમારે માટે બંદગી ગુજારે છે કે શાંતિનો દિવસ તુરત આવે. દક્ષિણ આફ્રિકાના સવાલ સંબંધમાં હીંદુસ્તાનની અંદર બે મત નથી. હીંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તિ બધા આ સવાલમાં એકત્ર છે. મુસલમાન કોમમાં મારે કેટલાક ગાઢ મિત્રો છે. અને તેવીજ રીતે હીંદુ કોમમાં પણ ઘણા છે: બધામાં કવિ રવિન્દ્રનાથ ટેગોર મારા ગાઢમાં ગાઢ મિત્ર છે. તેમણે એક શ્લોક કહી અહીંની

હીંદી પ્રજાને સંદેશો

મોકલ્યો છે. મી. એન્ડરૂસે આ શ્લોક શાંત અને સ્પષ્ટ ઉચ્ચારથી અને માત્રા સહિત ગાઇ સંભળાવ્યો હતો. હાજરીનો આ સાંભળી—ચકિત થઇ ગયા હતા અને ભાનાર ગૃહસ્થ તરફ વધુ માનની નજરથી જોતા થયા હતા. તેમણે બધાને શાંતિ ઇચ્છી. હીંદુસ્તાનની બહેનોનો સંદેશો આપતાં તેમણે

GandhiHeritagePortal

કહ્યું કે હીંદી સ્ત્રીઓનો મરતબો જાળવવા અહીંની હીંદી બાઈઓ જે દુઃખો સહન કરી રહેલ છે તે માટે તેઓને અત્યંત લાગી આવે છે અને તેઓની તરફ સમસ્ત હીંદની ઓઓ સંપુરણ દિલસોજી ધરાવે છે. મી. એંડરૂઝે જે મંત્ર સંભળાવ્યો તે નીચે પ્રમાણે છે.

સત્યં જ્ઞાનમ્ અનન્તમ્ અજાત્ આનન્દ રૂપમ્

અજાતમ્ યદ્ વિભાતિ શાંતમ્ શિવમ્ અદ્વૈતમ્

આ બધાં ઇશ્વરનાં વિશેષણ છે ને તેનો અરથ નીચે પ્રમાણે છે એ ઇશ્વર કે જે સત્ય અને જ્ઞાનમય છે જે અંત વિનાનો છે જે આનન્દરૂપ છે જે અજાત છે શાંતિમય સુખ મય છે ને જે એકજ છે અને જેના જેવો બીજો નથી તેનું ધ્યાન હું ધરૂં છું.

પછી મી. પીયરસને ભાષણ કરતાં મી. એંડરૂસના ઉદ્દગારો ને ટેકો આપ્યો ને જણાવ્યું કે પોતે ક્વેકર પંથના હોવાથી સત્યાગ્રહમાં હમેશાં શ્રદ્ધા રાખતા આવ્યા છે ને હીંદીની લડત માં ભાગ લેવા આવવાથી પોતે સુખ માન્યું છે. મીસ મોલ ટીનો કે જે અહિંની પાલમિંટના સ્પીકર (પ્રમુખ) ની બહેન છે તેણે ભાષણમાં કહ્યું કે તે પોતે રંગદ્વેષથી દુર રહેવાનું બાલકપણથી શીખેલી છે. ને તેની સામે થવાની ફરજ છે એમ જાણી પોતે હીંદી લડતમાં હાથ નાખ્યો છે, પોતાની એવી માન્યતા છે કે વીસમી સદી એ કાળા લોકોની થઈ ચાલી જશે.

ભાષણો થયા બાદ મી. શેખ મહેતાબે પોતાના શિષ્યોની જોડે ઇંગ્રેજીમાં રચેલું પરોણાની સ્તુતી કરનાર કાવ્ય દેશી રાગમાં તાળીઓ વચ્ચે ગાઈ સંભળાવ્યું હતું.

રેવ. સી. એફ. એન્ડરૂસ અને મી ડબલ્યુ. ડબલ્યુ. પીઅરસન આપણી તકલીફોની તપાસ કરવાને ગયે અઠવાડીએ હીંદુસ્તાનથી આવ્યા છે તેમની છબી અમે આ અંક સાથે આપીએ છીએ.

મી. માર્શલ કેમ્પબેલ અને મી. ગાંધી

તેમના વચ્ચેનો પત્ર વહેવાર

મી. ગાંધીનો પત્ર

વહાલા મી. કેમ્પબેલ—બે ત્રણ દિવસ અગાઉજ મને ખબર પડી કે તમે ઈંગ્લાંડથી પાછા આવ્યા છો. કાંઠા ઉપરના બાગોમાં હડતાલ પાડવામાં તમારા મજુરો પ્રથમ ભાગ લેનારા માંના એક હતા એવું મેં જ્યારે સાંભળ્યું ત્યારે મને શી લાગણી થઇ એ તમે મને જણાવવા દેશો? એક અગત્યની સભામાં જ્યારે મને પુછવામાં આવ્યું કે ચીનીના ધમોલા અને ખેતરો વાળા ભાગોમાં હડતાલ પાડવાને હું કેમ સલાહ નથી આપતો ત્યારે મેં એવો જવાબ આપેલો કે આપણી ધારણા પુરી પાડવા માટે જે હીલચાલની જરૂર છે તે માટે ફકત કોલસાની ખાણોના હીંદી મજુરો હડતાલ પાડે એ બસ છે. ન્યુકેસલની કોલસાની ખાણોના મજુરોની ખરેખ માટે હું ત્યાં હતો ત્યારે મારા ડરબનના સાથીઓ તરફથી મને પુછવામાં આવેલું કે કાંઠા ઉપરના હીંદીઓ આ હીલચાલમાં સામેલ થવાનું પુછે છે તેમને તેઓએ શો જવાબ આપવો. તે સમયે મેં તાર દ્વારા તેઓને જણાવેલું કે તેઓ હમણાં આ હીલચાલમાં સામેલ થાય એવી કંઈ જરૂર નથી. પછીથી પણ જ્યારે મને બીજી વખત પુછવામાં આવ્યું ત્યારે મેં તેજ જવાબ આપેલો, અને મારા જેલ જવા પહેલાં એક પત્રમાં મેં એમ જણાવેલું કે પા. ૩ નો કર નાબુદ કરવાની તરફેણમાં તમારા (મી. કેમ્પબેલના) પ્રયત્નથી હીંદી કોમ તમારી એટલી બધી આભારી છે કે કદાપિ કાંઠાના પ્રદેશમાં (નોરથ કોસ્ટમાં) હડતાલ શરૂ થાય તો પણ તમારા માણસો સહુથી છેલ્લા સામેલ થાય પણ મને પુર્ણ ખાતરી છે કે મારા જેલ જવા પછી મારા સાથીઓને તે લોકોને કબજે રાખવાનું અશકય થઈ પડયું: અને આ હીલચાલ એકદમ શરૂ થઈ એટલુંજ નહીં પણ તે સાથે તેણે ઘણું ભારે રૂપ પકડયું. અમારી લાગણી તમે જાણી શકશો એમ હું ઇચ્છુ છું. જો હું બહાર હત અને મેં બધા માણસોને હડતાલ પાડવાનું જણાવ્યું હત તો હું તમારા માણસોને પણ તેમ કહત, પણ મેં જેમ પહેલું જણાવ્યું છે તેજ પ્રમાણે તમારા માણસોને સહુથી છેલ્લુ આમંત્રણ કરત.

તમે જાણો છો ત પ્રમાણે અમારા સ્વમાન અને મારા નિરાધાર ગીરમીટીયા ભાઇઓનાં દુઃખોના નિવારણ માટેના દુઃખનો વિચાર કરવાનું અશકય હતું. આ લડતમાં અમારાં સ્ત્રી. અને છોકરાંને પણ દુઃખ ભોગવવા અને પોતાનું સરવસ્વ ખોવાને આ આમંત્રણ કરવામાં અમે અચકાયા નથી, અને તેવીજ રીતે અમારા દીલસોજ મિત્રોને આ લડતમાં નુકસાન ન ભોગવવું પડે એવો અમે વિચાર કરીએ એવી આશા પણ અમારા તરફથી રાખી શકાય નહીં. અમારી આવી જાતની બધી લડતમાં દોષિત તેમજ નિર્દોષ સહન કરે છે. તેથી હું આશા રાખું છું કે આજ સુધી તમે જે અમુલ્ય દીલસોજી ધરાવી છે તે મેં અગર મારા દેશી ભાઇઓ એ ખોઇ નાંખી નથી. અમારી વિનતીઓનો અનાદર કર્યા છતાં પણ હું હમણાં જનરલ સ્મટસ સાથે સુલેહ માટે પત્ર વહેવાર ચલાવું છું. જો તમને વખત હોય અને તમે એ સુલેહમાં ભાગ લેવા ઇચ્છા રાખો, અમુક વખત નક્કી કરો તો હું તમારી મુલાકાત લઇ ચાલતા વિષયમાં વાત ચિત કરવા રાજી છું.

મી. કેલનબેક અને મી. પોલાક, જેઓ મી. ગોખલેને આપે ખાણું આપ્યું ત્યારે હાજર હતા તેઓ પણ આ મારા પત્રને પસંદ કરે છે.

મી. કેમ્પબેલનો જવાબ

વહાલા મી. ગાંધી—તમારો ૨૬મીનો કાગળ મને મળ્યો છે. તેનો જવાબ આપવામાં મને બહુ અડચણ પડી છે. પ્રથમ તો તમે લખો છો કે મારા માણસોએ પ્રથમ હડતાલ પાડી એ તમારી વાત બરોબર નથી. વિકટોરીઆ પરગણામાં તેઓ લગભગ છેલ્લા નીકળ્યા ને પહેલા કામે વળગ્યા. મારે કહે વું જોઇએ કે મારા માણસો ઘણી ધમકીને તથા ખાવાની બીકને વશ થઇ નીકળી પડયા હતા. તેઓને ધમકી આપ નારા એ તમારા એલચી હતા એમ હું માનું છું. તેમાંના બેની ઉપર તો કામ ચાલેલું ને તેઓનો દંડ થયો હતો. આટલું કહીને હવે હું તમારા કાગળના બીજા ભાગ ઉપર આવું છું. તેનો અરથ હું એમ કરૂં છું કે મારા માણસોએ હડતાલ પાડી તેથી તમે દીલગીર થવા એમ કહેવા માગો છો. તમે જે પગલાં ભર્યાં તે બરોબર છે એમ સાબિત કરવા પ્રયત્ન કરો છો અને મારી લાગણી તમે નથી ગમાવી એવી આશા બતાવો છો.

તમારી દીલગીરી માટે મારે આટલું કહેવાનું છે: તમે

Gandhi Heritage Portal

કબુલ કરો છો કે જો તમે છુટા હોત તો મારા માણસોને પણ ભેળાવત; એટલે તમારી દીલગીરી બાબેનજ વજનદાર ગણાય. એ ખરૂં છે કે તમે કહો છો કે મારી કોઠી પર તમે ઉંચો હાથ નાખત. પણ જ્યાં સારા નરસાની વાત હોય ત્યાં પહેલા છેલાનો સવાલ રહેતો નથી. પહેલું યા છેલ્લું યાતો સારૂં ગણાય યાતો નઠારૂં ગણાય. હજુ પુરા બાર માસ નથી થયા તે પહેલાં મી. ગોખલે, તમે ને તમારી કમિટીના માણસોએ મારી મીજબાની કબુલ રાખી, મારૂં લુણ ખાધું ને વિકટોરીયા તાલુકાના લગભગ દશથી પંદર હજાર હીંદીઓએ પણ તેમજ કર્યું. એ વખતે મી. ગોખલે એ કહેલું કે ગીરમીટીયાઓ સંતોષી સુખી અને આરામ ભોગવનારા હતા. મુખ્યત્વે કરીને આ વાત મારા માણસોને વિષે લાગુ પડતી હતી. તમે પણ તે વાત કબુલ કરેલી. એ વેળા પા. ૩ નો કર દુર કરવાની હિલચાલમાં મદદ કરનારો હું હતો. અને જ્યારે હું કેપટાઉનમાં હતો ત્યારે મારી તબીયતને બચાવીને મારાથી બને તેટલી મદદ મેં તે કર નાબુદ કરાવવા સારૂ કરેલી. તેટલા સારૂ જ્યારે તે કર બાબત બીલ દાખલ થયું તે વેળા મારી માંદગીને લીધે હું હાજર ન રહી શકયો તેથી હું દીલગીર થયો. એ બીલ પડી ભાંગ્યું તેમાં કંઈક કારણ તમારી તરફથી હકીકતની ગેરહાજરી એ હતું. જ્યાં ઘણા માણસો અજાણ્યા હોય ત્યાં હકીકતની જરૂર તો હોયજ. ત્યાર પછી થોડે દહાડે મેં મી. પોલાકને કહેલું એ તેને યાદ હશે. તમારા ભાઈઓને સારૂ મેં જે લાગણી ધરાવી છે ને કરવું છે તે બાબત તમારી ઉપર કે તમારા ભાઇઓ ઉપર મારે કશો દાવો નથી. તમે તમારૂં પગલું વ્યાજબી સાબીત કરવાનો પ્રયત્ન કરો છો ને મારી લાગણી નથી ગુમાવી એવી આશા રાખો છો તે વિષય પર ત્યે મારે ઉપલી વાતો જણાવવી પડે છે. હવે તમે પોતે કબુલ કરો છો કે તમે દોષિત ને નિર્દોશીત બધાને દુઃખમાં— બધાને દુઃખમાં નાખ્યા છે. તમે જેની ઉપર કાબુ નથી રાખી શકયા એવી હિલચાલ શરૂ કરી. એ હિલચાલ કેવા ઉપાયોથી ચલાવી એ વિષ[illegible] હું નથી ઉતરતો. તે હિલચાલનું પરિણામ [illegible] આવ્યું કે તોફાન થયાં હુલડ જાગ્યા લોકોની રેલ ચાલીને ધમસાણ મચ્યું. આમાં મુખ્ય દુઃખ ઉઠાવનારનો ગરીબ અને અજ્ઞાન ગીરમીટીયા અને નાતાલમાં જન્મેલા બુદ્ધિશાળી જથ્થાનો હતા. તમે તમારા બઇરાં છોકરાંને પણ દુઃખમાં નોતર્યા એ કંઇ બચાવ નથી. જો તે વાત કંઇ પણ સાબીત કરે છે તો તે એક તમારી ભુલને વધારે દોશિત બનાવે છે. વળી આવી હિલચાલ કદિ સફળ થાય નહીં. પછી તેના નેતાના વિચારોને હેતુ ભલે ઉમદા હોય. જે હિલચાલમાં બધા દોષિત ને નિર્દોષિતને દુઃખ વેઠવું પડે તે હિલચાલ સફળ કેમ થાય? આમાં તો મુળથીજ અન્યાય છે એટલે તેનો નારાજ સંભવે. વળી હું મિત્ર તરીકે પણ ચોખ્ખા શબ્દોમાં નીચે પ્રમાણે કહું છું તેને સારૂ માફ કરજો તે એ છે કે જેઓને તમે દોરો છો તેઓમાંના ઘણા દિવસ જોતા જાય છે કે તમારી હિલચાલ નબળી છે અને જુએ છે કે સંતોષિ પણ અજ્ઞાન ગીરમીટીયા ને ખોટી આશાઓથી, મોટા શબ્દોથી ને ધમકીઓથી દોરવી તમે રાજ્ય પ્રકરણી લોકો લેવા ઇચ્છો તે બરોબર નથી અને કદાચ તેમ કરવાથી લોક મળી શકે તો પણ તે હિલચાલ ડહાપણ અને દુરદેશી નજર ભરેલી ગણાય નહીં. મને લાગે છે કે મિત્ર ભાવે લખેલો પણ આજ મારો જવાબ તમને હોવો જોઇએ. હું હજુ પણ એજ વિચારનો છું કે ત્રણ પાઉંડનો કર તુરત ને ચોકકસ રીતે જવો જ જોઇએ અને તે રદ કરાવવા સારૂ મારાથી બનશે તે મહેનત હું કરીશ. મારા મજુરોને સંતોષી ને સુખી કરવા તથા તેઓની સાથે ન્યાયપુરવક વરતવા મેં હમેશાં પ્રયત્ન કરયું છે ને હજુ કરીશ. મેં હમેશાં ગીરમીટીયા તરફ, નાતાલમાં જન્મેલા તરફ તથા વેપારીઓ તરફ મારી લાગણી બતાવી છે. ત્રણ પાઉંડના કર વિષે હું લખી ગયો. લાઈસેન્સ વિગેરેના કાયદાના અમલ બાબત પણ જે અન્યાય થાય છે તે દુર કરાવવામાં હું મદદ કરતો આવ્યો છું ને કરીશ. આ વિષે હું મારા ખાનગી ને જાહેર ભાષણોમાં બોલી ચુકયો છું ને તેને વળગી રહીશ. મારી લાગણીની વધારે પડતી કસોટી તમે કરી છે. જ્યાં હું લખી ગયો છું તેટલે દરજ્જે મારી લાગણી હજુ પણ તમારી તરફજ છે. અને જો સરકાર તમને આ વખતે કંઇ પણ વિશેષ આપે તો તમારે તમને પોતાને બહુ ભાગ્યશાળી ગણવા જોઇએ. જો હું કે જે તમારી તરફ લાગણી ધરાવનારો છું તેના વિચાર આવા છે તો પછી તમારે વિચાર કરવો ઘટે છે કે જો તમે કમીશન કબુલ ન કરો તો તમે કેવી મોટી ભુલ કરશો. એ કમીશનના મેમ્બરો ન્યાયી ને પ્રમાણીક મનના છે. આવા કમીશનને ન કબુલ રાખી જો તમે વ્યાજબી રીતે 'ગેરકાયદેસર' ગણાયેલ હીલચાલને વળગી રહેશો તો મને તો લાગે છે કે તમે બધી લાગણી ખોઇ બેશશો ને પરીણામે તમારી હાર થશે તમે નામોશી પામશો અને તમારી હલકાઇ ગણાશે. આ ને તમે આત્મભોગનો ગમે તેટલો ફાંકો રાખશો તો પણ એ દોષ ભુસી નહીં શકો.

[આ રમુજી પત્રવ્યવહારનો બાકીનો ભાગ અમે આવતે અઠવાડીએ આપશું. અ. ઇ. ઓ.]

જેલના દુઃખો વિષે મી. ગાંધીનો કાગળ

મી. રૂસ્તમજી અને બીજા સત્યાગ્રહીઓની પહેલી ટુકડી ગયે અઠવાડીએ છુટી હતી તેની અને બીજી એક ટુકડીના જે સત્યાગ્રહી કેદીઓ ડરબનની જેલમાંથી છુટેલા હતા તેમની ડરબનની જેલની હલાકી વિષેની ફરીયાદો ઉપરથી મી. ગાંધીએ 'નાતાલ એડવરટાઈઝર' ને કાગળ લખી જણાવ્યું છે કે આમાંના ઘણાખરા સત્યાગ્રહીઓને હું ઘણાં વરસો થયાં જાણું છું અને તેની સાથે ઘાટા સંબંધમાં આવેલો હોવાથી કહી શકું છું કે તેઓ પાયા વગરની હકીકતો કહે તેવા નથી. મી. રૂસ્તમજી કે જે દક્ષિણ આફ્રિકાના પુરાણા અને આબરૂદાર વતની છે તે પણ આ ટુકડીમાં હતા, તેમણે આગળની લડતમાં આગેવાની ભરેલો ભાગ લીધો હતો. તે વખતે તેમને વોલ્કસ્રસ્ટ, હેડલબર્ગ, ડીપક્લુફ અને જોહાન્સબર્ગની જેલોનો અનુભવ થયો હતો. આ વખતે વોલકરસ્ટમાં જેલ મળ્યા પછી તેમને પીટરમારીત્સબરગ અને ત્યાંથી ડરબનની જેલમાં લાવીને રાખેલા. મારીત્સબરગની જેલનો પણ તેને થોડો અનુભવ થયો. પરંતુ, મને તે જણાવે છે કે, ડરબનની જેલનો અનુભવ તો સહુથી ખરાબમાં ખરાબ હતો.

મી. રૂસ્તમજી જાહેર કરે છે, અને બીજા સત્યાગ્રહીઓ પણ તેમજ કહે છે કે નેટીવ દરોગાઓએ કોઇ જાતનો કર

Gandhi Heritage Portal

રાખ્યા વગર સત્યાગ્રહી કેદીઓપર હુમલા કર્યાં છે. મી. પી. કે. દેસાઈપર એટલો બધો હુમલો કરેલો કે મારથી તે જમીન ઉપર પડી ગયેલ અને ત્યાંથી તેને તેની કોટડીમાં ઢસડીને લઈ જવામાં આવેલ. આ ઇજાની સારવાર કરવા ૧૧ દિવસ તો તેને ઇસ્પીતાલમાં રહેવું પડ્યું હતું. મી. રૂસ્તમજીના સદરા કસ્તી માટે તેને તથા તેની સાથેના બીજા સોબતીઓ ને અપવાસ કરવા પડ્યા. આ બન્ને વસ્તુ વગર ખરા પારસી એકપણ ડગલું ભરી શકતા નથી. મી. રૂસ્તમજી ઉપર પણ નેટીવ દરોગાઓએ બે વખત હુમલા કરેલા. આ વાત સુપ્રીન્ટેન્ડંટને કાને નાખેલી પણ કાંઇ દાદ મળી નહીં. એક નાના છોકરાને પોતાની લાઇનમાંથી બહાર ઉભવા માટે માર પડેલો.

આવી જાતનાં વરતન સામે સખત વાંધો બતાવવાને એક વખત ઘણાં સત્યાગ્રહીઓએ અપવાસ કર્યાં. ચાર દીવસના પુરા અપવાસ પછી ઉપર જણાવેલા નાના છોકરાને જબર જસ્તીથી ખવરાવવામાં આવ્યું. આ જબરજસ્તીની સામે તે તો બુમ પાડતો જ રહ્યો. આ જંગલી દેખાવની સામે તે વખતના જેલના ડાકતરે પણ જણાવેલું કહેવાય છે કે જબરજસ્તીથી ખવરાવવાને માટેની જવાબદારી તે પોતાને શીર નથી લેતા. કેદી વેજીટેરીયન હતો તે વાત તદ્દન ભુલી જવામાં આવી હતી. તેને જે દુધ આપવામાં આવ્યું હતું તેમાં ઈંડા મેળવવામાં આવ્યા હતા.

કેદીઓને એવાં ગંદા કપડાં આપેલા કે જેથી તેમની તબી યતને પણ નુકસાન પહોંચે. ખોરાક હલકો અને પુરો રંધેલો પણ ન હોય તેવી સ્થીતીમાં અને ગંદા તથા કાટ વાળાં ટીનનાં વાસણમાં પીરસવામાં આવતો, અને તેને પરી ણામે કેદીઓ જણાવે છે કે ઘણાને મરડો થયો હતો. હાલ પણ કેટલાક મરડાની બીમારીથી જેલમાં પીડાય છે. ખોરાક માં વાંદા અને જીવડા માલુમ પડેલા અને તેની ખબર જ્યારે અમલદારને કરેલી ત્યારે જવાબ મળેલા કે જેલ એ કાંઇ હોટેલ નથી અને હોટેલમાં પણ જીવડા ખોરાકમાંથી માલુમ પડે છે.

ઘણા ખરા સત્યાગ્રહી સારી કેળવણી પામેલા છે. વાંચન ને માટે પુરતા ટેવાયેલા હોય છે છતાં તેમને જેલ પુસ્તક લયની ચોપડીઓ અથવા પોતાની ચોપડીઓ વાંચવાની મળી ન હતી.

ઘણી વાર ફરીયાદો કરવાં છતાં જેલના નાના મોટા અમલદારો સત્યાગ્રહીઓને 'કુલી' કહીને બોલાવતા. અને જેમ જેમ તેઓ તેની સામે નાપસંદગી બતાવતા તેમ તેમ અમલદારો વધારે આગ્રહી થતા. તેઓ જણાવે છે કે હાલ ના ડાકતર તેઓની તંદુરસ્તીને માટે તદન બેદરકાર રહે છે. આ ત્રણ મહીનામાં માજીસ્ટ્રેટે જેલની મુલાકાત એકજ વખત લીધેલી કેદીઓની ફરીયાદો સાંભળી નહીં. હીંદી કેદી ઓને સાધારણ રીતે સેંડલ અને મોજાં મળે છે. આ જેલ માં ઘણાખરાને તે નહીં મળેલા—બધરાંઓને પણ આપેલાં નથી. ઘણી વખતે માત્ર એકજ—અને તે પણ ફાટી તુટી—ધાબળી કેદી દીઠ આપવામાં આવી હતી. તેના વકીલોને મળવાની તેમને ના પાડવામાં આવી હતી અને કેદખાનાના ડાયરેક્ટરને લખીતવાર અરજી કરવાની પણ ના પાડવામાં આવી હતી.

આ બધો તો મારા દેશબંધુઓને મોઢેથી સાંભળેલી દુખ ના કહાણીઓનો ટુંક ચીતાર છે. સરકારને મોકલવાને માટે ના આ વીગેના સોગંદનામાં તઇયાર થાય છે. પરંતુ આ બાબત ગંભીર છે અને તે તરફ જાહેર પ્રજાનું ધ્યાન ખેંચાવું જોઇએ. કાંઇ પણ અતીશયોક્તી વગરની આ વાત તમને મેં લખેલી છે અને તે છાપતા પહેલાં અમલદારોની પાસે રજુ કરવાની તમને છુટ છે. મી. રૂસ્તમજી અને તેના સાથી ઓ પુરેપુરી, નીરભય, સ્વતંત્ર અને નિષ્પક્ષપાત ખરચા અને તપાસ કરાવવાની માગણી કરે છે.

[કમીશન તપાસ ચલાવનાર છે એમ જણાવી આ કાગળ 'એડવરટાઇઝરે' છાપ્યો નથી. અ. ઇ. ઓ.]

લડતના ખબરો

ડરબનની જેલમાંથી છુટયા

ગયે શનીવારે મારીત્સબરગના ત્રણ સત્યાગ્રહીઓ મી. જુઠ પ્રેમજી પટેલ, મી, મોતીલાલ, મી. ગાયસીંગ, અને ત્રીલોક નામ એ ચારેજણ ડરબનની જેલમાંથી છુટયા હતા. તેમને લેવા જેલને દરવાજે ઘણાં હીંદી ભાઇઓ એકઠા થયા હતા. મી. ગાંધી, મી. વેસ્ટ, મીસ શ્લેસીન પણ હાજર હતા. મારીત્સબરગથી મી. નાયક આવ્યા હતા. દસ વાગ્યા પછી જેલીઓ દુરંગમાંથી બહાર નીકળ્યા કે તરતજ મારીત્સબરગના હીંદી ભાઇઓ તરફથી તથા નાતાલ ઈન્ડીઅન એસોસીએશન તરફથી દરેકને ફુલના ગજરા અરપણ કરી વધાવી લેવામાં આવ્યા હતા. ત્યાર પછી મી. પારસી રૂસ્તમજીના ઘર તરફ ચાલવા માંડયું. ત્યાં પહોંચી તેઓ ફળાહાર જમ્યા અને પછી જેલમાં સત્યાગ્રહી કેદીઓ પર ચાલી રહેલ સખ્તાઈનું વર્ણન કર્યું. તેઓએ જણાવ્યું કે ઘી હજી ખરાબ મળે છે. વાસણો કટાએલાં અને અસ્વચ્છ આપવામાં આવે છે. અને નેટીવ વોરડરો બહુ તોછડાઇથી વરતે છે. છુટેલા જેલીઓ બપોરે મારીત્સબર્ગ જવા ઉપડી ગયા હતા.

મંગળવારે સવારે મી. કાળીદાસ ગાંધી, મી. એ. નાયડુ, મી. તીરૂમલ, મી. જાનકી, મી. અબદુલ સાઇ તથા મી. સુરજ લાલસીંગ છુટયા તેમને પણ ઉપર પ્રમાણે વધાવવામાં આવ્યા હતા. આ ભાઇઓ પણ ઉપર પ્રમાણે રાવ ખાય છે કે જેલમાં હજુ દુખ પુષ્કળ છે. જે કેદીને દુર લઇ જાય છે તેઓને ચાવલ લુખા આપે છે. મી. પ્રાગજી દેસાઇનું એક કાફર દારોગાયે નકામું અપમાન કર્યું તેમાં બોલ ચાલ થઇ મી. મેઢ વચમાં પડયા તેમને ત્રણ દિવસની કારાગ્રહમાં પુરવાની સજા થઇ. આ જુલમ ન દેખી શકાવાથી મી. ભવાની દયાલ મી. દેસાઇ મી. મેઢ તથા મી. મણીલાલ ગાંધીએ અપવાસો શરૂ કરયા છે. મંગળવારે તેમનો ચોથો અપવાસ હતો. આ બાબત મી. ગાંધીએ વડા માજીસ્ટ્રેટ મી. બીન્સ ઉપર કાગળ લખ્યો છે ને મી. બીન્સે તે બાબત તપાસ કરવાનું જણાવ્યું છે.

ડરબનથી પાઇન ટાઉન

ડરબન અને આસપાસની કોઠીઓમાંથી છેલા બે ત્રણ અઠવાડીઆ ગયાં સંખ્યા બંધ માણસો પહેલી તારીખની કુચને માટે ડરબનમાં આવી રહેલા. કુચ કરવાનું હાલ મુલતવી રહ્યું એટલે મી. ગાંધીએ તેમને એક જગ્યાએ રાખી રહેવા વીગેરેનો બંદોબસ્ત કરવા વિચાર કરયો. તુરતજ મી. ઇમામ સાહેબ અબદુલ કાદર બાવાઝીરે પાઇન ટાઉન આગળ ન્યુજરમનીમાં મી. રૂસ્તમજી પારસીની જમીન લીઘ

Gandhi Heritage Portal

ઉપર રાખેલી તે સત્યગ્રહીઓના ઉપયોગમાં લેવાને કાઢી આપી. શુક્રવારે સવારે પાંચ વાગે ૮૫ માણસોની એક ટુકડી લઇ મેસરસ પી.કે. નાઈડુ તથા થંબી નાઇડુ આ જગ્યાએ ચાલી ને જવા ઉપડ્યા. એક કલાકના રસ્તાસુધી મી. ગાંધી પણ ગયા ર૯ ઓરતો તથા ૧૦ છોકરાંઓને લઇ મી. આઈ ઝાક મી. રૂસ્તમજી પારસી તથા મી.દીવાન ટ્રેનમાં પાઇનટાઉન ગયા ચાલતી ટુકડી બપોરે પાઇનટાઉન પહોંચી. ત્યાંથી ૭૬ માણસોને કામ ઉપરથી ગેરહાજર રહેવાનો આરોપ રાખી પકડ્યા અને પાઇન ટાઉનમાં માજીસ્ટ્રેટે તેને ૭ દિવસની સખત મજુરીની કેદ અથવા ૧૦ શી. ના દંડની સજા કરી. બધા ખુશીથી જેલમાં ગયા. પાઇન ટાઉનથી તેજ સાંજે તેમને ડરબનની જેલમાં લાવ્યા હતા. અને ત્યાંથી તેમના પોતાનાજ કપડામાં પોઈંટ જેલ મોકલવામાં આવ્યા હતા. ઉપર જણાવેલાં બહેનો હાલ ન્યુ જરમનીમાં રહે છે અને ત્યાં તેમને માટે ખાવા પીવાનો બંદોબસ્ત થયેલો છે. હડતાલ વખતે મરણ પામેલા હીંદી ભાઇઓની વીધવા પણ આ જગ્યાએ રહે છે.

લેબર કોનફરન્સમાં હીંદી સવાલ

દક્ષિણ આફ્રિકાની લેબર પાર્ટીનો વારસીક મેળાવડો ગયે અઠવાડીએ પ્રીટોરીઆમાં બેઠો હતો. ગોરા કાળા મજુરોને લગતી કેટલીક ચરચા કર્યા બાદ હીંદી સવાલ ઉપર આવતાં મી. બોસોર્થે એવી દરખાસ્ત કરી કે આ સભા ગીરમીટના રીવાજની સામે તથા કરાર મુજબ કામ કરનારાઓ ઉપર કેસ ચલાવી કેદની સજા આપવાના રીવાજ સામે સખત વાંધો દર્શાવે છે. હીંદી હડતાલ વાળાઓને પોલીસના દાબથી કામ કરવાની ફરજ પાડવાના ધોરણને સ્વતંત્રતાના નીયમથી તદન વિરૂદ્ધ ગણી સખત રીતે વખોડી કાઢે છે. આ દેશમાં હીંદીઓની હાજરીથી હમેશાં ગંભીર મુશીબતો ઉભી રહેશે એમ આ સભાને ખાત્રી થઇ છે અને તેથી ઘટતો બદલો આપી હીંદીઓને પાછા પોતાને દેશ મોકલવાને તરતજ પગલાં લેવાની સરકારને માગણી કરે છે.

આ દરખાસ્તના ટેકામાં ઓલીવુડ ક્રતાઓ જણાવ્યું કે હીંદી વસ્તીનો મોટો ભાગ ગોરા ધંધાદારીઓનો ધંધો હાથ કરી લેય છે ગોરી વસ્તી આવતા દસ વરસમાં અરધી થઇ જવા સંભવ છે કેમકે તે હીંદાથી જેવી ઉતરતા દરજ્જાની જીંદગી ભોગવવાને નાખુશ હોવાથી હરીફાઇમાં તેમની સાથે ફાવી શકે તેમ નથી. પા. ૩ નો કર નહીં ભરનારાઓ સામે ફોજદારી કેસ ચલાવવો ગેર વાજબી છે. તેના ઉપર દીવાની રીતેજ કામ ચલાવી શકાય અને કર ન ભરે તો તેને દેશ ચડાવી દઈ શકાય નહીં. ગયે વરસે ૧૦,૨૦૬ મરદ અને ૫,૦૮૯ ઓરતો। આ કર ભરવાનો હતો તેમાંથી ૧૫૯૪ મરદ અને ૪૧ ઓરતોએ માત્ર કર આપેલો. પા. ૪૫,૦૦૦ ને બદલે સરકારને માત્ર પા. ૪,૯૦૫ વસુલ થયા હતા. આ જોતાં મહેસુલ તરીકે આ કર નીષ્ફળ નીવડ્યો હતો. આ બાબતમાં તે લોકો તરફ દયાથી વરતવું ઘટે છે, અને સમજાવીને બને તેટલાને પાછા તેમને દેશ મોકલવા ઘટે છે.

આ દરખાસ્તને મી. હેગરે ટેકો આપ્યા બાદ સર્વાનુમતે પસાર થઇ હતી.

સર બેનજામીન રોબરટસન કે. સી. એસ. આઇ.

હીંદુસ્થાનથી ફેરજન્ આવવા આ સાહેબ ઉપડી ચુક્યા છે. તેમને હાલ બેઠેલા કમીશન આગળ હીંદી સરકાર વતી રજુઆત કરવાને હીંદુસ્તાનના વાઇસરોયે ખાસ અહીં મોકલ્યા છે.

સર બેંજામીન મધ્ય પ્રાંતોના ચીફ કમીશનર છે. ૧૯૦૬ માં આસામ લેબર કમિશન બેઠેલું તેના તે પ્રમુખ હતા. અને હીંદી સરકારના ઉદયોગ અને વેપાર ખાતાના સેક્રેટરી હતા. હીંદુસ્તાનથી પરદેશ જતા હીંદીઓને લગતી બાબતોનું કામકાજ આ ખાતાને હસ્તક છે. હીંદના બધા સરકારી અમલદારોમાં સર બેંજામીન રોબરટસન દક્ષિણ આફ્રિકાના હીંદી સહુથી સવાલની વધારે માહીતી ધરાવે છે. સર બેંજામીન લશ્કરી સ્ટીમર 'હારડીંગ' માં રવાના થયા છે, અને ડર બન તા. ૧૧ મી જાનુઆરીએ આવી પહોંચવા વકી છે.

કેટલાક કેસો

અમને ખબર મળ્યા છે કે સુબ્રાઇના મરણના કારણો વિષે માજીસ્ટ્રેટ થોડા વખતમાં તપાસ શરૂ કરશે.

હીલહેડ કેસની તપાસ વેરૂલમની કોરટમાં ફરી ગઇ કાલ થી શરૂ થઈ છે.

ફીનીક્સ વેટલ કંપનીના મેનેજર મી. ડોડે મી. વેસ્ટને ચાકુથી મારવાની ફીનીક્સ સ્ટેશને ધમકી આપેલી તેનો કેસ ગઇ તા. ૧૮ મી એ વેરૂલમની કોરટમાં ચાલ્યો હતો અને ફરી તા. ૬ઠી ઉપર મુલતવી રહ્યો હતો.

ફીનીક્સ વેટલ કું. ના ઓવરસીઅર મી. ડોડે થોડાક અઠવાડીઆ ઉપર ફીનીક્સ સ્ટેશને મી. વેસ્ટને ચાકુ બતાવી મારવાની ધમકી આપેલી તેનો કેસ ગઈ કાલે વેરૂલમ કોરટ માં ચાલેલો. મેજીસ્ટ્રેટે મી. ડોડના સારી ચાલના ૭ માસને માટે પા. ૫ની જામીનગીરી લેવાનો હુકમ કર્યો, અને કેસનો ખરચ આપવાનું ફરમાવ્યું.

મી. પ્રાગજી દેસાઇ ઉપર જેલમાં તા. ૧લી ડીસેમ્બરે નેટીવ દરોગાએ હલ્લો કરેલો તેનો કેસ ગયા સોમવારે ડરબન ની ફોજદારી કોરટમાં ચાલેલો. માજીસ્ટ્રેટે દરોગા પામલાનાને બીનતકસીરવાર ઠરાવેલ છે. કેસની પુરી હકીકત અમે આવતે અઠવાડીએ આપશું.

છાપાઓની ટીકા

હાંસવાલના 'ઇવનીંગ કોનીકલે' જે ટીકા કરી છે તે સમજવા જેવી છે. તે જણાવે છે કે નાતાલના હીંદી મામલાથી હીંદુસ્તાનમાં અસંતોષ વધે અને તેને પરીણામે હીંદ અને ઇગ્લંડ વચ્ચેના વેપારને ખલેલ ન પહોંચે એટલા માટે હીંદી સરકારના ખરચમાં વધારો કરવાની જરૂર પડે. હીંદમાં રાજ્યદ્વારી ખળભળાટ વધે તો પહેલી ધ્રજ માંચેસ્ટરને પહોંચવા બરાબર થયું. આથી લીબરલ પારટી નાતાલના મામલા ઉપર વધારે ચીંતાતુર રહે એ સ્વભાવીક છે.

ખ્રીસ્તી ધર્મ વરસનું સરવૈયું લેતાં 'પ્રીટોરીઆ ન્યુઝ' લખે છે કે દક્ષીણ આફ્રીકાના હીંદીઓ સાથે લાભ વગરનો ઝગડો ચાલુ રાખવા સરકારે જે હઠીલાઇ પકડી રાખી છે તેથી હીંદમાં અંગ્રેજી સહેનશાહતના પાયા ખળભળવા લાગ્યા છે.

તા. ૨૭ નવેમ્બરના 'હીંદી પંચ' માં આપણી લડત વિષે કેટલાક રમુજી લેખ ઉપરાંત ત્રણ કારટુન અને ત્રણ કવીતા છે. એક કારટુનમાં હીંદીના દુખોથી ભરેલા ઘડા આગળ ઉભા રહી મી. બટી આંસુ ઢાળે છે. બીજામાં હીંદની વનીતા એ હરણ અને શોક મીશ્રીત સ્વરે કહે છે કે પપનો ઘડો ભરેયે ફુટશેજ! ત્રીજામાં સત્યાગ્રહ અને હડતાલની મદદથી ઉભા થવા જતો ઘવાયેલ હીંદી ઉપર જોર (જંગલી કુકર)

Gandhi Heritage Portal

ચઢી ગેલું છે. કવીતા 'સીતાજીના કાગળીયા' ના રાગમાં 'ટ્રાંસવાલથી મીસીસ શેખ મહેતાબનો સંદેશો' (પંજાબી બાવાને) છે.

દિલસોજ ગોરાઓ

સત્યાગ્રહ લડતની મદદ કરવના ફંડમાં સરકારી નોકરી સંબંધી તપાસ ચલાવતા કમિશનના એક સભાસદ તથા લંડન'ટાઇમ્સ' ના હીંદી અધીપતી સર વેલેન્ટાઇન ચિરોલે ૫ પાઉન્ડની રકમ ભરી મી. ગોખલે પર એક પત્ર લખી જણાવ્યું છે કે મારો આ નાનો ફાળો યોગ્ય જગાએ મોકલી આપશો તો મહેરબાની થશે. જે થોડા ઈંગ્રેજો હીંદના હિત માટે કાળજી રાખી શહેનશાહત સાથેના હીંદના સંબંધની કીમત સમજે છે તેમના પર તમારા મુંબઇના ખુલાસાથી ભાગ્યે અસર થયા વગર રહી હોય.

સર વિલીઅમ વેડરબરને પણ પોતાની પુરી દિલસોજી બતાવનારો કાગળ તથા રૂ ૧૦૦ મી. નાટેસનને આ ફાળા માટે મોકલી આપ્યા છે.

એક અંગ્રેજી લશ્કરી અમલદાર (રીટાયર્ડ કરનલ કમાન્ડન્ટ)મી. પેરી લાહોરના 'ટ્રીબ્યુન' છાપાને લખે છે કે સાથે રૂ. ૬૧-૮-૦નો ચેક લાલા લજપતરાયને પહોંચાડશો અને જણાવશો કે તે નજીવી રકમ દક્ષીણ આફ્રીકાના મારા હીંદીભાઈઓ અને બેનોની ઘોર જુલમગારોની સામેની ઉમદા લડતમાં મદદ કરવાના હેતુથી મોકલી છે એક સાચા અંગ્રેજ તરીકે મારા વીચારો નામ સહીત જાહેરમાં મુકવાની રજા લઉં છું.

વડી સરકાર દબાણ કરતાં ડરે છે

બ્રિટીશ પારલામેન્ટના લેબર પક્ષના મુખી મી. રામસે મેક ડોનલ્ડ જે હીંદી પ્રજાના દિલસોજ મિત્ર તરીકે જાણીતા છે. તેમણે એક મુલાકાત દરમીયાન જણાવ્યું હતું કે વડી સરકારની પારલામેન્ટ અને તેના પ્રધાનોની મોટી નબળાઇ એ છે કે સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનોની ઉપર કશો કાબુ ધરાવી શકતા નથી. વિલાયતથી દક્ષિણ આફ્રીકાની સરકારને દબાણ કરવામાં આવે તેથી ત્યાંના હીંદી સવાલને અત્યંત નુકસાન થયા વિના રહે નહી. આ સંબંધમાં ઘણી ઓછીસ્પષ્ટ રીતે કામ લેવાની જરૂર છે.

હીંદુસ્થાનમાં મળેલી સભાઓ

હીંદુસ્થાનના છાપાઓ, સંદેશાઓ તથા કાગળો ઉપરથી આપણે જાણ્યું છે કે આ વખતે આપણા સવાલની ચરચા હીંદુસ્થાનમાં જેટલી થઇ છે તેટલા વીસ્તારમાં ભાગ્યેજ કોઇ પણ વખતે કોઇ પણ સવાલ ઉપર થઇ હશે. તેનો માત્ર ટુંકમાંજ અહીં અમે તારીજે આપીએ છીએ.

કરાંચીમાં મી. ગુલામ અલી ચાગલાના પ્રમુખપણા નીચે સભા મળી હતી. તે સભાએ તથા સીંધ હીંદુસભાએ નાણાં એકઠા કરવાનું શરૂ કર્યું હતું. પુનામાં ત્યાંની સીટી મ્યુનીસીપાલીટીના પ્રમુખ સરદાર નવરોજી પદમજી પ્રમુખ પદે હતા. નાગપુરમાં ઓન. એમ. બી. દાદાભાઇ પ્રમુખ હતા. તે ઉપરાંત સતારા, ધુળીઆ, ધારવાર, નાસીક, કલ્યાણ, અમરાવતી, હૈદ્રાબાદ, રાજકોટ, ભાવનગર, ગોંડળ, તળાજા, વીગેરે જગ્યાઓએ મુંબઇ ઇલાકામાં સભાઓ મળી હતી. અમદાવાદમાં દીવાન બહાદુર અંબાલાલ સાકરલાલના પ્રમુખ પણા નીચે એક અસાધારણ મોટી સભા તથા નવસારીમાં મી. પીરે પીઆરે સાહેબ દરબાર વાળાના પ્રમુખ પણા નીચે મોટી સભા મળી હતી. મી. બેપ્ટી સ્ટાએ મુંબઇની કારપોરેશનમાં એવો ઠરાવ રજુ કરવાની ખબર આપી છે કે દક્ષીણ આફ્રીકાના હીંદીઓની લડતમાં મદદ કરવાને એક લાખ રૂપીઆ કારપોરેશન આપી શકે એવો મ્યુનીસીપલ ધારામાં સુધારો કરવાની સરકારને ભલામણ કરવી.

બીજી સભાઓ મદ્રાસ ઇલાકામાં રાજમહેંદ્રી, કાલીકટ, ચીતગાંવ, ગુત્તી અને નદીઆમાં મળી હતી. ઉત્તર હીંદુસ્થાનમાં તા. ૧ થી ૭ ડીસેમ્બરમાં ફતેહપુર, રાયબરેલી, ગોરખપુર, ચોટમાલ, કોનુર, બરદવાન, કોમીલા બારીસાલ રાયપુર, ધાર, મેમનસીંહ, આરા, અજમેર, અને લખનઉમાં સભાઓ મળી હતી દરેક જગ્યાએ દક્ષીણ આફ્રીકાના વરતન સામે સખત ગુસ્સો પ્રગટી નીકળ્યો છે. લખનઉની સભાનું પ્રમુખપદ પંડીત બીશન નારાયણ ધાર અને ઇટાવાની સભાનું લાલાકુંજ કીશોરને આપવામાં આવ્યું હતું કાનપુરમાં બાનુઓએ પણ સભા ભરી દીલસોજી બતાવી ઉભરાણું કર્યું હતું.

લાહોરમાં નવાબ સાહેબ ઝુલ ફીકાર અલીખાનના પ્રમુખ પણા નીચે ૨૭મી નવેમ્બરે મળેલી સભાના સંબંધમાં 'પંજાબી' લખે છે પંજાબના ઇતીહાસમાં બધી કોમો, બધા આગેવાનો, હાઇકોરટના જજો, ધારાસભાના સભાસદો, વિદ્યાર્થીઓ મીશનરી પાદરીઓ, વકીલો ડાક્ટરો અને દુકાનદારોની સભા કદી મળી નથી. નાણાં ઉઘરાવનારી કમીટીના પ્રમુખ ઓન. ખાન બહાદુર મીંયા મહમદ શફી અને મંત્રી મી. ફઝલ હુસન (બાર-એટ-લૉ) તથા લાલા લજપતરાય ચુંટાયા છે. મી. ગોખલે આ સભાને માટે દીલ્લીથી ખાસ લાહોર આવેલા હતા.

ગુજરાતી હીંદુ સ્ત્રીમંડળની મુંબઇમાં સભા

દેશથી આવતા છાપાઓ આપણા સવાલની ચરચાઓથી ભરેલા છે. જગ્યા જગ્યાએ સભાઓ ભરાય છે, આવી સભાઓમાં સ્ત્રીઓ પણ પુષ્કળ ભાગ લેય છે. કેટલાંક સ્ત્રી મંડળોએ પણ ખાસ સભાઓ બોલાવી છે. નામદાર આગા ખાનની માતા અને લેડી દીનશાહ પીટીટની આગેવાની નીચે એક સભા બોલાવવામાં આવી હતી તેનો હેવાલ અમે ગયે અઠવાડીએ આપી ગયા છીએ. ૨૭ નવેમ્બરે ગુજરાતી હીંદુ સ્ત્રી મંડળના એક સભા સરવંટસ ઓફ ઇંડીઆ સોસાયટીઝ હોમના મકાનમાં મળી હતી. જે વખતે મીસીસ જમનાબાઇ સકકાઇએ લંબાણથી ભાષણ આપતાં જણાવ્યું કે દક્ષીણ આફ્રીકામાં વસતી આપણી દુઃખી બહેનોને અને બંધુઓને મદદ કરવાને હીંદુસ્તાન તઇયાર રહેલું છે. પોતાના ખાવાના ટુકડામાંથી પણ એક ટુકડો બચાવી પોતાના દેશની કીરતી ખાતર લડતા આપણા ભાઇ બેનોને અંતઃકરણપુરવક ની મદદ કરવામાં આપણે કદી પણ પાછીપાની કરશું નહીં. દક્ષીણ આફ્રીકામાં થતાં જુલમનું વરણન કર્યા પછી ભાષણ કરતાએ મીસીસ ગાંધી અને બીજી બહેનોની અડગ બહાદુરીનાં વખાણ કર્યાં; ધરમ માટે, નીતી અને દેશની કીરતીનાં રક્ષણ માટે તથા વાજબી હકોને માટે લડી રહેલા સત્યાગ્રહી ભાઇઓ તથા બેનોને ધન્યવાદ આપ્યો. છેવટમાં હીંદુસ્થાનમાં ઠેકઠેકાણે જીલ્લા, પ્રાંત, શહેર અને ગામડાંઓમાં દક્ષીણ આફ્રીકામાં ચાલી રહેલા જુલમ પ્રત્યે તીરસ્કાર જાહેર કરવા જંગી સભાઓ ભરવા તથા સત્યાગ્રહની લડતમાં મદદ કરવા નાણાંની રકમો એકઠી કરવા—અને તેમાં હીંદમાં વસતા દરેક હીંદિવાનો હીંદી, પારસી, મુસલમાન, યાહુદી, ખ્રીસ્તી વીગેરેને પઇસા ભરવાની—આગ્રહ પુરવક અરજ કરી.

Gandhi Heritage Portal

ઝાંઝીબારથી મદદ

હીંદી સભાના સેક્રેટરી મી. આ. એન. રવાદી તા. ૧૨ ડીસેમ્બરના લખે છે કેઃ—અત્રે રહેલી તમામ હીંદી પ્રજા તમારા દુઃખમાં અંતઃકરણ પુરવક ભાગ લે છે. અમારી દિલસોજી જાહેર રીતે બતાવવા અત્રેના હીંદી ભાઈઓની જાહેર સભા મળી હતી. તેમાં દિલસોજીના ઠરાવો પસાર થયા હતા અને ફંડ એકઠું કરવાનું પણ નક્કી થયું હતું. જે પઇસા એકઠા થયા તેમાંથી પા. ૨૦ નો મનીઓરડર મોકલવામાં આવ્યો છે. ઠરાવો સંબંધી કેબલો હીંદુસ્તાનના વાઇસરૉય પર, તથા લૉ૦ ક્રૂ પર કરવામાં આવેલ છે. [પા. ૨૦ નો મનીઓરડર અમને મળેલ છે અને ફાળાની ટીપમાં તેની પહોંચ હવે પછી સ્વીકારવામાં આવશે. અ. ઇ. ઓ.]

નાઇરોબીમાં

ભરાયેલી હીંદી સભાના સેક્રેટરી મી. મગનલાલ એમ. ભટ લખે છે કે: તા. ૧૪ મી ડીસેમ્બરે સ્થાનિક હીંદીઓની સભા દક્ષિણ આફ્રિકાના હીંદીઓની લડતમાં ટેકો આપવા મળી હતી. તેમાં સત્યાગ્રહી યોધાઓની બહાદુરીનાં વખાણ કરી ફંડથી મદદ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો અને હીંદી સરકારને વચ્ચે પડવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો. દીલસોજીનો તાર જોહાનીસ્બરગ મી. ગાંધી પર મોકલવામાં આવ્યો હતો અને એક તાર લૉ૦ હારડીંગને પણ કરવામાં આવ્યો હતો, તેમાં તેમના સરસ વલણની તારીફ કરી સવાલનું નિરાકરણ તરત લાવવા ઘટતાં પગલાં લેવા વિનંતિ કરી હતી.

પરચુરણ

વીંડસોરટનથી મી. હસન ઇસાક લખે છે કે ક્રીશ્ચીઆનાની જેલના ૧૧ સત્યાગ્રહીઓ જેમાં મી. જમનાદાસ ગાંધી પણ છે તે બધાને પોરટ એલીઝાબેથની જેલમાં તા. ૨૭ જાનેવારીએ રાત્રે સાડા નવ વાગે રવાના કર્યા છે.

લીસ્બોનની પોરટુગીઝ સરકાર તરફથી ડેલાગોઆબે ખાતે એક કેબલ મળ્યો છે તેમાં કોલોની ખાતાનો પ્રધાન જણાવે છે કે થોડા સમય ઉપર પસાર કરેલ એશીઆટીક એક્ટનો અમલ હાલ ચાર મહીના મુલતવી રાખવો. આ કાયદામાં વારસીક પા. ૮ માથાનો વેરો નાખવાની વાત છે.

ડંડી ન્યુકેસલ ને આસપાસની કેટલીક કોલસાની ખાણોના કેટલાક ગોરા તથા કાળા કામદારોએ પગાર તથા કામ કરવાના કલાકોના સંબંધમાં હડતાલ પાડી છે.

ગીરમીટ અંગ્રેજી રાજ્યમાંથી બંધ થવાની 'વાયરલેસ મેઇલ'ની ખબર ઉપરથી 'મરક્યુરી' વધારે તપાસ કરી જણાવે છે કે ગીરમીટ આમ તદન બંધ કરવાનો કાયદો મોરીશીઅસ, ફીજી, ડમેરારા, ત્રીનીદાદ, જામેકા અને બ્રીટીશ ગીઆના કે જે બધાં ક્રાઉન કોલોનીઓ છે તેને લાગુ પડે. સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનમાંથી ગીરમીટનો રીવાજ તદન નાબુદ કરવો કે નહીં તે નક્કી કરવાની સત્તા તે કોલોનીની પોતાની છે.

દક્ષીણ અમેરીકામાં આવેલ બ્રાઝીલની સરકાર પાસેથી એક મોટી મનવાર-ડરેડનોટ-ખરીદી છે. રૂટર જણાવે છે કે આ મનવાર દુનીઆમાં સહુથી મોટામાં મોટી જાતની હોવાથી ઘણો ખળભળાટ થઇ ઉઠયો છે. ટરકીએ તેના ૨૯ થી ૩૦ લાખ પાઉંડ આપ્યાનું કહેવાય છે. પહેલા હપતાના પઇસા ફ્રાન્સ પાસેથી ઉછીના લીધા છે.

વોશીંગટનથી એક તારમાં જણાવવામાં આવે છે કે ઇમીગ્રેશન ખાતાના કમિશનર જનરલ એક રીપોર્ટ તઇઆર કરી રહેલ છે તેમાં પુરવના લોકોને અટકાવવા વિષેના કેટલાક ધારાઓની સુચના કરનાર છે. તે અમલદારે એવી માન્યતા બતાવી છે કે ઘણા હીંદીઓ વિદ્યાર્થી હોવાનું જણાવી યુનાઇટેડ સ્ટેટમાં દાખલ થઈ જાય છે અને પછી ધંધો મજુરી કરી કમાણી કરે છે. કેનેડાની અને મેક્સીકોની સરહદમાંથી પણ ઘણા હીંદી છાની રીતે દાખલ થઇ જાય છે એમ જણાવી ત્યાંની સરહદોપર વધુ જાપતો રાખવાની જરૂર તેણે બતાવી છે.

સોની મકન ઘેલા ડરબનથી લખે છે કે અહીંના શ્રી લક્ષ્મી નારાયણ મંદિરના પુજારી રા. ગોવરધન મહારાજે આજરોજ દમની ટુંક માંદગીમાં સ્વરગવાસ કર્યો છે. તેમની દહન ક્રિયા કરવા મંદીરના ટ્રસ્ટી બાબુ બીહારીસીંહ 'રાય સરદાર ભગવતીદીન' સુશીતતીવારી 'પંડીત પરમાનંદ શ્રી અંબારામ' મહારાજ વગેરે આશરે સો એક માણસ હાજર થયા હતા મંદીરમાં આવતા જતા મુસાફરોની પુજારી સારી બરદાસ કરતા હતા. તેમની લાયકાતની સરવે તારીફ કરતા હતા. પ્રભુ તેમના આત્માને શાંતી આપે. ટ્રસ્ટીઓ એ જગ્યામાં તેવાજ લાયક માણસને રાખી લોકોને સંતોષ આપશે.

જોહાનીસ્બર્ગથી એક ખબરપત્રી જણાવે છે કે મી. એમ. પી. ફેન્સી દેશ જનારા હોવાથી તેમના માનમાં મી. એસ. આર સરફુદીને એક મીજલસ આપી હતી, જેમાં મુખ્ય મુખ્ય મુસલમાન વેપારીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. તુર્કી કોનસલના સેક્રેટરી મી. મજીદ સીમન પણ હાજર હતા. પ્રસંગને અનુસરીને ભાષણો થયાં હતાં અને તેમાં મી. ફેન્સીનાં કોમી કામની તારીફ કરવામાં આવી હતી. તેમને હારતોરા આપી માન આપવામાં આવ્યું હતું અને સહુએ સફળ સફર ઇચ્છી હતી.

બાલા ગામથી ત્યાંની મહેફીલ ફવ્વતુલ ઇસ્લામના સેક્રેટરી લખે છે કેઃ—આ સંસ્થાની સભા ગયા નવેમ્બરની તા. ૭ ૭ મી એ નમાઝ બાદ હોલના તખ્તા ઉપર જનાબ ઇસ્માઇલ સુલેમાન અમાલના પ્રમુખપણા નીચે મળી હતી. મીનીટ વંચાયા બાદ મડાગાસકરની સફરથી લાંબી મુદતે પોતાના બાળબચ્ચાં સહીત પાછા ફરનાર મી. હાફેજી સાબેર મહમદ ગુલબાઇને મુબારકબાદી આપવામાં આવી હતી. મી. સુલેમાન કાસુજીને ત્યાં પુત્ર પ્રાપ્તિ થઇ તે માટે સભાસદો તરફથી તેમને મુબારકબાદી આપવામાં આવી હતી. ડરબનથી મી. મહમદ યુસફ કરોડીયાનો કાગળ સભા સન્મુખ વાંચવામાં આવ્યો હતો. તેમાં મહેફીલને સારૂ ડરબનના મી. હાજી મો. કા. કુવાડીયા તથા જોહાનીસ્બરગના મી. ઇ. સા. કુવાડીઆ. ઉઘરાણું કરી રહ્યા હતા. અને લગભગ રૂ. ૧૫૦૦ ભરાઈ ગયા હતા તે વિષે લખેલું હતું. આ સાહેબોનો સભા તરફથી આભાર માનવામાં આવ્યો હતો. કેટલાક સાહેબો પ્રસંગને વિષે બોલ્યા હતા. મી. સાબેરે સભાનો ઉપકાર માની રૂ. ૧૦ ભેટ આપ્યા હતા. અને સુલેમાન કાસુજીએ રૂ. ૭ ભેટ આપ્યા હતા.

મી એસ. ડી. નાયડુ, ક્વીન્સટાઉન ૬૩ વિષે તમે લખ્યુ છે તે સ્પષ્ટ નહીં હોવાથી તેનો અમલ કરી શકયા નથી. તમારૂં ઠેકાણું જણાવી સ્પષ્ટ રીતે ફરી લખશો તો તે પર ધ્યાન આપવામાં આવશે—અ. ઇ. ઓ.

"இந்தியன் ஒப்பீனியன்"

புதன்கிழமை . . 1914௵ ஜனவரிமீ 7உ.

போராட்ட சமாச்சாரங்களன்றி, மற்ற சமாச்சாரங்களை நிறுத்தி, தமிழ்ப்பாஷைகளில் வெளியிடாததற்கு மன்னிப்பீர்களாக.—பத்.

போராட்டத்தைப் பற்றிய சமாச்சாரங்கள்

இந்தியாவின் கூடிய "நாஷனல் காங்கிரஸ்" மகாசபை முக்கியமாய் இவ்வூரில் நமது போராட்டத்தினைக விசாரிக்கும்பொருட்டு ஏற்படுத்திய இந்தியன் கமிஷன் விஷயமாய் நாம் கோருவதுபோல் செய்யவேண்டுமென்றும், மற்றும் நாம் கேட்கும் சுதந்திரங்களைக் கொடுக்கவேண்டுமென்றும் தான் இப்பேர்ப் பெருந்தன்மையான தீர்மானங்கள் செய்தது. காங்கிரஸ் மகாசபையில் நடந்த விஷயங்களை சுருக்கமாய் ஸ்ரீமான் காந்தியவர்களுக்கு, பிரஸிடெண்டு அவர்களே தந்திமூலமாய் தெரிவித்தார். சமாதானவிஷயமாய்க் காகிதப் போக்குவரத்து நடந்துகொண்டிருப்பதால், ஜனவரிமீ 1உ பிரிட்டோரியாவுக்குப் புறப்படுவதை நிறுத்திவைக்கும்படிக்கு இங்கிலீஷ், தமிழ், குஜராத்திபாஷைகளில் விளம்பரங்கள் செய்யப்பட்டன. இம்மாசக் கடைசிக்குள் நம்முடைய கோருதல்கள் நிறைவேறுமா நிறைவேறாதாவென்று தெரிந்துகொள்ளலாம். முடிவு தெரிந்ததும், எல்லோருக்கும் தெரிவிக்கப்படும்.

இடையில், இப்போராட்டத்தில் சேரப்பிரியமுடைய ஒவ்வொரு இந்தியரும் தயார்செய்துகொள்ளலாம். இப்போராட்டம் நம் தேசத்தார்க்கே கௌரவம் தேவதாகும்; மேலும் சமயப்போராட்டமுமாகும்; ஏனெனில், உலகத்துள்ள மற்ற மனிதர்களைப்போல், நாமும் சுதந்திரம்பெற முயல்கின்றோம். இப்போராட்டத்தில் சிந்திய இந்தியர் இரத்தம், உலகமெங்கும் இந்திய ஜன சமூகத்துக்கே மதிப்புண்டாகிவிட்டது. இந்தப் போராட்டத்தில் நாம் கடவுளுக்குமட்டும் பயப்படவேண்டும். என்ன கஷ்டம் நேர்ந்தாலும், என்ன கஷ்டப்பட்டாலும், ஏழை இந்தியரை வாட்டும் மூன்றுபவுன் வரியை ரத்துசெய்யப் பார்க்கவேண்டும். இந்தப்போராட்டத்தில் சேர்ந்து, அடி, உதை, குத்து, வெட்டுக்கும் துப்பாக்கியால் சுடுவதற்கும் பயப்படாமல் புறப்பட்டுப்போய், கைதியாகி வருந்துவோர், அநியாயவரி தள்ளுபடி செய்வோர்களாவதல்லாமல், தங்களுக்கும் தன்மதிப்பைத் தேடிக்கொண்டவர்களாவார்கள். வரியே கட்டவேண்டாத மனிதர்களும், நட்பமான ஸ்திரீகளும், கைக்குழந்தைகளோடு ஜெயிலில் கஷ்டப்படுவதையும் நினைத்துப்பாருங்கள்.

இந்தியாவிலிருக்கும் வைஸிராய், இங்குள்ள நம் குறைகள் தீர்க்கவேண்டிய விஷயத்தில், நமக்கு உதவியாய், நம்மிடத்தில் அன்புள்ள ஓர் ஸிப் கமிஷனரான ஸர் பெஞ்சமின் ராபர்ட்ஸன் என்பவரை அனுப்பியிருக்கிறார். அவரும் வந்துசேர்ந்து, நம்முடைய கோருதல்களை நிறைவேற்றிக்கொடுக்க முடியாதென்று தெரிவித்தால் மட்டும், திரும்பப் போராட்டம் தொடங்கவேண்டும். அதாவது பிரிட்டோரியாவை நோக்கிப் புறப்படவேண்டும். ஆனால், இதுமட்டும் நிச்சயம்; நம்முடைய கோருதல்கள் நிறைவேறாவிட்டால், யார் என்னசொன்னாலும் யார் குறுக்கிட்டாலும் கேட்காமல், நாம் உறுதிசெய்துக் கொண்டபடி நடந்தேதீரவேண்டும்.

இந்தியாவில் வெகுநாளாய் பாதிரிகளாயிருந்து வருவதோடு இந்தியரிடத்தில் பட்சமுடைய இரண்டு பாதிரிகளாகிய மெஸ்ஸார்ஸ் ஆண்ட்ரூ, பியர்ஸன், இவ்விடத்து உண்மை தெரிந்துகொள்ளவேண்டி தங்கள் சொந்தசெலவில் வந்திருக்கிறார்கள். அவர்களைப்பற்றி, ஆனரபிள் மிஸ்டர் கோக்கிலேயவர்களும் ரொம்பச் சிபார்சு செய்கிறார். அவ்விருவரையும் நம் தலைவர்கள் பாய்ண்டுக்குப்போய் எதிர்கொண்டழைத்து வந்தார்கள். ஸ்ரீமான் கோக்கிலேயவர்கள் வந்தபோது ஜாகைகொடுத்த மிஸ்டர் மூனா தம் வீட்டுக்கு அழைத்துப்போய், இருவரையும் உபசரித்தார்.

மிஸ்டர் காந்தியை, ஒரு ரிபோர்ட்டர் பார்த்தார். அவரிடம் டர்பன் ஜெயிலில் நடக்கும் அக்கிரமங்களை விவரித்தார். குழப்பமாய்விட்டது, காப்பிரி வார்டர்கள் கைதிகளை பயமின்றி அடித்தார்கள். வேகாத சோறும், தாழ்ந்த சாப்பாடும், அசங்கியமான பாத்திரங்களில் கொடுத்தார்கள். அழுக்குத் துணிகள் கொடுக்கப்பட்டன. இந்த அக்கிரமங்களை கேட்பாரில்லை. மெஸ்ஸார்ஸ் பத்ரி, பாதாம்ஸின், பவானி, தேக்க. சென்றமீ 29உ விடுதலையானார்கள். முதல் இரண்டுபேரும் மிக இளைத்திருந்தனர். அவர்கள், ஜெயிலிலிருக்கும் பாஸிவ் ரெஸிஸ்டர்கள் தேகபேதியால் கஷ்டப்படுவதாய்ப் புகார் செய்தனர்.

என்ன துன்பப்பட்டாலும், சிரித்தமுகமாயிருக்கிறார்கள். இப்போது டர்பன் ஜெயிலில் கிட்டதட்ட 200 பேர் பாஸிவ் ரெஸிஸ்டர்கள் கைதிகளாயிருக்கிறார்கள். அவர்களில் இருபதுபேர் ஸ்திரீகள்.

[illegible] ஜெர்மனியிலுள்ள கனம் ரஸ்டம்ஜீயவர்கள் பூமியை கனம் பவானீர் குத்தகையெடுத்து பாஸிவ் ரெஸிஸ்டர்கள் உபயோகத்துக்கென்று விட்டிருக்கிறார். அங்கே மெஸ்ஸார்ஸ் காப்ரியேல், ஈசாக், தம்பி நாயடு, பி. கே. நாயடும் மற்ற வாலண்டியர்களும் பாஸிவ் ரெஸிஸ்டர்களுக்கு வேண்டியதை செய்துக்கொண்டு பாதுகாத்துவருகிறார்கள். குண்டுபட்டு இறந்தவர்களுடைய விதவைகளையும் தேடிப்பிடித்து அங்கே கொண்டுபோய் ஆதரித்து வருகிறார்கள்.

Gandhi Heritage Portal

ஜோகானஸ்பர்கிலே ஏற்பட்டிருக்கும் ஐரோப்பிய கமிட்டி சேர்மென் மிஸ்டர் ஹாஸ்கென் அவர்களும் நமதுடைய கோரிக்கைகளைத் தாங்கி வெகு பிரயாசைப்பட்டு வருகிறார். இன்னும் பல ஐரோப்பியர்களும் நமக்காக உழைத்து வருகிறார்கள்.

மூன்று பவுன் வரியிலுமாய்ப் போராட்டம் நடப்பதால், அது தள்ளுபடியாகும் வரையில், நம்மவர்கள் ஜெயிலில் துன்பப்படுபவர்களை நோக்கியும், இறந்தவர்களை உத்தேசித்தும் ஆண், பெண் யாவரும் நகைகளை போட்டுக் கொள்ளாமலும், ஆடம்பரமாய் உடுத்திக் கொள்ளாமலும், போக்கியப் பொருள்களை உபயோகிக்காமலும், நம்மவர்களுடைய உணர்ச்சியைக் காட்டுவார்களென்று எதிர்பார்க்கப்படுகிறது. பாஸிவ் ரெஸிஸ்டன்ஸ் என்பது கொடூரமான தபசு. நாம் எவ்வளவு கோரமான தபசு செய்கிறோமோ, அவ்வளவு சீக்கிரம் விடுதலையுண்டாகும்.

ஸ்ரீ போலக் அவர்கள் மிகவும் வியாதியாய் இருந்த போதிலும், சமீபத்து கவலையாய் அடிக்கடி காலதாமதமில்லாமல் நடந்து கொண்டு வருகிறார். நமதுடைய கவலையாகவே இருக்கிறார். அவரை டாக்டர்கள் ஒருகாரியமும் செய்யாமலும், சும்மா இருக்கச் சொன்னாலும், அதைக் கவனியாது நமக்காகவே உழைக்கிறார். இந்தியர்களும் வெகு விசனமாயிருக்கிறார்கள் வெகு ஆதிரப்படுகிறார்கள். இப்பொழுது காலமாய் இவ்வளவு ஆத்திரம் உண்டானதில்லை.

மிஸ்டர் காந்திக்கும் ஜெனரல் ஸ்மட்ஸுக்கும் நடந்த காகிதம் போக்குவரத்து நடந்தது. அது இங்கிலீஷ் பத்திரிகையில் போடப்பட்டிருக்கிறது. அதில் மிஸ்டர். காந்தி, கவர்ன்மெண்டார் நம் கோருதலுக்கு இசையாவிட்டால், பின்னும் துன்பப்பட வேண்டியிருக்குமென்றும், முன் சேர்ந்த கஷ்ட நஷ்டங்களுக்கும் வருந்துகிறார். மிஸ்டர் மாரதல் காம்மென், மூன்று பவுன் வரியைத்தள்ளுபடி செய்யவும் இதர குறைகளை யொழிக்கவும் இன்னும் முயற்சி செய்வேனென்றார். ஆனால் வேலை நிறுத்தம் (ஸ்ட்ரைக்) செய்வதை ஒத்துக் கொள்ளவில்லை.

சூரத் இந்து ஜனாக்கர் சங்கம்

ஸ்ரீயுத் ஆண்ட்ரூஸ், பியர்ஸன் வரவேற்றுபசரிப்பு

சென்ற ஞாயிற்றுக்கிழமை, "சூரத் இந்து ஜனாக்கர் சங்கத்தார்," மெஸர்ஸ் ஆண்ட்ரூஸ், பியர்ஸன் ஆகிய இரண்டு பாதிரிகளையும் வரவேற்று உபசரித்தார்கள். மிஸ் மோல்டினோவும், இதர ஐரோப்பிய நேயர்களும் வந்திருந்தார்கள். மேற்படி சங்கத்தார் வசூலித்த 70 பவுனையும் "பாஸிவ் ரெஸிஸ்டன்ஸ்" பண்டுக்காகக் கொடுத்தார்கள்.

மெஸர்ஸ் ஆண்ட்ரூஸும், பியர்ஸனும் தாங்கள் நாட்டிய இந்தியர் நம்மிடம் வைத்திருக்கும் அனுதாபத்தைத் தெரிவித்தார்கள். எல்லோரும் கை கொட்டி ஆமோதித்தார்கள். அதன் பின், மிஸ்டர் ஆண்ட்ரூஸ் வங்காளத்துக் கவிச்சிரேஷ்டரான ஸ்ரீ ரவீந்திரநாத டாகூர் சொல்லிக் கொடுத்த சமயத்திருந்த சுலோகத்தைச் சொன்னார். இவ்விருவரும் இந்தியாவிடத்தில் மிக்க நேசமுண்டவர்கள், இந்தியாவின் நன்மைக்காக முன்னும் உழைத்து வந்திருக்கிறார்கள். நம் மத்தியில் இன்னும் ஒரு மாசம் தாமதிப்பார்கள் அநேக ஐரோப்பியப் பெரியோர்களைக் கண்டு பேசிக்கொண்டு வருகிறார்கள்.

திருக்குறள்

நீத்தார் பெருமை

ஒழுக்கத்து நீத்தார் பெருமை
விழுப்பத்து வேண்டும் பனுவல் துணிவு

துறந்தார் பெருமை துணைக்கூறின் வையத்
திறந்தாரை யெண்ணிக் கொண்டற்று

இருமை வகை தெரிந் தீண்டறம் பூண்டார்
பெருமை பிறங்கிற் றுலகு

உரனென்னுந் தோட்டியா னோரைந்துங் காப்பான்
வரனென்னும் வைப்பிற்கோர் வித்து

ஐந்தவித்தா னாற்ற லகல்விசும்பு ளார்கோமா
னிந்திரனே சாலுங்கரி

செயற்கரிய செய்வார் பெரியர் சிறியர்
செயற்கரிய செய்கலா தார்

சுவையொளி யூறோசை நாற்றமென் றைந்தின்
வகை தெரிவான் கட்டே யுலகு

நிறைமொழி மாந்தர் பெருமை நிலத்து
மறைமொழி காட்டி விடும்

குணமென்னுங் குன்றேறி நின்றார் வெகுளி
கணமேயுங் காத்த லரிது

அந்தண ரென்போ ரறவோர்மற் றெவ்வுயிர்க்குஞ்
செந்தண்மை பூண்டொழுக லான்

முக்கியமான எச்சரிக்கை

இப்போது 5 வருஷ எக்ஸிமென்டில் இல்லாததாகக் கொண்டு வரப்பட்ட பலவித கஷ்ட நஷ்டங்களுக்கு உடன்பட்டு, திரும்பிட்டு நிகழ பிறகு 2 வருஷத்திற்கு மறுபடியும் கொடுக்கிற திருமேட்டை, இனிமேல் எவ்வித காரணத்தினாலும் கொடுக்கக்கூடாது, இந்த வழக்கத்தை மறந்தால்தான் அதிககம் கிடைக்கும். அதனால் நாம் மேன்மை அடைவோம்.

इंडिअन ओपिनिअन

बुधवार, ता. ७ जानेवारी १९१४

अमर हरबतसींग

हरबतसींग गीरमीटीया का हाल कौन पूछेगा कइ गीरमीटीये चले गये और कइ चले जावेंगे लेकीन हरबतसींग जी, आप तो अपना नाम अमर कर गये हो. आप तो अप ना गीरमीट बसर अवस्था में हिंद देवी का सेवा की. आप हीसेर ७० वर्ष का उमर में सत्याग्रही बने. इस लीये आप का नाम सारी दक्षिण अफरीका में प्रसिद्ध हो चुका है और मातृभूमी में प्रसिद्ध हो जायगा. यह सत्याग्रहकी महीमा है. जै सूर्य नारायण तपता है, सब चीजों को उज्वल करता है वैसे ही सत्यरुपी सूर्य नारायण सब सत्कार्यों को उज्वल कर देता है. यह कठीन कलीकाल में यह किंचित् सत्य का सेवन सेवक को अमर—उज्वल—कर देता है. हरबतसींगजी आपही सत्य के सेवक थे. आपने हिंदी की सेवा की, आप ने यह देशकी जेहेलो को पवित्र कर दी. धन्य है आप को आप को सहस्त्रश धन्य है हिंद माता जिसने आपको पैदा कीये हमारे हिंदी भाइ अगर हरबतसींगजी की नकल कर यह लडत मे दाखल होवे ऐसी हमरी परमात्मा प्रत्ये प्रार्थना है.

लडतका समाचार

हमारे हिन्दी और टामिल पाठकों हमे क्षमा करेंगे जो हम केवल यह पष्ट इसी महान उद्योग का समाचार विषय का योग करे.

नैशनल कोंग्रस, हिन्दुस्तान का जातिय महा सभा गत २६ ता: के महाधिवेशन मे कई स्तावे प्रस्ताव कर हम लोगों का इच्छा का समर्थन किया है. विशेष कर यह हिन्दीओं की याचना कि, हिन्दीओं के पक्ष का प्रतिनिधीभी यहां का इन डीअन कमीशन (हिंदीओ पर कष्टों का न्याय करने का एक नइ अदालत) मे नीयुक्ती हो. जातिय महा सभा का सभा पती नवाब सैयद महम्मद मि. गांधी को यहां केबल (तार) द्वारा संक्षेपमें प्रस्तावोंका विवरण भेजा है

अंग्रेजी, टामिल और हिन्दी भाषा मे विज्ञापने छपा वितीर्ण कर दिया गया है. हिन्दीओं को सुचना दे प्रगट कर दिया गया है कि इस बीच सरकार से निपटेरा होने के लिय लिखा पढी चल रही है इस कारण ता: १ जनवरी का कुच करने का इरादा अनियमित समय के लिये टाल दिया गया है, यह महिना का अन्त होने पहले हमको विदित होवेगा कि हम लोग का प्रार्थना स्वीकार होने की आशा है या नही. जैसा शिघ्र परिणाम विदित होगा तुरन्त सर्व साधारण को सुचना दे दिया जायेगा.

इस बीच सब हिन्दीओ जो प्रीटोरिया के लिये कुच करने को शामिल होना चाहते है सो तैयार रहना चाहिये यह महान उद्योग जातिय मर्यादा के लिये है और यह धार्मिक उद्योग है, क्यो कि हम लोग स्वतंत्रता पुनः प्राप्ति के लिय उद्योग करते और मनुष्यत से रहने चाहते है हिन्दी भाइयों को इस उद्योग मे जो रक्तस्राव हुआ इससे हिन्दी काम का प्रतिष्ठा सारे संसार मे बढ गया है. इस लडत मे हम सब केवल इश्वर से डरे, और सत्यता से अपनी अभिष्ट को प्राप्ति करे.

यह ३ पौन्ड का टेक्स जो गरीब हिन्दीओं को नीचे दबाये डालता है अवश्य छुट जाना और छुटेगा ही चाहे क्याही लागत लगे, पर जो हिन्दी भी इस उद्योग मे भाग ले कर कुच मे शामिल हो और पकडवा. कैद, यातना या मृत्यु सहन करे तिस से यह घृणित टेक्स छुटवाने सिवाय अपनी मान मर्यादा प्राप्त करेंगे, वे याद रखें कि, सुकुवार पुरुष और स्त्रीयां जिन्हे टेक्स नही देना पडता वे गोद मे बालक साथ लिये कैद भोग रहे है.

सर बेन्जामिन रोबर्टसन चीफ कमिश्नर मध्य प्रदेश हिन्दुस्थान का दयालु गोरा, हिन्दुस्थान का वाइसरोय (लाट साहेब) द्वारा यहां भेजे गये है जिससे यहां हिन्दीओं के कष्ट का सवाल को समुझने मे सहायक हो और जब तक वे भी हमे सुचना दे कि वे भी हमारे लिये हमारी इच्छा या मांग का नही प्राप्त कर सकते तब हम कुच करने को रोकते है, पर इतना तो निश्चय है कि, कमीशन हो या कोइ बीच बचाव हो, जो हमारी प्रार्थना नही स्वीकार होगी तो हम सब अपने चपल से मन्थाय हैं कि लडत पुनरंभ करेंगे.

मि. एनड्रुस और पीयरसन दो अंग्रेज हिन्दी कौम का प्रसिध्ध मित्र है वे अपनी इच्छा से सच्ची स्थीती जानने के लिय अभी यहां आये है. कइ वर्ष हिन्दुस्थान मे रहकर हिन्दीओं के लिय मित्रतुल्य काम कियेहै जिनका अतिही प्रशंसा मि. गोखले ने की है. तट पर उतरते समय मुख्य हिन्दीओं ने उन से मिले और मि. इस्मायल मुसा के मकानपर, जो मि. गोखले को यहां रहने समय सौंप दियेथे, उनको आग्रहकरने पे सत्कार भोज्य दियेहै.

डर्बन के कैदखाना मे सत्याग्रही कैदियों को क्लेश के विषय मे मि. गांधी से एक समाचार लेखक को ये हवाल कहने पे दैनिक पत्रो मे उल्लेख होने से हल चल हुआहै, कैदियो ऐसा कहते है कि, कैदियों के वार्डरो निशंक बिना रोक मार बैठते है, अन्न अधपका, दुषित और मैले बर्तनो मे मिलताहै और मैले कपडे कैदियों को पहनने को दिया गयाहै, उनके फर्यादों का अवगा हुआहै और बहुत तरह का कुव्योहार उनपर हु हे.

मि. बद्री, पदमसिंह, भवानी और लकु ता. २९ को कैद से छुटेहै बद्री और पदमसिंह देखने मे बहुत घट गयेहै ये कहते है कि बहुत से सत्याग्रही कैद मे आंत्ररोग मे पीडीत है पर यह कष्ट होने पर भी वे प्रसन्नतासे है

डर्बन के कैदखाना मे हाल समय लगभग २०० सत्याग्रही कैदी है जिनमे लगभग २० स्त्रीयां है

सत्याग्रहीयो जो प्रकट मे निर्वाह किये जाते है वे स्थानान्तर भेजदियेगये है. मि रुस्तमजी के अधीन था न्यु जरमनी मे जिसको इमाम हिब अबदुल कादर बवाजीर लीस मे लेकर सत्याग्रही यों के अधिकार मे सौंप दियाहै थ सब यहां पर मि अङ्गमाळ पंर्स नायडु, पी. के. नायडु और सरे नोर्थेरियरो के देख रखमे, खाते पीते चैन मे

इस लडत में मारे गये आदिमीयो के विधवाये और बच्चे जो पता लगानेपर मिले वेभी उही अमिन पर है.

अंग्रेजों का कमीटी जो जोहानिसबर्ग मे हम लोगों के सहायतार्थ स्थापन हुआ उसका सभापती मि. होस्केन हमलेगों की मांग या दावा की सहायता मे सब साधारण मे विचार की प्रार्थना प्रकास कियाहै और प्रसिध्ध तौरे इसी तरह काम कर रहे है.

ऐसा आशा करते है कि जबतक यह लडत चल रही है और जबतक पा. ३ टेक्स नही छुट, तबतक शोकित कुटुम्बियों और दक्षिण आफ्रिका के केदखानो मे क्लेशित सत्याग्रहीयों से सहानुभुती सुचक चिन्ह स्वरूप हिन्दी पुरूष और स्त्रीया गहने, सुन्दर पहराव और विलसा त्यागदे, सत्याग्रह एक तरह का तप है इससे जितना तप करेंगे उतनाही शिघ्र चैन मिलेगी.

केबल से बीदित हुआ है कि विश्राम बिना मि. गोखले का बदन अस्वस्थ है पर वे हम लोगो के लिये काम कर दुःख सह अपने के केबल मार रहे है और अपनी कर्तव्य को नहीं त्यागते है. मि. गोखले से और यहा कौम से हर हमेश केबल द्वारा हवाल लियादिया जाता है

इतनी भारी हलचल हिन्दुस्थान मे ५० वर्षों मे कभी नही हुआ जितनी हमलोगों के कष्टो के सवाल सर्व साधारण मे प्रचार हुआ है.

राम

सत्पुरुष-पुंगव, सत्यवादी, संयमी श्रीराम थे।
प्रतिभा-निधान, पराक्रमी, धृतिशील, सद्गुणधाम थे॥
यश-प्रतापी, प्रजा-रंजन, सेतु-निर्माती वीर थे।
ज्ञानी, स[illegible]ी, सुधी, धर्मज्ञ, दानी, धीर थे॥
कल्याणकर उनके सभी शुभ लक्षणों को धार लो।
यह मित्र पूर्ण-पवित्र रामचरित्र जन्म सुधार लो॥१॥

प्रकृति-तत्त्व-वेत्ता, सत्यसन्ध, कृतज्ञ, गौरवधाम थे।
संसार के हित में सदा तत्पर, महा विद्वान थे॥
निस्पृह, प्रजा-प्रिय, नयनिपुण, अभिराम, अवगुणहीन थे।
आदर्श आर्य, उदार, करुणासिन्धु, शुचि, शालीन थे॥
वे सदा सर्व प्रकार से हैं पूजनीय, विचार लो।
यह मित्र पूर्ण-पवित्र रामचरित्र जन्म सुधार लो॥२॥

श्रीराम ने जो पथ दिखाया धर्म के विश्वास में।
ऐसा न अन्य उदाहरण है जगत के इतिहास में॥
दृढ हो उन्हीं के पुण्य-पथ पर चाहिए चलना हमें।
हम आर्य हिन्दू-मात्र रामचरित्र-कानन में रमें॥
होगा इसी से देश का कल्याण, सम्पति-सार लो।
यह मित्र पूर्ण-पवित्र रामचरित्र जन्म सुधार लो॥३॥

उन सद्गुणी की जीवनी को लक्ष्य अपना मान लें।
आओ, सखे! सत्कर्म का संकल्प मन में ठान लें॥
श्रद्धा-सहित हम उस महात्मा का निरन्तर नाम लें।
इस लोक से उद्धार पाकर स्वर्ग में विश्राम लें॥
मन स्थान "रामनरेश" उर के भक्ति-रश्मि पसार लो।
यह मित्र पूर्ण-पवित्र रामचरित्र जन्म सुधार लो॥४॥

रामनरेश त्रिपाठी [सरस्वती]

નવાં આવેલાં અંગ્રેજી પુસ્તકો.

આ છાપાના કેટલાક વાંચનારાઓ તરફથી ધરમ અને નીતિનાં પુસ્તકોની માગણી થઇ હતી. તેમાંના અંગ્રેજી પુસ્તકોની થોડી થોડી નકલો નીચે મુજબ અમારી પાસે આવી પહોંચેલી છે

ફીલ્ડઝ, ફેકટરીઝ અને વરક શોપસ—ખેતીનો ઉદયોગ કેટલો સરસ રીતે થઈ શકે છે અને મહેનતના કામ સાથે મગજનું કામ કેટલું ખીલવી શકાય છે તે વીષે પ્રીન્સ ક્રોપોટકીને આ પુસ્તકમાં ઘણો સરસ ચીતાર આપ્યો છે. કી. ટપાલ ખર્ચ સાથે ૧/૯

ઇસ્લામ—આ પુસ્તકના લખનાર જસ્ટીસ અમીર અલી પ્રસ્તાવનામાં લખે છે કે "ઇસ્લામના મુખ્ય શિક્ષણનો સાર આ પુસ્તકમાં આપ્યો છે." કી. શી. ૧-૯

હાર્ટ ઓફ ઈંડીઆ—અથવા હીંદુ ધરમ અને નીતીનાં તત્વોનો ઈતીહાસ કી. શી. ૨-૯

પ્રખ્યાત કવી શેખ સાદીનાં ગુલીસ્તાન અને બોસ્તાન.

પરશીઅન મીસ્ટીક્સ ભાગ ૧ અને ૨ તેમ. જલાલુદીન રૂમી અને નુરદીન અબ્દ્અલ રહેમાન જામીનાં લખાણો છે.

અરેબીઅન વીઝડમ—અરેબીકમાંથી તરજુમાને માટે ચુંટી કાઢેલી નસીયતો. દરેકની કી. શી. ૧-૯

NOTICE

Indian Inquiry Commission

It is notified for general information that His Excellency the Governor-General has been pleased to appoint a Commission the terms of reference of which are as follows:—

(1) to hold forthwith a Public Judicial Enquiry and to report as soon as possible as to the disturbances in connection with the recent strike of Indians in Natal, the causes and circumstances which led to that strike and to those disturbances, the amount of force used in the suppression of the disturbances and the necessity for the use of such force, and as to any acts of violence alleged to have been committed upon persons sentenced to imprisonment in connection with the strike; and

(2) to make recommendations in respect of any of the above matter

The Commission proposes to sit in Durban on the 12th, January, 1914, and at other places in Natal on subsequent dates. Anyone desiring to give evidence is requested to communicate with the Secretary, stating what subject they propose to give evidence on. The Secretary's address up till the 7th January will be

37 Sauer's Buildings,
Loveday Street,
Johannesburg,

thereafter it will be care of the Chief Magistrate, Durban.

(Sd.) FRITZ B. ADLER,
Secretary.

BOOKS TO READ

	Price, post free. s. d.
The Iliad of the East; A selection of legends drawn from Valmiki's Sanskrit Poem, the Rámáyan	5 0
A Peasant Sage of Japan: The Life and work of Sontoku Ninomiya—One of the greatest social reformers in Japan	5 10
The Story of an African Farm, a novel, by Olive Schreiner	1 9
Civilisation of India, by R. C. Dutt	1 9
Byzantine Empire or History of Syria, Asia Minor, Egypt in Africa. (The present Turkish Empire formed once a portion of the Byzantine Empire.)	1 9
Fields, Factories and Workshops, or Industry combined with Agriculture and Brain Work with Manual Work, by Prince Kropotkin	1 9
Self-Help, by S. Smiles	1 11
Life and Labour or Characteristics of men of Industry, Culture, and Genius, by S. Smiles	1 11
Character, by S. Smiles	1 11
Rubayat of Omar Khayyam, with Illustrations	1 7
The Song Celestial, by Edwin Arnold	2 3
The Light of Asia, by Sir Edwin Arnold	2 3
Islam, by Justice Syed Ameer Ali	1 9
The Koran	1 9
Sakuntala, an Indian Drama by Kalidas	1 9
Mohammedanism	1 9
Mahomed 'The Great Arabian,' by Meredith Townsend	1 8
Gulistan or Flower Garden, Sadi	1 10
Sesame and Lilies by John Ruskin	1 10
Unto this Last, " "	1 10
Duties of Man, by Mazzini	1 10
Time and Tide, by J. Ruskin	1 10
English Traits and Representative Men, by Emerson	1 10
Society and Solitude and other Essays, by Emerson	1 10
Tales and Parables, by Tolstoy	1 10
War and Peace, Vol 1, 2, and 3, by Tolstoy each	2 10
Arabian Wisdom	1 9
A Vision of India, by Sidney Low	1 9
The Indians of South Africa: Helots within the Empire and How They are Treated. By H. S. L. Polak	1 6
Stories and Sayings of India Ceylon and Burma	1 9
Future of Islam	4 0

The Wisdom of the East Series

Brahma Knowledge	9 8
The Persian Mystics—	
I. Jalalud-d n Rumi	2 9
II. Jami	2 9
The Bustan of Sadi	2 9
The Religion of the Koran	1 9
Diwan of Abul-Ala	1 9
INDIAN OPINION Souvenir of the Hon. G. K. Gokhale's Tour in South Africa	3 3
M. K. Gandhi by J. J. Doke	2 10
Hind Swaraj (Indian Home Rule) by P. J. Mehta	0 7
M. K. Gandhi and the S. A. Indian Problem by P. J. Mehta	0 7
Reflections on the French Revolution, by Burke	1 10
The Confessions of Al Ghazzali	1 8
The Heart of India	2 8
Rubayat of Hafiz	1 9
The Life of Mahomet, by Washington Irving	1 10
Adventures of War with Cross and Crescent	2 10
The Hon. Mr. Gokhale and the Indenture System	0 6
The Ethics of Passive Resistance	0 3
Indian Home Rule	0 6
Bhagavad Gita	1 0
The Rámáyana and the Máhábharata, by R. C. Dutt	1 10
The Story of the Rámáyana	0 6
A Letter to a Hindu by Leo Tolstoy	0 1
A Book and its Misnomer	? 6

New Books

Swami Vivekananda An exhaustive and comprehensive collection of his speeches and Writings price	3 9
The Indian National Congress An Account of Its Origin and Its Growth Full Text of all the Presidential Addresses Reprint of all the Congress Resolutions Extracts from all the Welcome Addresses Notable Utterances on the Movement Portraits of all the Congress Presidents, price 5s. post free 6/-	6 0
The Swadeshi Movement. A Symposium by Representative Indians and Anglo Indians. An excellent and authoritative collection of official and non-official views, price 2s. post free	2 3

Cash with Order

INTERNATIONAL PRINTING PRESS, Phœnix, Natal.

વાંચવા લાયક પુસ્તકો

શી. પે.	
મી. ટીલકનાં મત અને વિચાર	૦ ૬
એક સત્યવીરની કથા (આ મહાન પુરુષની સોક્રેટીસનું મરણ સમયનું ભાષણ છે)	૦ ૬
સર્વોદય (આ મહાન ઇંગ્રેજ લેખક રસ્કીનનાં સરેવિમ પુસ્તકનો ભાવાર્થ છે.)	૦ ૬
નીતિ ધરમ અને ધરમ નીતિ	૦ ૬
જગમાંની ચરખી	૦ ૧
એક હીંદુ પ્રત્યે ટોલસ્ટોયનો કાગળ	૦ ૧
હિંદનો કાગળ	૧ ૦
મારો જેલનો ૧ લો અનુભવ (મી. ગાંધી)	૦ ૩
" ૨ જો "	૦ ૬
" ત્રીજો " "	૦ ૩
આરોગ્યતા વિષે સામાન્ય જ્ઞાન	૦ ૬
પુર્વ અને પશ્ચિમ	૦ ૬
નીતિનાં કાવ્યો	૦ ૩

કાવ્યદોહન ભાગ ૧ લો	૨ ૬	
કાવ્યદોહન ભાગ ૫ મો	૪ ૬	૧૦
કાવ્યદોહન ભાગ ૬ ઠો	૪ ૬	૧૦
કાવ્યદોહન ભાગ ૭ મો	૪ ૬	૧૧
ભગવદ ગીતા ...	૧ ૦	૦
ધી પૈકેટ ઇંગ્રીશ-ગુજરાતી ડીક્ષનેરી (ઉચ્ચારવાળી) ..	૨ ૬	૪
ધી પૈકેટ ગુજરાતી ઇંગ્રીશ ડીક્ષનેરી ...	૨ ૬	૪
M. A. બના કે મેરી મટકી કયું ચરાબકી ?	૨ ૬	૩
શ્રી તા ઋ નો ખીસામાં રાખવા જેવડો નાનો ગુટકો	૦ ૪	—
ગીતાજીનો મોટો ગુટકો	૦ ૬	૧
ગુજરાતી ઇંગ્રીશ ડીક્ષનેરી બલસારે કૃત	૧૦ ૬	૧ ૬
તુલસીદાસકૃત રામાયણ ૫	૬	૧ ૦
ભાગવત મોટું ૯૫૮ પાનાનું અને લગભગ ૮૦ ચીત્રો સહીત ...	૪ ૦	૧ ૭
ગુજરાતની જુની વાતો	૨ ૬	૩
વનરાજ ચાવડો	૨ ૯	૪
કવિતકમાળા એવશ્યન	૧ ૬	૩
જુનુ નર્મ ગદ્ય.....	૩ ૬	૬
રામકૃષ્ણના બોધવચન	૧ ૦	૩
રાસેલાસની કથા.....	૧ ૬	૨

મી. ગાંધીના દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ નું ઇંગ્રેજીમાં વરણન—તેમાં તેમની મુસાફરી દરમીયાન પાડેલી છબીઓ, હીંદી ખાતેની છબીઓ જનરલ બોથાને જનરલ સ્મટ્સની છબીઓ અને તેમને અપેલાં સુંદર માનપત્રોની છબીઓ સરસ કાગળ ઉપર છાપેલી છે. આ પુસ્તક ઇંગ્રેજી નહીં જાણનાર હીંદી પણ ક્ષ્પીઓને લઇ શકે છે ને પણ કોઇ પણ લેવાને લોભાવનાર છે ને ભેટ આપી શકે છે અથવા ઇંગ્રેજ જાણનારા હીંદી ભાઇબંધને રૂા ભેટ તરીકે મોકલી શકે છે. કીમત શી. ૫ ને ટપાલ ખરચ પેની ૬ મળવાનું ઠેકાણું:—

ઇંટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસ ફીનિક્સ નાટાલ

હીંદુસ્તાનની ટપાલ

તા. ૯ મીના અરસામાં મુંબઇ જતી સ્ટીમર હીંદુલામાં બંધ થશે.

તા ૭ બુધવારે મુંબઈ જતી સ્ટીમર એરીઅલમાં બંધ થશે.

તા. ૧૭ના અરસામાં કોલંબો કલકત્તા જતી સ્ટીમર અમફુલી બંધ થશે.

તા. ૨૦ના અરસામાં મુંબઈ જતી સ્ટીમર પાલમીલામાં બંધ થશે.

જોહાનીસબર્ગ હીંદુ કોમ્યુનીટી

૦ ૧૦ ૦ મી. લાલા દુલભ ૧ મીઠું
૦ ૧૫ ૦ ,, નાગર હરીવંટરની ખરીદી
૦ ૫ ૦ ,, હીરા ખુશાલ
૦ ૫ ૦ ,, માધવ નારણ
૦ ૫ ૦ ,, કાળીદાશ જેરામ
૦ ૫ ૦ ,, છીતા નાથા
૦ ૫ ૦ ,, નરોતમ લક્ષ્મીદાસ
૦ ૫ ૦ ,, ભાણા નારણ
૦ ૫ ૦ ,, લાલા ભીખા
૦ ૫ ૦ ,, પેમા હીરા
૦ ૫ ૦ ,, લાલા ગોવંદ
૦ ૫ ૦ ,, જીના મોરાર
૦ ૫ ૦ ,, કાના ફકીરા
૦ ૧૦ ૦ ,, નારણ મીઠા ૧ બ. મીઠું
૦ ૧૦ ૦ ,, ભગવાન માધવ ૧ ,,
૦ ૫ ૦ ,, લાલા લીંબા
૧ ૫ ૦ ,, નાથા પ્રાગ ૧ કેસ દુધ
૦ ૧૫ ૦ ,, વલભ કલ્યાણ વડીઆળીના
૦ ૧૫ ૦ ,, રણછોડ જીવણ ૧ ડ. કોરી
૦ ૧૫ ૦ ,, જીના બાપા ૧ આટો
૧ ૧૦ ૦ ,, રણછોડ હીરા ૧ ચાવલ
૩ ૦ ૦ ,, જીવણ રામા ૨ ચાવલ
૧ ૦ ૦ ,, લલુ વસનજી
૨ ૦ ૦ ,, કેશવ કાનજી ૧ આમલી
૩ ૦ ૦ ,, લાલા રામા ૨ ચાવલ
૦ ૧૦ ૦ ,, ફકીર ટેમી
૫ ૯ ૧૧ ,, ભગવાન લલુ તરફથી

ઓસ૦ ગોપાલાંપત્તુરણ

૧ ૧૦ ૦ ,, વલભ પ્રાગ ૧ ચાવલ
૧ ૧૦ ૦ ,, ડન્ડી ૧ ચાવલ
૧ ૫ ૦ ,, ભુલા રામા ૧ કેસ દુધ
૧ ૧ ૦ ,, પરભુ મોરાર ૧ ટીન તેલ
૧ ૧૦ ૦ ,, ભીખા રણછોડ ૧ ચાવલ
૧ ૦ ૦ ,, નારણ હાસમ ૨ મીઠું
૦ ૧૦ ૦ ,, દેવા મોરાર ૧ મીઠું
૧ ૧૦ ૦ ,, રણછોડ ક. ૧ આટો ૧ ખાંડ

બોકસબર્ગમાં ઉઘરાણું
હા. વસનજી દેસાઇ

૧ ૧૦ ૦ મેસર્સ રણછોડજી એન્ડ વસનજીની કું ૧ ચાવલ
૧ ૧૦ ૦ મી દયાલ વા. ૧ ચ. તેલ
૦ ૧૦ ૬ " રણછોડ ધનજીભાઇ રે.
૦ ૧૦ ૬ " ક. ડુંગર પ્રેમચંદ રે. કડ
૦ ૨ ૬ " અસુમલ તલકચંદ "
૦ ૧૦ ૬ " મોતીલાલ કાળીદાસ
૧ ૧ ૦ " મોરારજી ભગવાન ડેલવ
૧ ૧ ૦ " દુલભ ફકીર પટેલ રે.
૦ ૧૦ ૬ મેસર્સ બાબર લાલા એન્ડ કું.
૦ ૫ ૦ મી. રતનજી ઠુંસા
૦ ૧૦ ૬ " પરસોતમ ભાઇભાઇ

૧ ૧ ૦ મી. સુખાભાઇ ભુલાભાઇની વીશી
૦ ૫ ૩ " ગોપાળ બાવા પટેલ
૦ ૫ ૩ " મેગરજી હાંસજી
૦ ૫ ૩ " જેરામ ભગા
૦ ૫ ૩ " ફીકા બાવા
૦ ૧૦ ૦ " જમા ફકીરની વીશી
૧ ૫ ૦ " ભગા છીતા બારબર
૦ ૫ ૦ " પરભુ ધના
૦ ૫ ૩ " કાળા હંસજી

રીટફોન્ટીન

૦ ૧૫ ૦ " રણછોડ ભુલા
૦ ૪ ૦ " મોરાર ભુલા
૦ ૨ ૦ ,, છીતા વાલા
૦ ૨ ૦ ,, જાગા ફકીરા
૦ ૨ ૦ ,, પરભુ ભકતી
૧ ૦ ૦ ,, ગોવંદ મથુરાદાસ
૧ ૦ ૦ ,, ગોવંદ માધવ
૦ ૫ ૦ ,, ગોપાળ દેસાઇ

જરમીસ્ટન

૧ ૧ ૦ ,, ડાહ્યા ઉકા
૧ ૧ ૦ ,, દુલભ જીવણ
૦ ૧૬ ૦ ,, હરી ઉકા ૧ આટો
૦ ૨ ૬ ,, રવજી અને ભુખીયા વીશી
૦ ૨ ૬ ,, હીરા વાઘા
૦ ૨ ૬ ,, દાજી નથુ
૦ ૫ ૦ ,, કાના વલભ
૧ ૧ ૦ ,, લલુ વલભ
૧ ૧ ૦ ,, દલપત
૦ ૫ ૦ ,, વલભ ભાણા
૦ ૧૦ ૬ ,, દુલભ ભુલા
૦ ૫ ૦ ,, ડાહ્યા પરભુ
૧ ૧ ૦ ,, બી. કે. લોન્ડસ
૦ ૧૦ ૬ ,, લાલભાઇ મોરાર
૦ ૫ ૦ ,, વીરલ નાના
૦ ૧૦ ૬ ,, ગોવંદ કુબેર
૦ ૧૦ ૬ ,, મકનું પરભુ
૦ ૧૦ ૦ ,, રામા ભગા
૦ ૫ ૦ ,, લલુ કલ્યાણ

સ્પ્રીંગ

૨ ૨ ૦ ,, ખંડુભાઇ દેસાઇ કું.
૨ ૨ ૦ ,, કાનજી રણછોડ કું.
૧૫ ૦ ૦ ,, ગોકળદાસ કા. ૧૦ બ.
૩ ૦ ૦ ,, પરભુ સાજણ ૨ દાળ
૧ ૦ ૦ ,, મોરાર કાના હરી પ્રાગ
૧ ૧૦ ૦ ,, છત્રીના વેંગાનું
૧ ૧૦ ૦ ,, ભગવાન ગો. ૧ ચા.
૧ ૧૦ ૦ ,, લાલ બહાદુરસીંગ
૧ ૧૦ ૦ ,, હનુરાસીંગ ૧ બ. ચા.
૦ ૧૫ ૦ ,, રામજી હીરા ૧ ખાંડ
૧ ૧૦ ૦ ,, ગોકળદાસ ૧ ચીજ વ.
૧૬ ૫ ૯ ચોથી યાદી, પરચુરણ, દ. અંબ.

૧ ૧૦ ૦ મી. જીણા વલભ ૧ બા. ૧ આ.
૧ ૧૦ ૦ ,, નારણજી ગુલાબ ૧ ચા.
૦ ૧૦ ૦ ,, ચપુ ખરીદી
૧ ૧ ૦ ,, નારણજી વાઘજી
૦ ૧૦ ૦ ,, રેવાભાઇ
૧ ૧૦ ૦ ,, હાંસજી દીઆળ ૧ બ. ચા.

આર્ટ પેપર ઉપર છાપેલા સુંદર ફોટોગ્રાફ

માનવંતા દાદાભાઇ નવરોજી
ઇડિઅન સ્ટ્રેચર બેરર કોર
અફઘાનીસ્તાનના અમીર
મી. સોરાબજી શાપુરજી અડાજણીઆ
મી. પોલાક
શેઠ જનુ કારકુન
મુંબઇમાં ટ્રાંસવાલના દેશપારીઓ
મદ્રાસમાં ટ્રાંસવાલના દેશપારીઓ
મી. કેલનબેક
મી. જોસફ રાયપન ફેરીઆ
જોહાન્સબર્ગમાં હીંદી કાતિસ્તાન
ફીનીકસ સેટલમેન્ટ
મી. ગોખલેના માનપત્રો
ટોલ્સટોય ફારમના રહીશો
મરહુમ મી. નારાયણસામી
જસ્ટીસ અમીર અલી
લોર્ડ એમ્પથીલ
મી. જોસફ રાયપન બારીસ્ટર
હીંદી બાનુઓનું ટોળું
સ્ટેન્ડરટનના બહાદુરો
મી. ચેટીઆર
મીસીસ રંભાબા૦
મી. એમ. સી. નાઝર
મી. અમીરૂદ્દીન ફ્ર્ઝંદાર
મી. ઉમર હાજી આમદ ઝવેરી
મી. બાવાઝીર
મી. ફ્ર્ઝંદાર

Indian Opinion

SUBSCRIPTION RATES

Within the Union

	s.	d.
Yearly	14	0
Half Yearly	8	0
Quarterly	5	0
Per copy by post		4

Subscriptions are all payable Strictly in Advance, and, if sent by cheque, 6d extra should be added for bank commission (except from Durban).

Intending subscribers will kindly note that we do not accept subscriptions for less than a quarter.

The rates outside the Union are [illegible] and 6s. respectively.

અઠવાડીક પંચાંગ.

ખ્રીસ્તી—તા ૭ જાનેવારીથી તા. ૧૩ જાનેવારી સુધી ઈ. સ. ૧૯૧૪.
હીંદુ—પોષ સુદ ૧૦ થી પોષ વદ ૧ સુધી સંવત ૧૯૭૦.
માહુમેદન—તા. ૯ સફરથી તા. ૧૫ સફર સુધી ૧૩૩૨ હીજરી.
પારસી—તા. ૨૮ થી તા. ૪ સુધી ૧૨૮૩.

વાર	ખ્રી. તા.	હીંદુ તિથિ	મુ. તા.	પા. મ.	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.
બુધ	૭	સુદ ૧૦	૯	૨૮	૪-૫૮	૬-૫૮
ગુરૂ	૮	,, ૧૧	૧૦	૨૯	૪-૫૯	૬-૫૯
શુક્ર	૯	,, ૧૨	૧૧	૩૦	૪-૫૯	૬-૫૯
શની	૧૦	,, ૧૩	૧૨	૧	૫-૦	૬-૫૯
રવી	૧૧	,, ૧૪	૧૩	૨	૫-૦	૬-૫૯
સોમ	૧૨	,, ૧૫	૧૪	૩	૫-૧	૭-૦
મંગળ	૧૩	વદ ૧	૧૫	૪	૫-૨	૭-૦

ઈ. ઓ. ના લવાજમના દર

યુનીઅન—કેપ, નાતાલ, ટ્રાંસવાલ, ઓરેંજીઆમાં—

વારષિક	૧૪	૦	
છમાસિક	૦	૮	૦
ત્રિમાસિક	૦	૫	૦
નકલની	૦	૦	૪

બધાં લવાજમ અગાઉથીજ લેવાનો ધારો છે.

સત્યાગ્રહ રેકડ ફંડ

૫૪૨	૧૮	૧૧	પાછળનો.
૦	૨	૦	મી. જોગી ફકીર ૧૧મો હ૦
૦	૧	૧૧	,, ડુંગરશી મોરારજી લુર્ડ૦
૦	૧૦	૦	,, સત્યનાયન ડરબન.
૦	૨	૬	,, દુલભમકન મે.ચી ડરબન

લેરીબી

૫	૫	૦	મી હ.જી જુસબ હાજી ઈ
૫	૫	૦	,, તઈબ હાજી આદમ
૧	૧	૦	,, સાલેમામદ હાજી તાર
૧	૧	૦	,, દાદા આદમ કુકડી
૧	૧	૦	,, કાસમ જુમા
૦	૫	૦	,, ગોપાલજી રામજી પા.
૦	૫	૦	,, પ્રાણુલાલ આશારામ

બારબર્ટન

૧	૦	૦	,, મથુરા મહારાજ
૧	૦	૦	,, આર. નાગ્ગુ
૦	૧૦	૦	,, માહમદ હુસા
૦	૧૦	૦	મી સુલેમાન મુસા
૦	૧૦	૦	,, વલ્લજી લખમીચંદ
૦	૧૦	૦	,, મનીરૂમ
૦	૧૦	૦	,, સજીવન મહારાજ
૦	૧૦	૦	,, મીહુખાન પીરખાન
૦	૧૦	૦	,, રોસનખાન
૦	૧૦	૦	,, જગનનાથ
૦	૧૦	૦	,, સેખ મંગલી
૦	૫	૦	,, ડી. જી. દેસાઈ
૦	૫	૦	,, મુસ. મહોમદ મોજર
૦	૫	૦	,, મુસા આમનજી
૦	૫	૦	,, ધરીયાના મલ પઠાન.
૦	૫	૦	,, મુનસામી ચટી
૦	૫	૦	મીસીસ વીલસન
૦	૫	૦	મી તીરપુરની
૦	૫	૦	,, એનઅમીન
૦	૫	૦	,, દેસીસ પુનસામી
૦	૫	૦	,, ડેવીડ સીબાસ્ટેઇન
૦	૫	૦	,, જાની મુનસામી
૦	૫	૦	,, એલ. જોસફ
૦	૫	૦	,, સુખારી ઢીક
૦	૫	૦	,, ગણપત
૦	૫	૦	,, હરી ભજન મહારાજ
૦	૫	૦	,, મુરઘેસ
૦	૫	૦	,, સુજન
૦	૨	૬	,, દેવીડ મુરગન
૦	૨	૬	,, આરમુકન
૦	૨	૦	,, પુનસામી મુઢી
૦	૧	૦	મીસીસ એડવરડ
૦	૨	૦	મી. વી. નાઈડુ
૦	૫	૦	,, પરાકુ

હવીન્સટાઉન

૦	૧૫	૦	મી એસ. ડી. નાઈડુ
૦	૫	૦	,, લાલા રામા
૦	૫	૦	,, રહીમ ફતુ
૦	૧૦	૦	,, ઈસમાઇલ અહમદ કુ
૦	૧૦	૦	,, એમ. લલ
૦	૫	૦	,, ઈબ્રાહીમ
૦	૫	૦	,, કે સામી
૦	૨	૬	,, આર એસ સામી
૦	૫	૦	,, રામા લીંગમ
૦	૫	૦	,, એ પુનુસામી
૦	૦	૬	,, જે. કે. નોબલ
૦	૦	૬	,, એ. આદમ
૦	૧	૦	,, એસ. બટલર
૦	૦	૬	મીસીસ એચ. સેમ્યુઅલ
૦	૨	૦	મી. આઇ. એડમ્સ
૦	૧	૦	,, મારેકુ
૦	૧	૦	,, એચ મજીવા
૦	૨	૬	,, ડાયકુ પી. ફીલીપ્સ
૦	૨	૬	,, એચ. એસ. મેકલ્વાર્ડ
૦	૫	૦	મી. નેરાકુ સુફદીન
૦	૨	૬	,, એચ. બી. હેર્ડિસ
૦	૧	૦	,, સી. માર્ટન
૦	૧	૦	,, એચ જોહેન્સ
૦	૧	૦	,, હેડલી જોહેન્સ
૦	૧	૦	,, ટી જોહેન્સ
૦	૨	૦	,, ગોવીંદ ઉકા
૦	૨	૬	,, ડબલ્યુ. એ. ફેરી
૦	૧૦	૦	,, સી વી. પાલે
૦	૧૦	૦	,, સી. આર. હેર
૦	૧	૬	,, ફ્રાન્સીસ
૦	૧	૦	,, મેન્ટગ્રીસ.
૫૭૫	૫	૧૦	કુલ

સત્યાગ્રહ અનાજ ફંડ

ડરબન

(ગયા અંકથી ચાલુ.)	ચાવલ બસ્તા	દાળ બસ્તા
મી. ભાવનદાસ ભાનદાસ	૦॥	
,, રામજી કાનજી સોની	૦॥	
,, કાનજી ચત્રભુજ સોની	૦।	
,, ખીમા હા.પા. હેમરાજ	૦॥	
,, પરસોતમ દેવશી ઠા.	૨	
,, ઠાકરશી દામોદર ખત્રી	૧	
,, હેમરાજ મુળજી ઠા.	૧	
,, અરજણ જલા સોની	૦॥	
,, લાલજીકલ્યાણજીતથાદામજી	૦।=	
,, જાદવજી ડોસા સોની	૦।	
,, વસરામ પ્રેમજી ,,	૦।	
,, ગોકળજી જીવા ,,	૦।	
,, દેવજી ચીકમ ,,	૦।	
,, ભાણજી શામજી ,,	૦॥	
,, ખેરાજ ધરમશી ,,	૦।	
,, મકનજી લાખા ઠા.	૦।	
,, મોરારજી નાગજી સોની	૦।	
,, સુંદરજી જીવન ,,	૦।	
,, પરશોતમ હરી ,,	૦।	
,, મનજી દેવરાજ મીસ્ત્રી	૦।	
,, હીરાચંદ મંચળજી ૧ પુપુ		
,, ગોપાલ સવજી સોની	૧	
,, ગોરધન હીરજી ,,	૦॥	
,, નરસી આણંદ ,,	૦॥	
,, આર બી. ચટી	૩	
,, ભાણા પરશોતમ	૧	
,, હુસેન બારબર	૦॥	
,, નારણ મોરાર ઘોબી	૧	

[અપૂર્ણ

Printed and Published by M. K. Gandhi
International Printing Press Phoenix Natal.

ઇન્ડિયન ઓપિનિયન.

પુસ્તક ૧૨ મું. ફીનીક્સ, બુધવાર, તારીખ ૧૪ મી જાન્યુઆરી, ૧૯૧૪. અંક ૨.

અધિપતિની નોંધ

જનરલ બોથાનું ભાષણ

પોચ પીટરસબરગ (ટ્રાંસવાલ) માં ભાષણ આપતાં મુખ્ય પ્રધાન જનરલ બોથા હવે આટલી એ બોલ્યા છે કે જ્યાં ગોરાઓના લાભ ગેરલાભની વાત હોય તેવી બાબતમાં સરકાર હીંદીઓને મારગ આપી શકતી નથી. અને આ સવાલની બાબતમાં બીજી કોઇ પ્રજા વચ્ચે પડે એ પણ તે સાંખી શકે તેમ નથી. આવી મતલબનું ભાષણ અગાઉ પણ સરકારી અમલદારોએ આપેલું. આ છાપાના વાંચનારાઓને યાદ હશે કે સર પરસી ફીટ્ઝ પેટરીક અને મી. ડંકન જેવા આપણી લડતની વીરૂદ્ધના આગેવાનોએ ૧૯૧૧ મારચમાં ઇમીગ્રેશન બીલ પાર્લામેંટમાં ચરચાયું ત્યારે એશીઆટીકને સંતોષ આપવાની તથા ખુની કાયદો રદ કરવાની ભલામણ કરી. લોર્ડ ક્રૂએ ૧૯૦૯ માં એક વીચાર બતાવેલો તે બદલી પાછળથી હીંદીની માગણી સ્વીકારવા જનરલ બોથાને વીનંતી કરી નહીં રદ કરવાનો ખુની કાયદો રદ થયો. ખુદ જનરલ સ્મટસ બોલેલા કે જંગલીઓ સાથે ચલાવાય તેવું વરતન એશીઆટીક સાથે સરકાર નથી ચલાવી શકતી, કારણ કે તેઓનો સુધારો પુરાણો છે. પોતાના હક કેવી રીતે સંભાળવા તે તેઓ બરાબર સમજે છે. અને તે જાળવવા ખાતર દુઃખો ઉઠાવવા તેઓ તઇયાર છે. તેઓ ઘણા હુશીઆર છે, તેઓમાં ઘણા ઉમદા ચારીત્રવાળા અને બુદ્ધિશાળી દેખાય છે.'' ''હીંદી અને એશીઆટીક વસ્તી ઘણી મોટી છે તેમનાં હીતની વાત સામે આપણે તદન બેદરકાર નથી થઇ શકતા, અને હું ધારતો નથી કે તેમના તરફ બેદરકાર રહેવાનો પાર્લામેંટનો જરા પણ ઠરાવ હોય.' આ અને બીજા અનુભવેથી આપણે જોયું છે કે આપણી લડતની વીરૂદ્ધના મોટા મોટા અમલદાર તેમજ આગેવાનોએ પણ પોતાના વિચારો બદલ્યા છે અને હજુ પણ બદલાવશે તેનો ખરો કીમીયો એકજ છે. અને તે એ કે સાચને માટે અને સત્યથી લડવું.

ગીરમીટ કે ગુલામી?

ગીરમીટને લગતી બાબતમાં એવા ઘણા બનાવો બન્યા છે અને હાલ બને છે કે જે ઉપરથી કોઇ પણ માણસ કહી શકે કે ગીરમીટની રિત તે ખરેખરી ગુલામી છે. વેરૂલમમાં હમણાંજ એક જુલમી દાખલો બન્યો છે. સાના મી ચાર્લી જેકસન નામના જમીનદારને ત્યાં ઘણા હીંદી કામ કરે છે તેમાં એક મરદ અને એક ઓરત છે. આ દંપતિને એક [illegible] વરસનો છોકરો [illegible]. આ બાપને લાગ્યું કે પોતાના [illegible] [illegible] તે [illegible] પણ [illegible] નહીં. તે સાહેબ ના તે છોકરાને નિશાળે જતાં અટકાવી કામે જવાની ફરજ પાડી. છોકરાના માબાપે તો નિસ્ચય કર્યો હતો કે છોકરાને કંઇ કેળવણી તો આપવીજ. તેથી પોતાના છોકરાને કામે જવાની મના કરી. ગોરા સાહેબે ગુસ્સે થઇ તે છોકરાને કોરટમાં ઘસડયો. તે છોકરાની ગીરમીટ છતાં પણ કામ કરવા ના પાડી એવો આરોપ તેના પર મુકવામાં આવ્યો છોકરાનો બચાવ કરવા મી. ઘીટર હાજર થયા હતા પણ મી. જેક્સનને છોકરા પર મુકેલા આરોપની પુરતી સાબીતી મળે તે માટે કેસ મુલતવી રાખવામાં આવ્યો હતો. એમ જણાય છે કે મા બાપની ગીરમીટના ખત ઉપર તે છોકરાની સંમતિની સહી હતી તે મુદ્દા ઉપર મી. જેક્સને આ બધી ધમાલ કરી. જ્યારે ખબર પડી કે એ પુરાવો નકામો છે ત્યારે મુદતને દિવસે કોરટમાં કેસ ચાલતાં મી જેક્સન હાજર થયા નહીં. અને આમ આડકતરી રિતે પોતે સ્વીકારયું કે તે છોકરાને નિશાળે જતાં અટકાવવાની, જબર કામે જવાની ફરજ પાડવાની પોતાને જરા પણ સત્તા ન હતી. આ એકજ કિસ્સો આપણી જાણમાં આવ્યો. તેથી બીજા એવા નહીં બનતા હોય એવું માનવાનું નથી. જે રિતમાં 'આવો જુલમ કરવાની તક મળી શકે તે રિતને ગુલામી સિવાય બીજું કશું નામ આપવું તે સુધારાની નહીં પણ કુધારાની નિશાની છે.

અગત્યની સુચના

મી. ગાંધીનો કાગળ

નીચેની સુચના બધા હીંદી ભાઇઓની જાણ માટે મી. ગાંધીએ આ છાપામાં મોકલી છે:

મેં સાંભળ્યું છે કે કેટલાક હીંદી ભાઇઓ પહેલી ગીરમીટ ખલાસ થયા પછી બીજી ગીરમીટ આપે છે. બધા ભાઇઓને ખબર હશે કે બીજી ગીરમીટ દેવાની બીલકુલ જરૂર નથી. પા. ૩ નો કર નીકળી ગયા પછી બીજી વખત ગીરમીટમાં પડવાનું કારણ રહેશે નહી તેથી કરીને આ લડત ચાલી છે તે દરમીયાન બીજી ગીરમીટ કબુલ કરી ગુલામી કબુલ નહીં કરે. જેમના હાથમાં આ છાપું નથી પહોંચતું અને જેઓ લખી વાંચી નથી જાણતા તેમને આ ખબર આપવાની દરેક ભણેલા માણસ પોતાની ફરજ સમજશે એમ હું ઉમેદ રાખું છું.

લી० મોહનદાસ કરમચંદ ગાંધી.

મી. ગાંધીની મુલાકાત

મી. ગાંધી હાલમાં પ્રીટોરીઆ છે. ત્યાં 'પ્રીટોરીઆ ન્યુસ' ના અધિપતિ મી. સ્ટેંટે તેમની મુલાકાત લીધી હતી. તેમાં મી. ગાંધીએ જણાવ્યું છે કે, રેલવેની હડતાલ ચાલી રહી છે તે દરમીયાન સત્યાગ્રહી લડત ફરીથી શરૂ કરીને સરકારને કંઇ મુસીબતમાં ન નાખ નહીં એવી હું મારા તરફની ખાત્રી આપું છું.

લડતના ખબરો

સત્યાગ્રહી મીસીઝ મહેતાબ છુટયાં

મારિત્સબરગની જેલના દરવાજા આગળ ગયે સોમવારે સવારે ૬ વાગ્યા પછી હીંદી ભાઇઓ અને બાઇઓ એકઠા થવા લાગ્યા હતા. સત્યાગ્રહી બાઇઓ મીસીઝ ફાતીમા શેખ મહેતાબ તથા તેમનાં વૃદ્ધ માતા હનીફા બીબી આ દિવસે છુટવાનાં હતાં. મી. બાવાત, ઇડનડેઇલવાળા મી એમ એમ. મહમદ, મી. પદમસીંગ, મી. ગાવસીંગ, મી એન. બી. નાયક, મી. ભાઇલાલ પટેલ અને બીજા ઘણા સ્થાનિક હીંદી ભાઇઓ આ બન્ને સત્યાગ્રહી બ્હેનોને લેવા તેમના છુટવાની વાટ જોઇ જેલ પાસે ઉભા હતા. ટોંગાટથી મી. જી. પી. ગાંધી અને ફીનીક્સથી બ્હેન જયાકુંવર પ્રાણજીવન મ્હેતા, મીસ ફાતીમા બાવાઝીર મીસીઝ રગુ ગોવીંદુ, મીસીઝ મગનલાલ ગાંધી, મીસ વેસ્ટ અને મી. મગનલાલ ગાંધી પણ આવેલા હતા. આશરે સાડા આઠને સુમારે જેલના દરવાજા ઉઘડયા અને આ બન્ને બહાદુર બાઇઓ બહાર નીકળી. તરત જ મીસીસ મગનલાલ ગાંધીએ બન્નેને ફુલના હાર પહેરાવી ગજરા અરપણ કરી વધાવી લીધા હતા. બાદ મારિત્સબરગ કમિટી તરફથી તઇયાર રાખેલી ઘોડા ગાડીમાં સત્યાગ્રહી બાઇઓને બેસાડી સભાસ્થાન તરફ ગાડી આસ્તે આસ્તે હંકારી જવામાં આવી હતી. સરઘસ લોંગ માર્કેટ સ્ટ્રીટમાંથી માર્કેટ સ્કવેરમાં થઇ ચરચ સ્ટ્રીટમાં દાખલ થયું હતું અને આશરે ૯ વાગ્યાને સુમારે મંદીરના ચોગાનમાં આવી પહોંચ્યું હતું. ત્યાં પણ કેટલીએક હીંદી તથા મદ્રાસી બાઇઓ સત્યાગ્રહી બ્હેનોને માન આપવા એકઠી થઇ હતી. તેમાં મીસીસ પદમસીંહ, મીસીઝ ચીન સામી નાઇડુ વગેરે મુખ્ય હતી. સભાનું કામ શરૂ થતાં મીસ કબ્વાલ મુડલેએ મારિત્સબરગ કમિટી તરફથી મીસીઝ શેખ મહેતાબ, અને તેમની માતાને ફુલના હારતોરા અરપણ કર્યા, તથા ઇડનડેઇલ ઇંડિઅન એસોસીએશન તરફથી મીસ ફાતીમા બાવાઝીરે બન્ને બાઇઓને હારતોરા અરપણ કર્યા હતા. ત્યાર પછી મી નાયક, ઇડનડેઇલ એસોસીએશનના પ્રતિનિધિ મી એમ એમ મહમદ, મી. પદમસી, મી. ચીનસામી નાઇડુ વગેરે ગ્રહસ્થોએ ભાષણો આપી સત્યાગ્રહી બાઇઓને માન આપ્યું હતું. મી. એમ. એમ. મહમદે જણાવ્યું હતું કે મીસીઝ શેખ મહેતાબ અને તેમનાં માતા જેવી ઘરડી હીંદી સ્ત્રીઓની આબરૂ સાચવવા જેલમાં પહોંચ્યાં તેથી મરદોને શરમાવાનું થયું છે. અને પડદો ફાડવામાં બેઇજ્જત માનનારા કેટલાક મુસલમાન બાઇઓને સમજવાનું છે કે હીંદી ઓરત પર, એટલે હીંદી ઓલાદ પર અને ખરૂં કહેતાં હીંદી ધર્મો પર બટ્ટો લગાડી સરકાર જે બેઇજ્જત આપી રહી છે તે સહન ન થાય તેવી હોવાથી જેલનાં દુઃખ ભોગવવાં એ આ બહાદુર બાઇઓએ આબરૂ ભરેલું માન્યું છે. મી. નાયકે અને મી. પદમસીંહે જણાવ્યું હતું કે હજી લડત પુરી થઇ નથી અને જ્યારે તે ફરી શરૂ થશે ત્યારે મીસીઝ શેખ મહેતાબનો દાખલો લઇ હીંદી બાઇઓ જેલ જવા નીકળી પડશે. મીસીઝ શેખ મહેતાબે પોતાને મળેલાં માન માટે આભાર માની હીંમત નહીં હારવા અને લડત છેવટ સુધી ચાલુ રાખવા કહ્યું હતું. [illegible] વાગ્યે સભા બરખાસ્ત થતાં સત્યાગ્રહી બાઇઓને તથા મહેમાનોને મીજબાની આપવા મી. એન બી. નાયક તથા મી. બી એમ. પટેલ લઇ ગયા હતા અને ૧૧ ને ૯૦ મીનીટની ગાડીમાં સહુને

ડરબન તરફ વિદાય

કરવામાં આવ્યા હતા. રસ્તામાં મી રૂસ્તમજી, ઇમામ સાહેબ અબ્દુલ કાદર બાવઝીર તથા મી એમ એમ. દીવાન માલવરન સ્ટેશન સુધી આવી સત્યાગ્રહી બાઇઓને મળ્યા હતા, અને મી રૂસ્તમજીએ નાતાલ જરથોસ્તી અંજુમન તરફથી મીસીઝ શેખ મહેતાબ તથા તેમના માતાને ફુલના હાર પહેરાવી ગજરા અરપણ કર્યા અને તેમની દેશદાઝ તથા હીંમત માટે તેઓને ધન્યવાદ આપ્યો હતો. સાંજે પાંચ વાગ્યે બધાં ડરબન આવી પહોંચ્યા હતા સેંટ્રલ સ્ટેશને આ બન્ને બાઇઓને વધાવી લેવા હીંદી બાઇઓની ઠઠ જામી હતી. સ્ટેશનની બહાર નીકળતાંજ તેઓની પર ફુલની વૃષ્ટી કરવામાં આવી હતી અને નાતાલ ઇંડિયન એસોસીએશન તથા ક્રીસચ્યન વીમેન્સ, એસોસીએશન તરફથી ફુલના હારતોરા તેમને અરપણ કરવામાં આવ્યા હતા. પછી હુરરેના પોકારો વચ્ચે ત્યાં તઇયાર રાખેલી ઘોડા ગાડીમાં તેમને બેસાડી પાઇન સ્ટ્રીટમાં થઇ ફીલ્ડ સ્ટ્રીટમાં મી રૂસ્તમજીના મકાન પર સરઘસ પહોંચ્યું હતું. ત્યાં

નાતાલ ઇંડીઅન એસોસીએશન તરફથી આવકાર

આપનારા ભાષણો થયા હતાં. મેસરસ ઇમામ અબ્દુલ કાદર બાવાઝીર, પબી નાઇડુ, પી. કે. નાઇડુ, પારસી રૂસ્તમજી, એમ. એસ. એલ. પીલાઇ, મીસ મોલ્ટીનોએ ભાષણો આપ્યાં હતાં. તેમાં આ બે સત્યાગ્રહી બાઇઓની તારીફ કરી તેમનો દાખલો લેવા સહુને નસીહત કરવામાં આવી હતી. ભાષણકર્તાઓએ જણાવ્યું હતુ કે આ બે બાઇઓએ મુસલમાન કોમનું જ નહીં પણ આખા હીંદુસ્તાનનું નાક રાખવા જેલોનાં દુઃખો ભોગવ્યાં છે, હીંદુસ્તાનથી આવતી હીંદી ઓરતોને અહીં ઉતરતાં જે તકલીફ અને બેઇજ્જત ભોગવવી પડે છે તેનું દુઃખ તથા હીંદી સ્ત્રીઓને કાયદામાં રખાત તરીકે ગણવામાં આવેલ છે તેની નામોશી સહન કરવા કરતાં જેલનાં દુઃખો તેઓએ સહેલાં માન્યાં છે. 'જેલનું દુઃખ સહન નહીં થઇ શકે' એવી બ્હીક રાખનાર મરદોને તેઓએ શરમાવેલ છે. મી. જી. પી. ગાંધીએ સત્યાગ્રહી બાઇઓ વતી તેઓને મળેલાં માન માટે આભાર માન્યો અને તેમનાં કામની તારીફ કરનારા ભાઇઓ જાતે જેલ જઇ ખરી કદર કરશે એવાં મીસીઝ મહેતાબનાં વચનો હાજરીનને સંભળાવ્યા હતા. બાદ સભા બરખાસ્ત થઇ. અને આ બન્ને બાઇઓ મી. રૂસ્તમજીને ત્યાં નાસ્તા પાણી લઇ વિદાય થયાં હતાં.

ડરબનની જેલ

મી. પીઅરસન તા. ૯ તથા ૧૦ મી શનીવારે ડરબનની જેલમાં સત્યાગ્રહી કેદીઓને મળવા ગયા હતા. પણ તેઓ કોઇ કેદીના સગા નથી એમ જણાવી તેમને મળવાની ના પાડવામાં આવી હતી. આ બાબતમાં તેમણે ડાયરેક્ટરને લખેલું છે. મી. પીઅરસન જણાવે છે કે અમલદારોએ બતાવેલું વર્તણ ઘણું અસંતોષકારક હતું.

મીસ શ્લેશીનને મી. મણીલાલ ગાંધી, મી. પ્રાગજી દેસાઇ અને બીજા સત્યાગ્રહી કેદીઓને ડરબન જેલમાં મુલાકાત લેવાની ના પાડવામાં આવી હતી. તે બાબતમાં ડાયરેક્ટર તરફથી જવાબ આવ્યો છે કે સુપ્રીન્ટેન્ડેન્ટ તેમને હવે મુલાકાત લેવા દેવાનો [illegible]

39

ડરબન જેલમાં હુંગર સ્ટ્રાઇક

જેલના ખરાબ વરતન તથા ખરાબ ઘી વીગેરે સામે મેસ રસ દેશાઇ, મેડ તથા મણીલાલ ગાંધીએ શનીવાર તા. ૩ થી અપવાસ કરેલા. આ બાબતની ખબર પડતાં મી. પોલાકે કોલોનીઅલ સેક્રેટરીને તારથી ખબર આપેલા કે ગયા શનીવારથી ડરબન જેલમાં કેટલાક સત્યાગ્રહી કેદીઓ અપવાસ કરે છે એવા ખબર નાતાલ ઇંડીઅન એસોસીએશનને મળેલા છે. તેઓ ચરબી વગરનું ઘી માગે છે. ચરબીવાળું ઘી ખાવાથી ધરમનો બાધ આવે છે. મોજાં અને સેંડલને માટે તેઓ ટેવાએલાં છે. તંદુરસ્તીને ખાતર તેમને મળવા જોઇએ. કાળા અને ગોરા દરોગા 'કુલી' કહી તેમનું અપમાન કરે છે. તેવું અપમાન થતું બંધ થાય એમ તેઓની માગણી છે. એસોસીએશન પ્રધાનને વચ્ચે પડવાની અને અપવાસથી થતા ભયંકર પરિણામો અટકાવવાની આતુરતા પુરવક માગણી કરે છે. સ્થાનિક અમલદારો તરફથી દાદ નહીં મળી ત્યારે તેમને આ પગલું ભરવાની જરૂર પડી.

આના જવાબમાં ન્યાયખાતાના પ્રધાન તરફથી નીચે મુજબ જવાબ મળ્યો છે: "તમારો તાર મળ્યો. જેલ સુપ્રીન્ટેન્ડન્ટ ખબર આપે છે કે હીંદી કેદીઓએ હવે અપવાસ છોડ્યા છે. પ્રધાન તમને જણાવે છે કે બીજી જાતનું માગેલું ઘી આ અપવાસ શરૂ કર્યા પહેલાં આપવાની સત્તા આપવામાં આવી હતી. ડાક્ટરને વાજબી જણાય તેમ સેંડલ અને મોજાં આપવામાં આવ્યા છે અને કાંઇ તકલીફ પડી હોય એવું મુલાકાત લેનાર માજીસ્ટ્રેટના જોવામાં આવ્યું નથી. પ્રધાને તપાસ કરાવી છે અને માલુમ પડ્યું છે કે જે શબ્દથી હીંદી કેદીઓને બોલાવવામાં આવે છે તે અપમાન કરવાના ઇરાદાથી વપરાએલો નથી."

અમને ખબર મળ્યા છે કે હવે ડરબન જેલમાં સારૂં ઘી મળવા લાગ્યું છે, મોજાં તથા સેંડલ સત્યાગ્રહી કેદીઓને આપ્યાં છે અને 'કુલી' શબ્દ વપરાતો બંધ થયો છે, રગી નેટીવ દરોગાઓ પાસેથી લાકડીઓ પણ લઇ લેવામાં આવ્યાના ખબર અમને મળ્યા છે. જેલના અમલદારો પહેલેથીજ ન્યાય આપત તો આટલી ફરીયાદ અને સત્યાગ્રહીઓને ૭ સાત દિવસના અપવાસ કરવા પડ્યું ન રહેત.

પીટર્મારિત્ઝબર્ગ જેલ

મી. આકુન ગયે સોમવારે છુટયા હતા. વત્સલ...ને યાદ હશે કે તેઓ મીસીસ શેખ મહેતાબ સાથે જેલ ગયા હતા. તેમને થોડા રોજ થયા બીજા સત્યાગ્રહી કેદીઓ સાથે પોઇંટની જેલમાં લઇ જવામાં આવેલા. ત્યાં જેલીઓ ઉપર સખ્તાઇ ગુજારવામાં આવે છે એમ તેઓ ખબર આપે છે. કેદીઓને નીમક મળતું નથી. રવીવારે મસાલો આપવાના વારો છે તે નથી આપવામાં આવતો અને કોઇને ન્હાવાનું પણ નથી મળતું એમ તેઓ ફરીયાદ કરે છે. સેંટ્રલ જેલમાંથી કેદીઓને ૧૧ વાગ્યા પહેલા છોડવામાં આવે છે. પણ પોઇંટ જેલમાંથી મી. આકુનને બપોરના બે વગ્યા બાદ છોડવામાં આવ્યા હતા.

ડરબન જેલમાંથી લગભગ બધા સત્યાગ્રહી કેદીઓને પોઇંટ જેલમાં લઇ ગયા છે. ત્યાં તેમની મુલાકાત લેવાનો દીવસ બુધવારનો છે.

મારિત્સબર્ગ

અહીંના હીંદી વતનીઓની એક સભા બાજુ પહેલાં અને

બીજા ચાર સત્યાગ્રહીઓ તા. ૯મીએ છુટયા તેમને માન આપવાને રવિવારે મળી હતી. લગભગ પાંચસોથી છસો ભાઇઓ હાજર હતા. ડરબનથી પ્રીટોરીઆ જવાની મારચ શરૂ થાય તો તેને માટે તઇઆરી છે એમ કહી તેમણે ભારે ઉત્સાહ બતાવ્યો હતો. મી. સી. ઓ. આર. પીલાઇ પોતાના ભાષણમાં જેલ જવાની ઇચ્છા બતાવી હતી.

સત્યાગ્રહી હરબતસીંહની દહનક્રિયા

મરહુમ હરબતસીંહનો મૃતદેહ મેળવવા એસોસીએશનને ન્યાયખાતાના પ્રધાન તરફથી પરવાનગી મળી જતાં ગયે ગુરૂવારે સવારે કોંગેલા આગળ આવેલા સ્ટેલરવીલાના કબર સ્તાનમાંથી શબ મેળવીને તેને ગાડીમાં મુકી સ્મશાન તરફ કાઢી જવામાં આવ્યું હતું. કબરસ્તાન આગળથી સ્મશાને લઇ ગાડી ધીમી ચાલે વેસ્ટ સ્ટ્રીટ ગ્રે સ્ટ્રીટપર થઇ અમગેની રોડ પર આવી હતી. મરહુમના માનમાં નાતાલ અને ટ્રાન્સવાલ એસોસીએશન, જરથોસ્ત અંજુમન, મી. પોલાક, મી. પીવરસન વગેરે તરફથી ફુલના હાર તોરા મોકલેલા તે કફન પર પાથરવામાં આવેલા. ગાડી પાછળ જાણીતા સત્યાગ્રહીઓ મી. પોલાક, મી. રૂસ્તમજી, મી. ઇમામ અબ્દુલ કાદર બાવાઝીર, મી થમ્બી નાયડુ મી બદી તેમજ જુદી જુદી કોમના આગેવાનો હાજર હતા. તેમાં શ્રીયુત અંબારામ મહારાજ મી. એ. જી. ટીપનીસ, મી. મોતીલાલ દિવાન, મી. શીવલાલ શશાહ, મી. જીવણજી, મી. સોરાબજી રૂસ્તમજી, મી. મુસા મદારી, મી. એ. ક્રીસ્ટોફર વગેરે હતા. હીંદુસ્તાનથી આવેલા પરોણા મી. ડબલ્યુ. ડબલ્યુ. પીઅરસન તેમજ મી. વેસ્ટ, મીસ. શ્લેસીન, મી. આઇઝેક પણ શરૂથી ચાલેલ હતા. પાવદસ્તા જેમ જેમ આગળ વધતું ગયું તેમ તેમ હીંદી ભાઇઓ મરનાર સત્યાગ્રહીને માન આપવા તથા તેમની તરફ લાગણી દર્શાવવા પાછળ ચાલનારાઓમાં ભળતા જતા હતા. અને ટુંક મુદતની ખબર છતાં ગાડી સ્મશાન સુધી ચાલવામાં ઘણા ભાઇઓનો સમુહ એકઠો થયો હતો. સ્મશાને પહોચતાં શબને ટીનની રેવેલી પેટીમાંથી કાઢી ચીતા પર ચઢાવવામાં આવ્યુ અને વિધિ પુરવક ઘી, કપુર, મુખક વગેરે સુગંધી પદાર્થોથી અગ્ની પ્રગટાવી મરહુમની દહનક્રિયા કરવામાં આવી હતી. અને અમર હરબતને હીંદુ મુસલમાન પારસી અને ખરીસ્તી એમ બધી હીંદી કોમના પ્રતિનિધિઓએ માન આપી પંચભુતમાં તેના દેહને વીલીન કરી દીધો હતો.

સર બેંજામીન રોબરટસન

સરકારી ગન બોટ 'હારડીંગ' હીંદુસ્તાનથી ૧૦ દીવસમાં ડરબન આવી પહોંચી છે. અને તેમાં સર બેંજામીન રોબરટસન તેમના ખાનગી સેક્રેટરી મી. એસ. એચ. સ્લેટર આઇ સી એસ. સાથે આવ્યા, તે રવીવારે સવારે ડરબનને કીનારે ઉતર્યા છે. તેમને લેવાને ચીફ માજીસ્ટ્રેટ મી બીન્સ, મી પોલાક, મી. રૂસ્તમજી, મી ઇમામ અબ્દુલ કાદર તથા બીજા કેટલાક હીંદી આગેવાનો બંદર ઉપર ગયા હતા. તેમણે ઉતારો મરીન હોટેલમાં રાખ્યો છે સોમવારે મી. પીઅરસન, મી પોલાક તથા મી. કેલનબેક તેમની મુલાકાત લીધી હતી. તેમની સાથે બાબુ રાય બહાદુર સરકાર ... બંગાલા ગવર્મેન્ટ પણ આવેલ છે.

હીંદ-ગોરા ખેરાઓ

'ઇન્ડીઆ' પત્રનું જણાવવું છે કે સર હેનરી કોટને તા. ૬

ટી ડીસેમ્બરે લૉર્ડ ક્રૂની મુલાકાત લીધી હતી. જે વખતે દક્ષીણ આફ્રીકાના સવાલ વીષે ચરચા કરી હતી.

સર વીલ્યમ વેડરબર્ને 'ડેલી ન્યુઝ અને લીડર'માં પત્ર લખ્યો છે કે ૧૯૧૩-૧૪ના ખરચના અંદાજના આંકડા ઉપરથી હું જોઉં છું કે વારસીક પા. ૬૩૩,૫૦૦ના ખરચે ૬૮૮૮ માણસનું બ્રીટીશ લશ્કર દક્ષીણ આફ્રીકામાં રહે છે. સ્વરાજ ભોગવતા કોલોનીને માટે આ દેશના કર ભરનારાઓ આટલો ખરચ શા માટે ઉઠાવે તેની મને ખબર પડતી નથી. આફ્રીકાને કોઇ દુશ્મનની ધાસ્તી નથી, એટલે આ લશ્કરનું કામ સંસ્થાનની અંદરની કારભારમાં શાન્તિ રાખવાનું છે. આનો અરથ એ થયો કે કોલોનીઅલ સરકાર વડી સરકારના લશ્કરની મદદથી પોતાના દેશમાંથી જુદા જુદા વરણની પ્રજા તરફ પોતાની મરજી મુજબ વરતી શકે. ગુલામી અથવા ચાંથીઆપણાના ધોરણ ઉપર કોઇ સંસ્થાનનો પાયો રચાયેલો હોય તો તે પ્રજાની ગણનામાંથી બાતલ થાય. બ્રીટીશ પ્રજાના સીદ્ધાંત મુજબ ન્યાયસર જે સંસ્થાન રાજ્ય કારભાર ચલાવવા ના પાડતું હોય તેને સામરાજ્યનો લાભ કદી ન મળવો જોઇએ. હીંદુસ્થાનમાં ૮૦ હજાર જેટલું લશ્કર રહે છે અને તેનો લાખો પાઉંડનો ખરચ હીંદ આપે એ હીંદ કરતાં દક્ષીણ આફ્રીકાને વધારે લાભ શા માટે મળે તેનું કારણ દક્ષીણ આફ્રીકાએ બતાવવું ઘટે છે. એટલું તો ચોકસ છે કે ત્યાં હીંદી તરફના વરતનથી સામરાજ્યનું હીત તો જળવાતુંજ નથી.

વધુ સત્યાગ્રહી જેલમાં

પાઇનટાઉન આગળ મી. ઇમામ અબદુલ કાદર બાવાઝીરે બીજ ઉપર રાખેલા ન્યુ જરમનીવાળા સત્યાગ્રહી કેમ્પમાં રહેવા જતાં જે ૭૬ સત્યાગ્રહીઓ પકડાયા હતા તેઓ ૭ દીવસની જેલ પુરી કરી છુટયા એટલે તેમને પ્રોટેક્ટરની ઓફીસે લઇ જવામાં આવેલા, અને ત્યાંથી કેટલાકને પોતપોતાની કોઠીમાં કામ ઉપર મોકલ્યા. શનીવારે બાકીમાંના ૧૩ માણસો જે અવોકામાં હેરીસન બ્રધર્સની શીરમીટમાં હતા તેઓના પર કામ ઉપર નહીં જવા માટે કામ ચલાવ્યું. તેમણે જણાવ્યું કે હડતાલ વખતે તેમના તરફ ખરાબ વરતન ચલાવવામાં આવ્યું હતું. તેમણે પ્રોટેક્ટર પાસેથી મદદ માગી પણ મળી નહીં. માજીસ્ટ્રેટ મી. ગીબ્સને કહ્યું કે તેમને માટે પોતાને દીલસોજી ન હતી. તેઓએ કામ ઉપર ચડવું જ જોઇએ. એક માણસને ૨૦ અને બીજા બધાને ૧૪ દીવસની સખત મજુરીની જેલ મળી છે. ત્રણ માણસો જે નાતાલ એસ્ટેટના હતા તેમને ૧૪ દીવસની અને એકને ૭ દીવસની જેલ મળી. અમ્બોડી વેલી શુગર કુ.ના બે માણસોને તથા આર. જે. ચીક્સ એસ્ટેટ (અમમેની)ના એક માણસને ૧૪ દીવસની સખત મજુરીની જેલ મળી. અમમેનીવાળા માણસે કહ્યું કે ફાંસીએ ચડાવે તો પણ તે ફરીથી તે જગ્યાએ કામે નહીં જાય.

'માંચેસ્ટર ગારડીઅન'

ઇંગ્લાંડનું 'માન્ચેસ્ટર ગાર્ડીઅન' કમીશન વિષે લખે છે કે આ કમીશને પોતાની તપાસ અમુક સવાલોમાંજ ચલવવાની હદ બાંધવી જોઇએ નહીં પણ દક્ષીણ આફ્રીકાના હીંદીઓની સઘળી તકલીફોની તપાસ કરવી જોઇએ. તેમાં હીંદી કોમ તરફથી કોઇ સભાસદ નથી એ ઠીક નથી થયું; તેમ છતાં હીંદી કોમ તરફથી પ્રતિનીધી તેમાં હાજર હોવો જોઇએ. વળી તે કમીશન જ્યાં સુધી નીચલી ત્રણ બાબતોનું નિરાકરણ ન કરે ત્યાં સુધી સંતોષ થાય તેમ નથી.

૧ હીંદીઓ ઉપરની નિરદય અને જુલમી વરતણુક

૨ ૧૯૧૧ની સાલમાં જનરલ સ્મટસે હીંદી કોમને જે વચન આપેલું તે પાળવા જેવી રીતનું નવું ઇમીગ્રેશન બીલ છે કે નહીં

૩ યુનીઅન સરકાર યુનીઅનમાં હીંદી પ્રજા તરફ કેવા મુદ્દાઓથી વરતવા ઇચ્છે છે?

પરાઇ સરકાર જો હીંદી પ્રજા તરફ જુલમ ચલાવે તો તેને તેમાંથી છોડાવવાનો ઇંગ્લાંડને હક છે. તો પછી યુનીઅન સરકાર શહેનશાહતનો હક કબુલ ન રાખે તો ખરેખર શહેનશાહતનું કારસ થાય. ઇમીગ્રેશન બીલ હીંદીઓની સંમતિ વિના પસાર કરી જે મુશ્કેલીઓ ઉભી કરી છે તેમાં હોમ ગવર્નમેંટનો પણ વાંક છે, એમ જણાવી તે છાપું જણાવે છે કે હોમ ગવર્નમેંટે હવે યુનીઅન સરકારને એમ કહેવું જોઇએ કે "તમારી ઇચ્છા હોય તો આ લોકોને તમારા દેશની બહાર રાખો. પણ જ્યારે તમે તેમને તમારા દેશમાં રાખેલા છે ત્યારે તેઓ તરફ ન્યાયી વરતન ચલવવામાં આવવું જોઇએ. તેઓને અમુક તમાજીક હકો આપવા જોઇએ. તેઓની ધાર્મીક અને સમાજીક લાગણીઓને માન આપવું જોઇએ. વળી તમે તેમને હમણાંજ રાજકીય હકો આપો એવી અમારી માગણી નથી તેમ છતાં ભવિષ્યમાં તેઓને રાજકીય હકો પણ મળે તે રીતનું ધોરણ તમારે તેમની સાથે રાખવું જોઇએ."

મી. માર્શલ કેમ્પબેલ અને મી. ગાંધી

તેમના વચ્ચેનો પત્ર વહેવાર

[ગયા અંકથી ચાલુ]

મી. ગાંધીનો જવાબ

વહાલા મી માર્શલ કેમ્પબેલ,—તમારા તા. ૩૦'ના પત્રથી અને તેમાં તમે નીખાલસ દીલથી જે લાગણીઓ બતાવી છે તેથી હું તમારો ઘણો આભારી છું. મને લાગે છે કે હાલની ચળવળથી મારી અને મારા મિત્રો વચ્ચે એક ભારે ફાડ પડી છે. કાળે કરીને અને ભવિષ્યની મારી વરતણુક એક સરખી રહેશે તો તે ફાડ પાછી સંધાઈ જશે. હું તમને એટલીજ ખાતરી આપી શકું કે ટંટા ફીસાદને ઉત્તેજન આપ્યું હોય અગર તેવી સલાહ આપી હોય એવો કોઇ પણ મારો સાથી હોય એની મને ખબર નથી. ભયંકર ઉશ્કેરણીના વખતમાં પણ તોફાની રસ્તો અખત્યાર ન કરવો એ સત્યાગ્રહનો એક સિદ્ધાંત છે. મી. ગોખલેએ અગર તો હીંદી કમીટીએ તમારું આમંત્રણ સ્વીકારયું, તેથી અમે અમારી સામાજીક ફરજમાંથી પાછા પડીએ એમ તો નજ બની શકે.

હડતાલ અને જેલમાં જવાના પ્રયાસો, એ બધું કંઇ ગીરમીટીયા હીંદી ઉપર જે જુલમ ગુજરે છે તેની સામે નાપસંદગી બતાવવાની ખાતર નથી; પણ હીંદુસ્તાનના મહાન એચંચીને, સરકારે ત્રણ પાઉંડનો કર નાબુદ કરવા બાબતમાં વિશ્વાસઘાત કર્યો તેથી, અને આખી દુનિયામાં ધીક્કારને પાત્ર નીવડેલ એવા તે ઘાતકી કરને નીભાવી રાખવાના સરકારના કારયથી તે સરવ નીપજવા પામ્યું છે. સત્યાગ્રહ કે જેને તમે અતિશય વખોડી નાખ્યો છે તે અમારાં ઢું [illegible] ૮ વરસ ખાતર ત્રણ છ વરસથી અમારું હથીયાર થઇ પડેલ છે. અને જ્યારે જ્યારે અમે તેને વાપરવાનું શરૂ કરયું છે ત્યારે

સારે તમેજ જેવી રીતે તેને માટે ધિક્કારના ઉદ્ગાર કહાડયા છે તેવીજ રીતે તેને વખોડી કહાડવામાં આવતું, પણ જે માણસોએ વધુ વિચાર કર્યો છે, તેઓએ ધીમે ધીમે અમારા હથીયારને ન્યાયી હથીયાર ગણ્યું છે. ઘણે ભાગે તો તે જે દુઃખોના નિવારણ માટે વપરાયું છે તેમાં ફતેહ મળી છે. આ સમયે તેણે ભારે રૂપ પકડયું. આ વખતે તેણે અતી કઠણ અને ઘણા વિસ્તારમાં દુઃખ ઉપજાવ્યું છે, અને તેથી કરીને જે લોકોને તે કૃર સાથે સંબંધ હતો તેમણે ભારે ગુસ્સાની લાગણી દરસાવી. એવી આશા છે કે, ઘણા લાંબા વિચાર પછી જે માગણીઓ સરકાર તરફ મોકલી છે તેનો નિરણય કરવામાં સરકાર પોતાની મરજી પ્રમાણે કરવા કરતાં ન્યાય અને ડહાપણથી કામ લેશે. જો તેથી ઉલટું થાય, અને સરકાર અમારી પ્રારથનાનો અસ્વીકાર કરે તો સત્યાગ્રહ ચાલુ થવાનો એ ચોક્કસ છે. હીંદી કોમને જેઓ હાલ દોરી રહ્યા છે તેમણે લીધેલો રસ્તો ડહાપણ ભરેલો છે કે નહીં તે તો ભવીષ્યની પ્રજાજ કહી શકશે.

મારશલ કેમ્પબેલનો પત્ર

વ્હાલા મી. ગાંધી,—તા. ૧ લીના તમારા પત્રથી અને બધો પત્ર વહેવાર જાહેર છાપાઓમાં મોકલવાની રજા આપી તેથી હું તમારો ઘણો આભારી છું.

એક અગર બે બાબતોમાંજ તમારા પત્રનો જવાબ મારે આપવાનો છે.

૧ ટંટા રીસાદને ઉત્તેજન આપ્યું હોય અગર તો તેવી સલાહ આપી હોય એવો કોઈ તમારો સાથી ન હોય એવું તમે ખાત્રીપુરવક જણાવો છો. પણ તે સાથે એટલું પણ ખરું છે કે તેમાંના ઘણાએ જબરજસ્તીનો છુટથી ઉપયોગ કર્યો છે. આ ઉપરથી મને ખાત્રી થાય છે કે આ લડત સત્યાગ્રહની નથી; અને તેનું જોર એટલું વધી ગયું છે કે તમે તેની લગામ કબજે રાખી શકયા નથી.

૨ ગીરમીટીયા હીંદિ તરફ જે વરતણુક ચલાવવામાં આવે છે તેની સામે નાપસંદગી બતાવવાને ખાતર હાલની હડતાલ નથી એવુ જાણી હું ખુશી થયો. પણ હીંદી આગેવાનો એમ કહેતા જણાય છે કે હડતાલનુ મુખ્ય કારણ તો દક્ષિણ આફ્રીકાના હીંદીઓની ગુલામી સ્થિતિ હોવાનેજ છે

૩ નવુ પાઉન્ડનો કર જારેન લ લેવાતા આ લડતથી જુસ્સો ફરી નીકળ્યો છે તેથી હુ આ રીતે તમને લખું છુ એમ તમારા લખાણથી જણાય છે. પરન્તુ આ બાબતમાં હુ તમને ખાત્રી આપું છુ કે પાઉન્ડના નુકશાનીના સવાલ ઉપરથી મને જરા પણ અસર થઇ નથી.

જો મને લાગશે કે તમારી ફીલસુફી ડહાપણ ભરેલી છે અને તેથી ગીરમીટવાળા હીંદી, કોલોનીમાં જન્મેલા હીંદી અને મહેનતુ વેપારી કે જેને અહીં આવવાનું પ્રથમ ઉત્તેજન અમે આપેલું છે તેમને લાભ થતો હોય એવુ જણાય તો આ વખતે મારે જે કાંઇ નુકસાન થયું છે અગર થાય તે કરતા પણ ઘણું વધારે નુકસાન ઉઠાવવાને હું તઇયાર છુ.

દાન્નીઆના... મી. એમ. બી. ડનરે લખે છે કે મી કેલનબેક તા ૪ થી સવારે આ... જેલમાં સત્યાગ્રહીઓને મળવા આવ્યા હતા આસએપ મી મુલ્લાને ત્યા મીટીંગ થઇ હતી. જેમાં મી કેલનબેક લડતના ખબરો વિષે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ... તેઓ ... અહીંના ... હીંદી ... હાજર થયા હતા.

મી. દેસાઇનો કેસ

મી પ્રાગજી ખંડુભાઇ દેસાઇને બીજા સત્યાગ્રહીઓ સાથે મારીત્સબરગથી નવેમ્બરની તા. ૨૭ મીએ ડરબનની જેલમાં લાવવામાં આવ્યા હતા. ત્રીજે દીવસથી જેલની તકલીફો સામે દાદ નહી મળવાથી તેમણે તથા બીજા સત્યાગ્રહીઓએ અપવાસો શરૂ કરેલા. અપવાસો શરૂ થયા તેજ દીવસથી પાચ સાત જાણીતા સત્યાગ્રહીઓને જુદા જુદા પુરી એક બીજાથી અલગ પાડી નાખેલા. તા. ૧લી ડીસેમ્બરની સવારે પોતાની બાકીટ સાફ કરવા તથા હાથ મોં ધોવા લઇ જતી વખતે એક નેટીવ વોરડર નામે પાસ્સાનાએ તેના ઉપર હુમલો કરેલો. આ વીષેનો કેસ ગયા સોમવારે ડરબનની ફોજદારી કોરટમાં ચાલ્યો હતો. પ્રોસીકયુશન તરફથી સારજંટ મેલીન્સન હતા. કેસની તપાસને માટે મી. પોલાક પણ હાજર હતા. બચાવ તરફથી મી. રેનો હતા.

મી. દેસાઇ ઉપર હુમલો થયો તેને આગલે દીવસથી તેને એક કોટડીમાં એકલા પુરેલા અને કેદીઓ સામે ચાલી રહેલી ગેરવરતણુક સામે દાદ મેળવવા માટે જે અપવાસો (હંગર-સ્ટ્રાઇક) શરૂ થયા હતા તેમાં મી. દેસાઇને પુરા બે દીવસના અપવાસ થયા હતા. મી. દેસાઈ બાકીટ સાફ કરી હાથ મોં ધોવા જતા હતા તેવાજ એક ગોરા દરોગાએ પ્રથમ કાંઈ પણ બોલ્યા ચાલ્યા વગર ધકકો માર્યો અને નાવાની કોટડીમાંથી બહાર કાઢયા. મી. દેસાઇએ ધકો નહીં મારવાનું ગોરા દરોગાને કહ્યું. તેટલામાં એક મુખ્ય દરોગો આવ્યો અને તેણે ગાળ આપી ધકકો માર્યો તે મુખ્યને મી. દેસાઇએ પોતાને હાથ મોં ધોવાના છે એમ કહ્યું પણ તેણે સાંભળ્યું નહીં. અને એક બીજો મુખ્ય વોરડર આવી ધકો મારી તેને બ્લોક તરફ લઇ ગયો. આ ધકાથી તે પડી ગયા અને સાથળ ઉપર તેમને ઇજા થઇ. મી. દેસાઈ પડેલા ત્યાંથી થોડે ઘસડીને તેની કોટડીમાં તેને લઇ ગયા અને બપોરે એક વાગે મલમ પટી થયા. ત્યાં સુધી મી દેસાઇ દરદથી પીડાતા રહ્યા બીજે દિવસ ઇસ્પીતાલમાં દાખલ થયા અને ત્યાં ૧૧ દિવસ ડાકટરની સારવાર નીચે રહ્યા. ઉલટપાલટ તપાસમાં જણાવ્યું કે ઇનસાફ મેળવવાની ખાતર અપવાસો કરી મારી જાતને દુઃખ આપવાનું મેં શરૂ કરયું હતું. મે સાડા ચાર દિવસ અપવાસો કર્યા હાલ ફરીને મેં બે દિવસ થયાં અપવાસ શરૂ કર્યા છે અને તે વખત હુ આજ છું તેના કરતા નબળો ન હતો. મેં બાકીટ ઉપાડવાની ના પાડેલી નહિ. મુખ્ય દરોગાએ મારી બાકીટ ઉપાડેલી તે તેની ભુલ. મે તેને ઉપાડવાનું કહ્યું ન હતું. બાદ મી. રેનોએ સવાલો પુછ્યા જેમાં તે એમ બતાવવા માગતા હતા કે મી. દેસાઇએ જેલના અમલદારોની ધીરજની ઘણી કસોટી કરાવી અને તે જાણીને તકલીફ શોધતા હતા.

મી ડાયરે જુબાની આપી કે ફરીયાદીને પેની જેવડા બે જખમ થયેલા તેને આચકો લાગ્યો હોય એવી નિશાની નહીં જણાઇ મી. છગનલાલ ગાંધી આ બનાવ બન્યો તે દિવસે જેલના ઇસ્પીતાલમા હતા તેના કોટડીની બારીમાંથી મી. દેસાઇપર થતો હુમલો તેણે જોયેલો. તે મુજબ તેણે સાક્ષી આપી

...ડરે ... જણાવ્યું કે ફરીયાદીએ પોતાની બાકીટ ... ઉઠાવી ... તેને બાકીટ ઉઠાવવા કહ્યું. તહોમતદારે 'ડીસીપ્લીન' જાળવવા ખાતર જરૂર કરતા

વધારે જોર નહીં વાપરેલું. જબરદસ્તી તો તેણે કરીજ નહોતી. તેની જગ્યાએ હું હત તો પણ તેમજ કરત

મી. વેલડર ડીવીસે કહ્યું કે તે દિવસે જેલમાં ૭૭૦ કેદી હતા. કેદીને મોઢું પીવા લઇ જતાં કથા પ્રમાણે ન કરે તો જરૂર પડતું જોર વાપરવું પડે. ફરીયાદીએ ઘણીજ તકલીફ આપવા મહેનત કરેલી હુકમ ઉઠાવવામાં તે ઢીલ કરે છે અને જ્યારે કાંઇ કહેવામાં આવતું ત્યારે દલીલ કરવાનું શરૂ કરે છે. આવતાંજ તેણે તકલીફ આપવા માંડી. તહોમતદાર પારસ્લાનાએ કહ્યું કે હું ૭ માસ થયા જેલની નોકરીમાં છું. તા. ૧ ડીસેમ્બરે ફરીયાદીને હું બાકીટ સાફ કરાવવા લઇ ગયો. મોઢું ધોઇ બાકીટ લીધા વિના તેણે ચાલવા માંડ્યું. તેથી હું તેને બોલાવી લાવ્યો. આમ લાવતાં તે પડી ગયો એટલે હું તેને ઉઠાવી લઇ ગયો ઉઠાવ્યા પછી તે ચાલી શકેલ. બાજાટ કોઇ બીજાએ ઉપાડેલી. ફરી તપાસમાં તેણે જણાવ્યું કે ફરીયાદીના પગમાં ઘાસ ઉપરની લાકડીનો ઠેકો આવવાથી પડી ગયો. મેં તેને ધક્કો મારેલો નહીં.

વકિલ મી. રેનોએ ભાષણ આપતાં જણાવ્યું કે ફરીયાદીનો ઇરાદો તકલીફ ઉભી કરવાનો હતો. તેણે હુકમનો અનાદર કરી દલીલ કરી. આવી સ્થિતિ ચાલવા દેય તો ૮૦૦ કેદી ઓમા 'ડીસીપ્લીન' કેમ જાળવી શકાય? ફરીયાદી અમલદારો સાથે ટંટો ખોળવાના ઇરાદાથી જેલમાં ગયેલ અને આ કેસથી ફરીયાદી એમ બતાવવા માગે છે કે બીચારા ઓફીસરો સામે અમલદારો બહુજ ઘાતકીપણે વરતે છે. ફરીયાદી તકલીફ ખોળતો હતો જેના હું ખાત્રીપુરવક જાહેર કરું છું કે જરા પણ જબરદસ્તી વાપરવામાં આવી ન હતી

બાદ ન્યાયાધીશ મી ગીબસેને જણાવ્યું હતું કે 'ડીસીપ્લીન' જાળવવાના ખાતર જરૂર પડે તેના કરતાં વધારે જબરદસ્તી વપરાઇ નથી અને તેથી હું તહોમતદારને છોડી મુકું છું

પોરટ એલીઝાબેથ હીંદુ સંતસંગ ધરમ સભાના સેક્રેટરી મી. બી. આર. પલસાણીઆ લખે છે કે આ મંડળનો એક મેળાવડો થઇ તા. ૪ થીએ મી. દેવાભાઇ રતનજીના આશરા હેઠળ થયો હતો. ગ્રેહામ્સટાઉનથી આવનાર મી. નરસીંહ ભાઇ કલ્યાણજી તરફથી શી. ૫ તથા મી. મોરારભાઇ હરી ભાઇ તરફથી શી. ૪ સભાને ભેટ મળી હતી. સ્વદેશ જનાર મી. કાલીદાસ વલ્લભને સભા તરફથી માનપત્ર અરપણ કરવામાં આવ્યું હતું. અને જનાર ગ્રહસ્થે સભાને અદના ભેટ આપી હતી. મસીક ફંડ ઉઘરાવ્યા બાદ સભાને લગતું કામ થયું હતું બાદ સત્યાગ્રહની ચાલુ લડત તરફ પુરતી દીલસોજી ધરાવવામાં આવી હતી અને તે સંબંધી ફરીથી મદદ મોકલવાનો ઠરાવ થયા બાદ ઇશ્વર ઉચાર કરી સભા વિસરજન થઇ.

ડરબનથી સોની ગોપાલ મેરામલ લખે છે કે ફીલ્ડ સ્ટ્રીટ માં મી. નારણ હરિલી કંપનીમાં કામ કરનાર મી. ઇચ્છારામ તથા મી. ગોકુલ દેશ જવા રવાના થવાથી તેમની ન્યાતિના ઘણા ગ્રહસ્થો તથા શ્રીયુત અંબારામ મહારાજ તેમને સ્ટીમરે રવાના કરવા ગયા હતા. મી. નારણને ત્યાં દર રવિવારે થતા ભજનમાં સુરત રીતે આ બન્ને ભાઇ ભાગ લેતા. ધરમનાર ...ના પ્રસંગે ફીલમ પાઠશાળામાં ભણતી બાળીઓને આ ...તે મહા... તરફથી મીષ્ટાન ભોજન આપવામાં આવ્યું. ...ની ...ની કુરબાનતા લાવતા વખતના...એ ઇચ્છી હતી.

રેવરન્ડ સી. એફ. એન્ડરુઝ

રેવ. સી એફ એન્ડરુઝ જેઓ આવા કટોકટીના સમયમાં પોતાની અંતઃકરણની ઉંડી લાગણી દર્શાવવા અને દક્ષિણ આફ્રિકાના હીંદીઓનાં દુખો જાતે જોવા હીંદુસ્તાનના પ્રતિનિધિ તરીકે અહીં આવેલા છે તેમનો જન્મ સને ૧૮૭૧ના ફેબરૂઆરીની ૧૨ મી તારીખે થયો હતો. તેમનાં માબાપ અંગ્રેજ અને સ્કોચ કુટુંબમાંથી ઉતરી આવેલા છે. તેમનું કુટુંબ મોટું હોવાથી તે ગરીબીમાં ઉછરેલા. બરમીંગહામ ની હાઇસ્કુલ અને કેમ્બ્રીજની પાઠશાળામાં સ્કોલરશીપો મેળવીને તેમણે અભ્યાસ કર્યો હતો. ને ત્યાં તેણે સારી નામના મેળવી. થોડા વખતમાં જ કેમ્બ્રીજની એક પાઠશાળાના ફેલો નીમાયા. ત્યાં તથા લંડનમાં કેટલાક વરસો રહી તેણે મજુર વરગ સંબંધી અને સામાજીક સવાલો ઉપર ઉપયોગી અનુભવ લીધો. વચમાં તેની તબીયત સારી રીતે બગડેલી હતી. ખ્રીસ્તી સોશીઅલ યુનીયનના તે મુખ્ય સભાસદ હતા ૧૮૯૧ પછીથી તેમને હીંદુસ્તાન જવાની ઇચ્છા થઇ. દુનીઆના ધાર્મિક વિકાસમાં હીંદુસ્તાનના ઇતિહાસને અને ધરમને અગત્યનાં ગણીને તેમણે તેનો અભ્યાસ ખરા મનથી કરવા માંડ્યો. તેમણે ડરહામના એક ઉદાર દીલના પાદરી વેસ્ટકોટને પસંદ કર્યા. છેવટે કેમ્બ્રીજ પાઠશાળાનું મીશન જે દીલ્હીમાં બીશપ વેસ્ટકોટે સ્થાપ્યું હતું. ત્યાં સને ૧૯૦૪ માં ગયા. હીંદુસ્તાનમાં પણ તેની તબીયત લથડતી રહી. ૧૯૧૨ માં મી એન્ડરુઝ વિલાયતમાં હતા ત્યારે મી. ગોખલે સાથે દક્ષિણ આફ્રીકાના સવાલ સંબંધી તેમને વાત થઇ. મી. ગોખલે તેમના અંગત મીત્ર બન્યા. બંગાળી કવી રવીન્દ્રનાથ તાગોર જે તેમના ખાસ મીત્ર છે તેમની સાથે ઘણો વખત ગાળ્યો. સને ૧૯૧૩ નો ઘણો ભાગ તેમણે બોલપુરની શાન્તિ નિકેતન—રવિન્દ્રનાથ તાગોરના આશ્રમમાં કવિની ગેરહાજરીમાં ગાળ્યો અને તેમની શાળામાં મદદ કરી. પણ દક્ષિણ આફ્રીકા આવતા પહેલાં તેઓ ફરીથી મેલેરીયાથી પટકાઇ ગયા હતા. અને તેમાં વળી તોફાની દરીઆ પસાર કરવો પડ્યો, તેથી ફીનીક્સમાં મી. ગાંધી સાથે એક અઠવાડીયું શાંતિમાં ગાળવા ઇરાદો રાખ્યો. પરંતુ એક દીવસ ફીનીક્સમાં રહ્યા તેવામાં મી. ગાંધીને પ્રીટોરીઆ જવાનું થયું. એટલે મી એન્ડરુઝ પણ તેની સાથે તરતજ ચાલી નીકળ્યા

મી. એન્ડરુસે દીલ્હીની સ્ટીવનસન કોલેજમાં બંગાળી પ્રીનસીપાલ મી. એસ. કે. રુદ્રના હાથ નીચે પ્રોફેસર તરીકે રહી દશ વરસ ગાળ્યાં. તે હરીદ્વાર ગુરુકુળના સ્થાપક અને અધ્યાપક મહાત્મા લાલા મુનશી રામના અને બોલપુરના શાન્તિ નિકેતનના સ્થાપક અને અધ્યાપક ગુરુદેવ રવિન્દ્રનાથ તાગોરના ખાસ મિત્ર બન્યા છે. રવિન્દ્રનાથ તાગોરને માટે તેમનો સ્નેહ અને તેમની મિત્રતા "મોડરન રીવ્યુ" માં આવતા સંખ્યાબંધ લેખો અને ભાષણોદ્વારા દેખાઇ આવે છે. કવિ વિષે એક વ્યાખ્યાન તેમણે વાઇસરોય પાસે આપ્યું હતું અને આ રીતે હીંદુસ્તાનમાંના અંગ્રેજોમાં તેમને ઓળખાવ્યા અને હીંદુસ્થાનમાં તેમની કીર્તી વધારી રવિન્દ્રનાથ ટાગોરે મહાન 'કવિ તરીકે અંગ્રેજી સાહિત્યમાં ન ...મેળવીને પુરવ અને પશ્ચિમને એક બીજા પ્રત્યે માનની લાગણીથી જોવા કરવાની સ્થિતિ પ્રાપ્ત કરી છે. આ એક હકી...

કેળવયેલા ગોરાઓને સુદ્ધાં હીંદુસ્તાનની મહત્તાનું, નવું તત્વ આપ્યું છે આપણા મીજબાનના વિચારો બાબુ રવિન્દ્રનાથ ટાગોરના વિચારોને મળતા છે.

મી. ડબલ્યુ. ડબલ્યુ. પીઅરસન

આપણા મીજબાન મી. પીઅરસન ઓક્સફર્ડ યુનીવરસીટીના એમ. એ. અને બી. એસ. સી. છે. તેમની ઉમર ૩૨ વરસની છે, અને ૧૯૦૭માં ભવાનીપુરની લંડન મીશન કોલેજમાં વનસ્પતિશાસ્ત્ર અને અંગ્રેજીના પ્રોફેસર તરિકે નીમાયા. હીંદુસ્તાનમાં ચાર વરસ રહ્યા પછી તેમની તબીયત બગડી તેથી તે વીલાયત ગયા અને ત્યાં હીંદી વીદ્યાર્થીઓને કેળવણી સંબંધી સલાહ આપનાર મી. આરનોલ્ડના અંગત મદદનીશ બન્યા વીલાયતમાં બાબુ રવીન્દ્રનાથ ટાગોર જેમના વીષે તેમને બહુ માન અને સ્નેહ છે તેમની સાથે ઓળખાણ થઇ. બાબુએ તેમને પોતાના શાંતી નીકેતન આશરમમાં જોડાવા કહ્યું. તે તેમણે સ્વીકાર્યું પોતાના કામમાં વધારે મદદરૂપ થઇ પડે એટલે બંગાળી ભાષાનો અભ્યાસ કરયો. મી. પીઅરસન બોલપુરમાં પોતાનું કામ આ મહીનેજ શરૂ કરવાના હતા અને હીંદુસ્થાન પાછા ફરી તેમ કરવાની ઇચ્છા રાખે છે, દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓ તરફ ખરાબ વરતણુંક સામે ઓ. મી. ગોખલેએ જ્યારે દીલ્હીમાં મોટી સભા ભરી ભાષણ કરયું હતું તે વખતે ગોરા લોકો તરફથી તે બોલનારા હતા મી. પીઅરસને જ્યારે જાણ્યું કે મી. એન્ડરૂઝ દક્ષિણ આફ્રીકાના હિન્દી સવાલનો અભ્યાસ કરવા જાયછે, અને જ્યારે તેમને પોતાના મિત્રની નાદુરસ્ત તબીયતમાં મદદગાર થઇ પડવાને સારૂ જવા પુછવામાં આવ્યું ત્યારે પોતાનું કામ છોડી દેવામાં બીલકુલ અચકાયા નહીં અને એકદમ તઇયાર થઇ ગયા. મી. પીઅરસન મી. ગોખલેના અને હરિદ્વાર ગુરૂકુલવાળા લાલા મુનશીરામના. ઘાડા સબંધમાં આવેલા છે

હીંદુસ્તાનમાં ચરચા

ઠામ ઠામ સભાઓ

ભાવનગરની બાનુઓની એક જાહેર સભા તા. ૨૭ નવેમ્બરના રોજ મળી હતી ભાવનગરના માજીસ્ટ્રેટ મી વામન રાવનાં પત્ની પ્રમુખસ્થાને બેઠાં હતાં તેમણે દક્ષિણ આફ્રીકામાં હીંદીઓ તરફથી ભગાવવામાં આવતી સત્યાગ્રહની લડત વિષે વિવેચન કરયું હતું તેમને ભારતના ફંડમાં યથા શક્તિ મદદ કરવાને અરજ કરી હતી. સભામાં તે વેળા તુરતજ રૂ. ૭૫૦ જેટલી રકમ ભરાઇ ગઇ હતી.

ભાવનગર ખાતે પુરૂષોની સભા તા. ૩ ડીસેમ્બરે એ.લ બર્ટ વીક્ટર સ્કવેરના મંડપમાં શે. પ્રભાશંકર પટ્ટણી કરના પ્રમુખપણા નીચે મળી હતી. જે વખતે શે. મણીશંકર રતનજી ભટ, શે. ગુલાબરાય ગોવીન્દરામ દેસાઇ અને બીજા ગ્રહસ્થોએ ભાષણો કરતાં [illegible] કે મી ગાંધી [illegible] વાતનાં [illegible] ભાવનગર [illegible] તેર [illegible] કરી દે, પેરલે બીજાની [illegible] ને હવે [illegible] જે સંગીન ઈલાજ થાય છે તેમાં ભાવનગરની પ્રજાએ તો

દરાએ રૂ. ૨૦૦૦ ની રકમ ભરાયાનું પ્રમુખે સભામાં જાહેર કરયું હતું. તે ઉપરાંત તેજ વખતે સભામાં બીજી રૂ. ૫૦૦ ની રકમ થઇ હતી

વાંકાનેરથી એક ખબર પત્રી જણાવે છે કે દક્ષિણ આફ્રીકામાં શુરવીર સત્યાગ્રહીઓ પોતાના દેશનો માન મરતબો નીભાવવા આત્મભોગ આપી જે દુઃખ સહન કરી રહ્યા છે તે તરફ આ શહેરમાં ઉંડી દીલસોજી ધરાવવામાં આવે છે. તેઓને મદદ કરવા ઘેર ઘેર ફરી ફંડ ઉઘરાવવા એક કમીટી મેં૦ દાકતર સાહેબ ગજાનન ત્રીયાબક મહીમતુરાના પ્રયાસથી નીમવામાં આવી છે જેમાં નગર શેઠ વનેચંદભાઇ, દોસી વીરપાલ ડુંગરસી, માસ્તર ઉમેચંદ નારણજી વીગેરે ખંતથી ભાગ લે છે. મી. ગાંધીના પિતાશ્રી વાંકાનેરમાં એક વખતે કારભારી હતા એ વિચારથી અહીંના શહેરીઓ વધુ ગમગીન બને છે અને ઉઘરાણાના કામમાં ઘણો ઉત્સાહ બતાવે છે.

ઉમરેઠ મુકામે તા. ૨૭ નવેમ્બરે સંતરામ મંદીરના ડુશાદે મકાનમાં એક મોટી જાહેર સભા મળી હતી. પ્રમુખપદે અહીંના વતની અને શેઠ પ્રીવ વેપારી ભટ કીરપાશંકર નરોતમ બીરાજ્યા હતા. લગભગ બધા વર્ગોએ ખાસ હાજરી આપી હતી. આપણી લડતમાં સહાનુભુતી તથા સંકટો સામે પ્રોટેસ્ટના ઠરાવો પસાર કર્યા બાદ ફંડ ઉઘરાવવાને એક કમીટી નીમાઇ હતી

મુંબઇના મીલમજુરોની એક મોટી સભા મી. ગોપાળ બાપુજીના પ્રમુખપણા નીચે મળી હતી, જે વખતે સેંકડો મજુરો હાજર હતા. સભામાં દીલસોજીના ઠરાવો થયા ઉપરાંત પાર્લામેંટના મજુર પક્ષના આગેવાનોને આ સવાલ ઉપાડી લેવાની તથા પોતાની લાગવગ વાપરવાની ખાસ ભલામણ કરી હતી.

મુંબઇની બાનુઓની સભાનો જે હેવાલ અમે આપી ગયા તે સભામાં આગેવાની ભર્યો ભાગ લેનારાઓમાં નીચેની બાનુનાં નામ પણ જોવામાં આવે છે મીસીસ રાનાડે, મીસીસ હીટન (મુંબઇની હાઇકોર્ટના જજ તથા યુનીવર્સીટીના વાઇસ ચેન્સલર મી. હીટનનાં પત્ની) અને મીસીસ કારમાઇકલ (મુંબઇના ગવરનરના ચીફ સેક્રેટરીનાં પત્ની)

મુંબઇની ગાંધર્વ નાટક મંડળીએ 'માન અને અપમાન' ને. અમ્પાયર થીએટરમાં દક્ષિણ આફ્રિકન ફંડના લાભ માટે ખાસ ખેલ કર્યો હતો. જે વખતે ઘણા માણસોએ હાજરી આપી હતી. ઓન. સર ફીરોજશાહ મહેતાની ગેરહાજરીમાં પ્રમુખસ્થાન ઓન. મી. ગોકલદાસ કહાનદાસ પારેખે લીધું હતું.

અમરાવતીમાં સઘળી કોમની બાનુઓની એક મોટી સભા મીસીસ મુધોલકરના પ્રમુખપણા નીચે મળી હતી, જે વખતે તેમણે દક્ષિણ આફ્રિકામાં હીંદી બાનુઓની સ્થિતિ અને બહાદુરી ભરેલી હીંમતની સમજ આપી હતી, અને દિલસોજી અને મદદ માટે અરજ કરી હતી સભાએ નીચેના ઠરાવો પસાર કર્યા હતા "આ સભા દક્ષિણ આફ્રિકાના સંબંધમાં નામદાર લોર્ડ હારડીંગે જે ગંભીર વલણ બતાવી છે તે માટે તેમનો ઉપકાર માને છે, અને તેમ.જ રીતે આ સવાલ ઉપાડી લેવાને અને આ બાબતમાં નામદાર શહેનશાહ [illegible] ના [illegible] વગ વાપરવાને અરજ ગુજારવાને ના. લેડી હારડીંગને વિનંતિ કરે છે"

મોહનસેન તથા બેંગલોરમાં મી વી. પી માધવરાવના પ્રમુખ પણા નીચે સભાઓ મળી હતી.

ગઇ તા. ૧૩ મીએ વેરૂલમના માજીસ્ટ્રેટ સન્મુખ સુઆઇના મરણ વિષે તપાસ ચાલી હતી. પ્રથમ જુબાની ચેંગન નામના હીંદીની લેવાઇ. આ હીંદી રીનિક્સ વેટલ કોઠીનો માણસ હતો. સુઆઇ અને તે એકજ કોઠીના હતા. ચંગને સોગંદ લઇ જણાવ્યું કે વેટલ કંપનીના ઓવરસીયર મી. ટોડે સુઆઇને વાંસા પર ચાબુક વડે કેટલીકવાર ફટકા માર્યા, તેને લાત પણ મારી હતી અને પછી રીવોલ્વર છોડી હતી. એ બધું પોતે નજરે જોયું હતું. માજીસ્ટ્રેટના સવાલના જવાબમાં સાક્ષીએ કહ્યું કે:—મરહુમ વરસાદને લીધે કામ પર ન જવાથી તેને મારવામાં આવ્યો હતો. વરસાદ અટકવાની તે રાહ જોતો હતો. તે માંદો માણસ હતો અને ૪ વરસ થયાં તે બીમારી ભોગવતો હતો. ચાલતાં તે લંગડાતો. માર પડયો તે વેળા પોતીને કોટ તેણે પહેર્યાં હતાં. કોટ પાતળો હતો. તેને માર પડયા પછી તેની સાથે પોતે વાત કરી નથી તેમ તેને જોયો નથી. તે તો નાશી ગયેલ. પાછળથી તેજ સવારે પોતે તેને મળ્યો હતો. તેની પીઠ પર ચાબુકના મારની નીશાની પોતે જોઇ હતી. તે આશરે દશ હશે. ઘામાંથી લોહી વહેતું નહોતું. વરસાદને લીધે હું કામે નહોતો ગયો તેથી મને પણ માર પડયો હતો. ચાબુકથી ગોઠણ પર અને માથાપર મને મારવામાં આવેલ. માથામાં લોહી નીકળેલ તેથી ખરડાએલી ધોતી તેણે કોરટમાં રજુ કરી. પીઠ પર ઘણા ઘા પડયા હતા પણ તે વખતે જાડો કોટ તેણે પહેર્યો હતો. પીઠ પરના કેટલાક ઘા ચાર દિવસ સુધી દેખાય તેવા રહ્યા હતા. મરહુમ ડાબી બાજુએ પક્ષઘાતથી પીડાતો હતો. તે હમેશ કામે જતો. તેને કામ સ્હેલું રહેતું. હુમલા વખતે તેણે હાથ ઉપાડ્યો નહોતો.

મરહુમ તરફથી હાજર રહેનાર વકીલ મી. બીટરે પુછ્યું તેના જવાબમાં ચંગીએ કહ્યું કે '—મરહુમ ડાબા હાથનો રહેજ ઉપયોગ કરી શકતો મી. ટોડે મરહુમ પર હુમલો કર્યો તેથી તે પડી ગયેલ. ટોડે તેનો કોટ પકડી તેને ઢસડ્યો, અને પછી ફટકા માર્યા. જે ઠેકાણે તે પડયો હતો તે સપાટ જગા હતી. ત્યાં પથરા નહોતા જમીન પર પડયો હતો ત્યારે આરોપીએ તેને લાતો મારી હતી, પછી ફરી ઉભો કરી બીજી વાર લાતો મારી હતી.

આરોપીના વકીલ મી. ડીકીન્સનાં સવાલોના જવાબમાં સાક્ષીએ ઉપરનું મુજબનીજ હકીકત કહી હતી. તે પછી મ જીસ્ટ્રેટે ફરી સવાલો પુછ્યા હતા જેના જવાબમા સાક્ષી

ચંગીયને કહ્યું કે ટોડ બેરેકના બધા હીંદીઓને મારતો મારતો આગળ આવતો હતો અને તે જોઇ પોતે નાસી ગયેલ હતો પાછળથી પોતે પાછો આવેલ અને સુઝાઇપરનો હુમલો નજરે જોએલ. સવારે ૫ વાગ્યે તે બનાવ બન્યો. બીજા ૪-૫ હીંદીઓએ પણ તે જોએલ. હુમલો થતો હતો ત્યારે હું વેટલ મીલ પાસે નાસી ગયો હતો. ટોડ સુઝાઇને છોડી ઘોડો દોડાવી મારી પાસે આવ્યો અને મારા વાળ તથા કોટ પકડી ચાબુકથી મારવા લાગ્યો. તે દિવસ કામ કરવાની ફરજ પાડી પણ હું માંદો હોવાથી કામે ચડી શક્યો નહીં. ખેતરમાં જઈ સુઇ રહ્યો અને સાંજે ઘેર આવ્યો. બીજે દિવસ ફરી મી. ટોડે મારા પર હુમલો કર્યો. આ વખતે હું અમ્બાક્રોટી વેલી તરફ નાશી ગયો હતો. સુઝાઇને જે દિવસ માર પડેલ તે દિવસ તેના શરીર પર મારની નિશાનીઓ પોતે જોઈ હતી. તેની સાથે બીજું કોઇ નહોતું.

મી. વેસ્ટની જુબાની

મી. એ. એચ. વેસ્ટે, સત્ય બોલવાના સોગંદ ઉપર જણાવ્યું કે હું ઇંડીયન ઓપિનિયનનો કામ ચલાઉ અધીપતિ છું, અને ફીનીક્સમાં મી. ટોડ રહે છે ત્યાંથી આશરે ૨॥ માઇલ ને છેટે રહું છું. ૭ અગર સાત વરસ થયાં જ્યારથી વેટલ પ્લેન્ટેશન શરૂ થયું ત્યારથી હું મી. ટોડને ઓળખું છું. મરણ પામેલ સુઝાઇને હું ઓળખું છું. તેને બીજા કેટલાક હીંદીઓ સાથે ફીનીક્સ સંસ્થાનમાં લાવવામાં આવ્યો હતો. મેં મરહુમની બધી હકીકત સાંભળી છે. તેણે કહેલું કે ટોડે તેને ચાબુકથી મારેલો. મેં તેનું શરીર તપાસેલું અને તેના બરડા ઉપર ચાબુકની નિશાનીઓ હતી. મારથી ૭ મોટાં સોળ ઉઠી નીકળ્યાં હતાં. સોળના દેખાવ ઉપરથી જણાયું કે તે ચાબુકના સોળ હોવાં જોઇએ. તે વિના બીજી કંઈ નિશાની નહોતી. એક જગોએ કંઇક ચામડી ઉખડેલી હતી પણ તે ભયંકર નહોતું. તેનો બરડો ઘણો સુજેલો હતો, અને તેને તેથી ઘણું દુઃખ થતું હોય એમ જણાતું હતું.

મી. બીટરની ઉલટ પાલટ તપાસમાં કહ્યું કે મરહુમ મારી પાસે આવ્યો ત્યારે તેણે એક કોટ અને જર્સી પહેરી હતી. તેને માર્યા પછી આશરે ૨॥ કલાકે તે ત્યાં આવ્યો હતો, મેં જોયું હતું કે તે માણસને ડાબી બાજુએ પક્ષઘાત થયો હતો. તેની હીલચાલ પરથી હું અનુમાન કરૂં છું કે પોતાનો ડાબો હાથ વાપરવાને તે અશક્ત હતો. તે પોતાનો હાથ હમેશાં એક જગોએ રહેવા દેતો. હાથનું કાંડું છાતી સરસું તે રાખી મુકતો. બાદ મી. વેસ્ટે સુઝાઇ જે દિવસે સંસ્થાનમાં આવેલ તેને બીજે દિવસે સવારે તેનો [illegible] લીધેલ તે કોરટમાં રજુ કર્યો. તે દિવસે સુઝાઇ વેરૂલમ ગયેલ અને મી. બીટરની ઓફીસમાં સોગંદનામું કરેલું. જે દિવસે સુઝાઈને માર પડેલો તે દિવસે સવારે ચન્ગીયન નામના માણસને પણ મેં તેની સાથે જોયો હતો. ફીનીક્સ સંસ્થાનમાં ઘણા માણસોએ તેઓને જોયા છે. મી. મગનલાલ ગાંધીએ સહુથી પહેલાં તેઓને જોયા અને તે ખબર મને જણાવી. બીજો એક સત્યાગ્રહુ નામનો હીંદી સુઝાઇની સાથે હતો. આ બે માણસોએ કહેલું કે તેઓએ સુઝાઇ ઉપર થયેલ હુમલો જોયો છે. સુઝાઇની સ્ત્રીએ પણ તેમ કહેલું. મી. મગનલાલ ગાંધી, મીસીઝ વેસ્ટ, મીસીસ પાયવેલ, મીસ મોરટેનો, અને કોરપોરલ વાન બીલજોન એ સહુએ તે માણસને થયેલી ઇજા જોઈ હતી. વેરૂલમમાં સોગંદનામું કર્યા પછી સુઝાઇ ફીનીક્સ સંસ્થાનમાં આવેલો અને ત્યાંજ રહેલો. કોરપોરલ વાન બીલજોનની ભલામણથી તેને ત્યાં રાખવામાં આવ્યો હતો, અને જ્યાં સુધી વેટલ પ્લેન્ટેશનની તપાસ રાખનાર સારજંટ આવીને તેને લઇ ગયો નહીં ત્યાં સુધી તે ત્યાંજ રહેલ. નાતાલ એસ્ટેટવાળા કેમ પાઉન્ડર કેમ્પબેલ પણ તે સારજન્ટની સાથે હતા. આ હકીકત મી. મગનલાલ ગાંધીએ મને કહેલી, કારણ કે જ્યારે તેને લઇ જવામાં આવ્યો ત્યારે હું હાજર નહોતો. હું સમજેલો કે સુઝાઇને માઉન્ટએજકોમ્બની એસ્ટેટની ઇસ્પીતાલમાં લઇ જવામાં આવ્યો હશે. આ બનાવ મારા ધારવા પ્રમાણે બીજેજ સોમવારે બનેલો. તે પછી જ્યારે સુઝાઇ મરી ગયો ત્યારે વેરૂલમની ઇસ્પીતાલમાં મેં તેને જોયેલો. મેં તેના શરીરને બરોબર ઓળખ્યું. તેને [illegible] બીજા નં.થી ઓળખવામાં આવ્યો. જ્યારે તેનું શરીર તપાસવામાં આવ્યું ત્યારે હું હાજર હતો. હુમલાનો બનાવ બન્યા પછી એક પખવાડીઆ પછીના ગુરૂવારે આ બનાવ બન્યો. તેના મરણ પછી બીજે દિવસે શરીરની તપાસ ચાલી. મરણને દિવસે પણ મેં તેને જોયેલો. તપાસમાં ૪ ડાકટરો હતા. ડા. હીલ, ડા. ફીશર, ડા. કોપ્લે, અને ડા. નાનજી. તેની આંખ ઉપરનો કપાળનો ભાગ તપાસ્યો ત્યારે એક ઘા માલમ પડ્યો હતો. મગજની નાડીઓનો જમાવ થયેલો, તે હકીકત તરફ મારૂં ધ્યાન તે વખતે ખેંચાયેલું. નાડીઓ લાલ થયેલી હતી. તે વખતે તેના બરડા ઉપર કાંઈ નિશાની નહોતી તે વખતે શરીર ઉપર કંઇ સોજો જણાતો નહોતો. પણ ૨૪ કલાક થયાં તે મડદું પીઠ તરફનું પડેલું હોવાથી સોજો બેસી ગયો હોય અને તેથી ન દેખી શકાય એવો સંભવ છે. મરણને દિવસે મેં તેનું શરીર તે સ્થિતિમાં પડેલું જોયું હતું અને બીજે દિવસે સવારે પણ તેજ સ્થિતિમાં જોયું હતું તેથી હું એવું અનુમાન કરૂં છું કે બધી મુદત તે તેજ સ્થિતિમાં પડેલું હશે.

મી. ડીકન્સનની ઉલટ તપાસમાં મી. વેસ્ટ બોલ્યા કે હુમલાને દિવસે તેના શરીર ઉપર જે ઇજા દેખાતી તે તપાસને દિવસે જણાતી નહોતી. સુઝાઇ ફીનીક્સ સંસ્થાનમાં સવારમાં આઠ વાગ્યાના આશરે આવેલો. તે વખતે મેં તેના ઘા માટે કંઇ પણ કરેલું નહીં પણ બીજે દિવસે તેના ઉપર મેં કંઇક કાપરેલ ચોળેલું. મેં નાતાલ એસ્ટેટવાળાઓને કંઇ જણાવેલું નહીં. ફીનીક્સ સ્ટેશનથી આશરે ૨॥ માઇલ દુર સંસ્થાન આવેલું છે. મેં સુઝાઇને રેલવે માર્ગે વેરૂલમ મોકલ્યો હતો. તેને રસ્તો બતાવવાને અને ગાડી ભાડું આપવાને એક માણસને તેની સાથે મોકલ્યો હતો. સ્ટેશને વેળાસર પહોંચે તે ખાતર તે વહેલો ચાલીને ગયેલો, થોડા દિવસ પછી પણ મેં તે બધા ઘા જોયેલા. સોજો ધીમે ધીમે ઉતરતો હતો. ધારવા પ્રમાણે મેં તે ઘા સોમવારે જોયેલા. તે બેસતા જતા હતા તેમ છતાં તેની નિશાનીઓ તો ત્યારે પણ દેખાતી. તે થોડેક દુર ચાલેલ. ચેન્ગીયન તેની સાથે આવેલ, પણ પછીથી તેને મેં જોયેલો નહીં. મેં ધારેલું કે તે પાછો જતો રહ્યો હશે. સુઝાઇની સ્ત્રી તેની સાથે ફીનીક્સ આવી, અને ત્યાંજ રહી. પછીથી તેણી તેની સાથે વેરૂલમ ગઇ હતી, અને તેની સાથે પાછી ફીનીક્સ આવી હતી. મેં સુઝાઇની પીઠ ઉપર નિશાનીઓ જોયેલી. બન્ને ખભાઓ ઉપર, તેના બરડા ઉપર અને પુંઠ ઉપર તે નિશાનીઓ હતી. પણ તેનાથી નીચે નહોતી.

તેનુ તે વખતે છુરી જર્સી પહેરેલી હતી. તે માણસ આંખોમાં ઘણો જ નબળો હતો એમ તેના દેખાવ ઉપરથી અને તેના પક્ષઘાત થયેલ હાથ ઉપરથી જોઈ શક્યો હતો એને અને મને કહ્યું હતું કે તેણે સુઝાઈને ચાકુકે મારતાં જોયો હતો

ઇમીગ્રેશન અપીલ.

ગયા અકટોબરમાં મી. દાઉદ સુલેમાન હીન્દુસ્થાનથી ડરબન આવ્યા હતા તેમની પાસે ડોમીસાઈલ સરટીફીકેટ હતી. પણ ઇમીગ્રેશન અમલદારે તેમને ઉતરવા નહીં દીધા. તેથી મી. સુલેમાન વીઝીટીંગ પાસ લઇને ઉતરવા હતા. તેમણે ઇમીગ્રેશન અમલદારના ઠરાવ વિરૂદ્ધ અપીલ બોરડ આગળ અપીલ લઇ જવાની નોટીસ આપી ન હતી. તેથી પાસની મુદત પુરી થવાથી તેમને પાછા દેશ જવું પડયું હતું. હમણા મી. સુલેમાન સ્ટીમર લીંડુલામાં પાછા ફરયા અને પોતાની જુની ડોમીસાઇલ બતાવી ઉતરવાની માગણી કરી, તેમ બોરડમાં અપીલ કરવા માટે પા. ૨૫ની રોકડ જામીનગીરી રજુ કરી. પણ ઇમીગ્રેશન અમલદારે નામંજુર રાખી. તેથી તેમને ઇમીગ્રેશન અમલદાર પાછા દેશ મોકલી ન આપે તે માટે સુપરીમ કોરટને ઇન્ટરડીક્ટના હુકમ માટે અરજી કરવામાં આવી હતી.

એ બાબતનો કેસ ગઇ તા. ૧૫ એ ડરબનની સરકીટ કોરટમાં જસટીસ હ્યુમ આગળ ચાલ્યો હતો ઇમીગ્રેશન અમલદારે કહી સભળાવ્યું કે ગયા અકટોબર માસના અરજદાર પ્રોહીબીટેડ ઇમીગ્રન્ટ. પછી કાયદા મુજબ ત્રણ દીવસની અંદર અપીલ કરવાને નિષ્ફળ ગયો હતો. તેથી હવે તેમ કરવાને તે દાવો કરી શકતો નથી. અને તેણે અરજ કરી કે જાનેવારીની તા. ૯ અને ૧૦ મી એ જે ઇન્ટરડીક્ટનો હુકમ થયો છે તે ખરચ સાથે રદ થવો જોઇએ.

મી० રોબીનસને અરજદાર તરફથી કહ્યું કે ઇમીગ્રેશન અમલદારે કાયદાની સત્તાની બહાર કામ કરયું છે. અપીલ બોરડ આવા નકારેલા મામલાના ફેંસલા લાવવાને નીમાયલી છે. અરજદારે ત્રણ દીવસમાં અપીલ ન કીધી એ વાત મી० ડીકે ધ્યાનમાં લેવી જોઇતી નથી. એ કેસની બીજી બાજુ છે, તે એ કે જ્યાં સુધી એપલીકેશનનો સવાલ સમાયેલો છે ત્યાં સુધી કોરટે આપેલ ઇન્ટરડીક્ટ વાજબી છે

એટરની જનરલ મી० ડુમલાએ કહ્યુ કે કોરટ તરફથી ઇમીગ્રેશન અમલદારને પોતાના હુકમનું વાજબીપણુ બતાવવાને બોલાવવામાં આવે ત્યારે તેણે તે બતાવવું જોઇએ તે મુજબ તેણે કોરટની આગળ પુરાવા રજુ કરયા છે કે તેણે સ્ટેચ્યુટની અંદર રહીને કામ કરયું છે. તેણે કાયદેસર યા ગેરકાયદેસર કામ કરયું તે બીજી બાબત છે, પણ એ ચોખ્ખી રીતે બતાવેલું છે કે જો તેણે કાયદાના નિયમ મુજબ કામ કરયું હોય તો તેનો આપેલો ચુકાદો મંજુર રહેવો જોઇએ એ તદન ખુલ્લું છે કે મી० ડીકે કાયદામાં રહીનેજ કામ કરયુ છે અને તેથી કોરટને સત્તા નથી કે તેના કારય ઉપર અવલોકન કરી શકે. સેકશન ૩ની મતલબ ચોખ્ખી છે કે ઇમીગ્રેશન અમલદારને તેના હુકમનું વાજબીપણુ બતાવવાને કોરટમા બોલાવવો ન જોઇએ

છેવટે નાતાલ 'મેરક્યુરી'ના રીપોરટર જણાવે છે કે સેકશન ૩નો ખુલાસો કરવાને જજે કેસ મુલતવી રાખ્યો છે

લડતના ખબરો

મી. ગાંધી પ્રીટોરીઆમાં

તા. ૭ મીએ મી. ગાંધી પ્રીટોરીઆ જનરલ સ્મટસની મુલાકાત લેવાને ગયા છે. રેલવેની હડતાલને લીધે જનરલ સ્મટસ મળી શકયા નહીં. હવે તેમને જનરલ સ્મટસ અને સર બેંજામીનની મુલાકાત થઇ છે. અને તેનું પરીણામ અમે આવતે અઠવાડીએ બહાર પાડવાની ઉમેદ રાખીએ છીએ

મી. પીઅરસન

હાલ નાતાલમાં બધે મુસાફરી કરી બધી હકીકતથી જાતે વાકેફ થઇ રહ્યા છે. વેરૂલમ, ફીનીક્સ, માઉંટ એજકમ ટોંગાટ અને સીડનમ—આ જગાઓમાં ફરીને તેમણે કેટલીક નોંધ લીધી છે અને આવતે શનીવારે જો બીજાં કામથી ડરબનમાં રોકાત નહીં થાય તો સ્ટેંગર જવા ધારે છે. તેમની ખાસ નેમ ગીરમીટના સવાલ ઉપર માહીતી મેળવવાની છે. પોતે બંગાળી ભાષા જાણતા હોવાથી સીડનમમાં એક બંગાળી ભાઇ મળી તેની સાથે તેમણે બંગાળીમાં વાતચિત કરી હતી.

સર બેનજામીન રોબરટસન

ગયે બુધવારે પ્રીટોરીઆ ગયા છે. તેમના ખાનગી મંત્રી મી० સ્લેટર તેમની સાથે ગયા છે. તેમના ખાસ સલાહકાર રાય સાહેબ સરકાર જે તેમની સાથે આવ્યા છે તે ડરબનમાં મેરીન હોટલમાં રહે છે. રાય સાહેબે ગયે શુક્રવારે ફીનીક્સ સંસ્થાનની મુલાકાત લીધી હતી. મી० પોલાક તેમની સાથે આવેલા હતા સર બેનજામીન મુંબઇથી ડરબન સાડા નવ દીવસે ગન બોટ હાર્ડીંગમાં આવ્યા. આ ખાસ સ્ટીમર મોકલવાનું ખરચ હીંદી સરકારને પા. ૧૫,૦૦૦ થવાનું જણાવવામાં આવે છે.

મી એ. એમ. ઇબ્રેહીમ ન્યુકાસલથી લખી જણાવે છે કે સર બેનજામીન પ્રીટોરીઆ જતા હતા ત્યારે સ્ટેશને મારે તેની સાથે થોડી વાતચીત થઇ હતી. જે વખતે તેમણે કમીશનને કબુલ રાખવાની ભલામણ કરી હતી. અને જણાવ્યું કે જો આ તક ગુમાવીશું તો આપણને સરકાર ડીપોરટ કરી શકશે. મી. ઇબ્રેહીમે જવાબમાં જણાવેલું કે અમારી લડત મુદ્દાની છે. અમારે લગતી બાબતમાં સરકારે અમારા વિચાર ઉપર ધ્યાન આપવું ઘટે છે.

જાણવા લાયક કેસો

ગયે શનીવારે ૧૧ હીંદીઓને કામ ઉપર જવાની ના પાડવાના ગુન્હાસર ફોજદારી કોરટમાં ખડા કરવામાં આવ્યા હતા આ બધાને માજીસ્ટ્રેટે શી. ૧૦ ના દંડની અથવા દિવસની જેલની સજા કરી

ગ્લેનલુઇવારકમાં આવેલ ઇંટના કારખાનામાં કામ કરતા ૩ ગીરમીટીયા હીંદીને તા. ૧૪મીએ કામ પર હાજરી નહીં આપવાની કસુર માટે વેરૂલમ કોરટમાં ઉભા કરવામાં આવ્યા હતા. માણસોએ પોતે કસુરવાન નથી એમ માજીસ્ટ્રેટને જણાવ્યું. તેઓએ કહ્યું કે સત્યાગ્રહી તરીકે તેઓ જેલમાં હતા તેમાંથી તા. ૮મીએ છુટયા અને તે પછી પ્રોટેકટરના તાબામા ડેપોની અંદર રહેતા હતા. ત્યાંથી તા. ૧૨મીએ છુટયા અને પોલીસના તાબામાં તેઓને તેઓના માલીકને ત્યાં મોકલવામાં આવ્યા હતા. આરોપીના વકીલે કહ્યું કે તા. ૧૨ની સાંજ સુધી તે લોકો પ્રોટેકટરની સત્તા નીચે હતા તેથી તે દિવસે સવારના રોલકોલ વખતે તેઓ ક્યાંથી હાજર રહી શકે? માજીસ્ટ્રેટે તેઓને બીનકસુરવાર ઠરાવી છોડી મુક્યા હતા.

કામ કરવાની ૧૪ મી વખત ના પાડે છે

બીજો એક હીંદી મુનસામી નાઇડુ કરીને હતો તે નેટીંગ હામ રોડના સર ડંકન મેકેન્ઝીની ગીરમીટમા છે તેને કામ ઉપર નહીં ચડવાના વાંક માટે આ ૧૪મી વખત કેદમાં બેઠો કરવામાં આવ્યો હતો એમ નાતાલ 'એડવરટાઇઝર'નો રીપોર્ટર જણાવે છે. જેલમાંથી નીકળ્યા બાદ તેને કામે જવાનું કહેતાં તેણે દરેક વખતે ચોખી ના પાડેલી. તેણે માજીસ્ટ્રેટને જણાવ્યું કે આ વખતે પણ હું કામે જવાની ના પાડું છું કેમકે મને ચોક્કસ ખબર છે કે જો હું જાઉ તો ખચીત મારું મોત જ છે માજીસ્ટ્રેટે તેને ૧૪ દીવસની સખત મજુરીની જેલની સજા ફરમાવી

છુટયા

હીંદી યંગ મેન એસોશીએશનના પ્રમુખ તથા 'આર્યા વરત'ના અધીપતી મી૦ ભવાની દયાળ ગયે શનીવારે ડરબન જેલમાથી છુટયા છે, જરમીસ્ટનના મી૦ શીવપ્રસાદ જે તેમની સાથેજ જેલમાં ગયેલા તે પણ આજે પોઇંટ જેલમાંથી છુટયા છે. આ બને ભાઇઓની સ્ત્રીઓ પણ જેલમાં છે એ વાંચનારને ખબર હશે. સોમવારે મી૦ ગુલાબદાસ તથા મી૦ રગભરસીંહ પણ છુટયા છે. તેમને લેવાને મીસ સ્લેશીન, મી૦ બહરી, મી૦ લાલ બહાદુર સીંગ અને બીજાં મિત્રો ગયેલા અને જેલમાથી નીકળતાંજ તેમને ફુલોથી વંધાવી લીધા. આ ભાઇઓના શરીર ઉપર જેલની હાડમારીની પુરી અસર થયેલી.

પરચુરણ

મીસીસ મહેતાબને વીરીનીખનની હીંદી એસોસીએશન તરફથી અંતઃકરણ પુરવકની મુબારકીનો સંદેશો મળ્યો છે. એસોસીએશન તારમા લખે છે કે તમારા બહાદુર દાખલાથી ધડો લઇ આપણી માતૃ ભુમીનું માન જાળવવાને જાગ્રત થશે. આ અને બીજા સંદેશા મોકલનારાઓનો મીસીસ મહેતાબ આ છાપા મારફત આભાર માને છે.

મેરીત્સબર્ગના મેસરસ પીઃ કે. નાઇડુ, દુબી અને એન. બી. નાયક ઉપરનાં તહોમત ગઇ તા. ૧૩ મીએ ક્રાઉન પ્રોસીક્યુટરે એટરની જનરલની સુચનાથી પાછાં ખેંચી લીધાં છે. અને દરેકના પા. ૩૦૦ની જામીનગીરી લીધેલી તે રદ કરી છે.

પોરટ શ્લીઝાબેથથી 'એસોસીએશન' તારથી ખબર આપે છે કે ક્રીસ્ટીઆનાથી અહીંની જેલમાં ફાસફુરે થયેલા ૧૧ સત્યાગ્રહીઓની મુલાકાત લીધી હતી. જેલમા તેઓના તરફ સંતોષકારક વરતન ચલાવવામાં આવે છે. છેલા થોડા દીવસ થયા મી૦ જમનાદાસ ગાંધી અને મી. ચીનાભાઇ દેશાઇની તબીયત બગડેલી હતી પણ હવે તેઓ પાછા સારા થઇ ગયા છે.

વિલાયતમાં ચરચા

લંડનમાં હીંદીઓની એક સભા તાઃ ૨૨મી ડીસેમ્બરે સર મંચેરજી ભાવનગરીના પ્રમુખપણા નીચે મળી હતી. અહીં નીમાયેલ કમીશનની સામે વીરૂધ્ધતા દરશાવનારો ઠરાવ પસાર થયો હતો. બીજો ઠરાવ આ કમીશનનીમાં વડી સરકારના તરફથી એક પ્રતીનીધી નીમવાની વડી સરકારને આગ્રહ પુરવક માગણી કરવા સંબંધી હતો

બીજી એક સભા લંડનની યુનાઇટેડ એમ્પાયર ક્લબ તરફથી બોલાવવામાં આવી હતી. આ સભામાં યુનીઅનીસ્ટ પારટીના આગેવાન મેંબરો ભાષણો આપવાના હતા.

સત્યાગ્રહીઓ માટે લંડનમા થતા ફંડના [illegible] ન્યુવરી ૯ દરરરર લેડી કરઝન વીલીનાથ 'ટાઈમ્સ' છાપાને જણાવે છે કે તે ફંડમા પા. ૭૫-૬-૬ ની રકમ થઇ છે

સાઉથ આફ્રીકન કમીટીના સેક્રેટરી મી. રૂએ વિલાયતના છાપાઓને ગીરમીટના રૂપમાં નાતાલમાં કાયદેસર ચાલતી ગુલામગીરી બંધ કરાવવાને એક લાંબો કાગળ અપીલના રૂપમાં લખી છે

લંડનનું 'વેનીટી ફેર' લખે છે કે આપણે દ. આફ્રિકામાંથી ચાલ્યા આવીએતો તે કોના હાથમાં જશે એ આપણે સારી રીતે સમજીએ છીએ. બોર લોકો પણ સમજે છે. એટલે આપણે પુછીએતો બોઅરોનો ભાર નથી કે તેઓ હદ ઓળંગી જઇ આપણી હીંદી પ્રજા ને સતાવે. પા. ૩નો કર જરૂર નીકળવોજ જોઇએ. આમ રાહત આપવામાં ન આવે અને તે પણ તરતજ, તો હીંદમાં એટલો ગડબડાટ મચે કે જેની સામે થવું હીંદી સરકારને ભારે પડે. હીંદુ 'એજીટેટરો' જેવા લોક નથી. મુસલમાન 'એજીટેટરો' એક રસ્તાને માટે સોબતી તરીકે પસંદ કરવા લાયક નથી પરંતુ તેઓ બને ભેગા થાય ત્યારેતો ... .

મુંબઇ ઇલાકાની ધારાસભા

ગઇ તાઃ ૧૬મી ડીસેમ્બરે મુંબઇના ગવરનરની ધારાસભામાં ભાષણ કરતા ના ગવરનર લોર્ડ વિલીંગ્ડને—બીજો સવાલ જે આખા હીંદુસ્થાનનું વીશેષ ધ્યાન ખેચી રહયો છે તે દક્ષીણ આફરીકા મધ્યેના હીંદીવાનો સાથે ચલાવવામાં આવતી વરતણુંકના સંબંધનો છે. તે સવાલના ઉંડાણમાં ઉતરી તેની ચરચા રજુ કરવાની જેમ મારી ખાએસ નથી તેમજ તે મારું કામ નથી, તો પણ આટલું તો હું કહેવાને હકદાર છું કે એ સવાલનો ફડચો જેમ બને તેમ વધારે સંતોષ કારક રીતે લાવવામાં આવશે. સરકાર હાલ વિચાર ચલાવે છે અને હીંદીવાનોને સંતોષ આપવાને તે પોતાથી બનતું કરશે. (અહીં સર ફીરોઝશાહ મેતાએ 'હીઅર હીઅર' કહ્યું હતું).

બાનુઓની સભા

તા. ૭ મી ડીસેમ્બરે કલકત્તાની સ્ત્રીઓની એક મોટી સભા વીકટોરીઆ ઇન્સ્ટીટ્યુટમાં મળી હતી. આ વખતે બધી કોમ અને બધા ધરમની બાનુઓ પણ હાજર હતી. શરૂઆતમા ગાયન ગવાયા પછી ભાષણો થયા હતા અને દક્ષીણ આફ્રીકાની સત્યાગ્રહી બાનુઓ તથા પુરૂષો તરફ દીલસોજી બતાવનારા ઠરાવ થયા હતા. પછી નાણાં એકઠાં કરવાનું કામ થયું હતું.

અલ્હાબાદમાં બાનુઓની એક સભા તા૦ ૧૬ ડીસેંબરે મળી હતી. તે વખતે ભાલમના રાણી પ્રમુખસ્થાને બીરાજવાનાં હતાં પણ તેઓ ચોક્કસ કારણોને લીધે હાજર થઇ શક્યાં નહીં તેથી મીસીસ નંદલાલ નેહરૂ પ્રમુખ નેમાયાં હતાં. મીસીસ મદન મોહન માલવીઆ, મીસીસ એસ. એમ બેનરજી, મીસીસ શામલાલ નેહરૂ, મીસીસ ડી.સી.બેનરજી અને મીસીસ ઝુત્શી તથા બીજી ઘણી આગેવાન બાનુઓએ હાજરી આપી હતી યોગ્ય ભાષણો પછી દક્ષિણ આફ્રીકાની સરકારની ઘાતકી રાજનીતીને વખોડી કાઢવાના તથા હાલ અહીં નીમાયેલ કમીશન તરફ વીશ્વાસ નહીં દેખાડવાના ઠરાવો એક મતે પસાર થયા. બાદ ઉઘરાણું પણ સારું થયું હતું.

જાપાનના તાર જણાવે છે કે જ્વાળામુખી ફાટવાથી કેટલાક ગામડાઓ નાશ પામ્યા છે; અને તેમાં ૭૦ હજાર ઉપરાંત માણસો મરણ પામ્યાના ખબર છે. બીજા એક તારમાં ખબર છે કે મરણની ખરી સંખ્યા તો હજી જાણવામા નથી આવી.

મુંબઇની ગંજાવર સભા

આપણા સવાલની બાબતમાં અત્યંત લાગણી બતાવવાને મુંબઈની પચરંગી વિવિધ કોમોના આગેવાનો અને લોકોની એક ગંજાવર સભા બુધવાર તા. ૧૭મીએ ટાઉન હૉલમાં મળી હતી એમ 'ગુજરાતી' લખે છે. આખો હૉલ ચીકાર ભરાયો હતો અને ઘણાઓને નિરાશ થઈ હૉલ બહાર ઉભા રહી અંદર ચાલતું કામકાજ ડોકીયાં કરી નીરખવાની ફરજ પડી હતી. હાજર રહેલા મુસલમાન, પારસી, હિંદુ, ખ્રીસ્તી, યુરોપીઅન કોમોના આગેવાનોમાં પ્રમુખ નામ સર સુલતાન મહમદશાહ આગાખાન, ઓન સર ફીરોજશાહ મહેતા, ઓન. સર જમશેદજી જીજીભાઈ, સર દીનશા પીટીટ, સર દોરાબ તાતા, સર ઇબ્રાહીમ રહીમતુલ્લા, સર વીઠ્ઠલદાસ ઠાકરસી, રેવ. ડા મેકે, ડા સ્ટેઇની રીડ, મી દીનશા વાચ્છા, મી. હોરમસજી વાડીઆ, ઓન મી ગોકળદાસ પારેખ, ઓન મી ચીનાઇ, ઓન મી વીઠ્ઠલદાસ બારીસ્ટર, ઓન મી મનમોહનદાસ, મી લલ્લુભાઇ સામળદાસ, 'ક્રોનીકલ'ના તંત્રી મી બી જી હોર્નીમેન, મી જહાંગીર પીટીટ, સરદાર ફીરોજ ઇન્દુર, મી નાટેશન મી પુરશોત્તમદાસ ઠાકોરદાસ, ડા દેશમુખજી, ડા ખાન, મી એચ એસ કોલી, મી આર પી કરંદીકર, મી નરોત્તમ મોરારજી ગોકળદાસ અને બીજા અનેક જાણીતા હતા. ના આગાખાન અને સર ફીરોજશાહ હૉલમાં પધાર્યા ત્યારે કાન ફાડી નાખે એવા અવાજથી લોકોએ તેમને વધાવી લીધા હતા.

શેરીફ મી કાસમભાઇ ચીનાઇએ મીટીંગ બોલાવવાની વિનતી વાંચ્યા પછી, સર કાવસજી જહાંગીર બેરોનેટે ના આગાખાનને પ્રમુખપદ આપવાની દરખાસ્ત કરી હતી તેને ઓન મી ગમમોહનદાસનો ટેકો મળતાં આનંદના પોકારો વચ્ચે ના આગાખાને પ્રમુખપદ સ્વીકાર્યું હતું. કામકાજ શરૂ થતાં મી જહાંગીર પીટીટે સભાના કામ તરફ દીલસોજી બતાવનારા રાજાઓ અને ગૃહસ્થોના સંદેશાઓ વાંચ્યા હતા. તેમાં શ્રીમંત ગાયકવાડ સરકાર, સર કરીમભાઇ, સર ચીનુભાઇ માધવલાલ, ડૉ સર ભાલચંદ્ર કૃષ્ણ, ઓન સર ફાઝલભાઇ, કુચબીહારના ના મહારાજા, વાંસદાના રાજા, પન્નાનાં રાણી સાહેબ અને અમદાવાદ, કરાંચી, પુના, સોલાપુર, મદ્રાસ, અહમદનગર, ભરૂચ, સુરત, રાજકોટ, મેસરા, ભાવનગર, કપડવંજ, ધારવાડ, બેલગામ વગેરે સ્થળોનાં મુખ્ય શહેરોના આગેવાનો અને દ આ કમીટીના સેક્રેટરીઓના દીલસોજીના સંદેશા મુખ્ય હતા. પછી ના આગાખાને જાહેર કર્યું કે શ્રીમંત ગાયકવાડ સરકારે દ આ ફંડમાં રૂ ૫૫૦૦ આપ્યા છે અને ઓન સર ફીરોજશાહે જાહેર કર્યું કે ના આગાખાને રૂ ૧૦,૦૦૦ આપ્યા છે. ઉપરાંત સર દોરાબ તાતાના ભાઈ શ્રીમાન રૂ ૫,૦૦૦ અને લેડી તાતાના રૂ ૧૦૦૦ જાહેર થયા હતા. કુચબીહારના અને ભાવનગરના મહારાજાઓએ દરેકે રૂ ૧,૦૦૦ અને વાંસદાના રાજાએ રૂ ૫૦૦ આપવાનું જાહેર થયું હતું.

ના. આગાખાનનું અસરકારક ભાષણ

બાદ લોકોના હરખના પોકારો વચ્ચે પ્રમુખ ના આગાખાને નીચે પ્રમાણે ભાષણ કર્યું હતું :

આ સામ્રાજ્યના સર્વ ભાગમાં સર્વ લોકમાં દ. આફ્રિકામાં હાલમાં આપણી પ્રજાના હક્કોથી જે બેદ થયો છે તેના સાર રૂપે આ સભાના પ્રમુખ તરીકે મારે સર્વ ના દ. આફ્રિકામાં બનતા દુ:ખ લોક બતાવે છે: હિંદી વતની

લાગણી જે સ્થિતિએ ઉશ્કેરી છે, તેના જેવો બીજો સંગીન દાખલો હાલના હિંદી ઇતિહાસમાંથી મળવો અશક્ય છે. આ મુશ્કેલ અને ચીડવાટ ઉભો કરનારા પ્રશ્ન સંબંધમાં લોકમતની સંગીનતા ખરેખર આશ્ચર્ય કારક છે, અને આ સભા બોલાવવાની વિનતિપત્ર ઉપર સઘળી કોમના સઘળા આગેવાનોએ સહી કરી છે એજ હકીકત દ. આ. માં આપણા દેશ બાંધવો તરફ જે બેરવાજબી અને સખત વર્તન ચલાવાય છે તે સંબંધમાં સંપુર્ણ એકમતનો પુરાવો છે. જો કોઇ પણ દેશમાં અંગ્રેજો સામે આવું વર્તન ચલાવાયું હોત તો તેને વિગ્રહનું કારણ ગણવામાં આવ્યું હોત. જો ડીઝરાયલી, કે ગ્લૅડસ્ટન, કે પામરસ્ટન, કે બ્રાઇટ જીવતા હતે તો તેમને જરૂર ન્યાય અને સમાન વર્તન માટેનું ઇંગ્લાંડનું નામ કલંકિત રહેતું જોવાને પોતાની આતુરતા શિવાય વાકેફગારી ઇંગ્લાંડને ખળભળાવી મુક્યું હોત. રાજભક્ત, ધીરજવાન અને બુદ્ધિમાન મહેનત સહન કરનારા હિંદીઓ એવી ધારણા રાખે છે, કે તેઓ નામદાર બાદશાહની પ્રજા હોવાથી કોઇ પણ બ્રીટીશ સંસ્થાનમાં તેમને પુરતુ રક્ષણ મળવું જોઇએ. દ આ. ના હિંદી આગેવાનો ચાહે અને દ આ ની સરકારના મુશ્કેલ સબંધો સમજે છે. પરંતુ સારી માનવ ન્યાયના માર્ગમાં કોઇ પણ મુશ્કેલી આડે રહેવી જોઇએ નહીં. શાહી સરકાર એ વિષયમાં નાઇલાજ છે એવું માનવાની હિંદી લોક ના પાડે છે. સરકાર પાસે આપણે એટલું માંગીએ છીએ કે, આપણી પ્રજાને નુકશાનકારક અન્યાય અને માનભંગ તેણે દુર કરવા. વરસોથી દ આ ના હિંદીઓએ ખ્રીસ્તી રહેણી કરણીના હક્કો સામેની વિરૂદ્ધતાને દલીલથી મધ્યમસર સ્થિતિમાં મુકાયેલ છે, અને સમાધાન માટે ત્યાંની સરકારને સમજાવી શકાશે એવી આશાથી સત્યાગ્રહીઓ સ.મેની વિરૂદ્ધ લાગણી, ચીડવાટ કે ખોટા વિચારથી મોકળા રહીને, શાન્ત રીતિએ ખાસ પોતાના અસ્તિત્વ સબંધી ભારેમાંડી લેવાડીઓ હાથ ધરેલા છે. મારા નામાંકિત મિત્ર ઓન. મી ગોખલેએ હિંદના કેટલાક લોક નારાજ થયા એવું સમાધાન કર્યું, એમ બનાવી આવે છે કે ત્યાના આપણા દેશભાઇયો કેટલા સમજુ છે. વિગ્રહ પહેલાં ટ્રાન્સવાલની સરકારે આપખુદીથી હિંદીઓને હદપાર કર્યા, પણ 'ટાઇમ્સ' કહે છે તેમ હિંદીઓને આશ્રય આપવાના બદલામાં બ્રીટીશ સરકારને ધીરજના ડુંખ દેવાયાં. લોર્ડ લેન્સડાઉન કહે છે કે વિગ્રહ પહેલાં હિંદીઓ સાથેના વરતનને પ્રેટોરીઅના પ્રધાન રાજ્ય નીતિજ્ઞોએ વિગ્રહનું કારણ જાહેર કરવું હતું પણ ત્યારથી ટ્રાન્સવાલના સઘળા ગુંચવાડાએ રહેલી છે, એટલુંજ નહીં પણ વધારાની અણગમતી અયોગ્યતાઓ--પ્રતિબંધો પણ હિંદીઓ ઉપર નંખાયા છે. તેમણે માનવજાત અને ખ્રીસ્તીની લાગણી માટે કરેલી વિનતી ફોગટ ગઇ છે. ગ્રેટબ્રીટન પોતાના ઉછરતા બાળકનું રક્ષણ કરવાને નાખુશ કે અશક્ત છે, એવી માન્યતા શાહી સરકારની સત્તામાંના તેમના વિશ્વાસને જોખમમાં નાંખશે અને ગ્રેટબ્રીટનની આબરૂને આઘાત થશે, એ દુ:ખદાયક રીતે ખુલ્લુંજ છે. એક બ્રીટીશ સંસ્થાનમાં કાયદેસર વસેલી બ્રીટીશ હિંદી પ્રજાનું માન જાળવવાને ગ્રેટબ્રીટનનાં આગેવાન રાજ્યનીતિજ્ઞોની ન્યાયબુદ્ધિને અમારી વિનતીઓ છીએ. શાહી સંમતિ માટે હજુ પણ વિલંબ પ્રમાણ હાથ ધરનાર ગાંધીજીના હિંદીઓને હૈયે એમ લાગશે કે એક સ્વરાજ્યવાળા સંસ્થાને બીજી ગભરાટવાળા ... દૂર કરવાના ઉપાય ... પોતાની સત્તાથી બતાવે ... તે ... કરવાને નાઇલાજ છે, ના ગ્રેટબ્રીટનના ... ના હિંદીઓના હક પણ પાળવાની આશા ... થશે.

દ. આફ્રીકાનાં સ્ત્રી પુરૂષો કેટલાક ત્યાંજ જન્મેલાં હીંદી ઓને સુધરેલી સરકારને માટે ગેરવાજબી અને અયોગ્ય ગણાતા વેરા, નિયમો અને કાનુનોથી સતાવવામાં, કષ્ટ આપવામા અને દુભાવવામાં આવ્યા છે. આથી બધા હીંદમાં કડવાશની સખ્ત લાગણી ઉશ્કેરાઈ છે અને તેની ઉપેક્ષા કરવી તે ન્યાય કે રાજ્યનીતિજ્ઞતા નથી. કારણ કે તેના ઉપર બ્રીટીશ શહેનશાહતનો પાયો રચલો છે. એમ કહેવાય છે કે આ પ્રશ્ન કંઇ કોમી વિરૂદ્ધતાનો નથી પણ આર્થીક છે, કારણ કે દ. આફ્રીકામાં હીંદીઓ વ્યાપારના દરેક ખાતામાં ગોરાઓ કરતાં ચઢી જાય છે. દક્ષીણ આફ્રીકા જ્યારે અંધારામાં હતો ત્યારે હીંદીઓનો સુધારો અતિશય આગળ વધેલો હતો અને ગ્રેટ બ્રીટનના લોકો પણ તે વેળા ઉતરતા હતા. સેંકડો રણ સંગ્રામોમાં બ્રીટીશ શહેનશાહતની કીર્તી માટે હીંદી સઇનીકો એ પોતાનાં લોહી રેડ્યાં છે. એકજ મુળમાંથી હીંદીઓએ સ્વતંત્રતા છુટાપણું અને ન્યાયીપણાના ગુણો પ્રાપ્ત કર્યા છે. બાદ આપણી શી માગણીઓ છે તેની વિગત જણાવી લોર્ડ હાર્ડીંગે આ સવાલ બાબત દાખવેલ દીલસોજી માટે તેની તારીફ કરી.

ઠરાવ ૧ લો. હીંદી ધરમ અનુસાર થયેલાં લગ્નને કાયદેસર ગણવા, અને પા. ૩નો કર રદ કરાવવા બાબતની આપણી લડતમાં આખા મુંબઇ ઇલાકા તરફથી આપણને સંપુરણ ટેકો આપવા, મદદને માટે ફાળો કરવા, તથા શહેન શાહની સરકારને વચ્ચે પડવાની અરજ કરવા સંબંધી છે.

આ ઠરાવ લંબાણપુરવક રજુ કરી ભાષણ કરતાં

ઓન. સર ફીરોજશાહ મહેતા

બોલ્યા કે હું લાબું ભાષણ કરવા નથી માંગતો કેમકે લાંબા ભાષણમાં આપણા ભાઇઓનાં દુઃખ, સંકટ — અને સઉથી વધારે તો 'મધ્યમપણું' — આ બધી કહાણી ત્રણ ત્રણ વખત તો કહી ચુકાઈ છે. એ કહાણીથી આ દેશના લોકનાં હૃદય અંતરથી ખળભળી ઉઠ્યાં છે. જાહેર સભાની યોજના થઈ તે વખતે આવી સ્થીતીમાં પણ એક છાપાએ ટીકા કરી તે જોઇ મને આશ્ચર્ય અને ઘણી દીલગીરી ઉપજ્યાં છે. આ ટીકા એ છે કે "મધ્યમ વીચાર ધરાવનારા આ દેશના રાજદ્વારી માણસો 'એક્સ્ટ્રીમીસ્ટ'થી હમેશાં અળગા રહે છે. પણ આ સવાલથી તો તેઓ પણ સરકારને મુશ્કેલીમાં લાવવાને પોતાથી બનતું કરવાને પુરા બહાર પડેલા છે." આ સવાલથી ફેલાઇ રહેલી લાગણીને હદમાં રાખવાની મહેનત કરનારાઓ ઉપર આથી વીશેષ અણઘટતી ટીકા બીજી કઇ હોય! લખનારની આ ટીકા આ સવાલ પાછળ ખરા અંતઃકરણથી સંપુરણ તન અને મનથી મહેનત લેનાર મારા મિત્ર ઓન. મી. ગોખલે (તાળીઓ) ઉપર છે? કે મારા જેવા એક નરમ પારસી (જબરી હસાહસ અને તાળીઓ) ઉપર છે? મને તો ઘણી વખતે જ્યાં કરડી ભાષા વાપરવી જોઇએ ત્યાં જુસ્સો નહીં બતાવવા માટે ઠપકો મળ્યો છે. મારા કહેવાની મતલબ એ છે કે એ લખનારે નાના મોટા, રાય અને રંક દરેકના મનમાં આ સવાલથી કેટલી તીક્ષ્ણ અને ગંભીર લાગણી ફેલાએલી છે તેનો ખરો તોલ બાંધ્યો નથી. ત્યાર બાદ લંબાણથી સત્યાગ્રહની લડત કેમ ચાલી તેનો દુખદ ઇતીહાસ સમજાવી સર ફીરોઝશાહે કહ્યું જે મી. ગાંધીએ આપણા હકોની માગણી કરવામાં મોળાપણું બતાવ્યું. હું હમેશાં લાંબા 'સમયથી' કહેતો આવ્યો છું જે બ્રીટીશ રાજ્યની એક પ્રજા ને શહેનશાહતના દરેક ભાગમાં છુટથી જવાનો હક છે, અને તે કદી છોડી દેવો જોઇએ નહીં. આ હક મોટો અને અગત્યનો છે. પણ મી. ગાંધી ભાગીને શરણ થયા અને તેમણે જણાવ્યું કે બ્રીટીશ હીંદીવાનોના દક્ષીણ આફ્રીકામાં દાખલ થવાના હક માટે હું દાવો કરતો નથી, પરંતુ જે થોડાક હજાર હીંદીવાનો આ દેશમા વસેલા છે તેઓના સંસારી અને શહેરી તરીકેના સાદામા સાદા હકો તો તમે સ્વીકારો. દક્ષીણ આફ્રીકાની સરકારે તેમ કરવાનું કબુલ કીધું પણ જ્યારે તેણે કાયદો બાંધ્યો ત્યારે જોવામાં આવ્યું કે તેણે કબુલાતનો ભંગ કીધો હતો. (શરમ શરમના અવાજો) આટલું છતાં આપણ હીંદીવાનોને શીખામણ આપવામાં આવે છે કે તમારે મધ્યમ રહેવું અને કંઇ પોકારો ઉઠાવવા નહીં. મી. ગાંધી મધ્યમ રહ્યા, દક્ષીણ આફ્રીકાની સરકારને સમજણ અને દલીલોથી સમજુતી આપવી લાગ્યા. આ ધોરણ મને અવ્યવહારૂ જણાય છે. આજ મુદ્દા પર હું તે સાધુ પુરૂષથી જુદો પડું છું. હું કહું છું કે તેમણે ઘણી ઓછી માગણી કરી એ તેમની ભુલ હતી. જો તેમણે વધુ માટે માગણી કરી હત, અને પુરેપુરી માગણીને વળગી રહ્યા હત તો તેમને કાંઇક મળત ખરૂં. અને તેમને એમ ન કહેવામાં આવત કે તેમણે થોડું માગ્યું છે તેથી તેમને એથી પણ વધુ થોડું મળશે. મારી રંક ન્યાયબુદ્ધિ પ્રમાણે મને એ મોટી ભુલ લાગે છે, તેમ છતાં એ મી. ગાંધીએ ચલાવેલી લડતના વાજબીપણા અને મધ્યમસરપણાનું સ્વરૂપ દેખાડે છે. ખરેખર દક્ષીણ આફ્રીકાનો (ગોરા) એ ઓછામાં ઓછા મધ્યમસરપણાની હીંદીઓની નાજુક માગણીઓ સ્વીકારવી જોઈતી હતી. મી. ગાંધી હજુ ધીરજ, સમજાવટ અને અગાઉની માફક મધ્યમસરપણાથી કામ લે છે. પણ આજ સુધી કોઈએ દાદ આપી નથી. હવે મામલો એટલે બધે પહોંચ્યો છે કે જે જોતાં આ દેશના તમામ લોકોને દુઃખ અને દરદ લાગે. ત્યા વસતા હીંદીઓના લગ્નના કાયદાને દક્ષીણ આફ્રીકાની યુનીઅન સરકાર કેવા રીતે માન આપે છે તે તો જુઓ. જ્યારે બોર અને બ્રીટનને કોઇ જાણતું પણ ન હતું તે વખતે હીંદીઓ ઘણાંજ સુધરેલા ગણાતા. એ પણ એક વખત હતો અને આજે ધારમીક રૂઢી મુજબ થયેલાં હીંદી લગ્નને તેઓ લગ્ન ગણવાની ના પાડે છે! (શરમ, શરમના અવાજ.) બાદ સર ફીરોઝશાહ મેતાએ માસીક ગર્વની બહાદુરીના ઘણાજ અસરકારક શબ્દોમા વખાણ કરી કહ્યું કે હવે હું એકજ ટીકા કરી મારી બેઠક લઇશ. હું પહેલેથીજ અભીપ્રાય ધરાવતો આવ્યો છું કે એશીઆઈટીકો કે હીંદીવાનોને ગોરાઓના મુલકમાં દાખલ નહીં કરવાનો સવાલ આવી ખુલી રીતે ઉભો કરવામા બ્રીટીશ સંસ્થાનો ગંભીર ભુલ કરે છે. યુરોપીયનો દુનીઆના બધા ભાગોમા જબરજસ્તી વાપરીને પણ દાખલ થવાને પ્રયત્ન કરે છે, જ્યારે તેઓ તેથી ઉલટીજ રીતે એશીઆટીકોને એ કે મુલકમાં રહેવાનો વાજબી હક હોય તે છતાં ત્યાં રહેવા દેવાની ના પાડે છે. અમે એવા બળવંત આસામી તરફથી નબળા આસામી ઉપર ગુજારવામા આવતો ગેરઇનસાફ કદી ટકી શકતો નથી, અને આખરે કુદરત ગેરઇનસાફ ગુજારનાર આસામીને ફટકો મારવાને કદી અટકાવી નથી તે તુમારખીમાં આવી ગયલા ગેરઇનસાફ ગુજારનારાઓના જુએ જવું જોઇતું નથી. આપણને આપણા દીલસોજ વાઇસરાય લોર્ડ હાર ડીંગ ઉપર વીશ્વાસ છે અને આપણે તે નામદારને અરજ કરીશું કે તેઓ દક્ષીણ આફ્રીકાની સરકાર આગળ સમજાવટ

જ્યાં દક્ષીણ આફ્રીકામાના હીંદીવાનોને નુકશાન આપનાર જ પાડે તો તે નામદારે દક્ષીણ આફ્રીકાની સરકારે પસાર કરેલ કાયદાને રદ કરવાની જે સત્તા પોતાના હાથમાં રાખી છે તેનો ઉપયોગ કરી હીંદીવાનો સામે આંકોશ મુકનારો કાયદો રદ કરાવવો. (તાળીઓ).

એ ઠરાવને સર નારાયણ ચંદાવરકર સર ઈબ્રાહીમ, તથા મી. જહાંગીર પીટીટે ટેકો આપતાં તે પસાર થયો હતો

[અપૂર્ણ]

ટ્રાંસવાલની બહાદુર બાઇઓ છુટી

ડરબન ૧૧૦ ફીલ્ડ સ્ટ્રીટમાં ગયા મંગળવારની વહેલી સવારથી હીંદી સ્ત્રીપુરૂષો અને બાળકોનો જમાવ થવા લાગ્યો હતો. ટ્રાંસવાલની ૧૧ બહાદુર બાઇઓ જે ફીનીખનની સરહદ ઉપર તથા ન્યુકેસલની ખાણોપર અદભુત શુરાતન બતાવી, નહીં પકડવા ઈચ્છતી સરકારને લાચાર બનાવી પકડાઇ હતી, તે ત્રણ માસની સખત જેલ ભોગવી ડરબનની જેલમાંથી આજે છુટનાર હતી. આ સત્યાગ્રહી બાઇઓને જેલના દરવાજા આગળ વધાવી લેવાનો ઉત્સાહ ફોકટ કરવા તેઓને અણધારી રીતે વહેલી છોડી મુકે એવી દહેશતમાં હીંદી સ્ત્રી પુરૂષોનાં ટોળાં જેલ આગળ વહેલા પહોંચી જવા આતુર હતાં તેવામાં ખબર ફેલાયા કે આ બધી બાઈઓને ટ્રાંસવાલની હદમાં પરબારી મોકલી દેવામાં આવે એવો સંભવ છે. તરતજ બીજી ખબર ફેલાઇ કે માર્શલલૉના અમલને લીધે જેલ આગળ હીંદીઓનો જમાવ નહિ થઇ શકે અને સરઘસ પણ નહીં નીકળી શકે. સરઘસ કાઢવાની રજા લેવા મી. પોલાક મહેનત કરી રહ્યા હતા પણ તેવામાં ૯ વાગ્યા પછી તરતજ ત્રણ સત્યાગ્રહી બાનુઓ જેલમાંથી છુટી મી. રૂસ્તમજીના મકાનપર આવી પહોંચી. આ વખતે કલકત્તા, મદરાસી, ગુજરાતી મળી ૨૦૦ જેટલી બાઇઓ અહીં એકઠી થઇ હતી તેણે આ બાઇઓને વધાવી લીધી. મીસીસ થમ્બી નાયડુની માતા મીસીસ એન. પીલે, મીસીસ પી કે નાયડુ તથા મીસીસ ચીનસામી પીલે આ ત્રણ બાઇઓ નાતાલનો હક ધરાવતી હોવાથી તેઓને છોડવામાં આવી હતી બાકીની બાઇઓ વિષે કંઇ ખબર તેઓ આપી શકી નહીં. પણ તેઓને છોડવાનો પ્રયાસ ચાલુ હતો. તે વખત દરમીયાન સભાનું કામ ચાલુ થયું માણસોનો જમાવ [illegible] વખતે બહુ વધી ગયો હતો, અને તાપ પણ સખત હોવાથી શીતળ શરબત, મેવો વગેરે તમામ હાજરીનોમાં વારવાર પહોંચાડવા ઉમંગી મી. રૂસ્તમજી મહેનત કરી રહ્યા હતા. શરૂઆતમાં ડરબન ઇંડિયન વિમેન્સ એસોસીએશન તરફથી આવકારનું ભાષણ મીસ આર આર મુદલીયે કર્યું ત્યાર પછી ઇમામ સાહેબ અબદુલ કાદર બાવાઝીર, મી. અને મીસીસ શેખ મહેતાબ, મી. કેલનબેક, મીસ વેસ્ટ, મી. રૂસ્તમજી, મીસીસ પી કે પીલેએ આવકારનાં ભાષણો કર્યાં, ભાષણકારોએ સત્યાગ્રહી બાઇઓની બહાદુરીનાં વખાણ કરી, તેઓને મુબારકબાદી આપી હતી, અને જણાવ્યું હતું કે પા ૩ નો કર રદ થયો નથી ત્યાં સુધી ગોળી ખાઇને મરનાર હીંદી ભાઇઓના શોકમાં આપણે આનંદ માની શકતા નથી. તેવામાં ૧૨ વાગ્યા ને સુમારે મીસીઝ ભવાની દયાલ છુટીને આવી પહોંચ્યાં તેમને વધાવી લેવામાં આવ્યા મી શેખ મહેતાબ અને બ[illegible]વકોએ લાગણી હલાવે તેવી, ખાસ પ્રસંગને માટે બનાવેલી કવિતા આ ટાણે ગાઇ બતાવી હતી, અને ગાતાં ગાતાં સત્યાગ્રહ બાઇઓને [illegible] વધાવી હતી તેવામાં ખબર આવ્યા કે બાકીની બાઇઓ પણ જેલમાંથી છુટી છે. તેઓ આવી પહોંચી કે તરતજ ભારે હરખથી તેમને વધાવી લેવામાં આવી, અને ભાષણો ફરી શરૂ થયાં. મીસ [illegible], રેવ એ. એ. બેલી, મી ઉમર હાજી આમદ ઝવેરી, શ્રીયુત અંબારામ મહારાજ વગેરેએ ધન્યવાદ દેનારાં અને સત્યાગ્રહના બળની તારીફ કરનારાં ભાષણો કર્યાં બધી સત્યાગ્રહી બાઇઓને નાતાલ ઇંડીયન એસોસીએશન, નાતાલ જરથોસ્તી અંજુમન, ટ્રાંસવાલ વીમેન્સ એસોસીએશન વગેરે તરફથી ફુલની માળા તથા ગજરાથી વધાવવામાં આવી હતી આશરે બે વાગ્યે મેળાવડો વિસરજન કરી મી. રૂસ્તમજીએ સત્યાગ્રહી બાઇઓને ભોજન કરાવ્યું. મીજબાનીનો બધો ખરચ મી રૂસ્તમજીએ આપ્યો હતો. સત્યાગ્રહી બાઇઓને પ્રીટોરીઆથી અંજુમને ઇસ્લામ, બ્રીટીશ ઇંડીયન કમીટી, તથા તામીલ બેનીફીટ એસોસીએશન તરફથી મુબારકબાદીના તારો મળ્યા હતા. મીસીસ શેખ મહેતાબ, મીસીસ ગાંધી તથા બીજી સત્યાગ્રહી બાઇઓ પોતાની જેલી બહેનોને વધાવવા હાજર થયેલ મીસીઝ ગાંધી હાલ કેટલોક વખત થયાં પથારીવશ થયેલ પણ જરાક સારી તાકાદ આવતાંજ તેઓ પોતાની જેલી બહેનોની મુલાકાત લેવા ફીનીક્સથી ડરબન ખાસ પહોંચ્યા હતા

રેલવેની હડતાલ

રેલવેની હડતાલે ગયા અઠવાડીઆની શરૂઆતમાં ટ્રાંસવાલ ખાતે મોટું રૂપ પકડ્યું હતું. પાછળથી સાથી કંઇક તેનું જોર નરમ પડ્યું પણ નાતાલ ખાતે હડતાલવાળાઓની સંખ્યામાં થોડો વધારો થયો હતો માર્શલ લૉનો જોહાન્સબરગ ખાતે પુરો અમલ થયાનું રૂટર જણાવે છે ટ્રેડ્ઝ હોલની અંદર લગભગ ૨૫૦થી ૩૦૦ માણસો હતા, તેની આસપાસ લશ્કર ઘેરો નાખીને રહ્યું હતું. પાણી બત્તી વગેરેનો સંબંધ કાપી નાખી અંદરના માણસોની સ્થિતિ જેલી સમાન કરી નાખવામાં આવી હતી કમીશનર સ્ટ્રીટમાં બરગરોનું લશ્કર ફીલ્ડગન સાથ ઉભું કરવામાં આવ્યું હતું. પાછળથી ફેડરેશનના સેક્રેટરી મી બેઇન અને બીજા કંઇ વગર શરતે લશ્કરને શરણે થયા હતા તેમને પકડી લશ્કરની મોટી ટુકડી વચ્ચે થઇને પોલીસ સ્ટેશને લઇ જવામાં આવ્યા હતા. આ ફારસ તે આ વખતની હકીકતના પ્રતીક રૂપ છે

પ્રીટોરીઆમાં મેયર તથા બીજા ૩૦ને, જોહાન્સબરગમાં જાણીતા સોશ્યાલીસ્ટ મી. ક્રીનને, ડરબનમાં મી બોયડેલ (એમ એલ એ) તથા મી. ટેન્ડ્રીજ (સાઉથ આ લેબર પારટીના ડરબન ખાતાના પ્રમુખ) ને તથા બીજી જગ્યાએથી ઘણા આગેવાનોને માર્શલ લૉ અથવા બીજી રીતે પકડવામાં આવ્યા છે

નાતાલ 'ટાઇમ્સ' નો ખબરપત્રી જણાવે છે કે આ હડતાલથી સરકારને રોજનું પા ૪૦,૦૦૦નું ખરચ છે. રેલવે, ખાણ અને બીજા ઉદ્યોગ વેપારમાં નુકસાન થાય છે તે તો જુદું.

હવે ઘણું ખરું માણસો પાછા કામ ઉપર ચડવા લાગ્યા છે

પરચુરણ

'બીક દીલસોજ' હીંદી' લખે છે કે જાપાનમાં હાલ કુદરતી જે હોનારત થઇ છે તેમાં હજારો ને હજારો માણસોના જાન ગયા છે અને કમકમાટ ઉપજાવે તેવી બીના છાપા દ્વારા બહાર આવી છે. દરેક હીંદી દીલસોજની ફરજ છે કે આવી મુસીબતમા સપડાયલા નીરાધાર જાપાનીસોને મદદ કરવા ચુકવું નહીં ને જેમ બને તેમ દરેક હીંદી સંસ્થા ઉઘરાણાનાં ફંડ ખોલી ફંડ ભેગું કરી જાપાન ગવરનમેન્ટને મોકલી આપશે એવી આશા રાખવામાં આવે છે.

મી એ. એમ. સોલવા ક્વીન્સ ટાઉનથી લખે છે કે આપણી લડત સત્યની છે એટલે ઇશ્વર તેમાં ફતેહ આપશેજ. પા. ૩ નો ખુની કર રદ કરવો સરકારને ભારી થઇ પડે છે પણ સરકાર ખુની કર રદ કરશું એવું વચન કોમને દઇ ચુકી છે. એટલે એ સવાલ હીંદીથી પડતો મુકી શકાય તેમ નથી પરમારથની નજરે તો આ કર સામે પુરું લડવું જોઇએ પણ સ્વારથની નજરે કોઇ જુએ તો તેને પણ લડવું જોઇએ. ગીરમીટમાંના હીંદીની સંખ્યા આશરે ૪૦,૦૦૦ ની છે. તેઓ ઉપરથી આ ખુની કરનો કરનો બોજો ઓછો થાયતો તેઓ આપણે ત્યાંજ બચેલા પઇસાનો માલ લેશે. ગીરમીટ પુરી થયે વધુ કમાશે તો તે પઇસા પણ આપણા વેપારીને ત્યાંજ ઓછા વધતા આવશે. આ દેશના મારા હીંદી ભાઇઓને ખબર હશે કે પા.૩ બાબત હીંદી વેપારીઓ વતી સર સરકાર પાસે ડેપ્યુટેશન લઇ ગયા હતા. તેમને દાદ મળી નહીં. સાદીનો સવાલ ડોમીનીઅન્સ બોર્ન અને ડોમીસાઇલના સવાલ તેટલાજ અગત્યના છે. આ બધું મેળવવાનો રસ્તો ફક્ત એજ કે સત્યાગ્રહની લડતમાં મદદ કરવી. ગરીબડા હીંદીઓએ પોતાના પ્રાણ ખોયા છે, તો શું વેપારી પોતાનો સ્વારથ જોશે?

સ્ટેંગરથી મેહફીલે રેહનુમ ઇસ્લામની કમીટી તરફથી મી. એ. ડી. વાહેદ લખે છે કે:—ડરબન મેહફીલે રેહનુમ ઇસ્લામના માજી સેક્રેટરી અને ડરબનના જાણીતા વેપારી મેસરસ બી. ઇબ્રાહીમ ઇસ્માઇલ કુ. વાળા અને અસમાલ કુટુંબના એક નવજવાન મી. ગુલામ હુસેન હાજી ઇસપ અસમાલ ગઇ તા. ૨૪ મી ડીસેમ્બરના રોજ ડરબન ખાતે તેમના એક નોકરના ખુની હુમલાથી મરણ પામ્યા છે. મરહુમના મરણની ખબર જાણીજાણી તમામ કોમ્યુનીટીના મોટી સંખ્યામાં મુસલમાન, પારસી, હીંદુ વગેરે દફન કરતી વખતે સામેલ હતા. મરહુમની ઉમર ૨૪ વરસની હતી. મરહુમ એક લાયક અને સાદી તબીયતના જવાન હતા. અસમાલ કુટુંબના જે આ બે પીસ ગુમ થયા છે તેમાં પહેલા મરહુમ હાજી હુસેન દાઉદ તથા બીજો આ નવ જવાન એ બેઉ મરહુમો પોતાની પાછળ બહોળું કુટુંબ વીલાપ કરતા મુકી ગયા છે. ખુદાપાક એ કુટુંબને સબર દીએ અને મરહુમોની આરવાહને જનત મુકામે જગા કરે.

અલ્હાબાદના ખ્રીસ્તી વિદ્યાર્થીઓના મંડળે દક્ષીણ આફ્રીકાના સત્યાગ્રહના ફંડમાં મદદ કરવા એમ. પંડીત મોતીલાલ નેહરૂના આશ્રય નીચે અને પંડીત મદન મોહન માલવીઆની સમક્ષ એવીંગ કોલેજમાં જુલીઅસ સીઝરનું નાટક ભજવી બતાવ્યું હતું. પ્રીન્સીપાલ જેન્નીયરે વિદ્યાર્થીઓને દક્ષીણ આફ્રીકાની લડતમાં ખાસ અંતઃકરણથી મદદ કરવા જણાવ્યું હતું.

સં. નબર ૬૬૫

જાહેર ખબર

સ્વસ્થાન પોરબંદરની મુનસફ કોરટમાં

રે દી. મુ. નં. ૧૨૫ / ૧૯-૧૩

પારેખ મેરાનજી નાનજીભાઇ લાલપુરવાળા
ઉમર આશરે વરસ ૪૦ ની, કસબ વેપાર
રે. લાલપુર હાલ ધંધાર્થે મુંબઇ } વાદી

વીરૂધ્ધ

૧ ઠા. ઓધવજી વીરજી ઉ. આ. વ ૪૦ ની
૨ ઠા વીરજી માધવજી ઉ આ વ ૬૦ ની
૩ ઠા. ગોકળદાસ વીરજી ઉ. આ વ ૩૫ ની
૪ ઠા. કલ્યાણજી વીરજી ઉ. આ. વ ૩૨ ની
૫ ઠા. જમનાદાસ વીરજી ઉ. આ. વ. ૨૭ ની
૬ ઠા. વલભદાસ વીરજી ઉ. આ. વ. ૨૩ ની
કસબ વેપાર જાતે લુવાણા રે ખીર
સરા હાલ નં. ૨ સીવાયના ધંધા
અરથે આફ્રીકા ગયા છે. } પ્રતીવાદી

દાવો રૂા. ૨૯૭-૨-૦

પ્રતીવાદી નં. ૧ ઠકર ઓધવજી તથા નં. ૩ ઠા ગોકળ દાસ તથા નં. ૪ ઠા કલ્યાણજી તથા નં. ૫ ઠા. જમનાદાસ તથા નં. ૬ ના ઠા વલભદાસ વીરજી રે ખીરસરા હાલ નૈરોબી (આફ્રીકા) વાળાઓને આથી ખબર આપવામાં આવે છે કે વાદીએ તા. ૨૭ ફેબરૂઆરી સને ૧૯૧૩ ના રોજ આ કોરટમાં કરેલ દાવા અરજીની રૂએ ઉપરની રકમ લેવા માટે દાવો કર્યો છે જેનો મુદ્દા ઠરાવવાનો સમન્સ તમોને પ્રતીવાદીઓની ઉપર મોકલ્યા છતાં બજવા દેતા નથી એમ જાહેર કરતાં આથી જણાવવામાં આવે છે કે સદરહુ દાવાની મુદ્દા ઠરાવવાની મુદત તા ૧૨ મારચ સને ૧૯૧૪ ની ઠરાવવામાં આવે છે તો તે રોજ સવારના ૧૧ વાગે આ કોરટમાં તમારે જાતે અગર આ કોરટના યોગ્ય વકીલ મુખત્યાર મારફતે વાદીને જવાબ આપવા સારૂં હાજર રહેવું. જો ઉપર લખેલ દીવસે તમો હાજર નહીં થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે અને કાયદેસર નીકાલ કરવામાં આવશે

આજ તા. ૨૪ નવેમ્બર સને ૧૯૧૩ ના રોજ મેં મારી સહી તથા કોરટનો સીકો કરી આપ્યો.

સ્વસ્થાન શ્રી પોરબંદર } K. H. Vora,
મુનસફ કોરટનો સીકો. } મુનસફ, પોરબંદર.

નીતિનાં કાવ્ય — હેલા બહાર પડેલ આ પુસ્તકમાં બીજાં ૧૬ પાના ઉમેરવામાં આવ્યાં છે છતાં તેની કીમત પેની ૩ જ રાખેલી છે. પોસ્ટેજ ૧ પેની

શરીર સંપત્તિનો વધારો અને તેની સંભાળ—લખનાર વડોદરા નિવાસી પ્રોફેસર માણેકરાવ. કીમત ૩ પેની પોસ્ટેજ ૧ પેની.

"இந்தியன் ஒப்பீனியன்"

புதன்கிழமை . . 1914வீர் ஜனவரி 21உ.

[illegible]

உடன்பாட்டு வேலையும் அதனால் நேரிடும் துன்பங்களும்

[illegible]

ஸர் பெஞ்ஜமின் ராபர்ட்ஸன் அவர்கள் வருகை

[illegible]

ஓர் அக்கிரமமான வழக்கு

[illegible]

நிச்சயமாகவே மரணம் சம்பவிக்கும்

[illegible]

ஓர் சமாச்சாரம்

மிஸ்டர் காந்தியும், ஆண்ட்ரூஸ் பாதிரியாரும் தற்காலம் பிரிட்டோரியாவில் இருக்கிறார்கள். இவர்கள் தற்போது ரெயில்வே வேலை நடக்கிற [illegible] வரையில், இந்தியர்களும் இச்சமயம் வேலைநிறுத்தம் செய்யும்படி சொல்லுவதில்லை என்று சர்க்காருக்கு [illegible] கொடுக்கிறார்கள். மறுபடியும் இந்தியர்கள் [illegible] [illegible] செய்ததால் ரெயில்வே [illegible] ப்பாட்டத்தின் விஷயம் முடிவு பெற்ற பிறகுதான் செய்ய வேண்டுமென்றும் சொன்னார். இவர்கள் [illegible], ஜெனரல் [illegible] [illegible] பேசிவருகிறார்கள். அதின் விஷயத்தை அடுத்த வாரத்தின் சஞ்சிகையில் [illegible] போம்.

ஸ்ரீமான் காந்தி அவர்களின் கடிதம்

இதனைச் சகல [illegible] தெரிந்துகொள்ள வேண்டியதாவது [illegible] [illegible] [illegible] தன்னுடைய செய்யும்படியாக [illegible] [illegible] செய்வதால் சகோதரர்கள் யாவரும் நம் வரிக்கு [illegible] வரையிலும், மாஜிஸ்திரேட்டிடம், [illegible] [illegible], தோட்டக்காரர்கள், [illegible] [illegible] க்காரர்களிடம் எஜமானர்கள் [illegible] [illegible] தன்னைத்து உண்டாமல், இனிமேல் கொண்டு [illegible] ஒப்பந்தம் (கிரிமிட்டு) கொடுக்காமலும், ஒப்பந்தத்திலிருப்பவர்கள் மறுபடி திரும்பவும் [illegible] மற்றும், கட்டுப்பட்டு நடக்கக்கூடாது. [illegible] [illegible] [illegible] மறுமுறை ஒப்பந்தம் (கிரிமிட்) கொடுக்காமலிருக்கப் பிரார்த்திக்கிறேன்.

மெய்யுள்ள,

தங்களன்புள்ள,

எம். கே. காந்தி.

வேலை செய்யமாட்டோம் என்கிற இந்தியர்கள்

[illegible] [illegible] வேலை செய்யமாட்டோம் என்று சொன்னதாக குற்றஞ்சாட்டப்பட்ட 11 இந்தியர்களை கோர்ட்டுக்குக் கொண்டுவந்தார்கள். இவர்கள் எல்லோரும் தங்களுடைய குற்றத்தை ஒப்புக்கொண்டார்கள். [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] குற்றவாளி தன்னுடைய குற்றத்தை ஒப்புக்கொண்டாலும் [illegible] [illegible] [illegible] வேண்டியது அவசியம் என்று மாஜிஸ்ட்ரேட் சொல்ல, வாதியான வக்கீல் குற்றவாளிகள் தங்களுடைய குற்றத்தை ஒப்புக்கொண்டாலும் [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ஆனால் அவ்வித [illegible] [illegible] [illegible] வருகிற விஷயத்தை [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] எழுதி ஜே. பி. முன்னிலையில் கையெழுத்து செய்து கொண்டு [illegible] [illegible] குற்றவாளிகளுக்கு பேருக்கு 10 ஷில்லிங் அபராதமும் [illegible] [illegible] [illegible] [illegible] 7 [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

சில இந்தியர்களின் விடுதலை

கடந்த சனிக்கிழமை இந்தியாவில் [illegible] "ஆரிய வர்த்தமானி" யின் பத்திராதிபரும் "இந்திய வாலிப சங்கத்தின்" [illegible] மிஸ்டர் பவானி தயால் என்பவரும் மிஸ்டர் [illegible] [illegible] [illegible] [illegible] ஜெயிலிலிருந்து விடுதலையடைந்தார்கள். இவர்களை ஜெயில் வாசற்படியில் சந்திக்கும்படி மிஸ் ஷிலீசின், கனம் எல். பி. [illegible], தம்பி நாயுடு, பதனி அவர்களும் இன்னும் [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] இந்தியர்கள் [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] பெரிதாயிருந்தது. ஜெயிலில் இவர்கள் பட்ட துன்பங்களைப் பற்றி பிரியாதுகள் [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] காப்பாற்றவும் பொருட்டும், 3 பவுன் வரியை ரத்து செய்ய வேண்டுமென்பதின் குறியாக இன்னும் ஜெயிலில் இருக்கிறார்கள். பெண் பிள்ளைகளைப் [illegible] இவ்வாறு [illegible] செய்வது, தேசாபிமானம் [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

சாதங்க எதிரிடை கூலிக்காரர்கள்

சென்ற 2ம் தேதியன்று [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], எதிரிடை கூலிகள் [illegible] [illegible] [illegible], பெண்பிள்ளைகள் 124 [illegible] [illegible] [illegible] [illegible] [illegible] போலீஸார் [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] 7 நாள் கடுங்காவல் விதிக்கப்பட்டார்கள். இவர்கள் விடுதலையான பின்பு ([illegible]) [illegible] கொண்டுபோகப்பட்டு அவர் [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] 15 [illegible] [illegible] [illegible] செய்யமாட்டோமென்ற குற்றஞ் சாட்டப்பட்டதில் [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ([illegible] [illegible]) எஜமான் தங்களை வெருளாய் இம்சித்த [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ரேட் (மிஸ்டர் [illegible]) இவர்கள்மீது பரிதாபமில்லையென்றும், வேலை செய்வதற்கு இடங்கொடுப்பதில்லையென்றும், [illegible] [illegible] [illegible] [illegible] சொல்லி, ஒருவனுக்கு 20 நாளும் மற்றவர்களுக்கு 14 நாளும் தண்டனை விதித்து [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] 14 நாளும், ஒருவனுக்கு 7 நாளும், [illegible] [illegible] [illegible] [illegible] 2 பேருக்கு 14 நாளும் தண்டனை விதிக்கப்பட்டது, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] இந்தியனுக்கு 11 நாள் [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] போவதில்லையென்று சொன்னான்.

इंडिअन ओपिनिअन

बुधवार, ता. २१ जनवरी १९१४

लडनका समाचार

ता. ३० जनवारी के रोजसें केपटाउन में पारलामेंट का बेठक शुरू होगा.

गत सनीवार को ११ गीरमीट वाले हींदी को डरबन कोरट में खडा करने में आया रहा. वे सब काम पर जाने की ना बोलता रहा. माजीस्टरेट ने उन्को ७ दिन जहेल अथवा १० - शीलींग दंडकी सजा दीया.

दुसरा एक केस मुनुसामी नाइडु का रहा. मुनुसामी नोटींगहाम रोड में हर केकन मेकेन्झी के यहां गीरमीट में रहा. उसके ११ बख्त तो मुकदमा हो गया है. यह १४ मा मुकदमा समय भी उसे ओही ज बात कीया की में काम पर आने वाला नहीं हुं. 'नाताल एडवरटाइझर' का रीपोरटर कहेता है की जहेलमें से नीकलनेके बाद काम पर जाने का उस्को जभी कहेने में आया तभी हर दफे उसे स्पष्टतासे ना बोला रहा है. माजीस्टरेट को उसे बोला की जा मैं काम पर जाना तो खचीत मेरा मरण होता. माजीस्टरेट ने उन्को १४ दिवसकी सख्त मजुरी की जहेल दीया.

ग्रीनवुड पारक के इंटा के कारखाने में काम करने वाले १ गीरमीट वाले हींदीओंको गत बुधवार के रोज वीरुलम कोरट में खडा करने में आया रहा. उसे कहा की सत्याग्रही के तोर पर जहेल में थे ता. ४ को छोड छुटे पीछे बेरोजगार रहे. और ता. १२ को प्रोटेकटर ने उन्को पोलीस साथ मालीक के यहां भेजे. माजीस्टरेट ने उन्को बीन कसुरवार गीन कर छोड दीया.

मेरीसबरगमें मेसरस पी. के. नाइडु, छुग्गी, और एम. पी. नायक पर जो केस रहाथा वोह गत ता. १३ के रोज क्राउन प्रोसीक्युटर ने पीछा खेंच लीया. और हरेककेलीये पा. २०० की जामीनगीरी रहा वोह रद कीया.

गत बुधवार ता. १४ के रोज वीरुलम माजीस्टरेट की कोरट में मी. डबल्यु. जी. आरमस्टरोंग (गन्ना के खेत वाला) पर मोलवी महमद सीफाइ, महमद युसफ और मकदुम खान को ता. २२ नवेम्बर के रोज मार ने का मुकदमा हुआ रहा. डा. हील ने मारका वरनन लीखा रहा वोह पढ कर सुनाया. डाकटर ने कहा की चाबुक जैसे कोइ मोटा हथीआर से मारा है पीठ मस्तक और चेहरा पर दाग रहे. नाडी बराबर नहि रहा और चेहरा पर का कीतनाक भाग बहार मार दीया रहा. मोलवी और दुसरा दो ने जो स्टेटमेंट नवेम्बर में करा रहा वोह बराबर रहा ऐसा माजीस्टरेटके पास कहा. तीन गवाही के लीये केस ता. २१ पर मुलतवी रहा है.

मरहुम सुभाईका नाम से हमारे पाठक ज्ञान होंगे. यह गरीब हींदी का मरण ता. १० डीसेम्बर को रोज वीरुलम अस्पताल में हुआ और ता ११ का रोज डरबन स्मशान में जाहिर रीतीसें दहन हुआ. मरनके आगे दो सप्ताह पर यह गरीब हींदीने अपने पर चाबुक का सख्त मार पडने की फरीयाद कीया रहा और वीरुलम माजीस्टरेट की पास सोगंद नामा रजु कीया रहा. मरण के बाद वीरुलम का डा. हील और डा. फीसर ने मरण का कारण देखनेके लीये शब खोलके तपास करा रहा. इस समय एसोसीएशन तरफ से डा. नानजी, डा. कोपली और मी. वेस्ट हाजर रहे. यह मुकदमा ता. १३ जनवारी को हुआ, उन्का साहेब टोड करके फीनीक्स बाटल कंपनी का मेनेजर रहा. जो दीन मार पडा उसी दीन सुभाइ फीनीक्स में 'इंडीअन ओपीनीअन' की जगाह में आया. मारकी हकीकत मी. वेस्टको सुनाया. सुभाइ को वीरुलम माजीस्टरेट की पास स्टेटमेंट करने को भेजा. उसे कहा की हम को चाबुक से और लातों से मार मारा दीया और बहुत हेरान कीया. ता. १० नवेम्बर हम काम पर जाने के इनकार बोला उस सबब से हमको मारा. सुभाइ पांच दिन फीनीक्स फारम में रहा. पीछे केपटन्कर केंपबेल और पोलीस उनके माउंट एजकम्ब ले गया. सारवार का बहाना से ले गये परंतु उस्को वीरुलम ले जाके कोरट में खडा कीया और उसके पर काम छोड कर भाग जाने का तहोमत रखा. माजीस्टरेट ने उन्को 'केशन' का छोड दीया. पीछे मार की धमकी देने का टोड पे उन्कोपर केस रखा. माजीस्टरेटने केस एक सप्ताह तपास करने के लीये मुलतवी रखा परंतु कुच्छ तपास हुआ नहीं. न्याय होने में विलंब हुआ पोलीस ने भी यह मामला दिन प्रती दिन मुलतवी रखे, और अंतमें सुभाइ मर चले तब तक कुच्छ नाइ हुआ, सुभाइ टायर्ले पर जहेल में बंध रहा तभी बहुत बीमार हुआ. उसे जहेल में से उन्को हस्पिताल में लाया, वहां ता. १० को दिन वोह मर गये. यह मामला में गत मंगल को वीरीभाना, मी. वेस्ट केपटन्कर केम्पबेल, मीस मोल्टीनो (जो युनीयन पारलामेंट का 'स्पीकर' की बहेन है, और जो सुभाइ फीनीक्स फार्म में आया तभी साक्षी रहा), डा. हील और डा. फीसर ने साक्षी दिया और पीछे केस ता. २२ पर मुलतवी रहा है.

यह मामला में बीच में आने के लीये मी. वेस्ट को मी. टोडने धमकी दीया रहा. उस्का मुकदमा गत सप्ताह में हुआ. जीसमें मी. टोड का सुलेह रखने के लीये पांच पवन्ड का बोन्ड ने छे मास तक बंधन लीया है. और पा. २-१०-० खरचा दीलवाया है.

हींदी यंग मेन्स एसोसीएशन का प्रमुख और 'आर्यवर्त' का मंत्री मी. भवानी दयाल डरबन जहेल में से और मी. सीवप्रसाद (जरमीस्टन का) पोंइंट जहेल में से सनीवार के रोज छुटे है. यह दोनो भाइओ की बहादुर ओरतो भी जहेल में है. सोमवार के दिन गुलाबदास और रघुवरसींग छुटे. मीस स्लेशीन, मी. वडी, मी. लाल बहादुरसींग मी. पी. नायडु आदि अन्य जहेल के दरवाजे पर उन्को आवकार देने को गये रहे. वहां एसोसीएशन की तरफ से फुल की मालो पहेराइ और भी यथार्थ इज्जत दीया

न्युकेसलमें जो बहादुरीसे ११ ओरत पकडाइथी वोह मंगल के रोज छुटे है.

गत ता. ७ वी के दिन मी. गांधी प्रीटोरीया गये उस्की साथ रेव. एन्डरूस भी गये है वहां हींदी कोम तरफ से मी. एन्डरूस को अच्छा इजत दीया है. एक सभा बोथी कमीटी तरफ से हुआ. दुसरे दिन मी. हाजी हबीब के वहां खाना दीया. ता. ९ के दिन मी. अली महमद कमीसर ने मी एन्डरूस के मानमें टीपारटी दीया रहा. ४० आगेवान हींदु, मुसलमीन आमंत्रण से यह समय हाजर थे. मी. गांधी

ने अन्त में कहा की प्रिटोरिया के गोरे ऐसे समझते है की हमारे हिंदु मुसलमान में मिलावट नहीं है. बरावर में गुड आनेवाले ने एक इश्तहार बनाया जिसका मतलब एसा है की दो कोम की तोड़ने के कसद है नहीं. गोराओंकी मान्यता झूठी है सही कहते थे मुसलमान कहते है की वे तन और धन से कोमकी कसद को मदद करते है और करेंगे. फीर मी. अमीर, मी. बुधन हाजी बाव महमद, मी. काशीम आदम, मी. हाजी हबीब और मी. हुश महमद बोला की हिंदु मुसलमान एक है और सत्याग्रह को संपूर्णता से मदद देते है. यह दस्तावेजी से दोनों कोम का अभोग्रागो ने सही कर के मी. गांधी को सुपुर्द करा. आप कैसा था के मजबुत करा. तमोल गीतोंने कि जीये प्रांत्य उपयोग करने को कहा. फीर सभा अच्छा से बरखास्त हुआ.

इस सप्ताह में डरबन में लोर्ड हारडीग ने भाषण देते मदद दत लोगोको वर्तमान कमिशन स्वीकारने की सलाह दीया. ना. ग्लाडस्टोन ने अपनी लडत में हमारा में मदद कीया इससे हम उनका आभारी है. परन्तु अफसोस है की हम इस उद्देश की यह सलाह कबूल नहीं कर सकते है क्यों की हमने ये कसम खाई है की कमीशन में हमारा कोम प्रतीनीधी न आवे तबतक हम कबुल नहीं कर सकते.

हींदुस्तान के समाचार

'बंगाली' कहते है की ता. ३ डीसेम्बर को संध्या को कलकत्तेके टाउनहालमें दक्षिण अफ्रिकाकी शोचनीय परिस्थितिपर विचार करनेके लिये कलकत्ता वासियोंकी विराट सभा हुयी. मिस्टर सबको पहले ही इस सभाओंके लगभग १५ हजार मनुष्य टाउनहालमें उपस्थित थे और लोगोंमें बड़ा जोश दिखायी देता था. बाद प्रायः ५ हजार मनुष्य और एकत्र हो गये. बाबू भूपेन्द्रनाथ बसुके प्रस्ताव और मी. आई. बी. सेनके अनुमोदन तथा सर्व सम्मतिसे वर्दवानके महाराजाधिराजने सभापतिका आसन ग्रहण कर अपनी छोटी वक्तृता पढ़ सुनायी. आपने कहा कि, विलायतमें डेपुटेशनके प्रश्नमें लार्ड क्रूकी वक्तृतासे हम सन्तुष्ट नहीं हुए. शिक्षितोंपर अभियोग लगाया जाता है कि उनके विचार सर्व साधारणके विचार नहीं है. पर मैं जोरसे कहता हूं कि, इस विषयमें छोटे और बड़े सभी सहमत है, भारतवासियोंकी समझमें यह नहीं आता कि, जो सरकार यहां अपनी प्रभुता दिखा सकती है वह उपनिवेशोंमें भारतवासियोंको रक्षा क्यों नहीं कर सकती. लार्ड हार्डिंगने कहा है कि, भारत सरकारकी चालोंसे दक्षिण अफ्रिकावासियोंकी हानि हुई है. इससे हमें भी उनके जैसा ही वर्ताव करना चाहिये, जैसा वे हमसे कर रहे है.

अन्तमें सभापतिने सर्व साधारणसे चन्दा देने की प्रार्थना की.

पहिला प्रस्ताव नवाब नवाबअली चौधरीने उपस्थित किया. आपने अपनी लिखी वक्तृता पढ़कर सुनायी जिसमें दक्षिण अफ्रिकाके हिन्दुस्तानियोंके कष्टोंका वर्णन था. मीन्सीपाल मिस्टरने इसका अनुमोदन किया. आपने बड़ी सुन्दर वक्तृतामें कहा कि, इंग्लंड और हिन्दुस्तानको एकसाथ मिलके चलनी चाहिये यह असम्भव होगा कि, स्वतंत्र उपनिवेशोंसे हाथ धो बैठे पर अपने उच्च सिद्धान्त न त्यागें. यदि इस झगडेमें इंग्लंडने दक्षिण अफ्रिकाके सामने सिर झुका दिया, तो इसका परिणाम क्या होगा? परिणाम यह होगा कि इस अन्यायकारनेके कारण पुरुषोंके हृदयको दुःखदायी झगड़ेमें और स्त्रियोंकी धर्मभ्रष्ट करानेके पाप करनेका इलजाम जो इंग्लंडके सिर रहेगा उससे संसार और भविष्यतामें भी वह कलंक बना रहेगा है जिसका कारण उपनिवेशोंका अनन्त समस्त साम्राज्य भारत के ऐसा लोग बनाते अन्य वर्णोंका लोगों को निकाल बाहर करना है. इसके लिये भी इंग्लंड उत्तरदायी होगा. भारतमें केवल ब्रिटिश साम्राज्य ही ऐसा स्थान है जिसमें स्वेतांगो और अश्वेतांगोंका यह कलंक दूर हो जा सकता. यदि इस समय इंग्लंडने चुप साध ली, तो इसका परिणाम सफेद कालेके झगडेसे अधिक दुःखदायी होगा.

नवाब शुजात अलीने इसका समर्थन किया.

दूसरा प्रस्ताव आन. मि. फजलुल हकने उपस्थित किया. मि. डी. के. घोषके अनुमोदन और मि. रसूलके समर्थन तथा सर्व सम्मतिसे निष्क्रिय प्रतिरोधियोंकी प्रशंसा की गयी और सत्याग्रहका समर्थन किया गया.

तीसरा प्रस्तावमें यूनियन गवर्नमेंटके अत्याचारोंपर क्रोध प्रकट किया गया. इसे बा. अम्बिकाचरण मजुमदारने उपस्थित किया. बा. देवीप्रसाद खेतानके अनुमोदन और सर्वसम्मतिसे यह स्वीकृत हुआ. चोथा प्रस्तावमें लार्ड हार्डिंग की तेजस्विताकी प्रशंसा की गयी, अत्याचारों की जांचकी आवश्यकता बतलायी गयी और भारतसरकारसे प्रार्थना की गयी कि, वह भी उपनिवेशोंसे वैसा ही व्यवहार करे जैसा वे हमसे करते है. यह प्रस्ताव राय हरिराम गोयनकाने उपस्थित किया. इसका अनुमोदन बारिस्टर बी. चक्रवर्ती और समर्थन बा. प्रभात मोहन रायने किया.

पांचवा प्रस्ताव चन्देके लिये था. इसपर प्रस्तावक बा. बैकुण्ठनाथ सेन, राजा रुक्मिकेश लाहा, पादरी हाउसन, प्रभृतिके व्याख्यान हुए. प्रायः ३० हजारका चन्दा लिखा गया. छठा प्रस्ताव कैनेडाके भारतवासियोंके कष्टोंके विषयमें था, जिनके दूर करनेकी प्रार्थना साम्राज्य सरकारसे की गयी ७ वे प्रस्तावमें सभापतिको अधिकार दिया गया कि, वे इन प्रस्तावोंकी प्रतिलिपि भारतसचिव, औपनिवेशिक सचिव, भारतसरकार और मि. गांधी को भेज दें.

ढाकेमें सभा १६ दिसम्बरको ढाका बार ऐसोसिएशन हालमें खां बहादुर मौलवी हुसेन साहबके सभापतित्वमें हिन्दु मुसलमानोंकी सभा हुई थी. भाइयोंसे सहानुभूति और यूनियन सरकारके प्रति घृणा और क्रोधके प्रस्ताव स्वीकृत हुए.

नेटाल विलायत. डर्बनकी वेरूलम सभाके सेक्रेटरियोंने वाइसरायको तार भेजकर यूनियन सरकारके अनुचित व्यवहारका प्रतिवाद, साम्राज्यमें भारतवासियोंकी हैसियतपर शोक प्रकाश और वाइसरायका उनकी सहानुभूतिके लिये धन्यवाद दिया है.

मजूरोंमें जोश. ३ दिसम्बरको बम्बईकी मिलोंमें काम करनेवाले मजूरोंने एक सभा कर प्रवासी भाइयोंके कष्टकी प्रशंसा की. साथ ही साम्राज्य सरकारसे हस्तक्षेप करने और ब्रिटिश मजूरदलसे सहायताकी प्रार्थना की गयी. खूब भीड थी.

प्रवासी भाइयों के दुःख में सहानुभूति प्रकट करने के लिए काशी मे दूसरी, और प्रयाग मे पांचवी सभा की इन सभाओं मे भाइयो के लिए और भी रुपया मिला. लेकिन, इन सभाओं में एक बात खास हुई, जिस से पता लगता है, कि देश में दक्षिण अफ्रिका के अधिकारियों के विरुद्ध कितने जबर्दस्त भाव है. प्रयाग मे कुछ लोगों ने सभा से अलग बोथा की मूर्ति को गधे पर निकाला, और इसी तरह काशी में लोगों ने बोथा, स्मट आदि की मूरतें जलाई. –प्रताप

BOOKS TO READ

	Price, post free. s.	d.
The Story of an African Farm, a novel, by Olive Schreiner	1	9
Civilisation of India, by R. C. Dutt	1	9
Byzantine Empire or History of Syria, Asia Minor, Egypt in Africa. (The present Turkish Empire formed once a portion of the Byzantine Empire.)	1	9
Fields, Factories and Workshops, or Industry combined with Agriculture and Brain Work with Manual Work, by Prince Kropotkin	1	9
Self-Help, by S. Smiles	1	11
Life and Labour or Characteristics of men of Industry, Culture, and Genius, by S. Smiles	1	11
Character, by S. Smiles	1	11
Rubayat of Omar Khayyam, with Illustrations	1	7
The Song Celestial, by Edwin Arnold	2	3
The Light of Asia, by Sir Edwin Arnold	2	3
Islam by Justice Syed Ameer Ali	1	9
The Koran	1	9
Sakuntala, an Indian Drama by Kalidas	1	9
Mohammedanism	1	9
Sanghay Khan, a boy of about nine or ten years stated that he was the son of Mukdoom Khan, and was playing on that afternoon near some bamboos not far from the corner of the road leading to Mr. Armstrong's mill, when Mahomed Yusuf came and told him that Mahomed Seepye had been arrested. He reported the matter to his father.

This closed the examination.

Asked by the Magistrate whether he wished to say anything, Mr. Armstrong said: "I reserve my defence. I admit a common assault under great provocation."

Mr. Armstrong was committed for trial under the same bail of £100, on a charge of assault with intent to do grievous bodily harm.

News in Brief

Speaking as the guest of the Imperial Union Club at Glasgow, on Dec. 11, Lord Lamington, an ex-Governor of Bombay, said that there was a subtle difficulty as to the position of Indians in South Africa, Canada, and elsewhere. It was not so much the material issues at stake, but it was the fact that the literate classes of India felt bitterly the racial distinction enforced on them by the white population in other parts of the Empire. It was a most difficult problem, and had had a very bad effect in India. He trusted some solution would be found to remove a very anxious question from the minds of our Indian fellow subjects.

In a letter to the "Daily News and Leader," Sir Wm. Wedderburn says: "In his speech at the National Liberal Club, Mr. Bryce lamented the ill-feeling aroused in British Colonies by the immigration of other races, and asked whether it would not be better "to induce each race to stay within its own country?" Yes, certainly. But what is to be the inducement? No doubt Indians, whether cultivators, traders, or students, would willingly accept Mr. Bryce's "stay at home" recommendation if only that "home" represented for them fair means of livelihood. It is starvation that expatriates the Indian cultivator. Give him a few acres watered by well or canal, and he will gladly remain [illegible] in his Mother Country. The remedy is to be found in honestly carrying out the policy of [illegible] the Indians."

Referring to the East Indian indentured immigrant as a labourer in British Guiana, Sir Everard im Thurn in a recent lecture on that Colony delivered under the auspices of the West India Committee expressed the view that the coolie was not of much service save on the sugar estates. Sir Everard, while admitting that indentured labour had in the past saved the situation for the sugar planter, pointed out that for the more arduous work outside the sugar area upon which the future development of the country depended, this form of labour was unsuited. It has, he said, been found in practice that the East Indian, good as he was as a sugar labourer, was perfectly inadequate for labour in the interior, on the mines, or in any work of that sort. The difficulty of supervising him made him unsuitable. Where the labour to develop the interior of Guiana was to come from was a question he was afraid no man could answer.—"Home and Colonial Mail."

A Central News telegram states that, in a striking speech delivered at Madras, on Dec. 16, at a public meeting called for the purpose of expressing thanks to the Indian Viceroy for his attitude in regard to the treatment of Indians in South Africa, the Bishop of Madras, after eulogising Lord Hardinge's outspoken protest, said that when tyranny was masquerading as law resistance became a virtue and not a crime. When the Union Government said: "We cannot consider your grievances until resistance to the law has ceased," the Indians had far more reason on their side in saying: "We will cease our resistance to your laws when you cease to make them the instruments of oppression."

Mr. Woollatt, a candidate for the Natal Provincial Council (Division of Estcourt), is reported to have said that the Indian question was one to be decided by Natal. At Weenen, Mr. Chadwick expressed himself as being in favour of the withdrawal of the £3 tax. He (the speaker) emphatically said "No." (Applause.) The Indians clearly understood the situation; there was no breach of faith or unfairness. This was Natal's trouble. Should they withdraw the tax they would be overrun by an Indian population. (Cries of "No" and dissent.) They had trouble enough with their natives, and they must let Government know certainly that the tax must be retained. The agitation had been brought about by Indian traders, who wished to increase their trade at their expense.

English-speaking men, who ordinarily are given the preference on civic work these days, are scarce among the gangs putting in sewer connections in Fourth Avenue West, Vancouver, preparatory to paving, and, according to the City Engineer, they will not work in the same way as the foreigners do. "The 'white' man won't stay on the job," the City Engineer is reported as saying. "They complain of taking rheumatism when working in the trenches, and all want jobs on top. Even if they get that they only stay a few days and then quit."—"Vancouver Province."

In 1912 as much as £47,000,000 worth of vegetable produce was supplied by horny black and brown hands towards the world's comfort. Nearly one-half of this finds its way in thousands of tons either to our bathrooms, or to our breakfast, dinner, and supper tables. These products (save the "Economist") hail from lands the white man cannot till, from the land of the East Indian, of the African negro, of the Malay, and the mixed races of the islands of the sea. As the years pass, the brown man and the black man will become more and more indispensable to Britain, and if they are to continue to minister to the world's comfort, statesmanship must needs to remove the injustice from which they too often suffer.

Lord Ampthill, writing to "The Times," says:—It cannot be too much insisted that the Indians in South Africa are not making any unreasonable demand or asking for anything which cannot quite conveniently be conceded to them. The proof of this is that they are only asking for the fulfilment of promises which have actually been made to them. If these promises had been kept and if the Indian community had been treated with ordinary honesty and good faith there would not be a trace of this long-standing trouble at the present moment either in South Africa or in India. On the other hand, there is no excuse for thinking that the present alarming situation was unexpected and could not have been foreseen. It was foretold by all those who have interested themselves in the question and who have any knowledge at all of Indian character.

Apparently, according to the "Deutsch-Ostafrikanische Zeitung," the immigration of unemployed Indians into German East Africa continues unhindered by the immigration laws, which have been promulgated. The majority of them, it would appear, came over from Zanzibar with a passport enabling them to remain in German East Africa a few days, but once landed, it is suggested that they do not leave the country. The newspaper urges that stronger measures should be taken to guard against the Indian evil.

Writing in the December number of the "Empire Review," Lord Ampthill condemns the attitude of the Imperial Government with regard to the situation in South Africa. He says the Government are no doubt congratulating themselves that Parliament is not now sitting, for if it were they would find it difficult to prove that the present deplorable situation is not due to their own indifference and incompetence. The present Colonial Secretary and his two immediate predecessors have one and all failed to understand that the solution of this problem is of vital importance to the Empire, and the Government have treated the question in a most perfunctory manner.

The Indian Association of Vereeniging has telegraphed congratulations to Mrs. Shaikh Mehtab for the bravery she has shown in the present struggle.

On Friday last, Mr. M. P. Fancy, the hon. secretary of the Hamidia Islamic Society of Johannesburg, left for India with his family by the S.S. Palamcotta. Mr. Fancy has done important work in connection with the passive resistance struggle, in which the Hamidia Islamic Society throughout has performed distinguished service. Its chairman, Imam Abdul Kadir Bawazeer, has been in Durban for some time serving the cause to the best of his ability. We wish Mr. Fancy a safe return. Mr. Fancy, before his departure, collected in the Transvaal and in Natal a sum of about £1,500 for a girls' school and the restoration of the ancient Mosque at Rander, his native town.

On the 21st inst. Messrs. Brijmohan Sonar, [illegible] Ram Parkas, [illegible], Ramkhelawan, [illegible] Mothoo and [illegible] were released from the Durban Gaol; on the 23rd inst. Messrs. T. Poonsamy Naidoo, Pappiah, P. Ramkissoon, R. Pillay, Ramsamy Govinder and Anthony Sebastian, and on the 26th inst. Messrs. Manilal Gandhi, Veera Francis, Bhaga Mauche, [illegible] and Annamalai. They were met at the gaol gates by friends, accorded the usual floral welcome and taken to Mr. Rustomjee's house, where refreshments were served.

Two well-known passive resisters, Messrs. S. [illegible] and [illegible], left for India on the 24th inst. [illegible] four terms of imprisonment during the last campaign, one at Johannesburg and the latter three terms at Pretoria.

On the 18th inst., Mr. G. M. Moodaley, of Umgeni, held a reception at his house to enable Mr. Pearson to meet the farmers of that district. Among those present were Messrs. Goopa Maharaj, [illegible] Maharaj, Nyanah Raj, Veloo Moodaley, [illegible] Moodaley, and Gurusamy Moodaley. After luncheon, Mr. Pearson visited the farmers of Sea Cow Lake, and thereafter drove to the Phoenix Settlement.

A Cruel Case

Mr. Cassim Karodia, a British Indian, the owner of landed property in Dordrecht, the holder of a general dealer's licence, a registered voter for Parliamentary, Provincial Council, and Town Council representatives, paying from £60 to £70 monthly to the Government for railage on goods, had to undergo, during the month of December last, a strange and painful experience. He is now in Durban. He holds domiciliary rights both in the Cape and in Natal. He wanted to pay a visit to Durban in December last on special business. No Indian had ever any difficulty in passing through the Orange Free State by train. Mr. Karodia held a return ticket to Durban, and, on the 26th December, he reached Ficksburg, where he was rudely taken down by the Immigration Officer. Mr. Karodia protested and said that he did not want to get out of the train at any station in the Free State, and that his destination was Durban, where he had a legal right to go. The Immigration Officer would not listen to Mr. Karodia, who was a second-class passenger. Mr. Karodia was locked up at the Charge Office. The Immigration Officer wired for instructions, we suppose, to the Minister of the Interior and, after three days, a reply was received to the effect that Mr. Karodia was to be put across the border and returned to the Cape Province, which was done. He was, therefore, obliged to take the steamer to Durban from East London in order to get here. No wonder that there is amongst the demands of passive resisters one for a just administration of the existing laws with due regard to vested rights. The Union Immigration Act was intended to be a liberal measure, and not designed to disturb existing legal rights or practice, but it has succeeded in disturbing both.

Sir Richard Jebb writes in the "Morning Post" that a short way out of the whole Indian trouble would be to transport the community to British [illegible] where Indians are a regular part of the industrial population. But apart from the fact that [illegible] would not at the moment [illegible] large an adult [illegible] population as those Indians in South Africa who have [illegible] professions or commerce [illegible] would certainly not consent to revert to the [illegible] status of their parents. Here, indeed, is the beginning of a minor grievance [illegible] the "Saturday Review" [illegible] suggestion that the Indians should be sent to the Northern Territory of Australia. Australia, as it [illegible] marked upon the maps, is equally impossible. The Commonwealth would not have them. The exclusion policy of Australia is [illegible] South Africa has [illegible] been clear and definite, and there is no reason whatever why it should [illegible] because South Africa is [illegible].

It may not be advisable, says the "East Anglian Daily Times" [illegible] South Africa. That [illegible] in [illegible] and [illegible] the great Indian Empire itself [illegible]. The [illegible] of [illegible] shows that even [illegible] Indians [illegible] there is a demand for an immediate, a partial and drastic [illegible].

English Press Opinions

It is obvious (says the "Alnwick Gazette") that the solution [illegible] against them.

The truth is (says the "British Weekly") that the system of indentured [illegible] under its flag.

The situation in Natal, where the strike of Indians is assuming serious proportions, and threatening the valuable sugar crop, [illegible] The policy which has guided the Indian administration in the emigration of coolie labour has always been that of permanent colonisation. This view was forcibly set forth by Lord Salisbury when, as Secretary of State for India, he wrote [illegible] as an indispensable condition of the proposed arrangements, that the [illegible] have completed the terms of service to which they [illegible] return for the expense of bringing them to the [illegible] *will be in all respects free men, with privileges [illegible] to those of any other class of Her Majesty's subjects [illegible] in the Colonies.*" The present difficulty has arisen because [illegible]—but Natal in particular—now refuses to abide by the "indispensable condition." Natal, like most British colonies, greatly desires the native coolie as a cheap indentured labourer. The only use Natal has for him as a free man is immediate shipment back to India.

Referring to the Natal indentured system, the "Yorkshire Daily Observer" says that when a coolie has finished his time he usually finds himself deeply in debt to his employer, thanks to a cunning manipulation of the truck system, and the only alternative open to him is to reindenture or starve. This is the characteristic feature of what in South America they call "peonage." A good, plain English word for it will [illegible] anyone.

The course of events in Natal [illegible] The South African [illegible] has laid upon it in this problem of the Asiatic community a responsibility far transcending its own borders. [illegible] rights are in conflict with some of the hardest of racial and economic facts. But we must earnestly hope for a statesmanship that will realise the vast Imperial interests at stake and the duty of shaping South African policy so that it will not provoke convulsions of which the reaction must be almost literally world-wide.

It is impossible that the Imperial Government can look on at this movement without the gravest concern. It is answerable to India, and it cannot escape responsibility for what is done in South Africa. The people of India do not understand and will not accept the plea that it is unable to persuade the South [illegible] Imperial troops to be employed in controlling the strikers; and [illegible] and property, it will certainly be supposed in India to have taken sides against the Indians . . . . . . Of course we ("Westminster Gazette") do not pretend that the Indian question will be settled by either the removal of the tax or the removal of the restrictions. An enlightened and humane policy will need to be worked out quite apart from restrictive measures. Though further immigration is stopped, the Indians in South Africa are a large and increasing number, and they cannot be forcibly deported or taxed out of the country. The danger that they may lower the standard of life is certainly no idle fear, but it can only be removed by a serious effort to raise their standard and to educate their children to a level of existence which is comparable to that of the European.

The Liberal Press (says the "Morning Post") are at present using hard language about the treatment of the Natal coolies. They should remember that South Africa was granted its present Constitution by the present Imperial Government, and that that Constitution contained no safeguards either of native or Imperial rights. Neither the native nor the British Indian was in any way protected when the Liberal Government had the power to protect him. With credulous optimism and an entire oblivion to the history of South Africa all these rights and interests were left unguarded. One chicken is now coming home to roost, and there is the usual violent outcry when vigilance no longer avails.

[illegible] fact) that the Indians in South Africa are resuming work will not delude the Union Government into supposing that the [illegible] be frightened back to work, there will be no lasting peace until their admitted grievances are righted.

The question of the Indian immigrant [illegible] The [illegible] of Mr. [illegible] great [illegible] They declare that definite [illegible] their leaders have been deliberately broken [illegible] of sympathy with which their protests are regarded [illegible] raises the matter to the highest plane of Imperial [illegible] It behoves General Botha's Government [illegible]

The treatment [illegible] the labourers by the Natal authorities amounts to a scandal (says the "East Anglican Daily [illegible] in that Colony but also in the great Eastern Empire whence they come. The misbehaviour and cruelty of certain employers towards their men have helped to foment the feeling which has [illegible] on several of the plantations, mines, and [illegible] it has been plainly shown that there is one law for the [illegible] and quite another for the masters.

General Botha and his Cabinet have shown a very decided lack of statesmanship in dealing with the question, is the view [illegible] to Mr. Gokhale had been redeemed, the present disturbances [illegible] rests, therefore, rather [illegible] British Indian [illegible] whole, behaved itself admirably. Its [illegible] cent labour troubles was characterised [illegible] cration, and that it has justice on its side is testified by Lord Ampthill and others whose opinion carries weight.

These [illegible] our Indian [illegible] mere [illegible] machinery—[illegible] our greatest [illegible] thrust [illegible]

We are not dealing here with an inferior race but with [illegible] if properly treated would be—a source of strength and prosperity to South Africa, and it is, in fact, their industry and commercial aptitude, their very virtues as settlers and traders in a semi-tropical climate, which create the jealousies and ill feeling with which they are regarded, says the "Oldham Evening Chronicle." They are in no sense a danger to the community, though their effective competition in various walks in [illegible] to the privileges of British citizenship [illegible] appeal to our Imperial instincts. If the British Empire is to [illegible] a swaggering sign of power, an [illegible] symbol of Imperial bluster flaunted in the face of the world, ought to afford effective protection to its citizens everywhere throughout the Empire and ought to be so welded together [illegible] the citizens of any other part. The recognition of equal rights [illegible] upon which it is founded, or Imperial unity becomes little more than a name. Recent events in Natal and the deliberate [illegible] continued degradation of British Indian subjects should show that we are a long way yet from realising this idea of Imperial unity [illegible]

[illegible] Times") fear, however, that the present relaxation of tension is only temporary. The sole prospect of a stable settlement lies in a determined effort on the part of the Imperial Government. The question at issue concerns equally the national sentiment of South Africa and of India. South African opinion is articulate and responsible. Indian opinion is less easily ascertained and consequently more [illegible] the essence of the difficulty and the real obstacle to a permanent solution of the Indian question in South Africa. It is peculiarly the function [illegible] the Cabinet has recognised the [illegible] in the matter. We gladly recognised the admir[illegible] a deputation of Indian sympath[illegible] in South Africa involved on the one hand [illegible] governing dominion to manage its own affairs [illegible] which calls itself Imperial can [illegible] a merely negative attitude towards them.

ઇન્ડિયન ઓપિનિયન.

પુસ્તક ૧૨ મું.　　ફીનીક્સ, બુધવાર, તારીખ ૨૮ મી જાન્યુઆરી, ૧૯૧૪.　　અંક ૮.

અધિપતિની નોંધ

સ્મટસ—ગાંધીના પત્રો

આ પત્રોનો તરજુમો અમે બીજે સ્થળે આપ્યો છે તે દરેક હીંદી ધ્યાનપુરવક વાંચશે એવી ઉમેદ રાખીએ છીએ તેની ઉપર લાંબી ટીકા કરવાની અમારી પાસે જગ્યા આ વેળા નથી તેમ તેટલો વખત પણ નથી. બન્ને કાગળોનું પરીણામ એ આવે છે કે

(૧) કમીશન પાસે એક પણ હીંદીએ પુરાવો આપવાનો નથી.
(૨) કમીશનમાં સુધારો વધારો કરવાની સુચના સરકારે ના મંજુર કરી છે.
(૩) એટલે જો હીંદી પુરાવો આપે તો કોમી પ્રતિજ્ઞાનો ભંગ થાય.
(૪) કમીશનમાં પુરાવા નહીં આપવામાં આપણો હેતુ પવિત્ર ને ધારમિક છે એમ સરકારે કબુલ કર્યું છે.
(૫) આપણે પડેલા ફટકાઓ વિગેરે બાબત પુરાવો કમીશન પાસે નથી આપી શકતા તેથી બીજી અદાલત પાસે પુરાવો ન આપવામાં આપણી નબળાઈ છે એમ નથી, પણ આપણે તેમાં આપણું સત્યાગ્રહીપણું વિશેષ બતાવીએ છીએ એમ સાબેત થાય છે. આ આપણો હેતુ સરકાર કબુલ રાખે છે.
(૬) આપણને લગતી બાબતો વિષે પગલાં ભરતાં સરકારે આપણી સાથે મસલત કરવી જોઈએ એમ આપણે બાર દઈ હાલમાં, સુચવતા આવ્યા છીએ એ આપણી માગણી કબુલ રહી છે.
(૭) આવા કારણથી આપણે સર બેંજામીન રોબરટસન પાસે આપણી હકિકત રજુ કરી શકીએ છીએ.
(૮) સરકાર જણાવે છે કે તેમનો ઇરાદો આપણી માગણી એો કબુલ રાખી જરૂર જણાય ત્યાં કાયદામાં ફેરફાર કરી આપણને સંતોષવાનો છે અને તે કામ સરકાર આવતી પાર્લામેંટની બેઠકમાંજ કરવાની ઉમેદ રાખે છે.
(૯) આમ થવાથી આપણને ઘટે છે કે આપણે સરકારને પોતાની ઇચ્છા પુરી પાડવાની તક આપવી ને સત્યાગ્રહ ફરી ઉઠાવવાનું મુલતવી રાખવું.
(૧૦) સરકાર પોતે ફટકા વિગેરેની ઇજા બાબત નકારનો પુરાવો કમીશન પાસે રજુ કરી શકતી નથી.
(૧૧) હાલમાં જે સત્યાગ્રહીઓ જેલમાં છે તેને સરકાર છોડશે.
(૧૨) સરકાર જે કંઇ આપવા માગે છે તે કમીશનની મારફતેજ આપશે એમ કહે છે.

ઉપર પ્રમાણે જો સરકાર કરે તો આ મહાન લડતનો અંત નજીક આવ્યો છે એમ માનવાનું કારણ છે પણ કદાચ જો તેમ સરકાર ન કરે તો આપણે કંઇ ગુમાવતા નથી. આપણે વધુ જોર કરી શકીએ છીએ. આપણે આપણા પગભારી ચાલસરાયને સંતોષ્યા છે, અને તેની સામને ચીડવતા બંધ રહ્યા છીએ, આપણને સલાહ આપનારા બાહુબળીઓની સલાહને આપણે તરછોડી નહીં ગણાય ને આપણને ફરી લડત લેવી પડશે તો આપણે જગતની આગળ આપણું સત્યાગ્રહ વિશેષ દીપાવી સકશું ને આપણે યુનીયન સરકારના ગેરઇનસાફ ને તેમની ગેરવરતણુંક વિશેષ સાબીત કરી શકશું.

નવા ઇમીગ્રેશન કાયદા નીચે જુલમ

ડેઇરેક્ટના મી. કાસમ કરોદીઆ જેઓ હાલ ડરબનમાં છે તેમના ઉપર ગુજરેલો જુલમ જાણવા જોગ છે. તેમને કેપના તેમજ નાતાલના રહીસ હક છે. એ હક ને આધારે તેમણે ફ્રી સ્ટેટમાંથી પસાર થતી રેલ મારફતે વગર તકલીફે ડરબન આવજાવ કરી છે. પણ હવે જમાનો બદલાયો છે. મી. કરોદીઆએ ગયા ડીસેમ્બર માસમાં ડરબનની રિટરન ટીકટ લઈ ફીકસબરગ રસ્તે મુસાફરી શરૂ કરી. ફીકસબરગ જે ફ્રી સ્ટેટની સરહદ છે ત્યાં મી. કરોદીઆને રોક્યા ને તેમને ઉતારી પાડ્યા ને જેલમાં રાખ્યા. તેમણે બેલ પર છુટવાની માગણી કરી તે નામંજુર રહી. અમલદારને તેના ઉપરી તરફથી જવાબ મળતાં સુધી મી. કરોદીઆને કેદમાં રહેવું પડ્યું. આમ ત્રણ દિવસ ગયા. પછી તેમને હદપાર કરીને કેપમાં પહોં ચાડ્યા. [illegible] જાણીતા વેપારી છે, તેને વોટનો હક છે, તેમની પાસે જમીન છે [illegible] રેલ ભાડા વિગેરેમાં દર માસે પા. ૬૦ થી ૭૦ સુધી ભરે છે. આવો જુલમ તેમની ઉપર ગયો છે. હવે તે ઇસ્ટ લંડન [illegible] દરિયા રસ્તે આવ્યા છે. પોતાનો કેસ સરકાર આગળ રજુ કર્યો છે, પણ હજુ જવાબ નથી મળ્યો એમ મી. કરોદીઆ જણાવે છે. ક્રૂગર્સડોર્પના હીંદી વેપારીની પણ આવીજ દશા છે એમ અમે તેઓની અરજી છાપીએ છીએ તે ઉપરથી જોવામાં આવશે. મી. કાસમ જુમા જે ત્યાં વેપાર કરે છે તેમને પણ એટલીજ તકલીફ ડરબન આવતાં પડી છે એમ તેમણે અમને સુચવ્યું છે. આંધળા અને અન્યાયી અમલના આ સજ્જડ દાખલા છે ને મી. ગાંધીએ રજુ કરેલી છેલ્લી માગણીને ટેકો આપનારા છે.

મી. એન્ડરૂઝનાં માતા

આ હીંદના મિત્રની માતાના ગુજરી જવાનો તાર સોમવારે મી. એન્ડરૂઝને મળી ગયો. તે વિષે ખબર પડતાં મી રૂસ્તમજી, ઇમામ સાહેબ, મી. પોલાક, મી પી. કે. નાયડુ, મીસીઝ ગાંધી, મીસીઝ નાયડુ, મીસીઝ દીવાન, મીસીઝ છગનલાલ ગાંધી, મી. ગોકળદાસ ગાંધી વિગેરે ખરખરો કરવા ગયા હતા. મી. એન્ડરૂઝને ઘણા હીંદીઓ તરફથી દિલસોજીના તારો આવી પહોંચ્યા છે. આ સાહેબની તરફ અમે પણ દિલસોજી બતાવીએ છીએ.

સમાધાની વીષે પત્રવ્યવહાર

મી. ગાંધીનો કાગળ

પ્રીટોરીઆ, જાન્યુઆરી ૨૧, ૧૯૧૪.

મુલ્કી ખાતાના પ્રધાનના સેક્રેટરી જોગ, પ્રીટોરીઆ.

સાહેબ, ફીનીક્સ જવાને નીકળતાં પહેલાં આવા સખત દબાણના વખતમાં જનરલ સ્મટસે તેમની સાથેની મારી મુલાકાત વેળા શાંતિ અને ધીરજ બતાવ્યાં તેને માટે હું તેમનો આભાર દરશાવવાની રજા લઉં છું. તેમણે ખુબ ધ્યાન આપ્યું તે વાત મારા દેશી ભાઇઓ ઉપકાર સાથ યાદ રાખશે.

મને માલુમ પડે છે કે હીંદી કમીશન વીષેની મારી સુચના સ્વીકારવાને પ્રધાન અશક્ત છે. (૧) મારી એક સુચના એવી હતી કે અમારાં દુખોના સવાલ વિષે તપાસ કરવામાં આવે ત્યારે હીંદી હીત સંભાળી શકે એવો એક પ્રતીનીધી તેમાં હોવો જોઇએ; અથવા (૨) બીજી સુચના એ હતી કે આ સવાલોનોજ વિચાર કરવાને હીંદી પ્રતીનીધીવાળું બીજું એક કમીશન નીમવું અને તેમ થાય તો હાલનું કમીશન માત્ર ઇન્સાફી અદાલત ગણાય. મેં એક ત્રીજી પણ દરખાસ્ત રજુ કરી હતી કે જે સરકારનો ઠરાવ જોતાં મારે અહીં લખવાની જરૂર નથી. મારી જે કોઇ સુચના સરકારે ધ્યાનમાં લીધી હોત તો કમીશનના કામમાં મદદ કરવાનું મારા દેશી ભાઇઓથી બની શકત. પરંતુ આ કમીશન (કે જેનો હેતુ રાજદ્વારી તેમજ ઇન્સાફી છે તેની) આગળ પુરાવો રજુ કરવા બાબત તો તેમનાં મનમાં સખ્ત બાધ ઉભો થાય છે. એ બાધ તોડવો તે ધરમ તોડવા બરાબર છે. હું અહીં ટુંકામાં જણાવું છું કે એ બાધનું મુળ એ હતું કે જ્યાં અમારાં દુખનો સવાલ હોય ત્યાં હીંદી કોમની કાંતો સલાહ લેવાવી જોઇએ અથવા તો તેમા [illegible] ધ્યાનમાં કોઇ પ્રતીનીધી રહેવો જોઇએ.

હું જોઉં છું કે પ્રધાન આ બાધ સમજી શકે છે અને તેને માન આપવા લાયક ગણે છે, પરંતુ પોતાનો ઠરાવ ફેરવવાને અશક્ત છે. તેમ છતાં આ વેળા મારી મુલાકાતે વખતે તેમણે

મસલત કરવાનો મુદ્દો સ્વીકારયો છે,

એટલે હું કમીશનના કામમાં આગળ પડી નડતર નહીં કરવાની, અને કમીશનનું પરીણામ આવે ત્યાં સુધી તથા પાર્લામેંટની આવતી બેઠકમાં કાયદો થાય ત્યાં સુધી સત્યાગ્રહ ફરીથી ચાલુ કરી સરકારની સ્થિતી મુશ્કેલ નહીં કરવાની મારા દેશી ભાઇઓને સલાહ આપી શકું છું. મસલતના મુદ્દા વીષે સરકારનું વલણ હું જે રીતે સમજ્યો છું તે ખરું હોય તો, પછી અમારાથી સર બેંજામીન રોબર્ટસન કે જેમને વાઇસરૉયે દયાથી ને દીરઘ દ્રષ્ટીથી કમીશન આગળ પુરાવા આપવાને નીમેલા છે તેમને મદદ કરવાનું બની શકશે.

નાતાલમાં હીંદી હડતાલ ચાલતી હતી તે વખતે હીંદી પર ગુજારી થયેલા વીતક આરોપ બાબતના સવાલ ઉપર અહીં એક શબ્દ કહેવાની જરૂર છે. ઉપર જણાવેલાં કારણોને લીધે કમીશન મારફત તે આરોપો સાબીત કરવાનો રસ્તો અમારે માટે બંધ થયો છે. અમારી પાસેનો સત્યાવાર પુરાવો પ્રગટ કરી અમારી પર બદનક્ષીના દાવા વેઠી લઇ અમારા આરોપો સાબીત કરાવવા હું આતે ખુશી નથી, કેમકે જુના ઘા તાજા કરવા કરતાં સાવ મુંગા રહેવું એ હું વધારે પસંદ કરું છું. પ્રધાનને હું ખાત્રી આપવા માગું છું કે સત્યાગ્રહી તરીકે જાત ઉપરની ઇજાઓનો કાંઇ બદલો વાળવાનું મોકુફ રાખ્યાનો, બની શકે ત્યાં સુધી અમે પ્રશ્ન કર્તવ્ય છીએ. પરંતુ અમારા મુંગા રહેવાનો ખોટો અરથ ન થાય તેની ખાતર અમારો ઉદ્દેશ કબુલ રાખવાના અને આરોપો વીષે કમીશન પાસે તેનો વિરોધી પુરાવો રજુ કરવામાં ન આવે એમ પ્રધાન પાસે માગણી કરું છું.

સત્યાગ્રહ બંધ રહ્યું એટલે તેની સાથે, સાધારણ જેલોમાં અથવા જેલ તરીકે જાહેર થયેલાં ખાણના કંપાઉન્ડમાં કેદ ભોગવી રહેલા સત્યાગ્રહી કેદીઓને મુક્ત કરવાની વિનંતિનો સમાસ થાય છે.

છેવટમાં, જે બાબતો વીષે દાદ માગવામાં આવે છે તે પણ અહીં ટુંકામાં કહી જવાનું અયોગ્ય નહીં ગણાય. તે બાબતો નીચે મુજબ છે:—

(૧) પા. ૩ નો કર રદ થાય અને જે હીંદીઓ ઉપરથી તે રદ થાય તેઓ ૧૮૯૧ ના નાતાલના ૨૫ નંબરના કાયદા મુજબ મુક્ત થયેલા ગીરમીટવાળા હીંદીઓના જેવોજ દરજો લગભગ ભોગવે.

(૨) શાદીનો સવાલ

(મેં મોઢેથી કહ્યું છે તેમ આ બે બાબતો વીષે નવો કાયદો પાસ કરવો પડશે)

(૩) કેપમાં જવાનો સવાલ (આ રાહત કારોબારી અમલ થીઆપવાની છે).

(૪) ઓરેંજ ફ્રી સ્ટેટનો સવાલ (આમાં આપેલી ખાત્રીમાં માત્ર થોડો ફેરફાર કરવાની જરૂર છે).

(૫) ખાસ કરીને હીંદીઓને લગતા ચાલુ કાયદાનો અમલ ન્યાયસર ભોગવાતા હકોને જાળવીને કરવામાં આવે.

નંબર ૩, ૪ અને ૫ તે વીશે ખાસ મુશ્કેલી નથી તેથી તે વિષે હાલમાંજ રાહત અપાય તો ઠીક એમ બતાવવા રજા લઉં છું; તેમ કરી અહીં રહેતી હીંદી વસ્તીના સંબંધમાં સરકારનો ઇરાદો સારો છે એમ તે બતાવી શકશે.

મને ભરોસો છે અને હું ઉમેદ રાખું છું કે પ્રધાન મારી માગણી સ્વીકારશે, અને તેમ થાય તો, આ કાગળના આવશ્યક મુજબ હું મારા દેશી ભાઇઓને સલાહ આપવાને તઇયાર રહીશ.

(સહી) **એમ. કે. ગાંધી.**

પ્રધાનનો જવાબ

પ્રીટોરીયા, તા. ૨૧ જાન્યુઆરી ૧૯૧૪

સાહેબ, તમારા આજની તારીખના કાગળના સંબંધમાં મુલ્કી પ્રધાને જવાબ આપવાની મને સુચના આપીને કહ્યું છે કે નાતાલની છેલ્લી હીંદી હડતાલ વિષે તપાસ કરવાને નીમાયેલા કમીશનના સભ્યો અથવા ઉદ્દેશમાં કાંઇ ફેરફાર કરવાનો ઇરાદો નથી એ વાત સાચી છે. પ્રધાન દિલગીરી બતાવે છે, પણ અલબત સમજી શકે છે કે તમે તો જાહેરમાં અગાઉ કમીશનના સંબંધમાં અમુક રીતે બંધાઇ ચુક્યા છો તેથી તમે કમીશન સન્મુખ હાજર થઇ શકતા નથી. બદનક્ષી વહોરતાં બીજી અદાલત પાસે જુના ઘા તાજા કરવા તમે પસંદ નથી કરતા તેમાં તમારો હેતુ પણ તે સમજી શકે છે. સત્યાગ્રહી હડતાલ વાળાઓની સામે સખત અથવા અયોગ્ય વરતન ચલાવવામાં આવ્યું છે એ તહોમતનો અગાઉની પેઠે સરકાર આજે પણ તેનીજ કરતા અને ભાર પુરવક ઇન્કાર કરે છે પરંતુ તમે અને તમારા મિત્રો કમીશન સન્મુખ હાજર

નહીં થવાનો અને જે તહોમતોનાં ટેકામાં પુરાવો નહીં લાવવાનો ઠરાવ કર્યો છે, એટલે એમ થયું કે કમીસનને કોઇ તહોમત વિષે તપાસ કરવાનું રહેશે નહીં. પોતાના અમલદારોની વર્તણુંક શુદ્ધ બતાવવાને સરકારને તક નહીં મળી તેને માટે તે દિલગીર છે, પણ જો કોઇ ચોક્કસ બાબતમાં જવાબ આપવા પણું ન હોય તો કમીશનને તે તહોમતો હાથમાં લેવાનો કોઇ પણ જાતનો પ્રયત્ન કરવો તે નકામો વખત ગાળવા બરાબર છે એમ સરકારને લાગે છે. કમીશનને હીંદી હાડમારીના મુખ્ય મુદ્દાના સંબંધમાં જે ભલામણ કરવાની હોય તે વેળાસર મળે તેને માટે સરકાર આતુર છે. કેમકે તે ભલામણ આવતી બેઠક દરમીયાન પાર્લામેંટ આગળ રજુ કરી શકાય. આ ભલામણો પાર્લામેંટના સ્વીકારવાથી સંતોષકારક અને કાયમનો ફડચો થઇ જશે એમ ઉમેદ રાખવામાં આવે છે લાંબા વખત થયા ચાલી આવતી તકરારનો આવી રીતે નીવેડો લાવવાની સરકાર એટલી બધી અગત્યતા માને છે કે અણધાર્યા સંજોગોને લઇ કમીશનના કામમાં આટલી ઢીલ થઇ ચુકી છે તેમા વધારે ઢીલ કરી પરીણામે કાંઇ હાની પહોંચે એવું જોખમ ન ખેડાવુ જોઇએ. વળી હવે જો કુસકી બાબત તપાસ થાય તો તે એક તરફીજ અને તે તો મુખ્ય તકરારની સાથે ગૌણ અને ઉતરતા દરજ્જાની ગણાય. તેથી જો સત્યાગ્રહી અને હડતાલવાળાઓ તરફની વર્તણુક બાબત કોઇ ખાસ આરોપ કમીશન પાસે રજુ કરવાની હીંદીઓ ના પાડે તો પછી સરકાર અને તેના અમલદારો સામે મુકાયેલા આરોપોનો ઇન્કાર કરવાને ખાતર સરકારને વધુ પગલાં ભરવાની જરૂર જણાશે નહીં. પરંતુ એસપરેન્ઝા અને માઉંટ એજકોમ્બમાં જે બનાવોને પરીણામે કેટલાક મરણો થયાં તેની તપાસ કરવાનું કમીશનને કહેવાનો સરકાર હક રાખશે. સાધારણ અને કંપાઉન્ડ જેલોમાંથી ખરા સત્યાગ્રહી હડતાલવાળાઓને મુક્ત કરવાની તમારી વીનંતીના સંબંધમાં લખવાનું જે જેલમાં રહેલા આ થોડાક કેદીઓને મુક્ત કરવાને તમારો કાગળ આવતાં પહેલાં જ ન્યાય ખાતાએ પગલાં ભરેલાં છે. તમારા કાગળને અંતે તમે જે દુઃખોનું ટાંચણ કરો છો તેના વીષે લખવાનું જે સરકાર, ઉપર પ્રમાણે, કંઇ પગલાં ભરતાં કમીશનની ભલામણની રાહ જોશે.

(સહી) ઈ. એચ એમ. ગોરજીસ
મુલકી પ્રધાનના સેક્રેટરી.

મી. ગાંધીનો ઇંટરવ્યુ

'ડેલી મેઈલ'ના પ્રતિનિધિએ મી. ગાંધીની ગયે શુક્રવારે જોહાનીસ્બર્ગમાં મુલાકાત લીધી હતી. સમાધાની વિષે છપાયેલા પત્રવ્યવહારના સંબંધમાં મી. ગાંધીએ તેમને જણાવ્યું હતું કે કમીશનમાં હીંદીઓનું હિત જાળવનાર કોઇ નહીં નીમવાથી જે મુસ્કેલી ઉભી થઇ હતી તેનું સમાધાન કરવાને હીંદીઓ જે આશયથી કોશીસ કરી રહ્યા છે તે આસપ ક. આફ્રિકાના ગોરાઓ સમજી શકશે એવી ઉમેદ હું રાખું છું અને હું એમ પણ ઉમેદ રાખું છું કે જેલમાં હતો તે દરમીયાન ખરાબ વરતનના સંબંધમાં જે દોષો મુકાયેલા છે તે વિષે મારા દેશી ભાઇઓને જે વલણ પકડવાની હું સલાહ આપું છું તેનો ઉદ્દેશ તેઓ બરાબર સમજી પોતે પણ તેવુંજ વલણ બતાવશે. સત્યાગ્રહની લડત પાંચ ઉપયોગી મુદ્દાઓ ઉપરથી શરૂ થઇ છે, અને તે મુદ્દાઓને લગભગ બધા તરફથી ... મળેલા છે. સત્યાગ્રહની લડત હવે મુલતવી રહી છે અને મુકદ્દમાં તહોમતો વિષે અમે કંઇ પગલું ભરતા ગયે રહ્યા છીએ એટલે જાહેર પ્રજા અને સરકારને આ મુદ્દાઓ શાંતિથી વીચારવાનો વખત મળશે. હીંદી લગ્નને કાયદેસર મનાવવાનો અને ત્રણ પાઉંડનો કર બીજી કોઈ પણ જાતની શરત વગર રદ કરવાનો અમને હક છે તેમાં કોઇપણ સમજુ માણસ વાંધો લઈ શકે તેમ નથી. સત્યાગ્રહની બીજી બાબતો વિષે મેં અગાઉ જણાવેલું છે તેમ કારોબારી અમલનુંજ કામ છે

મરા કાગળ ઉપરથી તમે જોશો કે આ મુદ્દા ગયે નરસે સત્યાગ્રહ શરૂ થયું તે પહેલા મી. કાછલીઆના કાગળમાં સરકારને જે મુદ્દાઓ જણાવ્યા હતા તેજ પ્રમાણે છે.

છાપાઓની ટીકા

સ્મટસ ગાંધીના પત્ર વહેવાર ઉપર ટીકા કરતાં 'રેન્ડ ડેલી મેલ' જણાવે છે. મી. સ્મટસ તેમજ મી. ગાંધીએ પોતાની કલમ ચાતુરી ને સુક્ષ્મ મુદ્દાઓ ઘડવાની કુશળતાની સીમા બતાવી છે. તેમાંથી અરથ એજ નીકળે છે કે હવે કમીશનનુ કામ ટુંકું ને સરળ થઇ પડ્યું. 'મેલ' ધારે છે કે સરકાર હીંદી માગણી કબુલ કરશે તે તે આવતી પાર્લામેન્ટની બેઠકમાં સત્યાગ્રહના જ્વરનો અંત આવશે.

'ટ્રાંસવાલ લીડર' ટીકા કરતાં સુચવે છે કે મી. ગાંધીએ સુચવેલી માગણી સરળતાથી અપાય તેવી છે. ને તે આવતી બેઠકમા અપાઇ જશે એમાં શક નથી. પુરાવો નથી આપવાનો તે બાબત ટીકા કરતાં અધીપતિ જણાવે છે કે પુરાવો ન આપવાનો ઠરાવ કરી મી. ગાંધીયે કબુલ કર્યુ છે કે ફટકા વિગેરેની વાતો ચલેલી પાયાદાર ન હતી.

મી. ગાંધીના કાર્યને ટેકો

ઉપરના પત્ર વહેવાર ઉપરથી જોઇએ છીએ કે મી. ગાંધીને કોમની બહાલી મેળવવાની જરૂર થઈ પડી. કેમની સુચના જે સરકારે સ્વીકારી છે તે નવી હોવાથી કોમ આગળ રજુ કરવી જોઈએ. આ કાગળો તુરત પ્રીટોરીઆ તથા જોહાનીસ્બરગના હીંદીની પાસે રજુ કર્યા ને તેઓએ તે પસંદ કર્યા. પછી ડરબન આવતાં મી. ગાંધીએ તે કાગળોની મતલબ ન્યુકેસલ તથા વેરુલમના હીંદીને કહી સંભળાવી તેમણે પણ પસંદ કરી. મેરીત્સબરગમાં હીંદી ભાઇઓ સ્ટેશન પર મળ્યા ત્યાં કંઇ સવાલો ઉઠતા જણાયા. ઉપરે ડરબનમાં મી. ગાંધી મી. એનડ્રુઝની સાથે શનીવારે પહોંચ્યા માર્શલ લોને લીધે મીટીંગ બાબત પરવાનગી મેળવવી પડી ને તીખાં ભાષણો ન કરવાની અને ગઇ ગુજરી ઉપર ટીકા કે તકરાર ન ચલાવવાની અને પત્ર વ્યવહાર ઉપર કોમનો મત જણાવવાની બાબતમાં જ બોલવાની શરતે રજા આપવામાં આવી. મીટીંગ મેદાનમાં કરવામાં આવી હતી. તેમાં મી. એન્ડ્રુઝ, મી. પીયરસન, મી. પોલાક, મી કેલનબેક, મી. આઈ મેક, મીસ સ્લેસીન, મી. ઉમર હાજી આમદ ઝવેરી, મી. હાજી ઇસ્માઇલ હાજી અબુબેકર ઝવેરી, મી. સેજરસ ગેબ્રીએલ, મી લોરેન્સ, મી અંબારામ મહારાજ, મી દાસ માઇલ મુસા, મી. સેનરસ, મી. ક્રીસ્ટોફર, મી. થંબી નાયડુ, મી પારસી રુસ્તમજી વિગેરે હાજર હતા. ... મેદાન ... હતું ... હતો. પ્રમુખ સાહેબ સુધી

બોર્ડ ઉપર બેઠા હતા. ઈમામ સાહેબ અબદુલ કાદર બાવાઝીર પ્રમુખસ્થાને હતા. [મી. ગાંધીએ પોતાનું ભાષણ શરૂ કરતાં જણાવ્યું કે મી. એન્ડ્રુઝને તેમની મા મરણ પથારીએ હોવાના ખબર મળવાથી અને તેમના પ્રીટોરીઆમાં સખ્ત કામને લીધે તાવ આવવાથી ન આવવા વિનંતી કરેલી પણ મી. એન્ડ્રુઝે ન સ્વીકારી અને મીટીંગમાં આવ્યા એ તેમનો હીંદ તરફ ગાઢ પ્રેમ દર્શાવે છે. જે શરતી સમાધાની થઈ છે તે વિષે મી. ગાંધીએ કાગળોનો હેવાલ સંભળાવ્યો ને પોતે કરેલું કારય બહાલ રાખવાનું સભાને સુચવ્યું.] પછી મી. એન્ડ્રુઝે પણ તેવા પ્રકારનું ઉરદુ જબાનમાં ને ઈંગ્રેજીમાં ભાષણ કર્યું. મી. પોલાક ને મી. કેલનબેકે પણ કારય પસંદ કર્યું. પછી ઠરાવ સભા પાસે મુકતા ઈમામ સાહેબે મી. એન્ડ્રુઝની તરફ દિલસોજી બતાવી. મી. ગાંધીના કારયને પસંદ કરવાનાં કારણો બતાવી મી. રૂસ્તમજીએ નીચેના ઠરાવની દરખાસ્ત કરી "નાતાલ હીંદી એસોસીએશને બોલાવેલી આ સભા મી. ગાંધીના કારયને બહાલ રાખે છે ને ઉમેદ રાખે છે કે તેમાં જણાવેલી માગણીઓ કબુલ રાખવામાં આવશે." આ દરખાસ્તને મી. લેઝરસ ગેબ્રીઅલ, મી. કંબી નાઇડુ, મી. પી. કે. નાઇડુ, મી. ઉમર હાજી આમદ ઝવેરી તથા મી. લાલ બહાદુરસીંગે ટેકો આપ્યો. પછી તે બાબત હાથ ઉંચા કરાવતાં પહેલાં કોઈને કંઈ કહેવું પુછવું હોય તો તેમ કરવાનું સુચવ્યું. મી. ગુલાબસીંગે બે સવાલ કર્યા. એક તો એ કે મી. ગાંધીના ભાષણમાં તેમજ કાગળમાં કમીશનની પાસે પુરાવો નહીં આપવાની વાત છે છતાં તે સર બેંજામીન રોબરટસનને મદદ કરવાનું મી. ગાંધી જણાવે છે ત્યારે શું એ કમીશનને પુરાવો આપ્યા બરોબર ન થયું? વળી કમીશનમાં સર બેંજામીન બેસે છે એટલે તો કમીશન આગળ પુરાવો આપ્યો એમજ થયું સવાલ. [મી. ગાંધીએ ખુલાસો કર્યો કે કમીશનને પુરાવો આપવા જેવું કઈજ નથી. આપણે શું માગીએ છીએ એ સર બેંજામીન આગળ રજુ કરવા આપણે બંધાયા છીએ. સર બેંજામીન શો પુરાવો આપશે એ તો તેમની મુખત્યારી ઉપર છે. સર બેંજામીન પોતે કમીશનના મેમ્બર છેજ નહીં. માત્ર હીંદી સરકાર તરફથી નીમાએલા સાક્ષીજ છે. એટલે કોઈ પણ રિતે કોમે લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ નથી.] આ સમજુતી થયા પછી ઈમામ સાહેબે હાથ ઉંચા કરાવતાં ઠરાવ સર્વાનુમતે પસાર થયો.

મીટીંગમા ઓછામાં ઓછા ત્રણ હજાર હીંદીની હાજરી હતી ને તેમાં આસપાસના ગામોમાથી હીંદીઓ રેલ રસ્તે તેમજ ચાલીને આવ્યા હતા.

મી. પીઅરસન જે મી. એંડ્રુઝની સાથે આવેલા છે તે સાહેબ તદ્દન પોતાને ખરચે આવ્યા છે અને નાતાલમાં જુદી જુદી કોઠીઓ વિ. માં ફર્યા કરે છે તેનું ખરચ પણ પોતે જાતે ઉઠાવે છે. તેમનો સ્વભાવ એટલો બધો નરમ છે કે તેમને માન અપમાનનો વિચાર જ નથી આવતો. આપણા લોકોની સાથે ઘણી સહેલાઈથી અને સાદાઈથી ભળી જાય છે.

ગયે રવીવાર તા. ૧૮મીએ અમગેનીના મી. જી. એમ. મુડલીએ તે ભાગના ખેડુતોને મળવાના હેતુથી મી. પીઅરસનને આમંત્રણ આપેલું હતું. આ વખતે મેસરસ ગોપી મહારાજ અને બીજા કેટલાક ત્યાં આવેલા હતા. જમ્યા બાદ મી૦ પીઅરસને સી. ડી. લેકના ખેડુતોની મુલાકાત લીધી

લડતના ખબરો

મી૦ ગેબરીઅલ આઇઝાકને જેલ

મી. ગેબરીઅલ આઇઝાક જે આપણા ખરા ગોરા મિત્ર છે અને જે ન્યુજરમનીમાં ગરીબ મજુર હિંદીની સેવા કરતા હતા તેમની ઉપર પાઇનટાઉનમાં ગયે સોમવારે કેસ ચાલ્યો. આરોપ એ હતો કે તેમણે ગીરમીટીઆ હિંદીને આશ્રય આપ્યો. સમાધાનીની રૂએ મી. આઇઝાકે કેસ મુલતવી રાખવાની માગણી કરી. માજીસ્ટ્રેટે ન સ્વીકારી. મી૦ આઇઝાકે આરોપ કબુલ રાખ્યો. તેમને બે માસની સાદી સજા અથવા પા. દસનો દંડ થયો. મી. આઇઝાકે જેલ જવાનું પસંદ કર્યું છે. આ બાબત મી. ગાંધીએ સરકારને તાર કર્યો છે ને મી. આઇઝાક આવતે અઠવાડીએ છુટવાના ખબર આવતા અંકમાં આપવાની અમે ઉમેદ રાખીએ છીએ.

ડરબનમાં કમીશનની બેઠક

કમીશનની બેઠક સોમવારેથી શરૂ થઇ હતી તેમાં કોઈ હિંદીએ પુરાવો નથી આપ્યો એ વખાણવા લાયક કામ થયું છે. સરકાર તરફથી આપણી ગેરહાજરી ઉપર કંઇ ટીકા થએલી જોવામાં આવતી નથી. પુરાવો માત્ર એસ્ટટો ઉપર બંદુક વપરાયા બાબત આપવામાં આવ્યો છે. તેનો વધારે હેવાલ આવતી અંકમાં આપવા ઉમેદ રાખીએ છીએ.

સર બેંજામીન પ્રીટોરીયામાં

સર. બેંજામીન રોબરટસને પ્રીટોરીયામાં હીંદી કોમના આગેવાનોની મુલાકાત સોમવાર તા. ૨૯ મી એ લીધી હતી. સહુ મી. હાજી હબીબને ત્યાં મળ્યા હતા. સર બેંજામીન અને તેના સેક્રેટરી મી. સ્લેટરને ફુલોના હારોથી વધાવી લીધા હતા. હાજર રહેલા ગ્રહસ્થોમાં મી. તઇયબ હાજી ખાન મહમદ, મી. કાસમ આદમ કાળા, મી. વી એસ પીલે, મી. ગોપાલ, મી. જીવા મહમદ બારબર, બાબુ રેલારામ, મી. અલી ઇસ્માઇલ, મી. પ્રભાશંકર જોશી, મી. જટાશંકર જોશી, મી. એમ. વી. પટેલ, મી. ખમીસા, મી. એમ. એસ. પડીયાચી, મી. આર. કે. પડીયાચી, મી. બાબુ લાલ. મી. જીવણભાઇ ખોજા, મી. અયુબ હાજી બેગ મહમદ, મી. હાજી કાસમ, મી. નરોતમ, મી. આસોમલ, મી. વીઠલ પરશોતમ, મી. એન્ડરૂઝ, મી ગાંધી તથા મી. હાજી હબીબ હતા. મી ગાંધીએ મી હાજી હબીબે બનેલી બીનાનો તારીખે સર બેંજામીનને સંભળાવ્યો તેમાં સોનેરી કાયદો, લાઇસેન્સની બીના, ગ્રામના ધારા, પગથી પર ચાલવાના ધારા વિ. બધી હકીકતોનો ચિતાર આપી ગયો હતો. સર બેંજામીને પોતાથી બનતી મદદ કરવાનું કહ્યું હતું.

સોની મહાજનની મદદ

ગયે રવિવારે બાર વાગે ડેપો રોડમાં સોની મહાજન મળ્યા હતા. તેઓએ મી. એન્ડરૂઝ તથા મી. પીઅરસનને માન આપવા સારૂ સરસ મેળાવડો કર્યો હતો. તેમાં મી. ગાંધીને સોની મહાજન તરફથી સાર્વજનીક કામમાં વાપરવા પા. ૨૬-૫-૩ની થેલી અંબારામ મહારાજે આપી હતી. મેળાવડામાં ઘણા હિંદી આગેવાનો હાજર થયા હતા. તેમાં મી૦ શેખ મહેતાબે ને તમના શિષ્યોએ સુંદર શૂર ઉપજાવનારૂં કાવ્ય ગાયું હતું. ઉઘરાણાની નોંધ અમે આવતે અઠવાડીએ સ્વીકારશું.

છુટ્યા

બુધવાર તા. ૨૧મીએ મેસરસ બ્રીજમોહન, સોમર, ભગીરથી, શેખફરીદ, રામપ્રકાશ, મીન.પન, રામખેલાવન, કેશુ, મુચુ, અને ગોકલ ડરબન જેલમાંથી ત્રણ મહીના પુરા કરી છુટ્યા. મેસરસ એન્થની સેબાસ્ટીઅન, ટી પુનસામી નાઇડુ, પપૈયા, બી. રામ કીસન, આર. પીલે અને ગમ સામી ગોવીંદુ તા. ૨૩મીએ છુટ્યા. બીજા સત્યાગ્રહી ભાઇઓની પેઠે તેમનો પણ યોગ્ય સત્કાર કરવામાં આવ્યો હતો.

મેસરસ મણીલાલ ગાંધી ફ્રાંસીસ, અનામલા, સુબીયા, અને ભગા એ સોમવારે ત્રણ મહીનાની જેલ પુરી કરી ડરબન જેલમાંથી છુટ્યા છે. તેમને લેવાને ઘણા હિંદીઓ ગયેલા પણ છુટવાના વખત પહેલાં દરેક કલાક આગળથી ઇમીગ્રેશન ઓફીસના કોઇ માણસ આવી છુટનારાઓ નાતાલમાં રહેનારા છે કે બીજી જગ્યાના છે તેની ખાત્રી કરવાને ઇમીગ્રેશન ઓફીસે લઇ ગયા હતા. ત્યાંથી એતો છુટા થઇ મી. રૂસ્તમજીને ઘેર આવ્યા. જેલને દરવાજે ઉભેલા ભાઇઓને આ ખબર પડતાં તેઓ પણ ત્યાં આવી પહોંચ્યા અને છુટેલાઓનો યોગ્ય સત્કાર કરવામાં આવ્યો.

પરચુરણ

મી. પ્રાગજી દેસાઇ આજે (બુધવારે) અને મી. સુરેંદ્રનાથ મેઢ આવતી કાલે છુટવાના છે.

બીજા કેદીઓ જે સમાધાની વીશેના પત્ર વ્યવહાર મુજબ છુટવાના છે, તેઓ હજુ છુટ્યા નથી. તેમના નામ વગેરે હકીકત તપાસવાને લીધે ઢીલ થઇ જણાય છે, પણ આવતો અંક છપાશે તે પહેલાં તેઓ છુટી ગયા હશે.

તા. ૨૦ જાન્યુઆરીએ ડરબન જેલમાંથી જે ૧૧ બાઇઓ છુટી અને જેની છબી અમે તા. ૨૯ અકટોબર ૧૯૧૩ના અંક સાથે આપેલી છે તેમની સાથે જેલમાં ૭ બાળકો હતા તેમનાં નામ નીચે મુજબ છે. છોકરીઓ—શેષુમા નાઇડુ, રાજુમા પીલે અને એંજલા પીલે. છોકરાઓ—રામદત્ત ભવાની દયાલ, સભાપતી રાને વેલુ નાઇડુ.

સત્યાગ્રહી અગીઆર બાઇઓ જે છુટી તેમાંની મીસીસ મુરગને ગયે રવિવારે છોકરાને જન્મ આપ્યો. તે સત્યાગ્રહીનું બાળક હોવાથી અને તેની માએ તેને પેટમાં રાખી ત્રણ માસ જેલમાં કહાડ્યા તેથી તેનું નામ સત્યાગ્રહન રાખવાનો ઠરાવ મીસીસ મુરગને કર્યો છે.

સર બેંજામીન રોબરટસન પોતાનો પુરાવો કમીશન આગળ આવતી કાલે (ગુરૂવારે) રજુ કરશે એવો સંભવ છે. તેઓ સાહેબ પાંચમા મુદ્દા ઉપર બધી હકિકત એકઠી કરી રહ્યા છે. ને તે સંબંધે ઇમીગ્રેશન કાયદો, વેપારી પરવાનાનો કાયદો, સોનેરી કાયદો વિગેરેથી ઉત્પન્ન થતી હરકતોનો પુરાવો એકઠો કરી તેમની પાસે મુકવાની તઇયારી ચાલી રહી છે.

મૌલવી મોહમદ સીપાઇનો કેસ (જેની કેટલીક હકીકત અમે ગયે અઠવાડીએ આપી ગયા છીએ) ફરીને તા. ૨૧ના રોજ વેરૂલમ માજીસ્ટરેટ આગળ ચાલ્યો હતો. આજ રોજ સાક્ષીઓ, એક નેટીવ નામે કોંબો, મોલા બક્ષ, દાદુ સાહેબ, તથા શમશેર ખાનની જુબાનીઓ લેવાઇ હતી. તહોમતદારે કહ્યું કે હું મારો બચાવ પાછળથી કરીશ, પણ એટલું કહું છું કે હું ઘણો ખીજવાયેલો હતો ને તેના પર સાધારણ હુમલો કરેલો.

આજના અંક સાથેની છબી

ટ્રાંસવાલની સત્યાગ્રહી બાઇઓએ પકડાઇ જેલમાં બેસવા કેટલો પ્રયત્ન કર્યો છે તે આ છાપાના વાંચનારાઓ જાણે છે. જોહાન્સબરગ વીરીનીખન વગેરે ઠેકાણે મહેનત કરી અને ન્યુકાસલમાં જેલ મેળવવાને ફતેહ પામેલી ૧૧ બાઇઓની છબી અમે અગાઉ આપી ગયા છીએ. આજના અંક સાથે ટ્રાંસવાલની ૭ બાઇઓની છબી છે. જેલ જવાનો તેમનો પ્રયત્ન ટ્રાંસવાલમાં ફળીભુત નહીં થયો એટલે તેઓ નાતાલ માં આવી ડરબન, ટોંગાટ વીગેરે જગ્યાએ આ બાઇઓ ફેરી ફરવા લાગી ચારેક બાઇઓ ફેરી ફરતાં એક વખત પકડાઇ પણ હતી. પણ તેમને છોડી મુકવામાં આવી. છેવટે ફરીને ટ્રાંસવાલ ગઇ, અને સરહદ ઉપર પરમીટ બતાવવાની ના પાડી એટલે તેમનું મન ધાર્યું થયું. તેમને તા. ૨૨ ડીસેંબરે વોકસરસ્ટમાં ત્રણ માસની જેલ મળી છે અને ત્યાંથી થોડા દીવસ બાદ મારીત્સબરગની જેલમાં લાવવામાં આવેલ છે. છબીમાં બતાવેલ બાળક પણ માતાની સાથે જેલમાંજ છે.

મુંબઇની મંબવર સભા

[ગયા અંકથી ચાલુ]

આ સભાનો બાકીનો હેવાલ આ અઠવાડીએ વિસ્તારથી આપવાનું અમે ધારેલું પણ જગ્યાના દબાણને લીધે તેમજ સમાધાની બાબેની નવી સ્થીતીને લીધે ટુંકથી પતાવેલ છે.—અ. ઈ. ઓ.

પહેલા ઠરાવ પછી વાઇસરોયની દીલસોજ વરતણુંકને માટે આભાર માનવાનો બીજો ઠરાવ સર જમશેદજી જીજીભાઇની દરખાસ્ત અને મી. મહમદભાઇ કરીમભાઇ, તથા ઓન. લલુ ભાઈ સામળદાસના ટેકાથી સંપુર્ણમતે પસાર થયો હતો.

ત્રીજો ઠરાવ હડતાલવાળાઓ તરફ સત્તાધીશોએ જે વરતન ચલાવેલું છે તેને સખત રીતે વખોડી કહવા સંબંધી છે. આ ઠરાવમાં તપાસ કરનારી કમીટીમાં હીંદીવાનોના પ્રતીનીધીઓનો સમાવેશ કરવાની માગણી કરવામાં આવી છે. આ ઠરાવ મી. હોરમસજી વાડીઆએ રજુ કર્યો હતો તથા પુરશોતમ દાસ ઠાકોરદાસે ટેકો આપ્યો હતો.

ચોથા ઠરાવમાં ઓન. મી. વીઠલદાસ પટેલ તથા મી. નરસિંહ ચીંતામણ કેલકરે ('મરાઠા' પત્રના અધિપતિ) લોર્ડ એમ્પથીલનો આભાર માન્યો હતો.

તે પછીના ઠરાવ ઝાંઝીબાર અને કોલોનીમાંના હીંદીઓને લગતા, તથા ઠરાવોની નકલ હીંદી તથા વડી સરકારને મોકલવા બાબતના હતા. જેમાં મી. બી. સી. હોરનીમન (બોમ્બે ક્રોનીકલના અધિપતિ), મી. એમ. ટી. કાદરભાઇ (આ ગ્રહસ્થે ઓલ ઇંડીયા મોસ્લેમ લીગની લંડન શાખાના સેક્રેટરી તરીકે દ. આફ્રીકાના સવાલ માટે ઘણી ઉપયોગી સેવા બજાવી હતી.) મી. એચ. પી. મોદી અને બીજા બોલનારાઓ હતા.

સભા શેરીફ તથા પ્રમુખનો ઉપકાર માની છેક સાડા આઠ વાગે વીસરજન થઇ હતી.

રેવ. ફ્રેસર સોસાયટીના સબંધમાં કીમતી સેવા બજાવવા માટે ના. સુલતાન તરફથી મેસરસ હાજી દાઉદ મહમદ, બી. એમ. પારેખ, એમ. એસ. રદેરી, પસમાઇલ એ એચ. જગા અને પારસી રૂસ્તમજીને મજીદીઅનો ચોથ દરજ્જાનો ખેતાબ મળ્યો છે

બસુટોલેન્ડના હીંદી

બસુટોલેન્ડના હીંદી ભાઈઓએ નીચે પ્રમાણે અરજી સરકારને કરી છે:—

ત્રીસ વરસ થયાં બસુટોલેન્ડમાં હીંદીઓને વેપારી પરવાના આપવામાં આવે છે, અને અરજદારો હાલમાં પરવાના ધરાવે છે અને ત્યાં વેપાર કરે છે.

ફ્રી સ્ટેટનો જુનો કાયદો જે હાલ અમલમાં છે, તે પ્રમાણે સઘળા હીંદીઓને ફ્રી સ્ટેટમાં રહેવાસ અને વેપાર કરવામાંથી બાતલ કરવામાં આવ્યા છે; પણ થોડાક માસ થયાં આપના અરજદારોને દક્ષિણ આફ્રીકાની કલર્ડ જાતિઓને જે શરતે પાસ આપવામાં આવે છે તે શરતે છુટથી આપવામાં આવ્યા હતા અને દાખલ થવા દેવામાં આવ્યા હતા

આ હક અમારો વેપાર ચલાવવાને માટે ઘણોજ અગત્યનો છે, કારણ કે ફ્રી સ્ટેટમાં થઈને રેલવે મારફતે સઘળો સામાન આવે છે અને બેન્કનું કામ પણ ત્યાંજ થાય છે એટલે અરજદારોને ફ્રીસ્ટેટમાં થોડી મુદત માટે વારંવાર જવું પડે છે. વળી આખા દ. આ. માં મુખ્ય મુખ્ય મથકોએ અમારો પાક માટીએ મોકલવાની અમને છુટ મળવી જોઈએ, અને વધારામાં ફ્રી સ્ટેટમાંજ અમે અમારાં પશુઓ વેચીએ છીએ. અમે આ બાબતોમાં આખા દ. આ.ના ઘણા મોટા ગ્રાહક છીએ

નવા ઇમીગ્રેશન કાયદા (સન ૧૯૧૩નો નં ૨૨) અને એવાજ બીજા કાયદાઓને લીધે પાસના કાયદા એટલા કડક થવાથી અને શરતો એટલી બધી કંટાળા ભરેલી છે કે બરી રીતે ફ્રીસ્ટેટમાં દાખલ થવામાં હરકત કર્તા છે ફ્રીસ્ટેટમાં દાખલ થવાની પરવાનગી માટે સઘળી અરજીઓ પ્રીટોરીઆ કરવાની હોય છે. અને પઇસા અનામતે મુકવા પડે છે અને કર ભરવા પડે છે. આ બધાથી એટલો જુલમ થાય છે કે વેપારી જરૂરીઆતો માટે પાસના કાયદા તદ્દન અટકાવ કરનારો છે. પાસની ના પાડવાનું યુનીયન સરકારના હાથમાં છે અને તેમ કરે છે.

ઇમીગ્રેશન કાયદાનો અમલ કડક અને અવિચારી છે. આ બાબતો સાબીત કરવાને ખરી હકીકતો રજુ કરી શકાય તેમ છે. ફ્રીસ્ટેટમાં પેસવા વિ બાબતમાં દ. આ. ના દેશીના કરતાં બસુટોલેંડના હીંદીઓની સ્થિતિ ઘણીજ હલકી છે.

દ. આ.ના દેશી હમેશાં છુટથી જઈ શકે છે અને આવી શકે છે.

અમને બ્રીટીશ સરકારની વફાદાર પ્રજા તરીકે લાગી આવે છે કે અમારા તરફ અપ્રમાણીકપણે વરતવામાં આવે છે અને તેથી અમારે આર્થીક નુકસાન અને ખોટ ખમવી પડે છે

સરહદ ઉપરનાં શહેરોના અમે સારા ઘરાકો છીએ તે તરફ જોતાં દ. આ. ની યુનીયન સરકાર પાસેથી સારી વરતણુંકની લાયકાત ધરાવીએ છીએ. વળી રેલવે અને જગાત ખાતાની બાબતમાં અને અનાજ તથા પશુઓના વેચનાર તરીકે યુનીયનની ઉપજમાં ઘણો મોટો વધારો કરનારા છીએ.

ઉત્તર બસુટોલેંડના હીંદીઓ અને ફ્રીસ્ટેટનો સંબંધ જુદી જ જાતનો છે, અને અમે ધારતા નથી કે જ્યારે ઇમીગ્રેશન કાયદો બનાવવામાં આવ્યો ત્યારે આનો કંઈ પણ વિચાર કર્યો હોય. બસુટોલેન્ડના કોઈ પણ ભાગમાં બેન્ક અને રેલવે નથી અને બજાર પણ નથી તેથી કરીને ગોરા અને કલર્ડ સઘળા વેપારીઓ ફ્રીસ્ટેટના સંબંધ ઉપર પુરેપુરા આધાર વાળા છે.

આ અરજીમાં જે હકીકતો રજુ કરી છે તે દક્ષિણ આફ્રિકાની બીજી જગાના હીંદીઓએ જે સવાલો ઉભા કરેલા છે તેની સાથે કંઈ લાગતુ વળગતું નથી.

જેથી કરીને ઇમીગ્રેશન કાયદો પસાર થતા પહેલાં ફ્રીસ્ટેટની સરહદ ઉપરના શહેરમાં અમારો વેપાર જે રીતે ચાલતો તે રીતે થોડા વખતને માટે ફ્રીસ્ટેટમાં પેસવાની રજા મળે એમ આપના અરજદારોની નમ્ર પ્રાર્થના છે; અને ઉપરની બાબતોમાં તપાસ થશે તો તેને અમે વધાવી લઈશું.

(સહી) ઈ. એન. મહમદ, એચ. જે. એચ. ઇસાક, તઈયબ આદમ, ટી. એન. મહમદ, ઓસમાન મહમદ, કાસીમ જુમા, હાસમ જુમા, એ. આર. મનસુર, સાલે મહમદ, દાદા આદમ, ઓસમાન સેકીઆ, મહમદ બરીકત, ઇસા એન્ડ કો. મુસા ઇસ્માઈલ, જુમા મહમદ, તઈયબ સુરતી. આજમ રસુલ, દાદા વલી, મહમદ કાસમ એન્ડ કો. તાર મહમદ ઇસ્માઈલ.

પાઇન ટાઉનના કેસ

સત્યાગ્રહીઓ માટે પાઇન ટાઉન આગળ ન્યુજરમનીમાં જે મથક રાખેલું છે ત્યાંથી પકડેલા ૧૪ માણસ અને ૧ બાઈના કેસ પાઇન ટાઉન કોરટમાં ગઈ તા. ૬ ઠી જાન્યુઆરીએ ચાલ્યા હતા. માજીસ્ટ્રેટે પુછતાં આ લોકોએ જણાવેલું કે તેમના ઉપર ઘણું દુખ પડે છે. એક બાઈ જેનું નામ 'ગુજરાતી' હતું તેણે જણાવ્યું કે તેના તરફ ઘણું ખરાબ વરતન ચલાવવામાં આવતું હતું. તે બીમાર હતી. એક દીવસ કામે ન ગઇ તેથી તેનો શી. ૨૦/— દંડ થયો હતો. તે જે કોઠી (હેરીસન) માં કામ કરતી હતી ત્યાંના જુલમ તથા બેદરકારી વિષે તે ઘણું સખત બોલી, અને ફરીથી ત્યાં નહીં મોકલવાની માજીસ્ટ્રેટને આજીજી કરી. માજીસ્ટ્રેટે તેને કહ્યું જે તારે પાછું જવું જોશે. કોરટનું માણસ તને લઇ જશે. ફરીને તેણે જવાબ આપ્યો કે પાછી ત્યાં મોકલવા કરતાં મારી નાખો તો વધારે સારૂં. કોરટના ફળીયામાંથી તેને રડતી લઇ ગયા. અને કોઠી પર મોકલી આપી.

પગાર, ખોરાકી વીગેરેની ફરીયાદો

કરતાં કેટલાક માણસોએ જણાવ્યું કે અમને માત્ર એક વાટકો ચાવલ અને એક તાંસળીમાં મકાઈની ઘેંસ આપે છે. નીમક ખરીદવાને માટે અમારે ચાવલ વેચવા પડતા હતા જ્યારે અમે ફરીયાદ કરીએ ત્યારે અમને મારવાનો પોલીસને હુકમ મળે છે. અમને ગ્રીનવુડ પારકના માજીસ્ટ્રેટ આગળ ઉભા કરવામાં આવ્યા હતા અને ત્યાં પા. ૧ નો દંડ થયો હતો. માજીસ્ટ્રેટે અહીં ટીકા કરી કે ઇમીગ્રેશન કાયદામાં એવી કોઇ કલમ નથી જેની રૂએ પા. ૧ દંડ થઈ શકે. બીજા એક માણસે કહ્યું કે તેને છેલ્લા મહીનાનો પગાર નથી મળ્યો. બીજી ફરીયાદ એ કરી કે તેઓને શી. ૨૫ પગાર મળવા જોઇએ તેને બદલે માત્ર શી. ૧૫ જ મળેલા. તેઓને ઘણું સખત કામ કરવું પડતું. ૪ વાગે સવારે ઘટ વાગે છે અને ત્યારથી કામ શરૂ કરવું પડતું. હું અને બીજા માણસો ઓછામાં ઓછા ત્રણ વખત પ્રોટેકટર પાસે અમારાં દુખોની ફરીયાદ કરવા ગયા, પણ દરેક વખતે અમને ઓફીસને અને અમારા સાહેબ પાસેથી પાસ લઇને આવવાનું કહેવામાં આવતું. હદીસ—(રજીસ્ટર નં. ૧૩૭૩૨૬) નામના એરમીટવાળા હીંદીએ કહ્યું કે તેની સાથે ઠરાવ માસીક શી. ૩૦ નો છે, પણ તેને માત્ર શી. ૧૦ જ મળે છે.

માજીસ્ટ્રેટે જણાવ્યું કે તમારી હકીકત ડીરેકટર પાસે મોકલીશ અને કમીશન પણ તમારી ફરીયાદ સાંભળશે પરંતુ તમારાં દુખો દુર કરવાનો ઉપાય કમલો તોડવાથી નથી થતો. અમઝોટી વેલીના રામ નાઇડુ, રેડી, અને પરસુબાને ત્રણ ત્રણ અઠવાડીઆની તથા જણાને ૧૦ દીવસની જેલની સજા મળી. હેરીસન એસ્ટેટના કાસુ, અમીરૂદીન, ચીનાપા, પીઢુ, સ્યુરામ અને બીજા પાચને ૭ દીવસની જેલ અથવા શી. ૧૦ ના દંડની સજા થઇ. ત્રણ અઠવાડીઆવાળાને અગાઉ બે વખત અને ૧૦ દીવસ વાળાને એક વખત સજા થયેલી હતી.

પાઇન ટાઉન જેલની કોટડીઓ

બે છે. આ બેમાં ઘણીક વખત સંખ્યાબંધ કેદીઓને પુરવામાં આવે છે. આની સામે મી. આઇઝાક કે જે સત્યાગ્રહી કેંપમાં માણસોની સંભાળ રાખવાને રહેલા છે તેમણે ત્યાંના માજીસ્ટ્રેટને કાગળ લખી જણાવ્યું છે કે આવી નાની કોટડીઓમાં આટલા બધાં માણસો પુરવાથી રોગના ફેલાવા સિવાય બીજું કાંઇ પરીણામ આવેજ નહીં. આમાંની એક કોટડીનું માપ આશરે ૯ ફીટ ૬ ઇંચ × ૬ ફીટ ૬ ઇંચ તથા બીજીનું ૮ ફીટ ૩ ઇંચ × ૯ ફીટ ૬ ઇંચ છે.

ખોરાકીના સંબંધમાં પણ મી. આઇઝાકે માજીસ્ટ્રેટને કાગળ લખેલો છે.

બીજી ૧૦ બાઇઓ અને ૧ છોકરો તા. ૧૬ મીએ ન્યુ જરમનીમાંથી પકડાયા. આમાંની કેટલીક હેરીસન એસ્ટેટ અને બીજી અવોકાની છે. તમાના પાચ જે બીજી વખત પકડાયા તેમને ૧૦ દીવસ તથા એક જે પહેલી વખત પકડાએલ તેને ૭ દીવસની જેલ અથવા શી. ૧૦ ના દંડની સજા થઇ છે. બીજાંઓને પાછા કોઠી ઉપર લઇ ગયા છે. હેરીસન કોઠીમાં કામ કરતી બાઇ મુરગીએ કહ્યું કે મારો ધણી જેલમાં છે. કોઠીમાં હતી ત્યારે મારા ઉપર માર પડ્યો હતો. પાછી જવાને બદલે હું ભીખ માગીશ. બીજી બાઇઓએ પણ ફરીયાદ કરી કે અમારા તરફ વરતન ઘણું અસભ્ય છે. અને કેટલીકને તો માર પણ પડ્યો છે. કેટલીકના ધણી જેલમાં છે અને કોઇ આશરો નથી. અમઝીંટોમાં રહેતા ઇસ્માઇલ નામના છોકરાએ કહ્યું કે મને માર્યો હતો. કોરટમાં જતાં પહેલાં તેણે ફરીયાદ કરેલી કે ત્રણ વરસનો પગાર તેને મળેલો નથી. આ છોકરાને ૭ દીવસની જેલ મળી છે.

ગયા ગુરૂવારે ઇમીગ્રેશન બોરડે મી. જીના નારણની અપીલ સાંભળી હતી. તેના વકીલ મી. ગોરડન હતા. તેની પાસે ૧૯૦૬માં કઢાવેલું ડોમીસાઇલ સરટીફીકેટ હતું. તે ડોમીસાઇલ માટેની અરજીમાં તેણે જણાવેલું કે પ્રથમ તે ૧૮૯૭માં નાતાલ આવ્યો. હમણાં હીંદુસ્થાનથી તે આવ્યો તે વખતે કરેલા સોગંદનામામાં તેણે જણાવેલું કે તે પ્રથમ ૧૯૦૧માં આવ્યો. આ હકીકત ઉપરથી ઇમીગ્રેશન ખાતાએ વાંધો લીધો અને કહ્યું કે ૧૯૦૬માં જે ડોમીસાઇલ કાઢી આપ્યું તે ખોટી ખબરોથી કાઢ્યું છે. ઉલટ પાલટ તપાસમાં મી. જીનાએ વીરોધી જુબાની આપી, અને બને હકીકત ખરી છે એમ બતાવવાનો પ્રયત્ન કર્યો. બોરડના પ્રમુખ મી. બીન્સે કહ્યું કે અરજદાર ગભરાઇ ગયો દેખાય છે. તે વાત તે વધારે સારી રીતે કરી નાખે એટલા માટે કેસ બીજા દી સુધી મુલતવી રાખ્યો છે.

મરહુમ સુબ્રાઇનાં મરણ વિષે તપાસ

(ગયા અંકથી ચાલુ)

કંપાઉન્ડર કેમ્પબેલની જુબાની

આ કેસમાં બે શાક્ષીઓની જુબાની ગયે અઠવાડીએ અમે આપી છે. બીજી નીચે મુજબ છે :

ફ્રેંક કેમ્પબેલ સોગંદ ઉપર બોલ્યા કે—નાટાલ એસ્ટેટમાં હું કંપાઉન્ડર છું. હું મી. ટેઇ અને મરહુમ સુબ્રાઇને ઓળખું છું. પહેલ વહેલો મેં સુબ્રાઇને તા. ૧ ડીસેમ્બરને સોમવારે ૬ા વાગે ઇન્ડીઅન ઓપિનિઅનના સંસ્થાનના એક ઘરમાં જોયો હતો. કમ્પનીનો એક હીંદી જે બીમાર હતો તેને લેવાને મને ત્યાં મોકલવામાં આવ્યો હતો. તેને શું થયું છે એવું પુછતાં તેણે કહ્યું હતું કે તેનો બરડો દુખે છે. મેં તેનો બરડો તપાસ્યો અને જમણા ખભાની નીચે બે ગોળ સોળ જોયા. મેં તે સિવા બીજા સોળ જોયાં નથી. જ્યારે મેં તેને કહ્યું કે એ બીમારી કંઇ ભયંકર ન હોતી, ત્યારે તે જવાબમાં બોલ્યો કે—"હું તંદુરસ્ત છું. અને આવતી કાલે કામે જઇશ." મેં તેને મારી સાથે માઉન્ટએજકંબ લીધો અને ત્યાં દેખરેખ રાખનાર ચાર જન્ટને સ્વાધીન તેને કર્યો.

મી. એન્ડ્રુઝને વિષે અમે પ્રીટોરીયાના છેલ્લા ખબર આપી ગયેલા ત્યાર પછી તેમના માનમાં વિશેષ મીજલસો થએલી તે ખબર અમે આજ લગી નથી આપી શક્યા તે હવે આપીએ છીએ. મી. એન્ડ્રુઝને ફરીથી મી. હાજી હબીબને ત્યાં ખાણું આપવામાં આવ્યું હતું. મી. પટેલ તેને મોટર કારમાં વોન્ડરબુમ ફેરવી લાવ્યા હતા. વળી મી મંગલભાઇ પટેલે તેમને ત્યાં ખાણું આપ્યું હતું ને તેમાં ઘણા આગેવાનોને નોતર્યા હતા. તેજ દહાડે મી. છગનભાઇ ખીમાના મકાન પર ચાહ પાર્ટી ધોબા યંગમેન્સ એસોસીએશન તરફથી આપવામાં આવી હતી. તે વેળા મી. ગાંધીને ફંડને સારૂ પા. ૫—૫—૦ ની ચેક આપવામાં આવી હતી. વળી કાઠીયાવાડી મંડળે પણ ખાણું આપ્યું હતું ને તેમાં ઘણા ગ્રહસ્થોને નોતર્યા હતા. અને સ્ટેશને જતી વેળા ધોબી કમીટીએ પા. ૬—૧૦—૦ ની મી. એન્ડ્રુઝની મુસાફરીના ખરચ પેટે આપ્યા હતા. આમ મી. એન્ડ્રુઝ પ્રીટોરીયામાં થોડી મુદતમાં પોતાની સાદાઈ તથા પોતાના મીલનસારપણાથી લોકપ્રિય થઇ શક્યા હતા. મી. મંગલભાઇ પટેલને ત્યાં તેમણે ભાષણ આપ્યું હતું તેનો સાર નીચે આપ્યો છે.

સંસારી અને આત્મીક રાજા

મી. એન્ડ્રુઝ બોલ્યા કે હાલ હીંદુસ્તાનમાં સંસારીક તેમજ આત્મીક રાજા રાજ્ય કરે છે. ને બન્ને મહા બળવાન છે. સંસારીક રાજા લોરડ હારડીંગ છે; તેમના જેવા ઉમદા ગ્રહસ્થ દુનીઆમાં થોડા હશે તેમની લોક લાગણીના ઘણા પુરાવા તેમની નજરે જોવામાં આવ્યા હતા. લોરડ હારડીંગને જ્યારે દિલ્હી દરબાર વખતે ગોળો લાગ્યો હતો ત્યારે તે ઓ સાહેબ બેશુધ્ધ થયા હતા. જ્યારે શુધ્ધિ આવી ત્યારે તેમણે બધાની તપાસ કરતાં જોયું કે આ માર છતાં દર બાર તો ચાલશે પણ અમલદારોએ રાતે આતશબાજી ફોડવાની હતી તે બંધ કરવાનો હુકમ કર્યો હતો. લોરડ હારડીંગને આથી દરદ થયું ને તેમણે એકદમ હુકમ કર્યો કે આતશબાજી એ ખાસ છોકરાંઓની ગમતને સારૂ હતી. તે તો કદી મુલતવી ન રહેવી જોઇએ: મેં છેવટે જો કે લોરડ હારડીંગ મરણ પથારીએ હતા તોપણ આતશબાજી ચાલુ રાખવામાં આવી હતી. લોરડ હારડીંગે કેટલી નિરભયતાથી દક્ષિણ આફ્રીકાના હીંદીની હિમાયત કરી છે તે વાત જગ જાહેર થઇ પડી છે. તેમ કરતાં તેમણે કોઇની પણ પરવા નથી રાખી. કાનપુરમાં મસજીદની તકરાર થએલી ને પછી ત્યાંના જીલ્લાના ગવરનરનો હુકમ રદ કરી મસજીદનો તુટેલો ભાગ ફરી ચણવાની રજા આપનાર પણ લોરડ હારડીંગજ હતા. તેવી બાબતોથી લોરડ હારડીંગ હીંદુસ્તાનમાં અત્યંત માન પામ્યા છે. તેમનાં પતિ પણ તેવાંજ છે. લેડી હારડીંગે હીંદુસ્તાનના બધા અપંગ છોકરાને મીજલસ આપેલી. તેમાં દર છોકરા દીઠ બે રૂપિઆનું ખરચ કરેલું. આ મીજલસનો કારભાર મી. એન્ડ્રુઝના હાથમાં હતો ને પોતાના અનુભવે મી. એન્ડ્રુઝ જોઇ શક્યા હતા કે લેડી હારડીંગ કેટલી માયાળુ બાઈ હતાં. લેડી હારડીંગને કોઇએ સુચવેલું કે યુરોપીયન છોકરાંઓની તાલીમ જુદા પ્રકારની હોય છે તેથી તેઓને સારૂ વધારે ખરચ કરવું જોઇએ આ સાંભળીને પોતે ગુસ્સે થએલ ને કહેલું કે એવું કદી બની શકે નહીં. એવે અવસરે ગરીબ તવંગર, ઈંગ્રેજ હીંદી બધા સરખાજ ગણવા જોઈએ. એટલા પ્રતાપી છતાં લોરડ હારડીંગની સત્તા સાંસારીકજ હતી પણ તેના કરતાં મહાન ને દેવી સત્તા ભોગવનાર રાજા તે ગુરૂદેવ રવીંદ્રનાથ ટાગોર છે. તે (મી. એન્ડ્રુઝ બોલ્યા) દુનીયામાં હાલ સરવથી મહાન પુરૂષ છે. ગયે વરસે યુરોપના મહા કવિઓએ ઠરાવ્યું કે તે ગયે વરસે તો દુનિયામાં સરવથી મહાન કવી હતા. ને તેથી તેમને નોબલ પ્રાઈઝ પા. ૭૭૦૦ નું ઇનામ થયું. આ ખબર જ્યારે પડયા ત્યારે હીંદુસ્તાનના અગ્રેસરો ખાસ રવી બાબુને વધાવવા તેમના આશ્રમ પર ગએલા. ત્યાં તેમની ખુબ સ્તુતિ કરી. એટલે રવી બાબુએ પોતાનાજ બનાવેલા કાવ્યોથી જવાબ આપ્યો. તેનો ભાવારથ આ હતો 'તમે મને સોનાની માળા આપો છો તેનો બોજો ભારે લાગે છે મેં મારી ડોક નમી જાય છે. મને તો પ્રેમ રૂપી ફુલની માળા આપો કે જેની સુગંધથી હું હમેશાં પ્રફુલ્લિત રહું.' આવી તેમની સાદાઇ છે. જે ઇનામ તેમને મળ્યું છે તેનો ઉપયોગ પોતે કેળવણીને સારૂ કરવાના છે. પોતાની શક્તિઓથી પોતે કરોડાધીપતી બની શકે તેવા છે છતાં અતિ ગરીબી હાલતમાં રહે છે. પોતાના આશ્રમ પર છોકરાઓને કેળવણી આપે છે ને તે કેળવણીમાં નીતિને મુખ્ય પદ આપવમાં આવ્યું છે. રવી બાબુના બાપ મહરષિ દેવેંદ્રનાથ ટાગોર પણ મહાન ધર્માત્મા થઇ ગએલા ને તેમને પગલે રવી બાબુ પોતાનાં નાનપણથી ચાલતા આવ્યા છે. આ પ્રમાણે પોતાનામાં વિદ્વત્તા તથા ઉંચા પ્રકારની નીતિ શોભી નીકળ્યાં છે ને તેથી તે લાખો હીંદીમાં પુજાય છે. જે દેશમાં રવી બાબુ જેવા નીતિમાન સાધુ કવી પેદા થાય તે દેશની ચડતીની હદ કોઇ

માણસ બાંધીજ શકતું નથી. ફિવટમાં ઘણી શાંતિમાં મી. એન્ડરૂઝે જે સંસ્કૃત શ્લોક તેમને રવીંદ્ર બાબુએ આપણી ને તેમની શાંતિને સારૂ આપ્યો હતો તે સંભળાવ્યો. ભાષણ થયા બાદ મી. હાજી હબીબે સત્યાગ્રહ ફાળામાં પા. ૫—૫—૦ લખાવ્યા ને મી. કાસમ અ. મે પા. ૧૦—૧૦—૦ લખાવ્યા ને પ્રીટોરીઆ શહેરમાં જેનરલ ઉદારીઆના ઉપાડ કરવાની હામ બાંધી.

મી. એન્ડરૂઝે પ્રીટોરીઆમાં એક ઘડીભર આરામ નથી લીધો. રાત દિવસ આપણી લડતનુંજ રટણ તેમને હતું, ને ઘણા અમલદારોની મુલાકાત તેમણે લીધી હતી.

મી. એન્ડરૂસ ડરબનમાં

મી. એન્ડરૂઝ તથા મી. ગાંધી જનરલ સ્મટસની સાથે પત્રવ્યવહાર ખલાસ થયો કે તુરત જોહાનીસબરગ જવા ઉપડી ગયા. ત્યાં તેમને સારૂ હીંદી ભાઇઓએ ખાસ મકાન લઇ રાખેલું તેમાં ઉતારો આપ્યો. આ મકાનમાં ખાસ નવો ફરનીચર રાખવામાં આવ્યો હતો. તેમાં ઘણા હીંદી વોલંટીયરો કામે વળગ્યા હતા ને મી. એન્ડરૂઝની બરદાસ કરી. મી. કાછલીઆ, મી. અસ્વાત, મી. જીવણભાઈ, મી. શેલત ભાઇ વિગેરે સ્ટેશન પર હતા. મી. એન્ડરૂઝ માત્ર એકજ દિવસ રહી શક્યા છતાં ઘણા હીંદી મળી ગયા હતા. બધાને પત્ર વ્યવહાર મી. ગાંધીએ સમજાવેલો ને તે પસંદ કરવામાં આવ્યો હતો. મી. એન્ડરૂઝ તથા મી. ગાંધી શનિવારે ત્રેન. ડરબન પહોંચ્યા. રસ્તામાં ન્યુકાસલ, ડનડી, ઉત્રર અને લેડીસ્મીથમાં હીંદી આગેવાનો આવેલા તેમને પણ સમાધાનીની સમજ આપવામાં આવી હતી. મેરીત્સબરગમાં પણ ઘણા હીંદી સ્ટેશન પર આવ્યા હતા. પછી ડરબનની મેદાન મીટીંગ થઇ તેનો હેવાલ અમે આપી ચુક્યા છીએ. છેવટે મી. એન્ડરૂઝ કેપ જવાને સારૂ ગયે શુક્રવારે ઉપડી ગયા. તે વેળા મી. રૂસ્તમજીએ મોટી મીજલસ ભરી હતી. તેમાં લગભગ બસેં માણસોને નોતર્યાં હતા. મી. દાઉદ મહમદથી કરી લગભગ દરેક આગેવાન હીંદી હાજર હતા. ઘણી બાઇઓ પણ હાજર હતા. બહાર તેમજ અંદર ટેબલ ગોઠવવામાં આવ્યા હતા. ને ટેબલ મેવા મીઠાઇથી લદી રહ્યું હતું. મી. રૂસ્તમજીએ પોતાના ભાષણમાં મી. એન્ડરૂઝ તથા મી. પીયરસનની ખુબ તારીફ કરી ને આવેલા ગ્રહસ્થોનો આભાર માન્યો. મી. એન્ડરૂઝ તથા મી. પીયરસનને ફુલના હારતોરા તથા એક એક શાલ ભેટ આપ્યાં. પછી બન્ને સાહેબોએ જવાબ આપ્યો ને છેવટે મી. શેખ મહેતાબે પોતાનાં શિષ્યો સાથે કાવ્ય ગાઇ સંભળાવ્યાં ને મેળાવડો વિસરજન થયો. આમાં મી. ને મીસીસ બેલી, મી. હોડસન, મી. રાય સરકાર, મી. સ્ટ્રોંગ, મી. બરક, મીસ વેસ્ટ વિગેરે પણ હાજર હતા.

મી. એન્ડરૂઝ નીચે પ્રમાણે જગ્યાએ હીંદીઓની મુલાકાત કરી તેમનાં ઘરોમાં વસી કેપ તરફ જશે ને ત્યાંથી તા. ૨૧ મીએ ઇંગ્લાંડ જવા રવાના થશે. પી. એમ. બરગ તેઓ સાહેબ બે દિવસ રહ્યા. એક દિવસ લેડીસ્મીથ ને પ:

ન્યુકાસલ — તા. ૩-૪ જોહાનીસબરગ — તા.૫-૬

કીમ્બરલી — „ ૭-૮ કેપટાઉન — „ ૯-૨૧

મી. એન્ડરૂઝનો ઇરાદો કેપમાં વધારે વખત રહેવાનો છે કે જેથી ત્યાં અમલદારો તેમજ મોટા મેમ્બરોને મળી શકે. દરેક જગ્યાએ મી. એન્ડરૂઝ સાદાઇથી આપણાજ ઘરે મા રહેવા માગે છે. ત્યાં તેમને ચોખાઇ મળશે ને વિનય મળશે એવી ઉમેદ રાખી શકાય છે. મી. એન્ડરૂઝ માત્ર ભાજીપાલો ખાય છે ને ઘણો સાદો ને થોડો ખોરાક લે છે. પોતે ભોંય પર ગાદલું પાથરી સુએ છે. ને તે પણ ઓશરીઓમાં કોટડીમાં સુવું પસંદ કરતા નથી. ખાવાને સારૂ આપણીજ રિતી રાખે છે ને કાંટા ચમચો ભાગ્યેજ વાપરે છે. દાળ ભાત શાક, રોટલી તથા લીલો મેવો લેય છે. મીઠાં પકવાનને ભાગ્યેજ અડકે છે. સવારના બહુ વહેલા એટલે ત્રણ વાગે ઉઠી બે ત્રણ કલાક ઇશ્વરનું ધ્યાન ધરે છે.

અમને ઉપરનું છપાયા પછી તાર મળ્યો છે કે મી. એન્ડરૂસ આપણા સવાલને સારૂ જોહાનીસબરગ વીગેરે મથકો છોડી પરબારા કેપટાઉન જવા ઉપડી ગયા છે.

"નાટાલ ઇન્ડીયન કોંગરેસ"

આવા મથાળા નીચે ડરબનના છાપામાં નીચે પ્રમાણે ખબર હતા.

નાતાલ ઇન્ડીયન કોંગરેસની મોટી સભા ભરાઈ હતી. તેમાં બહુ ગાઢ વિવાદ થયા પછી એવો ઠરાવ બહાર થયો, હતો કે હીંદી કોમે કમીશનને પુરાવો આપવો. પ્રમુખ મી. એમ. સી. કુવાડીયા (હુસેન કાસીમની કું) હતા અને તેમની બાજુએ સેક્રેટરી મી. એમ. સી. આંગલીઆ તથા દાદા ઓસમાન હતા. પ્રથમ તો નાતાલ ઇન્ડીયન એસોસીએશનના કેટલાક મેમ્બરોને બનાવવાનું એવું પ્રયત્ન કરયું કે કમીશનનું કામ કુબો તપાસવાનું હતું. આ પ્રયત્નની સામે એમ કહેવામાં આવ્યું હતું કે મી. ગાંધીનો વાંધો કમીશનના મેમ્બરોની નીમણુક સામે હતો. જો મી. સ્મટસે બે વધારાના મેમ્બરને નીમ્યા હત તો તે પોતે પુરાવો આપત. આમ હોવાથી મી. ગાંધીના અનુયાયી જેઓ પુરાવા આપવાને તઇયાર હોય તેવાને પણ રોકી રાખવા માગે તે ખોટુંજ ગણાય. બોલનારામાં મી. કુવાડીયા, મી. આંગલીયા, મી. ઓસમાન ડા. હીરામાણેક, મી. બરનાર્ડ ગેબ્રિઅલ, મી. કે. આર. નાયડુ અને બીજા હતા. મી. કાસમ જુમાએ નીચેનો ઠરાવ રજુ કરેલો કે: નાતાલ ઇંડીઅન કોંગરેસની આ મીટીંગ કે જે નાતાલ હીંદી કોમ વતી બેઠેલ છે તે એવો ઠરાવ કરે છે કે ઇંડીયન કમીશન જે હાલ ડરબનમાં બેઠું છે તેની પાસે પુરાવો આપવો. આ ઠરાવને મી. બરનાર્ડ ગેબ્રિયલે ને મી. દાદામીયાએ ટેકો આપ્યો. પછી હાથ ઉંચા કરાવવામાં આવ્યાં ને પરમુખે ઠરાવ્યું કે ઠરાવ ઘણે મતે પસાર થયો. ઉપલી બાબત ખુબ તકરાર થઇ હતી અને ઘોંઘાટ પણ થયેલો. નાતાલ હીંદી એસોસીએશનના મેમ્બરે કે જેઓએ કોંગ્રેસને છોડીને તેઓ બીજી મીટીંગ કરવાને ઇચ્છતા હતા. તેઓને બતાવવામાં આવ્યું હતું કે ઠરાવ વધુ મતે પસાર થયો હતો અને કોંગ્રેસ જે થયું તેથી સંતોષ પામી હતી અને તેથી બીજી મીટીંગની કંઇ જરૂર નહતી. પછી મીટીંગ બંધ પડી.

સામેનો કાગળ.

ઉપરનો રીપોર્ટ છાપાઓમાં ખાસ મોકલવામાં આવેલો હોય એમ જણાય છે તે ઉપરથી ને મીટીંગમાં હાજર રહેલમાંના એકસોતેર જણે તુરતજ છાપામાં લખ્યું કે જે મીટીંગ નાતાલ ઇંડીયન કોંગ્રેસના નામે ભરાએલી કહેવામાં આવી છે તેનો રીપોર્ટ અમે જોયો છે, તે રીપોર્ટ એમ સુચવે છે કે મીટીંગ કમીશનના આગળ પુરાવો આપવાની તરફેણમાં હતી. અમે નીચે સહી કરનારે

જેઓ ત્યાં હાજર હતા તે કહેવા માગીયે છીયે કે તે રીપોર્ટ ખરે.ખર નથી મીટીંગમાં ૪૮ વોટ પુરાવો દેવાની તરફેણમાં પડ્યા હતા ને ૬૯ સામે પડ્યા હતા. અને જો તમે જેમ એક રીપોર્ટ છાપ્યો તેમ અમારો કાગળ પણ છાપશો તો આભારી થઇશું.

ઉપરના કાગળનો જવાબ

આપતાં મી. કુવાડીયા કોંગ્રેસના આકટીંગ પ્રમુખ તરીખે લખે છે કે એમીટીંગના પ્રમુખ તરીખે તમે છાપેલા કાગળની હકીકત નો હું તદન ઇનકાર કરૂં છું. તે મીટીંગનો મુખ્ય ભાગ મીટીંગ ના ઠરાવની તરફેણમાં હતો અને જે થોડાએ તેની વિરૂધ મત આપેલો તેઓ નાતાલ ઈંડીયન એસોસીએશનમાંથી આવેલા જેઓ તરફેણમાં બોલ્યા તેઓમાં મેસરસ હાસમ જુમા આંગલીયા, હીરામાણેક, દાદા ઓસમાન, કે. આર. નાયના, જીવા ને પ્રમુખ હતા. વિરૂધમાં મેસરસ જે. એન. ફ્રાંસીસ, સી. સીમામની, કડવા ને વહાક હતા. તમે નામો નથી છાપ્યાં એટલે ઉપરના જણે તે કાગળમાં સહી કરીછે કે નહીં એ હું નથી કહી શકતો અને હું એમ પણ નથી કહી શકતો કે જેઓએ સહી કરી છે તેઓ મીટીંગમાં હતા કે નહીં. વિરોધી ઠરાવ કોઇએ રજુ કર્યોજ નહતો અને નાતાલ ઇંડીયન એસોસીએશન ના પ્રયત્ન છતાં મારી ખાત્રી છે કે કમીશન પાસે પુરાવો આપવા બાબતનો ઠરાવ ઘણા મતે પસાર થયો હતો.

મી. ગાંધીના કાર્યને ટેકો

ડરબનથી થએલા તારો

સમાધાનીને ટેકો આપનારા તાર મહોમેડન માસ્ટીક સોસાયટી, કાઠીયાવાડ આરય મંડળ, મહારાષ્ટ્રીયન સભા, સુરત હીંદુ એસોસીએશન, હીંદુ હોકર એસોસીએશન અને પારસી અંજુમન તરફથી મી. ગોખલેને પુના મોકલવામાં આવ્યા છે.

મારીત્સબરગ

કોંગ્રેસનાં પગલાંને વખોડનારી અને સમાધાનીને ટેકો આપનારી ખાસ મીટીંગ મેરીત્સબરગમાં ગયે શનીવારે મળી હતી. તેનો રીપોર્ટ અમે આવતે અઠવાડીએ છાપવા ઉમેદ રાખીયે છીયે

વેરૂલમમાં સભા

વેરૂલમથી એક ખબરપત્રી લખે છે કે ગયે રવીવારે સાંજના મી. રાઘવજી રૂમનાથના મકાન પર એક ખાસ સભા બોલાવવામાં આવી હતી. સભામાં મેસરસ મુસાજી માલ, અહમદ મેતર, મહમદ સુલેમાન ગુલામ, ઇબ્રાહીમ મોતાલા, સુલેમાન અસમાલ કથરાદા, સુલેમાન કથરાદા, ઇસપજી વડવાડા, દાઉદ સીદાત, અહમદ મુસા સીદાત, ઇસપ કથરાદ પારસી, હેરીમસજી, રાઘવજી રૂમનાથ, હેમરાજ ખીમજી, જુદા જીવા, ઇનજી રામજી, નારણ હરી, બીહારી રઘુનંદ, ધનપત, વરધન, મોપાલ તથા બીજા ઘણા ગ્રહસ્થ હાજર હતા. હમીદીઆ એસોસીએશનના પ્રમુખ ઇમામ સાહેબ બાવાઝીર પણ સભામાં હાજર હતા. પ્રમુખપદ બાબુ તાલેવંતસીંગને આપ્યા પછી સેક્રેટરી મી. ઇબ્રાહીમ મોતાલાએ સભાનો હેવાલ સંભળાવ્યો. પ્રમુખે સમાધાની વીષેના કાગળની હકીકત સમજાવી મી. ગાંધીના કામને સંપુરણ ટેકો આપ્યો તથા કોંગ્રેસના જુજ માણસોએ જે વિરૂદ્ધતા બતાવી તે તરફ સખત નાપસંદગી બતાવી. બાદ તે મતલબનો તાર મી. ગોખલેને મોકલવાનો સરવાનુ મતે ઠરાવ થયો.

હીંદી કમીશન

તા ૨૬ ડીસેમ્બરથી આ કમીશનની બેઠક ડરબનમાં શરૂ થઇ છે. ત્યારથી અકાટબંધ તેણે કામ લીધું છે. તેની પાસે જે જુબાનીઓ અપાઇ છે તેમાંથી સાઉથ એન્ડકંબ અને એસ્પરેંઝામાં હડતાલને લગતા બનાવોના પુરાવાનો હેવાલ હાલની બદલાયેલી સ્થિતિમાં આપવો તે જરૂરનું નથી ધારતા. સત્યાગ્રહના પાંચ મુદાઓને લગતી જુબાનીઓ અપાઇ તેમાંની કેટલીક આ નીચે આપીએ છીએ. બીજી આવતે અઠવાડીએ આપીશું.

મી. પોલકીન્ગહોરન

બોલ્યા કે ગીરમીટના કરારનામાની બધી શરતો હીંદુસ્તાનમાં મેં જાતે હીંદીઓને સમજાવેલી છે, અને મારા જાણવા પ્રમાણે હીંદીઓ નાતાલ માટે હીંદુસ્તાન છોડે છે તે પહેલાં તેઓને તે કરારનામાની બધી શરતો સમજાવવામાં આવે છે. ૧૯૦૧ની સાલમાં જ્યારે ગોરા લોકોમાં નાતાલમાં રહેતા સ્વતંત્ર હીંદીઓ માટે અસંતોષ ઉત્પન્ન થયો, ત્યારે એવો ધારો ઘડવામાં આવ્યો કે જે હીંદી પોતાની ગીરમીટની મુદત પુરી થયા પછી ફરીથી તેમાં જોડાય નહીં તો તેણે અમુક કર ભરવો. અને તે ધારાને હીંદી સરકાર તરફથી મંજુર કરવામાં આવ્યો.

પ્રમુખ—જો કોઇ હીંદી તે કર ન ભરે તો ફોજદારી અમલથી તેને દેશપાર કરી શકાય કે નહીં ?

શાક્ષી — નહીં.

પ્રમુખ — હીંદીઓ પોતાની ગીરમીટ ખલાસ થયે હીન્દુસ્તાન પાછા ન જાય અને ફરીથી ગીરમીટમાં સામેલ પણ ન થાય તો આ વારષીક કર આપવાથીજ તેઓ આ દેશમાં રહી શકે એ ખરૂં છે?

શાક્ષી—હા. ૧૯૦૩ની સાલમાં બીજું ડેપ્યુટેશન હીન્દુસ્તાન ગયું. તેની મુરાદ એ હતી કે હીંદીઓ હીંદુસ્તાન પાછા જાય તે માટે વધુ સખત ધારા કરવા. પણ મારા માનવા પ્રમાણે તે ડેપ્યુટેશન નિષ્ફળ નીવડ્યું.

તે કરારથી સરકારને શી આવક થાય છે તેનો આંકડો માગતાં પ્રોટેક્ટરે કહ્યું કે ૧૯૧૨ની સાલમાં ૧૦,૦૦૦ પુરૂષો અને ૬,૦૦૦ સ્ત્રીઓ પાસેથી તે કર વસુલ કરવાનો હતો, પણ ફક્ત પાં. ૯,૨૦૦ વસુલ થયા હતા.

પ્રમુખ— એટલે પોં ૪૮,૦૦૦ વસુલ કરવાના હતા.

મી. પોલ્કીન્ગહોરને વળી જણાવ્યું કે તે કરની રકમમાં પણ દીવસે દીવસે ઘટાડો થતો જાય છે. ૧૯૧૧ની સાલમાં પાં. ૨૦,૦૦૦; ૧૯૧૨ની સાલમાં પાં ૧૪,૦૦૦ અને ૧૯૧૩ની સાલમાં પા. ૧૦,૦૦૦ ભેગા થયા હતા. અહીંની પાર્લામેન્ટની છેલી બેઠકમાં સ્ત્રીઓ અને છોકરાં ઉપરથી તે કર નાબુદ કરવાનો ખરડો રજુ કરવામાં આવેલ, અને પુરૂષો ઉપરથી તે કર નાબુદ કરવો કે નહીં તે માટે નાતાલના જમીનદારોની સંમતી લેવામાં આવેલી.

એક બીજા ધારામાં એમ જણાવવામાં આવ્યું કે ૧૩ અને ૧૬ વરસના છોકરી છોકરા પાસેથી પણ તે કરવસુ કરવો

પ્રમુખ— તે સમયે એમ ધાર્વામાં આવેલું કે તે કર ૧૩ વરસની છોકરી પાસેથી પણ ઉઘરાવવો ?

સાક્ષી— તે સમયે તે પાકી ઉમરની હોય છે.

પ્રમુખ— હું તે જાણું છું. પણ તે પ્રમાણે કદી અમલ થયો છે ?

સાક્ષી— છેલ્લાં કેટલાંક વરસથી તેનો અમલ નરમ થતો જાય છે. તેણે વધુમાં જણાવ્યું કે ત્રણ પાઉંડનો કર આપવામાં ન આવે તો તે વસુલ કરવા દીવાની કાયદો વપરાય છે. અને મારા માનવા પ્રમાણે કોરટનો હુકમ થવા છતાં જે માણસ તે કર ન ભરે તેને કોરટનો તિરસ્કાર કરવા માટે જેલની સજા કરી શકાય છે. કોઇ પણ હીંદી પોતાની ગીરમીટની પહેલી મુદત પુરી થતાં, થોડી મુદત પછી ફરીથી ગીરમીટમાં જોડાય, અને બીજાં બે વરસ પુરાં કરે, તો હીંદુસ્તાન જવાનું ભાડું તેને મળી શકે છે. જે હીંદીએ આ કર ન ભર્યો હોય તેને કોઇ પણ માણસ મજુરીએ રાખે તો તે પૌ. ૫ના દંડની શિક્ષાને પાત્ર થાય છે.

પ્રમુખે શાદી બાબત કેટલાક સવાલો પુછ્યા. તેના જવાબમાં મી. પોલકીંગહોરને કહ્યું કે બે સ્ત્રી પુરૂષ વચ્ચે હીંદુસ્તાનમાં થયેલી શાદી જ્યારે તેઓ બન્ને નાટાલમાં દાખલ થાય ત્યારે નોંધાવવામાં આવે તો તે કાયદેસર મનાય છે

પ્રમુખે જણાવ્યું કે હીંદી શાદીઓમાં ઘણી શાદીઓ એક કરતાં વધારે ઓરત સાથ થયેલી હોય છે

મી. પોલ્કીંગહોરન—ગીરમીટના ખતના કરાર પ્રમાણે તે ફક્ત વાજબી છે. તે બાબતમાં હીંદીઓ હીંદુસ્તાનમાં જે હક ભોગવે છે, તે હક અહીં ભોગવી શકે. ૧૯૦૭ની સાલમાં એક ધારો ઘડાયો છે, તેનો માયનો એવો છે કે હીંદુસ્તાનમાં થયેલી જે શાદીઓ, દંપતિ નાતાલમાં પેસતાં નોંધાતી હોય તે નાતાલમાં કાયદેસર ગણવામાં આવે તે માણસની શાદી એકથી વધારે ઓરત સાથે થયેલી હોય તોપણ હરકત નહીં પણ નાતાલમાં આવ્યા પછી તેવી શાદીઓ થવા દેવામાં આવે નહીં. કોઇ પણ જોડાને ઇચ્છા હોય તો ડેપો છોડયા પહેલાં શાદી કરવા દેવામાં આવે છે.

પ્રમુખ— મને એમ જણાય છે કે તેઓની માગણીઓમાંની એક એવી પણ છે કે તેઓની શાદી કાયદેસર ગણવાની ખાતર તેઓના ધરમગુરૂઓમાંથી એકને શાદીનો અમલદાર નીમવો જોઇએ. એવા અમલદારો તરીકે નીમી શકાય એવા ધરમગુરૂ છે?

સાક્ષી— હું ધારૂં છું કે છે.

પ્રમુખ —પણ ગયા વરસના આંકડા જોતા તેઓને કાયદેસર નોંધાવીને લગ્ન કરવા સામે વાંધો નથી એમ જણાય છે

પ્રમુખે અહીં જણાવ્યું કે શાદીના કાયદા બાબત મી ડી વીલીઅરસ કાંઇક તપાસ કરશે, કેમકે આ બાબત એવી છે કે કમીશનને સરકારની મદદની થોડી જરૂર છે

મી. ડી વીલીઅરસે જણાવ્યું કે પોતે આ કાયદો બરાબર તપાસીને જોયો નથી, અને કબુલ કરયું કે તેનો અરથ સમજવો જરા મુશ્કેલ છે.

પ્રમુખના સવાલના જવાબમાં મી પોલ્કીંગહોરન બોલ્યા કે પોતે આ કાયદાનો અરથ એવો કરે છે કે આમ રજીસ્ટર થવાથી શાદી થઇ છે એમ સાબીત થવા ઉપરાંત આ દેશમાં તે શાદી કાયદેસર ઠરે છે.

મી. એસેલન — જો કોઇ માણસ અહીં પોતાની સ્ત્રીને મુકી હીંદ જાય અને પાછો આવે ત્યારે બીજી સ્ત્રી લાવે તો?

મી પોલકીંગહોરન — એવું જવલેજ બને. અને જો આ વાતની . માણસ આવે ત્યારે ખબર હોય તો બાજી સ્ત્રી છે એમ તે વખતે કાંઇ ખબર ન પડે ... ... રીતે દેશ જતી વખતે માણસ પોતાની સ્ત્રીને લઇ જાય એમ અમે તજવીજ રાખીએ છીએ

મી. એ. સીડલ

નાટાલની કોલસાની ખાણોવાળાની સભાનાં પ્રમુખ મી એ. સીડલ કમીશન સન્મુખ હાજર થયા હતા. હીંદી હડતાલના સમયમાં તે સભાની જે બેઠકો થયેલી તેનો હેવાલ કમીશન રૂબરૂ મુક્યો હતો. કારણ કે ખાણોવાળા સામે કંઇ દોષારોપ મુકવામાં આવેલ હતો. નાતાલની કોલસાની ખાણોમાં કામ કરતા હીંદીઓની સંખ્યા ૩,૭૦૪ની હતી.

સર લીજ હ્યુલેટ

સર લીજ હ્યુલેટ લીમીટેડના મુખ્ય કર્તા કારવતા સર લીજ હ્યુલેટ બોલ્યા કે મારી પેઢીમાં આસરે ૩૦૦૦થી ૪૦૦૦ હીંદીઓ કામ કરે છે. ત્રણ પાઉંડનો કર નાબુદ કરવો કે નહીં તે વીષે તેમનો મત પુછતાં તે બોલ્યા કે આ કરનો જ્યારે ધારો ઘડવામાં આવ્યો ત્યારે એમ ધારવામાં નહોતું આવ્યું કે સ્ત્રીઓ અને બાળકો પણ આ કરના ભોગ થઇ પડશે. પણ કાયદાની કોરટના એક ઠરાવને આધારે સ્ત્રી અને બાળકો ઉપર પણ તે કર નાખવામાં આવ્યો. આ બનાવથી હીંદીઓ અને ગોરા જમીનદારોમાં અસંતોષ થયો. જમીનદારોમાં અસંતોષ એટલાજ કારણસર થયો કે સ્ત્રીઓ અને બાળકો પાસેથી પણ તે કર વસુલ કરવો તે તેમને અન્યાયી લાગ્યું.

પ્રમુખ —પુરૂષોની માફક સ્ત્રીઓ અને બાળકોને પણ ગીરમીટમાં રાખવામાં આવે છે?

સાક્ષી —હા

પ્રમુખ — અને તેમના કરારનામામાં એકજ સરખા કાનુનો હોય છે?

સાક્ષી — હા, પણ હીંદી મજુરો માટેની અરજી કરતા અમે પુરૂષોની અમુક સંખ્યાની માગણી કરીએ છીએ, અને તે પુરૂષોના કુટુંબમાં જેટલી સ્ત્રીઓ હોય તે અમારે લેવી પડે છે

પ્રમુખ — નાતાલની ધારાસભાએ તેથી આગળ વધી ૧૯૧૩ની સાલમાં સ્ત્રીઓ અને બાળકો ઉપર પણ આ કર નાખ્યો.

સાક્ષી — હા પણ તેમ કરવામાં ધારાસભા વાજબી ન હોતી. આ કર નાબુદ કરવાની તરફેણમાં હું છું કે નહીં તેમ તમે મને પુછો તો, તે સાથે બીજા પ્રશ્નો પણ ઉભા થશે. જ્યારે કરારનામાની એક બે ઉલટી શરતોમાંની એક શરત નાબુદ કરવામાં આવે તો બીજી શરતનું શું થાય? આ કર હીંદીઓ ઉપર એટલાજ કારણથી નાખવામાં આવ્યો છે કે ગીરમીટની મુદત પુરી થયા પછી હીંદીઓને હીંદુસ્તાન જવાની ફરજ પાડવામાં આવે નહીં. જો તમે ત્રણ પાઉન્ડનો કર નાબુદ કરો તો હીંદીઓ ફરીથી ગીરમીટમાં જોડાય, અથવા તો હીંદુસ્તાન પાછા જાય, એવી તમારે તેમને ફરજ પાડવી જોઇશે; અને જો તમે તેમને હીંદુસ્તાન પાછા મોકલશો તો હીંદી સરકાર તેની વિરૂધ્ધ છે."

પ્રમુખ—હાલમાં શું સ્થિતિ છે? તેમને ફરીથી ગીરમીટમાં જોડવાને ફરજ પાડવામાં આવે છે? તેઓને હીંદુસ્તાન પાછા જવાની ફરજ પાડી શકાય નહીં, તેમજ તેમનો મોટો ભાગ કર ભરતો નથી; એ બધું ખરૂં છે?

સર લીજ હ્યુલેટ —જો તમે કર નાબુદ કરો તો બીજી ગીરમીટનું નામ પણ રહેશે નહીં, અને બે ત્રણ વરસમાં તો આખા નાતાલમાં હીંદીઓ સ્વતંત્ર થઇ રહેશે. આગળ પુછતાં સર લીજ હ્યુલેટ બોલ્યા કે હીંદીઓને તે કર પહેલાં ભારે પડતો હશે પણ હવે તેમ નથી. કારણકે છેલ્લાં બે વરસ

દરમીયાન તે. તેઓની મજુરીના દર ઘણા વધી ગયા છે

પ્રમુખ—મારા ધારવા પ્રમાણે હાલમાં સ્ત્રીઓ અને બાળકો પાસેથી તે કર વસુલ કરવામાં નહીં આવતો હોય

સર લીજ—ના, યુનીયન સરકારે એ એકદમ બંધ કરવો જોઈયે.

મી. વાયલીના સવાલના જવાબમાં સર લીજ બોલ્યા કે હું નથી ધારતો કે તે કરના કારણે હીંદીઓ પાછા હીંદુસ્તાન જતા હોય સાધારણ રીતે તેની અસર બીલકુલ નથી થઈ પણ તેની હયાતીથી હીંદીઓ ફરી ગીરમીટમાં જોડાય છે અને મુખ્યત્વે કરીને આવા સમયમાં. કારણકે સ્વતંત્ર રીતે જેટલી મજુરી તેઓ મેળવી શકે તેટલીજ મજુરી તેઓને હવે ગીરમીટમાં મળી શકે છે. ઘણા સ્વતંત્ર હીંદીઓ ફરીથી ગીરમીટમાં જોડાયા છે, અને જેમ જેમ વસ્તી વધતી જશે અને મોટાં ગામોમાં કામની તંગી પડતી જશે તેમ તેનો આંકડો વધશે

પ્રમુખ—જો બધા હીંદી સ્વતંત્ર બને તો ફરીથી ગીરમીટમાં દાખલ થનારના આંકડામાં કંઈ ફેરફાર પડે ખરો કે?

સર લીજ—તેમાં ઘણા મતભેદ છે. કેટલાક એમ કહે છે કે તેથી કંઈ તફાવત પડશે નહીં; અને બીજા એમ કહે છે કે જો તમે આ કર નાબુદ કરશો તો હીંદીઓ પોતાની ગીરમીટની મુદત પુરી કર્યા પછી, તેઓ આ દેશને નાના નાના હીંદી ખેડુતોથી ભરી દેશે, અને આ દેશના ગોરા ખેડુતો સાથે બહોળા વિસ્તારમાં હરીફાઈ કરશે. હીંદીઓ એકાદ જમીનના ટુકડાના ધણી થઈ બેસે અને પોતાનું ગુજરાન ચલાવવા બનતો પ્રયાસ કરે તેમાં મને પોતાને તો કંઈ વાંધો નથી; પણ જો કદાપિ આ હજારો હીંદીઓ સ્વતંત્ર બની નાના નાના ખેડુતો બની જાય તો આ દેશને માટે મજુરીના કામમાં તેઓ આવે નહીં, એ તરફ પણ આપણે નજર રાખવાની છે.

ઓન. મી. માર્શલ કેમ્પબેલ

તે પછી જુબાની આપતાં બોલ્યા કે ત્રણ પાઉંડનો કર તો ઘણાં વરસો પહેલાં નાબુદ થવો જોઈતો હતો. જ્યારે આ નવા કરારનામામાં હીંદીઓ હીંદુસ્તાનમાં સહી કરે છે ત્યારે તેઓને એવું માલુમ નથી હોતું કે પહેલાં જે હીંદીઓ નાતાલમાં આવતા હતા તેમના કરારનામામાં અને આ નવા કરારનામામાં કંઈ તફાવત છે

પ્રમુખ—પણ હીંદુસ્તાન છોડયા પહેલાં તેઓને બધું કહેવામાં આવે છે. તેઓ એટલા બધા અજ્ઞાન છે કે આ સહુ સમજી શકે નહીં?

સાક્ષી—ના; જોકે તે બધું તેમને સમજાવવામાં આવે છે. તેઓ પણ તે કબુલ કરે છે. પણ હું નથી માનતો કે તેઓ તે હકીકત સમજી શકતા હોય. જ્યારે તેઓની ગીરમીટ પુરી થાય છે, ત્યારે તેઓ જાણે છે કે તેમના પાડોશીને કંઈ કર ભરવો પડતો નથી અને પોતાને ભરવો પડે છે અને તેથી તેઓ નારાજ થાય છે. વળી તે કર તદન હડધડા વિનાનો છે. કેટલાક તે કર આપે છે અને કેટલાક નથી આપતા; કેટલીક માજીસ્ટ્રેટ કોરટોમાં કર નહીં આપવા માટે સ્ત્રીઓને ખડી કરવામાં આવે છે, અને કેટલીક કોરટોમાં તેમ થતું નથી.

પ્રમુખ—તમે એમ માનો છો કે તેથી કંઈ સારો હેતુ સધાતો નથી?

સાક્ષી—બીલકુલ નહીં, પણ ઉલટી ઉશ્કેરણી પેદા કરે છે,

પ્રમુખ—કરનો હેતુ હીંદીઓને હીંદુસ્તાન પાછા જવાને લલચાવવાનો છે; આ હેતુ પણ પાર પડતો નથી?

સાક્ષી—ઘણે થોડે અંશે

પ્રમુખ—તે કર તેમને ફરીથી ગીરમીટમાં જોડાવાને પણ લલચાવતો નથી?

સાક્ષી—હા, એ ખરૂં; પણ ત્યારે તો ફરીથી મારે કહેવું પડશે કે જે કામ હીંદીને પસંદ નથી તે કામ કરવાની તેને ફરજ પાડવા ખાતર આ કરનો બોજો તેને શીરે મુકવો એ તદન અન્યાયી છે

કર નાબુદ થવાથી જમીનદારોને કંઈ નુકસાન થશે? એ સવાલના જવાબમાં તે બોલ્યા કે હા, તેમ થશે; અને ભારે નુકસાની ભોગવનારાઓમાં હું પણ એક છું, છતાં હું માનું છું કે લાંબી મુદતે ભલા અને માયાળુ જમીનદારોને કંઈ નુકસાન થશે નહીં, પણ ઘાતકી જમીનદારોને પાછા પડવું પડશે

મી. વાયલીના સવાલના જવાબમાં સાક્ષીએ કહ્યું કે મારા માનવા પ્રમાણે તો ૩ પા. નો કર એક ભારી બોજા સમાન છે. હું નથી માનતો કે તેને લીધે હીંદીઓ હીંદુસ્તાન પાછા જવા લલચાતા હોય, તેમજ તેઓ ફરીથી ગીરમીટમાં દાખલ થવા લલચાતા હોય એમ પણ હું માનતો નથી. હું જાણું છું તે પ્રમાણે નાતાલ એસ્ટેટમાં ફરીથી ગીરમીટમાં દાખલ થનાર હીંદીઓને સ્વતંત્ર હીંદીઓ જેટલીજ મજુરી મળે છે. ૧૮૯૫ની સાલમાં ગીરમીટમાં આવ્યા હોય એવા ઘણા હીંદીઓ નાતાલ એસ્ટેટમાં ફરીથી ગીરમીટમાં જોડાયા છે.

પ્રમુખ—તમે એમ માનો છો કે આ કર, અગર તો બીજો કોઈ પણ ધારો, હીંદીઓને હીંદુસ્તાન પાછા જવાને લલચાવવામાં નિષ્ફળજ જશે?

સાક્ષી—હા, હું તેમજ ધારું છું. હું માનું છું કે હીંદી કોમના સામાન્ય ભલાને ખાતર આ કર નાબુદ થવો જોઈએ. હીંદી કોમના એક ભાગ ઉપર આ કર ભારે બોજા રૂપ છે.

આ કરની વિરૂદ્ધમાં ઘણી લાગણી છે? એ સવાલના જવાબમાં મી. કેમ્પબેલ બોલ્યા કે હાલમાં તેમ છે.

પ્રમુખ—તે ધાંધલ જાણી જોઈને ઉભું કરવામાં આવ્યું છે?

મી. કેમ્પબેલ—કંઈક અંશે તેમ હોઈ શકે; પણ તેજ કારણસર કર નાબુદ કરવો એમ હું સુચવતો નથી. પણ તે અન્યાયી છે તેટલાજ માટે તેને નાબુદ કરવો.

મી. પીઅરસન

મી. પીઅરસને જુબાની આપી કે હું હીંદુસ્થાનમા કેળવણી ખાતામાં છું. કુલ્લી વીષેની માહીતી મારી જાતે મેળવવાના ઇરાદાથી હું નાતાલ આવ્યો છું. પા. ૩નો કર નીકળી જવો જોઈએ એવો પુરાવો આપવાનો હું ઇરાદો રાખું છું. કેમકે જે બે પક્ષકારો વચ્ચે કોંટ્રાક્ટ થાય છે તેમાંનો એક પક્ષ આ કોંટ્રાક્ટની શરત પુરી સમજતો નથી. એ મારી ખાત્રી છે કે મજુર જ્યારે હીંદુસ્થાનથી નીકળે છે ત્યારે પા. ૩ના કરનો હેતુ તે સમજતો હોય નહીં. તેની સમજણ બાળકના સમાન છે. અને તેના જેવી સમજના માણસને ત્રણ પાઉંડના કાયદાની સમજણ પુરી કેમ આપી શકાય તે હું જાણી શકતો નથી. અહીંની રહેણી તદન જુદીજ છે. નાતાલમાં રહેવા ખાવા વીગેરેનું ખરચ વધારે થાય છે તેની તેને ખબર હોતી નથી એટલુંતો ચોક્કસ છે મેં કેટલાક હીંદીને પુછેલું કે તેઓએ શા માટે હડતાલ પાડેલી જવાબમાં તેમણે કહ્યું કે પા. ૩ના કરને માટે. મેં એમ પણ જોયું કે આ કર વીષે કેટલાક મજુરોને કાંઈ ખબર પણ નહતી. તેઓએ હડતાલ પાડી તેના પહેલાં થોડાક માસ અગાઉ અથવા તે અરસામાં કાંઈક જાણ્યું.

પ્રમુખ — હું એમ ધારૂંછું કે તેમને હડતાળનું કહેવામાં આવેલું તેથી હડતાલ પાડેલી.

સાક્ષી — બીજું કારણ એ છે કે આ કર ગેરવાજબી રીતે ઉઘરાવવામાં આવેછે. જો કર ઉઘરાવવાનો હોય તો બધા પાસેથી સરખો ઉઘરાવવો જોઇએ. ખાસ કરીને ગરીબ ગોરાઓ માગેછે કે હીંદીઓને ગીરમીટ પુરી થયે પોતાને વતન મોકલવા કરનો મુખ હેતુ સચવાતો નથી, એટલે પોતાની મેળે જે હીંદીઓ જાય તે સિવાય બીજો રસ્તો નથી.

પોતાની મેળે જાય એવો કયો રસ્તો બનાવો છો તેવીજે કેટલાક સવાલના જવાબમાં સાક્ષીએ જણાવ્યું કે પા ૨૦ કે ૩૦ની રકમ દેવાથી કેટલાક જાય. હીંદી કોમથી કોલોનીને કેટલો લાભ છે તે ગોરા લોક સમજી શકતા જણાતા નથી. એશીઆટીકને કાઢવાનું ગોરી વસ્તી જો સાચા દીલથી જ કહેતી હોય તો તો ખુલ્લો રસ્તો એ છે કે ગોરાઓએ તેમને બોયકોટ કરવા પણ ગોરાઓ બોયકોટ કરતા નથી એ બતાવેછે કે તેમને હીંદીની જરૂર છે.

ત્રણ પાઉંડનો કર જવો જોઇએ તે માટે મારી ત્રીજી દલીલ એ છે કે આ કરથી લોકોને ફરીને ગીરમીટ આપવી પડેછે. ગીરમીટનો રીવાજ જ ખરાબ છે. હીંદુસ્થાન કરતાં તેઓ અહીં પઈસા કમાતા હોય પણ ઇમીગ્રેશન કાયદો જ ખરાબ છે. હીંદુસ્થાન કરતાં અહીં તેઓ ઠીક કમાય પણ સરવાળે ઇમીગ્રેશન કાયદો જ ખરાબ છે અને તેનો અમલ ખરાબ રીતે થાય છે. ગીરમીટના ધોરણ સામે એક વાંધો એ છે કે કોઠીઓમાં ઓરતોનું પ્રમાણ ઘણું ઓછું છે. એક જગાએ માત્ર ૨૧ ટકા હતું.

મી. વાઇલી — તેઓ ફ્રી ઇંડીયન તરીકે આવે તો ઓરતોનું પ્રમાણ વધશે? લોકો જ્યાં પરદેશ જાયછે ત્યાં આમ નથી બનતું?

સાક્ષીએ એમ પણ જણાવ્યું કે ૧૦ અથવા ૧૧ વરસની ઉમરના છોકરાઓની પણ ગીરમીટ લેવાયછે અને તેમની પાસે ૯ કલાક સુર્યોદયથી સુર્યાસ્ત સુધીકામ લેવાયછે

પ્રમુખ— આ વાત સાંભળીને હું આશ્ચર્ય પામુંછું. આપની ગીરમીટના ખતમાં છોકરાનાં નામ લખ્યાં હોય તેથી તેણે ગીરમીટ આપી ન ગણાય.

સાક્ષી— તેઓ સાચેસાચ ગીરમીટમાં હોય છે.

પ્રમુખ—ઘણું કરીને આ ખબર કોઠીના માલીક પાસેથી જુબાની લેતાં મળી શકશે.

સાક્ષીએ પ્રમુખના સવાલના જવાબમાં જણાવ્યું કે હું એક મહીનો રહ્યો તે દરમીયાન બહુ મજુરોએ ફરીયાદ કરી હતી.

મી. વાઇલી —જો આ હીંદીઓ તરફ આમ ખરાબ વર્તન ચલાવવામાં આવતું હોય તો તેઓ અહીં શા માટે રહે તે સમજાવશો?

સાક્ષી ખરાબ વરતન ચલાવવામાં આવે છે એમ મેં નથી કહ્યું પણ ખરાબ વરતન ચલાવવામાં આવે અને તેમને ફરીયાદ કરવાની હોય તો તેની ફરીયાદ કરવી અને દાદ મેળવવી એ બહુ મુશ્કેલ છે. દાખલા તરીકે થોડા દિવસ ઉપર એક કેદીના હેવાલ સ્થાનીક છાપામાં આવેલો કે એક ગીરમીટવાળા હીંદીએ પોતાના શેઠને ત્યાં જવાની ૬૪ વખત ના પાડેલી અને ૬૫મી વખત પણ ના પાડી એટલે તેને ૧૪ દિવસની જેલની સજા થઇ. આનું નામ વેઠ ન કહેવાય ત્યારે બીજું શું? એવું હમણાં તમે શું કરો. એમ મી વાઇલીના સવાલના જવાબમાં તેણે કહ્યું જે હું તેનો કેસ અહીંથી એકદમ બીજી જગાએ લઇ જાઉં કરવા મોકલું કરવા અને ચેરમનની કાળજી

કોરટમાં મેં જે જોયું તે ઉપરથી હું એવા મત ઉપર આવ્યો છું કે ગીરમીટને લીધે કાયદાનો અમલ બધી રીતે કર આપવાવાળાની વીરૂદ્ધમાં ઉતરે છે.

મો. જેમ્સ મેકીનટોશ

પાસે અગાઉ ઘણાં મજુરો કામ કરતા તેણે કહ્યું જે પા. ૩ ની બાબતમાં કોઇ મજુરને ફરીયાદ કરતાં મેં સાંભળ્યો નથી. હું ધારૂં છું કે બારશ લોકોએ આ એજીટેશન ઉભું કરયું છે. તેમણે કદી આ કર ભરયો નથી. તેમ તેમને ભરવાનો પણ નથી. તેમનો ઉપરનો હેતુ એ છે કે આ એજીટેશન કરી ફ્રેનચાઇઝના હક માગવા. ગોરાની હારમાં મુકશો નહી ત્યાં સુધી ગમે તે આપશો તો પણ આ લોકો સંતોષ પામવાના નથી. જો કર નાબુદ કરવામાં આવશે તો ગોરાઓને ગેરફાયદો થશે.

મરહુમ સુબ્બાઇનાં મરણ વિષે તપાસ

(ગયા અંકથી ચાલુ)

મીસ મોલ્ટીનોની જુબાની

તા. ૧૫ મીએ આ તપાસ ફરીથી શરૂ થતાં મીસ મોલ્ટીનો એ જુબાની આપી કે તા. ૨૭ મી નવેમ્બરે હું ફીનીક્સમાં હતી, અને સુબ્બાઇની પીઠ ઉપર મેં નીશાનીઓ જોયેલી તે ઉપરથી એમ જણાતું હતું કે તેને માર પડ્યો હતો ઘોડે સ્વાર તેને લઇ જવા માગતો હતો તેજ દિવસે ફરીને મેં તેને જોયેલો. સુબ્બાઇએ જણાવ્યું હતું કે પોતે બીમાર હોવાથી ચાલી શકે તેમ નહોતો. તેનું એક પડખું વાગી ગયેલું દેખાતું હતું. અને દેખાવમાં તે ઘણોજ દુબળો અને ખળભળી ગયેલો જોવામાં આવતો હતો. એક પખવાડીઆ પછી વેરૂલમની ઇસ્પીતાલમાં મેં તેનું શબ જોયેલું.

મી બીટરની ઉલટ તપાસમાં તેણે કહ્યું કે સુબ્બાઇને મેં પ્રથમ જોયો ત્યારે તેણે જરસી પહેરેલી. અને તેણે ઉંચી ચડાવી રાખેલી એટલે હું અને બીજાઓ નીશાનીઓ જોઈ શકતા હતા પાંચ કે ૭ લાંબા લીટા હતા તે શાથી થયા હશે એ હું કહી શકતી નથી. પડવાથી તો તે થાય નહીં, પણ કોઇ વસ્તુથી મારેલ તેની નીશાનીઓ હતી.

મી ડીકીન્સને ઉલટ તપાસ કરી તેના જવાબમાં મીસ મોલ્ટીનોએ કહ્યું કે મને એમ ખ્યાલ છે કે તે લીટા લાલ અને થોડા ઉપસેલા હતા લીટા બરડા ઉપર આડા હતા. ચામડીમાં ચીરા થયા હતા કે નહીં તે મેં જોયું નહતું મેં ઉતાવળથી નજર ફેરવેલી. બારીક તપાસ કરવાનું મને ઠીક લાગ્યું નહીં.

ડા. હીલાર

જુબાની આપતાં બોલ્યા કે શબને ચીરીને તપાસ્યું ત્યારે બીજા ડાક્ટરો સાથે હું હતો. મારે કાંઇ રીપોર્ટ કરવાનો નહતો. પરીક્ષા ડા. બીસે કરેલી ડાકટરનો રીપોર્ટ તેમના હાથમાં આવ્યો તે જોઇ ડા. હીલરે કહ્યું જે તે રીપોર્ટ બરાબર હતો રીપોર્ટમાં જણાવેલું કે મરહુમ થાક અને મગજની નબળાઇથી મરણ પામ્યો હતો. મરહુમ ધીમે ધીમે દુબળો પડતો ગયો અને પછી બેભાન થઇ તા. ૧૦ મી ડીસેમ્બર સાંજના વાગે મરી ગયો. તેના પર જુલમ થયો હોય એવું કાંઇ દેખાતું નહોતું. કપાળ પાસે એક જુનો ઘાવ

પણ તાજેતરમાં લોહી નીકળ્યું હોય એમ દેખાતું ન હતું.

મી. ડીકીન્સને ઉલટ તપાસ કરી તેના જવાબમાં કહ્યું જે ખુલમ થયાની બહારથી કે અંદરથી કાંઈ નીશાની ન હતી. માર પડ્યો હોય તો ૧૪ દીવસ સુધી નીશાનીથી જાણી શકાય. સ્નાયુ તેમજ ચામડી ઉપર કાંઈક ઉપસેલું મળી આવે. માંસ વાળો ભાગ ઉપસેલો હોય તો સખત માર પડ્યો હોય એમ હું માનું. મેં મરહુમને જેલમાં જોયો. તે વખતે મને ખબર ન હતી કે તેને ચાબુક લાગેલા. ખબર હત તો હું તપાસત. હું નથી ધારતો કે પીઠ પર સુવાથી નીશાનીઓ દબાઇ જાય. મરહુમ જેલમાં પણ પોતાની પીઠ ઉપર સુતો. હું નથી ધારતો કે તેને બહુ માર પડ્યો હત તો તે પીઠ પર સુઇ શકત. જો નીશાની દેખાતી બંધ થઇ હત તો પણ નીચેની ચામડીમાં કાંઇ ડાઘ દેખાત.

મી. બ્રોટરની ઉલટ તપાસમાં કહ્યું જે મરહુમ મજબુત માણસ ન હતો તેનું મગજ ખરાબ થવા લાગ્યું હતું. તે ને ચાબુક લાગ્યા હત તો તે ઝાઝો વખત જીવત નહીં. ધારો કે તેને પછાડી ડાબા હાથથી ઉચકવામાં આવ્યો હત અને ફરીથી ધકેલી પાડી નાખવામાં આવ્યો હત તો પણ તે મરવા પડત. અને તે ઉપરાંત જો તેને પકડીને જેલમાં લઇ જવામાં આવે તો બધો વખત તેના મન ઉપર અસાધારણ બોજો રહેત. મારા ધારવા પ્રમાણે ડાબી બાજુ પડી જવા થી ખભા નીચે બે ગોળ ચાંભા પડેલા.

ડા. હીલ

ડા. હીલે લખીત રીપોર્ટ રજુ કર્યો જેની વીગત ઉપર કહી છે. મી. ડીકન્સને ઉલટ તપાસ કરી તેના જવાબમાં કહ્યું કે મરણ પહેલાં બે ત્રણ દીવસ ઉપર મરહુમને મેં ઇસ્પીતાલ માં જોયેલો. તેને જેલમાંથી ઇસ્પીતાલમાં દાખલ કરેલો. મરહુમનું મગજ બગડવા લાગ્યું હતું. માર, પછાડ કે કેદ જેવી વધુ પડતી સ્થિતિનો બોજો તે જરા પણ સહન કરી શક્યો હત નહીં. તેથી તેનું મરણ થાત. ૧૪ દીવસ પછી શરીર ઉપરની નીશાનીઓથી મારનો પુરાવો મળી શકે કે નહીં તેનો મુખ્ય આધાર માર અને માણસની તબીયત ઉપર રહે. ચામડી ઉપર નીશાની ન હોય તો પણ નીચેની ચામડી આગળની નસોમાં ડાઘ હોવા જોઇએ. ચાબુકનો માર પડ્યા પછી એક પખવાડીઆમાં કાંઈ નીશાની ન રહે એ હું સમજી શકતો નથી મરહુમ શરીરે મજબુત નહતો. ત્રણ વરસ ઉપર તે માણસ મારી સારવાર નીચે હતો. તે વખતે તેને મગજમાંથી લોહી પડતું અને કાણું પડ્યું વાથી જણાયું હતું. આ દરદ પહેલ વહેલા તેને કેવી રીતે થયું તે હું જાણતો નથી.

મી. બ્રોટરે સવાલો પુછ્યા તેના જવાબમાં કહ્યું જે ત્રણ વરસ ઉપર જ્યારે તે મારી સારવાર તળે હતો ત્યારે મેં તેને શાંત જીંદગી ગાળવાની તથા સાદું કામ કરવાની ભળામણ કરી હતી. ઠીક ઠીક મજબુત માણસે તેને નાખી દીધો હોય અને પાછો ડાબે હાથેથી ઉપાડી ફરીને ધકો માર્યો હોય તો હું ધારું છું કે તેથી તેનું મરણ થાત. ચાબુકના મારનો બોજો તેનું શરીર કે મન સહન કરી શકે તેવાં ન હતાં. એક પખવાડીઆમાં ચાભા મટી જાત નહીં, પણ મટી જાય એ અસંભવીત નહતું. તેણે કબુલ કરયું જે જાડાં કપડાં ઉપર થોડો માર પડ્યો હત અને સોળ ઉઠ્યા ન હોય તો એક પખવાડીઆ પછી નીશાની ન રહે. એક પખવાડીઆ બાદ નીશાની ન રહે તેવા થોડા મારથી પણ મરહુમ જેવા નબળા મગજ વાળા માણસનું મરણ થાય. પીઠ ઉપર સુવા થી નીશાનીઓ ચાલી જાય નહીં. વખતે વધારે પણ દેખાય. બે ચાંભા પડ્યા તેને લીધે તેની તબીયત વધારે ખરાબ થાય. એકી,સાથે આ બધા બનાવો બને તો તેથી તેની જીંદગીને જોખમ પહોંચે.

તે દીવસે આટલી જુબાનીઓ લેવાઈ કેસ તા. ૨૮ મી જાન્યુઆરી ઉપર મુલતવી રહ્યો.

લડતના ખબરો

યુનીઅન પારલામેંટ

આ પહેલી પારલામેંટની ચોથી બેઠક ગયા શુક્રવારથી કેપટાઉનમાં બેઠી છે. ગવરનર જનરલ લોરડ ગ્લેડસ્ટને હીંદી સવાલ ઉપર પોતાના ભાષણમાં કહ્યુ કે ગયા અકટોબરમાં હીંદી કામદારોએ પ્રથમ કોલસાની ખાણોમાં અને પછી શેરડીના ખેતરોમાં હડતાળ પાડી. કમનસીબે હડતાળથી મારામારી થઇ અને કેટલાંક મરણ પણ થયાં. હડતાળ અને મારામારી વીગેરેનાં કારણ અને સંજોગની તપાસ કરવાને મેં એક કમીશન નીમ્યું છે. હું ઉમેદ રાખું છું કે પારલામેંટને આ કમીશનનો રીપોર્ટ વેળાસર મળશે કે જેથી કરી તેની ભલામણ ઉપર વીચાર કરી કાયદનો ફડચો કરી શકાય.

સત્યાગ્રહીઓ છુટયા

ડરબન જેલમાંથી નીચેના સત્યાગ્રહીઓ છુટયા. મેસરસ પ્રાગજી ખંડુભાઇ દેસાઇ, સુરેંદ્રરાય બાપુભાઇ મેઢ, ગવરીશંકર દોરાસ્વામી, મરીયન, વડીવેલ, ફ્રાંસીસ, બ્યકટસ્વામી, ગીધદીન મહારાજ ઉપરના સત્યાગ્રહીઓ તા. ૨૮–૨૯–૩૦મીએ છુટયા છે. અમઝીટીના ૬ સત્યાગ્રહીઓ તા. ૨૭મીએ છુટયા છે.

મી. પ્રાગજી દેશાઇને જેલમાંથી છુટતી વેળા અનાવીલ સમાજ (જોહાનીસબરગ) તરફથી મુબારકીનો તાર મળ્યો છે. મી. દેસાઇ આ સમાજના સભાસદોનો આ છાપા મારફત આભાર માને છે.

સમાધાની ઉપર 'પ્રીટોરીઆ ન્યુસ' ની ટીકા

સમાધાની ઉપર ટીકા કરતાં તે લખે છે કે જનરલ સ્મટસ અને મી. ગાંધી વચ્ચેનો પત્ર વ્યહવાર ખાસ નોધ લેવા લાયક છે. એકમાં ડચની ચાતુરી અને બીજામાં તત્વજ્ઞાન ની છાંયા નજરે પડે છે. કાગળો જોતાં માલુમ પડે છે કે પુરી સમાધાની થવામાં કંઇ ભારે અડચણ નહીં આવે. મી ગાંધીએ રેલવેવાળાઓની હડતાલના વખતમાં ખરી શાન્તી બતાવી પોતાની લડતની ખરી પવીત્રતા બતાવી છે. અને દુશ્મન જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે શા નહીં કરવાનું જણાવી ખરી શુરવીરતા દાખવી છે; કેમ કે આ (પ્રીટોરીઆ ન્યુસ) છાપાના અધીપતી સાથેની વાતમાં તેણે પોતાની મેળે કહેલું કે રેલવેની હડતાલ ચાલુ છે ત્યાં સુધી અમારી હડ તાલ વિષે કાંઇ પણ પગલું ભરવાનું મુલતવી રાખશું. તેના સવાલનો નીવેડો લાવવાનો વિચાર કરવામાં આ હકીકત ધ્યાન માં લેવાવીજ જોઇએ. કમીશનનો ચુકાદો બહાર પડતાં સુધી થોભી જવાનું પણ તેણે માથે લીધું છે. તેની પાસે તે પુરાવો આપશે નહીં. કેમકે તે બાબતમાં અમુક રીતે પોતે વચનથી બંધાએલા છે. એટલે તે બાબત ધારમીક રહી. પરંતુ સર બેનજામીન રોબરટસનને પોતાના મુદ્દા તે બતાવનારા છે. એટલે આમ આડકતરી રીતે તેનો જે વિચાર છે તે

કમીશન જાણી શકશે. ઉંવટમાં જનરલ સ્મટસ અને મી ગાંધીને દક્ષિણ આફ્રીકા તરફથી મુબારકી આપી ટીકા કરનાર જણાવે છે કે શહેનશાહતના સવાલ સાથે આ સવાલ ઘણોજ અગત્યનો સંબંધ ધરાવે છે.

હીંદુસ્તાનમાં હિલચાલ

અમદાવાદમાં તા. ૨૮મી ડીસેમ્બરે પ્રેમાભાઈ હોલમાં અ. ધનબાઈ વાડીઆના પ્રમુખપણા નીચે સ્ત્રીઓની એક સભા મળી હતી. સભામાં લડત તરફ દીલસોજી બતાવનારા, તથા ખાસ કમીટી નીમી ઉઘરાણું કરવાના ઠરાવ થયા હતા. મુખ્ય બોલનારાઓમાં મીસીસ વિદ્યા રમણભાઈ, મીસીસ ચુનીલાલ બહેરામવાળા, સૌ. શાંતાબેન ભીમરાવ, બહેન મહાલક્ષ્મી મનસુખરામ, મીસીસ વીરબાળા દીક્ષીત અને બહેન સુલોચના દેસાઇ હતાં. ઉઘરાણામાં પ્રમુખે રૂ. ૩૦૦, અને મીસીસ અંબાલાલ સારાભાઇએ રૂ. ૨૦૦ ભર્યા વનીતાવિશ્રામની બાળાઓએ પણ પોતાના ખોરાકીખરચમાંથી કાપીને રૂ. ૫ આપ્યા હતા.

નવમી પાટીદાર પરિષદ તા. ૨૭, ૨૮ ને ૨૯મી ડીસેંબરે અમદાવાદ ખાતે બેઠી હતી. તે દરમીયાન પસાર કરેલા ૧૭ ઠરાવોમાં ૧૨ મો ઠરાવ નીચે મુજબ હતો:—દક્ષીણ આફ્રીકામાં હીંદીઓ ઉપર ગુજરતી હાડમારી તરફ આ પરીષદ ઘણીજ દીલગીરી જાહેર કરે છે. અને સત્યાગ્રહીની ન્યાયી લડત ચલાવનારા હીંદવાસીઓ તરફ પોતાની સહાનુભુતી બતાવે છે; અને ઈંગ્લાંડની શહેનશાહતને વચ્ચે પડી હીંદીઓની પીડા દુર કરવા અરજ કરે છે. રજુ કરનાર તથા અનુમોદન આપનાર મેસરસ ભીખાભાઈ કાનજી (જોહાનસબરગ), કુવરજી વી મહેતા, નગીનદાસ પુ સંઘવી અને બાબુ દોરીલાલ હતા.

ઓલ ઇન્ડીઆ મુસ્લીમ લીગની છઠી બેઠક આગ્રા ખાતે ઓન. સર ઇબ્રાહીમ રહમતુલ્લાના પ્રમુખપણા નીચે મળી હતી. આ સભાએ દક્ષિણ આફ્રીકામાં હિન્દીઓ તરફ ચાલી રહેલા વરતન સામે ઘણી ગુસ્સાની લાગણી બતાવી, લોર્ડ હાર્ડીંગની દીલસોજી માટે તેમનો ઉપકાર માન્યો, અને ત્રણ પૌંડનો કર તથા બીજી હાડમારીઓ દુર કરવાની માગણી કરી. આ ઠરાવ રજુ કરતા નવાબ સાહેબ મુઝફીકાર અલી ખાને મી ગોખલેની અમુલ્ય સેવાની તારીફ કરી અને આપણી માગણીઓ ઘણીજ વાજબી જણાવી. આ સવાલ ઉપર મી. અબદુલ રઉફ (અલ્હાબાદના) તથા બરેલીની મુસ્લીમ એસોસીએશનના સેક્રેટરી મી. અબ્દુલ વદુદ ઘણા જુસ્સાથી બોલ્યા.

કરાંચી ખાતે તા. ૨૬મીએ મળેલી સંસાર સુધારા પરિષદમાં સર નારાયણ ગણેશ ચંદાવરકરે દ. આફ્રીકામાં હીંદીઓની હાડમારી ઉપર ચરચા કરતા કહ્યું કે આપણામાંના સહુ કોઇ માણસો તેમજ ઓઓ દક્ષિણ આફ્રીકાનાં વીર નરનારીઓના વખાણ કરે છે; પરંતુ હું ગંભીરતાથી પુછું છું કે તેમણે જેવો સંસાર સુધારો કર્યો છે તેવો અત્રે થઇ શકશે છે? તેઓ સૌ નાત જાતના તફાવત દુર મુકી બાનુત્વની સાંકળથી જોડાઇ ગયા છે.

સીલોનની રાજધાની જાફનામાં તા. ૫મી ડીસેમ્બરે દ. આફ્રીકામાં હીંદીઓ તરફ બનાવવામાં આવતા વરતન સામે ઘણો ગુસ્સો જાહેર કરવાને ત્યાંના વતનીઓની એક જાહેર સભા મળી હતી. મી. જે. એમ. હેન્સમન પ્રમુખપદે હતા. સભામાં દરેક વર્ગના અને દરેક કોમના માણસો હાજર હતા એમ ત્યાંનું 'સીલોનીસ' છાપું જણાવે છે. પ્રમુખે લંબાણથી દુઃખની કહાણીનો ઇતીહાસ સભાને સંભળાવી ઉદારતાથી મદદ કરવાની હાજર રહેલાઓને અપીલ કરી. રેવ મી. ફ્રીમરે ઠરાવને ટેકો આપતાં લડત તરફ ઘણી દીલસોજી બતાવી. ઇમીગ્રેશન કાયદો ઘણો જુલમી છે અને ન્યાયનાં સાદાં તત્વ પણ ભુલાઇ જવાય છે. ખાણોને કેદખાના તરીકે વાપરવાની તથા તેના અમલદારોને જેલર તરીકે નહીં રાખવાની ભલામણ કરી. બાદ સભાઅકી તરફ દીલસોજીનો અને ઉઘરાણું કરી મી. નાટેસન મારફત નાણા મોકલવાના ઠરાવો સર્વાનુમતે પાસ થયા.

ઈંડીઅન નેશનલ કોંગ્રેસ

છાપાઓ જણાવે છે કે દક્ષીણ આફ્રીકાના સવાલે કોંગ્રેસના કામમાં અગત્યનો ભાગ લીધો હતો અને બધાનાં મન કોઈ પણ સવાલ કરતાં તે ઉપર વધુ રોકાયાં હતાં. સર્વાનુમતે પાસ થયો તે આખો ઠરાવ નીચે મુજબ છે:—

કોંગ્રેસ ઘણીજ દીલગીરી સાથે નોંધ લેય છે કે યુનીઅન સરકારના પ્રધાનોએ આપેલ વચનનો ભંગ કર્યો છે આ કોંગ્રેસ ઇમીગ્રેશન કાયદા સામે ભાર પુરવક વાંધો જાહેર કરે છે અને એ કાયદો રદ કરાવવાની અંગ્રેજ સરકારને માનભેર વીનંતી કરે છે. અને સાથે એમ પણ વીનવે છે કે દક્ષીણ આફ્રીકામાં હીંદીઓ સાથે વાજબી અને ન્યાયી વરતન ચલાવવામાં આવે હીંદી હડતાલવાળાઓ સામે નાતાલમાં જે ઘાતકી વરતન ચલાવવામાં આવ્યું તેની સામે કોંગ્રેસ ધીક્કાર બતાવે છે અને તપાસને માટે દક્ષીણ આફ્રીકામાં નીમાયેલ કમીશનને નાપસંદ કરે છે. હીંદીઓનું હીત સંભાળવા માટે લોરડ હારડીંગે દીલસોજી ભરેલું ભાષણ કરી આ લડતને જે ટેકો આપ્યો છે તેને માટે આ કોંગ્રેસ તેમનો આભાર માને છે. પા. ૩ નો કર, ડોમીસાઇલ, પરીક્ષા લઇ કોલોનીમાં દાખલ કરવાનો સવાલ, શાદીનો સવાલ અને સાધારણ દરેક જણને લગતી બીજી બાબતોમાં દક્ષીણ આફ્રીકાના હીંદીઓ ઉપર પડતી તકલીફ દુર કરવાને ઘટતા પગલાં લેવાની હીંદી અને વડી સરકારને આ કોંગ્રેસ વીનંતી કરે છે. મી ગાંધી અને તેમના સોબતીઓએ ચલાવેલી શુરવીર લડતની આ કોંગ્રેસ ઘણા આભાર સાથે કદર કરે છે અને તેમને નાણા પુરાં પાડવાનુ ચાલુ રાખવાને આ દેશના તમામ લોકોને આગ્રહ કરે છે.

ઉપરનો ઠરાવ રજુ કરતાં દીવાન બહાદુર ગોવીંદ રાઘવ આયરે ઘણું જુસ્સાદાર ભાષણ કરી વડી સરકારને વચ્ચે પડવાનુ તથા યુનીયન સરકાર પાસેથી ન્યાય મળવો જોઇએ તે વીષે અપીલ કરી હતી. હીંદીઓની માગણી ઘણીજ વાજબી જણાવી દીવાન બહાદુરે કમીશનનાં બંધારણ ઉપર ટીકા કરી અને મદદને માટે ઉઘરાણામાં સહુએ પોતાનો હીસ્સો આપવા આગ્રહ પુરવક વીનંતી કરી.

લાલા લજપતરાયે આ ઠરાવના ટેકામાં ઉરદુમાં દીલ પીગળાવનારું ભાષણ કરયુ હતું. તેમણે કહ્યું કે આ સવાલ આખા દેશનું નાક જાળવવાનો છે જીવન અથવા મરણનો છે દક્ષીણ આફ્રીકા પ્રથમ ઉજડ દેશ હતો. તેને ખેડીને ખીલવવા તથા ઉન્નતે મુકવા મદદ કરવામાં હીંદીઓએ ઘણી અગત્યની મદદ આપી છે. અને હવે નગુણા દક્ષીણ આફ્રીકા

વાસીઓ ત્યાંથી કાઢી મુકવાને અને ન જાય તો દરેક રીતે સતાવવાને મથી રહ્યા છે. આપણા ભાઈઓ ત્યાં સારી જીંદગી, પૈસાની કરકસરતા તથા આવડતને લઇને વેપાર વીગેરેમાં ફાવી ગયા છે તેથી તેઓ ગોરાઓને બહુ ખટકે છે. દક્ષીણ આફ્રીકાના આપણા ભાઈઓની સ્થિતિ ઘણી જ ખરાબ, હૃદય ચીરી નાંખે એવી છે. તેઓ અત્યારે અત્યંત દુઃખી છે.' કોઈ અણસમજી એવી સલાહ આપે છે કે શા માટે તેઓ ત્યાં પડ્યા રહ્યા છે? અમારે આવી સલાહ જોઇતી નથી. અધમ અને ઉતરતી પંક્તીના માણસો હીંદમાં દાખલ થઇ શકે છે અને આપણી સાથે વસી પોતાની આબાદી કરી શકે છે, તો અમને બીજા મુલકમાં જવાની શા માટે ના પડાય છે? યુરોપીયનોને અત્રે આવવાની છુટ છે અને તેમાંના કોઇ ધંધા રોજગાર વિનાના થઇ પડે તો હીંદી કર ભરનારાના ખરચે તેમને વિલાયત મોકલાય છે! અમે તો અમારા ખરચે આફ્રીકા જઈએ છીએ, કોઇના ઉપર બોજા રૂપ થવા માગતા નથી. ઉલટો એ દેશને અમે આબાદ બનાવ્યો છે અને હજુ બનાવીશું, જ્યાં ત્યાંથી ચાલી જવાની શા માટે આપણને સલાહ અપાય છે? બાદ દક્ષિણ આફ્રિકાના હીંદીઓના આત્મભોગના ઘણા વખાણ કરી લાલા લજપતરાયે જણાવ્યું કે આ દેશમાં જન્મ લેઇ મરે એ હીંદીઓની આબરૂ ઉપર ત્યાં હાથ નંખાયો છે તે બચાવવા દ. આફ્રિકાના હીંદીઓએ જ્યારે બધું તજી જેલનાં દુઃખો ઉઠાવ્યાં છે તો શું આપણે આપણી ફરજ નહીં બજાવીએ?

તે પછી ઠરાવના ટેકામાં કલકત્તા વાળા મી. જે. ચૌધરી, મુંબઇના મી. એમ. ડી. કારભારી, સીંધના મી હાકેમ, પંજાબના મી. ગોવરધનદાસ, અને મી. હીરાદાસ નીમચંદ અને બીહારના મી. મહાદેવે ભાષણો કર્યાં હતાં.

જાપાનના યોકોહામાનાં હીંદીઓએ રૂા ૫૫૦૦ પ્રમુખ ઉપર દક્ષિણ આફ્રિકાના હીંદીઓની લડતમાં મદદ માટે મોકલ્યા હતા. અને સભામાં પણ સારૂંથી ઉઘરાણું થયું હતું.

આવતી કોંગ્રેસ મદ્રાસમાં ભરવાનું નક્કી કરવામાં આવ્યું છે

કોંગ્રેસનું કામ શરૂ થતાં પહેલાં ખાસ અવસરને લગતું મી. કલ્યાણજી દેસવાળાકરનું બનાવેલું ટુંકું પણ અર્થસુચક નીચેનું ગાયન ગવાયું હતું :—

[રાગ પરજ — કાલીંગડો]

આપણે ભારતનાં સંતાન :—
ગાઓ, કોંગ્રેસ વિજય ગુણ ગાન.— આપણે૦
રામ રહીમ ને અંગનાં, એકજ ભાવ સમાન;
હીંદ માત, કોંગ્રેસ પુત્રનાં, એક શરીર ને પ્રાણ— આપણે૦
ભારતની ઉન્નતી આશાનું, છે કોંગ્રેસ વિમાન:
રાજ ભક્તિ ને દેશ-પ્રીતિનું આ શુભ સ્થાન.— આપણે૦

વાલફ્રસ્ટથી મી૦ એ. એમ. બદાત લખે છે કે ત્યાં દસેક કુટુંબો છે અને આશરે ૩૫ થી ૪૦ માણસની વસ્તી છે. તેઓએ ત્યાં મસ્જીદ બાંધવાનો ઠરાવ કર્યો છે. તેના અંગામાં વલફ્રસ્ટ અને તેની આસુ બાજુની જગ્યામાં મળી પા. ૧૫૦ ભરાયા છે. અને બીજા ફાળા માટે તેઓ બહાર ગામ નીકળવાના છે. મી બદાત અરજ કરે છે કે એ કામમાં દરેક મુસલમાન ભાઈઓ પોતાની બનતી મદદ આપશે.

પરચુરણ

આ અંકની સાથે ગુરૂદેવ રવિંદ્રનાથ બાબુની છબી અમે આપીએ છીએ. તે છબીને બધા હીંદી સંઘરશે એવી અમે ઉમેદ રાખીએ છીએ. એ મહાત્માનાં આકર્ષણથી મી. એંડ્રુઝ તથા મી. પીયરસનની આખી જીંદગી બદલાઇ છે એમ કહીએ તો ચાલે.

અમારા ઈંગ્રેજી વિભાગમાં હીંદનો આભાર માનતો કાગળ મી. એંડ્રુઝે લખેલો છે. તે કેમાં તેમણે હીંદને પોતાની માતા એવું ઉપનામ આપ્યું છે. તેમનું જીવન હીંદના હિતમાં પરોવાઇ રહ્યું છે.

મી. પીયરસન ગયે સોમવારે ડાકૂર મેલમાં ટ્રાંસવાલ જવા સીધાવ્યા છે. તેઓ સાહેબ મી. એન્ડ્રુસને લેડીસ્મીથ મળશે ને તેજ ગાડીમાં ન્યુકાસલ જશે. ત્યાં એક દિવસ રોકાઇ મી. એન્ડ્રુસની સાથે જોહાનીસબર્ગ જશે ને ત્યાંથી એક દિવસ પ્રીટોરીઆ પણ જઇ આવશે. પછી તેઓ સાહેબ પાછા નાતાલ આવી પોતાનો રીપોર્ટ ઘડશે ને લગભગ ૨૩મી ફેબ્રુઆરીએ હીંદ તરફ સીધાવશે.

ડરબનથી મી. કરસન સવજી લખે છે કે તા. ૨૧મી એ શ્રી પરસુ ભગતના મકાન ઉપર જાહેર મેળાવડો કરવામાં આવેલો કારણ કે તેમને ત્યાં ઘણી મુદતથી દર રવીવારે અને પુનમ વીગેરે પ્રસંગે ગીતાજી રામાયણ વીગેરે ગ્રંથથી હરીકથા અને ઇશ્વરભજન થયા કરે છે. આ મંડળમાં આશરે બે વરસ થયા અગ્રેસર તરીકે ભાગ લેનાર શ્રી. ગોવન ભાઇ તથા માહુનું સ્વદેશ જવું થતાં તેમના માનમાં ખાસ સભા બોલાવતાં શરૂમાં હરી ચરચા તથા કેટલાક ભજનો થયા બાદ શ્રી. ગોવનભાઇએ આ સંસ્થામાં વક્તા તરીકે શ્રોતાઓને સંતોષ આપેલો તેનું વીવેચન શ્રીયુત અંબારામ મહારાજે યોગ્ય શબ્દોમાં કરી બતાવ્યું હતું. ઘણાં સભાસદ ગૃહસ્થો હાજર હતા. વીદાય થતાં બંને ભાઇઓની કદરની સર્વે તરફથી કુસુમના હારથી મેળાવડો ૧૦ વાગે વીસરજન થયો હતો

મી એમ. પી. કૈન્સી જેઓ તા. ૨૩ જાનેવારીના સ્ટી. પાલમકોટામાં દેશ જવાને ઉપડી ગયા તેમને જે સાહેબોએ આવકાર અને મુબારકબાદી આપ્યાં તેઓનો મી કૈન્સી આ પત્ર દ્વારા આભાર માને છે.

મોરીસના મુસલમાનો દિન અને દુનિયાના કામોમાં કેટલો બધો આગળ પડતો ભાગ લેય છે તે નીચેની હકીકત ઉપરથી જણાય છે. ગયા ડીસેમ્બરની ૨૮ મીએ મી. ગુલામ મોહમેદ મુસાકના પ્રમુખપણા હેઠળ ત્રણ હજાર માણસોની ગંજાવર સભા મળી હતી તેમાં દુર દુર ગામોના મુસલમાનો પણ આવ્યા હતા. સભામાં અમીરો, નોકરો અને ગરીબો બધા હતા. સભા બોલાવવાના હેતુઓ બે હતા. એક તો એ કે દર વરસે અંજુમને હીલાલે અહમર (રેડ ક્રેસંટ સોસાયટી) ઉપર નાણાં મોકલવા. અને બીજો એ કે યતીમ ખાતું ખોલવું, કેમકે ત્યાં ગરીબ વરગના મુસલમાનોના બચ્ચાઓ ઘણી મુફલીસી હાલતમાં છે. એ વખતે અપાયલા ભાષણો ઘણા હૃદયભેદક હતા. અને સાંભળનારા રડી પડ્યા હતા. ફંડ માટે અરજ કરવામાં આવતાં મી. હાજી અબુબકર મોહમદ તાહેર સાહેબે ક્યુરપીપમાં ખરીદેલો એક મકાન રૂા. ૮૫૦૦ નો આપ્યો. તેમ હાજી આદમ ગુલામ હુસેન સાહેબે એક મકાન ૫૦૦૦ નો, મી. કરીમજી જીવણજીએ એક મકાન રૂા. ૨૦૦૦ નો આપ્યો. હાજી દાઉદ [illegible] સાહેબે રોકડા ૫૦૦૦, અને [illegible] હાજી આદમ ગુલામ હુસેનની બેને રૂ. ૧૦૦૦ આપ્યાં. એ મુજબ આમ એક ટંકમાં રૂા. ૩૬ હજાર ભરાઈ ગયા.

"இந்தியன் ஒப்பீனியன்"

புதன்கிழமை, 1914ஆம் ஜனவரி மீ 4உ.

ஓர் மஹா ஜனக் கூட்டம்

நமது போராட்டத்தைப் பற்றிய விஷயம்

சென்ற ஜனவரி மீ 23உ ஞாயிற்றுக்கிழமை, மாலை 2 மணிக்கு டர்பனில் பந்தாட்ட மைதானத்தில் சுமார் 2000 மேற்பட்ட ஜனங்களால் ஓர் மஹா ஜனக்கூட்டம் கூடப்பட்டது. மேற்படி கூட்டத்தில் பிரிட்டோரியாவுக்குச் சென்றிருந்த ஸ்ரீமான் காந்தியவர்களும் ஸ்ரீயுத் ஆண்ட்ரூஸ் பாதிரியாரும் கம்மிஷனர்களுடைய குறைகளை முன்விட்டு யூனியன் நாட்டு மந்திரியாகிய ஜெனரல் ஸ்மட்ஸ் இடத்தில் பேசி முடித்துக் கொண்டு வந்த விஷயங்களை தெரியப்படுத்திய விபரமாவது:

(1) மூன்று பவுன் வரியை ரத்து செய்வது.

(2) அவ்வவர் மதக் கொள்கையின்படி செய்த கலியாண விஷயம்.

(3) இந்த தென்னாப்பிரிக்காவில் பிறந்தவர்கள் கேப்காலனிக்குச் செல்லும் சுதந்திரம்.

(4) வசித்தவர்கள் பிரிட்டோரியாவுக்குச் செல்லும் சுதந்திரம்.

(5) தற்காலம் ஏற்படுத்தி இருக்கப்பட்ட சட்டங்களை நீதியாகச் செலுத்துவது.

மேற்கண்ட இந்த விஷயங்களை வருகிற பார்லிமெண்டு கூடுங்காலத்தில் பேசி ஒழுங்கு படுத்துவதாக கவர்ன்மெண்டார் உறுதி கூறும் விஷயத்தில் தற்சமயம் நடந்துவருகிற சாத்விக எதிர்ப்பை (பாஸிவ் ரெஸிஸ்டென்ஸை) நிறுத்தி விடுவதாயும், மறுபடி அடுத்த இமிகிரேஷன் விஷயங்களைப் பற்றி சேகரித்த வாக்குமூலங்களை பிரசுரப் படுத்தாமலிருப்பது தன்னுடைய அபிப்பிராயமென்று சொல்லாததாகச் சொன்னார்.

ஸ்ரீமான் காந்தி அவர்கள் செய்த ஏற்பாட்டை கூட்டத்திலுள்ள யாவர்களும் கேட்டு அங்கீகரித்துக் கொண்டார்கள்.

டர்பனில் கூடிய இந்தியன் கமிஷன்

ஆனரபிள் மார்ஷல் காம்பெலின் பேச்சு

நமது போராட்டத்தை விசாரிக்கும் பொருட்டு டர்பனில் கூடிய இந்தியன் கமிஷனில் விசாரிக்கும் சமயம், சென்ற வெள்ளிக்கிழமை தினம் ஆனரபிள் மார்ஷல் காம்பெல் சொன்ன பேச்சாவது யாதெனில், இந்தியர்கள் கட்டிவரும் மூன்று பவுன் வரியை ரத்து செய்யப்படவேண்டியது சரி. அன்றியும் அவர்கள் இப்போது நெட்டாலில் அவர் சௌகரியமாக இருக்கப்பட்டதாகவும் நெட்டாலில் அவர்களுடைய தொழிலில்லாமற்போனாலும் நெட்டாலில் மாஜிஸ்ட்ரேட்டால் பெண்பிள்ளைகளையும் அந்த மூன்று பவுன் வரியை கட்டும்படி வற்புறுத்தவேண்டாமென்றும் சொல்லி, இந்தியர்கள் பிரிட்டிஷ் பிரஜைகளாய் இருப்பதினால் நாம் அவர்களை தாழ்மையாய் நடத்துவது நல்லதென்றார்.

சாத்விக எதிர்ப்பின் கருத்தும் முறையும்

அதை அநுசரித்து நடக்கவேண்டிய விதமும்

சிலகாலமாக சாத்விக எதிர்ப்பின் கருத்து, அதாவது "பாஸிவ் ரெஸிஸ்டென்ஸ்" என்னும் வார்த்தை சற்றேறக்குறைய தென்னாப்பிரிக்காவிலுள்ள யாவருடைய வாயிலும் சுலோகச் சொல்லாக வழங்கி வருவது யாவருக்கும் தெரிந்த விஷயமே. ஆனால், சாத்விக எதிர்ப்பு இன்னதென்றும், அதனுள் அடங்கியிருக்கும் அர்த்தங்களும் பாராக்கிரமமும் எவ்வளவென்று அநேகருக்கு விளங்காமலிருக்கிறதென்று நாம் இவ்வூரில் பழகின வரையில் தெரியலாகிறது. மேற்படி விஷயம் ஒவ்வொருவருடைய மனதில் அமையவேண்டுமென்றால் விரிவாக விவரித்துச் சொன்னால்தான் அவர்கள் மனதில் அமையக்கூடும். ஆனால் இச்சஞ்சிகையில் போதுமான இடமில்லாமையால் ஓர் சிறு விவரமாக வாரந்தோறும் தொடர்ச்சியாக எழுதிவர எண்ணியிருக்கிறோம்.

சாத்விக எதிர்ப்பில் சேர்ந்து அதை அநுசரித்து நடந்து "பாஸிவ் ரெஸிஸ்டர்" என்று பெயர் பெற்ற பெரியோர்கள் அடியில் கூறும் ஐந்து சகலங்களை கருவிகளாகக் கொண்டு அதைப் பெற்று நடக்க சக்தியுடையவர்களானால் தமக்கு சம்பவிக்கக்கூடிய கஷ்டநஷ்டங்களை கவனியாமல் மூதுரையில் உரைத்திருக்கிறபடி

> மெய் வருத்தம் பாரார் பசி நோக்கார் கண்துஞ்சார்
> எவ்வெவர் தீமையும் மேற்கொள்ளார் செவ்வி
> அருமையும் பாரார் அவமதிப்பும் கொள்ளார்
> கருமமே கண்ணாயினார்

என்றபடி நாம் சம்பந்தப்பட்டு எடுத்திருக்கப்பட்ட காரியத்தை முடிவுக்கு கொண்டுவர முயல்வார்கள்.

முதலாவது, மிகுந்த தேசாபிமானமும் பாஷாபிமானமும், மதாபிமானமும், பலனைப் பற்றுதலும் வேண்டும்.

இரண்டாவது, வெய்யில், மழை, காற்று, குளிர், இவைகளை அசௌகரியம் பாராத்தன்மையும் வேண்டும்.

மூன்றாவது, பொருள், அடி, அபாயம் ஆகையும் பயமில்லாமையும் வேண்டும்.

நான்காவது, உண்மை, உறுதி, தெய்வபக்தி, இரக்கம், அடக்கம் நிதானமும் வேண்டும்.

ஐந்தாவது, சர்க்கார் சட்டத்தில் சம்மதியாமல்

வேலை நேரிட்டபோதிலும் எல்லாவற்றையும் பிசகாமல் செய்யப் பழக்கமும் வேண்டும்.

ஆறாவது, சாந்தத்துடன், எதிரியின் வார்த்தையை சகிக்கக்கூடிய சக்தியும் யாதாமொருவர் ஒத்துக்கொள்ளாத கேள்வியைக் கேட்டபோதிலும் அடக்கமாகவும் பிரியமாக மறுமொழி கொடுக்கும் தன்மையும் வேண்டும்.

ஏழாவது, தற்பெருமை, தன் காரியக் குறிப்பில் லாதவராயும் இருக்க வேண்டும்.

மேற்கூறிய, குணங்கள் யாவற்றிலும் சிறந்ததாக நாம் கைக்கொள்ள வேண்டியது நமக்கு யாரொருவர் இடர் செய்தாலும் அதை பாராட்டாமல் பிரதி உபகாரமும் உதவியும் உற்சாகத்துடனும் செய்ய முயல்பவர்கள்தான் சிறந்தவர்களென்று சொல்லலாம்.

(இன்னும் வரும்)

சகோதரபாவனை

ஸ்ரீ ராமகிருஷ்ண பரமஹம்ஸர் சொல்லுவதாவது :—“ தாயே ! நான் பெரியவனென்றும், நான் பிராமணனென்றும், அவர்கள் தாழ்ந்தவரென்றும், பறையரென்றும் உள்ள எண்ணத்தை என் உள்ளத்தினின்றும் அகற்றிவிடு. அவர்கள் அத்தனைவடிவமாய்த் தோன்றும் நீயேயன்றி வேறியார்.”

ஓர் சிறு விருந்து

சென்ற வெள்ளிக்கிழமை சாயங்கிரம மிஸ்டர் ரஸ்டம்ஜி அவர்களால் தமது கட்டடத்தில் ஸ்ரீயுத் ஆண்ட்ரூஸ் பாதிரியாருக்கும், ஸ்ரீ பியர்ஸன் அவர்களுக்கும் (அவர்கள் இருவரும் தமது தாய்தேசத்துக்கு பிரயாணமானதை முன்னிட்டு) ஓர் சிறு விருந்திடப்பட்டது.

அப்போது ஸ்ரீ ஆண்ட்ரூஸ் பாதிரி, மிஸ்டர் பியர்ஸன் என்னும் இருவருக்கும், சாதவிக எதிர்ப்பில் சேர்ந்த வீரர்களில் பிரக்கியாதி பெற்றவர்களுமான மிஸஸ் ஸ்ரீ ... மற்றவர்களும், மிஸ்டர் ரஸ்டம்ஜி அவர்களால் புஷ்ப மாலைகளிட்டு பூச்செண்டுகள் கொடுத்து மரியாதை செய்த பின்பு அத்தமயன் சொன்னதாவது :—

ஸ்ரீ ஆண்ட்ரூஸ் பாதிரியார் தன்னுடைய தாயார் காலஞ் சென்றுபோன செய்தியைக் கேட்டு துக்க சாகரத்திலிருந்தாலும் நான் கோரியவண்ணம் விருந்திற்கு அனுமதித்ததாகவும், இந்த பாதிரியாரும் ஸ்ரீ பியர்ஸனும் தங்களுடைய சுயநலத்தையும் சுகத்தையும் ஓர் பொருட்டாய் எண்ணாமல் கடந்திருக்கிற ஊழியத்திற்காகவும் நன்றியறிதலுள்ளவனாயிருக்கிறேன். நமது யாத்திரையின் ஆபரணங்களுக்கொப்பாகிய இவ்விருவரையும் இந்தியர்களுக்கு உதவி செய்யும் பொருட்டு இந்த தேசத்திற்கு அனுப்பிய ஆனரபிள் மிஸ்டர் கோக்லேயவர்களுக்கும் இந்தியர்களாகிய நாம் யாவரும் நமதுடைய முழுமனதோடு நன்றி செலுத்தக் கடமைப்பட்டவர்களாயிருக்கிறோம். பஞ்சாபில் நடந்த ஓர் மகா ஜனக் கூட்டத்தில் பாதிரியார் அவர்கள் தான் சேகரித்துவைத்திருந்த பணமனைத்தையும் தென் ஆப்பிரிக்கா இந்தியர்களுக்காக வசூலித்த நிதிக்கு கொடுத்துவிட்டதாக விளம்பரப்படுத்தியபோது, இக்கிருக்கும் இந்தியர்களனைவரும் ஆச்சரியமடைந்தோம். அவர் தற்போது சம்பத்தியில் இருக்கிற ஆண்ட்ரூஸ் பாதிரியார்தான். சகலத்தையும் படைத்து ஆள்பெருகிற அத்தபரம தயாளமூர்த்தி இவரை இன்னும் மென்மேல் ஆசீர்வதிக்கப் பிரார்த்திக்கவேண்டியது நம் இந்தியர்களின் கடமை.

சமாச்சாரங்கள்

நமது போராட்டத்தை விசாரிக்க ஏற்படுத்தியிருக்கும் கமிஷனின் காரியதரிசியாகிய மிஸ்டர் அட்லா வருகிற வாரத்தில் மேற்படி சங்கம் கூட்டப்படுமென்று கெஜட்டில் பெர்குரி பத்திரிகைக்கு எழுதியிருக்கிறார்.

* * *

தென்னாப்பிரிக்காவின் இந்தியர்களின் துன்பங்களை முன்னிட்டு கடந்த டிசம்பர் மாதம் 10 தேதி பம்பாய் டவுன் ஹாலில் ஓர் பெரிய கூட்டம் கூடினது. அக்கூட்டத்தில் ஆனரபிள் பி. மேட்டா, ஆனரபிள் ஸர். ஜாம்ஸட்ஜி ஜிஜிபாய், ஸர் டி. எம். பிடிட் இவர்களும் இன்னும் பம்பாயில் பிரதானமான அநேக இந்தியகனவான்களும் விஜயஞ் செய்திருந்தார்கள். அக்கூட்டத்தில் ஆகா கான் அக்ராசனாதிபதியாக நேமிக்கப்பட்டது. தென்னாப்பிரிக்காவில் இந்தியர்கள் படும் துன்பங்களைப் பற்றி கடிந்து பேசி, அவர்களுடைய உதவிக்காக துகைகளும் வசூலிக்கப்பட்டது.

* * *

கடந்த வாரம் ஸ்ரீ ஆண்ட்ரூஸ் பாதிரியாரின் தாயார் இங்கிலாந்தில் காலஞ் சென்றுபோனதை கேள்வியுற்று விசனிக்கிறோம். இத்தமயன் தன்னுடைய குமாரனைப் பார்க்க ஆவலுள்ளவர்களாயிருந்தும் அவர் இத்தென்னாப்பிரிக்காவில் இந்தியருக்கு ஒத்தாசை செய்யும்படி இங்கே வரப் பிரியப்பட்டதைக் கேட்டு தன்னைக் காணவிடினும் அவசியமில்லை. தென்னாப்பிரிக்கா இந்தியர்களின் விஷயத்தை முக்கியமாக கவனிக்க வேண்டியதென்று தன்னுடைய குமாரனுக்கு தெரிவித்தார்கள். இந்தியர்களின் விஷயத்தில் இத்தமயனுடைய ஊக்கத்தை மெச்சத்தக்கதே.

* * *

ஸ்ரீ ஆண்ட்ரூஸ் பாதிரியார் கடந்த வெள்ளிக்கிழமை மாலை கேப்டவுனுக்கு பிரயாணமானார். வழியில் மாரிட்ஸ்பர்க், லேடிஸ்மித், நியூகாஸல், ஜோஹான்ஸ்பர்க், இவைகளை சுற்றிக் கொண்டு, பின்பு கேப்டவுனில் உள்ள சில பாஸிபெண்டு மெம்பர்களையும் கண்டு பேச உத்தேசித்திருக்கிறார். கேப்டவுன்வரையில் இவருக்கு துணையாக மிஸ்டர் பணிலால் காந்தியும், இவருடன் சென்றிருக்கிறார். இவர் இந்தியர்களுக்காக எடுத்துக் கொள்ளும் பிரயாசைக்காக நாம் நன்றியுள்ளவர்களாயிருக்க வேண்டியது கடமையாகும்.

इंडिअन ओपिनिअन

बुधवार, ता. ४ फेब्रुवरी १९१३

समाधानीका चरचा और प्रधानका उत्तर

मि. गान्धीने मुल्की खाताके प्रधानके सेवामें जो पत्र भेजा था उसका प्रधानके सेक्रटरीने नीचे लिखे आशयका उत्तर दिया है कि:—नेटालमें हिन्दी हडतालके विषयमें जांच करनेके लिये जो कमीशन चुना गया है। उसमें सरकारका कुछ भी फेरफार करनेकी ईच्छा नहीं है यह बात सत्य है। आप कमीशनके सामने साक्षी न देंगे यह जानकर प्रधान खेद प्रकट करते हैं। पर आप ता पहिलहीसे इस कमीशनको शपथपूर्वक अस्वीकार कर चुके हैं यह बात प्रधानको विदित है। आप कमीशनको अपमानित करनेके लिये नहीं किन्तु सत्याग्रही तरिके कमीशनको अस्वीकार किया है। सत्याग्रही हडतालियोंके साथ अयोग्य वर्ताव किया गया है इस बातको सरकार बिलकुल स्वीकार नहीं कर सकती है। यदि आप और आपके मित्रवर्ग कमीशनके सामनें साक्षी न देंगे तो कमीशनको जांच करनेका बहुत थोडा काम रहेगा। हिन्दीओंके मंगनीको सरकार समयानुसार देनेको आतुर है। यह मंगनी पार्लीमन्टके अगामी बेठकमें स्वीकार होनेसे सन्तोषजनक होगा। यह बहुत दिनोंसे चलते हुए झगडेको मिटा देना सरकार बडे महत्वकी बात समझती है। यदि कमीशनके सामने हिन्दी जातिनें कोई खास आरोप पेश करनेसे इनकार किया तो पिछेसे किया हुआ आरोपको सरकार स्वीकार नहीं करेगी। पर एसपेरेंजा और माउंट एजकोम्बमें जो घटना घटा है और कईएक मरणतक हो चुके है। वहां कमीशनको विशेष जांच करनेके लिये सरकार कहनेकी हक रखती है। जेल अथवा कम्पौन्डकी जेलसे सत्याग्रही केदियोंको छोड देनेके लिये जो आपने विनय किया है। आपके पत्र आनेसे पहिलेही सरकार ऐसा निश्चय कर चुकी है। आपके मंगनीके विषयमें सरकार कमीशनके जांचके रिपोर्टकी राह देखती है॥

पत्रोंका टीका

मि॰ गान्धी और मि॰ स्मटसके जो समाधानी के लिये पत्र व्यवहार हुआ है. उसपर यहांके अंगरेजी छापाओंनें खुब टीका टीप्पणी की है. 'रेन्ड डेली मेल' लिखता है कि मि॰ गान्धी और मि॰ स्मटसने इन पत्रोंमें अपने मतको सुक्ष्मरुपसे प्रकट करनेका जो कुशलता दीखाया है. उसपरसे जान पडता है कि हिन्दीयोंकी मंगनी स्वीकार की जायगी और अगामी पार्लीमेन्टके बेठकमें सत्याग्रहके लडाईका अन्त हो जायगा. इसी प्रकार 'ट्रान्सवाल लीडर' कहता है कि जो कुछ मि॰ गान्धी ने मंगनी किया है वह सुगमतापूर्वक दिया जा सकता है इसमें सन्देह नहीं कि पार्लीमेन्टके अगामी अधिवेशनमें मि॰ गान्धी की मंगनी स्वीकार हो जायगी. हम भी यही चाहते है कि दक्षिण आफ्रिका सरकार मि॰ गान्धीके मंगनी स्वीकार कर बिचारे निर्धन हिन्दीयोंको शांतिपूर्वक रहनेका अवसर दे॥

पादरीका मान

Cablegrams repudiating the action of the Congress Secretaries and confirming the provisional agreement between General Smuts and Mr Gandhi have been sent to the Hon. Mr. Gokhale by the Mahomedan Muslic Society, the Kathiawar Arya Mandal, the Maharashtrian Sabha, the Surat Hindu Association, the Hindu Hawkers' Association and the Zoroastrian Anjuman. Several cables to the same effect have been sent from Johannesburg also. Maritzburg went one better and called a great mass meeting, of which we give the following condensed report from the Maritzburg papers:

A mass meeting of the Indians of Maritzburg was held at the Hindu Temple grounds on Saturday afternoon for the purpose of welcoming the Rev. C. F. Andrews, and to consider the advisability of endorsing the provisional agreement made between Mr Gandhi and General Smuts.

Mr. A. D. Parak, Chairman of the Anjuman Islam, presided, and a very hearty welcome was accorded the revered visitor.

Mr. N. B. Naik, at the request of the Chairman, expressed the pleasure of the Indian community of Maritzburg at having the opportunity of welcoming Mr. Andrews. They all hoped the rev. gentleman's mission to South Africa would be successful, and that he would inform the people of India of what had really taken place in this country; how the people had suffered and how they were determined to maintain the honour of their Motherland.

Mr. M. N. Mahomed, representing the British Indian Association of Edendale, read an address to Mr. Andrews:—

The Rev. C. F. Andrews, in acknowledgment, promised that he would carry their message to India, and inform the people there how loyal the sons of India in South Africa were to their Motherland. He had lived in India ten years, and now considered himself one of the Indians. Hearing of the ill-treatment of Indians in South Africa he came here to personally investigate the charges, and as a result of his investigations he had come to the conclusion that there was truth, after all, in the allegations made. He was ready to sacrifice his life for India.

The Resolution

Mr. N. B. Naik moved:—"That this mass meeting of British subjects, having heard the terms of the provisional agreement and Mr. Gandhi, as representing the Indians of South Africa, hereby endorses the action of Mr. Gandhi, and respectfully ventures to hope that the prayer of the Indians will be granted."

Mr. Motilal seconded the motion, and Mr. C. K. Thumbi Naidoo spoke in favour of it. He explained the terms of the provisional agreement, and said Mr Gandhi's action was worthy of their heartiest and most loyal support.

The resolution was carried unanimously.

Mr. Leo R. Gopaul proposed:—"That this meeting hereby most emphatically repudiates the right of a purely Durban body, consisting of a mere handful of Indians, like the Natal Indian Congress, to give evidence on behalf of Natal Indians before the Indian Commission, and that the Congress had no right to override the decision of Mr. Gandhi, a decision which meets with the cordial approval of the Indian public." Mr Gopaul said the Natal Indian Congress had no mandate for the monopolisation of the leadership. He had no confidence whatever in Commissions, because they either owed their existence to the ignorance of the Government, or to a desire to shirk responsibility. In this case it was due to both.

Mr Thumbi Naidoo seconded, and the proposition was carried unanimously.

The Verulam community also held a meeting and dispatched a cablegram similar in terms to the others.

The Tongaat, Newcastle and other Indian communities have held meetings where resolutions condemning the action of the Congress and approving of Mr Gandhi's were adopted and cables to that effect were sent to the Hon'ble Mr Gokhale.

The Tamil Mahajana Sabha and the Hindu Women's Sabha (Durban) have sent similar cables to Poona.

Parliament Meets

At the opening of Parliament on the 30th January, the Governor-General, in the course of his speech, said:—

"In the month of October last a strike occurred amongst the Indian workers employed on the Natal coal mines, and this shortly afterwards extended to the sugar estates on the Natal coast. The strike, unfortunately, led to disturbances accompanied by loss of life. A Commission has been appointed by me to inquire into the causes and circumstances which led to that strike and those disturbances, and into certain allegations of ill-treatment of persons sentenced to imprisonment in connection with the strike. I hope that the report of this Commission will come before Parliament in time to enable its recommendations to be fully considered and a lasting settlement to be reached."

Mr. Munnik has given notice to move on February 15th: "That the presence of large numbers of Indians within the Union is detrimental to the best interests of South Africa, and that the Government be requested to remedy the evil as speedily as possible."

Immigration Appeal Case

The Immigration Appeal Board, sitting in Durban, resumed the hearing of the case of Chandu Naran. The matter had been adjourned on the question of domicile —whether the certificate of domicile held by the applicant was obtained falsely or not.

Mr Michel called several Indians, who said they knew the applicant some fifteen years ago, and closed his case.

Thomas Parks, a clerk in the employ of the Immigration Department, said that the applicant called at the office on Friday primarily with the object of having his temporary permit extended. He questioned him as to his father's name. Applicant could give only his father's first name—Naran. Witness had looked through the records from 1897 to 1902, and had found that fifteen certificates had been issued to "Naran" coupled with some other name. He searched these certificates in order to see whether the name of the applicant was endorsed on any one of them, and failed to trace it.

By Mr G. W Dick: It was customary between 1897 and 1902 to endorse the names of wives and children on domicile certificates. He could trace no such certificate bearing the name of Chandu.

Addressing the Bench, Mr. Michel said that, admitting the contradictory nature of the appellant's statements, he was entitled to domicile in this country whether he arrived in this country in 1897 or in 1901. There was nothing to show that he had deserted from a ship and slipped into this country illegally.

The Chairman (Mr Percy Binns) remarked that he might modify the English proverb and say "There are more ways of killing a mongoose than choking it with curry." It was unfortunate that, in spite of the vigilance of Immigration Officers, numbers of these people had managed to enter this country illegally.

Mr. Soutter, for the Department, said he did not dispute the fact that the appellant had been here before, and added that the certificate was *prima facie* evidence of former domicile. But it was proved that it was obtained by means of false pretences and there was no evidence, apart from the certificate produced, to show that the applicant had established a domicile. He asked the Board to support him in the restriction and to refuse the appeal.

The Chairman said that the Board were not agreed but the majority took this view, and it was a view to which he personally came with considerable regret, in view of the conflicting statements which had been made. A certificate of domicile was issued in December, 1906. On Jan. 19 of the same year, an Act was passed which laid it down that "any person applying for a certificate of domicile or seeking to obtain any exemption in virtue of former domicile shall be required to satisfy the proper officer that at the time when he began to reside in the Colony he was not a prohibited immigrant within the meaning of the Immigration Restriction Act of 1897 or that of 1903, if either of the said Acts was in force at that time, or that, if he was such, he lawfully became resident in Natal according to the provisions of such of the said Acts as was then in force." The certificate issued by the then Principal Immigration Restriction Officer (Mr. H. Colborne Smith) started with the following words: "This is to certify that the person hereinafter described has produced evidence to my satisfaction that he has been formerly domiciled or resident in Natal within the meaning of the Immigration Restriction Act." There was no dispute about the identity of appellant with the person to whom that certificate was issued. They must hold that in 1906 the then Principal Immigration Restriction Officer, with the knowledge that Section 2 of Act 3, 1906, had to be complied with, fully inquired into the matter and then satisfied himself that appellant was entitled to a certificate of domicile. According to the endorsements, it would appear that that certificate had since then been twice made use of and that appellant had twice been re-admitted to Natal on the strength of that certificate. The Immigration Officer having issued the certificate, the burden of showing that the certificate was fraudulently obtained was upon the Department. It was not for appellant to re-affirm the validity of the certificate of domicile. It was for those who issued it to prove that it was issued on false information and was, therefore, fraudulently obtained. They had an affidavit made by appellant on arrival in which he made statements contrary to the statements he made in 1906. In his opinion, while disclosing a highly unsatisfactory state of things and the usual amount of untruths, this statement was not of itself sufficient to set aside the certificate granted in 1906. This would perhaps be the last case in which he (the Chairman) would sit on this Board, and he wished to say that he thought it desirable that on every occasion where a person sought to obtain a certificate of domicile or otherwise prove his right to be here, the gentleman should be photographed. That system used to be adopted on the arrival of Indian immigrants and was in force in the [illegible]. Mr. G. W. Dick had just informed him that the practice had now been adopted by the Department and he was very glad to hear it. It appeared to a majority of the Board that the burden was on the Department to discredit the certificate of domicile originally issued by them and that the evidence adduced in this case was not of itself sufficient to set aside the action of the Principal Immigration Restriction Officer [illegible]. At the [illegible] he intended to send the [illegible] to the Public Prosecutor to inquire whether something might be done to appellant. With regard to the action of the Immigration Officer, that officer had only exercised the vigilance which must be expected [illegible] strength of [illegible] appellant. But the case had now been [illegible] they must adhere to the view that, where there was no dispute as to identity, a certificate of domicile taken out must be what the law said it was—*prima facie* evidence of the holder's claim to domicile. With much regret, the order of the Board would be that appellant would be admitted.—*Natal Mercury*

Great Meeting at Bombay

(Concluded)

The Hon. Sir Ebrahim Rahimtulla, in supporting the Resolution, said he would content himself by saying that he entirely associated himself with the previous speakers in the able and eloquent manner in which they had placed the Resolution before the meeting.

Sir Jehangir B. Petit

In further supporting the resolution, Mr. Jehangir Bomanjee Petit said:—Mr. President, Ladies and Gentlemen: I have great pleasure in supporting the proposition which has just been placed before you. I consider it a privilege to have been called upon to associate myself with a resolution, which, whilst sympathising with our brave countrymen in South Africa in their present terrible sufferings and privations, gives expression to our most cordial and wholehearted admiration for them in the righteous and heroic fight they are making against such heavy odds for the honour and dignity of our motherland, and promises them our moral and material support in the attainment of their object.

Ladies and gentlemen, we recognise that the position of the Imperial Government is delicate and fraught with difficulties, but we refuse to believe that Great Britain is so hopelessly impotent as to be utterly unable to enforce its will upon a recalcitrant self-governing colony in a matter of this grave importance, involving the loyalty and good-will of 300 millions of his Imperial Majesty's subjects.

It is no exaggeration to say that if the present feeling is allowed to continue, as it is bound to, so long as this question remains unsolved, England will in the not very distant future, find on her hands another Ireland in India, only so many times bigger.

Before it is too late, however, we earnestly hope that the genius and statesmanship of England will rise to the full sense of their responsibility and bring about a solution of this question, compatible with the importance and dignity of India.

On being put to the vote, the resolution was carried unanimously and with acclamation.

In condensing this report we have omitted many important speeches on other resolutions which are now out of season.

Lord Ampthill Thanked

The following resolution was next moved by the Hon. Mr. V. J. Patel:—

"That this meeting conveys the deep gratitude of the people of India to Lord Ampthill for his persistent unwavering and whole-hearted championship of the cause of their countrymen in South Africa, in Parliament and in the Press, and to request the Chairman to communicate this resolution to Lord Ampthill by cable."

In the course of his speech, Mr. Patel said:—

Every one in this hall and every Indian, and even an outsider who takes any interest in Indian politics knows thoroughly well how [illegible] and all [illegible] is that bogey of prestige. To my mind, the great distinguishing feature of Lord Ampthill is that both when he was the ruler of the Southern Presidency and afterwards he has never allowed this prestige to obscure his political vision. It was this characteristic which made him so popular as Governor in the Presidency he ruled, and which has [illegible] him a permanent place in the hearts of his former subjects. [illegible] to England he has been ever active in the interest of India, and

although in English politics he belongs to that party which is always associated in the Indian mind with narrowness and prejudice, he has set an example to his political colleagues and to all others what Imperialism means. The South African question he has made his own, and though single-handed he has been pressing the Indian side of the question on the attention of the British public. This is not all. After the Passive Resistance Movement began, Lord Ampthill has ever been active in doing in England what Mr. Gokhale has been doing here,—counteracting the white washing telegrams of Reuter and the interested reports of the Union Government. Under these circumstances, it is but proper that we should take advantage of this opportunity to express our heartfelt gratitude for his self-imposed services in the cause of our suffering countrymen in South Africa.

Mr. N. C. Kelkar, in seconding the resolution, said in all these struggles, Lord Ampthill had been the only one true asset and the only streak of light, which illuminated the dark scene of British ignorance and the only oasis in the vast desert of British apathy.

The Hill Head Inquiry

In connection with the Magisterial inquiry into the circumstances surrounding the deaths of certain Indians who were killed during the affrays between strikers and police at Mount Edgecombe during the recent Indian strike, which was conducted by Mr. E. G. H. Rossler, Acting Magistrate for the Inanda Division, the finding has now been given. This is as follows:—

I have no hesitation in accepting the version of the S.A.M.R., supported by medical evidence, to be the correct one, and find that on November 27th, 1913, the Indians Selvan, No. 74,863, Subbrayya, No. 116,739, Ragavan, No. 131,353, and Pachiappa, No. 150,046, in an attack by Indians on the S.A.M.R., were shot dead by the latter; that is, Selvan and Subbrayya at Hill Head barracks, and Ragavan and Pachiappa at a canefield between Hill Head and Blackburn barracks, Natal Estates, Ltd., and that on November 28th, 1913, Guruvadu succumbed to a wound caused by a revolver bullet fired by one of the S.A.M.R., in the conflict at Hill Head the previous day.

A Commission having been appointed to inquire into the amount of force used in the disturbances during the strike, and the necessity for the use of such force, I express no opinion on these points.

It will be noted from the above finding that though Mr. Colin Campbell fired a few shots from his pistol when attacked by the Blackburn Indians, the persistent assertions on the part of some of the Indian witnesses that he killed Ragavan, No. 131,353, and Pachiappa, No. 150,046, were proved to be utterly false and unfounded, nor is it true that the native Marimuthu, alias Qondile, killed Selvan by stabbing him with an assegai.

Rights of Children

Before the Immigration Board of Appeal this morning (says the *Pretoria News* 2nd instant) Mr Advocate Reitz brought up an application on behalf of an Indian youth to be admitted into the Province. The youth was the issue of Mahomedan parents married according to Mahomedan rites. A marriage according to Mahomedan rites is not a monogamous one. The Courts have held that such a marriage cannot be held as lawful. Clause 5, sub-section "g" of Act 22 of 1913 enumerates certain persons or classes of persons who shall not be prohibited immigrants for the purpose of the Immigration Restriction Regulations Act of 1913. Among such persons or classes of persons are, "inter alia," any person who is proved to the satisfaction of the Immigration Officer, or in the case of an appeal, to the satisfaction of the Board, to be the wife or child under the age of 16 years of any person exempted by paragraph (f) of this section, including the wife or child of a lawful and monogamous marriage duly celebrated according to the rites of any religious faith outside the Union, provided that the wife or child (as the case may be) is not such a person as is described under sub-section c, d, e, f, g, or h, of the last preceding section.

The Immigration Board of Appeal (consisting of the Resident Magistrate, Mr. Rose-Innes, Mr. J. van Alphen and Mr. Wagner), ruled the word "child" must be taken in its ordinary meaning, and did not mean child of a lawful and monogamous marriage, although such child is also included in the category. It was different in the case of a wife, who had to establish a legal status as such within the Union. Such wives did not acquire a legal status by undergoing the rites of a marriage according to Mahomedan law, which permitted polygamy.

The official representing the Immigration Department asked for a case to be stated for a judge on the point of law involved. The Board agreed to comply with the request.

News in Brief

Mr. Andrews celebrates to-morrow his forty-fourth birthday at Capetown, working in the cause that has brought him to South Africa. Every Indian will, we are sure, join with us in wishing this self-adopted son of India many happy returns of the day as also in our sorrow that he will, for the first time, be without a blessing from his dear mother on this auspicious day.

Mr. Pearson is now in Johannesburg, and several meetings (including a ladies' meeting) have been held there in his honour. We hope to be able to give a fuller report next week. Mr. Pearson returns to Natal in the course of the week and is likely to break his journey at Standerton, Dundee and Ladysmith.

The Indian Inquiry Commission concluded its sittings in Natal on Saturday last and will resume at Capetown on the 23rd instant.

Sir Benjamin Robertson and his Secretary Mr. Slater visited the Phoenix Settlement on Wednesday last. On arrival Sir Benjamin was garlanded and both he and his Secretary were presented with button holes by Fatima the daughter of Imam Saheb Abdul Kadir Bawazeer. Both the garlands and button holes were prepared by her out of the flowers grown at Phoenix. The party was escorted by Mr. Polak. After taking light refreshments and inspecting the Settlement the party returned to Town by the evening train. Mr. Sircar who was also on Sir Benjamin's staff left last week for India by s.s. *Purnea*.

The report of the Soorzai case is crowded out and we hope to publish it next week.

On the 22nd ultimo, at Newcastle, George Ligett, compound manager, Durban Navigation Collieries, was charged with assaulting one Valangeri, a passive resistance prisoner at present in gaol, at the time of the recent Indian strike. The accused pleaded guilty and was fined £1.

The Governor-General-in-Council, under Section 2 of the Immigrants' Regulation Act, 1913, has appointed the following as members of the Boards of Appeal with the first named in each case as chairman: J. T. Wylde, F. J. Centlivres and F. Dreyer, to sit at Capetown. J. L. Knight, Lieut.-Colonel T. McCubbin, C.M.G., and G. A. Champion, to sit at Durban. H. Rose-Innes, J. N. van Alphen, and J. G. Wagner, to sit at Pretoria.

In opening the Sessions of the Bombay Legislative Council, on December 16th, H.E. Lord Willingdon, the Governor of Bombay, made a sympathetic reference to the South African Indian question, describing it as "in its very essence a highly Imperial question."

Printed and Published by Albert H. West and Maganlal K. Gandhi at the International Printing Press, Phoenix, Natal.

ઇન્ડિયન ઓપિનિયન.

પુસ્તક ૧૨ મું. ફીનીક્સ, બુધવાર, તારીખ ૧૧ મી ફેબરૂઆરી, ૧૯૧૪. અંક ૬.

અધિપતિની નોંધ

આગેવાનોને અરજી

મી. આંગલીઆ તથા મી દાદા ઓસમાનની જુબાની અમે ધ્યાન દઇને વાંચી છે. અને વિચાર પુરવક અમે લખીયે છીયે કે તે બન્ને આગેવાનોએ કોમને ધકકો પહોંચાડયો છે. કમીશનર્સ તેઓના વખાણ કરે તેની કીમત કંઇ નથી સમજવાની. તેઓના પુરાવાની અસર એ થઇ કે આપણને લાઇસેન્સ તથા ઇમીગ્રેશન બાબત જે દુઃખો તેઓએ બતાવ્યા તેજ છે. આમ પુરાવો આપવાથી તેઓએ હદ બાંધી. બેગજોગે તેઓનુ વચન એ કોમ તરફથી ઉલટુ વચન નથી. તેઓની માગણી કબુલ થાય તો પણ ઘણું બાકી રહી જાય છે અને તે બધાનો ફડચો નહીં આવે ત્યાં સુધી હીંદી કોમમાં સત્યાગ્રહ જાગવાનો હમેશાં સંભવ રહે. તેઓનો વિચાર જો પુરાવો આપવાનોજ હતો તો તેઓની ફરજ એ હતી કે બધો પુરાવો એકઠો કરી તેમણે કોઇપણ ભરોસાદાર વકીલ પાસે તેનું તારણ ઘડાવી રજુ કરવો ઘટતો હતો. તેમની કોમ તરફની પહેલી ફરજ એ હતી કે તેમણે હજારો માણસોએ કમીશનને બોયકોટ કરવાનો કરેલો ઠરાવ મંજુર રાખી ચુપ રહેવું જોઇતું હતું. પણ જો પુરાવો આપવોજ હતો તો પછી બરોબર ચોકસી કરવી જોઇતી હતી. તેઓના પુરાવાનું કડવું પરિણામ એ આવ્યુ છે કે મી. વીનડોલનો પુરાવો આપણી વિરૂદ્ધ સબળ થયો. જો મી. વીનડોલની હકીકત બરોબરજ હત તો આપણે કંઇજ કરવાનું ન રહેત પણ આપણે જાણીયે છીયે કે તે પુરાવો બરોબર નથી. ને તેણે કેટલીક હકીકત તદન ખોટી કહેલી છે. જેઓ આગેવાન કહેવડાવવા માગે છે તેઓએ પોતાની ફરજ સમજવી ઘટે છે. પુરાવો આપવો હતો તો તેઓએ ઘણા સાક્ષી રજુ કરવા જોઇતા હતા અને કમીશન બંધ થવાનો વખત આવ્યો ત્યારે કેમ જાણે પોતે મી. સુકરની માફક તદન બીનજવાબદાર હોય તેમ નહોતુ કરવુ જોઇતું. તેઓને કમીશન બેસવાની ખબર એક માસથી હતી ને તુરત જ તે વાર થવાનું હતું કે જેથી તેઓ સંપુર્ણ પુરાવો આપી શકત. આવા કારણોને લીધે અમે માનીયે છીયે કે આ બન્ને આગેવાનોએ કોમની તરફ ફરજ બજાવવાને બદલે કોમને નુકસાની પહોંચે એવું કાર્ય કર્યું છે. આટલું કહીને અમે તેઓનો આભાર પણ માનીયે છીયે કે તેઓ આ કમીશન આગળ કોમના મેળ નથી ધોયા. મી. અંગલીયાએ કહ્યું કે તે બધા પીઠ મોભા વાળા હીંદીની વતી બોલવાને અધિકારી હતા. એવા કયા પીઠ હીંદીના વતી તે બોલ્યા? જો મી. આંગલીયાનો દાવો ખરો હોય તો એમ પીઠ હીંદી ની ઉપર દયા આણીયે છીયે ને તેઓને આ [illegible] અમે માનીયે છીયે કે આવું વેણ કહી [illegible] મી. આંગલીયાએ ભુલ કરી છે, ને પોતાની સ્થિતિ અને જવાબદારી [illegible] નથી.

મી. સુકરને વિષે અમે ટીકા કરતાજ નથી. તે જુવાન પોતાની મગરૂરીમાં તણાઇ ગયેલ છે. મી. આમ્દરને વિષે તો શું જ લખીયે! તેણે વગર વિચારે જુબાની આપી છે. એટલી તેની ભલાઇ કે તેણે ચોખી વાત કરી દીધી કે તે કોઇની વતી નથી બોલ્યા પણ પોતાની જવાબદારી ઉપર ને પોતાનીજ વતી બોલેલ છે એટલે તેનાથી બહુ નુકસાન થવાનો સંભવ નથી.

શાદી વિષે

અમે જાણીયે છીયે કે શાદીનો સવાલ આ દેશમાં હાલ ગંભીરમાં ગંભીર થઇ પડયો છે. તે વિષે કમીશન ગુંચવાડામાં પડયું છે. તેમાં અહીંના કાયદામાં ફેરફાર કરવાનો સવાલ આવે છે. આ વિષય ઉપર જે જુબાની મી. આંગલીયા વિગેરેયે આપી છે તે અમે ભુલ ભરેલી માનીયે છીયે. એ સવાલ એટલો ગુંચવાડા ભરેલો છે કે તેઓએ તેમાં બીલકુલ હાથ નાખવો જોઇતો નહતો. અથવા નાખ્યો તો પુરી સમજથી નાખવાનો હતો. તે સવાલમાં શું રહ્યું છે તે હવે વિચારીયે. મી. કાછલીયાએ જે પત્રવ્યવહાર ચલાવ્યો તેનો અર્થ એ છે કે જે હીંદી એકજ ઓરતને પરણેલ હોય તેની શાદી કાયદેસર ગણાય. જેને એક કરતાં વધારે ઓરત હોય તે જો જુનો રહીશ હોય તો તેની બધી ઓરતો તથા સગીર વયના છોકરાંને સરકારે મહેરબાની દાખલ આવવા દેવા જોઇયે. જેણે હવે પછી બે ઓરત કરેલી હોય તે પણ એક ઓરતને લઇ આ મુલકમાં દાખલ કરી શકે છે. આમાંની છેલ્લા બે પ્રકારની ઓરતો ને બીજા કશા કાયદેસર હક નહીં મળી શકે. આમાં આપણે ભવિષ્યને સારૂ બંધાતા નથી. કમીશન એમ માગણી કરતું જણાય છે કે એકજ ઓરત વાળો ધણી જે પોતાની શાદી કાયદેસર ગણાવા માગતો હોય તેણે તે ઓરત જીવતાં બીજી નહીં કરવાના સોગંદ લેવા જોઇયે ત્યારેજ તે શાદી એક ઓરતી ગણાય. આવી દલીલની સામે મી. ગાંધીયે સખત વાંધો ઉઠાવ્યો છે ને બતાવ્યું છે કે એવા સોગંદનામામાં સહી કરવી એ તો શાદી વિષે હીંદુ મુસલમાન ધર્મનો ઇનકાર કર્યા બરોબર થયું. કાયદો એકજ આગલી ઓરતને કબુલ રાખે એ જુદી વાત છે. તેમાં કોઇ હીંદુ કે મુસલમાન પોતાના ધર્મથી વિરૂદ્ધ નથી વરતતો. તેવી શાદી કાયદેસર ગણાવાથી સેંકડો હીંદીના હક સચવાય, છે ને સેંકડો હીંદીઓ એકજ ઓરત પરણનાર છે. એક ઓરતને કબુલ રાખવા સરકાર બંધાએલી છે. અહીંનો કાયદો પણ તે વાતને કબુલ કરે છે. ભવિષ્યને સારૂ આપણને બાંધવાનો કમીશનને કે કોઇને અધિકાર નથી. એટલે એક ઓરતી શાદી કાયદેસર ગણાવાથી બીજી ઓરત કરવાની [illegible] ઓછી થવા સંભવ છે. એવા કયા ધણી હોય કે જે એક ઓરતને કાયદેસર [illegible] ગણાવા દેશે ને બીજીને નબળી [illegible] ગણાવા દેશે

અમે ઉપર જણાવ્યું છે તેથી ઓછું આપણે લઇ શકતા નથી. તેથી વધારે આપણને મળવું લગભગ અશક્ય છે. તેથી વધારે લેવાને સારૂ સભામાં તો નજ ઉઠે. શકે એમ જણાવે છે ઉપર મુજબ મળે તો ધર્મનું માન રહે છે ને સેંકડો ગરીબ હીંદીના બાળબચ્ચાં સુખી થવા પુરો સંભવ છે.

ઇમીગ્રેશનના અગત્યના કેસ

ઇમીગ્રેશન બાબત નાતાલમાં બે અગત્યના કેસ થઇ ગયા છે. તેની સમજુતી આપવાનો વખત અમને બીજી બાબતો ઉપર લખવાનું હોવાને લીધે મળી શક્યો નથી. હવે તે લઇએ છીએ. એક કેસમાં જસ્ટીસ બુમે ચુકાદો આપ્યો છે. તે કેસ વિચિત્ર છે. તેમાં હીંદીને આ દેશ તદ્દન છોડવો પડત એવો વખત હતો. હકીકત આમ હતી. અરજદાર હીંદ ગયા અક્ટોબર માસમાં દેશથી આવેલ તેને દાખલ થવાની ઇમીગ્રેશન અમલદારે મનાઇ કરી. અરજદારે તેની સામે કાયદાપુરસ્કર અપીલ નહિ કરી. અરજદાર પાછો હીંદ ગયો. વળી પાછો જાનેવારી માસમાં અરજદાર આવ્યો. તેને વળી અમલદારે અટકાવ્યો. આ વેળા અમલદારને બંધી કરનાર હુકમ સુપરીમ કોરટ પાસેથી અરજદારના વકીલે મેળવ્યો, તેથી અરજદારને અમલદાર કાઢી મુકવા અશક્ત થયો. આખરે એટરની જનરલે તપાસ કરી, ને તેને માલમ પડ્યું કે અરજદારને ખોટી રીતે કાઢી મુકવામાં આવ્યો હતો તેને તો નાતાલમાં રહેવાનો હક હતો. આમ એટરની જનરલે કબુલ કરવાથી અરજદારને રહેવાનો હક તો મળ્યો. પણ અમલદાર ઉપર બંધી હુકમ મળતાં જે ખરચ થયું તે કોણ આપે એ સવાલનો ચુકાદો હજુ કોરટને કરવાનો બાકી રહ્યો હતો. આ ચુકાદો આપતાં જજ બુમે ઠરાવ્યું કે અમલદારના હુકમ સામે ઇંટરડીક્ટ (બંધી હુકમ) લેવાનો હક કાયદામાં નથી રાખવામાં આવ્યો. કાયદા પ્રમાણે તો અમલદારનો હુકમ ફેરવવાનું માત્ર લાંચ રૂશ્વત જેવા કેસમાં બની શકે. આવું આ કેસમાં ન હતું છતાં કોરટને લાગ્યું કે અમલદારે અરજદારને હાંકી કાઢવામાં ઉતાવળ અને ભુલ કર્યાં હતાં. અને જો કાયદેસર પણ બંધી હુકમ ન મળત તો અન્યાય થાત ને અરજદારનો હક મારી જાત. તેથી કોરટે ઠરાવ્યું કે ખરચો એકબીજા પોતેજ સહન કરી લે. આ ચુકાદો લાભમાં ન ગણાય. કોરટ જો અમલદારની બેહુદી ઉતાવળને સારૂ વચમાં ન પડી શકે તો અમલદારો ઉદ્ધત અને આપખુદીથી તેમની ઇચ્છામાં આવે એવા હુકમો કાઢે. જ્યાં લોકોના હકની વાત રહી છે ત્યાં માત્ર કારભારીઓને સર્વ સત્તા આપવાથી જુલમ થયા વિના રહેજ નહીં. જજ બુમનો ઠરાવ બરોબર છે એમ નથી કહી શકાતું. ઇન્ટરડીક્ટ આપવાની સત્તા તો કોરટને સદાય રહેલી છે ને આવી જાતનો વખત ફરીને આવે ત્યારે બ્લોમફોંટીન સુધી લઇ જવા જેવી આ બાબત છે એમ અમે માનીએ છીએ. દરમીયાન એ બાબત સરકારને તો લખાણ કરવાની જરૂર છે

બીજો કેસ મી. બીન્સના ચુકાદાનો છે. મી. બીન્સ હવે ઇમીગ્રેશનની અપીલ કોરટમાંથી નીકળી ગયા છે. અમે જે વિષે લખવા માગીએ છીએ એ તેનો છેલ્લો ચુકાદો છે. તે ચુકાદાથી ન્યાય મળ્યો છે છતાં તેણે નાખુશીથી ન્યાય આપ્યો છે ને કોમને ડંખ તો માર્યો છે જસ્ટીસ બુમે પોતાના ચુકાદામાં નાતથી ન્યાતીને અન્યાય કર્યો છે અને બે ન્યાયાસન પર બેસનારાનાં દીલ જુદા પ્રકારનાં છે મી. બીન્સના ઠરાવની હકીકત સાદી છે. આ કેસના અરજદારની પાસે સર્ટીફીકેટ ૧૮૯૮નું હતું. તેજ સર્ટીફીકેટ ઉપર તે બે વખત હીંદ ગયેલ ને પાછો આવેલ. હવે ત્રીજી વખતે આવ્યો. ત્યારે અમલદારે તેને અટકાવ્યો. તેથી અપીલ ચાલી. બીન્સ સાહેબે અરજદાર ખોટો છે એમ નહીં જાણ્યાની ટીકા કરી પણ તેને કાઢી મુકતાં તેની હીંમત નહીં ચાલી. બે વખત આવી ગયેલ માણસને કેમ નસાડી શકાય? તેથી અને સર્ટીફીકેટ લેનાર તો એજ ધણી છે એમ અમલદારે કબુલ કર્યું તેથી બીન્સ સાહેબથી વિરૂદ્ધ ઠરાવ નથી આપી શકાયો. ઠરાવ પક્ષમાં આપતાં છતાં પણ સાહેબ બોલી ગયા છે કે અમલદારે અટકાવત કરી એ તો ઠીકજ કર્યું વળી બોલી ગયા કે તેવા કેસોમાં ફોજદારી ચાલવી જોઇએ ને તે ઇરાદાથી અરજદારની બાબતમાં બધો પુરાવો ધરમના વકીલ પાસે મોકલી આપ્યો છે. આવો વિકટ મામલો આપણી ઉપર છે. કાયદા સખત ને તેનો અમલ સખત, વળી નીચલી કોરટોમાં પણ દાદ મળવાની કઠણાઇ. એમ છતાં આ કેસમાંથી એટલું પરીણામ તો આવવાનો સંભવ છે કે જે પોતાના સર્ટીફીકેટથી દાખલ થયા હશે તેને એકાએક કાઢી મુકતાં અમલદારોને મુશ્કેલી આવવાની છે.

છોકરાઓના હક

પ્રીટોરીઆમાં હાલ બહુ અગત્યનો ઇમીગ્રેશન કેસ થઇ ગયો છે. એક મુસલમાનના છોકરાને દાખલ કરવાની ઇમીગ્રેશન અમલદારે મનાઇ કરી. તેમાં તેણે બીજાં નજીવાં કારણ આપ્યાં હતાં તે બાબત અમે અહીં ટીકા નથી કરતા. માત્ર કાયદાની બારીકીજ તપાસશું. મનાઇનું કારણ એ હતું કે તે છોકરા મુસલમાની શાદીથી પેદા થએલા છે. મુસલમાની શાદી કાયદો કબુલ નથી કરતો તેથી તે શાદીથી થએલાં છોકરાં દાખલ થવાં ન જોઇએ. આ ઠરાવ ઉપર અરજદારે અપીલ નોંધાવી. તે અપીલ પ્રીટોરીઆમાં નીમાયેલ નવી બોર્ડ પાસે ચાલી. કાયદાની કલમ એમ કહે છે કે હકદાર પુરૂષની બાયડી તથા તેનાં સગીર વયનાં છોકરાં દાખલ થઇ શકે અને એવા દાખલ થનારમાં એક સ્ત્રી વાળી કાયદેસર થયેલી શાદીની ઓરત તથા તેનાં છોકરાં પણ આવી જાય. આનો અરથ કોરટે અરજદારના લાભમાં કર્યો. કોરટની દલીલ નીચે પ્રમાણે હતી. ઓરતતો કાયદેસર પરણેલી હોય એજ આવી શકે પણ તેનાંજ છોકરાં આવી શકે એવો નિયમ નથી. છોકરાં તો પરણેલ કે વગર પરણેલ મા બાપનાં આવી શક્યાં જોઇએ. તેમાં કાયદેસર પરણેલ જોડાંનાં છોકરાંનો સમાસ થાય છે. ગેરકાયદેસર સાથે રહેનાર જોડાનાં છોકરાંને અટકાવત નથી. આ દલીલથી કોરટે ચુકાદો અરજદારની પક્ષમાં આપ્યો છે

કોરટની દલીલથી આપણે ભુલથાપ ખાવાની નથી. એ દલીલ બહુ માતબર નહીં ગણાય. જો કોરટની દલીલ બરોબર હોય તો તેજ દલીલ ઓરતોને લાગુ પડે છે. કાયદાની કલમમાં 'ઓરત' શબ્દ તેમજ 'બચ્ચું' શબ્દ બે જગાએ વપરાયા છે. એક જગાએ 'બચ્ચું' શબ્દનો અરથ કોરટે નોખો કર્યો છે પણ 'ઓરત' શબ્દનો અરથ બન્ને જગાએ એકજ કર્યો છે. તેમ કરવાની જે દલીલ કોરટે આપી છે તે ઠીક છે પણ તે દલીલ જોરાવર નથી. એટલે આપણે કોરટના ચુકાદાથી ચિન્તા રહીત થઇ શકતા નથી. પણ જો કોરટે કરેલો અરથ ખરોજ હોય તો આપણે કબુલ કરવું જોઇએ કે બચ્ચાની બાબત આપણે

શાદીના સવાલમાં જે પોકાર કરીએ છીએ તે પોકાર કેટલેક દરજ્જે રદ થાય છે. વગર શાદીએ જન્મેલાં બચ્ચાંને આવવાનો હક મળ્યો એટલે બધા હક મળ્યા એમ કંઇ કહેવાય નહીં.

કોરટે કરેલો ચુકાદો ઇમીગ્રેશન અમલદારને પસંદ નથી પડ્યો તેથી તેની માગણીથી કેસ સુપ્રીમ કોરટમાં જશે. ત્યાં જે થાય તે ખરૂં. આ કેસ ઇમીગ્રેશન અમલદાર એટલે સરકાર ઉપર લઇ જશે એ સરકારની બદદાનત બતાવે છે. એટલુંજ નહીં પણ કાયદાના અરથ પણ સખ્ત કરવા ઇચ્છે છે ને તે ઉપાયોથી આપણી જડ ઉખેડવા માગે છે. આ મનની સ્થિતીની સામે આપણે સત્યાગ્રહ કરવું છે એમ સમજવું. એ સત્યાગ્રહ એક વેળા કરવાથી આપણાં દુઃખોનો અંત નહીં આવે પણ જ્યારે જ્યારે આપણાં દુઃખો અસહ્ય જણાશે ત્યારે ત્યારે એ હથીયાર વાપરવાનું છે. એમ વખતો વખત કરતાં સરકાર આપણું જોર સમજશે, આપણી ખરી માગણીઓથી વાકેફ થશે ને પોતાની હઠ છોડશે

આ કેસમાંથી આપણે વળી એ પણ જોઇ શકીયે છીયે કે નવી અપીલ બોરડ થવાથી બહુ સુધારો થયો. અમારી ખાત્રી છે કે જુની અપીલ બોરડ ઉપરનો ચુકાદો ન જ આપત. જેમ કુલસમ બીબીના કેસમાં જુની અપીલ બોરડ ડરબનમાં કરત તેમ છોકરાંના કેસમાં પ્રીટોરીયામાં જુની અપીલ બોરડ કરત.

આ કેસમાં અરજદાર જે ખુબીઓથી લડેલ છે તેજ ખુબીથી સુપરીમ કોરટમાં લડશે એવી અમે ઉમેદ રાખીયે છીયે. કેસ મજબુત નથી એમ અમે કહ્યું છે તેનો અરથ એમ નથી કે કેસમાં દલીલ કંઇ છેજ નહીં. જો સુપ્રીમ કોરટ ઉદાર દીલ રાખે તો અરજદારની વતી થએલી દલીલ કબુલ રાખી શકે છે ને તેમ થાય તો બધી ઓરતના છોકરાં આવી શકશે. જો ચુકાદો વિરૂધ જાય તો આપણે નાસીપાસ થવાનું કારણ નથી કેમકે શાદીની જે મહા લડત આપણે લડીયે છીયે તેમાં આ સવાલનો ચુકાદો આવી જાય છે. આપણી લડત કેટલી જબરી છે ને તેમાંથી કેટલાં અગત્યનાં પરીણામો આવે એમ છે એ આપણે બહુ સારી રીતે આ કેસ ઉપરથી વીચારી શકીયે છીયે.

આપણી આશાઓ

અમને એક સદ્દગ્રહસ્થ લખે છે "આપને ખુબ વખત મળ્યો છે અને આવો વખત હવે પછી આવવાનો નથી હીંદ જે ટેકો આપને આપી રહ્યું છે ને જે લાગણી મજબુતીથી હાલ ફેલાઈ છે તેવો મોકો હવે પછી બને તેવો મામલો નહીં મળશે. વાસ્તે જે હકો માગવાના છે તે કુલ શેહેરી તરીકેના હકોમાં કોઇપણ બાબત બાકી ન રહી જાય કે ફરી પાછી આપણા લોકોને તકલીફનો વખત આવે. વાસ્તે જે જે બાબતો છે તે શિવાય જમીનના હક, ગોલ્ડ લો, ટાઉનશીપ એક્ટ, ડરબનના લેસનની છુટ, ટરાંસવાલના લાઇસેન્સમાં હવે પછી હરકત નહીં નડે, ફ્રેંચાઇઝ, નવા સ્ટેશનો ઉપર બહુ થોડી દુકાન કરે છે પણ હીંદીને બંધી છે, રેલના રીઝરવ ડબામાં બાર બાર માણસોને પુરે છે તે. ઉપલી બાબતો શીવાય આપની જાણમાં બીજી ઘણી બાબતો હશે. મારે લખવાની જરૂર નથી. છતાં હું ખાલી સહજ લખું છું. મતલબ એજ કે આવો મોકો નથી આવવાનો એટલે હકો મેળવી લેવા જોઇએ."

આ કાગળ ઠીક મળ્યો છે. જે એક ગ્રહસ્થે લખ્યું તેવું ઘણા [illegible] પણ અમારે દિલગીરી ની સાથે [illegible] જોઇએ [illegible] આવી આશાઓ નિરાશ ઓ નીવડવાની છે. દરેક ચીજની જેમ સત્યાગ્રહને પણ હદ છે. તે વડે કેટલું લઇ શકાય તે સમજવું એ સત્યાગ્રહ સફળ કરવાનો પ્રથમ ઇલાજ છે. સત્યને રસ્તે અસત્ય ન લેવાય એ સમજી નાખવું ઘટે છે. આપણે માગેલું વધારીયે એ અસત્ય થયું ગણાય એમ અમારી માન્યતા છે. વળી કેટલીક વસ્તુ સત્યાગ્રહથી મળી શકે છતાં આપણામાં સત્યનો જોઈતો આગ્રહ ન હોય તો નજ મળે. જેમકે ટરાંસવાલમાં જમીનના હકો મળવા જોઇએ. પણ આ લડતને વિષે તે આપણી માગણી નથી. એટલે આ વેળા તે નથી માગી શકતા. ભવિષ્યમાં માગી શકાય એવું બળ હજુ કોમમાં અમે જોતા નથી આ વખતના સત્યાગ્રહમાં ગીરમીટીયા હીંદીએ પૃથ્વીને હલાવી મુકી, તેમને બળે હીંદ ગાજ્યું. પણ તે બળે જમીનના હક મળે જ નહીં. વોટના હકને સારૂ આપણામાં ઘણી વસ્તુઓની જરૂર છે. તે વિના વોટ મળે તો પણ નકામા છે એમ અમે માનીએ છીએ. વોટને સારૂ ઘણો વખત જોઇશે એમાં કશો શક અમને નથી. તેને સારૂ હીંદીને પોતાને સ્વતંત્ર રીતે જાગવું જોઈશે. ગોલ્ડલો, લાઇસેન્સ વિગેરે બાબતોમાં તો પાંચમી કલમ છે. તે કલમથી પણ ગોલ્ડ લોની કે લાઇસેન્સની તકલીફ ચાલી જશે એવું કંઇ નથી. પણ તે બાબતો વિષે સરકાર તરફથી આપણને ન્યાયપુરવક અમલની ખાતરી મળે તો આપણે ઇમારત ચણી શકીએ ને વગર સત્યાગ્રહે દાદ મેળવી શકીએ. રેલવે વિગેરેની તકલીફો માટે આપણામાં દમ જોઈએ. એક ડબામાં છ માણસ હોય ત્યારે સાતમામાં શુર જોઇએ. તે જો બીજો ડબો માગે તો કન્ડક્ટરે આપ્યે છુટકો. આપણે જ્યાં સુધી માર ખાવા તઇયાર રહીએ ત્યાં સુધી મારનારા તઇયાર બેઠાજ છે. દરેક જણ આવી બાબતમાં પોતાની સંભાળ નહીં રાખે તે કચરાશે તેમાં કંઇ ઉપાય આપણાથી થવાના નથી. કાગળો લખાય, 'હવે પછી નહીં બને' એવા જવાબ પણ આવશે. છતાં કંડક્ટરો પોતાની આપખુદી વાપરશે જ. 'હવે પછી મોકો નહીં આવે, આવી લડત ફરી નહીં થાય' આ વાક્યો દરેક લડત વેળા બોલાયા છે. છતાં ૧૯૦૭ના કરતાં ૧૯૦૮ની લડત ભારે થઇ, તેના કરતાં ૧૯૧૩ની થઇ છે. જેટલા માણસો ૧૯૦૭-૮ માં જેલ ગયા તેના કરતાં ઘણા વધારે ૧૯૦૮-૧૧ માં ગયા. ૧૯૧૩ માં તો હદ થઇ. હવે જ્યારે લડત જાગશે ત્યારે તેથી પણ વધારે સરસ થશે. એમ કરવું આપણા હાથમાં છે. આપણી આગળ સરસમાં સરસ અનાજ મુકવામાં આવે ત્યારે પણ આપણે રીતસરજ ખાઇ શકીએ. વિશેષ લેવા જતાં બાધા થાય ને મરણ પણ નીપજે. તેમજ મોકાઓ વિષે છે. જે આપણે મળ્યું છે તેથીજ મોકા છતાં સંતોષ રાખીશું ત્યારેજ ભવિષ્યનો મોકો તેથી વધારે તેજ [illegible] અમારી ખાતરી છે કે આપણી માગણીમાં તસુ વાર પણ વધારે કરીએ તો અહીં તેમજ હીંદમાં આપણે લાગણી ખોઇ બેસીએ. 'ફરી કોમને તકલીફ ન આવે' એ બોલ બીકણ પણાનો છે. કોમ તકલીફ વિના કસાશે નહીં. દરેક આગળ પગલું ભરતાં મહેનત તો પડશેજ. પડી છે તે તકલીફ નથી પણ જરૂરી મહેનત ગણવાની છે. એવી મહેનત ન પડે એમ ઇચ્છવું એ કુદરતના કાયદાનો ભંગ ઇચ્છવા બરોબર છે. વગર મહેનતે કશું પણ [illegible] [illegible] હોય એવો [illegible] [illegible] નથી, [illegible] માં [illegible] નથી.

છેવટમાં દરેક હીંદીએ વિચારપૂર્વક સમજવાની જરૂર છે કે હરેમ. માગેલું તેમ, રઘવટ ન થાય એ સત્યાગ્રહનું પહેલું સૂત્ર છે. જે સત્યાગ્રહથી મળ્યું તે સત્યાગ્રહથીજ ટકે એ બીજું સૂત્ર છે. સત્યાગ્રહથી મળવા યોગ્ય વસ્તુ સત્યાગ્રહથી મળેજ અને સત્યાગ્રહમાં 'હાર' એ શબ્દજ નથી એ ત્રીજું સૂત્ર છે. આટલું સમજાય તો કોમમાં અણસમજુતી ન થાય ને કોમ બહુ આગળ વધી શકે એવો અમારો ખાસ મત છે.

ડરબનના દરજીઓને ચેતવણી

મી. નારણ હરી નામના દરજીનો પોતાની હાટડી ૫-૩૦ વાગ્યા પછી ખુલી રાખવા સારૂ દંડ થયો છે. તેણે એક ફકરાને એક જોડી પાટલુન વેચ્યું હતું કે જે ફકરાને સારૂજ શીવવામાં નહોતું આવ્યું. બચાવ વકીલે એ કરેલો કે દરજીની હાટડી એ દુકાન કહેવાય નહીં. માજીસ્ટ્રેટે એ બચાવ કબુલ ન રાખ્યો ને દંડ કર્યો. આ ઠરાવ વાજબી લાગે છે. અમુક વસ્તુ બનાવવાનો હુકમ મળ્યો હોય તે વસ્તુ તેજ ધણીને આપવી ને પાસેથી જતાં ઘરાકને તઇયાર કરેલો માલ વેચવો એમાં ફરક છે. તઇયાર થયેલો માલ વેચવો એ દુકાનદારનું કામ છે ને જો દરજી દુકાનદારનું પણ કામ કરે તો તેણે દુકાનદારોને લગતા કાયદાનો અમલ કરવો જોઇએ. દુકાને બેસીને શીવવાની મનાઇ આ કેસથી નથી થઇ પણ પારકાને માલ વેચવાની મનાઇ થઇ છે.

સાલ મુબારક

હીંદના જાની મિત્ર મી. એન્ડરૂઝ પોતાની ચુમાળીસમી સાલગીરી કેપટાઉનમાં મી. યુસુફ ગુલને ત્યાં ઉજવશે. અમે આ હીંદના સ્વાર્પિત દત્તક પુત્રને મુબારકબાદી દઇચુકીએ છીએ અને ઇશ્વર પાસે માગીએ છીએ કે આ નર ઘણાં વરસ જીવો. તેની સાથે અમે દિલગીર પણ છીએ કે તેમનાં માતુશ્રીનો આશિરવાદ આ વેળા પહેલી વખત તેમને નહીં મળે અને તેના કારણમાં તેમનું આપણને ખાતર આવવું એ છે. અમે ઉમેદ રાખીએ છીએ કે બધા વાંચકો અમારી ઇચ્છામાં જોડાશે ને મંડળો તેમને મુબારકબાદીના તાર મોકલશે. તેમનું ઠેકાણું 7 Buitencingle, Cape-town છે.

યુનાઇટેડ સ્ટેટસની પાર્લામેંટમાં થોડાં અઠવાડીઆં ઉપર એક ઇમીગ્રેશન બીલ દાખલ થયું હતું. તેના વિષે પ્રેસિડંટ વીલસને જાહેર કરેલું કે આ બીલનો હેતુ જાપાન સાથે થયેલા કરારોમાં ફેરફાર કરવાનો ન હતો, પરંતુ હીંદીઓને દાખલ થતા અટકાવવાનો હતો. પ્રમુખે પોતાના ભાષણમાં એવી પણ આગાહી કરેલી કે બ્રીટીશ સંસ્થાનોમાં હીંદીઓ સામે આવી જાતની અડચણ બીજી કોઇ જગ્યાએ નથી તેથી યુનાઇટેડ સ્ટેટસનાં આવાં પગલાંની સામે બ્રીટન વાંધો ઉઠાવશે. છતાં એવો સુધારો તે બીલમાં રજુ થયો હતો કે હીંદી, મોંગોલીઅન ચીનાં કે મલાય ત્યાં દાખલ થઇ શકે નહીં. ત્યાર પછી કેટલીક ચર્ચા થઇ અને અંતે એશીઆટીકો સામે અટકાયત મુકનારી કલમ દાખલ કરવાનો જે સુધારો રજુ થયો હતો તે પાછો ખેંચી લેવાયો છે. અને હવે તે બીલ એમને એમ પાસ થયું છે. એટલે કે આ નવા કાયદા પ્રમાણે ત્યાં જનારા કેળવણીની પરીક્ષા આપી દાખલ થઇ શકશે.

હીંદી કમીશન

[ગયા અંકથી ચાલુ]

મી. રેનોલ્ડસ

અમઝીન્ટોના ચીનીના કારખાનાવાળા મી. રેનોલ્ડસે પછી સાક્ષી આપી. તેને ત્યાં ૧૫૦૮ હીંદી કામ કરે છે. તેણે કહ્યું કે આ હડતાલ પહેલાં કર કાઢી નાખવામાં આવ્યો હત તો કાંઇ વાંધો નહોતો. પણ હવે જો તે કાઢી નાખવામાં આવે તો તે વાત બહુ ગંભીર ગણાય, કેમકે નેટીવો તેનો દાખલો લેશે. આ કર સાવ વાજબી છે એમ હું નથી માનતો. અને થોડા વખત ઉપર તેમને ઓછો દરમાયો મળતો ત્યારે તો તે બહુ બોજા રૂપ હતો. કર નીકળી જવાથી હીંદીઓ ઘણી જમીન લેશે એમ હું નથી ધારતો, કેમકે ઘણા ફ્રી હીંદીઓ પાસે ખરચ જોગું પણ નથી હોતું. એક મજુરના રાખનાર તરીકે હું તો કંટ્રાક્ટની અગરતો ગીરમીટનીજ મજુરી પસંદ કરૂં છું. એથી ભરોંસાપાત્ર મજુરી મળી શકે છે.

પ્રમુખ—આ કર જો કાઢી નાખવામાં આવે તો નેટીવોની સાથે કચવાટ ઉભા થશે એવું તમે ધારો છો?

સાક્ષી—મને તો પુરતી ખાત્રી છે. મને ભરોંસાપાત્ર બાતમી મળી છે કે હીંદીઓના આ ખળભળાટ પછી નેટીવોમાં પણ એ વિષે ચર્ચા ચાલે છે. આફ્રીકાના દરેક ભાગના નેટીવ મુખીઓ એકમત થઇને કામ ઉપાડી લે તો સરકારને એક ભારે સવાલ થઇ પડે.

પ્રમુખ—આ પ્રમાણેના વિચાર જણાવનાર તમેજ પ્રથમ છો. બીજા કોઇ એવા વિચાર ધરાવનારને તમે ઓળખો છો?

સાક્ષી—હા, એક દિવસ હું માજીસ્ટ્રેટની સાથે વાતચિત કરતો હતો. તેણે મને જણાવ્યું કે હીંદીઓના હાલના ખળભળાટ સંબંધે નેટીવો ચર્ચા ચલાવતા હતા. નેટીવોને ચઉદ શીલીંગનો ઝુંપડીનો કર ભરવો પડે છે અને એ વિષે તેઓમાં હમેશાં અસંતોષ રહેલો છે.

હીંદીના પગાર સંબંધીની ઉલટ તપાસમાં સાક્ષીએ કહ્યું કે પાઉંડનો કર ન હોય તો પણ નાતાલમાં હાલ જે ભારે દર માથા મળે છે તેની લાલચથી તેઓ ફરી ગીરમીટ આપશે.

પ્રમુખ—તેર વરસની ઉમરનાં છોકરાઓ પણ ગીરમીટમાં હોય છે અને તેમને દિવસના નવ કલાક કામ કરવું જોઇએ છે એ વિષે તમને ખબર છે?

સાક્ષી—અમુક વરસની ઉમરનાં છોકરાને હલકી મજુરી—જેવીકે ઘાસ મારવું—આપવામાં આવે છે. તેઓને સખત કામ આપવામાં નથી આવતું. પરંતુ કેટલુંક હલકું કામ આપવામાં આવે છે, કે જે તેઓ બપોર પછી બે ત્રણ વાગે પુરૂં કરી નાખે છે. આ ગીરમીટમાં આવેલાં મા બાપનાં છોકરા હોય છે. બીજી વખત ગીરમીટમાં આવેલાં મા બાપનાં નહીં. સઘળી બીના તો એજ છે કે માબાપો પોતાનાં બચ્ચાંને ખેતરમાં તેમની સાથેજ રાખવાનું પસંદ કરે છે.

પ્રમુખ—શું તેઓ ગીરમીટમાં હોય છે?

સાક્ષી—હા

પ્રમુખ—માબાપો ગીરમીટમાં દાખલ થાય છે તેનો અરથ એ નથી થતો કે બચ્ચાંઓ પણ ગીરમીટમાં દાખલ થાય

સાક્ષી—તેઓની વતી માબાપ કરાર કરે છે. ખેતરનાં મેનેજર તરફથી તેઓને પગાર આપવામાં આવે છે. વધુ

સવાલોના જવાબમાં સાક્ષીએ જણાવ્યું કે ગીરમીટીયા હીંદી પોતાના રહેઠાણની જગ્યાએથી એક માઇલથી વધુ દુર ન જઇ શકે તો તેમને બંધનકારક નથી લાગતું, કારણકે કંઇ ખાસ કારણ સિવાય એક માઇલથી વધુ દુર જવાના પાસ માગવામાં આવે તો તેની કદી ના પાડવામાં આવતી નથી.

મી. વાયલી—ગીરમીટીયા હીંદીનાં છોકરાં ખેતીનું કામ કરવાને દરકાર નથી રાખતાં એ વિષે તમારો શો મત છે?

સાક્ષી—તેઓ અભણ હોય છે તો તેઓ જમીનમાં કામ કરવાની દરકાર રાખે છે. પરંતુ આપને માલુમ પડશે કે જેઓ વધુ કેળવણી પામેલા છે તેઓ શારીરિક મજુરી કરવા દરકાર નથી રાખતા. તેઓ મુત્સદીપણું શોધે છે, અગરતો દુકાનમાં કામ કરવાનું પસંદ કરે છે. જેઓ કેળવાએલા નથી હોતા તેઓ પોતાના માબાપને પગલે ચાલે છે, એટલે કે ખેતીવાડી કરે છે. પરંતુ જેઓ કેળવાયલા હોય છે તેઓ ખેતીવાડીમાં આપણને બીનકેળવાયલા જેટલા કામના થઇ પડતા નથી. વધુમાં સાક્ષીએ જણાવ્યું કે મકાઇની કીમત ઘણીજ ઓછી હોય છે તેથી ખરચ પણ પુરો ન પડી શકે તેથી હું નથી ધારતો કે ઘણા હીંદીઓ જમીન લે. સાક્ષીએ એક દાખલો આપી જણાવ્યું કે ઘણા હીંદીઓને દશ એકર જમીન ગણોતે આપવાનું કહેવામાં આવ્યું, અને તે પસંદ ન કરે તો હીંદુસ્તાન જાય. આ બેમાંથી એકે હીંદુસ્તાન જવાનું પસંદ કરયું હતું. અને ગણોતે આપવાનું હવે લગભગ નીકળી ગયુ છે.

પ્રમુખની માગણીથી પ્રોટેક્ટરે કેટલાક ખાસ આંકડાઓ તઇયાર કર્યા હતા તે કમીશન આગળ રજુ કરવા મી. પોલ ડીગોલીરનને ફરીથી કમીશન આગળ બોલાવવામાં આવ્યા. ૧૮૭૪ની સાલથી ૧૯૦૭ સુધીમાં ૩૪,૬૦૪ માણસો ગીરમીટમાં આવ્યા. તેમાથી ૪,૮૧૩ માણસો દસ વરસની ગીરમીટ પુરી કરી હીંદુસ્તાન ગયા એટલે સેંકડે ૧૩.૯ની સરેરાસ થઇ. દશ વરસના રહેઠાણ બાદ પ્રાંતમાં જેઓ સ્વતંત્ર હીંદીઓ થયા તેમની સંખ્યા ૨૭,૪૧૧ની છે. ત્યાર પછી સાક્ષીએ ૧૮૯૫ના ૧૭મા કાયદા પ્રમાણે અને ૧૯૦૫ના નં. ૪૨ના કાયદા પ્રમાણે જે ફકતે મરદ હીંદીઓ દાખલ થયા તેના આંકડા રજુ કર્યા. દાખલ કરવામાં આવેલાની સંખ્યા ૫૮૦૫૨ની હતી તેમાથી ૨૨૩૨૬ ગીરમીટમા રહેલા છે. એમાંના ૧૨૨૩૦ હીંદુસ્તાન પાછા ગયા, એટલે સેંકડે ૩૮ ૫૮ની સરેરાસ આવી. બાકીના ૧૦૮૦૫ હીંદીઓ તેમા સ્વતંત્ર થઇ ૩નો કર ભરવાની સરતે રહ્યા. એની સરેરાસ સેંકડે ૩૪ ૦૫ની આવે છે. હડતાલ જો ન પડી હત તો હીંદુસ્તાન પાછા ફરનારાઓની સેંકડાની સરેરાસ વધીને ૩૯ ૭૦ થાત. મી પોલ ડીગોલીરને ત્યાર બાદ ઘણા આંકડાઓ રજુ કર્યા (જે અમે અંગ્રેજી વિભાગમાં આપ્યા છે તે વાચનારે જોઇ લેવા.) અને જણાવ્યું કે ગીરમીટીઆ મજુર રાખનારા ૬૬ માલીકો તરફથી મને જણાવવામાં આવ્યું કે એકંદર ૧૬૯૩૦ હીંદીઓ હડતાલ ઉપર હતા હડતાલને લીધે માલીકોએ હડતાલીઆ હીંદી ઉપર ખરાબ વરતણુંક ચલાવી છે એવી ખબર બહાર આવી છે તે સંબંધમાં મારી આગળ એક પણ દાખલો આવ્યો નથી એક કેસ મારી પાસે આવ્યો હતો અને તે કોરટ આગળ આવશે.

સર બેન્જામીન રોબરટસન

હીંદી સરકાર તરફથી સર બેન્જામીન રોબરટસન ખાસ [illegible] [illegible] તેમણે [illegible] ના. ૨૯ [illegible] પુરાવો આપ્યો [illegible] અંગ્રેજીમાં બહાર પાડવા ઇરાદો છે. તેનો તરજુમો નીચે મુજબ છે:—

પ્રમુખ—તમારો સરકારી દરજ્જો શું છે?

સર રોબરટસન—હીંદુસ્તાનમાં મધ્ય પ્રાંતનો હું ચીફ કમીશનર છું. તે અગાઉ હું ચાર વરસ સુધી વેપાર અને ઉદ્યોગના ખાતામાં—કે જે ખાતું ઇમીગ્રેશનનો સવાલ પણ પોતાના હાથમાં રાખે છે તે—હીંદુસ્તાનની સરકારનો સેક્રેટરી હતો, અને જે ઇમીગ્રેશન સવાલ વીષે હમણાં ચર્ચા ચાલુ છે તે વીષે હું સારી રીતે સંબંધમાં આવેલો છું. અને ખાસ કરીને જે સવાલમાં કમીશન તપાસ ચલાવવા માગે છે તે સવાલ સાથે પણ હું ખાસ સંબંધમાં આવેલો છું.

પ્રમુખ—હીંદુસ્તાનની સરકારે તમને ખાસ પ્રતિનિધિ તરીકે મોકલ્યા છે?

સાક્ષી—હા. કમીશનની બેઠક પાસે હાજર રહેવાની અને સરકારની વતી કેસની તપાસ રાખવા તેમજ જરૂર જણાય તો સાક્ષી આપવાનું કારય કરવા મને નીમવામાં આવ્યો છે. મને ખાત્રી હતી કે મારે સાક્ષી આપવાની જરૂરીઆત ઉત્પન્ન ન થાત. અને જો હીંદીઓ કમીશન આગળ આવી જુબાની આપત તો તેઓ સલાહકાર પણ રાખત, અને તેની મારફતે મારે જે હકીકત દર્શાવવી હતી તે દર્શાવત યાતો હીંદી કોમે રાખેલા સલાહકાર (વકીલ) મારફતે મારાથી બનતી મદદ આપી શકાત. પરંતુ કમનશીબે હીંદીઓ કમીશન આગળ જુબાની આપવા આવ્યા નથી અને, સાહેબ, હું આપને ખાત્રી પુરવક કહી શકુંછુ કે હીંદુસ્તાનની સરકાર કરતાં બીજું કોઇ પણ એ બાબતમાં વધુ દીલગીર ન થશે. કારણ કે જે દોષારોપો બહાર લાવવામાં આવ્યા હતા તેની સંપુર્ણ તપાસ કરવાની આ એક તક હતી અને જે હુલડો થયાં હતાં તેનાં કારણો શું હતાં તેની પુરેપુરી તપાસ થઇ શકત.

પ્રમુખ—અહીંઆંની હીંદી પ્રજાના વીચારો અમારી આગળ મુકવાનું પ્રતીનીધીપણું આપ કરતા નથી?

સાક્ષી—તેમની ગેરહાજરીથી મારી સ્થીતી અત્યંત મુશ્કેલ થઇ પડી છે. હું જે કહું છુ તે વીચારો હીંદુસ્તાનની સરકારના છે હીંદીઓનાં દુઃખો સંબંધી જે ખબરો હીંદુસ્તાનમાં મળ્યા છે તે ખબરેથી ત્યાં મોટો ખળભળાટ ઉઠ્યો છે અને તેથી હીંદુસ્તાનની સરકાર એ બાબતમાં બારીકીથી સમાધાની થઇ જાય એમ જોવાને ઘણીજ ઉત્સુક છે અને જો બની શકે તો એ હીલચાલ ફરીને ન જાગે તેમ કરવાને કાંઇક સાધનો મેળવવા ચાહે છે

પ્રમુખ—ખરાબ વરતણુંક ચલાવવામાં આવી છે એવી હકીકત બહાર પડી છે તેથી ત્યાં ખુબ ખળભળાટ થયો છે!

સાક્ષી—હા

પ્રમુખ—એ બાબતમાં તમારી પાસે કંઇ હકીકત નથી?

સાક્ષી—મારી પાસે કંઇજ ખબર નથી અને હવે કમ નસીબે એમાં બીજું કંઇ થઇ શકે એમ નથી.

પ્રમુખ—હું ધારું છું કે એ ખબરોથી ત્યાં બહુજ લાગણી ઉશ્કેરાઇ હશે. અથવા તો જે જે દુઃખો છે તેને લીધે લાગણી ઉશ્કેરાઇ હતી તેટલીજ ખરાબ વરતણુકની વાત સાંભળીને ઉશ્કેરાઇ હશે.

સાક્ષી—ખરાબ વરતણુકની વાત જાણવામાં આવવાથી ત્યાં [illegible] ઉશ્કેરણી [illegible] દુઃખો હતાં તે [illegible] ચાલતી હતી.

પ્રમુખ—જે [illegible] અને દોષારોપો મુકવામાં આવ્યા

તેની તપાસ કરવા અમે પણ શક્તિવાન ન થઈ શક્યા. એ ઘણીજ કમનસીબીની વાત છે.

સાક્ષી—હું તે તદન સમજી શકું છું અને હીંદુસ્તાનની સરકાર તેને લીધે અત્યંત દિલગીર થશે.

પ્રમુખ—હીંદીઓના જે જે દુઃખો છે તે વિષે તમો તમારા વિચારો અમારી આગળ રજુ કરશો?

સાહેબ, હું વસ્તુતઃ તેમ કરી શકું છું. હીંદી સરકાર તરફથી પ્રતિનિધિપણું કરતાં જે કહેવાનું છે તે મેં જણાવ્યું તેજ પ્રમાણે છે તે બાબતમાં કંઇ પણ સમાધાન ઉપર આવવા સરકાર આતુર છે. અગાઉ ચાલતાં હું જે વિચારો દર્શાવીશ તે મોટે ભાગે મારા ખાસ પોતાના વિચારો છે. કારણકે હું અહીં હોવાથી હીંદુસ્તાનની સરકાર સાથે મસલત કરી શક્યો નથી અને મારે ઘણીજ ટુંકી નોટીસથી આ તરફ નીકળી આવવું પડ્યું. પરંતુ હીંદુસ્તાનની સરકાર જે વલણ લેવાનું ધારે છે તેની સાથે સામાન્ય રીતે મારા વિચારો મળતા છે.

પ્રમુખ—ક્યો વિષય તમો પ્રથમ હાથમાં લેવા ધારો છો?

સાક્ષી—પહેલો સવાલ હું પા. ૩ના કર વિષે ચર્ચા કરવાની માગણી કરું છું, હું ધારું છું કે જે જે દુઃખો છે તેમાં આ દુઃખ પ્રથમ પંક્તિએ મુકવામાં આવ્યું છે આ કરનો ઇતિહાસ પ્રથમથી અવલોકવો એ બીનજરૂરી છે કારણકે કમીશન તે સારી રીતે જાણે છે. આ કરનો હેતુ એટલો જ હતો કે જે હીંદીઓ ગીરમીટમાં આવ્યા હોય તેઓ ગીરમીટ પુરી થવા બાદ હીંદુસ્તાન પાછા ચાલ્યા જાય. પણ હીંદુસ્થાનની સરકાર ધારે છે કે તેથી એ હેતુ બીલકુલ પાર પડતો નથી.

પ્રમુખ—જ્યારે નાતાલથી એક પ્રતીનીધી મંડળ હીંદુસ્તાન ગયું ત્યારે તમો ત્યાં હતા?

સાક્ષી—હું હીંદુસ્તાનમાં હતો; પરંતુ તે વખતે એ વિષય સાથે મારે સંબંધ ન હતો.

પ્રમુખ—એ ખબર તો તમને હશેજ કે એક પ્રતીનીધી મંડળ ત્યાં ગયું હતું?

સાક્ષી—હા, એક પ્રતીનીધી મંડળ ૧૮૯૪ માં આવ્યું હતું અને એક પાછળથી ૧૯૦૩ માં આવ્યું હતું. ૧૮૯૪ની સાલમાં હીંદુસ્તાનની સરકાર પા. ૩ નો કર દાખલ કરવાની સામે ન થઇ કારણકે ગીરમીટ પુરી થવા બાદ મજુરો ને પાછા જવાનો એ એક રસ્તો છે એવા કોલોનીના વીચાર ને અનુસરવા હીંદુસ્તાનની સરકાર તઇયાર હતી. કોલોનીના વીચાર ને સંમતી આપવા પા. ૩ ના કરની સામે સરકારે થોડોજ વાંધો લઇ્યો પરંતુ પા. ૩ નો કર જે ન ભરી શકે તેને ગુન્હેગાર ગણવામાં આવે એની સામે તો ચોક્કસ વાંધો લીધો હતો આ મુખ્ય બાબત સરકાર આગળ લાવતી હતી. કર જો નાંખવમાં આવે તો જે કોઇ ન ભરી શકે તેને ગુન્હેગાર ન ગણી શકાય.

પ્રમુખ—ફરજીઆત પાછા ચઢાવી દેવાનું તેથી અટક્યું?

સાક્ષી—૧૮૯૪ માં એ વીચાર ધરાવવા માં આવતો હતો. ત્યાર પછી ૧૯૦૩માં એક બીજું પ્રતીનીધી મંડળ આવ્યું તેમણે ફરજીઆત હીંદુસ્તાન ચઢાવી દેવાની પધ્ધતી વીષે સુચના કરી, એટલે કે ગીરમીટ પુરી કરી રહેલા હીંદીઓને ફરજીઆત લાવવા અને સ્ટીમર પર ચઢાવી દઇ પાછા હીંદુસ્તાન રવાના કરી દેવા. તે વેળા એટલે ૧૯૦૩ માં અમુક કોલકરાર થવા પરંતુ તે સરવે પડી ભાગ્યા અને કર ચાલુજ રહ્યો તે વેળા ૧૯૦૩ માં હીંદુસ્તાનની સરકાર એ વીચાર ઉપર આવી હતી કે તે જે કરને પસંદ કરતી હતી તે આ કર નહોતો. એ કરનું એમ વરણન કરવામાં આવ્યું હતું કે એક કાયદેસર કરતવ્યને માટે — કોલોનીમાં વસવાટ ને ખાતર હીંદીઓએ દંડ ભરવો કે તે વેળાએ શું કહેવામાં આવતું તેનો સાર આપું છું. એ કર ઉઘરાવવામાં તે વખતે જે મુશકેલીએ ઉભી થતી હતી તેમજ જે લોકો ભરી ન શકે તેની સામે શું પગલાંઓ લેવામાં આવતાં તેની ખબરો પણ સરકાર પાસે આવતી હતી, અને એક સરતે તેઓએ કર કાઢી નાંખવાનું છેવટે કબુલ કરવું કે જાતીસ્થમાં મજુરો ને ગીરમીટ પુરી થયા બાદ ફરજીઆત પાછા ચઢાવી દેવા. ૧૯૦૩ માં આ કોલકરાર નું કંઇ પણ થયું હોત તો આ વખતે તો એ કર નીકળી ગએલો હોત અને તેને બદલે ફરજીઆત હીંદુસ્તાન ચઢાવી દેવાની રીત હયાતીમાં આવેલી હોત.

પ્રમુખ—એ સમજુતી પડી ભાંગી હતી?

સાક્ષી—હા, તે પડી ભાંગી અને કરતો રહ્યોજ. ૧૯૦૩ ની સાલમાં માં હીંદી સરકાર જે વિચાર ધરાવતી હતી તે વિચાર હજી પણ ધરાવે છે

પ્રમુખ—ફરજીઆત પાછા હીંદુસ્તાન ચઢાવી દેવાની રીત માં સરકારને ૧૯૦૩ માં વાંધા ભરેલું કંઇ પણ ન લાગ્યું!

સાક્ષી—તે વખતે એ પ્રમાણે કબુલ રાખવા સરકાર તઇયાર હતી.

પ્રમુખ—કેટલીક સીમા રાખીને સરકાર તઇયાર હતી

સાક્ષી—કેટલીક સહાયભુત શરતે. હતી કે, જે શરતોને ગીરમીટીયા મજુરીની પધ્ધતી સામે કંઇ વાંધો ન હતો. અને તે શરતોને લીધે સલાહપર આવતો રસ્તો તે વેળા પડી ભાંગ્યો. હીંદી સરકારના હાલના વિચારો આ મુજબ છે. પ્રથમ ગીરમીટીયા મજુરીની પધ્ધતી બંધ કરવામાં આવી છે. તેથી, તેમજ યુનીયન સરકારે હીંદથી વધુ નવા આવતા માણસોને અટકાવવાની સત્તા લીધી છે તેથી, તેમજ જે હેતુથી ૧૯૦૩ માં કર નાખવામાં આવ્યો હતો તે હેતુ હવે બર આવતો નથી, તેથી તેમજ એ કર જેમના ઉપર નાખવામાં આવેલો છે તેઓને તે અસહ્ય થઇ પડે છે અને એ કર નાખવામાં આવેલો છે તેની સામે હીંદુસ્તાનમાં જબરદસ્ત લાગણી ઉશ્કેરાએલી છે તેથી, તેમજ એ ઉઘરાવવાની લાલચ રહે છે—આ સરવે કારણોથી હીંદુસ્તાનની સરકાર એ કર હવે નાબુદ થઇ જવો જોઇએ એમ ઇચ્છે છે.

પ્રમુખ—તમે કહો છો કે ૧૯૦૩ માં એમ બતાવવામાં આવ્યું હતું કે એ કરથી જે પરિણામ જોઇતું હતું તે ન હોતું આવ્યું?

સાક્ષી—હા. તે કારણને સારુંજ બીજું પ્રતીનીધી મંડળ હીંદુસ્તાન ગયું હતું અને જે પરીણામ ઇચ્છવામાં આવતું હતું તે કર નાંખવાથી આવશે એમ તે વેળા માનેલું.

પ્રમુખ—ત્યારે તો બે રસ્તા હતા. કે જોઇએ તો હીંદુસ્તાન પાછા જવું યા તો ગીરમીટમાંજ રહેવું.

સાક્ષી—હા, પરંતુ મુખ્ય હેતુ તો તેમને હીંદુસ્તાન પાછા જવા લલચાવવાનો હતો.

પ્રમુખ—તેઓ ફરી પાછા ગીરમીટ આપવા લલચાય તે વિષે કાંઇ કહેવામાં આવ્યું હતું?

સાક્ષી—તે અર્થ અત્રે નહોતો. હીંદુસ્તાન જે પ્રતીનીધી મંડળ ગયું હતું તેનો હેતુ એજ હતો કે ગીરમીટ પુરી કરી રહેલ. ગીરમીટીઆઓ, હીંદુસ્તાન પાછા ચાલ્યા જાય એવો રસ્તો

ગોઠવેલો. આજ મુખ્ય હેતુ હતો. એ પદ્ધતિના ઓપરેટીવટ વીશે તો આપની પાસે પ્રોટેક્ટર ઓફ ઈમીગ્રંટે આપેલા આંકડાઓ છે. હીંદુસ્તાનની સરકારને તે પણ આપવામાં આવ્યા હતા. પ્રોટેક્ટરનો વારસીક તારીજો હીંદુસ્તાનની સરકારને મોકલી આપવામાં આવે છે

પ્રમુખ — હીંદુસ્તાનથી આવતા કાયદાઓ સામાન્ય રીતે ત્યાંની સરકાર પાસે આવે છે?

સાક્ષી —હા. તે સરકાર પાસે આવે છે.

પ્રમુખ — કાયદાઓ પાસ થયા પછી આવે છે?

સાક્ષી — કોઈ કોઈ વાર પાસ થવા પહેલાં આવે છે અને સરકાર તે બાબત ટીકા અને ચરચા મોકલી આપે છે, અને કેટલીક વાર પસાર થયા પછી મોકલી આપે છે

પ્રમુખ — ૧૮૯૫ નો કાયદો પસાર થયા અગાઉ સરકારને મોકલવામાં આવ્યો હતો? એ તમને ખબર છે?

સાક્ષી — તેનો મુદ્દો સ્વીકારવામાં આવ્યો હતો

પ્રમુખ — પ્રતીનીધી મંડળની સાથે?

સાક્ષી — હા, તે કબુલ રાખવામાં આવ્યો હતો

પ્રમુખ— ૧૯૦૩ નો કાયદો કે જેની રૂએ ગીરમીટીયા હીંદીના છોકરાને પણ કર ભરવો પડે છે એ કાયદો હીંદી સરકારની સામે લાવવામાં આવ્યો હતો?

સાક્ષી —હા, એ કાયદો પસાર થયો તે પહેલાં હીંદી સરકાર પાસે લાવવામાં આવ્યો હતો.

પ્રમુખ —તેની સામે કંઈ વાંધો લેવામાં આવ્યો ન હતો?

સાક્ષી — હું ધારું છું કે ખાસ કંઈ વાંધો લેવામાં આવ્યો ન હતો. તે કાયદાને પસંદ કરવામાં આવ્યો ન હતો. પરંતુ હીંદી સરકારે વિચાર્યું કે જ્યારે ગીરમીટ પુરી થયે મજુરોને પાછા હીંદુસ્તાન જવું પડે એટલાજ ખાતર પા. ૩નો કર નાખવામાં આવે છે અને એ ગીવાજમાં કેટલુંક વિસ્તારપણું કાયદામાં આપવામાં આવ્યું છે ત્યારે કરકારે તેની સામે વાંધો ન લીધો.

પ્રમુખ — અલબત. અમને કહેવામાં આવ્યું છે ને એમ.જી મુદ્દેથી છે તે તમે પણ જાણી શકશો કે જ્યારે મજુરો હીંદુસ્તાન છોડે તે પહેલાં તેમને કહેવામાં આવે છે કે ગીરમીટ પુરી થયે તેમણે પાછા હીંદુસ્તાન આવ્યા જવું. અને પાછા ન જાય તે ફરી ગીરમીટ આપવા અગર પા. ૩ નો કર ભરવો.

સાક્ષી—હા, એમજ છે.

પ્રમુખ—તમને એમ સમજાવવામાં આવે છે તેની અસર શું થવા જોગ તેઓ જાણે છે ખરા?

સાક્ષી —સાહેબ, એ ઘણો મુશ્કેલ સવાલ છે. કેટલા વરસ થયાં કમીશન બાબતમાં હું અંગતરીતે સંબંધમાં નથી આવ્યો. અગાઉ મેજીસ્ટ્રેટ તરીકે એ બાબતમાં હું [illegible] જાણતો હતો. તે વખતે એ કામ સાથે મારે સંબંધ હતો

પ્રમુખ—અહીં આવતા મજુરો તમારી પાસે આવતા ખરા?

સાક્ષી—હા, હું માજીસ્ટ્રેટ હતો ત્યારે અને મારી વાત [illegible] તેમને સમજાવવી એ મુશ્કેલ હતું [illegible] તેઓ કંઈ સમજતા નથી

[અધુરું]

આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ને કેપટાઉન [illegible] [illegible] તેની પહેલી બે [illegible] [illegible] મળશે.

મી. એન્ડ્રુઝની મુસાફરી.

મી. એન્ડ્રુઝને મેરીત્સબર્ગ જતાં કોમે વધાવી લીધા હતા. સ્ટેશન પર મી. ઇસ્માઇલ ભાયાત, મી. નાયડુ વીગેરે ઘણા હીંદી અગ્રેસરો તેમને લેવાને આવ્યા હતા. મી. એન્ડ્રુઝની બરદાસ સેવા કરવા મી મણીલાલ ગાંધી મુસાફરીમાં સાથે છે તે તથા આગજી દેસાઈ પણ તેજ ટ્રેનમાં ઉતર્યા હતા. મી. એન્ડ્રુઝને મોટરમાં મી. ચેટીને ઘેર લઈ ગયા બીજે દીવસે ટી.ટી મ.સ મીટીંગ થઈ હતી તેમાં લગભગ ૧૫૦૦ હીંદી હાજર હતા. તેમાં અન્જુમને ઇસ્લામના પ્રમુખ મી એ. સી. પારેખે ખુરશી લીધી હતી. મી. નાયડુએ મીટીંગના મુદ્દા સમજાવ્યા. એડનટેલના હીંદી મંડળના પ્રમુખ મી એન. એન મોહમ્મદે મી એન્ડ્રુઝને માનપત્ર વાંચી સંભળાવ્યું. મી. એન્ડ્રુઝે હીંદુસ્તાની તેમજ ઇંગ્રેજીમાં ઘણું અસરકારક ભાષણ આપ્યું ત્યાર પછી મી. નાયડુએ નીચેનો ઠરાવ રજુ કર્યો. આ મીટીંગ મી. ગાંધીએ જે સમજુતી જનરલ સ્મટ્સ સાથે કરી છે તે કબુલ કરે છે અને ઉમેદ રાખે છે કે હીંદીની માગણીઓ મંજુર થશે. મી મોતીલાલ તથા મી થમ્બી નાયડુ તેના પક્ષમાં બોલ્યા અને ઠરાવ સર્વાનુમતે પસાર થયો મી ગોખલે નાતાલ ઇંડીયન કોંગ્રેસના કાર્યને વખોડનારો ઠરાવ જુસાદાર ભાષણમાં રજુ કર્યો. તે પણ સર્વાનુમતે પસાર થયો.

મી એન્ડ્રુઝના માનમાં મી. આરબી નલીયાએ ચા પાર્ટી આપી હતી. પછી તેઓ સાહેબે હીંદુઓની મીટીંગમાં ધરમ સંબંધી વાત કરી હતી ને બાબુ રવીન્દ્રનાથ ટાગોરનો મંત્ર ગાઈ સંભળાવ્યો હતો. અન્જુમને ઇસ્લામે પણ મેળાવડો કર્યો હતો ત્યાં લગભગ ૨૦૦ માણસો હાજર હતા. તેમાં પણ તેમણે અસરકારક સમજુતી આપી હતી. તેઓ સાહેબે રવીવારે ઇંગ્રેજી ચરચમાં ભાષણ કરવું હતું. જેલના ગવરનર, બીશપ વીગેરેને પણ મળ્યા હતા. રવીવારે રાતના ડાકર મેલમાં લેડીસ્મીથ ઉપડી ગયા. ત્યાં તેઓ સાહેબ મી. વીન્ડનને ત્યાં ઉતર્યા હતા. તેમણે હીંદી છોકરાઓની નીશાળ પણ જોઈ ને હીંદીઓને મળ્યા. ત્યાંજ તેમને ગુરૂદેવના અને જનરલ સ્મટ્સના ખબરના તારો મળ્યા બીજે સવારે મી. પીઅરસન તથા મી કેલનબેક મળ્યા તેમની પાસેથી કમીશન તાકીદમાં પુરૂં થવાના સમાચાર સાંભળ્યા તેથી તેમણે તુરત આગળ જવાનો વીચાર માંડી વાળ્યો, ને લેડીસ્મીથને રસ્તે કીમ્બરલી તરફ ઉપડી ગયા. ત્યાં તેમને ખુબ માન મળ્યું ને ત્યાંથી ગુરૂવારે કેપટાઉન તરફ રવાના થયા ને શનીવારે પહોંચ્યા. તેઓ સાહેબ મી. ગુલને ત્યાં ઉતર્યા છે

કીમ્બરલી

મી એન્ડ્રુસ તા. ૫મીએ બપોરે બે વાગે પહોંચ્યા. ત્યાંથી નીચે મુજબ મળ્યા છે - આપનો તાર અહીંના લોકોને મોડો મળવાથી કોઈ સ્ટેશને આવેલું ન હતું. હજુ તો મી. એન્ડ્રુસ તા. ૧૦મીએ આવે ત્યારે તેમને માન દેવા માટે સભા થવાની હતી ગાડીમાંથી ઉતરી અમે બહાર કોઈ હીંદીની શોધ કરવા ગયા. તેટલામાં એક જવાનીઓ હીંદી સ્ટેશને કામ કરતો હતો તે અમને ગાડીમાં મી કેશવલ્લભ શેઠીને ત્યાં લઈ ગયો. ત્યાં ખબર કંઈ વ્યવસ્થા હતી નહીં. અને મી કેશવલ્લભ તો અમને [illegible] જોઈને અજાયબ થયા. તેમણે [illegible] [illegible] [illegible] મી. એન્ડ્રુસને [illegible] [illegible] [illegible] કર્યો. [illegible] માણસને પણ ધીમે ધીમે ખબર પડતી ગઈ

એટલે ઘણા તામીલ તથા ગુજરાતી મળવા આવ્યા. ૩ વાગે મી. કેશા વલ્લભની મોટરકારમાં અમને ડર્બનમાં બધે ફેરવ્યા. સાંજે મી. કેશાના ભાઇને ત્યાં જમ્યા પછી રાતે ૮-૩૦ વાગે મી. વેદમ પીલેને ત્યાં આસરે ૫૦ તામીલ તથા ગુજરાતી ભેળા થયા હતા ત્યાં મી. એન્ડ્રુઝે હીંદુસ્તાની તથા અંગ્રેજીમાં ભાષણ કરેલું. ગુરૂદેવનો ભજન સંભળાવ્યો અને સમજાવ્યો. મી. કેશાએ સગવડ કરી આપવામાં બહુ મહેનત લીધી છે. બીજે દીવસે ગાડીમાં મી. એન્ડ્રુઝને બીશપને ત્યાં લઇ ગયા. બપોરે ત્રણ વાગે સુરત હીંદી એસોસીએશન તરફથી ટી પારટી છે. સાંજે ૫ વાગે બીશપને ત્યાં ગોરાઓની મીટીંગ થશે અને રાતે ૯ વાગે જનરલ મીટીંગ થયું કરીને ટાઉન હોલમાં થશે.

મી. એન્ડ્રુઝ કેપટાઉનમાં મી. યુસુફ ગુલને ત્યાં રહે છે ને તેમનો તાર મળ્યો છે કે તેમની તબીયત હવે ઠીક થઇ છે. રસ્તામાં લથડી પડી હતી. મી. એન્ડ્રુઝ કેપના વડા બીશપને તથા 'આરગસ'ના અધિપતિને મળી ચુક્યા છે. બીજાઓને મળવાની તજવીજ કરે છે. મી. ગુલ તેમની બરદાસ સરસ કરે છે એમ મી. એન્ડ્રુઝ જણાવે છે. તેઓ સાહેબ તા. ૨૧ મીએ કેપથી ઉપડશે. તે પહેલાં દરેક મંડળ તેમને આભારના ને મુસાફરી સહીસલામત થવાના તાર મોકલશે એવી અમે ઉમેદ રાખીએ છીએ.

મી. એન્ડ્રુસે નાતાલની મુસાફરી પુરી કરતાં છાપાને કાગળ લખ્યો છે. તેમાં તેમણે જણાવ્યું છે કે હીંદી કોમની લાગણી વિષે હું પુરો માહીતગાર છું. કમીશન તરફ તેમણે જે વલણ બતાવ્યું છે તે તેમનું અપમાન કરવા ખાતર અથવા તો બીકને લીધે નહીં, પરંતુ તેમના ધરમનું માન જાળવવા ખાતર જ છે. એક વખતે જે પવિત્ર સોગન તેમણે લીધા તે તેઓ કદી પણ તોડી શકતા નથી. તેમણે જણાવ્યું કે પા. ૩નો કર નાબુદ કરવા બાબત મી. ગોખલેને ખાત્રી મળેલી એમ તેમની સાથેની મારી વાતચીત ઉપરથી મને ખાત્રી થઇ છે.

મી. પીયરસનની મુસાફરી

ગયે ગુરૂવારે મી. એન્ડ્રુસ અને મી. પીઅરસનને માન આપવાને ન્યુકેસલમાં સત્યાગ્રહી કમીટીએ બધી તઇયારી કરી રાખેલી હતી. બે વાગે ટ્રેન આવવાની હતી તે વખતે બજારમાં ૧૫૦ ઉપરાંત સ્ત્રી પુરૂષો અને મી. ઇબ્રાહીમની નીશાળના ૯૦ જેટલા વિદ્યાર્થીઓ ભેળા થયા હતા. મી. એન્ડ્રુસ નબળી તબીયતને લીધે લેડીસ્મીથથી પરબારા ડર્બન થઇ કેપટાઉન ગયાના ખબર મળતાં તેઓ થોડા નીરાશ થયા. મી. પીઅરસન સાથે મી. કેલનબેક આવ્યા હતા. તે બન્નેને મી. કે. ડી. જોશીએ આવકાર આપી તેમના ઉમદા કામની તારીફ કરી. સત્યાગ્રહી કમીટીના પ્રમુખ મી. ડી. લેઝેરસે મી. એન્ડ્રુસની નબળી તબીયત માટે ન્યુકાસલના હીંદીઓ વતી દીલસોજી બતાવી અને તે સંદેશો પહોંચાડવા મી. પીઅરસનને કહ્યું, અને જણાવ્યું કે આ બન્ને મહરથો કોઇના કહ્યા વગર આપણને મદદ આપવાને બહાર પડેલા છે. ત્યાર બાદ મી. પીઅરસન અને મી. કેલનબેકને ફુલના હાર પહેરાવી એક એક શાલ ભેટ આપી હતી. જવાબમાં મી. પીઅરસને રેવ. મી. એન્ડ્રુસ તરફની દીલસોજી માટે આભાર માન્યો અને ઉમેદ બતાવી કે છેવટની જે સમાધાની થશે તે સંતોષ કારક નીવડશે. આ લડત સ્વમાન જાળવવાની છે અને તેથી તેઓએ અંત સુધી લડવું જોઇએ. ખ્રીસ્તી, હીંદુ અને મુસલમાનોએ એકત્ર થઇ આ જે લડત ચલાવી છે તેની છાપ હીંદુસ્તાનમાં સરસ પડી છે. અહીં મેં જાતીઅનુભવથી જોયું છે કે આ લડતમાં ઘણાએ સારવજનીક હકની ખાતર પોતાનો લાભ જતો કર્યો છે. આ લડતને અંગે ઓન. મી. ગોખલે અને મી. ગાંધીના પ્રસંગમાં હું આવ્યો છું તેને માટે હું પોતાને ભાગ્યશાલી માનું છું. છેવટમાં ભેટ તથા સારી લાગણીને માટે આભાર માની જણાવ્યું કે નાતાલની મુસાફરીનો અનુભવ હું કદી ભુલીશ નહીં. મી. કેલનબેક પણ આભારની લાગણી દરશાવી. અને મી. ઇબ્રાહીમે ટુંકમાં ભાષણ આપ્યા બાદ મી. ગાંધી, મી. પીઅરસન અને મી. કેલનબેકના માનમાં હરરાહ કરી સભા વિસરજન થઇ.

મી. પીઅરસન જોહાનીસબરગમાં છે. તેઓ સાહેબને સારૂ ગોરાઓએ ને મરદોએ ઘણી મીટીંગો કરેલી છે અને કોમે સારી બરદાસ કરી છે એમ મી. કેલનબેક જણાવે છે વિશેષ હેવાલ અમે આવતે અઠવાડીએ આપવા ઉમેદ રાખીએ છીયે. મી. પીઅરસન આ હફતામાં નાતાલ પાછા ફરશે રસ્તામાં સ્ટાંડરટન ડંડી ને લેડીસ્મીથ રોકાશે એમ જણાય છે. આ ગામના હીંદી સાવધાન રહેશે ને પુરતું માન તેમને આપશે એવી ઉમેદ છે.

સમાધાનીને ટેકો

ટોંગાટમાં હિંદીની મીટીંગ થએલી અને કોંગ્રેસના કારયને વખોડનારા ને સરકાર સાથે થએલી સમજુતી બહાલ રાખનારા ઠરાવ પસાર થયા છે, ને તે પ્રમાણે કેબલો મી. ગોખલેને મોકલવામાં આવ્યા છે.

જોહાનીસબરગમાંથી પણ તેવા તારો ગયા છે એવી ખબર મી. કાજલીઆ આપે છે.

તામીલ મહાજન સભા તરફથી તેવા પ્રકારનો તાર મોકલ્યાના ખબર ડરબનથી મી સી. વી. પીલે અમને આપે છે.

મી. પકીરી આમલ ડરબનથી જણાવે છે કે ગયા ગુરૂવારે 'હીંદુ વીમેન્સ સભા' તરફથી મી. ગાંધીના કામને ટેકો આપનારો તથા કોંગ્રેસના કારયને વખોડનારો ઠરાવનો તાર ઓન. મી. ગોખલેને પુના મોકલવામાં આવ્યો છે.

સ્થાનીક છાપું જણાવે છે કે એવોજ એક તાર ન્યુકાસલની હીંદી કોમ તરફથી પણ મોકલાયો છે.

સ્ટાંગરથી એક ખબરપત્રી લખે છે કે ગઇ તા. ૮મીને રવીવારે ત્યાંના જુના થીએટરમાં મી. અહમદ મુસા મહેતરના પ્રમુખપણા નીચે હીંદીઓની એક મોટી સભા મળી હતી. હાજર રહેનારાઓમાં મેસરસ એલ. સી. બી. ઇબ્રાહીમ, જી. સી. પટેલ, આલીકમ મુલ્લે, એ. સી. મોતાલા, અલી મુલમ, અહમદ લવાંગી, જી. પી. નાઇડુ, એસ પીલે, એમ. એચ. ટરોડીઆ, એસ. પીટરસ, પી. જી. દેસાઇ, અને બીજા ઘણા હીંદીઓ હતા. તેમણે સમાધાની વાળે થયેલી ગોઠવણને ટેકો આપ્યો અને કમીશન આગળ જુબાની નહીં દેવા બાબતનો ઠરાવ વાજબી જણાવ્યો. વળીમાં જણાવ્યું જે નાતાલ ઇંડીઅન કોંગ્રેસે કોમને બાંધી જુબાની દેવાનો જે ઠરાવ કર્યો છે તે ગેરવાજબી છે અને તેમનું વલણ પસંદ અહીંના હીંદીઓને પસંદ નથી. બાદ મી. થોમસની દરખાસ્ત અને મી. જી. વી. નાઇડુના ટેકાથી ઓન. મી. ગોખલેને તે મતલબના કેબલ

મોકલવાનો ઠરાવ થયો હતો. બાદ પ્રમુખનો તથા હોલ વાપરવા આપવા સારૂ તેના માલેકનો ઉપકાર માની સભા બરખાસ્ત થઇ.

હીંદુસ્તાનમાં હિલચાલ

મુંબઇનું 'સાંજ વરતમાન' લખેછે કે ડર્બનના બારીસ્ટર મી. ગોડફ્રે જેવણ હાલ મુંબઇમાં આવી પુગ્યાછે તેવણ છાપામાં ખુલાસો કરતાં જણાવે છે કે મુંબઇ શહેરમાં હું ફક્ત નહેવારો ગુજારવા આવ્યો છું. દક્ષીણ આફ્રીકાના હીંદીવાનો તરફથી હું કાંઇ પણ મેંડેટ લાવ્યો નથી અને જે પણું ચીજ હું કહીશ અથવા તો કરીશ તે સઘળું મારી જોખમદારીએ બનશે. દક્ષીણ આફ્રીકા મધ્યેના હીંદીવાનો મારે કોઇ પણ મહસ્થને અથવા છાપાને જોઇતી ખબરો હું ખુશીથી પુરી પાડીશ. હીંદીવાનોની લડતમાં હું ખુશીથી બનતી મદદ આપીશ.

બંગાળાના જાણીના ડો. એસ. કે. મલીક હાલના દક્ષીણ આફ્રીકાના મામલા ઉપર ઇંગ્લંડના લોરડ ચેન્સેલર ઉપર એક પત્ર લખતાં જણાવે છે કે અમારા હકો ઉપર બરાબર ધ્યાન આપવામાં નહીં આવશે તો અમો આ લડત વંશપરંપરા સુધી ચાલુ રાખીશું.

ડીસેમ્બરના છેલા અઠવાડીઆમાં મુસ્લીમ લીગની બેઠક આગ્રા ખાતે ઓન સર ઇબ્રાહીમ રહીમતુલાના પ્રમુખપણા નીચે મળી હતી. પ્રમુખે લંબાણ પુરવક ભાષણમાં દક્ષીણ આફ્રીકાના હીંદી તરફની વરતણુંકથી હીંદમાં ગભરાટ અને ગુસ્સાની લાગણી કેટલાં ઉશ્કેરાયાં છે તેનો ચિતાર આપ્યો હતો અને લોરડ હારડીંગે મદ્રાસમાં કરેલા બાહદાર ભાષણ માટે સંતોષ બતાવ્યો હતો. વળી તેઓ બોલ્યા હતા કે આફ્રીકા, કેનેડા અને ઓસ્ટ્રેલીઆમાં હીંદીઓ તરફ જે વરતણુંક ચલાવવામાં આવે છે તે ઉપર વડી સરકારે અવસ્ય ધ્યાન આપવું ઘટે છે.

ભાવનગરના માજી દિવાન અને હાલમાં મુંબઇ સરકારની કારોબારી કાઉન્સીલના મેમ્બર સર પ્રભાશંકર પટણીએ આપણી લડત તરફ ભારે દીલસોજી બતાવી છે. તેમણે પોતે પહેલી લડતોમાં તેમજ આ વખતની લડતના ફંડમાં બહુ સારી રકમો ભરીછે તેમની પત્નિએ મુંબઇની બાનુઓની સભામાં અગત્યનું ભાષણ આપી ઉઘરાણામાં સારી રકમ ભરી હતી અને તેમના દીકરા રા. બટુકભાઇ હાલમાં કાઠીઆવાડમાં ફરીને દક્ષીણ આફ્રીકાની લડતને માટે ફંડ એકઠું કરેછે.

મહુઆ ખાતે તા. ૩૧ ડીસેમ્બરે રે. રાજારામ ચંબકરામના પ્રમુખપણા નીચે સત્યાગ્રહીઓ તરફ દીલસોજીના ઠરાવ પસાર કરવા તથા ફંડ એકઠું કરવાને ઘણી સારી સભા થઇ હતી. બાનુઓની સભા તા. ૨૮ મીએ થઇ હતી.

બરમામાં હીંદીઓની મોટી સભા

બરમાની સાઉથ આફ્રીકન કમીટીના આશ્રય નીચે ડીસેમ્બર તા. ૧૮ મીએ સુરતી મદરેસા હોલમાં ગંજાવર જાહેર સભા મળી હતી જે વખતે બંને કોમના સમ્પ્રાપ્ત વેપારીઓ અને આગેવાન ઉપરાંત કેટલાક જાણીતા બાનીઓ પણ હાજર હતા. બરમાની લેજીસ્લેટીવ કાઉન્સીલના મેમ્બર એન. પુ. ઉં પ્રમુખપદે હતા. ડા. મહેતાએ પોતાન મળેલ તાર વાંચી સંભળાવ્યે પ્રમુખે ટુંકુ ભાષણથી ઠરાવના સંતોને સારૂં ... મ. ગાંધી... તરફ દીલસોજી ... યુનીઅન સરકાર આપેલાં વચન તોડવા માટે તેના તરફ ગુસ્સા

ની લાગણી બતાવનારો ઠરાવ રજુ કર્યો હતો. આ ઠરાવને ટેકો આપતાં ડા. મહેતાએ આ લડતની શરૂઆતથી છેલી ઘડી સુધીની હકીકત વરણવી લંબાણથી ભાષણ કરયું. અને તે ઠરાવને એક વિદ્વાન હીંદી બાઇ મીસીસ ડેસને તથા મી. કેનીંગ આરનોલ્ડે ટેકો આપ્યો.

બાદ (૨)જે ઠરાવ ત્રણ પાઉંડનો કર રદ કરવા બાબત, (૩) વાઇસરોયની લાગણી માટે ઉપકાર માનવાનો, (૪) કમીશનમાં હીંદનું હીત જાળવી શકે તેવા મેમ્બર દાખલ કરવાનો અને (૫) ફંડમાં રકમ ભરનારાઓનો ઉપકાર માનવાનો આ ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા. ઠરાવો ઉપર બોલનારાઓમાં મેસરસ વી. જે. વીજાપુરકર, મહમદ આઝમ, વી. મદનજીત કોટવાલ, વી. એન. સિવાય, પી. પી. જીનવાળા, વી. સીંગ સી. એચ. કેમ્પનાક, અબદુલ ગની, નુરમહમદ ઇસાભાઇ, પ્ર. એમ. પટેલ, અને મીનોન હતા. ભાષણો અંગ્રેજી ઉપરાંત ગુજરાતી, હીંદી, તામીલ, બરમીઝ અને તેલેગુ ભાષામાં થયાં હતાં.

હીંદુ મુસલમાન વચ્ચે એકયતા

સ્વરાજ્ય સંબંધી ઓલ-ઇંડિઆ મોસ્લીમ લીગે જે ઠરાવ રજુ કરેલો તે ઉપર કોંગ્રેસમાં જે ઠરાવ થયો હતો તેમાં બાબુ ભુપેન્દ્રનાથ બાસુએ બન્ને કોમ વચ્ચેની એકયતા ઉપર ઘણું અસરકારક ભાષણ કરયું હતું. તે નીચે મુજબ છેઃ—

"હવે હીંદુ મુસલમાન ભાઇઓ, દેશનું ભવિષ્ય આપણા હાથમાં રહેલું છે. આપણે એક કોમના હોઇએ કે નહીં, આપણે ગીતા માનતા હોઇએ કે કુરાન, પણ હીંદના ભુત કાળ માટે આપણે મગરૂર થવાનું છે. અશોક, ચંદ્ર ગુપ્ત, અકબર અને શાહજહાનના નામ ગમે તેવી કોમને પણ ઉત્સાહિત બનાવશે, અને ગમે તે ધરમને દીપાવશે. મોગલ શહેનશાહે હીંદના એકત્રપણાની કલ્પના કરેલી. અંગ્રેજી રાજ્યના છત્ર નીચે રહી આપણે તે કલ્પના અનુભવીએ. આપણે એક વખતે શરૂઆત કરશું તો પછી આપણી મુશ્કેલી ઓછી અને ઓછી થતી જશે. આપણે એક વખત સમજતા થશું કે એક કરતાં બીજાને વધારે પસંદ કરવામાં આવે એ પ્રજાને ઉંચે ચડાવવાનું પગથીયું નથી, એક વખત આપણે સમજીએ કે આપણે કંઇ વેગળી કોમ નથી, અને આપણી છાવણીઓ વીખરાયેલાં નથી પરંતુ એક શરીરના જુદા જુદા ભાગ સરખી છે, તો પછી આપણો રસ્તો સહેલો થઇ પડશે. ભુતકાળમાં કાંઇ ગેરસમજ થઇ હોય તો જેમ રેતીના રણમાં પડેલા લીટા વંટોળીઆના પવનથી ભુંસાઇ જાય તેમ આપણે તે ભુલી જઇએ. કાગળની ભુમી પર હવે આપણે ફરીથી હીંદના જન્માક્ષર—જનમી લખીએ અને ભવિષ્યનું હીંદ અશોક અથવા અકબરે પોતાની કલ્પનામાં નહીં ધારેલું હોય તેવું વિશેષ મજબુત, વિશેષ ઉમદા, વિશેષ ઉચ્ચ અને વિશેષ ચળકતું આપણે જોશું. આપણે શું નિષ્ફળ થશું! જો આપણે આ માનવામાં વાંધો હોય તો મુસલમાન અને હીંદુઓની એકત્ર મદદથી બાંધેલા આપણી માતાના મંદિરમાં દાખલ થવાને આપણે લાયક નથી. ઇશ્વરની મરજી હશે તો આપણે ફત્તેહમંદ થશું. તેની મરજી હશે તો આપણે જે વાવટો ઉડાવે છે તેને વળગી રહેશું. ભલે તોફાનો ફુંકે અને મોજાઓ ઉછળે પણ આપણે મજબુતીથી વળગી રહેશું. વાવટો હજી ... ... છે અને એક છું... અને ... હીંદુ અને મુસલમાન એક ભાઇ તરીકે તે વાવટાની પાસે એકત્ર થશે.

પરચુરણ

શ્રી જયાશંકર ભાઈચંદ મેતાને તાર મળ્યો છે કે તેમના પીતાશ્રી આણંદજી જગજીવન મેતા મોરબીમાં ગુજરી ગયા છે. મરહુમ આણંદજીભાઈ ડૉ. પ્રાણજીવનદાસ મેતા જેઓ અહીં કેટલાક વરસ પહેલાં આવ્યા હતા અને હાલ જેઓ રંગુનમાં રહી આપણી લડતને ઘણી રીતે મદદ કરી રહ્યા છે તેમના ભાઈ થાય. અમે મરહુમના કુટુંબને દીલસોજી આપીએ છીએ.

યુનીઅનમાં ઘણા હીંદીઓની હાજરી દ. આફ્રીકાને હાની કરતા છે અને તેથી તેમને જેમ બને તેમ જલદીથી દૂર કરવાને સરકારે ઉપાય લેવા એવી જાતની દરખાસ્ત પારલામેંટમાં તા. ૧૫ ફેબરવારીએ રજુ કરવા મુનીક સાહેબે નોટીસ આપેલી છે.

સર બેંજામીન રોબરટસન તથા તેમના ખાનગી સેક્રેટરી મી. સ્લેટર ગયે બુધવારે ફીનીક્સની મુલાકાત લેવા આવેલા હતા. ચેક મેવો ખાઈ બધું જોઈ બે કલાક રહી પાછા ગએલા. સર બેંજામીનની અને તેમના સેક્રેટરીની છબી અમે હવે પછી નાખવાની ઉમેદ રાખીએ છીએ.

સર બેંજામીન રોબરટસન તેમના સેક્રેટરી મી. સ્લેટર સાથે લેડીસ્મીથ ગયા છે અને ત્યાં હતીહાસીક જગ્યાઓની મુલાકાત લેશે.

મી. રાય સરકાર જે સર બેંજામીનને ખાસ મદદ કરવા ઉદ્યોગ ને વેપાર ખાતાના વાઈસરૉયના કારભારી મંડળમાંથી આવેલ તે સાહેબ ડરબનમાં ગયે અઠવાડીએ દેશ પાછા ગયા છે.

ન્યુજર્મની અને તેની આસપાસના હીંદીઓની એક સભા ગયે અઠવાડીએ મી. જી. મુનસામી નાયકરના પ્રમુખ પણા નીચે મળી હતી. મી. એ. ડી. પીલે જેમણે આ સભા બોલાવી હતી તેમણે લંબાણથી જણાવ્યું કે થોડા વખત ઉપર શરૂ કરેલી નીશાળની વ્યવસ્થાને માટે સરકારી મદદની પુરી જરૂર છે. કેટલીક ચરચા પછી એક કમીટી નીમાઈ હતી. નીશાળની જરૂરીઆત તથા તેને મદદ માટેની કેળવણી ખાતાને મોકલવાની અરજી ઘડી સભા સમક્ષ રજુ કરવામાં આવી હતી. અને સુપરીન્ટેન્ડંટને મોકલવાની સત્તા મી. પીલેને આપવામાં આવી હતી.

મી. દાઉદ સુલેમાન અને ડાહ્યા પરશોતમ તથા મી. ચંદુનારણ વિરૂદ્ધ ઈમીગ્રેશન અમલદારના જાણવા જોગ કેસ કોરટમાં થઈ ગયા છે તેનો હેવાલ તથા તેની ઉપર ટીકા અમે અમારી અધિપતિની નોંધમાં આપ્યાં છે એટલે એ ઉપર વાંચકવરગનું ધ્યાન ખેંચીએ છીએ.

નેટીવ તથા હીંદીઓને માટે ડરબનમાં જુદી ટ્રામ ચલાવવાની તરફેણ 'મરક્યુરી' છાપું કરી રહ્યું છે. આમ કરવા જતાં કાયદેસરની મુસ્કેલી ઉપરાંત બીજી પણ ઘણી અગવડો ઉભી થશે તેમજ જુદી ટ્રામ માટે ખરચેલ નાણું ટાઉન કાઉન્સીલને માથે પડશે. આવી હકીકત કાઉંસીલના મેંબરોએ તે છાપાના પ્રતિનિધિને જણાવી છે.

ઈમીગ્રેશન કાયદા મુજબ ચાલુ સાલને માટે અપીલ બોર્ડમાં નીચેના સભાસદો નીમાયા છે એવી નોટીસ તા. ૩ જી ફેબરવારીના યુનીયન ગેઝેટમાં બહાર પડી છે. ડરબન: મી. જે. એલ. નાઈટ (પ્રમુખ), લેફ. કરનલ ટી. મેકક્બીન સી. એમ. જી. અને મી. જી. એ. ચેમ્પીયન. પ્રીટોરીયા: મી. એચ. રૉઝ ઈન્નેસ, મી. જે. એન વાન આરકાડ અને મી. જે. જી. વેગનર. કેપટાઉન: મી. જે. ટી. વાઈલ્ડ, મી. એફ. જે. સેન્ટ લીવર્સ, અને મી. એફ. ડરેયર.

ન્યુકાસલના માજીસ્ટ્રેટ મી. લાસલે થોડા દીવસ ઉપર એક ચુકાદો આપેલો તે કેસ ફરીથી તપાસવાને મી. જસ્ટીસ હોથોરન સનમુખ ગઈ તા. ૭ જીએ ચાલેલો. આ કેસમાં એક હીંદીને રાતના ૯ વાગતા પછી ઘર બહાર રહેવા માટે ન્યુકાસલની બરોના ૪૮ નંબરના કાયદાનો ભંગ કરવા માટે તકસીરવાર ઠરાવવામાં આવ્યો હતો. અપીલ કરનારના વકીલ મી. ફરકસે એવી દલીલ કરી કે મારો અસીલ બાઈ-લૉ અને વેગ્રન્સી લૉમાં જણાવ્યા પ્રમાણે કલરડ નથી. વકીલની દલીલ વ્યાજબી જણાવી ન્યાયાધીશે એપેલંટની તરફેણમાં ચુકાદો આપ્યો અને કેસનું ખરચ પણ અપાવ્યું.

ટેમ્બુલેન્ડની ઈલાકીય કાઉન્સીલના ઉમેદવાર તરીકે જાણીતા નેટીવ મી. ટેંગો જેબાવુની નીમણુક થઈ છે.

બ્રીટીશ ગીઆનામાં કેટલાક માસ ઉપર થએલ હુલડને અંગે ૧૫ હીંદીના જે મરણ થયા હતા તે વીષે તપાસ કરવાને ત્યાં મી. જે. મેકનીલ અને મી. ચીમનલાલ ગયા હતા તેઓ ફરીને દીલ્હી આવી પહોંચ્યા છે, અને થોડા વખતમાં પોતાનો રીપોર્ટ બહાર પાડશે.

મેસર્સ દીનશા એદલજી વાછા અને દાજી આબાજી ખરે જેઓ કોંગ્રેસના સંયુક્ત સેક્રેટરીઓ હતા તેઓ પોતાના હોદ્દા ઉપરથી ફારગત થયા છે અને તેમની જગ્યાએ મેસર્સ નવાબ સય્યદ મહમદ બહાદુર અને એન. સુબારાવ પંતુલુને નીમવામાં આવ્યા હતા.

હીંદુસ્તાન હમારા

સારે જહાંસે અચ્છા, હિન્દુસ્તાન હમારા;
હમ બુલબુલેં હૈં ઉસકી, યેહ ગુલિસ્તાં હમારા.
ગુરબતમેં હોં અગર હમ, રેહતા હૈ દિલ વતનમેં,
સમઝો વહીં હમેં ભી, દિલ હો જહાં હમારા.
પરબત વોહ સબસે ઉંચા, હમસાયહ આસ્માંકા,
વોહ સંતરી હમારા, વોહ પાસ્બાં હમારા.
ગોદીમેં ખેલતી હૈં, ઉસકી હજારોં નદયાં,
ગુલશન હૈ જિનકે દમસે, રશ્કે જનાં હમારા.
અય આબે રૂદાને ગંગા! વોહ દિન હૈ યાદ તુઝકો;
ઉતરા તેરે કિનારે, જબ કારવાં હમારા?
મઝહબ નહીં સિખાતા, આપસમેં બૈર રખના;
હિન્દી હૈં હમ, વતન હૈ હિન્દુસ્તાન હમારા.
યુનાનો મિસ્રો રૂમા સબ મિટ ગએ જહાંસે,
અબ તક મગર હૈ બાકી, નામો નિશાં હમારા.
કુછ બાત હૈ, કે હસ્તી મિટતી નહીં હમારી,
સદીયોં રહા હૈ દુશ્મન, દૌરે ઝમાં હમારા.
ઇકબાલ! કોઈ મેહરમ, અપના નહીં જહાંમેં;
માલુમ ક્યા કિસીકો, દર્દે નિહાં હમારા.

ગ્રાહકોને

પરદેશના ગ્રાહકોને વિનતિ છે કે મનીઓરડરથી લવાજમ મોકલતી વખતે તરતજ કાગળથી અમને ખબર આપવા. ઘણે ભાગે આવા મનીઓરડર મોકલનાર ગ્રાહક તરફથી કંઈ ખબર નહીં મળવાથી તે ગામના કયા ગ્રાહકનું તે લવાજમ હશે એ શોધી કાઢવું મુશ્કેલ પડે છે અને તેથી લાંબો વખત સુધી મોકલનાર ગૃહસ્થને તે રકમ જમે આપવાનું બનતું નથી.

યુનીઅનની અંદરના ગ્રાહકોને એ વિનતિ છે કે ચેકથી લવાજમ મોકલતી વેળા તેમાં કમીશન ઉમેરવાનું ભુલવું નહીં.

છાપતી વેળા

અમને ખબર મળ્યા છે કે બધા સત્યાગ્રહી કેદીઓ જુદી જુદી જેલોમાંથી છુટી ગયા છે.

સત્યાગ્રહ ફંડ

જોહાનીસબર્ગમાં દીપાવળી મહોત્સવ વખતે હીંદુ કોમ તરફથી સત્યાગ્રહ ફંડ થયેલું તેનો હીસાબ.

આવક

પા.	શી.	પે.	
૩૪૯	૯	૧૧	તા ૩૧-૧-૧૪ સુધીમાં જમા આવ્યા. [આ પૈસા ભરનારાઓના નામની ટીપ છે. એ માં જુદે જુદે વખતે જવાબ અપેલી છે ...]
૧૧	૧૦	૨	તા. ૧૨-૧-૧૪ ને રોજે મી. જીવણ દેસાઈ તરફથી—ડરબનથી પાછા લાવેલ તે.
૩૬૧	૦	૧	

ખર્ચ

પા.	શી.	પે.	
૪૯	૧૬	૧	તા ૩૦-૧૦-૧૩ ને રોજે મીસ સ્લેશીનને સોંપ્યા.
૧૭૨	૦	૦	તા. ૨-૧૧-૧૩ ને રોજ ડરબનથી ૧૦૦ બસ્તા ચાવલ, ૧૦ દાળ, ૫ કેશ તેલ, મી. ગાંધીના નામ પર ચારલ્સટાઉન ચડાવેલા તેના ચુકવ્યા
૩	૧૬	૦	ખર્ચા ખાતે ઉધાર કાગા રોજેટની મજુરી વીગેરે અગાઉ દેશાઈ નારણજીને ચુકવ્યા.
૫	૧૫	૦	બાયોસ્કોપ હોલનુ ભાડુ ઇનવીટેશન કારડ વુલ મળી.
૩	૩	૦	ગોર્ડન થીએટરનું ભાડું. તા ૧૨-૧૧-૧૩ [illegible]
૫	૫	૦	તા ૧૭-૧૧-૧૩ હીંદુસ્તાન કેબલ કર્યા
૧	૩	૦	મી ગીલ તથા મી [illegible] ડરબન મોકલ્યા તે [illegible] તા ૧-૧૧-૧૩
૬	૧૧	૩	મી જીવણ દેસાઈ [illegible] તથા [illegible] ગાડી ભાડું
૧૦	૦	૦	મી જીવણ દે... [illegible] તથા [illegible] સારૂ ડરબન ખરચના મોકલ્યા.
૩	૪	૬	મી. પોલાક, મી કેલનબેકને જેલ મળી તે દીવસે મીટીંગ કરી તેનુ ગેઇટીનું ભાડું
૩	૯	૬	તા ૧૮-૧૨-૧૩ મી ગાંધી, મી પોલાક તથા મી કેલનબેક જેલમાંથી આવ્યા તે દીવસનુ ગેઇટી થીએટરનુ ભાડું
૧	૩	૦	મેસર્સ ગાંધી પોલાક તે કેલનબેક આવ્યા તે દીવસ ફુલના મળી
૦	૫	૦	મી ગાંધીના [illegible]
૫	૧૦	૦	મી ગાંધી ડરબન ગયા ત્યારે ખરચનું [illegible] તા. ૧૯-૧૨-૧૩
૦	૦	૦	તા ૨૮-૧૨-૧૩ [illegible] તેના ખરચ
૬	૧૦	૬	મી ગાંધી ડરબન ગયેલા ત્યારે તથા માસ મીટીંગ બોલાવેલ તેના ટેલીફોન ખરચના.
૫	૧૦	૦	તા. ૧૮-૧-૧૪ કોટેજનુ ભાડુ મી ગાંધી તથા રેવ. એન્ડરૂસ સારૂ.
૪	૧૦	૦	કોટેજને પેઇન્ટ કરાવ્યો તથા મજુરી.
૫	૪	૦	ટેબલ ૩ ખુરસી ૧૮ ઇઝી ચેર ૨ મળી.
૧	૧૪	૬	અહમદ મીયાને લાનું ટુવાલ ચાદરનું બીલ
૨	૧૮	૩	શાઉમેન એન્ડ બ્રોસને લાનું બીલ વોલ પેપર વારનીસ વીગેરે.
૧	૧૫	૯	યુસપ મીયાને લાનું બીલ વીન્ડોકરટન વી.
૬	૧૦	૦	વીનોલીઅમનું બીલ.
૧	૬	૬	બારણાંના કરટન્સનું લુગડું.
૧	૦	૯	મી. ગાંધી આવ્યા તે દીવસે પરચુરણ ખરચ કેબ વીગેરે મળી.
૦	૧૦	૬	મી. ગાંધીને વાપરવા હા. રોકડ લાવ્યા.
૨	૧૦	૯	તા. ૨૩-૧-૧૪ ફ્રેઇટ તથા પરચુરણ ખરચ વીગેરે મળી.
૮	૧૦	૩	એન. રામજીની કંપની તરફનું બીલ કીચનના વાસણો, લોટો તથા આટો, ચા, વીગેરે.
૪૭	૩	૨	શ્રી જમ્મુસ બાકી. તા: ૧-૨-૧૪ ને રોજ મી હીરાભાઇ કુંવરજી પાસે.

આ હિસાબ છાપવા મોકલતાં મી જીવણ દેસાઈ લખે છે કે જે લોકોએ હજુ સુધી ઉઘરાણું નથી આપ્યું તેમણે રાજમાન હીરાભાઇ કુંવરજીને ૩૪ પ્રેસીડેંટ સ્ટ્રીટમાં અથવા મી. જીવણ પ્રેમજીને ૪૨ પ્રેસીડેંટ સ્ટ્રીટપર પહોંચાડવા અને પહોંચ લેવા વિનંતિ છે

આ હિસાબ બાબત મી ગાંધી તરફથી નીચેનું સરટી ફીકેટ મળેલુ છે

સરટીફીકેટ

ઉપરના આવક ખરચ વીશે મારી જાણ પ્રમાણે મારે સરટીફીકેટ આપવું એમ ઉપલી કમીટી તરફથી સુચના થઇછે. જમે આવેલા પઇસામાંથી પાઉંડ ૩૨૨—૯—૧૧ તા. ૧૨ નવેમ્બર ૧૯૧૩ થી તે તા ૭—૧—૧૪ સુધીમાં ... એ માં સ્વીકારાઇ ગયેલા છે એમ ફીનીકસના વ્યવસ્થાપકના પાસેથી જાણીને હું વાકેફ થયેલ છુ. બીજા પા. ૨૭ ... ખરચને વીષે જે પઇસા મીસ સ્લેશીન તથા મને અપાયનું બતાવ્યું છે એ બરોબર મળ્યાછે ચાવલ પણ સો બસ્તા મળી ગયેલ એમ હું જાણું છું અને મી એન્ડરૂસ ને સારૂ જે ઘર લેવાયું તેમાં સરસામાનની નોંધ છે તે પ્રમાણે સામાન પણ મારા જોવામાં આવ્યો છે

મોહનદાસ કરમચંદ ગાંધી.

ફીનીક્સ. મહા સુદી ૧૧

મરહુમ મી. ડોક—આપણા હિતેચ્છુ મી. ડોક [illegible] ગીરીના જે લેખ અને ઈ મેજમાં આપેલ હતો તે ... તેમના ... સાથે ... કારણ ઉપર અમે છાપેલ છે તે લેખ ઈ ગ્રેજીમાં ... હીંદુસ્તાનમાં ... છાપ્યો છે. ... અમે ઉમેદ રાખીયે છીયે કે ... મી. ડોકની ... તેને ... સાથે હેનારને ... મોકલવામા આવશે

इंडिअन ओपिनिअन

बुधवार, ता. ११ फेब्रुवरी १९१४

नेटाल इंडियन कांग्रेस

नेटाल इंडियन कांग्रेसने इसबार अपने चतुरता और बुद्धिमताका अपूर्व परिचय दिया है। जिस कमिशनमें हिंदी जनताके चुने हुए एक भी प्रतिनीधि नहीं है। जिस कमीशनके एक दो सभासद खुल्लम खुल्ला हिंदियोंके प्रति विरोध प्रकट कर चुके है। जिस कमीशनको हिंदी नेता और हिंदी जनताने बहिष्कार कर चुका है। ऐसे अनोखा कमीशनके सामने साक्षी देनेका ठान कर कांग्रेसने बडी भूलकी बात की है। पहिले डरबनके अंग्रेजी दैनिक पत्रोंमें यह प्रकाशित हुआ कि नेटाल इंडियन कांग्रेसका एक विशेष अधिवेशन हुई थी। उसमें बहुत वाद विवाद हुआ और अन्तमे यह निश्चय किया गया कि कमीशनके सामने साक्षी देना चाहिये। उसमें यह भी कहा गया कि कमीशनका काम हिंदियोंके कष्टके जांच करनेका है। यदि मि० गांधीके कथनानुसार सरकार कमीशनमें अन्य दो सभासदोंको दाखिल कर लेती तो मि० गांधी स्वत: इस कमीशनमें साक्षी देते। पर दूसरेको कमीशनमें साक्षी देनेके लिये वर्जना मि० गांधीको उचित नहीं है. इस प्रकारके प्रभावशाली व्याख्यानोंके बाद प्रस्ताव पास हो गया। इस कार्य्यवाहीका पुरा वृतांत यहांके दैनिक पत्रोंमें प्रकाशित किया गया। इसको पढकर लोकमत कांग्रेसके इस अनुचित कामपर बडाही खेदित हुआ। पर दुसरेही दिन इस प्रस्तावपर हडताल फिर गया। दुसरे दिन कांग्रेसके एक प्रतिष्ठित सज्जनोंके ओरसे यहांके दैनिक पत्रोंमें एक चिठ्ठी छपाकि कांग्रेसका जो अधिवेशन हुआ था उसमें यह विचार किया गया कि कमीशनमें साक्षी देनी चाहिये कि नहीं। वोट लेने पर ४८ कमीशनके सामने साक्षी देनेके पक्षमें और ६९ इसके विरुद्धमें राय दिये। इसके बाद कांग्रेसके उपसभापति मि० कुवाडियाने एक पत्र प्रकाशित कराया है कि कमीशनके सामने साक्षी देनेका निश्चय कांग्रेसमें हो चुका है और जिनलोगोंने इसका विरोध किया है वह नेटाल इंडियन एसोसियेशनसे सम्बन्ध रखते है। कांग्रेसके इस करतुत पर हर एक देशभक्तोंको दुख होता है॥

मि. गान्धीके पत्रके समर्थन

मि० गान्धीने राजस्व—सचिव जनरल स्मटसके पास जो पत्र भेजकर अपना विचार प्रकट कियाहै। इस पत्रके समर्थन करनेके लिये स्थान स्थानपर सभाएं हुई है। डरबनके विराट सभाका वृतान्त हम पहिले प्रकाशित कर चुके है। इसके बाद मेरीस्सबर्ग के हिन्दीयोंने एक सर्वजनिक सभा करके मि० गान्धीके समर्थन किया। और कांग्रेसके अनुचित कार्य्यवाहीपर विरोध प्रकट किया। वेरुलमके हिन्दीयोने विगत रविवारको एक सभा किया उसके सभापति बाबू लटचन्द सिंह चुने गये थे। सभापतिने बडे प्रभावशाली शब्दोंमें मि० गान्धीके पत्रका समर्थन कर कांग्रेस के इस कुटिल नीतिपर विरोध प्रकट किया। अतएव इस आशयका तार माननीय मि० गोखलेके सेवामे भेजा गया। इसी प्रकार सुरत हिन्दू एसोसियेशन, हिन्दु होकर एसोसियेशन, काठियावाड आर्य्य मण्डल, महाराष्ट्रियन सभा, महोमडेन बाल्टीक सोसायटी और पारसी अनुमानने मि० गान्धीके पत्रको समर्थनकर माननीय गोखलेकी सेवामें तार भेजा है। इस समय हिन्दी भाईयोंका यह कर्तव्य है कि स्थान स्थानपर सभाकर मि० गान्धीके पत्रके समर्थन और कांग्रेसके मन्तव्यके विरुद्ध प्रस्ताव पासकरे॥

हिंदी कमीशन

अमझीन्टोके चीनीके कारखानावाला रेनोल्डने अपने साक्षीमें कहा कि यह कर हडताल होनेसे पहिले यदि निकाल दिया जाता तो बहुत ठिक था। परन्तु अब इस करको निकालनेसे नेटिव लोग भी इस मार्गका अनुकरण करेंगे। यह कर उचित है ऐसा हम नहिं मानता है। यह कर हिंदियोंके ऊपर भार स्वरुप है। यह हम नहीं मानता कि यह कर निकल जानेसे हिंदी लोग बहुत अमीर धनिक होंगे। प्रधानके आदेशानुसार प्रोटेक्टर आफ इमीग्रेंट मि० पोलकींग होर्न को पुन: कमीशनके सामने बोलाया गया। आपने कहा कि सन १८७८ से लेकर सन १९०७ तक १४,६०४ भारतीय मजुर गिरमीट लिखा कर आये। इसमेसे ४८१३ मजुरोंने दश वर्षक गिरमट समाप्त कर स्वदेशको लौट गये। दस वर्ष गिरमिटके बाद जो हिंदी इस देशमे रह गये उनका संख्या २७,४११ है। इसके बाद आपने बहुत कुछ बलटी होंचो कह डाला जिसको पुर्णत: प्रकाशित करनेका इस पत्रमे स्थान नहीं है। अन्तमें आपने कहा कि गिरमिटिया मजुर रखनेवाले ६६ मालिकोंके तरफसे मुझे सुचना मिला था कि सब मिलाकर १६,९३० मजुरोंने हडताल किया था। गोरे स्वामियोंने मजुरोंके साथ खराब बर्ताव किया है। ऐसा अफवाह उडा था पर मेरे पास ऐसा एक भी दाखला नहीं आया था। केवल एक मुकद्दमा मेरे पास आया था जो कोर्टके सामने चलेगा॥ गिरमिटियाके रक्षक कहानेवाले यह साहबकारयान खुब रंगमें रंगा हुवा है॥ जिस देशमें रक्षकही भक्षक बन जाय वहां बिचारे गिरमीटों का गुजारा कैसे होगा॥

हिंदीयोंका ट्रामका कष्ट

ट्राम कमिटीके प्रधान मि० निकलसनने एक पत्र 'मारक्युरी' में प्रकाशित कराया है। आपके कथनके मतलब यह है कि जिस प्रकार इस समय हिंदी लोग ट्रामका व्यवहार करते है। उसमें फेरफार नहीं हो सकता है। कई गोरोंओंका ऐसा विचार है कि हिंदीयोंसे गोरा लोगको ट्राम पर कष्ट है पर यह बात अनर्थक है। इसके बाद आप कहते है कि हिंदीयोंके लिये अलग ट्राम बनाया जाय, ऐसा भी नहीं हो सकता है। एक गाडी के पिछे यदि दुसरा गाडी जोड दी जाय तो उसको हिंदी लोग व्यवहारमें लावे, ऐसा सम्भव नहीं। मि० निकलसनका यह कहना बहुत अंशमें ठिक है। इसपर 'मरक्युरी' के सम्पादकनें मि० निकलसनके इसपर शांति को खोटा बतलाया है। 'मारक्युरी' का विचार है कि हिंदीयोंको ट्राममे बैठनेका मनाही हो जाय। इसके लिये उसने आक्षेपपुर्ण लेख हिंदीयोंके विरुद्ध प्रकाशित करना आरम्भ किया है। इस कुटिल चालको देख कर हिंदीयोंको शिघ्र सचेत होना चाहिये। अतएव हिंदीयोंके पास बहिष्कार रुपी एक अच्छा हथियार है। यदि हिंदीयोंके विरुद्ध ट्रामवे कम्पनीने कोई कायदा बनाया तो उसको बहिष्कार कर देना चाहिये। यह उपाय बडा सुगम और सरल है।

मी. अन्डरूसका यात्रा

मि. एन्डरूसको मेरित्सवर्ग पहुंचनेपर हिन्दीओंने बधाई दिया. स्टेशनपर नगरके प्रतिष्ठित मनुष्य विद्यमान थे मि. एन्डरूसके सेवा सहायता करनेके लिये मास्टर मणिलाल गान्धी उनके साथ गये है. मि. एन्डरूसको हवागाडीपर चढाकर मि. चेटीके घरपर लाया गया. दूसरे दिन एक विराट सार्वजनिक सभा हुई उसमें लगभग १५०० हिन्दी उपस्थित हुये थ. सभापतिके आसन मि ए डी पारसने ग्रहणकिया था. मि. नायक आदिने सभाका उद्देश्य कह सुनाया. मि. महमदने मि. एन्डरूसको मानपत्र पढा. इसके बाद मि. एन्डरूसने अंग्रेजी और हिन्दीमें बडा प्रभाव शाली व्याख्यान दिया. तदन्तर मि. नायकने नीचे लिखे प्रस्ताव उपस्थित किया. 'यह सभा म. गान्धीने जो समझौती जनरल स्मटसके साथ किया है उसको स्वीकार करती है और आशा रखती है कि सरकार हिन्दीयोंके मंगनीको स्वीकार करेंगी'. मि. मोतीलाल और मि. थम्बी नायडूने इस प्रस्तावका समर्थन किया और सर्वसम्मतिसे यह प्रस्ताव पास हुवा. मि. गोपालने 'नेटाल इन्डियन कांग्रेसके' ठरावके विरुद्ध भाषण दिया और सर्वानुमतसे कांग्रेसके ठरावके विरुद्ध प्रस्ताव पास किया गया.

मि. एन्डरूसके मान देनेके लिये मि. चारलि नंदेयाने एक टीपार्टी दिया था. इसके बाद मि एन्डरूसने हिन्दुआके सभामें धर्म्म सम्बन्धी बात किया. अपने बाबु रविन्द्रन थके मन्त्रको गाकर सुनाया. अनजुमन इस्लाममें भी आपने भाषण दिया था रविवारका दिन मि. एन्डरूसने अंगरेजोंके गिरजाघरमें व्याख्यान दिया था. जेलके गवरनर और बिशप आदिसे भी आप मिले थे रविवार रातके काफर मेलसे आप लेडीस्मीथको प्रस्थान किया वहां मि. बीन्डनके घरपर उतरे वहां आपने हिन्दी बालकोंके पाठशाला देखा कर हिन्दीयोंसे मिले. वहां आपको गुरुदेव बाबू रविन्द्रनाथ और जनरल स्मटसके सहानुभूति सूचक तार भी मिले. दूसरे दिवस आपसे मि. पिनरमन और मि केलनबेक भी मिले वहांसे आप हेरिस्मीथके रस्तासे किम्बरली गये. वहां आपका खुब मान किया गया वहासे गुरुवारको आप केपटौनको रवाना हुए और शनिवारको वहां पहुंच गये. वहां आप मि. गुलके घरपर उतरे है

सर बेंजामन रावर्टशन

सर बेंजामन रावर्टशन गत बुधवारको फीनीक्समें पधारे थे। इनके सेक्रेटरी भी साथमें थ। फीनीक्स स्थानके प्राय: समस्त विद्यार्थी और कर्म्मचारी स्टेशनपर माजुद थे। सर बेंजामीनको गाडीपरसे उतरतेही हर्षध्वनीसे स्वागत कीया गया। इसके बाद सर बेंजामन और उनके मंत्री पैदल चलकर फीनीक्स संस्थानपर आये। यहांपर कुमारी फातमाने सर बेंजामनके गलेमें फुलकी माला पहनाई और स्वागत कीया। पुन: सर बेंजामीनने संस्थानके आसपास घुमकर स्टेशनके लिय प्रस्थान कर गये॥ आपने नेटालके विषयमें कहा कि यहांका प्राकृतिक सौंदर्य इंगलैंडके समान है॥ सर बेंजामन थोडा दिनमें केपटाउन जानेवाले है॥

इस पर्चे मणीलाल गांधीके [illegible] पन्डोलन मधे [illegible] छपाये गये है

विविध विषय

गत ३० जनवरीको केपटानमें पार्लीमेन्ट बैठ गया. पार्लीमेन्ट खोलते समय गवरनर जनरलने कहा कि गत अक्टूबर मासमें हिन्दी मजूरोंने पहिले कोयलाके खानोंमें हडताल किया पिछे शक्करके कारखानोंमें हडताल हुवा. दुर्भाग्यवश मारपीट तककी नौबत पहुंची और कईएकका मृत्युतक हो गया. इसका जांच करनेके लिये कमीशन चुना गया है. आशा है कि कमीशन समयपर अपना जांचका लिखा पार्लीमन्टमें पेश करेगी और उसके उपर विचारकरके इस झगडेको मिटा देनेका प्रयत्न किया जायगा.

गत जनवरी मासके श्रीवेंकटेश्वर समाचारमें बाबू लाल बहादुरसिंहने एक जोरदार पत्र छपवाकर सत्याग्रहके विषयमें भारत वासियोंका ध्यान आकर्षित किया है। साथही आपने जेरमीस्टनके सत्याग्रही नर—नारियोंका चित्र भी छपवाया है।

हिन्दी शिक्षाका सभाके कोषाध्यक्ष श्रीयुत महावीर शर्म्मा के असामयिक मृत्यु सम्वाद सुनकर हमको बडाही शोक हुवा परमात्मा उनके आत्माको सद्गति और उनके कुटुम्बको धैर्य दे। महाशोक॥

हडतालके समय माउंट एजकोम्बमें कई हिन्दीयोंके मृत्यु हुई थी उसका मुकदमा मि. कोलीन केम्पबलके उपर विरुलमके मजीस्टरके सामने चल रहा था मुकदमाका हालहीमें फैसला हो गया. मजीस्टरने अभीयुक्तको निर्दोषी कहकर छोड दिया. इस विचित्र फैसलासे हिन्दी जातिको चाहे जितना दुख हो, थोडा है

भारतमें

दक्षिण-अफरिकाकी अशान्तिके सम्बन्धमें गत सप्ताह भारतमें जो सभा-समितियां हुई है, उनका संक्षिप्त विवरण इसतरह है.—गत १९ वीं दिसम्बरको आसाम—सिलचरमें स्त्रियोंकी एक सभा हुई, स्थिर हुआ, कि प्रवासी भारतवासियोंके सहाय्यके लिये घर-घर घुम धन संग्रह करना चाहिये। प्रयागकी दक्षिणअफरिका-समितिने लिखा है, कि युनियन-सरकारकी कमिशन निरपेक्ष नहीं, इसमें निरपेक्ष युरोपीयोंके सम्मिलित करनेकी व्यवस्था करना चाहिये। गत २१ वीं दिसम्बरको पूनेमें स्त्रियोंकी एक सभा हुई, जिसमें दक्षिण-अफरिकाके प्रवासी भारतवासियोंके प्रति सहानुभूति प्रकाशित की गई। गत २२ वीं दिसम्बरको आसाम—चट्टग्राममें भारतवासियोंके प्रति सहानुभूति प्रकाशित करनेके लिये एक सभा हुई। बिहारके 'बिहारी' अखबारने दक्षिण अफरिकाके प्रवासी भारतवासियोंके सहाय्यके लिये तीन सौ सत्तर रुपये नकद संग्रहकर मिष्टर गोखलेके पास भेजा है। बलराम पुरके महाराजाने ५०००, महमुदाबादके राजाने १५००, जहांगीराबादके राजाने ७५०, राजापृथ्वीपाल सिंहने ५००, और बीटीश इन्डीअन एसोसिएशनने रु. २००० दिये॥

यहांके भारतीयोंके दुःखपर विचार करनेके लिये एक वृहत् सभा काशीमें हुई थी। सभापतिके आसनपर श्रीमती एनीबीसेन्ट विराजमान थी। भीडकी इतनी अधिकता थी कि २ मनुष्य दबकर बेहोश हो गये। [illegible] ईश्वरशरण आदि नेताओंके प्रभावोत्पादक व्याख्यान न हुआ। [illegible] कमिशनके [illegible] [illegible]॥

“இந்தியன் ஒப்பீனியன்”

புதன்கிழமை, 1914ஞு பெப்ருவரிமூ 11உ.

மூன்றுபவுன் தலைவரியும் அதனால் துன்புறும் இந்தியர்களும்

இந்தியாவிலிருந்து இவ்வூருக்குக் கொண்டுவந்த உடன்பாட்டு இந்தியர்கள் உடம்பாட்டுக்குச் சம்மதித்து அவர்கள் கைஎழுத்திட்டபோது அவர்களுக்கு இவ்வூரினுடைய கஷ்டங்களை யாராவது சொல்லி அவர்கள் சம்மதித்து இவ்வூருக்கு வந்தார்களா? அல்லது இக்கஷ்டங்களைச் சொல்லாமலே இந்தியர்களை இவ்வுடம்பாட்டுக்குச் சம்மதித்து வந்தார்களோ அறியோம். இருந்தாலும் இவ்வூரில் இருக்கப்பட்ட கஷ்டங்களைச்சொல்லி, இவ்வுடம்பாட்டுக்குச் சம்மதிக்கச் சொல்லியிருந்தால் அவர்கள் இவ்வூருக்கு வந்திருக்கவே மாட்டார்களென்று நம்பயிடமுண்டாகின்றது. இவ்விதமாய் இந்தியர்களை இவ்வூருக்குக் கொண்டுவந்த கஷ்டத்துக்குள்ளாக்குவதை முன்னிட்டு, டர்பனில்கூடிய இந்தியன் கமிஷன் விசாரணையின் முன்பாக இந்தியாவிலிருந்து நமக்குதவியாக வந்திருந்த ஸ்ரீயுத் பியர்ஸன் அவர்கள் கொடுத்த வாக்குமூலமாவது—“இந்தியர்கள் உடம்பாட்டுக்குச் சம்மதித்து இந்தியாவைவிட்டு வரும்முன்னமே இவ்வூரினுடைய சங்கடங்களும், மூன்றுபவுன் தலைவரியின் துன்பமும் அவர்கள் அறியமாட்டார்கள். அவர்கள் குழந்தைகளுக்குச் சமானமானவர்களே. உடன்பாட்டின் முறையானது ரொம்பவும் கொடூரமானது. அதாவது ஒர் இந்தியன் பதினாலு தடவை (வேலைக்குப் போகாததை முன்னிட்டு) ஜெயிலுக்குச் சென்றிருக்கிறான். பிரோடெக்டர் அம்மனிதனை வேறொரிடத்திற்கு மாற்றிவிட்டாலும் நலமாயிருக்கும், அதைவிட்டு அம்மனிதனை ஜெயிலிலடைப்பது ரொம்பவும் கொடூரமானது என்றுசொல்லி முடித்தார்.”

ஸ்ரீயுத் ஆண்ட்ரூஸ் பாதிரியாரின் உபந்நியாசம்

ஸ்ரீபாபு ரபேந்திரநாத் டாகூர்

ஸ்ரீயுத் ஆண்ட்ரூஸ் பாதிரியார் பிரிட்டோரியாவில் தங்கியபோது அவருக்குச்செய்த ஓர் வந்தனோபசாரக்கூட்டத்தில் இவ்வருமாறு பிரசங்கித்தார்:—“பூலோகத்தில், சிறந்த பண்டிதர்களும், வித்துவான்களும், கவிபாடும் திறமையுடையவர்களும், கடவுள்மேல் பக்தியுடையவர்களுமான அநேகரில் சிறந்தவிளங்கும் ஸ்ரீபாபு ரபேந்திரநாத டாகூர் என்பவர் இந்தியாவின் ஓர் பாகமாகிய பங்காளத்தில் வசித்துவருகிறார். அவர் தனக்கு (ஆண்ட்ரூஸ் பாதிரியாருக்கு) ஓர் குருவாய் விளங்கி ஓர் சமஸ்கிருத சுலோகத்தை கற்றுக்கொடுத்ததாகவும் தவிர அந்த புண்ணியசீலர் சென்ற வருஷத்தில் கவி பாடிய திறமைக்காக ஏழாயிரத்தி ஐநூறு பவுன் கிரையமுள்ள ஓர் தங்க ஆர்டரை பரிசு பெற்றதாகவும் அந்த வயதில் அப்படி கவிபாடும் திறமையுடையவர்கள் பூலோகத்தில் இருப்பார்களோ என்று சந்தேகமாயிருக்கிறது என்றும் சொல்லிமுடித்தார்.

சமாச்சாரங்கள்

இந்தியர்களுக்கு ஒத்தாசை செய்யும்பொருட்டு இந்தியாவிலிருந்து வந்திருந்த கனம் ஆண்ட்ரூஸ் பாதிரியார், மிஸ்டர் பியர்சன் என்ற ஐரோப்பிய சிநேகிதர்களுக்கு, ஜனவரி மாதம் 30உ தினம் மிஸ்டர் பாலி ரஸ்டம்ஜீ என்பவர் ஓர் சிற்றுண்டி விருந்தளித்தார். அதில் அநேக ஐரோப்பியர்களும் இந்தியர்களும் வந்திருந்தார்கள். விருந்தின் முடிவில் இந்தியர்கள் தம்பேரில் காட்டிய பாசத்தை ஒருபோதும் மறப்பதில்லையென்றும் தன்னுடைய ஆயுள் உள்ளளவும் இந்தியர்களுடைய நன்மைகளை விசேஷமாய் கருதுவதாயும் பேசி முடித்தார். இதன்பின்பு மிஸ்டர் பியர்சனும் எழுந்து, தான் இந்தியர்களுக்கு வந்ததினால் இந்தியர்கள் இவ்வூரில் படும்கஷ்டங்களைப் பற்றி மிகவாய் தெரிந்துகொண்டதாகவும், அவரும் தற்போது கூடிவருகிற விசாரணைக் கமிட்டியின்முன் போய் வாக்குமூலங் கொடுத்திருப்பதாயும் சொன்னார்.

* * *

சென்ற மாதம் சஞ்சிகையுடன் வெளிவந்த இந்திய யாத்திரிகளின் படமானது பாலிய ரெஸிஸ்டர்ஸ் கட்சியில் சேர்ந்து தற்போது 3 மாதக் கடினகாவல் தண்டனை பெற்று ஜெயிலில் இருக்கப்பட்டவர்கள். படத்தில் மேல்வரிசையில் மிஸஸ் வள்ளியம்மா முனுசாமி, மிஸஸ் ஏ. பெரி மிஸஸ் ராஸ வீருசாமியும், கீழ்வரிசையில் உள்ளவர்கள் மிஸஸ் வி. எஸ். நாயுடு, மிஸஸ் முனுசாமி, மிஸஸ் வி. எஸ். பிள்ளை, மிஸஸ் முனுசாமி முதலி.

* * *

மிஸ்டர் கேப்ரியில் இஸிக் என்னும் ஓர் வெள்ளைக்காரர் பீனிக்ஸ் பண்டவுனில் தான் இருக்குமிடத்தில் இந்தியர்கள் தங்கியிருக்க இடங் கொடுத்ததை முன்னிட்டு போலிசாரால் விசாரிக்கப்பட்டு விசாரணையின் பேரில் இவருக்கு இரண்டுமாதம் தண்டனை விதிக்கப்பட்டது. ஏற்கனவே போலிசார் இவர் இந்தியர்களுக்கு இவ்விதம் இடங்கொடுக்க கூடாதென்று தடுத்திருந்தும் இவர் இந்தியர்களின் பேரில் இரக்கமுடையவரானதால் இவ்விதம் செய்தார். மிஸ்டர் இஸிக் சைவமானதால் ஜெயிலில் இவருக்கு வேண்டிய மரக்கறி பதார்த்தங்கள் கிடைப்பது அரிதாயிருக்கும், ஆயினும், சர்க்கார் பாலிஸ் ரெஸிஸ்டர்கள் யாவரையும் விடுதலையாக்குவதாய் வாக்கு செய்திருக்கிறபடியால் இவர் கூடிய சீக்கிரம் விடுதலையாவார் என நம்புகிறோம்.

* * *

ஸர் வில் ஹூலெட் சொன்னபேச்சில் இந்தியர்கள் மேல் உடம்பாடு எழுதும்போது மூன்றுபவுன் தலைவரி பெண்சாதிகள்மேலும் குழந்தைகள்பேரிலும் போடவில்லையென்றும், ஆனால், இந்தமூன்று பவுன் தலைவரி ஏற்பட்டு விட்டால் இந்தியர்கள் அவர் உடம்பாடு தீர்ந்தவுடன் வெளியேற்றப்படுவார்கள் அல்லது சமானபூமி பயிர்செய் குடியானவர்களாவார்கள் என்று சொன்னார்.

નવાં આવેલાં અંગ્રેજી પુસ્તકો.

આ છાપાના કેટલાક વાંચનારાઓ તરફથી ધરમ અને નીતિ માં પુસ્તકોની માગણી થઇ હતી. તેમાંના અંગ્રેજી પુસ્તકો ની થોડી થોડી નકલો નીચે મુજબ અમારી પાસે આવી પહોંચેલી છે.

ફીલ્ડઝ, ફેકટરીઝ અને વરકશોપ્સ—ખેતીનો ઉદ્યોગ કેટલો સરસ રીતે થઇ શકે છે અને મહેનતના કામ સાથે મગજનું કામ કેટલું ખીલવી શકાય છે તે વીશે પ્રીન્સ ક્રોપોટકીને આ પુસ્તકમાં ઘણો સરસ ચીતાર આપ્યો છે. કી. ટપાલ ખર્ચ સાથે ૧/૯

ઇસ્લામ—આ પુસ્તકના લખનાર જસ્ટીસ અમીર અલી પ્રસ્તાવનામાં લખે છે કે "ઇસ્લામના મુખ્ય શિક્ષણનો સાર આ પુસ્તકમાં આપ્યો છે." કી. શી. ૧–૯

હારટ ઓફ ઈંડીઆ—અથવા હીંદુ ધરમ અને નીતીનાં તત્વોનો ઈતીહાસ કી. શી. ૨–૯

પ્રખ્યાત કવી શેખ સાદીનાં ગુલીસ્તાન અને બોસ્તાન.

પરશીઅન મીસ્ટીકસ ભાગ ૧ અને ૨ તેમાં જલાલુદીન રૂમી અને નુરદીન અબ્દઅલ રહેમાન જામીનાં લખાણો છે.

અરેબીઅન વીઝડમ—અરેબીકમાંથી તરજુમાને માટે ચુંટી કાઢેલી નસીહતો. દરેકની કી. શી. ૧–૯

એ વીઝન ઓફ ઈંડીઆ અથવા હીંદની ઝાંખી—લખનાર સીડની લો.

હીંદુસ્થાન, બરમા અને સીલોનની વાર્તાઓ અને કહેવતો—આ વાર્તાઓ ભેળી કરીને મીસ ફાઇવી મેયોએ અંગ્રેજી માં લખી છે. કી. ટપાલ ખર્ચ સાથે શી. ૧/૮.

રૂબાયત ઓફ ઉમરખાયામ ચીત્રો સાથે કી. ટપાલ ખર્ચ સાથે શી. ૨–૯

ધી સ્ટોરી ઓફ એન આફ્રીકન ફાર્મ—કેપટાઉનના પ્રખ્યાત લેખક ઓલીવ શ્રાઇનરના આ પુસ્તકની ૧૧૬ હજાર નકલો છપાઇ ચુકી છે. કી. ટપાલ ખર્ચ સાથે શી ૧–૯

સેલ્ફ હેલ્પ, કેરેકટર અને લાઇફ એંડ લેબર—ડા. સ્માઇલ્સના આ ત્રણે ઉપયોગી પુસ્તકોની અનેક ભાષાઓમાં ઘણી આવૃતીઓ છપાઇ ચુકી છે જાત મહેનત અને ઉમદા ચારિત્રથી માણસ કેટલે સુધી ચડી શકે છે તેના આ પુસ્તકોમા અસંખ્ય દાખલા તથા રસ્તાઓ આપેલા છે. દરેકની કી. શી. ૧/૬ દરેકનુ ટપાલ ખર્ચ પાંચ પાંચ પેની.

બ્રહ્મ નોલેજ વેદાંતના તત્વજ્ઞાન વિષે વિચાર.

રામાયણ અને મહાભારત—મરહૂમ રોમેશ દત્તે લખેલ તરજુમો.

લાઈટ ઓફ એશીઆ અથવા બુધ્ધચરિત્ર

સોંગ સીલેસટીઅલ—એડવીન આરનોલ્ડે કરેલ ભગવદ્‌ગીતા નો તરજુમો.

શકુન્તલા કવી કાલીદાસના સંસ્કૃત નાટકનો તરજુમો, ગામા ઝનુંદ અવસ્તા, ફીરદૌસી વગેરે ના કનાં તરજુમા છે.

[illegible] રૂબાયત—સરમદ ના કુલ [illegible] રૂબાઇઓનો તરજુમો કર્યો છે.

મહમદ પેગમ્બરનુ જીવન ચરિત્ર—વોશીંગટન ઈરવીંગકૃત

મહોમેડેનીઝમ અથવા મુસલમાની ધર્મ.

મહમદ ધી ગ્રેટ અરેબીઅન—મેરીડીથ ટાઉનસેંડ કૃત.

ધી ફ્યુચર ઓફ ઈસ્લામ—મુસલમાની દુનિયાના પુરા માહીતગાર મી. ડબલ્યુ. એસ. બ્લંટે "ફોર્ટ નાઈટલી રીવ્યુ" માં લખેલા પાંચ નિબંધો આ પુસ્તકમાં છે. કીમત ટપાલ ખર્ચ સાથે શી. ૪/

એમ. કે. ગાંધી અને દ. આફ્રીકાનો હીંદી સવાલ—એ ચોપડી અંગ્રેજીમાં ડા. પ્રાણજીવન જે. મહેતાએ લખી છે. કીમત ૬ પેની, પોસ્ટેજ ૧ પેની.

ઇન્ડીઅન હોમ રૂલ (અંગ્રેજીમાં)—હીંદનું ખરું સ્વરાજ્ય કયું છે તે વીશે મી. ગાંધીના વિચારો સંવાદ રૂપે અંગ્રેજીમાં આપ્યા છે. કીમત ૬ પેની, પો. ૧ પેની.

નવાં ગુજરાતી પુસ્તકો

આરોગ્યતા વિષે સામાન્ય જ્ઞાન—મી. મોહનદાસ કરમચંદ ગાંધીએ ઇ.ઓ. માં આ વીષય ઉપર લખેલાં પ્રકરણોનું પુસ્તક.

પહેલા ભાગમાં હવા, પાણી, ખોરાક, કસરત વીગેરેની લગતી બાબત છે. કીમત ૬ પેની પોસ્ટેજ ૧ પેની.

આરોગ્યતા વિષે સામાન્ય જ્ઞાન ભાગ રજો. પાણી તથા માટીના ઉપચાર, ચેપી રોગ, સુવાવડ, બચ્ચાંઓની માવજત સરપ અને વીંછુના ડંખ, અકસ્માત ડુબવું, તાવ અને તેના ઇલાજ, કબજીયત, મરડો વીગેરેનાં જે પ્રકરણો મી. ગાંધીએ આ છાપામાં લખેલાં તે આ ભાગમાં પુસ્તક રૂપે છપાઇ બહાર પડેલ છે. કીમત ૬ પેની પોસ્ટેજ ૧ પેની.

નીતિનાં કાવ્ય—છેલ્લા બહાર પડેલ આ પુસ્તકના બીજાં ૧૬ પાનાં ઉમેરવામાં આવ્યાં છે છતાં તેની કીમત પેની ૩ જ રાખેલી છે. પોસ્ટેજ ૧ પેની.

શરીર સંપતિનો વધારો અને તેની સંભાળ—લખનાર: વડોદરા નિવાસી પ્રોફેસર માણેકરાવ. કીમત ૩ પેની પોસ્ટેજ ૧ પેની.

પુરવ અને પશ્ચિમ—એક પ્રખ્યાત અંગ્રેજ લેખકના પુસ્તકનો તરજુમો કીમત ૬ પેની પોસ્ટેજ ૧ પેની.

મો. ક. ગાંધીનો જન્મ વૃતાંત—રેવ ડોકે લખેલ અંગ્રેજી પુસ્તકનું એ ભાષાંતર છે. એમા શરૂઆતમાં લોર્ડ એમ્પથીલનો ઉપોદ્‌ઘાત છે, જેમાં તેમણે મી ગાંધીના સબંધમાં જે વિચારો બાંધ્યા છે તેનો ચિતાર આપ્યો છે. વળી ભાષાંતરકરતાની પ્રસ્તાવના જે લગભગ ૮૦ પાના છે તે વાંચવા લાયક છે આ પુસ્તકમા મી. ગાંધીની કારકીરદી સાથે દ. આફ્રીકના સવાલનું વરણન કરેલું છે. પાકું પુઠું કી. શી ૧/૩.

બાલગંગાધર તીલકના મત અને વિચાર—આ વિચારો ભાઇ કોટવાલે સંક્ષેપમાં લખ્યા છે. કીમત ૬ પેની, પો. ૧ પેની.

માણસ કેટલી જમીનનો માલિક થઇ શકે?—આ વારતા મરહુમ મહાન ટોલસ્ટોયની રસીક અને બોધક વારતાનો તરજુમો છે કીમત ૩ પેની, પોસ્ટેજ ૧ પેની.

મારો જેલનો અનુભવ—પહેલો, બીજો, અને ત્રીજો—આ ત્રણે ચોપડીમાં મી. ગાંધીએ સત્યાગ્રહની લડતમાં મેળવેલ અનુભવની સ્વતંત્રે લખેલી બીના છે. કી. શી. ૧, પો ૧ પેની

જેલનાં ગાયન—આમાં સત્યાગ્રહ સંબંધના લખાયલા ઉરદુ અને ગુજરાતી કાવ્યોનો સમુહ છે. કી. શી. ૧, પો. ૧ પેની.

અઠવાડીક પંચાગ.

ખ્રીસ્તી—તા ૧૧ ફેબ્રુવારીથી તા. ૧૭ ફેબ્રુવારી સુધી ઈ. સ ૧૯૧૪.
હીંદુ—માહ વદ ૧ થી માહ વદ ૭ સુધી સંવત ૧૯૭૦.
મોહમેદન—તા ૧૫ મી રબીઉલઅવલથી તા ૨૧ રબી૦ સુધી ૧૩૩૨ હીજરી.
પારસી—તા. ૩ થી તા. ૯ સુધ. ૧૨૮૩.

વાર	ખ્રી તા.	હીંદુ તિથિ		મુ. તા.	પા. તા.	સુર્યોદય ક. મી.	સુર્યા૦ ક. મી.
બુધ	૧૧	વદ	૧	૧૫	૩	૫—૩૭	૬—૪૮
ગુરૂ	૧૨	,,	૨	૧૬	૪	૫—૩૮	૬—૪૭
શુક્ર	૧૩	,,	૩	૧૭	૫	૫—૩૮	૬—૪૬
શની	૧૪	,,	૪	૧૮	૬	૫—૩૯	૬—૪૬
રવી	૧૫	,,	૫	૧૯	૭	૫—૪૦	૬—૪૫
સોમ	૧૬	,,	૬	૨૦	૮	૫—૪૧	૬—૪૪
મંગળ	૧૭	,,	૭	૨૧	૯	૫—૪૧	૬—૪૩

જોહાનીસબર્ગ હીંદુ કમ્યુનીટી

૩૨૨ ૪ ૧૧ તા. ૧૨ નવેમ્બર ૧૯૧૩ થી તે તા. ૭ જાન્યુઆરી ૧૯૧૪ સુધીના અંકોમા ઉપરના મથાળા નીચે સ્વીકારાયા છે.

૧	૧૦	૦	મી. નારણ ભુલા ભાટપોર
૧	૧૦	૦	,, ત્રીકમ ભાણા, મેચી
૧	૧૦	૦	,, મકન પ્રતાપ હાટિર
૧	૧૦	૦	,, બારબર રામા વલ્લભ અને ભીખા કલ્યાણ ૧ ચાવલ
૨	૧૦	૦	,, ડાહ્યા મોતી દરજી ટીકીટ માટે
૦	૫	૦	,, મોરાર ડાહ્યા ડાબેલ
૦	૫	૦	,, હરી પરાગ અણગામ
૦	૫	૦	,, રામા વલ્લભ વાણુંદ
૦	૫	૦	,, ભીખા કલ્યાણ
૦	૫	૦	,, પરશુ પેમા
૩	૦	૦	,, લગુભાઇ કલ્યાણ રૂટી પોરટ
૦	૧૫	૦	,, લાલા જીવા બોદાલી
૦	૫	૦	,, રતન મકન ભગવીના
૧૩	૧૦	૦	સુથાર કોમ તરફથી. હસ્તે મકન દયાળ કસ્બાના લલ્લુ વલ્લભ એરૂના, કાળા નથ્થુ, વલ્લભ હીરા, લલ્લુ જોગી હંસજી વસન
૩૪૯	૯	૧	કુલ

આર્ટ પેપર ઉપર છાપેલા સુંદર ફોટોગ્રાફ

માનવંત. દાદાભાઇ નવરોજી
ઇંડિઅન સ્ટ્રેચર બેરર કોર
અફઘાનીસ્તાનના અમીર
સ્ટેંડરટનના બહાદુરો
મી. ચેટીઆર
મીસીસ રંભાબાઇ
મી. એમ એચ. નાઝર
મી. અમીરદીન ફોર્ઝદાર
મી. ઉમર હાજી આમદ ઝવેરી
મી બાવાઝીર
મી ફોન્દાર
મરહુમ કાઉંટ ટોલસ્ટોય
સર વીલીયમ વેડરબરન
મી. હોસ્કેન
દીલાવર મી. રતન જે તાતા
દે. ભ. ગોખલેની મુલાકાત વખતે જોહાનીસબરગના સ્ટેશને બાંધેલી કમાનનો દેખાવ
મી જોસફ ડોક
રેવ. જે. જે. ડોક
મી. સોરાબજી શાપુરજી અડાજનીઆ
મી. પોલાક
શેઠ જતું કારકુન
મુંબઇમાં ટ્રાંસવાલના દેશપારીઓ
મદ્રાસમાં ટ્રાંસવાલના દેશપારીઓ
મી. કેલનબેક
મી. જોસફ રોયપન ફેરીઆ
જોહાન્સબર્ગમાં હીંદી કીતિસ્તંભ
કોડીડારપ લોકેશન
મી ગો.ખલેના માનપત્રો
ટોલસ્ટોય ફારમના રહીશો
મરહુમ મી નારાયણસામી
જસ્ટીસ અમીર અલી
લોર્ડ એમ્પથીલ
મી. જોસફ રોયપન બારીસ્ટર
હીંદી બાનુઓનું બઝાર"
કીમતઃ—દરેકની ૧ પેની પોસ્ટેજ અર્ધી પેની.
કવિ રવિંદ્રનાથ ટાગોર
ટોલસ્ટોય ફારમપર થયેલી છેલ્લી મજલીસ
મરહુમ હાજી હુસેન દાઉદ મહમદ
મરહુમ મી. અબ્દુલ્લા હાજી આદમ
મી. સી. કે. થંબી નાયડુ
મરહુમ મી આહમજી મીયાં ખાન
ટ્રાંસ્વાલની બહાદુર સત્યાગ્રહી ૧૧ બાનુઓ
ટ્રાંસવાલની બહાદુર સત્યાગ્રહી ૭ બાઇઓ
મી. બદરી
વીરલમનું શ્રી ગોપાલ લાલનું મંદીર
મીસીઝ શેખ મેહતાબ
રેવ. મી. એન્ડ્રુસ અને મી. પીઅરસન

સત્યાગ્રહ રેકર્ડ ફંડ

૮૧૧ ૧૦ ૧૧ પાછળનો.
૦ ૨ ૦ મી. જોગી હીર જોહાની બરસ ૧૭ મો હફતો.
૦ ૧૦ ૦ મી. પી. સતનાથન ડરબન
૮૧૨ ૨ ૧૧ કુલ

હીંદુસ્તાનની ટપાલ

તા. ૧૧ ફેબ્રુવારીના અરસામાં સ્ટી. મારકોઆંફમાં બંધ થશે.

તા. ૧૯ ફેબ્રુવારીના અરસામાં સ્ટી. પદ્‌મા મા બંધ થશે

તા. ૨૩ ફેબ્રુવારીના અરસામાં સ્ટી. અમબેલોસીમાં બંધ થશે.

તા, ૩જી ફેબ્રુવારીએ કોલે બે.થી અહીં આવવા સ્ટી ગુજરાત ઉપડી છે.

ઇ. ઓ. ના લવાજમના દર

યુનીઅન—કેપ, નાતાલ, ટ્રાંસવાલ, ઓ.રેંજીયામાં—

વારષિક	૧૪		૦
છમાસિક	૦	૮	૦
ત્રિમાસિક	૦	૫	૦
નકલની	૦	૦	૪

બધા લવાજમ અગાઉથીજ લેવાનો ધારો છે.

નવાં આવેલાં પુસ્તકો

ગીતાજીનો ખીસામાં રાખવા જેવડો નાનો ગુટકો	૦	૪		—
ગીતાજીનો મોટો ગુટકો	૦	૬		૧
ગુજરાતી ઈંગ્લીશ ડીક્ષનેરી બલસારે કૃત	૧૦	૦	૧	૬
તુલસીદાસકૃત રામાયણ	૫	૩	૧	૦
ભાગવત મોટું ૯૫૯ પાનાનું અને લગભગ ૪ી. ઓના કદનું ...	૪	૦	૧	૭
વનરાજ ચાવડો......	૨	૯		૪
કવિતકમાળા બોધવચન	૧	૬		૩
જુનું નર્મ ગદ્ય......	૩	૬		૬
એક ત્રણ ગાળી વારતાનો તરજુમો	૧	૩		૨

છાપી પ્રગટ કરનાર ઓલ્બરટ એચ. વેસ્ટ અને નગનલાલ કે. ગાંધી., કે. ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ, ફીનીક્સ, નાતાલ.

Supplement to INDIAN OPINION,
18th February, 1914.

Sir Benjamin Robertson and Staff

Photo by] [*B. Gabriel.*

Mr. Slater, Private Secretary. Rai Saheb Sircar. Sir Benjamin Robertson.

મી. સ્લેટર રાઇ સાહેબ સરકાર સર બેંજામીન રોબરટસન

Printed and Published by Albert H. West
and Maganlal K. Gandhi

Indian Opinion

PUBLISHED WEEKLY IN ENGLISH, GUJARATI, HINDI AND TAMIL

No. 7—Vol. XII. WEDNESDAY FEBRUARY 18TH, 1914. *Registered at the G.P.O. as a Newspaper* PRICE THREEPENCE

THE INDIAN NATIONAL CONGRESS

THE 28th Indian National Congress, which sat, under the presidency of the Hon. Nawab Syed Mahomed, of Madras, on the 26th December, placed the South African Indian question, by reason of its paramount importance, in the forefront of its proceedings. From the reports that have now come to hand, it is clear that the Congress realised the seriousness of the situation as it has never before been realised by that national body. We publish hereunder that part of the proceedings of special interest to the South African Indian public. The Presidential address contains the following references to the Indian problem in this country:—

The foremost question that is just now agitating the public mind in this country is the question of our brethren in South Africa. The tale of woe that has been reaching us from there, since the Boer country became part of the British Empire, is really heart-rending and that the responsible British statesmen should have been so far unable to do anything by way of attempting a settlement fills us with profound sorrow, almost with despair . . . . .

The war with the Transvaal was undertaken mainly, if not solely, on the ground of ill-treatment accorded to the British Indian subjects and it is to be greatly deplored that their position should have become much worse after the incorporation of the country into the world-renowned British Empire than it was ever before. May I ask in your name that, when the object with which that costly war was undertaken is not gained, where is the justification for it? . . . .

We cannot be too thankful to Lord Ampthill who has taken up our cause in South Africa so right earnest. His sympathy for the people of this country which he uniformly manifested during his term of Governorship in Madras has endeared him to all of us. And as a very large number of immigrants go from the Southern Presidency it is but fitting that his Lordship should raise his voice in defence of the rights of those whom he had governed with sympathy and benevolence. Lord Ampthill referring to the speech of Lord Lansdowne aptly observes: "Those were far-sighted and prophetic words, for at that time India was quite unconscious of the indignity, and it is only after the lapse of a decade that we have seen the effect produced in India." .

But what could our sympathy and indignation do in this situation? We can send, as indeed we are already sending so liberally, pecuniary relief to the oppressed, but we cannot restrain the hand that oppresses. It is for the Imperial Government to step in and alter the course of things in favour of our brethren. We have had any amount of expressions of sympathy and encouragement [illegible] but no prospect of action is yet within our sight. [illegible] spectacle of a world-wide Empire embracing about 300 millions of people as its subjects being powerless before an irresponsible Colony is not only [illegible] the [illegible]

the Indian mind. The position is now vastly worse than before, not merely from the point of view of the increasing disabilities and the intensity of suffering, but from the point of view of their moral effect. In the days of the Boer Government the Indian settlers had the feeling that their wrongs were due to an unjust and unsympathetic foreign State which only needed to be brought to the notice of their own Government to be remedied. But to-day they find the Imperial Government standing by while blow after blow is deliberately aimed at them with terrible precision and effect. This indifference has aggravated the situation and has roused bitter feelings between two countries of the Empire and is certainly derogatory to the high character of British statesmanship. Not only that, it leads one to think that this indifference in effect encourages the South African Union in the belief that their mistaken policy has the support of the Government at Home. . .

It has been suggested in some quarters that a friendly conference of the representatives of India, England and South Africa might be held in London in order to discuss the situation and arrive at a satisfactory solution of this problem. But I have no faith in such a conference. I believe the time has come when we have to ignore the South African Union and look up to the British Government and appeal to them for intercession on our behalf. I have more faith, I confess, in retaliatory measures such as the placing of an embargo on the importation of coal from Natal into this country, and the closing of the doors of competition for the Civil Service against the South African Whites. It seems to me that these are the only weapons at present available and the Government of India should lose no time in making use of them. I am aware that these measures have the disadvantage of being merely irritating without being directly effective or inflicting any real disability on the Colonies. But their moral effect would, I am convinced, be very great on our people and will not be altogether lost on the Union Government.

At a time when the Indian sky was overcast with the darkest clouds of anxiety and grief for the sufferings of our countrymen in South Africa, H. E. the Viceroy made a pronouncement at Madras which has given immense satisfaction to the people of this country . We are extremely grateful to our popular Viceroy who has gauged the feeling in the right manner and has given expression to his own sympathy with the sufferers who are engaged in the present struggle . . .

What has now been done by the Union Government shows how little regard they have for the feelings of Indians and of those who stand by them in this matter. A domestic court of enquiry composed purely of South African settlers has been constituted to enquire into Indian grievances. I do not wish to say anything against the gentlemen who compose this tribunal. They are no doubt estimable men, but they do not and cannot understand our point of view; they are bred

up to traditions which lead them to think that we have no rights and consequently can have no grievances. It is impossible to understand how the Home Government can have consented to the appointment of such a committee. Mr Harcourt spoke of gentle persuasion. If this is all that can be achieved by such a procedure, it is time that other measures are adopted. I believe I am voicing your sentiments when I say that this committee inspires the people of this country with no hope and its conclusions will leave the situation unchanged. We trust that the British Cabinet will realise that the situation is becoming graver every day.

South African Indian Resolution

The first important resolution was that on the South African Indian question. As was only to be expected it was moved by Mr. Govindraghava Iyer of Madras, who said that the resolution related to what might be called the question of the day and without referring to the conditions of Indians in South Africa the speaker turned to the question of principle. Those who did not sympathise with them urged that the Imperial Government could not interfere with the self-governing Colonies. It was no argument at all. Indians were striving to get self-Government within the Empire. Indians were only questioning the action of the Colonies in respect of not allowing Indians to live there as citizens. After refuting the other arguments of those who were not sympathetic with them the speaker referred to the six points mentioned in the statement made by Mr. Gokhale. They wanted that the racial bar should be removed. South African Indians should have the right to enter Cape Colony, the right of a domicile should be restored, the three-pound tax abolished, Indian marriages should be recognised in South Africa and South African laws should be sympathetically administered. After explaining in detail the above six points he concluded by saying that there was yet hope for they were fortunate in having a sympathetic Viceroy in Lord Hardinge. His Excellency as a responsible administrator considered it his duty to dissociate himself from the policy of the Union Government. It had been said in some quarters that it was mere diplomacy on his part only to please the Indians. The speaker however thought that in it lay a principle which was higher than diplomacy. For the courageous and statesmanlike declarations of the Viceroy they, the Congress and the whole of India were grateful to His Excellency.

It becomes easy to imagine that there will be cases of abuse and oppression, that there will be bullies and harsh taskmasters among the whites who, lacking the moral force to preserve their position and authority, or for greed of gain, will resort to cruelty and tyranny. We have had many stories of floggings retailed here during the last few days, and while it is a significant fact that in the one important case where a judicial inquiry was held, the charges were entirely disproved, there is little doubt that here and there abuses do occur, says the "Birmingham Daily Post."

A correspondent, in a special article to the "Sheffield Daily Independent," says, of the Indian agitation in South Africa:—It is an outcome of the Union which had inevitably to cause friction in levelling up or down the regulations in force in the different States. The Union authorities have chosen to level down to the worst rather than up to the best, viz., that of showing the Indian community the consideration they deserve as a peaceable, law-abiding community, the members of which in the first instance entered South Africa to the rescue of a staple industry, and were thereafter permitted to settle as much for the good of South Africa as for that of the Indian immigrants.

In a letter to the "Scotsman," Sir Charles Bruce says:—The claims of the British Indians in Africa are based on the fact that the Imperial Government is the sole trustee of their external interests and international rights and has the sole control of the power to have those rights respected. Either our [illegible] is an impudent act of self-assertion [illegible] to adopt a phrase of Mr. Gladstone's, the highest trust and function that Providence has ever assigned to any family of the human race. The terms of the trust are written in Queen Victoria's Proclamation of 1858 and declare that no native of India shall, by reason only of his religion, place of birth, [illegible] or any of these things be disabled from holding any [illegible], office or employment under the Government. [illegible] gave this pledge:—"We hold ourselves bound to the natives of our Indian territories by the same obligations of duty which bind us to all our other subjects, and those obligations, by the blessing of Almighty God, we shall faithfully and conscientiously fulfil." [illegible] I submit with confidence the proposition that to exclude from the obligation of duty [illegible] and wrong outside the limits of the administration [illegible] is the country of origin of any group of British subjects, whether it be India, or a self-governing Colony or a Crown Colony, is the direct negation of Empire. But the case of the British Indians in Africa does not depend only on the acceptance of this general proposition. It is supported by vested rights and specific promises and pledges.

Printed and Published by Albert H. West and Maganlal K. Gandhi, International Printing Press, Phoenix, Natal.

ઇન્ડિયન ઓપિનિયન.

પુસ્તક ૧૨ મું. ફીનીક્સ, બુધવાર, તારીખ ૧૮ મી ફેબરૂઆરી, ૧૯૧૪. અંક ૭.

અધિપતિની નોંધ

સ્ટાંગરમાં લાઇસેન્સનો કેસ

સ્ટાંગરમાં લાઇસેન્સનો એક કડવો કેસ બન્યો છે તે આપણી દશા બતાવે છે. તેમાં મી. રામચરણ જેવા જુના વેપારીની લાઇસેન્સ ટ્રાન્સફર થવાની સામે હીંદી વેપારીઓએ વાંધો ઉઠાવ્યો. એક તરફથી આપણે લાઇસેન્સના કાયદાની સામે થઇએ ને બીજી તરફથી તેની તીખી કલમનો લાભ લઈ બીજાના હક ઉપર ઘાટુ નારીએ તેનું પરીણામ કડવું આવે તો શી નવાઇ? છેવટે મી. રામચરણે બાહોશ નોકર રાખ્યો એટલે તેજ લાઇસેન્સ રીન્યુ કરવા સામે આપણા વેપારી થયા। આનું કારણ એમ આપ્યું કે તે નોકરને રાખવાથી મી. રામચરણનો વેપાર વધે ને તેથી બીજા વેપારીને ધક્કો પહોંચે આ ભાઈ પરના જુલમની સીમા આવી. સ્ટાંગરના વેપારીઓએ આ જુલમ કર્યો છે તેમને સમજાવનારૂં કોઈ નથી? આપણે અમલદારને લાગ આપ્યો એટલે તે પણ ચડી બેઠો. તેણે વેપારીઓની દલીલ નામંજુર કરી પણ જે ચોપડા પહેલાં કબુલ રાખેલા તેજ નાપસંદ કરી તેણે લાઇસેન્સ રીન્યુ કરવાની ના પાડી છે. મી. રામચરણ તેજી હીંદી જણાય છે ને આમ હાર પામી બેસી રહેવા ઇચ્છતા નથી. તેણે અપીલ નોંધાવી છે. અમે તેને ફત્તેહ ઇચ્છીએ છીએ ને જે વેપારીઓ તેની સામે થયા છે તેઓને અમે ફરી વિચાર કરી તેઓની ભુલ સુધારવાની સલાહ આપીએ છીએ.

મી. આંગલીઆની જુબાની

મી. આંગલીઆ અમે કરેલી ટીકા ઉપર નીચે પ્રમાણે મી. ગાંધીને લખે છે—"આપના 'ઓપીનીયન'માં જે દમેએ જુબાની આપી છે તે વિષે ટીકા કરેલી તે અમે બરોબર વાંચી છે ને હુ ઘણો દીલગીર છું કે તમે જુબાની પુરેપુરી ગુજરાતીમાં બહાર પાડયા અગાઉ જજમેંટ આપ્યુ છે એ શું તમોને અને તમારી લાયકીને ઘટતી વાત છે? છતાં હું માનું છું કે છાપો કોમનો છે, ને આપ કહો છો કે કોમની સેવા કરવી એ આપનું કામ છે માટે જો બરોબર સેવા કરવા ચહાતા હો તો આવતા અંકમાં જુબાની પુરેપુરી છાપજો. અને તે પછી તમારે જોઇએ તેવી ટીકા કરજો. પણ જ્યાં સુધી તમે એ જુબાની છાપો નહીં ત્યાં સુધી લોકોને પોતાનો જજમેંટ આપવાનું બની શકશે?" આમ જુબાની આપનારનો ઇરાદો રાખેલોજ છે [illegible] જુબાની સહ [illegible] જોઈ શકે એ [illegible] લીધુ [illegible] અક્ષરવાર [illegible] ૨૮ મુજબ જુબાની ગુજરાતીમાં છાપવાનો અમારો વિચાર છે કે જેથી કોઇ પણ પ્રકારનો અન્યાય ન થાય. અમે પોતે છાપામાંની જુબાની વાંચીને ટીકા કરેલી છે. જો અક્ષરશઃ મળેલી જુબાની ઉપરથી અભિપ્રાય ફેરવવા જેવું અમને જણાશે તો અમે જરૂર તેમ કરશું. પણ છાપામાં પડેલી જુબાની અમને એવી ખરાબ લાગી કે અક્ષરે અક્ષર જુબાની જોતા સુધી રોકાવું એ ઠીક ન હતું. વખતસર ચેતવણી આપવી એ અમારી ફરજ હતી. જો છાપામાં પડેલી જુબાની બરોબર ન હતી તો મી. આંગલીઆ તથા મી. દાદા ઓસમાને તુરત સુધારો કરનારો કાગળ છાપાપર લખવાની જરૂર હતી. છતાં અમે મુળ જુબાની વાંચીને વિશેષ ટીકા કરવાનું તો જણાવ્યું છે.

છોકરાઓનાં રજીસ્ટર

પ્રીટોરીઆમાં પાંચ છોકરાઓને રજીસ્ટર કાઢી આપવાની ના પાડીછે તેમના કેસ ગયે અઠવાડીએ પ્રીટોરીઆમાં મેજર ડીક્સન પાસે ચાલ્યા હતા. આ વખતે શાદીની વાત નથી પણ કાંઇક નવીજ બારી ચમની સાહેબે કાઢી છે. આ કેસોની વીગત એવી છે કે જે છોકરાઓને ચમની સાહેબે રજીસ્ટર કાઢી આપવાની ના પાડી તેમના કેસ આજ વરસ ઉપરાંતની મુદત થયાં લટકી રહેલા હતા. આથી છોકરાઓની ઉમર ૧૬ ઉપરાંત થઇ ગઈ. મુખ્ય ઇમીગ્રેશન અમલદાર મી. ચમનીએ ના પાડી એટલે અરજદાર વતી તેમના વકીલ ડા રીટ્ઝ, મી વેગનર અને મી. રીચે કોરટને અરજી કરી, પણ માજીસ્ટ્રેટ મેજર ડીક્સને જણાવ્યું કે નવા ઇમીગ્રેશન કાયદા મુજબ પોતે ૧૬ વરસની અંદરના સગીર છોકરાની બાબતમાં ઇન્સાફ આપી શકે. આ છોકરાઓ તો મોટી ઉમરના છે એટલે તેની બાબતનો ઇન્સાફ કરવો એ પોતાના અખત્યારની વાત નથી આટલુ કહીને તેણે સુપરીમ કોરટમાં ટેસ્ટ કેસ કરવાની ભલામણ પણ કરી. મી વેગનર જે આ કેસમાં એક વકીલ હતા તેમણે ન્યાયાધીશને પુછ્યુ કે મારા અસીલને મોટી ઉમરનો બાધ તો નહીં આવે? તેના જવાબમાં મેજર ડીક્સને જણાવ્યુ કે અરજદારે સગીર વયમાં અરજી કરેલી એટલે તે બાધ નહીં આવે. મી. વેગનરે સુચના કરી કે મારો અસીલ એક ગરીબ છોકરો છે એટલે મી. ચમની ટેસ્ટ કેસ કરે પરંતુ ચમની સાહેબે હાલ ઘડી કાંઇ પણ પગલું ભરવાની ના પાડી અને તેના કારણમાં એમ જણાવ્યુ કે આ કેસોને સુપરીમ કોરટમાં ચડાવવા એ ઠીક નહીં કહેવાય. અને તેમ છતાં બહુ ઢીલ થશે તો કાંઇક વિચાર કરી તેને પગલું ભરવું પણ પડશે. વકીલોએ પોતાના અસીલોને પુછવા ઉપર વાત રાખી હતી. અમે આ કેસ ઉપર ટીકા પાછળથી આપશું હાલતો ઉપરની હકીકત આપી એટલુંજ કહીશું કે કાયદાઓનો અમલ કરવામાં હેતુ હીંદીઓને પજવવાનો કે કાંઇ મુકવાનો નથી, પરંતુ ખરો ના [illegible] આપવાનો છે એમ [illegible]

સ્ટાંગરથી એક ખબરપત્રી લખે છે કે "ડારનલ સ્ટેશન ઉપર સુમેર કો નો શકરનો ધંધો છે અને ત્યાંની મેરાક્સને બરાઉન કોડી કહે છે ત્યાંના હીંદી મજુરો જેઓની ઉપર પા. ૩નો કર લાગુ પડે છે તેમને મેનેજરે કહ્યું કે તમે બધા સ્ટાંગર જઈને તમારો વેરો ભરી આવો, જો નહી ભરો તો નોકરીએથી રજા મળશે. ગભરાએલા માણસો નાપાસ પુછે છે કે શુ કરવું? એક તરફથી વેરા સામે લડત છે તે બીજી તરફથી વેરો ભરવાને ફરજ પાડવામાં આવે છે. વેરો ન ભરે તેને પોલીસ કંઈ પકડતી નથી પણ નોકરીથી બરતરફ કરી ગુજરાનના સાધન વગર રખડતા કરવાની તજવીજ કરવામાં આવે છે." આ માણસો પાસેથી કર મંગાય છે એટલે તે ગીરમીટમાં તો નહીંજ હોય. તે નોકરી ઉપરથી દુર કરે તો તેમણે બીવાનું નથી. જેઓ કામ કરનારા છે તેમને કયાંય પણ નોકરી મળી રહે એમ છે. અત્યારે કોઈ પણ સ્થિતિથી ગભરાઈને પા. ૩નો કર આપવો અથવાતો ફરીને ગીરમીટ આપવી એ પહેલે દરજ્જે પોતાને અને પછી આખી લડતને નુકશાન પહોંચાડવા બરોબર છે. આટલા અનુભવ પછી લોકોમાં એટલું તો શૂર હશે અથવા પેદા કરી શકાશે કે પોલીસ આ કરને માટે પકડવા આવશે તો તેની સાથે ખુશીથી જવું. ભણેલા અને સમજુ છે તેમણે આ ખબર અત્યારે વધુ ફેલાવવા ઘટે છે.

પા. ૩નો કર

બધા સત્યાગ્રહી કેદીઓ છુટયા

જુદી જુદી જેલોમાથી છુટેલા સત્યાગ્રહીઓની સમાચાર નોંધ અમને જે મળી છે તેમાથી અમે નીચેનુ તારણ આપીયે છીએ. મારીત્સબરગ ૬૦, ડરબન ૧૦, પોઈંટ ૩૪, ન્યુકાસલ ૮, અને પોર્ટ ઇલીઝાબેથ જેલમાથી ૧૧ કેદીઓ છુટયા છે તેમને છોડવામાં વિલંબ થયો પણ તેમની સંખ્યા વધારે મોટી હોવાથી નામ ઠામ અને તેમના ઉપર મુકાએલાં તહોમત વીગેરેની તપાસમાં વીલંબ થયો જણાય છે લગભગ બધી જેલોમાથી કેદીઓને મંગળવારે બપોર પછી છોડવામા આવ્યા હતા, જ્યારે ડરબનના જેલર સાહેબ બુધવારની સવારના ૧૦ વાગતા સુધી કેદીઓને રોકી રાખેલા હતા

ડરબન

ડરબન જેલમાંથી જે છુટેલા તેમને લેવા જેલ ઉપર ઘણા સદસ્યો ગએલા અને ત્યાં તેઓને ફુલના હાર તોરા પહેરાવી વંદેમાતરમના પોકારો વચ્ચે મી. પારસી રૂસ્તમજીને ત્યાં લઈ આવ્યા તેઓ તથા આગેવાન સદસ્ય મળી આશરે ૫૦ સદસ્યોને મી. રૂસ્તમજી તરફથી ખાણું આપવામા આવ્યું. બાદ મેરીત્સબરગથી ૮ બાનુઓ તથા આશરે ૨૨ મરદો બપોરે ૧ ની ટ્રેનમાં આવી પહોંચ્યા તેઓને સ્ટેશને લેવાને સદસ્યો અને બાનુંઓ ટોળા બંધ ગએલાં તેઓને પણ ફુલના હાર તોરાથી વધાવી લઈ ગાડીઓમાં મી રૂસ્તમજીને ત્યાં લાવ્યા. મેસરસ ઇમામ સાહેબ, સોરાબજી વિગેરે અબાલો સ્ટેશને તેમને લેવા સામે ગયેલા. બધાં મળી આશરે ૭૫ સદસ્યોને ફ્રુટ તથા ખાણું આપ્યું બાદ બાનુઓને સત્યાગ્રહ કેમ્પમાં ગાડીમાં રવાના કર્યા.

સાંજે છા વાગે મી. મહમદ કુનકે મેરીત્સબરગ જેલમાંથી છુટીને ડરબન આવ્યા. તેમને લેવાને સ્ટેશને ફુલના ગજરા સાથે મી. સોરાબજી વિગેરે ગયા હતા

બુધવારે ડરબનમાં સ્થાનીક અને મેરીત્સબરગથી છુટેલા આશરે સાઠેક સત્યાગ્રહી સદસ્ય અને બાનુઓને [illegible] અન્જુમન તરફથી ફુલના હાર તોરા આપવામા આવ્યા હતા.

રવીવારે છુટેલા બધા સત્યાગ્રહી કેદીઓના માનમાં તામીલ મહાજન સભા તરફથી એક મેળાવડો કરવામાં આવ્યો હતો. જે વખતે તેમને ભારે મીજબાની આપવામાં આવી હતી અને આવકારનાં ભાષણો થયા હતાં

ડરબનમાં સત્યાગ્રહી બાનુઓના માનમાં ગુરૂવારે બપોરે હીંદુ વીમેનસ સભાએ એક મેળાવડો કર્યો હતો. સત્યાગ્રહી બેનોની કોમી સેવાની તારીફ કર્યા બાદ જેલમા ગયેલ બાઈઓને રૂપાનો પ્યાલો યાદગીરી બદલ તે સભા તરફથી ભેટ કરવામા આવ્યો હતો

મંગળવારે સાઉથ કોસ્ટ હીંદીઓ તરફથી સત્યાગ્રહી સદસ્યો અને બાનુઓના માનમા એક મેળાવડો કરવામા આવ્યો હતો.

મેરીત્સબરગ

મેરીત્સબરગની જેલમાથી ૫૧ પુરૂષો અને ૮ ઓરતો છુટયા હતાં. છુટવાની જેલ તરફથી બે ચાર કલાક અગાઉ ખબર મુકેલી, પણ તે સમયમાં બધી તઇયારી કરી સત્યાગ્રહીઓને જેલ ઉપર લેવાને ઘણા માણસો ગયા હતા સત્યાગ્રહી બેનોને ગાડીમાં અને બીજા બધા સદસ્યોના આગળ હીંદુ યંગ મેન્સ એસોસીએશનના હોલ ઉપર ગયા અને ત્યાં મી. ટી એ સી પીલ્લેના પ્રમુખપણા નીચે એક સભા ભરી આવકાર આપ્યો મી. [illegible] જે સભામાં હાજર હતા તેમણે પણ સત્યાગ્રહીઓને આવકાર આપી કોમની ખાતર જેલમાં ગએલી બાનુઓ ઉપરથી સહુને ધડો લેવા શીખામણ આપી હતી. બીજે દિવસે કેટલાક ડરબન ગયા હતા અને બીજા ચાર્લ્સટાઉન તથા લેડીસ્મીથ માટે રવાના થયા

પોર્ટ ઇલીઝાબેથ

પોર્ટ ઇલીઝાબેથમાં છુટેલા સત્યાગ્રહીઓને ત્યાંની મોટી અંજુમન અને કોલોનીઅલ-બોર્ન હીંદી બેનીફીટ સોસાયટી તરફથી ભારે આવકાર આપવામાં આવ્યો હતો. મંગળવારે અને બુધવારે ત્રણ મેળાવડા થયા હતા. કોલોનીઅલ બોર્ન હીંદુ બેનીફીટ સોસાયટી તરફથી મી. પીલેએ સત્યાગ્રહીઓના આત્મભોગને માટે તારીફ કરી જણાવ્યું કે ભવિષ્યમાં જરૂર પડશે તે સભાના મેમ્બરો કોમની સેવામાં હાજર રહેશે. મેસર્સ એમ. પીલે, [illegible] અને મીટરે સત્યાગ્રહ ઉપર ભાષણો આપ્યાં બાદ જવાબમાં મી જમનાદાસ ગાંધી તથા મી છીબાભાઈ દેસાઈએ પોતાની અને બીજા સત્યાગ્રહી ભાઈઓ વતી પરોણાગતને માટે આભાર દર્શાવ્યો બાદ સત્યાગ્રહીઓને મુબારકબાદી આપવાનો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો. બીજે દીવસે બે જણાં કેપટાઉન અને નવ કીમ્બરલી માટે ઉપડી ગયા હતા.

પાઇનટાઉન સત્યાગ્રહી કેમ્પની [illegible] રાખનાં આપણા [illegible] મિત્ર મી આલ્બ્રેક્ટ પકડાએલા, તેમને બધા સત્યાગ્રહી કેદીઓ સાથે નથી છોડેલ એમ ખબર મી. ગાંધીએ તુરતજ સરકારને બધી હકીકતથી વાકેફ કર્યા. બાદ શુક્રવારે બપોરે પ્રિટોરીઆથી ખબર મળ્યા કે મી આલ્બ્રેક્ટને છોડવાનો તાર કરવામા આવ્યો છે એને તેજ સાંજે મી. આલ્બ્રેક્ટ છુટી આવ્યાના ડરબનથી ખબર મળ્યા. ત્યાં મી રૂસ્તમજીએ તેમને આવકાર આપ્યા હતો.

હીંદી કમીશન

[ગયા અંકથી ચાલુ]

સર બેન્જામીન રોબરટસને કમીશન આગળ પા. ૩ ના કર વિષે જે સાક્ષી આપી તેનો પ્રથમ ભાગ અમે અગાઉ આપેલ છે. તે ઉપરાંત સર બેન્જામીન બોલ્યા કે તમને કેટલાક માણસો એવા પણ મળશે કે તેમને ફીજીમાં મોકલવાને તાકીદ કર્યા હશે, અને તેઓએ ફીજીનું નામ પણ બોલતાં નહીં આવડતું હોય. તેવીજ રીતે નાતાલનું પણ છે. તેઓ તે ક્યાં જવાનું છે તેનું પણ ભાન તેઓને હોતું નથી. તેઓ પોતાના ગામડાંઓની બહાર પણ કદી નહીં ગયા હોય અને તેઓમના ઘણાની દ્રષ્ટીસીમા ફક્ત પોતાના ગામડાની આજુબાજુના પાંચથી દશ માઈલ સુધીજ અંકાયેલી હોય છે. ડીરેક્ટરે સમજાવ્યુ તે પ્રમાણે ગીરમીટીયા ભેગા કરનાર એજંટો તેઓને ભેગા કરે છે. આ એજંટોને પુરતા માણસો અહીં આવવાને કબુલ થાય તે ખાતર કંઈક કહેવું પડે છે. હીંદીઓને તો એજંટો શું કહે છે તે શોધી કાઢવું અશક્ય છે. હીંદી અહીં આવવાને કબુલ થાય તે માટે એજંટો તેની પાસે કેટલાક દીવસો સુધી રહે છે પણ ખરા. અને હીંદીઓ જે વીચારતા હોય અને જે માનતા હોય તેવી વાતો એજંટો કર્યા કરે. હીંદીને પછી માજીસ્ટ્રેટની પાસે ઉભો કરવામાં આવે છે, પણ કોરટની અંદર પેસતાંજ તે ધરુજે છે. માજીસ્ટ્રેટની પાસે તેને ઉભો રાખી તેને તે કરાર સમજાવવામાં આવે છે. જ્યારે તેને એમ પુછવામાં આવે છે કે 'તું આ સહું સમજે છે?' જવાબમાં તે કહે છે કે 'હા હું સમજું છું', પણ ખરી રીતે તો તેને તેનું કંઈ ભાન હોતું નથી. નમ.રી પાસે જે હીંદીઓ આવ્યા હતા તેમનોજ દાખલો લો. હું ધારું છું કે તેમની સમજણ કેવી છે તે બાબતનો આપને સંતોષ થયો હશે. 'અમે સમજીએ છીએ.' આમજ તેઓ બોલે અને વાસ્તવીક રીતે તો તેમને શું સમજવાનું છે તેનો ખ્યાલ હોવો પણ તેમને માટે અશક્ય છે. આમાં કોઈ શું કરે?

તમામ મજુરો હીંદીઓની ભાષા જાણે છે? તેના જવાબમાં સર બેન્જામીન બોલ્યા કે, હા ચોક્કસ રીતે. પણ એજંટોએ તે હીંદી પાસે ઘણા દીવસો રહી કંઈક શીખવ્યું હોય અને તેથી તે વાત તેમનાં મનમાં એવી ઠસી ગઈ હોય કે માજીસ્ટ્રેટની ત્રણ મીનીટની સમજાવટથી કંઈ તે પોતાનો વિચાર બદલે નહીં. તેમ છતાં મારે કહેવું જોઈએ કે જે માણસો પહેલાં અહીં આવેલા હોય છે તેઓની વાતોથી લલચાઈને ઘણા હીંદીઓ અહીં આવે છે. તે પોતે જ્યાં જાય છે ત્યાં કંઈક સમજપુરવક જાય છે. કલકત્તાની ડેપોમાં મેં એક માણસને પોતાના બીજા દશ મિત્રો સાથે નાતાલ પાછો આવતો જોયો. તેઓ બધા ક્યાં જાય છે તે સમજતા હતા. પણ ગીરમીટીયા હીંદીઓનો ઘણો મોટો ભાગ એજંટો મેળવે છે. તેઓ આ દેશની કંઈ પણ હકીકત જાણતા નથી, અને તેઓ ક્યાં જાય છે તેનું પણ તેમને ભાન નથી હોતું. વળી વધારે મુશ્કેલી એ છે કે તેઓના કરારનામાની શી શરતો છે તે પણ તેઓ સમજી શકતા નથી.

પ્રમુખ—પણ મારા ધારવા પ્રમાણે તેઓ પોતાના કરારની મુખ્ય શરતો તો જાણતા હશે. જેવી કે તેઓને પગાર તેમજ ગીરમીટની મુદત.

સાક્ષી—ઘણો ભાગ તે તેની દરકાર પણ કરતો નથી

પ્રમુખ—તે શરતોની પણ તેઓ દરકાર નથી કરતા?

સાક્ષી—ના, તેઓ તો ગમે તે રીતે ત્યાંથી જતા રહેવા માગે છે.

પ્રમુખ—શા માટે?

સાક્ષી—કોઈ કોઈ વખત તેઓને શાહુકારની અગર કુટુંબની તકરાર હોય છે. તેઓનો ઘણો ભાગ તો આવી સ્થિતિને કારણે અહીં આવે છે. તેઓ હીંદુસ્તાનમાંથી ભાગી છુટવા માગે છે તેથી તેમના પગારની, જવાના સ્થળની, કે તેવી બીજી વાતની તેઓ દરકાર કરતા નથી. આ બધું તમે સમજી શકો તે પહેલાં હીંદીને તમારે ઓળખવો જોઈએ.

પ્રમુખ—આ કર તેમને આપવો પડશે એ હકીકત તેઓ સાંભળ્યા નથી સમજી શકતા એમ તમે માનો છો?

સાક્ષી—મારે કહેવું જોઈએ કે આ કર તેમને આપવાનો છે એ હકીકત મોટો ભાગ સમજતો નથી. તેઓને તે બધું કહેવામાં આવે છે અને તેઓ સહી પણ કરે છે પણ તે કરારનામાનો શો માયનો છે તે તેઓ સમજતા નથી તે સમજવા પ્રયત્ન પણ કરતા નથી. નાતિ અગર કુટુંબનો કજીઓ અગર એવા બીજા કોઈ કારણસર ત્યાંથી નાશી છુટવા સિવા તેઓને બીજી કોઈ ઈચ્છા હોતી નથી.

પ્રમુખ—ડેપોમાં આ કરાર તેમને સમજાવવામાં આવે છે?

સાક્ષી—હા કલકત્તાની ડેપોમાં સમજાવવામાં આવે છે. પણ જે માણસને સમજવાની ગરજ હોય નહીં તેને કંઈ સમજાવવું તે ઘણું મુશ્કેલ છે

પ્રમુખ—એ તો મોટી મુશ્કેલી કહેવાય.

સાક્ષી—હા એમજ છે.

પ્રમુખ—પણ અહીં રહે તો તેઓએ આ કર આપવો એવું કબુલ કર્યું છે?

સાક્ષી—હા

પ્રમુખ—અલબત, હીંદી સરકાર આ લોકોની રક્ષણકર્તા છે. અને તેણે પણ આ સ્વીકારેલ છે?

સાક્ષી—હા, હીંદી સરકારે તે કરારનો સ્વીકાર કર્યો છે, અને હીંદીએ તે કરાર ઉપર સહી કરી છે; આ બે ભારે મુશ્કેલીઓ છે પણ કરારનામા સંબંધી કંઈ પણ ગેરસમજની હીંદીઓની નારાજી વિષે મેં આપને જણાવ્યું

પ્રમુખ—એ મુશ્કેલીઓ છતાં પણ તમે એમ માનો છો કે, હીંદીઓના સામાન્ય ભલા ખાતર આ કર નાબુદ કરવો એ ઇચ્છવા જોગ છે?

સાક્ષી—હીંદી સરકારનો એવો મત છે કે હીંદીના ભલાની ખાતર તે કર નાબુદ થવો જોઈએ. હીંદીને આ દેશની ખેતી, અને ઉદ્યોગની આબાદી ખાતર અહીં લાવવામાં આવેલ છે. અને હીંદી સરકાર એમ માને છે અને હાલના બનાવો પણ એમ સુચવે છે કે હીંદીને આ કરમાંથી મુક્ત કરવો.

પ્રમુખ—તમે એમ માનો છો કે જ્યારે તેઓ બહાર નીકળી આવે છે ત્યારે હમેશને માટે અહીં રહેવાની તેમની ધારણા હોય છે?

સાક્ષી—તે ખાતરીપુર્વક કહેવું મુશ્કેલ છે. કેટલાક એમ વીચારે છે કે તેઓ પાછા આવશે, પણ તમને મેં કહ્યુ તે પ્રમાણે શું બનશે તેની પણ કેટલાક દરકાર કરતા નથી. [illegible] પોતાના [illegible] તેઓ [illegible] પણ [illegible] નથી

પ્રમુખ—આ કર નાબુદ કરવો એ માટેની તમારી આ દલીલો છે ?

સાક્ષી—હા આ કર નાબુદ થવાની સાથે સંબંધ રાખતા કેટલાક મુદ્દાઓ પણ હું કમીશન પાસે મુકવા ધારૂં છું. જો કર નાબુદ થાય તો ગીરમીટ પુરી કરેલા હીંદીના વસવાટ બાબતનો સવાલ ઉભો થશે. કારણ કે હાલના ઇમીગ્રેશન કાયદા પ્રમાણે તે હીંદી બાધીત ગણાશે.

પ્રમુખ—ત્રણ વરસની મુદત સુધી અહીં રહીને કાયદેસર રહેવાસી બને નહીં ત્યાં સુધી તેમને આ દેશમાં રહેવાની રજા મળવી જોઇએ એ જરૂરનું છે ?

સાક્ષી—આ મુદ્દો ફક્ત કમીશનની જાણની ખાતર હું રજુ કરૂં છું. આ વિષયમાં હીંદી સરકાર સાથે મેં મસલત કરી નથી; તેમ છતાં મારા માનવા પ્રમાણે હીંદી સરકારની એવી ઇચ્છા છે કે બની શકે તો લાઇસન્સ અગર પાસ આપવાનું હમણાં મુલતવી રાખવું. પણ કદાપી કારોબારી કારણોને લીધે એવી જરૂર જણાય કે તેમને અહીં રહેવા માટે પાસની જરૂર પડશે તો તેમાં કંઇ હરકત નથી. પણ હાલની માફક તે પાસ વરસો વરસ લેવાની જરૂર નથી. હીંદીઓને ત્રણ વરસનો વસવાટ સાબીત કરવા માટે એકજ પાસ પુરતો છે.

પ્રમુખ—જો તેવો પાસ અમે આવકારદાયક ગણીએ તો તેમાં તમો કંઇ વાંધો લેતા નથી ને ?

સાક્ષી—કાયદામાં તે જરૂરનું જણાય તો તે પ્રમાણે ભલે થાય જો અમલ કરવામાં સગવડ ખાતર તે પાસ આપવામાં આવશે તો હીંદી સરકાર તે કબુલ કરશે. પણ તે પાસ દરેક વરસે લેવો પડે નહીં, અને તે ત્રણ વરસ પછી બીન જરૂરી ગણાવો જોઇએ

પ્રમુખ—ગીરમીટ પુરી કરેલા હીંદીઓના મોટો ભાગ આ પાસ લેતા નથી.

સાક્ષી—હા. તેઓ નથી લેતા તેનો આંકડો મારી પાસે છે. આશરે તેઓના છઠો ભાગજ પાસ લે છે.

પ્રમુખ—તેમ છતાં તેઓ આ દેશમાં રહે છે અને કોઈ તેમને અટકાવતું નથી ?—ના

પ્રમુખ—અને તે કર તેમને ભરવાની ફરજ પડે છે. એ કાયદાની કલમ વિચિત્ર જણાય છે. તે એમ ફરમાવે છે કે હીંદીઓએ લાઇસેન્સ લેવું અને તે માટે પા ૩ આપવા. તમે એમ ધારો છો કે જો લાઇસેન્સ ન લેવાય તો પા ૩ નો કર આપવો પડે નહીં ?—હા.

પ્રમુખ—વાસ્તવિક રીતે તેને લાઇસેન્સ કહેવા કરતા કર કહેવો વધારે બંધ બેસતું ગણાશે !

સર બેન્જામીન વળી બોલ્યા કે પા ૩ ના કર નાબુદ થવાની બાબતમાં બીજો પણ એક મુદ્દો મારે જણાવવાનો છે. ૧૯૦૫ ની સાલના નં. ૪૨ ની કલમ પ્રમાણે પોતાની ગીરમીટ પુરી થતાં અમુક મુદત પછી ફરીથી હીંદી ગીરમીટમાં જોડાય છે. તે દરમીયાન તે નાટાલના કાયદેસર રહેવાસી તરીકેનો હક મેળવે છે. તે ફરીથી ગીરમીટમાં જોડાય એટલે હીંદુસ્તાન પાછા જવાનું ખરચ મેળવવા તે હકદાર છે. તેણે રહેવાસીનો હક પણ મેળવ્યો હોય, તેથી કરીને જમીનદારના ખરચે તે હીંદુસ્તાન જઇ શકે અને બે ત્રણ માસ બાદ પાછો નાતાલ આવી શકે છે

પ્રમુખ—ગમે ત્યારે તે ખરચ તેને મળે ?

સાક્ષી—હા, તેની ગીરમીટ પુરી થતાં તુરત જાય તો. બીજી ગીરમીટની મુદત બે વરસની છે. ધારો કે એક હીંદી દશ વરસ સુધી ગીરમીટમાં જોડાય નહીં પણ પછી બે વરસની ગીરમીટમાં જોડાય એટલે પારકે ખરચે હીંદુસ્તાન જઇ શકે.

મી. એસેલેન—પા. ૩ નો કર નાબુદ કરવાને બદલે ગીરમીટીઆ હીંદીઓને હીંદુસ્તાન જવાની પસંદગી આપવામાં આવે તો તેઓ શું કરશે ? એ બાબતમાં તમે શું ધારો છો ? તે કંઇ ન સમજતા હોય તો બધી હકીકત તેમને સમજાવવામાં આવે, તો તેઓ શું પસંદ કરશે ? પા. ૩ ભરવાનું કે હીંદુસ્તાન પાછા જવાનું ?

સાક્ષી—એક પખવાડીઆ ઉપર જ્યારે હું નાતાલમાં ઉતર્યો ત્યારે મારૂં એમ માનવું હતું કે જો કે આ કર જબરજસ્તીથી ઉઘરાવવો એવો કરાર હીંદી સરકાર સાથે નથી તેમ છતાં તેમ કરવામાં આવે તો કદાપિ હીંદીઓ હીંદુસ્તાન જવાને લલચાય એવો સંભવ છે. પણ અહીં આવ્યા પછી હીંદીઓને અસાધારણ ચડતા દરમાયા મળે છે એ હકીકત સાંભળી ત્યારે મને એમ લાગ્યું કે હીંદીઓ અહીં રહેવાને પોતાથી બનતો પ્રયત્ન કરશે. છેલ્લાં પાંચ વરસમાં હીંદુસ્તાનમાં પણ દરમાયાનો દર ઘણો વધી ગયો છે. હું હાલ જે ભાગમાં રહું છું તેમાં તો છેલ્લાં વીસ વરસમાં પગારના દર ચારગણા વધી ગયા છે. હાલમાં હીંદી મજુર ઘણી સરસ સ્થિતિમાં છે. અહીંના હીંદી ગીરમીટીયા નથી જાણતા કે હીંદુસ્તાન પહેલા હતું તેનાં કરતા હાલ ઘણું બદલાઇ ગયું છે. કેટલીક જુબાનીઓ ઉપરથી જણાય છે કે અહીં પણ હીંદી મજુરોના પગાર પહેલાંના કરતાં બમણા વધી ગયા છે, અને તે વધારો મુખ્યત્વે કરી જ્યાર થી વધુ ગીરમીટ બંધ થઇ ત્યારથી થવા પામ્યો છે. આ કારણથી ગીરમીટ પુરી થવા બાદ તેઓ આ દેશ છોડવા નારાજ થશે બંગાળાની કોલસાની ખાણોમાં હીંદી મજુરને આશરે રૂા. ૧૫ મળે છે અને તે પણ મહીનામાં ૨૨ દીવસ કામ કરવાનું. ત્યાંના ગળીના કારખાનાઓમાં જે પગાર મળે છે તે હું ચોકસ જાણતો નથી પણ આશરે રૂા. ૧૫ થી ૨૦ સુધી મળે છે. એટલે કે ૨૫ શી. ખોરાક [ના મળે. પણ રહેવાને ઘર આપવું પડે છે. ખોરાક તો હીંદુસ્તાનમાં ઘણો સસ્તો છે. વળી તે માણસો પોતાના સગાં વહાલાં સાથેજ હોય ; એ વધારે પસંદ કરવા જેવું છે.

કરનલ વાયલી—તમે કહ્યું કે કરની અસર કંઇ થઇ નથી?

સાક્ષી—૧૯૦૩ માં હીંદી સરકારને જે કહેવામાં આવ્યું છે, તેમજ તે કરના કાયદાનો અમલ પુરી રીતે થઈ શકતો નથી, એ ઉપરથી મે તેમ કહ્યું છે

કરનલ વાયલી—૧૯૧૨ માં ૯૫ ટકા અને ૧૯૧૩ માં ૮૧ ટકા જેટલા માણસો ફરીથી ગીરમીટમાં જોડાયા તેની તમને ખબર છે ?

સાક્ષી—હા. તે આંકડા મે જોયા છે.

કરનલ વાયલી—પ્રોટેક્ટર પાસેથી તમે લીધા છે ?

સાક્ષી—હા. છેલ્લાં બે વરસમાં આ આંકડો શાથી વધી ગયો, તેનું ખરૂં કારણ જણાતું નથી.

(અપુર્ણ.

મરહુમ સુબ્રાઇના મરણ વિષે તપાસ

[તા. ૪ ફેબ્રુઆરીના અંકથી ચાલુ]

આ કેસમાં લેવાયેલા વધુ સાક્ષીઓએ ગઇ તા. ૨૮ મીએ વેરૂલમ કોર્ટમાં નીચે મુજબ જુબાની આપી હતી :—

ડા. નાનજીએ જણાવ્યું કે સુબ્રાઇના પોસ્ટ મોરટમ વખતે તે હાજર હતા. તેણે ડા. હીલનો રીપોર્ટ જોયેલો હતો. તે બરાબર હતો. મગજ ઉપર લોહી એકઠું થવાથી તેનું મરણ થયું જણાય છે. આમ લોહી એકઠું થવાનું કારણ અસાધારણ ઉશ્કેરણી કે સંતાપ જણાય. તે ઉશ્કેરણીનું કારણ ચાબુકનો માર, હુમલો, હડતાલ કે જેલ—એમાંથી કયું તે કહેવું મુશ્કેલ છે. જેલને લીધે તેને ઉશ્કેરણી થાય એમ તો ન કહી શકાય. માંદા માણસ ઉપર માર અથવા ઉશ્કેરણીથી કેવી અસર થાય છે તે વીષે થોડી હકીકત જણાવ્યા પછી સાક્ષીએ જણાવ્યું કે ચાબુકના મારની નીશાની એક પખવાડીઆ સુધી જવલેજ રહે

અમ્માએ સાક્ષી આપતાં કહ્યું કે મરહુમ સુબ્રાઇની હું સ્ત્રી છું. અમે બન્ને ફીનીક્સ હોટલ કુ. ને ત્યાં ગીરમીટમાં રહ્યાં હતાં. આ કંપનીના મી. ટોડ મેનેજર છે. તા. ૨૭ નવેમ્બરે સવારે ૫.૩૦ વાગે જ્યારે મારો ધણી ઘરના દરવાજા આગળ ઉભો હતો ત્યારે ટોડે આવી કાફરી ભાષામાં કહ્યું કે અહીં કેમ ઉભો છે? કામે હજુ કેમ નથી ગયો? જવાબ મારો ધણી આપી શકે તે પહેલાં ટોડે તેને ખેંચી કાઢી હાથેથી પકડી પીઠ ઉપર કેટલાક ચાબુક લગાવી કાઢ્યા. મેં રડતાં રડતાં ટોડને કહ્યું કે મારા ધણીને છોડી દે. મને ગુસ્સાથી ટોડે ચાલ્યા જવાનું કહ્યું. હું બીની અને એક તરફ ઉભી રહી. ટોડ ગયા પછી હું મારા ધણી પાસે ગઇ અને તેને ઉઠાડ્યો. મી. ટોડ બહુ ગુસ્સે હતો અને તેણે કાંઇક કહ્યું તે હું સમજી નહીં. જતાં જતાં તેણે બંદુકનો અવાજ કર્યો. મારા ધણીને એક તરફ ત્રણ વરસ થયાં લકવો થયો છે. તેનો ડાબો હાથ ખોટો છે. મી. બીટરની ઉલટ તપાસમાં તેણે કહ્યું કે તે દીવસે તેણે પહેરેલા કપડાં મને યાદ છે. ડગલો, પોતડી અને પાઘડી પહેરેલાં ડગલા નીચે એક પેરણ હતું. લાકડી મારો ધણી નહીં રાખતો. ટોડે મારા ધણીને માર્યો તે સત્યાગ્રહુ અને ચેંગાયને જોયેલું. ટોડના હાથમાં ચાબુક હતો તેરીતે ઘોડાને પકડેલો, ચાબુક નહીં. મારા ધણીએ ટોડને જોયો ત્યારે લાકડી ઉગામેલી નહોતી. તેણે મી. ટોડને તામીલમાં ગાળ આપેલી નહોતી. પડ્યા પછી મારા ધણીએ ટોડને ગાળ આપેલી નહીં, અથવા ઉભા થઇ લાકડી લઇ તેની સામે પણ થયેલ નહીં. ચેંગાયન ત્યાં તે વખતે હાજર હતો. મી ટોડ મને ખરાબ સ્ત્રી શું કરવા કહે છે તે હું જાણતી નથી. માર પછી મારા ધણીની પીઠ ઉપર મેં ચાબુકની નીશાની જોયેલી. સામેના વકીલની ઉલટ તપાસમાં તેણે કહ્યું કે મારું લગ્ન રજીસ્ટર નથી કરાવેલું. એક વરસ ઉપર ટોડે મને બીજી જગ્યાએ મોકલેલી. મારો ધણી અને હું પડેલાં તેની ખબર કોઇ હીંદીએ ટોડને આપેલી હું મારા ધણી સાથે સાત વરસ થયાં રહેતી. મારો ધણી સખત કામ કરી શકતો નહીં તે [illegible] માર પડ્યો તે દીવસે તે કામે જવા [illegible]. તેણે ટોડ [illegible] મને [illegible] તો પણ વરસાદ [illegible] હતો।

બધા એક પછી એક કામે જતા હતા. સત્યાગ્રહુની ગીરમીટ પુરી થઇ રહી હતી એટલે તે કામે નહોતો જતો. ટોડ તેરીતે સાથે આવ્યો. મારો ધણી પડી ગયો તે વખતે તેની પાઘડી નીકળી પડી. ટોડે તેને કહ્યું ત્યારે તેણે કાંઇ જવાબ આપેલો નહીં. તેણે રડીને કહેલું કે 'મને જવા દે, હું કામે જાઉં છું.' તેને પીઠથી કમર સુધી માર લાગેલો. ટોડ ગયા પછી મેં તરતજ ઘા જોયેલા. પીઠ ઉપર ઘણી અને પગ ઉપર ચાર કે પાંચ નીશાનીઓ હતી. પોતડી નહોતી તે ભાગ ઉપર નીશાનીઓ હતી. વરસાદને લીધે પોતડી ઉંચી ચડાવેલી. મેં લાતની નીશાની જોઇ નહોતી. જમીન ઉપર પડેલ તે વખતે કમર નીચે મારા ધણીને લાત મારેલી. ટોડે બુટ પહેરેલા હતા. લાત અને ચાબુક સખત મારેલા. ચાબુક મારા હાથ જેવડો લાંબો અને ડાંડા જેગો જાડો હતો. જે નીશાનીઓ મેં જોઇ ત્યાંથી લોહી દેખાતું હતું. પીઠ અને સાથળ ઉપરની ચામડી નીકળી આવેલી હતી. પછી હું ઇંડીઅન ઓપીનીઅન સેટલમેંટમાં ગઇ. મારા ધણીએ તે વખતે તેજ કપડા પહેરેલા. પેરણ ઉપર લોહી હતું. તે ગંદુ હોવાથી બીજે દીવસે ફીનીક્સમાં મેં તે ધોયું. મી. વેસ્ટ અને ફીનીક્સની બીજી બાઇઓએ મારા ધણીની પીઠ જોયા પછી ધોયેલું. ટોડ ગયા પછી તરતજ આસપાસના લોકોને મેં નીશાનીઓ બતાવેલી. સત્યાગ્રહુ અને ચેંગાયન પણ ત્યાં હતા. મારા ધણીને થયેલી ઇજાની સારવાર મી. વેસ્ટે કરી. ફીનીક્સથી માઉંટએજકોમ્બની ઇસ્પીતાલમાં મારા ધણીને લઇ ગયા તે દીવસ મને યાદ છે કે તે વખતે પણ નીશાનીઓ હતી. મારી સમક્ષ ઇસ્પીતાલના કંપાઉન્ડરે આ નીશાનીઓ જોઇ હતી. કામે જતી વખતે મારા ધણીને લાકડી લઇને જવાની ટેવ હતી—ઘરની આસપાસ ફરે ત્યારે લાકડી નહીં રાખતો. હડતાલથી અમે જરા પણ ઉશ્કેરાયેલ ન હતા. મારા ધણીએ તો કામ કરવાનું ફરીથી શરૂ કરી દીધેલું. આગલે દીવસ તેણે કામ કરેલું. તેણે હડતાલ પાડેલી ખરી. ટોડે કહેલું હડતાલ ચાલે છે તેથી બહેતર છે કે હું કહું નહીં ત્યાં સુધી તું ઘેર રહેજે. સવારે ઘંટ વાગ્યો ત્યારે હીંદીઓ કામે નહીં ગયેલા તેથી ટોડ બધે નીકળેલો. તે વખતે વરસાદ સખત હતો. તે દીવસે કામે નહીં જવાની કાંઇ વાત થઇ ન હતી. મી. વેસ્ટે મારા ધણીની પીઠ ઉપર ચોપડવાને કાંઇક તેલ જેવું આપેલું તેણે નીશાનીઓ જોયેલી. માર વખતે જેવી નીશાનીઓ હતી તેવીજ તે વખતે પણ હતી. માઉંટએજકમ્બ લઇ જતી વખતે નીશાનીઓ તેવીજ ન હતી. તે વખતે થોડી હતી. પીઠ અને પગ ઉપર થોડીક દેખાતી હતી કંપાઉંડરને મેં તે દેખાડી. માર પડ્યો તે સવારના જેવી નીશાની ખરાબ નહોતી, પણ દેખાતી તો હતી. ચામડી ઉખડેલી તે પણ હજુ દેખાતી હતી પીઠ અને સાથળ ઉપરની ચામડી ઉખડેલી તે માઉંટએજકમ્બમાં મેં બતાવેલી

સત્યાગ્રહુએ કહ્યું કે સુબ્રાઇ મરી ગયો તે પહેલાં બે અઠવાડીએ ટોડે તેને મારેલો તે મેં જોયું હતું. વરસાદ તે દીવસે સખત હતો. બધા હીંદીઓ બેરેકસમાં હતા. કામે ગયેલા નહીં હાજરી લેવાય છે ત્યાં એગામ્બરમ કરીને એક પોલીસ દોડતો આવ્યો. પછી થોડીક વારે ઘોડા ઉપર ટોડ આવ્યો. તેના હાથમાં હતી [illegible] [illegible] નામના હીંદીઓને ચાબુક માર્યા

પછી તે સુઆઇ પાસે ગયો. સુઆઇ વખતે દરવાજા સામે હતો. તેની ઓરત તેને પકડી પકડાવતી હતી. હું રસ્તા ઉપર હતો. ટેડે તેને ઘરમાંથી ખેંચી કાઢીને ચાબુક માર્યા. જમીન ઉપર પછાડી પીઠ ઉપર કેટલીક વાર માર્યું. જતાં જતાં બંદુકનો અવાજ કર્યો. મી. ગ્રીટરની ઉલટ તપાસના જવાબમાં સાક્ષીએ કહ્યું કે સુઆઇ પાસે લાકડી ન હતી. સુઆઇએ અપશબ્દ વાપરેલા નહીં. ટેડ પાસે ચાબુક નહોતી એ વાત ખરી નથી. મેં તેના જમણા હાથમાં ચાબુક અને ડાબા હાથમાં પીસ્તોલ જોયેલી. મારતાં મેં જોયું. તે વખતે હું એકલોજ હતો. બીજું કોઇ ન હતું. બીજા બધા હાજરી દેવા ગયા હતા. સુઆઇની ઓરત ત્યાં હતી. ચંઆ વનને મેં જોયેલો નહીં. માર પછી સુઆઇને મેં જોયો ન હતો. માર પહેલાં તેને કેટલાક વખત થયાં મેં જોયેલો નહીં. તે મજબુત માણસ નહોતો. તેનો ડાબી બાજુ હાથ કે પગ તે વાપરી શકતો નહીં. જલદીથી દોડી પણ ન શકતો. જરા પણ ન દોડી શકતો. લાકડીના ટેકાથી તે ચાલતો. માર પછી બીજે દીવસે હું આ કોઠીમાંથી ચાલ્યો ગયો. ટેડે કહ્યું કે મારી તેને જરૂર નથી. ત્યાર પછી હું ડેપોમાં રહ્યો છું. ચેંબાબ્ત સુઆઇથી આશરે ૩૦ વાર દુર રહે છે. સુઆઇ પડયો ત્યારે એગામ્બરમ ત્યાં ન હતો. નેટીવ ઘોડો પકડી ટેકરીઓના ઉપર બાગમાં ઉભો હતો. તેણે મારતાં નહીં જોયું હોય. રામલાલ નાન્કુને હું ઓળખું છું તે ત્યાં નહોતો. બેરાકમાં ૧૦૦ એક હીંદી હતાં. હું મારે ઘેર હતો. મારી ગીરમીટ સોમવારે પુરી થઇ હતી. હું કામે નહીં જતો. બેરાકમાં રહેલાંઓમાં માત્ર સુઆઇ અને તેની ઓરત હતાં. માણસો બધા કામે ગયાં હતાં. કેટલીક ઓરતો ત્યાં હતી અને બીજી કેટલીક કામે ગયેલી. કેટલીક ઘરમાં હતી. માર પડયો ત્યાં ઘાસ ન હતું. કેળાંય પણ ન હોતાં. જમીન ભીની અને લપસણી હતી. ટેડ ગયા પછી સુઆઇને તેની ઓરતે બેઠો કર્યો. અને ત્યાંથી ઘર ભારી લઇ ચાલી. મેજીસ્ટ્રેટે પુછેલા સવાલના જવાબમાં સાક્ષીએ કહ્યું કે ચાબુકનો માર પીઠ અને જમણી બાગ ઉપર મારતા મેં જોયેલ. કેટલા ફટકા લાગેલા તે હું કહી શકતો નથી. મા મેં તપાસેલા નહીં તેજ દીવસે ૬ એ. સેટલમેંટમાં મેં તે ઘા જોયા. મેં પેરણ ઉંચુ કર્યું એટલે તે નીશાની દેખાઇ. પીઠ ઉપરની ચામડી ત્રણ કે ચાર જગ્યાએ ઉખડી આવી હતી. પગ ઉપર કેટલાક સોળ હતા પણ ઉપર ચામડી ઉખડેલી ન હતી. પેરણ ઉપર થોડું લોહી હતું. માર પડયો તે વખતે હું સુઆઇ સાથે બોલ્યો નહતો. સુઆઇની ઝુંપડીમાં શું બન્યું તે હું જાણતો નથી. ટેડે સુઆઇને ચાબુકથીજ મારેલો.

રામલાલ નાન્કુ તેજ કોઠીમાં ગીરમીટમાં હતો તેણે કહ્યું કે તેણે બધું જોયેલું. કેટલાક હાજરી આપવા ગયેલા, બીજા કેટલાક નહોતા ગયા. ટેડે કોટડીઓ પાસે આવી હાજરી આપવા જવાનું કહ્યું કેટલાક ગયેલા ને બીજા એટલામાં ઉભા હતા. ઉભા હતા તેને ચડી ધકેલ્યા તેઓ બધા ચાલતા થયા. પછી ટેડ જ્યાં સુઆઇ રહેતો તે કોટડીઓ તરફ ગયો. સુઆઇ ઉભો હતો તેને ધક્કો મારી કહ્યું કે કામે જા. સુઆઇ ઘર બહાર ઉભો હતો. તે મી. ટેડ તરફ ફર્યો. તેના જમણા હાથમાં લાકડી હતી. તેણે ફરીને ટેડ સામે જોયું. ટેડે તેને ધકેલ્યો. સુઆઇ આ વખતે ઉંધે રાહ ગયો હતો અને તેણે ગાળ આપી. બીજી વખતે સુઆઇને ધકેલ્યો ત્યારે તે પડી ગયો. ટેડ છોડીને ચાલ્યો ગયો. સુઆઇની ઓરતે આવી તેને ઉઠાડયો અને કામે જવા કહ્યું. અને ફરીને પુછ્યું કે બીજા કામે જાય છે ત્યારે તું કેમ નથી જતો? તે જગ્યાએ ઢોળાવ હતો અને જમીન કાદવ વાળી હતી. સુઆઇને મારતાં ટેડને તેણે જોયેલ નથી તેણે ધક્કોજ મારેલો. ટેડના હાથમાં ચાબુક નહોતો. તેણે ઓવરકોટ પહેરેલો. નેટીવ ઘોડો પકડીને ત્યાં ઉભેલો. માજી એટના સવાલના જવાબમાં તેણે કહ્યું કે નેટીવે માત્ર ઘોડો જ પકડેલો અને તે બન્ને હાથે. તે વખતે વરસાદ વરસતો હતો. મી. ગ્રીટરના સવાલના જવાબમાં કહ્યું કે તેણે ટેડ કે કાફરના હાથમાં ચાબુક જોયેલો નહીં. કાફરે બન્ને હાથમાં ઘોડો પકડેલો. તેણે પણ ઓવરકોટ પહેરેલો. તે નેટીવની પીઠ તરફ હતો. નેટીવ કે ટેડના હાથમાં ચાબુક નહોતો એમ હું સોગન ખાઇને નથી કહી શકતો. ટેડ અને નેટીવ એકજ લીટીમાં તેનાથી સરખે અંતરે ઉભા હતા. ટેડ આવ્યો ત્યારે સાક્ષી થોડે દુર હતો. પોતે પણ ગીરમીટમાં હતો. મારે હાજરીમાં જવાનું ન હતું. હું મીલમાં લાકડા કાપવાનું કામ કરતો. ઘંટ ૫ વાગે વાગ્યો અને હું ૫. ૩૦ કે ૬ વાગે કામે ગયો. અમે હડતાલ પાડેલી અને પાછું કામ શરૂ કરેલું હતું. ખોરાકી (રેશન) મળી ગયા હતા. જે વખત કામ નહીં કરેલું તેટલા વખતના રેશન તેમને નહીં મળેલા એટલે ફરીને બાજી સવારે કામે નહીં જવાની વાત થતી હતી. સાક્ષી આપવા બદલ તે કાંઇ બદલાની આશા રાખતો ન હતો. તેણે જોયું તે કહેવાને તે આવેલો છે. તે દિવસે ટેડ તેને ત્યાં મોકલ્યા અને કહ્યું કે કેસ ચાલતો હતો. તેને કે એગામ્બરમને ટીકીટ ઉપરાંત બીજા પૈસા આપવામાં આવ્યા ન હતા. તેમને ખાવાના ૨ અને ૧ શી. મળેલ. અને ખાવાને ૧ શી. મળેલ. અમને તે દિવસે બેરેકસમાં જે બન્યું તે કોરટમાં જઇને કહેવાનું, તથા જ્યારે થોડા કામે ગયેલા અને બીજા નહીં ગયેલા ત્યારે મી. ટેડ બેરેકસમાં આવ્યા, અને તેણે શું ગુન્હો કરેલો તે કહેવાનું અમને કહેવામાં આવ્યું હતું. તે અમને ટેડે કહેલું. સુઆઇને મેં ધક્કો મારેલો. તે દિવસે તેં શું જોયેલું એમ ટેડે મને પુછ્યું હતું. મેં જોયેલું તે કહ્યું. મેં કહ્યું કે તમે ધક્કોજ મારેલો. તેણે કહ્યું ઠીક, કોરટમાં જઇને તે કહેજે. તેના હાથમાં ચાબુક હતો કે નહીં તે તેણે મને પુછ્યું ન હતું. ટેડને ત્યાં હડતાલ વખતે એક વાડીયા પહેલા હું 'વેટર' હતો. મેં હડતાલ પાડેલી અને તેથી ટેડ મારા ઉપર ગુસ્સે થયેલ હોય એમ લાગ્યું અને તેથી તેણે મને મીલ ઉપર કામે મોકલ્યો. સુઆઇને મારતા ટેડને મેં જોયેલ નથી. ટેડ મરહુમને ધક્કો મારી બીજી કોટડી તરફ ચાલતો થયો. મરહુમ કામે નહીં ગયો તેથી તેની ઓરત તેના તરફ ગુસ્સે થયેલી એમ હું ધારું છું. પછી શું થયું તે હું જાણતો નથી. હું હાજરી આપવા ગયો. મેં આટલું જોયું. ટેડને ધક્કો મારતા જોઇ હું બીજા હીંદી સાથે કામે ગયો. ટેડ બીજી કોટડી તરફ ગયો. એગામ્બરમને મેં જોયો નહીં. બેરેકસમાં મેં તેનો અવાજ સાંભળ્યો. સુઆઇ, તેની ઓરત અને નેટીવ એટલાંજ ત્યાં હતાં. માણસો બધા સંતાતા અને ભાગી જતા હતા. ટેડ ગુસ્સે થશે એમ તેઓ બીતા હતા. ટેડ મને કાંઇક કહેશે એમ ધારી તેના સામે જતાં હું બીતો હતો. તે વખતે ટેડના હાથમાં કાંઇ ચાબુક ન હતો. મેં બંદુકનો અવાજ સાંભળ્યો નથી.

લાઇસેન્સ રદ કરયું

સ્ટાંગર ડીવીઝનમાં આવેલ એન્ડેઆમાં મી. રામચરણ નામે હીંદી રહે છે. તે ત્યાં લગભગ ૧૫ વરસ થયાં લાઇસેન્સથી વેપાર કરે છે. તે મોટા જમીનદાર પણ છે. જમીન ઉપર દેખરેખ રાખવા જતાં વેપાર ઉપર બરાબર ધ્યાન તેનાથી ન આપી શકાતું હોવાથી તેણે દુકાન ગયે વરસે વેંચી. પણ તે લાઇસેન્સ બીજાં નામ ઉપર ન ચડાવી દેવાની બીજા હીંદી વેપારીઓએ અરજી કરી. અરજીમાં કારણ એ જણાવેલું કે મી. રામચરણ બરાબર વેપાર કરી શકતો નથી. તેને બદલે બીજો વેપારી આવશે તે ખુબ વેપાર કરશે અને તેથી એ અરજદારોના વેપારમાં ભાગ પડાવશે. આ અરજ કબુલ કરી લાઇસેન્સીંગ અમલદારે લાઇસેન્સ બદલાવી ન આપ્યું. હવે મી. રામચરણે એક હોશિયાર નોકર રાખી વેપાર કરવો માંડયો. તેની સામે એવી અરજી કરવામાં આવી કે એ નોકર તે નોકર નથી પણ રામચરણને નામે પોતાનો વેપાર કરે છે. તેથી એ લાઇસેન્સ રદ થવું જોઇએ. લાઇસેન્સીંગ અમલદાર પાસે આ બાબત કેસ ચાલ્યો. "તેણે કબુલ કર્યું કે દુકાન રામચરણનીજ છે અને નોકર ભાગીદાર અથવા માલેક નથી, પણ રામચરણના ચોપડા બરાબર નથી. એટલે કે ૧૯૧૨ ની સાલનું ખાતું એકજ વખતે લખાયેલું જણાય છે અને જ્યારે એ ચોપડા જોવા માંગેલ ત્યારે તે ન દેખાડી શકયો માટે લાઇસેન્સ કાઢી નાખું છું"

૧૯૧૨ માં લાઇસેન્સીંગ અમલદાર ચોપડા ન જોઇ શકેલ છતાં ૧૯૧૩ માં લાઇસેન્સ દેતી વખતે તેણે વાંધો ન લીધેલ, પણ ૧૯૧૪ માં એ વાંધો લીધો છે. આ ચુકાદા ઉપર અપીલ થવાની છે.

વિવિધ સમાચાર

સરવંટસ ઓફ ઇંડીયા સોસાયટીના મેમ્બર મી. દેવધર તરફથી તાર મળ્યો છે કે મી. ગોખલેની તબીયત સારી પેઠે સુધરેલી છે. અને તે ૧૭મી મારચે હીંદુસ્થાનથી વિલાયત ઉપડવાના છે.

મી. ગાંધી તથા મીસીસ ગાંધી ડરબનથી કેપ તરફ જવા ગયે ગુરવારે ઉપડી ગયા. મી. ગાંધી નવા કાયદા થવાના છે તે બાબત ગયા છે. ને મીસીસ ગાંધી પોતાની તબીયત મી. ગાંધીની સાથે વધારે સરસ રહે એમ ધારી ગયેલ છે. સાથે ઇમામ સાહેબ અબદુલ કાદર બાવાઝીર પણ ગયા છે. જોહાનીસબર્ગ સુધી મી મેઢ, મી. પ્રાગજી દેસાઇ તથા મી. કુવીર પણ ગયા છે. મી મેઢની તબીયત જેલમાંથી નીકળ્યા તે વેળા ખરાબ હતી પણ હવે ઘણી સુધરી ગઇ છે.

તવડી ભજન મંડળી તરફથી મી. બાબુ પરશોતમે એક સોનાની નકશીદાર વીંટી ને માનપત્ર મી. એન્ડરુઝને તેમની સાલગીરી વખતની ભેટ દાખલ મી ગાંધી સાથે મોકલ્યા છે. ન્યુકાસલના હીંદીઓએ મી. એન્ડરુસ માટે માનપત્ર મોકલ્યું છે.

મી. એન્ડરુસ જે હાલમાં કેપટાઉનમાં આપણી પ્રજાના સબંધમાં અતી ઉપયોગી કામ કરી રહ્યા છે તે તા. ૨૧ મીએ વિલાયત જવા ઉપડશે. તેમની જન્મભૂમીથી ઉપર મુજબ ખબર આવેલ છે...

જો હાનીસબર્ગમાં તા. ૯ ફેબ્રુઆરી... ના રોજ... મી. પીઅરસનને ભેટ... મોટી પાર્ટી મી. મેઢ...

...મથેરસ્કોપ રૂમમાં આપવામાં આવી હતી. નાસ્તા વખતે સંખ્યાબંધ પુરૂષો ઉપરાંત ૫૦ થી ૬૦ બાનુઓ પણ હાજર હતી. આ હીંદી બાનુઓ તરફથી મી. પીઅરસનને રૂપાના ઘરાં વાળી સુંદર કલમની એક જોડ તથા તામીલ બેનીફીટ સોસાયટી તરફથી એક રૂપાનો ખડીયો યાદદાસ્ત તરીકે ભેટ કરવામાં આવ્યા હતા.

જુનાઇટેડ પાટીદાર મંડળ તરફથી પોતાની નમ્ર યાદગીરી તરીકે મંડળનું નામ કોતરાવી સોનાનો એક સુંદર સિક્કો ભેટ કરવામાં આવ્યો હતો.

મી. પીઅરસન જોહાનીસબર્ગથી ચારલ્સટાઉન ન્યુકાસલ અને મારીત્સબરગ થઇ ગયે શુક્રવારે ડરબન આવી પહોંચ્યા છે. અને તા. ૨૬મીએ હીંદુસ્તાન રવાના થવા ઉમેદ રાખે છે.

અમે આ અંક સાથે સર બેંજામીન રોબરટસન તેમના ખાનગી સેક્રેટરી મી. સ્લેટર અને સલાહકાર મી. રાય સરકાર ની છબી આપીયે છીયે. સર બેંજામીન, અને મી. સ્લેટર હાલે કેપટાઉન ગયા છે. મી સરકાર હીંદુસ્તાન ઉપડી ગયા છે

કમીશનના સેક્રેટરી તરફથી મી. ટી. લેફેરસને ન્યુકાસલ તા. ૩ જીએ નીચેનો તાર મી. કલેવ. મા આવ્યો હતો:— મુકરે આપેલ સાક્ષી આપતાં જણાવ્યું કે અનામલી કદુ મહારાજ, માનુ, રાજીઆ, કોટી, શેખ મહમદ, જાલક, બોધી, દેવીસીંગ, મોહમદ અલી, સેલીઆ, શિવ નારાયણ, અને રામલાલ સરકારી અમલદારોએ ચલાવેલ ખાતકી વર્તનના સંબંધમાં સાક્ષી આપવા તઇયાર છે. મુકરે તેમના સરનામા માટે તમારું નામ આપ્યું છે. તેઓ જુબાની આપવાના હોય તો મને જણાવશો! અમે આપે તો તેમના સરનામા મને મોકલવા મહેરબાની કરશો.

ઉપરના તારના જવાબમાં મી. લેફેરસે જણાવ્યું છે કે ન્યુકાસલમાં મળેલી એવી મોટી જાહેર મીટીંગમાં હીંદી કોમે જાહેર કર્યું છે કે અમે કમીશન પાસે સાક્ષી આપવા ના પાડીએ છીએ. અમુક કમીશનના સંબંધમાં કંઇ કરી શકાય નહીં.

ડરબનમાં ગયે [illegible]વારે હીંદી બાનુઓ તરફથી "ઇંડીઅન વીમેન્સ સભા" નામનું મંડળ સ્થાપવામાં આવ્યું છે. તેના પ્રમુખ મીસીસ બી. એમ. પાથર અને સેક્રેટરી મીસીસ ટી. સી. કુકલે છે.

સ્ટાંગરના ગુજરાતી હીંદુઓની સભા ગયે બુધવારે સોની પરશોતમ બાબુના ઘરમાં રા. ગોરધનભાઇ પટેલના પ્રમુખ પણા નીચે મળી હતી. સોની પરશોતમે દરખાસ્ત કરી કે ના. ૭ કોંગ્રેસે કોમને નામે કમીશન પાસે જુબાની દેવાનો ઠરાવ કરેલ છે તે ભુલાવો ખવડાવનારો છે. પ્રમે તે મી. ગાંધીની આગેવાની નીચે ભરાએલ મીટીંગમાં જુબાની નહીં દેવાનો ઠરાવ કરેલો છે તેજ કબુલ કરેલો છે. અહીંના સાહુ ઓને પણ તેજ કબુલ છે. ઉપરનો ઠરાવ ઓના. મી ગોખલેને તાર મારફતે મોકલી દેવો. આ દરખાસ્તને રા. મોરાર જી દેવરાજ, શા. દેવચંદ જીવરાજ અને બીજા ગ્રહસ્થોએ ટેકો આપ્યા પછી પસાર થઇ હતી. તાર ના. ગોખલે સાહેબ ઉપર કરી દેવામા આવ્યો છે સોની પરશોત્તમ બાબુ આ તરફથી ખાસ મીટીંગમાં પ્રતિનિધિ તરીકે ગયેલા હતા.

લેડીસ્મીથથી એક લખનાર જણાવે છે કે મી. ઇબ્રાહીમ ભામલાને દેશથી કેબલ મળ્યો છે કે તેમના પિતા મી. ઇબ્રાહીમજી આદમજી ભામલા તા. ૨૫ જાનેવારીએ સુરતમાં મરણ પામ્યા છે મરહુમને ખુદા જન્નત બક્ષે. અને મી ઇબ્રાહીમ ભામલાને ખુદા સબર આપે.

નાતાલ મ્યુનીસીપાલ એસોસીએશનના વારસીક મેળાવડામા એશીઆઈઓને મ્યુનીસીપાલીટીના વોટ આપવાની દરખાસ્ત થઇ હતી. પરંતુ તેવા હક આપતાં કેટલીક હીંદી વીધવાઓને પણ હક આપવા પડે એવા કારણસર તે દરખાસ્ત ના કબુલ થઇ હતી. બીજી એક દરખાસ્ત એવી આવેલી કે નાતાલમાં જેમ વેપારી પરવાના આપવાનું કામ મ્યુનીસીપાલીટીના હાથમા છે તેમ બીજાં કોલોનીમાં પણ હોવું જોઇએ.

એક સત્યાગ્રહી લખે છે કે હીંદુ હોકરની મીટીંગમાં જે ઉઘરાણું થયું હતું તેમાં મી. જીના મોરારે બહુ સારી મહેનત લીધી હતી. તેવણ હાલ ત્રણ માસ થયા પોતાને કામ ધંધો તજીને છેડી દઇ સત્યાગ્રહની લડતનું કામ કરે છે.

ન્યુકાસલ વિભાગમાં બેલનગ્રેય કોલઅરીના હીંદી કંપાઉંડને ત્યાંની જેલના ભાગ તરીકે જાહેર કરેલ તે હવે સરકારી ગેઝેટની નોટીસથી રદ કરવામાં આવેલ છે

ન્યુકાસલની નેવીગેશન કોલઅરીના એક કંપાઉંડ મેનેજર ઉપર હડતાલના વખતમાં વેલનગીરી નામના એક સત્યાગ્રહીને મારવાનું તહોમત હતું. આ કેસ ગઇ તા. ૨૨ મીએ ન્યુકાસલ ખાતે ચાલ્યો હતો. તહોમતદારે ગુન્હો કબુલ કર્યો હતો. તેને પા. ૧ ના દંડની શીક્ષા કરવામાં આવી હતી.

જોહાન્સબરગની હમીદીયા ઇસ્લામીક સોસાઇટીની એક સભા તા. ૯ ફેબ્રુઆરીએ મળી હતી. તે વખતે ટ્રાંસવાલમાં હીંદીઓ ઉપરની હાડમારીની એક ટીપ બનાવી સર બેંજામીન ઉપર મોકલવાનો અને તે હાડમારીઓના સબંધમાં દાદ મેળવવાનું તેમને કહેવાનો ઠરાવ થયો હતો આ ટીપમાં એકથી બીજા કોલોનીમાં મુસાફરી કરવાને મળતી જોઇતી પરમીટ, જમીન બાબતના હક, ટાઉનશીપ એકટ, ગોલ્ડ લૉ, કામ પરમીટ તથા શાદીના સવાલની બાબત જે તકલીફો પડે છે તેની નોંધ લેવામાં આવી છે.

છેલ્લી ગોરાઓની હડતાલના સબંધમાં મી બેર્ડના ૧૩ બોડીગારડને સજા થએલી હવે હડતાલ બંધ પડી અને કેટલાક આગેવાનો છુટા થયા એટલે ફેડરેશન ઓફ ટ્રેડસ વતી મી. વેરે આ તેર કેદીઓને થયેલ ૧૫–૧૫ પાઉંડના દંડની રકમ ભરી તેમને છોડવવાનું પગલું લીધું પરંતુ તેમાંના એક સિવાયે દંડ ભરી જેલમાંથી છુટા થવાની ચોખી ના પાડી છે. ફેડરેશને આ દંડની રકમ સહુ સહુના ખાતામાં જમે કરી છે.

'ડેલી મેલ' નો ખબરપત્રી જણાવે છે કે ચાલુ યુનીયન પાર્લામેંટની બેઠક એપ્રીલમા પુરી થશે અને પછી તરતજ જુલાઇ કે ઓગસ્ટમાં નવી ચુંટણી થશે

રીજીથી મી પીંગલદાસ કરી એક કબીર પંથી સાધુએ દક્ષિણ આફ્રીકાની સત્યાગ્રહની લડત માટે પા ૨–૧૨–૬ની રકમ ઉઘરાવી અમને મોકલી છે. નાણા આપનારાઓના નામ નીચે મુજબ છે:—પીંગલદાસ, સખીનદાસ, લલા, દીનાદાસ, જગતસિંહ, અંબારામ, જીવાવન, રામ પ્રસાદ, દુખર, બબર, અચરત, સીઉરાજ, રતિ, માતુલ, જગત, ઉમરાવસિંહ, અને રામચરન. તેઓએ ભરેલી રકમના આંકડા નહીં ઉકલે તેવી રીતે લખાયેલા હોવાથી અમે આપી શકયા નથી

ગયા મંગળવારે પાર્લામેન્ટમાં વીનનના મેંબર મી મેલર જે આપણા હિતેચ્છુ છે તેમણે ન્યાય ખાતાના પ્રધાનને પુછયું કે ન્યુકાસલના માજીસ્ટ્રેટ મી. લાઇલે બે ફ્રિકેટ [illegible] નહીં પાડવા માટે તા. ૭મી નવેમ્બરે છ ફટકાની સજા કરેલી, અને તે સજા પાછળથી સુપરીમ કોરટે ગેરકાયદેસર ગણી રદ કરી તે વિષે તમે કાંઇ જાણો છો. અને જે અમલદારે આમ ગેરકાયદેસર સજા કરી તેની સામે શું પગલાં લેવાયાં છે?

પ્રધાને ઉપરના સવાલનો જવાબ આપતાં કહ્યું કે મેં તે વીષે તપાસ કરી છે. મને જણાય છે કે તા. ૭મીએ ૧૮૯૦ના બે નંબરના કાયદાની ત્રીજી કલમનો ભંગ કરવા માટે ૧૨ અને ૧૧ વરસના બે હિંદી છોકરાને માજીસ્ટ્રેટે ૭ ફટકાની સજા કરેલી ફટકાની સજા છોકરાઓના હીતની ખાતરજ આપેલી. કેમકે જો તેઓને જુના ઘડાઇ ગયેલા કેદીઓની સાથે જેલમાં રાખવામાં આવે તો છોકરાઓને નુકસાન થાય. માજીસ્ટ્રેટ તો છોકરાઓને સજા કરવા બાબતમાં કાયદેસર વરતેલા પણ સુપરીમ કોરટે ઠરાવ્યું કે જે કાયદા મુજબ તેને સજા થાય તેમાં દંડ ન આપે તો તે બદલ બીજી સિક્ષા નથી થઇ શકતી. માજીસ્ટ્રેટ સામે કશાં પગલા લેવાનો વિચાર નથી.

મી. મેરીમેને પાર્લામેંટમાં એક ભાષણ દરમીયાન કહ્યું કે છેલા ૭ માસમાં જનરલ સ્મટસે અંગ્રેજી સલ્તનતને તેની તવારીખમાં સખતમાં સખત બે ફટકા મારવાની, બેશક અજાણપણે, યુક્તિ રચી છે. આમાંનો એક ફટકો તે બ્રિટીશ હીંદી તરફ ચલાવવામાં આવેલી વરતણુક રૂપી ધારમીક અંશ ઉપર છે, અને બીજો લીબરલ સરકારને ગુંચવાડામા નાખે એવો ડીપોરટેશન સવાલનો છે.

લંડનમા પાર્લામેન્ટની બેઠક ગયે અઠવાડીએ શરૂ થઇ છે. તા. ૧૨મીએ મી વેજવુડના સવાલના જવાબમા મી હારકોર્ટે કહ્યું કે નાતાલમાં હિન્દી હડતાળ વખતે કેટલાએકને જેલમાં લઇ જવાને બદલે ખાણ ઉપર કામ કરવાને પાછા લઇ જવામાં આવ્યા તે કાયદેસર હતું પણ તે પગલું રીતસર ભરાયું ન હતું.

દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓ તરફના વરતનને વખોડી કાઢવાની ચરચા મી. એ. મેકકેલમ (લીબરલ મેમ્બર) વડી પાર્લામેન્ટમાં ગયા શુક્રવારે કરવાના હતા પણ રૂટર જણાવે છે કે હાલ તે ચરચા મુલતવી રહેશે

મી. હારકરટ વડી પાર્લામેંટમાં હાલની લેબર ટ્રબલ ઉપર ભાષણ આપતાં સત્યાગ્રહના સવાલ વિષે બોલ્યા કે હું તેની ચરચા માગતો નથી અને મેમ્બરો તેને વિષે નહીં બોલે એમ હું ઉમેદ રાખું છું. કેમકે દ. આફ્રિકામાં હાલ કશી શાન્તિ એવું છે તેની હીંદી સરકારને ખબર છે. અને જાણીતા હીંદી સીવીલ સરવંટની મદદથી નીવેડો આવી જવાની પુરી આશા રહે છે એજ સંબંધી ભાષણના અંતમાં તેઓ બોલ્યા કે શહેનશાહત રેશમની ગાંઠથી જોડાએલ છે. તે દોરીને મરડી ચાબુક બનાવતા સાવચેત રહેજો, કેમકે તે ચાબુકમાં જરા પણ તડ પડશે તો શહેનશાહતના બાર વાગ્યા સમજજો.

વોશીંગટનથી રૂટરનો ખબરપત્રી જણાવે છે કે ઇમીગ્રંટ કમીટી સમક્ષ કએોવા પાદશાળાના ગ્રોફે. સુધીંદ્રબોસે જાહેર કર્યું છે કે હીંદુઓને અહીં દાખલ થતાં અટકાવવા ન જોઇએ. કેમકે તેઓ આર્ય જાતીના હોઇ બ્રિટીશ પ્રજાના સઘળા હકો માટે હકદાર છે કમીટીના પ્રમુખે જણાવ્યું કે બ્રિટીશ સંસ્થાનો હીંદુઓને બહાર રાખે છે મી બોકે કહ્યું જો વડી સરકારે હજુ મંજુરી આપેલી નથી જો આપી હશે તો યુનાયટેડ સ્ટેટ્સમા ઘણોજ ભયંકર ફેરફાર થવા પામશે.

इंडिअन ओपिनिअन

बुधवार, ता १८ फेब्रुवरी १९१४

पा० ३ का कर

स्टांगरसे हमारे एक संवाददाता तरफसे हमको मालुम होता है कि कीतनेक कोठीवाले मजुरको कोठी का मेनेजर पा० ३ का कर भर देने का फरज पाडते है। और जो नहीं भरे उनको नोकरीसे दुर करनेकी धमकी देते है।

जो हाल गीरीमिटमें है उनको यह कर नहीं भरना पडता है। और जो नहीं है वह एसी जगहमें रहनेसे दुसरी जगह पसंद करे वैसी हमारी सलाह है। यह समय में कोठी भी स्थिती में कर भरने से अपने को और कोमका नुकसान होता है।

एक लाइसेन्स केस

ग्रेटेईडलमें मि० रामचरण की दुकान १५ बरससे चलती है. जमीनदारभी वे है. जमीनकी संभाल रखनेके लिये दुकान गत वर्षमें वेच दिया लेकिन कीतनेक हिन्दी वेपारी ओने अरजि किया कि यह लाइसेन्स दुसरेके नामपर ट्रांसफर नहीं होना चाहिये। उसका कारण यह बतया है कि मि० रामचरण वेपार बहुत नहि कर सकता है और दुसरा जो कोइ आवेगा सो आजदार के वेपारमें हिस्सा पकावेगा। यह अरजका स्वीकार कर लाइसेन्सींग अमलदारने लाइसेन्स ट्रांसफर करनेका ना बोला। बाद रामचरण एक कायेल नोकर रख कर वेपार करने लगे। इसके सामने एसी अरज हुआ कि नोकरके नामसे जो वेपार करता है सो नोकर नहीं है परंतु रामचरणके नामसे अपना वेपार करते है। इसलिये यह लाइसेन्स बंध करना चाहिये। यह केस लाइसेन्सदेनेवाला अमलदारकी पास चला। उन्ने स्वीकार कीया कि दुकान मि० रामचरणकाही है. और नोकर है सो भागिदार या मालिक नहीं है। इसपरसे यह समय लायसेन्स अमलदारने दुसरा सबब शोध कर लाइसेन्स बंध किया। वह कारण यह है कि मि० रामचरणने अपना खाता बराबर नहि रख्खे है। इस फुकारे पर अपील हुआ है।

सरकारी अमलदारने अन्याय कीया है, अपीलमें जीत मीलना चाहिये वेसा हमारा अभीप्राय है। लेकीन कोमने अपने भाईकी सामने लाइसेन्स अमलदारको मदद कीया है यह अफसोसकी बात है॥

सब सत्याग्रही छुट गये

कई हफ्तेसे यह चर्चा चल रहा था कि सब सत्याग्रही कैदी जेलसे छुट जाय। इसमें कुछ विलम्बता तो अवश्य हुआ पर अन्तमें सब कैदी छोड दिये गये। गत मंगलवार को सांझको मेरित्सबर्ग के जेलसे समस्त सत्याग्रही कैदी छोडे गए। उनके स्वागत करनेके लिये सैंकडो मनुष्य स्टेशन पर [illegible] थे। [illegible] हम उन सब पुरुषों का [illegible] प्रगट करनेमें असमर्थ है। किंतु जिन बहादुर स्त्रीयोंको उस दिन जेलसे रिहाई हुआ उनका नाम निम्न प्रकार है। मीसीस स्वयम्बर, मीसीस शिवप्रसाद, मीसीस वी. एस. पीले, वसमति, मीसीस वी. बी. नायडु, मीसीस मुनस्वामी मुनलायर मीसीस और मीस मुनस्वामी मुदलियार। इन वीर नारीयोंने अपने स्वार्थत्यागका जो परिचय दिया है उसके लिये हम इन को हार्दिक धन्यवाद देते है॥

इन कैदियोंको जेलसे छुटने पर मेरीत्सबरगके भाईयोंने इन को एक प्रीती भोज दिया था जिसमें मि० पोलाक, मि० बद्री, मि० थम्बी नायडु, मि० पी० वी० के० नायडु आदि सज्जन सम्मलित हुए थे। कई एक नेताओंका व्याख्यान भी हुवा। वहांसे सत्याग्रहीयोनें बुधवारके प्रातःकाल डरबन के लिये प्रस्थान किये उनको शुभागमनके स्वागत करनेके लिये मि० थम्बी नायडु, मि० भवानी दयाल, मि० सोराबजी आदि सज्जनो स्टेशनपर उपस्थित रहकर उन सत्याग्रही महीलाओंको पुष्पहार समर्पण किया। जिस समय यह गाडी डरबन स्टेशनपर पहुंचा तो स्टेशन वन्देमातरम के ध्वनिसे गुंज उठा। वहांसे मि० रोस्तमजीके घरपर लाया गया। वहां पर समस्त सत्याग्रही नर नारियोंको प्रीतीभोज दिया गया मि० कायाजीर मि० रुस्तमजी और मीसीस पोलाकनें स्वागत सुचक भाषण किया इसके बाद बाबु लाल बहादुर सिंहजीने हिंदीमें एक बडाही मनोहर भाषण दिया। तदन्तर वन्दे मातरमको गानके बाद सभा विसरजन किया गया॥

मारीत्सबरग जेलमें से ६०, डरबन और पोईंटमेंसे ४४, न्यु कासलमें ८ और पोर्ट एलीझाबेथमें ११ सत्याग्रही कैदी छुटे है। अपना गोरा मित्र भी आइझाक को प्रथम नहीं छोडा गया, लेकीन सरकारकी साथ लीखान होनेसे बाद वोह भी छुट गये है। कोमने सबका सत्कार कीया.

ट्रांसवालके जितनी सत्याग्रही स्त्रीयां जेलसे छुटी है उनके स्वागत करनेके लिये हिंदु महिला समाजे एक प्रीतीभोज गत गुरुवारको दिया गया। रविवारके रोज तामील महाजन सभाने सर्व सत्याग्रहीको सत्कार दीया।

विविध विषय

मी० गान्धी गत गुरुवारको केपटौनके लिये प्रस्थानकर गये मीसीस गान्धी भी उनके साथ गई है।

बाबु लाल बहादुर सिंह, मिस्टर और मीसीस भवानी दयाल आदि सत्याग्रही नर और नारी गत सोमवारको डरबन से जेरमीस्टनके लिये रवाना हो गये॥

मी० थम्बी नायडुके धर्मपत्नीने गत बुधवारको शुभ दिवस एक पुत्र प्रसवकी। मी० लाल बहादुर सिंहने खुब आतश बाजी छोडा। बधाई॥

बाबु राय साहब सरकार जो सर बेंजामीन रार्बटसनके साथ आये थे वह पुनःस्वदेशको लौट गये॥

[illegible] मुसा [illegible] का मरण [illegible] हुआ वोह तपास ता. ६ के [illegible] संपुर्ण हुआ है अभी [illegible] हुवा कि २६ [illegible] स्वाभाविक हुआ और वह हालसे हुआ॥

વીંડસોરટનમાં થયેલું ઉઘરાણું

[આ પઇસા એક સામટી રકમે અગાઉ ઇ. ઓ. માં સ્વીકારાઇ ગયા છે.]

૧	૫	૦	મી. એમ. આદમ
૧	૦	૦	„ ઇસમાઇલ એસપ
૧	૫	૦	„ આર. ડાનીઅલ
૦	૧૦	૦	„ એ. કે. મહમદ.
૦	૫	૦	„ આર. આર. નાઇડુ.
૦	૫	૦	„ એસ. સી. ચારલસ
૦	૫	૦	„ આર. જેમ્સ.
૦	૫	૦	„ સુલેમાન મુસા.
૦	૧૦	૦	„ વલી ઇસમાઇલ.
૦	૧૦	૦	„ એમ આઇ. મેમણ
૦	૧૦	૦	„ જી ઘેલા.
૦	૧૦	૦	„ ડેવીડ હરી.
૦	૧૦	૦	„ વી. આર નાઇડુ
૦	૫	૦	„ એન. છીબા.
૦	૫	૦	„ પી સી. ડાનીઅલ.
૦	૨	૦	„ એમ. લાલા.
૦	૫	૦	„ રણછોડ ભાણા.
૦	૫	૦	„ વાડુ.
૦	૧૦	૦	„ ડી. ગોપાલ.
૦	૫	૦	„ કાળીદાસ
૦	૫	૦	„ જાફર આદમ
૦	૫	૦	„ અબદુલ રહેમાન.
૦	૫	૦	„ મહમદ ઇસમાઇલ નગરી
૦	૨	૬	„ સઇયદ હુસેની
૦	૨	૬	„ એસ. આદમ
૦	૧	૦	„ હુસેન કાલુ
૦	૫	૦	„ આઇ. ગફુર
૦	૨	૬	„ હુસેન અબદુલા
૦	૫	૦	„ એચ. જાની
૦	૫	૦	„ ઇસમાઇલ અબરામ
૦	૫	૦	„ રોબરટ મહમદ
૦	૧૦	૦	„ આઇ. અલી
૦	૫	૦	„ આદમ ઇસમાઇલ
૦	૨	૬	„ બુલા શુ મેહર
૦	૨	૬	„ હુસેન ખાન
૦	૨	૬	„ એસ. ખાન
૦	૨	૬	„ ઓસમાન મહમદ
૦	૨	૬	„ ઇબ્રાહીમ આદમ
૦	૨	૦	„ શરીફ અલી
૧	૧	૦	„ ડી. બાંભા સુથાર
૦	૫	૦	„ નથુ મકન
૦	૨	૬	„ એફ. સ્વામી
૦	૨	૦	„ વી જેક
૦	૫	૦	„ એન. અમરોઝ
૦	૫	૦	„ સી. ડી. થાંબુ
૦	૫	૦	„ એચ. ફીલીપ
૦	૫	૦	„ પી. કોક
૦	૭	૬	„ એસ. સીદીક
૦	૨	૦	„ ટોમસ
૦	૨	૬	„ મુસા
૦	૨	૬	„ આદમ ઉમર
૦	૨	૬	„ જી
૦	૧૦	૦	„ જી. કુપર
૦	૨	૬	„ અલી મહમદ
૦	૧	૦	„ ઇસફખાન
૦	૫	૦	„ ઇસમાઇલ મુસીશ
૦	૫	૦	„ એ. મહમદ
૦	૫	૦	„ મહમદ ઇસફ
૦	૫	૦	„ ડેવીડ ખાન
૦	૨	૬	„ પઠાણ જાફરગુલ
૦	૫	૦	„ એસ. પીલે
૦	૨	૦	„ સુલેમાન કાસમ
૧	૦	૦	„ એ. નોરડી
૦	૨	૬	„ એચ ઉસમાન
૦	૫	૦	„ મહમદ. હુસેન
૦	૨	૬	„ દાઉદ માયા
૦	૫	૦	„ અલીભાઇ
૦	૨	૬	„ એચ. ઉસમાન
૦	૧૦	૦	„ જે નાઇડુ
૦	૧	૦	„ કારીમ
૦	૧	૦	„ જોસફ
૨૧	૦	૦	કુલ સરવાળો

BOOKS TO READ

	Price, post free s.	d.
The Story of an African Farm, a novel, by Olive Schreiner	1	9
Civilisation of India, by R. C. Dutt.	1	8
Byzantine Empire or History of Syria, Asia Minor, Egypt in Africa. (The present Turkish Empire formed once a portion of the Byzantine Empire.)	1	9
Fields, Factories and Workshops, or Industry combined with Agriculture and Brain Work with Manual Work, by Prince Kropotkin	1	9
Self Help, by S. Smiles	1	11
Life and Labour or Characteristics of men of Industry, Culture, and Genius, by S. Smiles	1	11
Character, by S. Smiles	1	11
Rubayat of Omar Khayyam, with Illustrations	1	7
The Song Celestial, by Edwin Arnold	2	3
The Light of Asia, by Sir Edwin Arnold	2	3
Islam, by Justice Syed Ameer Ali	1	9
The Koran	1	9
Sakuntala, an Indian Drama by Kalidas	1	9
Mohammedanism	1	9
Mahomed "The Great Arabian," by Meredith Townsend	1	8
Gulistan or Flower Garden, Sadi	1	10
Sesame and Lilies by John Ruskin	1	10
Unto this Last, " "	1	10
Duties of Man, by Mazzini	1	10
Time and Tide, by J. Ruskin	1	10
English Traits and Representative Men, by Emerson	1	10
Society and Solitude and other Essays, by Emerson	1	10
Tales and Parables, by Tolstoy	1	10
War and Peace, Vol 1, 2, and 3, by Tolstoy each	1	10
A Vision of India, by Sidney Low	1	9
The Indians of South Africa: Helots within the Empire and How They are Treated. By H. S. L. Polak	1	6
Stories and Sayings of India Ceylon and Burma	1	9
Future of Islam	4	0
INDIAN OPINION Souvenir of the Hon. G. K. Gokhale's Tour in South Africa	5	3
M. K. Gandhi, by J. J. Doke	2	10
Hindu Social Ideals by P. J. Mehta	0	7
M. K. Gandhi and the S. A. Indian Problem by P. J. Mehta	0	7
Reflections on the French Revolution, by Burke	1	10
The Life of Mahomet, by Washington Irving	1	10
Adventures of War with Cross and Crescent	2	10
The Râmâyana and the Mahâbhârata, by R. C. Dutt	1	10
The Hon. Mr. Gokhale and the Indenture System	0	6

The Wisdom of the East Series

Brahma Knowledge	2	8
The Persian Mystics—		
I. Jalaluddin Rumi	2	9
II. Jami	2	9
The Bustan of Sadi	2	9
The Religion of the Koran	1	9
Diwan of Abul Ala	1	9
Arabian Wisdom	1	9
The Confessions of Al Ghazzali	2	8
The Heart of India	2	8
Rubayat of Hafiz	1	9

New Books

Swami Vivekananda An exhaustive and comprehensive collection of his speeches and Writings price	3	9
The Indian National Congress An Account of Its Origin and Its Growth Full Text of all the Presidential Addresses Reprint of all the Congress Resolutions Extracts from all the Welcome Addresses Notable Utterances on the Movement Portraits of all the Congress Presidents, price 5s. post free 6/-	6	0
The Swadeshi Movement. A Symposium by Representative Indians and Anglo Indians. An excellent and authoritative collection of official and non-official views, price 2s. post free	2	3
The Nation Builders Part I, II and III. Price 6s. Post free	7	0
From Colombo to Almora Lectures by Swami Vivekananda. Price 3s. 6d. Post free	3	10
Essays in National Idealism	3	10
Essays in Indian Art, Industry and Education	2	3
Gospel of Shri Ramakrishna price 4s. Post free	4	7
Sayings of Shri Ramakrishna	[illegible]	[illegible]
From Colombo to Almora	2	10

Cash with Order

INTERNATIONAL PRINTING PRESS,
Phoenix, Natal.

"இந்தியன் ஒப்பீனியன்"

புதன்கிழமை . . 1914ம் வருஷம் பிப்ரவரி மீ 18உ.

யூனியன் பார்லிமெண்ட்

சென்ற ஜெனவரி மீ 30உ யூனியன் பார்லிமெண்ட் திறக்கப்பட்டு தென்னாப்பிரிக்காவுக்கு இராஜப்பிரதிநிதியாகவிருக்கும் லார்ட் கிளாட்ஸ்டன் சொன்ன பேச்சில், "சென்ற அக்டோபர் மாதத்தில் நடந்த வேலை நிப்பாட்ட போராட்டத்தினால் நிலக்கரி சுரங்கக்காரர்களுக்கும், கரும்புத் தோட்டக்காரர்களுக்கும், ரொம்பவும் சங்கடத்தை விளைவித்ததும் தவிர சில இந்தியர்களுக்கும், உயிர்சேதத்தை உண்டாக்கிவிட்டது. இதற்காக ஓர் விசாரணைச் சங்கம் என்னால் ஏற்படுத்தப்பட்டு மேற்படி சங்கதிகளையெல்லாம் நிர்விசாரிக்க நேமித்திருக்கின்றோம். அவர்களும் விசாரித்த சங்கதிகளை இப்பார்லிமெண்ட் முன்னிலையில் கொண்டுவந்து சேர்த்தால் பிற்பாடு நாம் ஓர் ஒழுங்குக்கு கொண்டுவர நலமாயிருக்கும்," என்று சொன்னார்.

இந்திய விசாரணைச் சங்கம்

ஸர் பெஞ்சமின் ராபர்ட்ஸன் அவர்கள் வாக்குமூலம்.

டர்பனில் நடந்த இந்திய விசாரணைச் சங்கத்தின் முன்பாக ஸர் பெஞ்சமின் ராபர்ட்ஸன் கீழ்வருமாறு வாக்குமூலம் கொடுத்தார்:—"தற்காலம் இவ்வூரில் நடக்கும் இந்தியர்களின் போராட்டத்தினால், இந்தியாவில் பெரிய அமளிதுமளியாகவிட்டிருக்கிறது. இப்போராட்டத்தை ஓர் ஒழுங்குக்குக் கொண்டுவந்தால் நலமாயிருக்குமென்று இந்தியா கவர்ன்மெண்ட் எதிர்பார்க்கின்றது. மூன்றுபவுன் தலைவரியை ரத்துசெய்யும்படியாக, இந்தியா கவர்ன்மெண்டார் கேட்டுக்கொள்ளுகிறார்கள். தவிர இந்தியாவில் உடன்பாட்டு இந்தியர்களை சேகரிக்கும்போது அவர்களுக்கு என்ன சொன்னார்களோ தெரியவில்லை. இந்த மூன்றுபவுன் தலைவரியை அவர்கள் கட்ட வேண்டுமென்று எண்ணியிருக்கமாட்டார்கள். அவர்களுக்கு அதைச் சொல்லியிருந்தபோதிலும் அதை அவர்கள் யோசிக்கவில்லை. இந்தியாவிலிருந்து வந்திருக்கும் மிஸ்டர் [illegible] தலைவரியை ரத்துசெய்தால் நலமென்று வாக்குமூலம் கொடுத்திருப்பதினால் இதை ரத்து செய்துவிட்டால் நலமாயிருக்கும்."

* * *

[illegible] மேற்படி சங்கத்தின் முன்பாக சொன்ன பேசுகில், "தனது அபிப்பிராயத்துக்கு எட்டியவரையில் இந்த மூன்றுபவுன் தலைவரியை ரத்து செய்தால் நலமாயிருக்கும். தவிர வரியை ரத்து செய்தினால் வேலையாட்கள் கிடைப்பது அரிதென்றும் அவர்கள் பூமியபிரிட போய்விடுவார்களென்றும் சொல்வது, ரொம்பவும் பிசகானது," என்றும் சொன்னார்.

* * *

இலானன்ஸ்லாகேட் நிலக்கரி சுரங்கத்தின் சொந்தக்காரராகிய மிஸ்டர் ஹில்லா சொன்னபேசுகில இந்த மூன்றுபவுன் வரியை ரத்துசெய்துவிட்டால் வேலைக்கு ஆட்கள் கிடைப்பது ரொம்பவும் கஷ்டமாகவிருக்கும். தவிர இவர்கள் காப்பிரிகளை நம்பி வேலைவாங்க முடியாது. ஆனபடியால், நிலக்கரி வியாபாரம் ரொம்பவும் கஷ்டதிசைக்கு வந்துவிடும். தவிர வரியை ரத்துசெய்துவிட்டால், இவர்கள் வெள்ளையர்களுக்குச் சமமாக வியாபாரம்செய்ய ஆரம்பித்துவிடுவார்கள். தவிர வெள்ளையர்களுடைய ஆபீஸ் வெள்ளைய சிறுவர்களுக்கு சமமாக இந்தியர்கள் உசித்துவருகிறார்கள்," என்று சொல்லிமுடித்தார்.

* * *

A great farewell meeting of Indians was held at Capetown on Saturday morning to express gratitude towards the Rev. C. F. Andrews for his great work on behalf of the Indian community. Among those present were Mr. and Mrs. Gandhi, Bishop Cameron, Sir Fredrick Smith, Senator W. P. Schreiner, Mr. Meyler, M.L.A., and others. A letter apologising for his inability to attend was read from Mr. Merriman, who added that he was sure the Indian community was right in expressing their earnest gratitude to one who, by example and precept, brought home to South Africa the need existing for every effort to be made to bring about some mutual understanding of the difficulties which rise from the contact of men with diverse origins and different views of their duties as citizens.

Mr. Andrews was then garlanded and presented with a set of South African books.

Bishop Cameron said he was sure that Mr. Andrews's visit had been of the greatest possible advantage in promoting a better understanding between the people of this country and the people of India.

Mr. Schreiner, Mr. Meyler, and others also spoke, and Mr. Andrews in returning thanks, expressed in Hindustani and English appreciation of the wonderful frankness and generosity with which he had been received in South Africa. If he had been able to do anything to help a peaceful solution of the problem, it was due to the manner in which he had been received on all sides. He appealed for better relationship between the two great civilisations of India and South Africa. The speaker and audience were moved to tears.

Mr. Andrews subsequently sailed for England by the *Briton*.

On Friday evening Mr. Andrews addressed the students of the University, Mr. Victor (Chancellor) presiding. Mr. Andrews spoke about the poet Tagore, calling him his *Guru*. Mr. Andrews considered his work in South Africa highly successful. It had produced a healthy change in the political atmosphere.

Lord Gladstone's Tribute to Tagore

Capetown, February 17th (Reuter).—In the City Hall before a distinguished audience, the Rev. Mr. Andrews lectured on the Indian poet, Tagore. The Mayor presided.

Mr. Merriman, in moving a vote of thanks, emphasised the necessity of a better and more sympathetic understanding of the Indians, particularly of the Indian intellectual life.

The Governor-General, in seconding, said that he had listened with great pleasure to the lecture which was one to make them think and realise in a fuller degree what India was, and what their duties were to the people who were members of the British Empire. His Excellency said that, when at Oxford, he made a special study of Indian history and later visited India. He wished more South Africans could go to India, and by so doing rise to a higher appreciation of what the Indians were. They would then think less of India as a country which sends its coolies to the South African coast, and would realise that there was in the personality of Tagore an intense expression of imaginative Indian life; in fact India had developed perhaps far above the line attained by some parts of the British Empire in its civilisation and effort to higher life. He joined with Mr. Merriman in thanking Mr. Andrews, and believed that this lecture would do much to produce a feeling which would help to a solution of the troubles which had arisen between the [illegible] of South Africa and India. [illegible] He thanked [illegible] for [illegible] to bring about a better understanding.

Passive Resisters Return to their Homes

After an absence of many months, the following Passive Resisters entrained for their homes in the Transvaal on Wednesday evening last :—Mrs. K. Murugasa Pillay, Mrs. K. Chinsamy Pillay, Mrs. Perumal Naidoo, Mrs. Tommy Ramalingen, Mrs. R. Moonsamy Moodaley, Mrs. Sivprasad, Mrs. Mahabeer, Mrs. Bhavani Dayal, Mrs. Somar, Miss V. Moonsamy Moodaley, Miss Baikum Murugasa Pillay, Miss Minnatjee and Messrs. Lalbahadursingh, Tilokasingh, Gulabhdas, Bhavani Dayal, Sivprasad, Veerasamy Francis Subbaya Pillay, N. M. Naidoo, Rajoo Narsoo Naidoo and L. B. Naik.

They were followed on Monday by Mrs. N. Pillay, Mrs. Thambi Naidoo, Mrs. V. S. Pillay, Mrs. V. R. Naidoo, Mrs. N. S. Pillay, and Messrs. Thambi Naidoo, S. K. Padiachy, N. K. Pillay, Rugoobeer, T. Coopoosamy Naidoo and Wilkie Morgan. How those months of exile were spent is too well known to require recapitulation. The departure of the first band of eleven ladies—six with babes in arms—from Johannesburg to court arrest at Vereeniging, first by crossing the border from Viljoen's Drift, then by hawking in the town of Vereeniging itself, their subsequent departure for the strike centre, their giant labours here among the indentured people, finally their arrest while so labouring, as "vagrants", and their incarceration at the Newcastle, Maritzburg and Durban Gaols with its various incidents, including forcible vaccination at Newcastle and detention under the Immigration Act on the day of their release from prison, the departure for the strike centre of the second band of ladies from Johannesburg, reinforced later by two more ladies from Germiston, their work amongst the labourers at Newcastle, Dundee, Dannhauser, Durban, Maritzburg and other places, their endeavour to be arrested as licenceless hawkers in Durban, subsequently the arrest of Mrs. Moonsamy, Miss V. Moonsamy, Mrs. Mahabeer, Mrs. Sivprasad and Mrs. Somar in this manner by a native constable and their release immediately on reaching the Charge Office, their subsequent attempt to cross the Transvaal Border, their arrest at Volksrust and sentence to three months imprisonment, their transference to the Maritzburg Gaol and their release thence under the provisional settlement,—all this is matter of history. It may be mentioned here that Mrs. Veerasamy, who came with the second band of ladies and with them crossed the Transvaal Border, was, to her great regret, not arrested, she being identified by the Immigration Officer having with her her little child. She consequently returned to Charlestown, where a number of the strikers' families were still stationed, and on the conclusion of the negotiations with the Government proceeded home. It may also be mentioned that three more Germiston ladies, Mrs. Nanden, Mrs. Bandu and Mrs. Thai, left their homes for the front, and they were waiting at Charlestown to seek arrest by re-crossing the border when the provisional settlement rendered such a course unnecessary. It may be stated that the whole of the Germiston contingent were among those who at the very outset of the present struggle, sought imprisonment as 'hawkers' at Germiston, were arrested and immediately released.

On both occasions, the Departees, before proceeding to the Station, were driven from their residence in Stratford Road to 110 Field Street, where Mr. Rustomjee presented flowers and sweetmeats. In laudatory terms he referred to the great work done by them, work which words failed him to describe. On the first occasion Mr. Lalbahadursing, and, on the second, Mr Thambi Naidoo, on behalf of the Passive Resisters, thanked Mr. Rustomjee for the kindness he had extended to them. On the second occasion, a deep note of sadness was introduced owing to the news of the passing away of Miss Valiamah Moonsamy two days after her return home. Loving references were made to the memory of the dear departed by Mr. Thambi Naidoo, Mr. Rustomjee, and Mr. Polak who said that a proud lot was that of the parents to whom it had been vouchsafed to give up a daughter in such a cause.

A large number of friends was at the station to bid the returning Passive Resisters Godspeed, and, at 6.30, the train steamed out of the Station amid loud cheers of "Bande Mataram."

In spite of the fact that the Immigration Officer at Volksrust had been notified of the departure both by Mr. Gandhi and Mr. Polak, separately, the first party, except Mrs. Moonsamy and her daughter, who were allowed to proceed to Johannesburg on account of the latter's illness, were detained on the pretext that their identity was not known. Subsequently, upon an undertaking being given by Messrs. Kallenbach and Polak that full particulars would be forwarded to the Chief Immigration Officer, Pretoria, they were allowed to proceed, having been delayed for twenty-four hours.

Further details of the work of the Transvaal Resisters in Natal will be given next week.

News in Brief

Mr. Gabriel Isaac wishes us to thank all those friends who sent telegrams of congratulation on his release, and, in reply to the hope that he might be spared to work further in the cause, Mr Isaac says that he will always strive to keep those principles that led to his adopting the Indian cause as a guide to his life in the future as in the past and that he heartily reciprocates the note of brotherhood.

The Indian papers just to hand record the death of Mr Kevalram Mavji Dave, B.A., LL.B., of Rajkote, the late Mr. Dave was an Arnold Scholar and the first Kathiawari to become a graduate in laws. He was a lawyer of great gifts and his fame extended beyond the limit of his province. Recently he published a Life in Gujarati of the Saint Ramkrishna Paramhansa, which work he dedicated to his friend, Mr M. K. Gandhi, as a tribute to his selflessness as a passive resister. We tend our sympathy to the relatives.

Mr W. W. Pearson delivered an address on "India" at the Congregational Church, Aliwal street, Durban, at the evening service on Sunday last. The service was well attended, notwithstanding the inclement weather, and Mr. Pearson received a cordial welcome from the Congregation through the Minister, the Rev. Glover. Among those present were the Rev. and Mrs. Richards from Australia, Mr. Pearson's brother-in-law and sister, who are on their way to England.

Our readers will regret to hear that Mr Solomon Royeppen, who suffered from hernia whilst in the Maritzburg gaol, as a passive resister, was operated upon on Saturday. He is now slowly recovering, and, we are informed is progressing as well as can be expected.

Mr. J. W. Godfrey, Barrister-at-Law, Natal, contributes a letter to the *Times of India* of the 2nd ultimo in which he gives the story of passive resistance and the Indian Strike in Natal. An illustration appearing on the same page shows the strikers marching across the border of Natal and the Transvaal.

Chancing to pick up a copy of the *Union Gazette* dated the 25th November last, we find therein a notice establishing the Indian Barracks of the African Boating Company, Point Road, Durban, as a temporary gaol. Owing to the strain and stress of those days, when most of us were either in gaol or under arrest, we failed to observe that private prisons were being established in Durban.

Printed and Published by Albert H. West and Maganlal K. Gandhi at the International Printing Press, Phoenix, Natal

ઇન્ડિયન ઓપિનિયન.

પુસ્તક ૧૨ મું. ફીનીક્સ, બુધવાર, તારીખ ૨૫ મી ફેબરૂઆરી, ૧૯૧૪. અંક ૮.

અધિપતિની નોંધ

બેન વેલીઅમા

બેન વેલીઅમા મુનસામી ૧૭ વરસની કાચી વયે ગયા રવીવારની પ્રભાતે મરણ પામી છે. તે પોતાનું નામ અમર કરી શરીર કે જેનો કોઇક દિવસ જરૂર નાશ થવાનો છે તે છોડીને ચાલી ગઇ છે. મરવું તો છેજ. તો પછી પરોપકાર કરતાં મરવું તેના કરતાં બીજું કયું વધારે સરસ મરણ હોઇ શકે? તે મરવું તે સદાને માટે જીવવા બરાબર છે. તેના માબાપને માટે આપણે શોક કરીએ. છીએ પણ તે સાથે તેમને મુબારકબાદી પણ આપી શકીએ છીએ કે ભલે તેમણે દેશના ગઉરવને વધારનાર આવા ફરજનને જન્મ આપ્યો.

નાગાપન અને નારાયણ સામીનાં મરણો હજુ તાજાં છે. બેલી હડતાલમાં પણ દુખ ભોગવનારાઓની મોટી સંખ્યા તામીલોની દેખાઇ આવે છે. તે બીના તેમને દીપાવનાર છે અને બીજી કોમોને શિક્ષણ લેવા લાયક છે. બેન વેલીઅમાના માતપિતાને અમે અંતઃકરણ પુરવકની દીલસોજી ચાહીએ છીએ અને મરનારના આત્માને શાંતી ઇચ્છીએ છીએ.

મી. એન્ડ્રુઝ અને મી. પીયર્સન

ગયે શનીવારે રેવ. સી. એફ. એન્ડરૂસ કેપટાઉનથી સ્ટી. બ્રીટનમાં ઈંગ્લંડ માટે રવાના થયા છે અને આવતી કાલે મી. ડબલ્યુ. ડબલ્યુ પીઅરસન સ્ટી. અમવોલોસીમા હીંદુસ્તાન તરફ રવાના થશે. હીંદના આ સાચા મિત્રાથી જુદા પડવાને માટે આખા દક્ષિણ આફ્રિકાના હીંદીઓ ઘણુંજ દિલગીર થશે. તેઓ ટુંક મુદત ગયા તે દરમીયાન ઘણા હીંદી તેમજ ગોરાઓના પ્રસંગમાં આવ્યા છે, અને દરેક જગ્યાએથી પોતાની સાદાઈ ભલમનસાઇ, ખરી દીલસોજી, અને પોતાની માતા તરીકે ધારણ કરેલ હીંદ તરફના નિરમળ પ્રેમને લીધે ઘણાનાં મન હરી લીધાં છે. અને તેથી થોડા સમયમાં દક્ષિણ આફ્રિકાના હીંદી સવાલને તેઓ જેટલે દરજ્જે સમજી શક્યા છે તેટલે દરજ્જે વરસોનાં વરસો થયા તેના સંબંધમાં રહેવા છતાં બીજાઓ સમજી શક્યા નથી. આ દેશના ગોરા અને હીંદી વચ્ચેના સબંધ બાંધનાર તરીકે તેમનું નામ હમેશાંને માટે યાદગાર રહેશે. અમે આ બન્ને મિત્રની મુસાફરી સુખ શાન્તિથી પસાર થાઓ એમ ઇચ્છીએ છીએ અને તેમનું કરમ પુરૂં થયે કવીરાજ રવીન્દ્રનાથ ટાગોરની નિશાળમાં ભાગ લેવાની ... [illegible] ... થઓ. ... [illegible] ... નાં ... [illegible] ... માટે ... [illegible]

સ્ટાંગરમાં લાઇસેન્સનો કેસ

આ કેસ વિષે અમે ટીકા ગયે અઠવાડીએ કરી હતી. હવે સ્ટાંગરથી મી. નુરમહમદ તાહબબનો કાગળ અમને મળ્યો છે તે બીજી જગાએ છાપીએ છીએ. અમે જાણીને ખુશી થઇએ છીએ કે સ્ટાંગરના વેપારીઓએ પોતાના એક ભાઇ સામે કોઇ પણ જાતનું પગલું ભરવામાં ભાગ લીધો નથી. અમારી ટીકા અમારા ખબરપત્રીના લખવા મુજબ એન્ડેલના વેપારી સામે જોઇએ.

બેન વેલીઅમાનું જીવન ચરિત્ર

કોમની સેવા કરી પોતાનો જન્મ સફળ કરી જનાર બેન વેલીઅમાનો જન્મ ટ્રાંસવાલમાં જોહાનીસબરગ ખાતે ૧૭૪ મારકેટ સ્ટ્રીટમાં ૧૮૯૮ માં થયો હતો. તેમના પિતા આર. મુનસામી મુડલીઆર ટ્રાંસવાલના ઘણા જુના રહીશ છે. તેમણે અગાઉ સત્યાગ્રહની લડતમાં જેલ ઉઠાવી હતી. આ લડત વખતે તે બીમારી ભોગવતા હતા. અને કેટલાક વખત થયાં ઓપરેશનને લીધે જોહાનીસબરગની ઇસ્પીતાલમાં હતા. બેન વેલીઅમાની ઉમર માત્ર ૧૬ વરસની હતી પણ સમજ મોટી હતી. તેણે પોલી સ્ટ્રીટની નીશાળમાં કેળવણી લીધેલી. સત્યાગ્રહની લડત જાગતાં પોતે નબળા બાંધાની છતાં જે કાયદો પોતાની બહેનોનાં લગ્ન ગેર કાયદેસર ગણી પોતાની જાતી તરફ કલંક દાખવે તેની સામે બીજી બેનો સાથે લડતમાં સામેલ થવાનો આગ્રહ બતાવી તેની મા સાથે તા. ૨૯ અકટોબર ૧૯૧૩ ના રોજ જેલ જવા માટે ચાલી નીકળી. મા દીકરી બેઉ ૭ બાઇઓ વોલકરસ્ટ ખાતે પકડાઇ ને ટુકડીમાં હતાં. જોહાનીસબરગ ખાતે નહીં પકડાયા એટલે તેઓ ન્યુકાસલ આવ્યા. ત્યાં ૮ દીવસ રહ્યાં. ત્યાંથી ચારલ્સટાઉન ૩ દિવસ, ડંડી ૮ દિવસ, લેડીસ્મીથ ૨ દિવસ, ડેનહાઉસર ૨ દિવસ, મારીટ્સબરગ ૬ દિવસ, ટોંગાટ ૧ દિવસ, અને ૧ મહીનો ડરબનમાં રહ્યાં. ક્યાંય સરકારે તેમને પકડયા નહીં એટલે ફરી તેમણે નાતાલની હદ ઓળંગી ટ્રાંસવાલ વગર પરમીટે જવાનું ઠરાવ્યું. આ વખતે વાલ ક્રસ્ટમાં તેમને સરકારે પકડયા. કેસ ચાલ્યો અને તેમા તારીખ બાવીસમી ડીસેમ્બરે ત્રણ માસની સખત મજુરીની જેલ મળી. ત્યાંથી થોડા દિવસ બાદ તેમને મારીટ્સબરગની જેલમાં લાવ્યાં અને ત્યાં બેન વેલીઅમાને તાવ લાગુ પડ્યો. આઠ દીવસ બીછાનામાં રહી બધા કેદીઓ છુટયા તે સાથે ૧ મહીનો અને પચીસ દિવસની જેલ ભોગવી બેન વેલી અમા જેલમાંથી છુટી થઇ. પછી ડરબનમાં બીજી સત્યાગ્રહી બેનો સાથે કેટલાક દિવસ મા દીકરી રહી. ત્યાં બેન વેલીઅમાની તબીયત દીવસે દીવસે વધારે બગડવા માંડી. તે ... [illegible] ... સત્યાગ્રહીઓ સાથે તારીખ ૨૦મી ... [illegible] ... બેન ... [illegible] ... તારીખ ૨૨મીને ... [illegible] ... ૪-૨૦ ... [illegible]

મી. એન્ડરૂઝ કેપટાઉનમાં

રૂટર જણાવે છે કે તા. ૧૭ મી એ કેપટાઉનના સીટી હૉલમાં ઘણા નામાંકિત શહેરીઓની સમક્ષ કવિરાજ રવિન્દ્રનાથ ટાગોરના જીવન ઉપર રેવ. મી. એન્ડરૂઝે એક અસરકારક ભાષણ આપ્યું હતું. સભાના મેયર પ્રમુખપદે હતા. ઉપકારની લાગણી દર્શાવવાનો ઠરાવ રજુ કરતા મી. મેરીમેન બોલ્યા કે હીંદી લોકોને અને તેમાં વળી બુદ્ધિશાળી અને મહાન શક્તિ ધરાવનારા હીંદીઓને આપણે પુરી રીતે સમજવા પ્રયત્ન કરવો જોઈએ.

ગવરનર જનરલ લોર્ડ ગ્લૅડસ્ટન તે દરખાસ્તને ટેકો આપતા બોલ્યા કે મેં મી. એન્ડરૂઝનું ભાષણ ઘણા ધ્યાનપૂર્વક અને આનંદથી સાંભળ્યું છે. આ ભાષણથી હીંદુસ્તાન એ કેવો દેશ છે અને લોકો જીંદગી કેવી ગાળે છે, તે આપણે સરસ રીતે જાણી શકીએ છીએ. આગળ ચાલતાં લોર્ડ ગ્લૅડસ્ટન બોલ્યા કે જ્યારે હું ઑક્સફર્ડમાં વિદ્યાર્થી હતો ત્યારે હીંદુસ્તાનના ઇતીહાસનો બારીક અભ્યાસ મેં કરેલો. અને પછી હીંદુસ્તાનની મુલાકાત લીધેલી. હું ઇચ્છું છું કે દક્ષીણ આફ્રિકાવાસીઓએ હીંદુસ્તાન જવું જોઈએ, અને તેમ કરવાથી હીંદીઓના જીવન માટે આપણે ઉચ્ચ અભિપ્રાય ધરાવી શકશું. પછી આપણે એમ નહીં માનશું કે હીંદુસ્તાન તો દક્ષીણ આફ્રિકા માટે મજુરો મોકલનારો મુલક છે પરંતુ ત્યાં ઉમદા ચારિત્રવાળા ઘણા માણસો છે કે જેનો મી. રવિન્દ્રનાથ ટાગોર એક નમુનો છે. સત્ય તો એજ છે કે ધાર્મીક અને સામાજીક સુધારામાં હીંદુસ્તાન સિવીલ સંસ્થાનો કરતા ઘણું આગળ વધેલું છે. મી. એન્ડરૂઝને માન આપવામાં હું મી. મેરીમેનની સાથે સામેલ થાઉં છું અને હું માનું છું કે મી. એન્ડરૂઝનું આ ભાષણ દક્ષીણ આફ્રિકા અને હીંદુસ્તાનની મિત્રતા વચ્ચે અડચણરૂપે જે મુશ્કેલીઓ ઉભી છે તેનો નીકાલ કરવામાં મદદગાર થઈ પડશે. તે બધી મુશ્કેલીઓ હવે થોડા વખતમાં નાબુદ થશે એમ આપણે માનીએ છીએ. તે પછી લોર્ડ ગ્લૅડસ્ટને મી. એન્ડરૂઝના સરસ સમજાવટ કરેલા ભાષણ માટે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

ઉપરના હેવાલ પછી અમને મળેલા તારમાં ખબર છે કે શુક્રવારે રાત્રે યુનીવર્સીટીના વિદ્યાર્થીઓની સમક્ષ ઘણું વિદ્વતા ભરેલું ભાષણ મી. એન્ડરૂઝે કર્યું હતું. પ્રમુખસ્થાને ચેન્સલર વીકટર હતા. કવિરાજ રવિન્દ્રનાથ ટાગોરને પોતાના ગુરૂ તરીકે ઓળખાવ્યા અને તેમના જીવન માટે બોલ્યા.

ગયે શનીવારે મી. એન્ડરૂઝની વિદાયગીરીના પ્રસંગે એક હીંદીઓની ગંજાવર સભા મળી હતી. ઘણા નામાંકિત ગોરા સદસ્ય પણ હાજર હતા. તેઓમાં સેનેટર શ્રાઈનર, સર ફ્રેડરીક સ્મીથ, મી. મેયર એમ. એલ. એ. કેપટાઉનના બીશપ વિગેરે ઘણા હતા. રાઈટ ઑનરેબલ મી. મેરીમેન હાજર નહીં થઈ શક્યા તે માટે દિલગીરી દર્શાવનારો પત્ર લખ્યો હતો. તેમાં તેમણે જણાવ્યું હતું કે દરેક તરીકાની ફરજ વિષે જુદા જુદા મતો ધરાવતી જુદી જુદી કોમોના સંબંધથી જે મુશ્કેલીઓ ઉભી થાય છે, તે મુશ્કેલીઓ, અરસપરસ સમજુતથી નાબુદ કરવાને પોતાના જીવન સમર્પણ કરી દક્ષીણ આફ્રિકાને મી. એન્ડરૂઝ જે ફાળો આપ્યો છે તે માટે હીંદી કોમ પોતાના ખાસ જીગરથી તેમને જે માન આપે તે ઘટતુંજ છે.

તે પછી રેવ. મી. એન્ડરૂઝને પુષ્પના હાર પહેરાવી માન આપવામાં આવ્યો અને દક્ષીણ આફ્રિકાની લગતી બાબતનાં પુસ્તકોનો એક સેટ ભેટ આપવામાં આવ્યો.

બીશપ કેમેરોન બોલ્યા કે આ મુલકના અને હીંદુસ્તાનના લોકો વચ્ચે મિત્રતાનો સંબંધ બાંધવાના કામમાં મી. એન્ડરૂઝની અહીંની મુલાકાત ઉપયોગી થઈ પડશે એની તેમને ખાતરી થાય છે. તે પછી મી. શ્રાઈનર, મી. મેયર અને બીજાઓ પણ બોલ્યા. દક્ષીણ આફ્રિકામાં પોતાની સાથે જે અસાધારણ નિખાલસ, અને માયાળુ દિલથી વરતન ચલાવવામાં આવ્યું તે માટે જવાબમાં મી. એન્ડરૂઝે બધાનો આભાર માન્યો ને બોલ્યા કે જો હું આ મુશ્કેલીઓનો નીવેડો લાવવામાં કંઈ પણ મદદગાર થઈ પડીશ તો તેનું કારણ આખા દ. આ. ના દરેક ભાગમાં મારી તરફ ચલાવેલી માયાળુ વરતણુંક છે. મી. એન્ડરૂઝે દ. આ. ના લોકો અને હીંદુસ્તાનના લોકો વચ્ચે મિત્રભાવ પેદા થાય એવા હેતુથી ઇંગ્લીશમાં અને હીંદુસ્તાનીમાં હૃદય ભેદક ભાષણ કર્યું. ઇંગ્લીશમાં ભાષણ કરતા કરતાં તેમની આંખમાંથી આંસુ ખરતા. તેનો પડઘો સાંભળનારાઓના હૃદયમાં પણ પડયો. સાંભળનારાઓમાંના ઘણાની આંખોમાંથી આંસુ ખરતા હતા.

મી. એન્ડરૂસ તેજ દિવસે ઇંગ્લાંડ માટે ઉપડી ગયા.

આ ભાષણનો આખો રીપોર્ટ અમે આવતા અઠવાડીએ આપવા ઉમેદ રાખીએ છીએ.

મી. પીયરસનને માન

મી. પીયરસનને જોહાનીસબર્ગ આવી પહોંચતાં ત્યાંના હીંદીઓએ તેમને વધાવી લીધા હતા. હીંદુ તથા મુસલમાન આગેવાન હીંદીઓને તેઓ મળ્યા. રવીવારને દીવસે જોહાનીસબર્ગની જુદી જુદી સભાઓ તરફથી તેમનો સત્કાર કરવામાં આવ્યો હતો. પ્રથમ બ્રીટીશ ઇં. એસોસીએશનની મીટીંગ વેસ્ટ એન્ડ બાયોસ્કોપ હૉલમાં બોલાવવામાં આવી હતી. મી. હોસ્કેન, મી. રીચ, મી. કેલનબેક પણ હાજર હતા. પ્રમુખે મી. એન્ડરૂસ તથા મી. પીયરસને આપણી લડત તરફ લાગણી બતાવી છે તથા આપણા સવાલમાં મદદ કરવા હીંદુસ્તાનથી ખાસ અહીં સુધી આવેલા છે તેમને માટે આભાર દરશાવ્યો. બાદ પાટીદાર સોસાયટીના પ્રમુખ મી. જીવણજીએ આ બને મહાશયોએ ટુંક મુદતમાં કરેલ ઘણાં ઉપયોગી કામની નોંધ લઇ તારીફ કરી. પછી સરકાર અને મી. ગાંધી વચ્ચે થએલી સમજુતીને ટેકો આપવા સંબંધી તથા કમીશન આગળ પુરાવા આપવાના ઠરાવના વલણ તરફ નાપસંદગી બતાવનારાનું વિવેચન કરવું ભાષણકર્તાએ આ બધા વિષયો ઉપર સભામાં ઠરાવો રજુ કર્યા. તેને મી. અહમદ મુલાજીએ સેકન્ડ કર્યા અને મી. મુસા, ઇસ્માઇલ પટેલ મી. હોસ્કેન, મી. રીચ, મી. કેલનબેક, તથા મી. નારણજીએ ભાષણો કરી પણ ટેકો આપ્યો તથા મી. પીયરસન અને મી. એન્ડરૂઝના કામના વખાણ કર્યા. ત્યાર બાદ એસોસીએશન તરફથી મી. પીયરસનને સોનાનું ઘડીઆળ મી. હોસ્કેનના હાથે અરપણ કરવામાં આવ્યું. ત્યાર બાદ તેજ હૉલમાં પાટીદાર સોસાયટી તરફથી તેમને માન આપવામાં આવ્યું તેમજ એક માનપત્ર તેમને અરપણ કરવામાં આવ્યું હતું. કોમ તરફથી શ્રી ગોપાળદાસ ... તેમને હાર નજર પણ કર્યો અને ચાહીનું ટેબલ પર રાખવાનું ઉંચા પ્રકારનું

એક મઢીઆળ કીમતી યાદદાસ્ત તરીકે ભેટ આપવામાં આવ્યું. તથા રૂપેરી ધરાવાળી છબી ઉપર માનપત્ર છાપીને અરપણ કરવામાં આવ્યું હતું. આ બધી ભેટો મી. હોસ કેને અરપણ કરી હતી. બાર બાદ બધું મંડળ વરીડીડોરપ ૨૦ મી સ્ટ્રીટ ઉપર મી. મોરગનના બાયોસ્કોપમાં ગયું જ્યાં તામીલ બેનીફીટ સોસાયટી તરફથી મી પીઅરસનને ટીપાર્ટી આપવામાં આવી હતી. તેમજ ઈંડીઅન વાઈમેન એસોસીએશનની મીટીંગ પણ તેજ હોલમાં બોલાવવામાં આવી. તામીલ બેનીફીટ સોસાયટી તરફથી તેના સેક્રેટરી મી. થંબી નાયડુ પછીઆઓએ ચાહનો એક સુશોભીત ખડીઓ અરપણ કર્યો અને વીમેન એસોસીએશન તરફથી બે રૂપાનાં પણ અરપણ કરવામાં આવ્યા હતા. પછી હાજર રહેલાઓ નો ફોટો ઉતારવામાં આવ્યો હતો. અને લગભગ ૮॥ વાગે બધું મંડળ હમીદીઆ સોસાયટીમાં ગયું. ત્યાં પ્રમુખ શ્રી આમોદ મુસાજીએ મી પીઅરસનને સોનાનો [illegible] અરપણ કર્યો તેમજ મી. એન્ડ્રુસને સારૂ તેવોજ કીમતી [illegible] મી પીઅરસનને આપવામાં આવ્યો.

મી. પીઅરસનના માનમાં ડરબનમાં કેટલાક મેળાવડા થયા હતા તેની વીગત અમે આવતે અઠવાડીએ આપશું.

લંડનમાં એક મેળાવડો

દક્ષિણ આફ્રીકાના હિન્દી સવાલને જાહેરમાં લાવવાને હિન્દુસ્થાન તેમજ વિલાયતમાં ઘણી ઘણી જાતનાં પગલાં લેવાયા છે. લંડનમાં વસતા ઉત્સાહી હિન્દીઓએ એક નવા પ્રકારનીજ યોજના ઘડેલી અને તે ઘણી સારી રીતે પાર પડી છે. તેમણે તા. ૨૧ જાન્યુઆરીએ લંડન કેક્સ્ટન હોલમાં બસો ઉપરાંત હિન્દી અને અંગ્રેજ પ્રેક્ષકો સમક્ષ એક રસીક ખેલ કરી બતાવ્યો હતો. પ્રથમ મહાત્મા [illegible] જીવન ચરિત્રમાંથી ૧૨ અસરકારક દેખાવો સીનેમેટોગ્રાફમાં દેખાય છે તેવી રીતે બતાવ્યા [illegible] દેખાવ જીંદગીનું આખર શું છે તે ઉપર હતો. આ દેખાવમાં તે મહાત્મા વિચારે છે કે [illegible] થાય છે, ઘણા દુખ ભોગવે છે અને માંદા પડે છે, પણ [illegible] તો [illegible]—જે જીવે છે તેનો અંત આખર આવે છે આ દેખાવ તેમજ બારમો દેખાવ 'શાંતી'નો હતો તે ઘણોજ અસરકારક હતો તે પછી [illegible] એક ગીત [illegible] પંદર મીનીટના અંતર પછી મી [illegible] એમ [illegible] 'દક્ષિણ આફ્રીકાના હિન્દી' [illegible] મી ગાંધી, મી ગોખલે, મી [illegible] મી [illegible] અને કેટલીક બાનુઓ તથા [illegible] તેમજ કેટલાક [illegible] દેખાવો [illegible] બનાવ્યા બાદ એક હિન્દી [illegible] મી. ગાંધી, મી. [illegible] અને [illegible] હિન્દી [illegible] ઉદ્દેશી કવિતા [illegible] [illegible] પછી ઉપર [illegible] આ [illegible] કવિતા [illegible] [illegible] [illegible] ઉર્દુમાં [illegible] [illegible] [illegible] [illegible] આવી હતી. [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] કરી [illegible] [illegible] હતા.

ઢીલહેડ તપાસનો અંત

માઉંટ એજકંબ ખાતે હડતાલ વખતે કેટલાક પોલીસ અને હડતાલ વાળાઓ વચ્ચેના ઝગડામાં કેટલાક હિન્દીઓ મરણ પામ્યા હતા તેના સંબંધમાં ઈનાંડા વિભાગના માજીસ્ટ્રેટ પાસે જે તપાસ ચાલતી હતી તેનો ચુકાદો હવે બહાર પડ્યો છે તેમાં માજીસ્ટ્રેટે જણાવ્યું છે કે પોલીસને ડાક્ટરી પુરાવો ટેકો આપે છે ને તે ખરો છે એમ હું બેધડક કબુલ રાખું છું. અને ચુકાદો આપું છું કે સીલવન સુબ્બા રથવન, પછીઆપા, અને ગુરવડુ પોલીસે ફોડેલી બંદુકની ગોળીઓના જખમથી મરણ પામ્યા છે. આ અશાંતીના વખતમાં વપરાએલ લશ્કરી બળ વાપરવાની કેટલે દરજ્જે જરૂર હતી તે વિ તપાસ કરવાને એક કમીશન બેઠેલું છે એટલે આ મુદ્દા ઉપર હું મારો મત બતાવતો નથી. સાર બાદ માજીસ્ટ્રેટે મી. મેક્રીન કેમ્પબેલને નીર્દોષ જાહેર કર્યા અને કોન્ટ્રીક નામના નેટીવે ભાલાથી સીલવન મારી નાખેલ છે એ વાત પણ સાચી નથી એમ ઠરાવ્યું.

સ્ટાંગરમાં લાઇસેંસનો કેસ

ઈંડીઅન ઓપિનિયનના અધિપતિ જોગ,

[illegible] આપના [illegible] રામચરણના લાઇસંસ વિષે ટીકા કરતાં આપે લખેલ છે જે સ્ટાંગરના વેપારીઓએ જુલમ કર્યો છે, કારણ કે તે અટકાયત સ્ટાંગરના વેપારીઓએ કરેલ છે. તેમ આપે જણાવી સ્ટાંગરના વેપારીઓને શરમ લાગે તેવું લખાણ તમે બહાર પાડ્યું છે. તે બાબતમાં જણાવવાનું કે સ્ટાંગરના વેપારીને તે લાઇસેન્સથી કાંઇ પણ લાગવગ થશે નહીં, અને કદાપી લાગવગ હોય તો પણ તે પગલું સ્ટાંગરના વેપારી કદી પણ ભરે નહીં. દાખલા તરીકે [illegible] [illegible] લાયસેન્સ [illegible] [illegible] [illegible] છે અને [illegible] બીજા [illegible] પણ [illegible] રામચરણના લાઇસેન્સ અટકાયત કરનાર તેજ [illegible] વેપારી છે, નહિ કે સ્ટાંગરના.

[illegible] નુર મોહંમદ [illegible]

સ્ટાંગર, તા [illegible]

[આ વિષે અમે નોટમાં સુધારો કર્યો છે. અ. ઇ. ઓ.]

[illegible] છુટેલા [illegible] [illegible] દિવસે જે [illegible] મળી હતી તેનો [illegible] [illegible] [illegible] વાત હવે અમારા હાથમાં આવી છે. [illegible] [illegible] એક મોટો મેળાવડો કરી [illegible] [illegible] કરી હતી પ્રમુખપદે શ્રી [illegible] હતા. તેમણે [illegible] વિષે [illegible] કરી [illegible] [illegible] એક [illegible] આવ્યો હતો. શ્રી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

હીંદી કમીશન

સર બેંજામીન રોબરટસનની જુબાની

[ગયા અંકથી ચાલુ]

શાદી વિષે

પ્રમુખ—પા. ૩ ના કર પછી બીજો સવાલ શું છે?

સાક્ષી—બીજો સવાલ ઘણો કઠણ છે અને તે હીંદી શાદી બાબતનો છે. આ સવાલે હીંદુસ્તાનમાં ઘણો ખળભળાટ મચાવી મુક્યો છે. આવી સ્થિતિ સરલ જજમેંટને લઇને ઉભી થઈ છે. તેમાં એમ જણાવેલું છે કે જે ધરમમાં એક કરતાં વધારે સ્ત્રીઓ પરણવાનો રીવાજ છે તે ધરમનાં લગ્નો કાયદેસર નહીં ગણાય. હીંદીઓ આના સંબંધમાં દાદ માગે છે. દક્ષીણ આફ્રીકાના હીંદીઓનાં એક સ્ત્રીવાળાં લગ્નો કાયદેસર ગણાવાનો કાંઇક રસ્તો શોધી કાઢવો જોઇએ. આ ને માટે હીંદી સરકાર ઘણી આતુર છે. જુદા જુદા ગીરમીટના કાયદા નીચે હીંદીઓને લાવવામાં આવેલા તેમના લગ્ન કાયદેસર ગણવાની પ્રથમથીજ નાતાલ કોલોનીમાં ગોઠવણ થયેલી છે.

તે આ દેશના ઘણા હીંદીઓને લાગુ પડે?—હા, ઘણા હીંદીઓને ગીરમીટમાં આવેલા હીંદીઓને માટે તે બાબતમાં કંઇ કરવાની જરૂર નથી એમ ધારું છું.

તેઓ હલકા વરગના હોયછે?—હા.

એટલે આ બાબતમાં તેઓ ઉચ્ચ વરગના કરતાં સારી સ્થિતિમાં છે?—હા, તેઓને માટે ખાસ તેઓના કાયદા છે. ઉચ્ચ વરગ જે સ્વતંત્ર રીતે અહીં આવેલ છે તેને અધ.ર.માં રાખેલ છે, અને તેનાજ સંબંધમાં હીંદી કોમે એક સ્ત્રીવાળાં લગ્નો કાયદેસર ગણાય એવી માગણી કરી છે. શાદી સંબંધી સ્થિતિ મી ગોરજીસ ઉપરના તા. ૨૨ સપ્ટેમ્બર, ૧૯૧૩ ના મી. ગાંધીના પત્રમાં જણાવેલી છે. તે શું કહે છે તે હું વાંચવા માગું છું. (*કાગળ વાંચે છે) લગ્ન સંબંધી કાયદો થવાનું કોમ ઘણુંજ અગત્યનું ધારે છે. એક સ્ત્રીવાળાં લગ્નોનો અરથ હીંદી કોમ એમ કરે છે કે જો પુરૂષ એક સ્ત્રીને પરણે તો તે લગ્ન કાયદેસર ગણાવું જોઈએ. પછી તે ગમે તે ધરમ પ્રમાણે હોય, અને તે ધરમ એક કરતાં વધારે સ્ત્રી કરવાનું કંઇ પણ સ્થિતિમાં મંજુર કરતો હોય કે નહીં એ જોવાનુ નથી તેના કોમી ભાઇઓનું અને તેનું કહેવું આવું છે.

જ્યાં સુધી એક સ્ત્રી હોય તેવાં લગ્નો કાયદેસર ગણાય એવો કંઇક કાયદો કરવાનું તે ઇચ્છે છે?—હા, જ્યાં સુધી માત્ર એક સ્ત્રી હોય ત્યાં સુધી. એવી સાદી કાયદાની કોરટે એક કરતાં વધારે સ્ત્રી કરવા વાળી ગણેલી હતી, અને મી. ગાંધી માગે છે કે જો કે એવાં લગ્નો એક કરતાં વધારે સ્ત્રી કરવા વાળી રૂઢી પ્રમાણે કરવામાં આવ્યાં હોય તેમ છતાં તેમને એક સ્ત્રી કરવાવાળાં લગ્નોમાં ગણવાં જોઇએ.

જો તેઓની પાસેથી કંઇ ઇકરાર કરવામાં આવે અથવા જો રજીસ્ટ્રેશનની કંઈક રીત દાખલ કરવામાં આવે કે જેથી તેઓ એમ જણાવે કે તેઓ માત્ર એકજ સ્ત્રીને પરણવાના છે અને તેથી કરીને ભવિષ્ય માટે તે ઇકરારથી તેઓ બંધાય તો કેમ?—હું ધારું છું કે એજ નિરણય વાજબી લાગે છે.

તેઓ સારવજનીક કાયદો કરાવવા માગે છે કે જેને લીધે તે લગ્ન પોલીગેમસ નથી?—હા, હું ધારું છું કે એવી કંઇક રીત દાખલ કરવી જોઇએ. જો કે હું અહીંના કાયદા જાણતો નથી તેમ છતાં મને જણાય છે કે એવી કંઈક વહેવારીક રીતની ખાસ જરૂર છે.

એમાં તમે તમારી જાતે કંઇ વાંધો જોતા નથી?—હું કાંઇ જોતો નથી. એટલે એમ થયું કે એક કાયદો થાય કે જેની રૂએ તેઓના લગ્નોને એક સ્ત્રી વાળાં છે એમ તેઓ જાહેર કરે. ભવિષ્યના લગ્નનો દાખલો લ્યો. કાયદો એમ પસાર કરવામાં આવે કે જ્યારે મુસલમાન અથવા હીંદુ ધરમ પ્રમાણે લગ્ન કરવામાં આવે ત્યારે જો તે લોકો પોતાનાં લગ્નો કાયદેસર ગણાવા માગતા હોય તો તરતજ તેને રજીસ્ટર કરવાં જોઇએ. જો માણસો આ કાયદાનો લાભ લીયે તેઓ પોતાનો કાયદો છોડે, અને તેઓ જે દેશમાં વસે છે તે દેશના કાયદા તળે આવશે. આમાં હું કંઇ બીજો રસ્તો જોતો નથી.

થઇ ગયેલાં લગ્નોના સંબંધમાં ઘણી મુશ્કેલી છે. હવે પછી થનારા લગ્નોમા કંઇ હરકત ઉભી થશે નહીં?—હા, ભવિષ્યમા થનારાં લગ્નોમાં કંઇ હરકત નહીં આવે થઇ ગયેલાં લગ્નોના સંબંધમાં મેં વીચારો કર્યા છે. મારા વિચારો વખતે બરાબર ચોખા નહીં હોય. પણ હું ધારું છું કે જે લોકો પરણી ચુકેલા હોય તેમણે સરકારે નીમેલા રજીસ્ટ્રાર પાસે જઇને જણાવવું કે તેઓ ધણી ધણીઆણી છે. "આ મારી એકજ સ્ત્રી છે અને હું અમુક વરસોથી તેની સાથે પરણેલો છુ." તેઓ જાહેર કરે તેની નોંધ થાય એટલે કે લગ્ન થયુ છે તે નોંધાય. તેમાં લગ્ન નથી થતાં. કારણકે તેની સામે કોઇ વાંધો લેશે. તે તો લગ્ન થયાં છે એ વાત માત્ર જાહેર કરવાનીજ છે.

તેઓ રજીસ્ટર કરાવવા માગે એટલે એમ સમજાય કે રજીસ્ટર કરેલાં લગ્નો મોનોગેમસ ગણાય?—એટલા માટે હું ધારું છું. તેઓ બહાર પડી પ્રતિજ્ઞા કરે એને તેની નોંધ થાય. ફરીને લગ્નની ક્રિયા કરવા જેવું કાંઇ હોય તેની સામે કોઇ વાંધો લેશે

મી. ગાંધીના કાગળ ઉપરથી તેઓ એમ ઇચ્છે છે કે થઇ ગયેલું કોઇ પણ લગ્ન જ્યાં સુધી કોઇ પણ માણસને એકજ સ્ત્રી છે ત્યાં સુધી સ્વિકારાવું જોઇએ અને બીજું કંઇ પણ કર્યા વિના કાયદેસર ગણવું જોઇએ?—હું એમ ધારું છું. હું એમ સમજું છું કે જ્યાં સુધી તે લગ્ન ખોટું છે એમ સાબીત ન થાય ત્યાં સુધી કાયદેસર ગણાવું જોઈએ. જો કાયદાની કોરટમા લગ્નનો સવાલ ઉઠે તો સાબીતીનો ભાર જે માણસના લગ્ન સંબંધી વાંધો ઉઠયો હોય તેને શીર છે.

કાયદામાં રજીસ્ટ્રેશન જરૂરનું ગણવામાં આવ્યું, અને એ જરૂરનું છે કે લગ્નો રજીસ્ટર થવાં જોઇએ. તેઓ કોઇ જાતના રજીસ્ટ્રેશન વગર આ લગ્નો ખરાં કરાવવા માગે છે.

હીંદુસ્તાનમાં કાંઇ રજીસ્ટ્રેશન હોય છે?—ના, નથી હોતાં.

અને લગ્ન વિષે સવાલ ઉઠે તો તે સાબીત કરવા સાક્ષીઓ બોલાવવા પડે છે?—હા, લગ્ન થયાં હતા એવું સાબીત કરવાને.

એજ રીતે સાબીત થઇ શકે?—હા, એજ રીતે

ત્યારે કંઇ ધાર્મીક ક્રિયા હોય છે?—હા, આ બધા લગ્નોમાં ધાર્મિક ક્રિયા હોય છે. હીંદુસ્તાનના ધરમો જુદા જુદા હોય

*આ કાગળ તા. ૨૯ અક્ટોબર ૧૯૧૩ના ઈં. ઓ. મા છે

છે પણ તેમાં દરેકમાં ધાર્મીક ક્રિયા હોય છે. હમેશાં એવું કંઇક હોય છે કે જે ધાર્મીક કહી શકાય. હલકામાં હલકી અને જંગલીમાં જંગલી જાતોમાં પણ એવી કંઈક ક્રિયા હોય છે કે જે કબુલ કરવામાં આવે છે.

બીજી સ્ત્રી પરણવી હોય તો તેમ કરવાનો તેને હક છે એમ બધા સ્વીકારે છે?—હા, પણ તે પ્રચલિત નથી; એક કરતાં વધારે સ્ત્રી હોય એવા દાખલા કોઇકજ હોય છે.

બધા વર્ગમાં?—હા, બધા વર્ગો બીજી સ્ત્રી કરી શકે, પણ તેમ જવલ્લેજ બને છે.

ગરીબ વર્ગમાં તો ભાગ્યેજ તેમ બનતું હશે?—હા, ગરીબ વર્ગમાં ભાગ્યેજ.

હું ધારૂં છું કે આથિક કારણોને લીધે હશે?—હા, આર્થિક કારણોને લીધે. જે લોકો દુનિયામાં આગળ વધેલા છે અને પૈસાદાર થાય છે તેઓ બીજી સ્ત્રી કરે છે, જો કે બીજી સ્ત્રી કરવાની છુટ છે તોપણ એક સ્ત્રી કરવી એ નિયમ જેવું થઇ ગયું છે.

તમે એમ કહો છો કે ત્યાં રજીસ્ટ્રેશન જેવું કંઇજ નથી?—કંઇ પણ નહીં.

ધારો કે એક માણસ પોતાની સ્ત્રીથી છુટાછેડા કરવા માગે છે તો તે શી રીતે થઈ શકે છે?—હું એમ નથી કહી શકતો કે લોકોની જુદી જુદી જાતોના રિવાજો અને જુદી જુદી સંસ્થાઓથી પુરો માહિતગાર છું. છુટા છેડા કરવાનો મુસલમાની કાયદો ઘણોજ સાદો છે. ધણીને છુટા છેડાનું અને પોતાની સ્ત્રીને લઇ લેવાનું ત્રણ વખત બોલવાનું હોય છે. ખરી રીતે તો તે ધાર્મિક પ્રતિજ્ઞા હોય છે.

અમલદાર પાસે?—ના, અમલદાર પાસે નહીં.

સાક્ષીઓ પાસે?—હા, સાક્ષીઓ પાસે. અને હું ધારૂં છું કે વાસ્તવીક રીતે દરેક કેસમાં વધારાની ગોઠવણ ઘણી જરૂરની છે. છુટા છેડાની બાબતમાં પહેરામણીનો સવાલ આવે છે અને ખતપત્ર લખવામાં આવે છે. આ બધું ગંભીર રીતે બને છે.

છુટા છેડા સાબીત કરવાનું કંઇ કારણ સાબીત ન થતું હોય તો પણ જે ધારે તો પોતાની સ્ત્રી સાથે છુટા છેડા કરી શકે?—હા, તે પોતાની સ્ત્રી સાથે છુટા છેડા કરી શકે છે પણ વહેવારીક રીતે ઘણી વિધી કરવી પડે છે

જે હીંદીઓ મુસલમાન નથી તેમનું શું?—તેમનામાં છુટા છેડા સબંધી કેવી રીત છે તે હું જાણતો નથી હલકી જાતોમાં લગ્નનો અંત લાવવાનો ઘણો સાદો રસ્તો છે એ હું જાણું છું. હીંદુસ્તાનમાં મારા ભાગમાં સ્ત્રી નાસી ભાગી એ જુદા પડવાનો એક રસ્તો છે, અને પછી સ્ત્રી બીજાને પરણી શકે છે. જો કે જુદી જુદી જાતના અને જુદી જુદી સ્થિતિના લોકોમાં તે સબંધી રીવાજો જુદા જુદા છે. કોઇ ઠેકાણે જ્ઞાતિજનોની હાજરીમાં ચુડીઓ ભાંગવી હોય છે. તે વિધિપુર્વક કરવામાં આવે છે અને નહીં કે ઉછાંછળાપણાથી પછી તે સ્ત્રી સ્વતંત્ર બને છે.

ધણી ધણીઆણીમાંથી ગમે તે છુટા છેડા માગી શકે?—હું ધારૂં છું ગમે તે માગી શકે: પણ જો કે રીવાજ રીવાજમાં ફેર છે.

આવા લગ્નો કાયદેસર ગણાવાને માગે એ તો ભારે વાત થઇ?—હું એમ ધારૂં છુ

જો કે તેઓ જાણશે તો ખરા કે તેઓનાં લગ્નો કાયદેસર ગણાય તો પછી આ બધું ન થઇ શકે. એક માણસ પોતાની સ્ત્રીની ચુડી [illegible] ભાંગીને તેનાથી છુટો [illegible] થઇ શકે, અને તેને [illegible] [illegible] [illegible]—હું [illegible] જે તમને કહું છે [illegible] જે વિભાગમાં રહું છું ત્યાંના હલકી જાતના લોકો સબંધી

કહ્યું છે. હું એવો વિચાર ધરાવું છું કે કંઇક રજીસ્ટ્રેશનનો કાયદો થવો જોઈએ કે જેથી તેઓ કાયદા નીચે આવે અને જેમને ન આવવું હોય તેઓ બહાર રહે. જો તેઓ તેમ કરે તો તેઓ તેમના રીત રીવાજોને છોડી દે અને સ્થાપિત કાયદા નીચે આવે. તેઓની સ્ત્રીઓ દક્ષીણ આફ્રીકાના કાયદા પ્રમાણે સ્ત્રી તરીકે ગણાય. જો તેઓ કાયદામાં રહેવા ન માગતા હોય તો તેઓએ બહાર રહેવું જોઈએ.

આવી જાતની કાંઇક રીત કાઢવામાં આવે તો પછી બરાબર સરશે એમ તમે ધારો છો?—હું ધારૂં છું કે પછી મુશ્કેલી નહીં રહે અને મુશ્કેલી મટાડવાનો ખરો રસ્તો મને તો એજ જણાય છે.

લગ્ન સંબંધી બીજો કાંઇ રસ્તો છે?—જેના વિષે હું પ્રથમથીજ કહી ગયો છું તેવાં થઇ ગયેલાં લગ્નોના સંબંધમાં હરકત છે. અને તે હરકત એ છે કે એવાં લગ્નો રજીસ્ટ્રેશન અમલદાર પાસે જઇ જાહેર કરે અને નોંધાવી આવે કે જેથી કરીને તેઓ કાયદા નીચે આવી શકે. અને તેમ કરવાથી તે કાયદેસર ગણી શકાશે કે નહીં એ એક સવાલ છે. વળી બીજો સવાલ એ ઉભો થાય છે કે હીંદુસ્તાનમાં કરવામાં આવતાં એક સ્ત્રીવાળાં લગ્નો કાયદેસર ગણાશે કે નહીં. એક યુવાન ડરબનથી હીંદુસ્તાન જઇને પરણી આવે એ તો એક સાધારણ રીવાજ જેવું છે. તે ત્યાં કાયદેસર લગ્ન કરે છે અને પોતાની એકજ સ્ત્રી સાથે પાછો અહીં આવે છે અને અહીં તે લગ્નને કાયદેસર ગણવાનું છે.

તે પણ એવીજ રીતે ન કરી શકાય?—હા, હું પણ એમજ કહું છું. લગ્ન થયાં છે એવી હકીકત જાહેર કરવાથી તે કાયદા નીચે આવે છે.

અને જો તેની મરજી ન હોય તો?—તો ન કરે.

રજીસ્ટ્રેશનના રીવાજની એ એક હરકત છે?—હા, જેઓને એ રીવાજ કબુલ કરવો ન હોય તે પોતાનો કાયદો રાખે.

દક્ષીણ આફ્રીકામાં હવે પછી થનારાં લગ્નોના સંબંધમાં ધરમ ગુરૂઓમાંથી લગ્નના અમલદારો નીમવાની પત્ર વહેવારમાં કંઇ સુચના છે?—હા

એવા નીમવા લાયક માણસો છે?—હું ધારૂં છું કે છે.

મુસલમાનોને માટે લગ્ન અમલદારો છે એ હું જાણું છું. આવો નીયમ નાતાલ અને કેપ કોલોનીમાં બન્નેમાં છે ખરું?—તે વીશે નાતાલના કાયદાથી હું અજાણ છું. મેં કેપના કાયદાનું સાંભળ્યું છે

હું જાણું છું કે તેનો બહુ ઉપયોગ થતો જણાતો નથી. મને કહેવામાં આવ્યું છે કે તેઓ તે બાબતમાં વાંધો લે છે?—વખતે મુસલમાનો લેતા હશે. હું જાતે તો એમ ધારૂં છું કે થોડાક મુસલમાનો તો જે નવો કાયદો સુચવવામાં આવ્યો છે તેનો લાભ લેશે, પણ જે વાંધો ઉઠાવવામાં આવ્યો છે તે ટાળવાનો વહેવારીક ઉપાય આ જ છે.

દેખીતી રીતે માજીસ્ટ્રેટ પાસે અથવા હીંદી પ્રોટેક્ટર પાસે લગ્નો નોંધાવવામાં ગીરમીટીઆ હીંદીઓને કંઇ વાંધો નથી. હીંદી પ્રોટેક્ટર કહે છે કે ગયા વરસમાં એવી રીતે ૧૦૦૦ ઉપરાંત લગ્નો થયાં હતાં?—હા

તેઓએ ધારમિક વિધિ કરવાનો આગ્રહ નહીં કરેલો?—[illegible] [illegible] પોતાની [illegible] [illegible] [illegible] પ્રોટેક્ટર [illegible] છે. આપણે જે [illegible] વાતે બોલીએ છીએ તેમની બાબત

મા જેવું બનશે તેવુજ આ લોકોની બાબતમાં પણ બનશે. બધુ ધરમ ગુરૂ લગ્નની નોંધ કરનાર અમલદાર હશે.

ખરે જ તેમની પોતાની વિધિ સાબર્દા પડશે?—હા, તેઓ પોતાની વિધિ પ્રમાણેજ વરતશે મી. જસ્ટીસ સરલના ચુકાદાથી ઉભા થએલ. એક અગત્યના લગ્નને કબુલ કરવાની બાબતમાં તો મારે પોતાને હવે કંઇ વધારે કહેવાનું નથી એમ હું ધારૂં છું.

તમે કહો છો કે હીંદુસ્તાનમાં આ ચુકાદાથી બહુજ લાગણી ઉશ્કેરાઇ છે?—હા, તેઓની સ્ત્રીઓ કાયદેસર સ્ત્રી ન ગણાવા સામે ઘણીજ લાગણી ઉશ્કેરાઇ છે.

જો તેઓ ઇગ્લાંડ જાય તો તેઓ આવીજ સ્થિતિમાં આવી પડે એ શું તેઓ જાણતા નથી?—હું ધારતો નથી કે તેઓ એ જાણતા હોય. એટલા બધા હીંદીઓ અહીંઆં છે કે જે ને લીધે તેઓએ પોતાની ખરી સ્થિતિ જાણી છે. ઇગ્લાંડ ના સંબંધમાં તેમને કંઇ ખાસ લાગી આવ્યું નથી.

ખરેખર, તેઓમાં ઘણા ઇગ્લાંડમાં વસવાટ નહીં કરતા હોય?—ના. વળી પાછો લગ્નના સંબંધમાં સવાલ ઉભો થાય છે કે નવા ઇમીગ્રેશનના કાયદા પ્રમાણે સ્ત્રીઓ દાખલ થઇ શકશે કે કેમ? લગ્નનો કાયદો માગે છે તે મુજબ થાય તો કાયદો કબુલ રાખનાર હીંદીની "સ્ત્રી અને બાળક" એવા રીતેજ મુખ્ય વ્યાખ્યા બસ થશે એટલે કે હીંદીઓની બાબતમાં; હીંદી કોમને લાગુ પડે તે કાયદા વિષે હું વાત કરૂં છું.

હા, તે કલમ આવી છે: "સ્ત્રી અથવા બાળક અમુક માણસનાં છે તે વિષે ઈમીગ્રેશન અમલદાર અથવા બોર્ડને સંતોષ થાય તેવી સાબીતી આપનાર કોઇપણ માણસ" જો આ દેશમાં રજીસ્ટ્રેશન જરૂરનાં છે તો આ દેશમાં દાખલ થાય તે રજીસ્ટર થવાનો વખત ગણાશે નહીં?—અમો વાર વાર હીંદુસ્તાન જાય છે અને પાછી આવે છે. દક્ષીણ આફ્રીકામાં પરણેલી હોય એવી સ્ત્રીની બાબતમાં અને જે હીંદુસ્તાન જઇને ફરી પાછી આવે તેની બાબતમાં જો તેઓ ધરેલો કાયદો કબુલ કરે તો તેઓને તેનો પ્રથમ ભાગ લાગુ પડશે. હવે જે નવી સ્ત્રી હીંદુસ્તાનથી આવે, અને જે, અલબત, કાયદા પ્રમાણે રજીસ્ટર નથી થઇ તેના સંબંધમાં અને વળી જે માણસે કાયદો માન્ય નથી કર્યો તેની હીંદી રીવાજ અને રૂઢી પ્રમાણે પરણેલી સ્ત્રીના સંબંધમાં સવાલ રહ્યો.

આ પેટા કલમ (જી) માં સુધારો કરવો પડશે?—હા.

અત્યારે તે બસ બાધીત છે? —હા.

ખરી રીતે કાયદાનો એવો હેતુ ન હતો?—હા, એમજ છે.

હું ધારૂં છું કે પાલર્મેંટમાં થએલી ચરચા ઉપરથી તે ચોખ્ખું જણાય છે. એક સ્ત્રી દાખલ કરવાનો હેતુ હતો?—હા, એક સ્ત્રી દાખલ કરવાનો હેતુ હતો. સવાલ એ છે કે આ કાયદાથી મેળવી શકીએ કે નહીં. હીંદુસ્તાનથી આવેલી અને રજીસ્ટર ન થએલી એવી નવી સ્ત્રીની, અથવા ચાલુ કાયદો માન્ય ન કર્યો હોય એવા માણસની સ્ત્રી હોય તેની, અને પત્ર વહેવારમાં એક અથવા વધારે સ્ત્રીઓ દાખલ કરવાનો સવાલ છે તેની—આ ત્રણે કેસની સગવડ માટે તે કલમના પહેલા ભાગમાં 'સ્ત્રી' શબ્દનો જે સીધો અરથ કરવામાં આવે છે તે ઉપરાંત કોઇક ગોઠવણ કરવી જોઇશે.

એક કરતાં વધારે સ્ત્રી હોય એવા માણસનો દાખલો લ્યો. હું સમજું છું તેમ આ સ્ત્રીઓમાંની એકને દાખલ કરવાના હાલના કાયદાથી તેઓ સંતોષ પામશે?—હું ધારૂં છું કે તેઓએ સંતોષી થવું જોઇશે.

તેમાં હવે કંઇ વાંધો છે? ના, હું ધારૂં છું તે કબુલ થશે માત્ર એકજ સ્ત્રી તેનાં બાળકો સાથે દાખલ થઇ શકશે ધારો કે એક સ્ત્રી પોતાનાં બાળકો સાથે અહીં આવે અને પછી જાય; પછીથી તેની બીજી સ્ત્રી દક્ષીણ આફ્રીકામાં તે માણસની એકજ સ્ત્રી તરીકે આવે. મને સ્પષ્ટ સમજાય છે કે પહેલી આવેલી સ્ત્રીજ તેની ખરી સ્ત્રી ગણી શકાય

એ સંબંધમાં કાંઇ વાંધો નથી?—મારા ધારવા પ્રમાણે કંઇ વાંધો નથી. ગોઠવણ એવી છે કે ભવિષ્યમાં એકજ સ્ત્રી તેનાં બાળકો સાથે દાખલ થઇ શકે. પણ મી. ગાંધી અને મી. ગોરજીસના પત્ર વહેવારમાં એવો સવાલ પુછાયલો છે કે જે હીંદીઓ દક્ષીણ આફ્રીકામાં લાંબી મુદતથી આવી વસેલા છે તેમની એક કરતાં વધારે સ્ત્રીઓ હોય તો તેમને આવવા દેવી. મારી સમજ પ્રમાણે હકીકત આમ છે કે જ્યારે આમાંના કેટલાક હીંદીઓ અહીં આવેલા તે વખતે તેમને એક કરતાં વધારે સ્ત્રીઓ હતી. આ સ્ત્રીઓ ગયાં ઘણા વરસોથી અહીંઆં આવ જા કરતી હતી પણ તેમને કંઇ પણ જાતનો અટકાવ ન હતો. અને હું ધારૂં છું કે જે આવા લોકો લાંબા વખતના રહીશ છે તેઓની સ્ત્રીઓ હીંદુસ્તાન જવા આવવાનો હક તેમની જીંદગી સુધી ભોગવે એમ હીંદી કોમ ઇચ્છે છે. આ લોકોને ખાસ રાહત મળવી જોઇએ. અને કહેવામાં આવ્યું છે કે એવા લોકો ૪૦ કરતા વધારે નહીં હોય. તે સહેલાઇથી નકી કરી તેની ટીપ પણ કરી શકાય તેમ છે. જો આ લોકો જેઓ લાંબા વખતથી આ હક ભોગવતા આવ્યા છે તેમને કાયેદસરની રીતે આટલું મળે તો તેઓ યોગ્ય રાહત મળી એમ ગણશે.

આ મુદ્દો એવો છે કે જેના ઉપર મી. ગાંધી અને બીજા જે કાંઇ ખબર આપી શકે તેની સાક્ષી ઘણીજ જરૂરની છે?—ઘણીજ જરૂરની છે. હું આ ત્રણ દિવસ થયાજ આ બાબત હાથ લઇ શક્યો છું. મને તે સાવ નવી છે. કોઇ સાક્ષી આ બાબત પાછળથી કાંઇ ખબર આપી શકશે.

ઈમીગ્રેશન અમલદાર કાંઇક ખબર આપશે?—હા, પત્ર વહેવારમાં આ બાબત છે એમ બતાવવા મેં એ વાત તો કાઢી છે.

એક કરતાં વધારે સ્ત્રીઓની વાત એ માણસોના સંબંધમાં તેઓ કરવા માગે છે?—હા, તેઓજ સંબંધમાં વાત ચીતમાં તેમની સંખ્યા મને ૪૦ થી ૫૦ જણાવવામાં આવી છે. તે લોકો લાંબા વખતના છે. આ હક તેમણે હમેશાં ભોગવ્યાં છે, અને તેઓ માગે છે કે આ રાહત ચાલુ રહેવા દેવી જોઇએ.

આ બાબત કાંઇક પુરાવો મળે તો સારૂં?—હું પ્રયાસ કરીશ, પણ હકીકત મેળવવામાં મને બહુ મુશ્કેલી પડશે.

મી. ગાંધી તો અમારી સમક્ષ આવવાની ના જ પાડે છે ને?—હા.

બહાર પડે તો તે પોતાના દેશી ભાઇઓને ઘણી મદદ કરી શકે?—આથી આ તપાસમાં ઘણી મુશ્કેલી આવી છે. તેમને શું જોઇએ છે તેની આપણને બરાબર ખબર નથી. આ લગ્નના સવાલ ઉપર કાગળમાં માત્ર ગયું છે થાર વાંચ્યો છે, અને ખરો વિચાર શું છે તે જાણવું ઘણું મુશ્કેલ છે, લગ્નના સવાલ સંબંધી મારે કહેવાનું એટલુંજ છે એક સ્ત્રી વાળા

લગ્ન દ. આફ્રીકામાં કાયદેસર ગણાય, જેઓની મરજી હોય તેઓ એ કાયદા તળે આવી શકે. અને લગ્નની બાબતમાં પોતાના કાયદા છોડી દીએ. પછી સ્ત્રીઓની બાબતનો સવાલ રહ્યો. દ. આફ્રીકાના કાયદા મુજબ જે સ્ત્રી ન ગણાતી હોય તે, અને જે કાયદા મુજબ સ્ત્રી ગણાતી હોય તે બને કાયદામાં દાખલ થઇ શકતી હોય તો તો વધારે સારૂં. કેમકે કારભારી અમલ ઉપર રાખવા કરતાં બની શકે ત્યાં સુધી આ બાબત કાયદામાં હોય એ વધારે પસંદ કરવા જેવું છે.

હીંદી છોકરીઓની પુખ્ત વય નાતાલના કાયદામાં ૧૫ વરસની ગણાય છે ખરૂં?—દીવાની બાબત માટે હીંદી કાયદા પ્રમાણે ૧૮ વરસની છે.

તમે એમ ધારો છો કે અમારો કાયદો હીંદી કાયદા પ્રમાણે કરવો એ ઠીક છે,—તે હું નથી જાણતો.

નાતાલનો કાયદો ૧૩ વરસની ઉમર ઠરાવે છે?—હા, અને તે ઉમરે છોકરી પરણી શકે છે.

નાતાલના કાયદામાં એમ છે?—નાતાલના કાયદા પ્રમાણે છોકરીની ૧૩ અને છોકરાની ૧૬ વરસની ઉમરે પુખ્ત વય ગણાય છે. હું તે નથી જાણતો. હીંદુસ્તાનમાં લગ્ન બચપણમાં પણ થાય છે એ વાત સહુ જાણે છે.

લેફ. કરનલ વાયલી: આ બાબત મારે એક સવાલ પુછવો છે. સર બેન્જામીન, હું ધારૂં છું કે તમે જાણો છો કે ઇમીગ્રેશન કાયદા મુજબ આવેલા બધા હીંદી અને તેના વંશજોને માટે કાયદામાં કલમ છે?—તેના વંશજો માટે?

લગ્નની બાબતમાં તમે જે સવાલ ઉઠાવો છો તે જોઇએ. આ દેશમાં પોતાની મરજીથી આવેલા છે તેમને માટેજ છે ને?—હા.

અને હવે કાંઇક ફેરફાર કાયદામાં કરી જે લગ્ન આ દેશમાં કાયદેસર નથી ગણાતા તે કાયદેસર ગણવાની તેમના વતી તમે માગણી કરો છો?—હા, ખરો મુદ્દો તે છે.

અને તેમને લાગુ પડે એમ શાદીના કાયદામાં ફેરફાર કરવો જોઇએ?—તે માગું છું કે જેમને અત્રે દાખલ કરવામાં અને રહેવા દેવામાં આવ્યા છે તેમને માટે લગ્નનો કાયદો હોવો જોઇએ.

આવા લોકોની વસ્તી કેટલી હશે તેને, તમને ખ્યાલ છે?—વસ્તીના આંકડા બનાવનારા મારા કાગળો અહીં મારી પાસે નથી.

મી. પોલર્ડ ગ્રેહામ—મેં તમને આપેલ સ્ટેટમેન્ટમાં તે હકીકત છે.

લેફ. કરનલ વાયલી આશરે ૨૧૦૦૦ છે?—આખા દ. આફ્રીકામાં ૨૧૦૦૦ કરતા વધારે હીંદીઓ છે.

પ્રમુખ: ૨૧,૭૩૯ છે

મી પોલર્ડ ગ્રેહામ તે નાતાલની જ વસ્તી છે

લેફ. કરનલ વાયલી, ગીરમીટમા આવેલા ને તેના વારસો આ માણસો નથી

મી પોલર્ડ ગ્રેહામ ના, તેઓ, અમાન, ફ્રીમેન ઉપરાંત છે

લેફ. કરનલ વાયલી ઇમીગ્રેશન કાયદાની બહાર?

મી પોલર્ડ ગ્રેહામ હા, તેમની બહાર હાલવાલ અને ખમા પણ બીજા કોઇ રહે છે

પ્રમુખ હાલવાલ અને કેપમા કોઇ ગીરમીટમા નથી?—

. કેપ અને ટ્રાન્સવાલમા કોઇ છે એ વસ્તીના આંકડા હમ ... હું ... છું કે ... વસ્તી ... આશરે ...,૦૦૦ની છે

[અપુર્ણ.]

યુનાઇટેડ પાટીદાર સોસાયટી

સદરહુ સોસાયટીની એક જાહેર સભા તા ૧૫ મીને રવી વારે બોલાવવામાં આવી હતી પ્રથમ મીનીટ બુક વંચાયા બાદ આજ સુધીનો હીસાબ રજુ કરવામાં આવ્યો અને પછી નીચે પ્રમાણેનાં કામ કરવામાં આવ્યાં હતાં: (૧) સુરત 'પાટીદાર યુવક મંડળ' ના મંત્રી રા. કુંવરજી વીઠલભાઇ મહેતાના પુત્રના અકાલ મૃત્યુથી તેમને દીલસોજીનો ઠરાવ પ્રસાર કરવામાં આવ્યો. (૨) અત્રેથી બીજી વખતે બોર ડીંગ માટે થયેલાં ફંડના નાણાની આગળ થયેલા ઠરાવ મુજબ બારડોલી અને સુરત બોરડીંગ માટે વહેંચણી કરવામાં આવી છે. (૩) સુરત બોરડીંગ ઉપર પ્રથમ જે રૂ. ૯૫૦ મોકલ વામાં આવ્યા હતા તે તથા હાલની મુદ્દલ રકમની બોરડીંગ ના મકાન માટે જમીન રાખવા ત્યાના વ્યવસ્થાપકોને અત્રેથી ચુટેલા ટ્રસ્ટીઓ સાથે સત્તા આપવામાં આવી છે.

સોસાયટીનો તા. ૨૦—૮—૧૩ થી તા. ૧૫—૨—૧૪ સુધીનો—આવક જાવકનો હીસાબ

૧	૧૬	૬	તા. ૨૦-૮-૧૩ ને રોજ સીલક.	૧	૨	૯	મીટીંગમાં જણાવ્યા પ્રમાણે કુલ ખરચ.
૭૦	૮	૬	રોકડ તથા ઉધારે મળી હાલનું કુલ ઉઘરાણું.	૩૦	૧૧	૩	સુરત બોરડીંગ ઉપર મોકલવાના
				૨૨	૧૮	૩	બારડોલી બોરડીંગ ઉપર મોકલવાના
				૭	૧૨	૯	સ્થાયી ફંડ સીલક
૭૨	૫	૦	પા.	૭૨	૫	૦	પાઉંડ.

આ હેવાલ મોકલતાં સોસાયટીના સેક્રેટરી મી. લાલભાઇ બાપુભાઇ અગત્યની સુચના કરે છે કે ઉપરના કામકાજ પ્રતિ કોઇને પણ પ્રશ્ન હોય તો તા. ૭ જી મારચ સુધીમાં ૪૨ પ્રેસીડન્ટ ઓરના ઠેકાણે પ્રમુખ જીવણભાઇ પ્રેમજીને રુબરુમાં મળવું.

રેડ ક્રેસંટ સોસાયટી

આ સોસાયટીના ઓનરરી ટ્રેઝરર મી. ઇસ્માઇલ એ. એચ. મુસાએ પ્રમુખને પોતાના હોદ્દાનું જે રાજીનામું મોકલ્યું છે તેની નકલ અમને છાપવા મોકલી છે. તેમાં તે પ્રમુખ મી. ઇ. એમ. પારેખને લખે છે કે આથી હું મારા ઓનરરી ટ્રેઝરરના હોદ્દાનું રાજીનામું આપુ છુ. આ સાથે ઓરીજીનલ કેશબુક હું મોકલું છુ એ હીસાબ ઓડીટર પાસે સરટીફાઇ કરાવેલ છે. તેમાં પા. ૯૯—૯—૭ સુધીમાં જમા છે એ સીવાય જુદી જુદી જગ્યાએથી મળેલા કેટલાક દાની ના (દાનીનાની નોંધ રાજીનામામા આપેલી છે) ઉઘરાણીમાં ભરનારના નામની અને જુદા જુદા ગામોની લીસ્ટ, પા. ૮—૦ ૫ ની ચેક તથા વેન્ટર બુક. ઉપલી દરેક ચીજો આ સાથે મોકલું છું જે સ્વીકારશો અને બનતી ઉતાવળથી મીટીંગ બોલાવશો. હાલ મારી પાસે જે કોઇને કાંઇ પણ ખુલાસો લેવો હોય તો હું મુલક જવા પહેલાં ... ... તા. ... થી રેડ ક્રેસંટ ... ... [illegible] ...

વિવિધ સમાચાર

જગ્યાના દબાણને લીધે કેટલાક અગત્યનાં લખાણ અમે આવતા અઠવાડીઆ ઉપર મુલતવી રાખેલાં છે.

છેલી હીંદુસ્થાનની ટપાલમાં મી. ગોખલેની તબીયત વીષે નીચેના ખબરો છે. મી. ગોખલેની તબીયત સુધરતી જાય છે. હ્રદયની આસપાસ એકઠું થયેલું પાણી સુકાય છે. તેમને હજી ૩ અઠવાડીયા બીછાનામાં રહેવું પડશે. આ કારણથી તેઓએ વડી ધારાસભામાં દીલ્હી ખાતે તેમજ પબ્લીક સર્વીસ કમીશનમાં કલકત્તા ખાતે હાજરી આપી હતી નહીં.

લોર્ડ ગ્લેડસ્ટન ગવરનર જનરલ યુનીયન પારલામેન્ટની ચાલુ બેઠકની આખરીએ પોતાના હોદ્દાનું રાજીનામું આપી ઇંગ્લાંડ જશે. તેમની જગ્યાએ રાઇટ ઓનરેબલ મી. સીડની ચારલ્સ બક્સટન નીમાયા છે.

અમે જાણીને ઘણા દિલગીર થઇએ છીએ કે રાજકોટના જુના અને જાણીતા વકીલ મી. કેવલરામ માવજી દવે પક્ષઘાતથી ગઇ તા ૫ જાન્યુઆરીએ રાજકોટ ખાતે ગુજરી ગયા છે. મરહુમ સત્યાગ્રહની લડતના મોટા હીમાયતી હતા. ૧૮૮૨ માં તેઓ પહેલવહેલા કાઠીઆવાડી એમ. એસ. બી. થયા હતા. તેઓએ મુંબઇ યુનીવર્સીટી તરફથી અપાતી આરનોલ્ડ સ્કોલરશીપ મેળવી હતી તેમણે ગુજરાતીમા ભાષાંતર કરેલું ભારતભુમી અને જગતના અનુકરણીય પુરૂષ 'શ્રી રામકૃષ્ણ પરમહંસના સદ્વચન' નું અતી ઉપયોગી પુસ્તક થોડાજ સમય ઉપર બહાર પાડયું છે. સત્યાગ્રહની અહીંસક લડત તરફના તેમના અતિ પ્રેમને લીધે આ પુસ્તકની અરપણ પત્રીકા તેમણે મી. ગાંધીને કરેલી છે. બ્રાહ્મણ નાતીમાં કેળવણીના ઉત્તેજન સારૂ તેમના માનમા એક ફાળો કરી મરહુમના નામની એક સ્કોલર શીપ કાઢવાનું નકી થયુ છે.

ડરબનથી ગયે બુધવારે મેસરસ લલભાઇ દુર્લભ ગ, ભવાની દયાળ, ગુલાબદાસ અને બીજાઓ તથા બાનુઓ મળી ૨૩ સત્યાગ્રહી સાંજે સાડા ૭ ની ગાડીમાં ટ્રાંસવાલ જવા રવાના થયા છે. બાનુઓ ઉતારેથી સ્ટેશન સુધી ગાડીમા ગયેલી અને બધાંઓને ફુલના હાર તોરાથી વધાવી રવાના કરવામાં આવ્યા હતા. સહુને રસ્તા માટે ફ્રુટ રોટી વીગેરે તથા બચ્ચાંઓ માટે સુટ વીગેરે ચીજ પુરી પાડવામા આવી હતી. તેમને વળાવવા સ્ટેશને ઘણા ભાઇઓ ગયા હતા અને હરખના પોકારો વચ્ચે ટ્રેનમાં સહુ રવાના થયા હતા.

સત્યાગ્રહી મી. આઇઝાકને જેલમાંથી છુટવાને અવસરે મુબારકીના તથા હીંદી કોમ તરફ જે દિલસોજી છે તે ચાલુ રાખવાના કેટલાક તાર તેને મળેલા છે તેના જવાબમા તે તાર મોકલનારાઓનો આભાર માને છે અને જણાવે છે કે જે સિદ્ધાંતોની ખાતર હુ હીંદી કોમની લડતને મારી લડત ગણી રહયો હુ તેજ સિદ્ધાંતોને વળગી રહી બન્ને કોમ વચ્ચે ભાઇચારો વધારવા ભવિષ્યમાં પણ હું મારો પ્રયાસ જારી રાખીશ.

૧૯૧૩ જુલાઇએ પુરા થતાં વરસમાં ડરબનની હિન્દી મારકેટમાં નીચે મુજબ આવક થઇ હતી: બાસ્કેટવાળા પાસેથી પા. ૯૦૨–૧૯–૧૧; દુકાનવાળાઓ પાસેથી પા, ૨૧૦૮ ૧–૦; ગાડીવાળાઓ પાસેથી પા. ૩૧૨–૧૧–૦; કુલ પા.૩૩૨૩–૧૬ ૧૧. તેની સામે મારકીટના કામદારોના પગાર, બતી, પાણી, વીમા જગ્યાનું ભાડું વગેરે ખરચના પા ૧૪૬૭–૧૨–૦ બાદ કરતાં ચોખી ઉપજ પા. ૧૮૫૬ ૪ ૧૧ ગણવામાં આવી છે.

દંડીથી એક ખબરપત્રી લખે છે કે મી. રામજગા પોતાને વતન જતા હોવાથી તેમના માનમાં ખુશાલીનો ગુજરાતી હીંદુ ભાઈઓનો એક મેલાવડો ગઇ તા. ૮ મી એ થયો હતો.

ગઇ તા. ૭ મી ડીસેમ્બરે મોરીશીઅસ ખાતે પોરટ લુઇમાં શેઠ આજમ ગુલામ હુસેનના પ્રમુખપણા નીચે સત્યાગ્રહની લડતને ટેકો આપવા તથા ફાળો એકઠો કરવાને ત્યાંની વીશાળ નાટકશાળામાં એક મોટી જાહેર સભા મળી હતી.

હિંદીઓના વેપાર સંબંધમાં લેડીસ્મીથની ચેમ્બર ઓફ કોમર્સના ચેરમેન મી. ડી. જી. ઓવન પોતાના વાર્ષિક રિપોરટમાં જણાવે છે કે એ ઘણુ જરૂરનુ છે કે યુરોપી દુકાનદારોએ એશીઆટિક દુકાનદારોના આ શહેરના વેપારમાં પગપેસારાથી સારી રીતે જાગ્રત રહેવું જોઇએ. રેલવે કામદારો તરફથી જોઇએ તેટલું ઉત્તેજન ત્યાંના ગોરા વેપારીઓને મળતું નથી એ ઉપર ટીકા કરતાં હિન્દી વેપારીઓ સાથે હરીફાઇ કરવા વિષે વધારે પ્રયત્ન, બહોળી યોજના અને ચાલુ ખંતની જરૂર છે એ ધ્યાનમાં લેવા ગોરી વસ્તીને અપીલ કરી હતી.

પ્રીટોરીઆ ધોબી કમીટીએ સત્યાગ્રહીઓની લડતમાં ઉઘરાણુ વીગેરે કરવામાં સારો ભાગ લીધો છે. તેના સેક્રેટરી મી. વનમાલી મોરાર તથા સભાસદો મેસરસ ભીખા મોરાર, છીબા ભાણ, કેશવ હંસજી તથા લલુ ફકીર દેશ જતા હોવાથી તેમને તા. ૧૫ મી એ એક મેલાવડો કરી કમીટી તરફથી માન આપવામાં આવ્યું હતુ. સભામાં મી. વીઠલ પરશોતમ પ્રમુખ પદે હતા. તેમના તરફથી ફ્રુટ તથા મી. દુલભ છીબા તરફથી આવેલ ચા લીધા પછી મી. જીવા મહમદ તથા મી રતનશી ભાષણ કર્યાં હતાં. સેક્રેટરી જગાએ મી. વીઠલ પરશોતમની નીમણુંક કરવામા આવી હતી

પ્રીટોરીઆથી હજામ જીવા મોહમદ લખે છે કે જામનગર તાબાના કટોલીયા ગામમાં દશ વરસ થયા મસ્જીદ બનાવવાની હીલચાલ ચાલી છે. ૧૯૦૭ની સાલમાં લેડીસ્મીથમાં હજામ કાસમ મોહમદ તરફથી તેનો ખરડો કરવામાં આવેલ. તેમાં પા. ૧૫ થયેલા. તેમાંથી હજુ રૂા. ૨૦૦ શીલક છે. આમાં વધારે રકમ મળે તો તે ગામમાં મસ્જીદ થઇ શકે. પૈસાના અભાવે મસ્જીદના પાયા ચણીને રહેવા દીધું છે. તો દીનના કામમાં મુસલમાન ભાઇઓ ખંત રાખી કંઇ મદદ કરશે તો તે કટોલીઆમાં મસ્જીદ થાય અને આજુબાજુનાં ગામોના ઘણા મુસલમાન ભાઇઓને નમાઝ પઢવાની સારી સગવડ થાય આશા છે કે મારા ધર્મી ભાઇઓ મારી વિનંતિ સ્વીકારશે.

રાણાવાલ ઇખ્વાનુલ ઇસ્લામનો છઠો વારસીક મેલાવડો તા. ૧૦ જાન્યુઆરીએ શેઠ ઇબ્રાહીમ આમદ અટાના પ્રમુખપણા નીચે મલ્યા હતા. તેની ખુશાલીમાં મદરેસા અહમદીઆના બાળકોને શેઠ દાદા હાજી જુમાને હાથેથી ઇનામો આપવામાં આવ્યા હતા. બાદ હીસાબ તથા રીપોરટ વંચાયો અને નીચે મુજબ નવા હોદ્દેદારોની ચુંટણી થઇ હતી. પ્રમુખ, મી. ઇબ્રાહીમ આમદ અટા, ઉપ-પ્રમુખ મી. અબાબકી હાજી પીર મહમદ, જોડીયા મંત્રી મેસરસ સુમાર મોતી અને આમદ તઇયબ લકા, અને ખજાનચી મી. અલુ હાજી કાસમ.

કરાચી ખાતે મળેલી કોન્ગ્રેસે કરેલા ઠરાવ મુજબ હિંદી બાબતો ઉપર બ્રિટિશ પ્રજામત કેળવવાને નીચેનું ડેપ્યુટેશન આવતા એપ્રીલ માસમાં ઇગ્લાંડ જશે. ઓન. મી. ગોખલે, પંડીત બીશનનારાયણ ધાર, મી. સુબારાવ પંતુલુ, બાબુ ભુપેન્દ્રનાથ બાસુ, મી મઝરુલહક, લાલા લજપતરાય, મી જીના મી. સમર્થ અને મી. સી. પી. રામસ્વામી આયર.

इंडिअन ओपिनिअन

बुधवार, ता. २५ फेब्रुवरी १९१४

एक शोकजनक मरण

गत रवीवारको जोहान्सबरगमें सत्याग्रही बहेन वेलीअमा मुनसामी गतःप्राण हुइ। यह समाचार देनकर हम बहुत दीलगीर होते है। बहेन वेलीअमा अपनी माताकी साथ ता. २२ डीसेम्बर के दिनसे तिन मास मारीत्झबर्गकी जेलमें बंध हुइ। बीमारीसे वेलीअमाको जेलमें पहलेसे हस्पीतालमें रखी रही। थोडे समय पर जो सब सत्याग्रही छुटे उस समय मेरीत्झबरगकी जेलमेंसे छुटी। इस समय भी बहेन वेलीअमा बीमार रही। कीतनेक दिन डरबनमें नीकाल कर गत बुधवारको रोज अपनी माता और अन्य सत्याग्रहीयोंकी साथ बहेन वेलीअमा जोहान्सबरग गइ। और वहां दो दिन के बाद १७ वरसकी बाल्य उमरमें यह संसार छोड गइ। उन्का पिता बीमारीके लीये कीतनेक समयसे जोहान्सबरगकी इस्पितालमें रहे वोह केवल गत सप्ताहमें घर पर आये है। स्वधर्ममें तत्पर रहेने वाली और हींद माताकी कीर्ती बढाने वाली यह पुत्रीका मरणसें अपने एक अमुल्य रत्न गुमाया है। ऐसी पुत्रीका मरणसें माता पिताको जो दुःख हो रहा है उन्में हम भाग लेते है और बहेन वेलीअमाका आत्माको शांती चहाते है.

श्रीयुत गोखले

पुनेसे केवल मीला है की गोखले महाराजकी तबीयत थोडी सुधरने लगी है और आप ता. १७ मार्चके दिन हिंदुस्थान सें विलायत रवाने होंगे.

दक्षिण अफरीकाकी स्थितिपर गोखले महाराजने छापा वालोंके लीये कीतनेक समाचार पत्र हिंदमें लिखे है। एक पत्र में अपनी मुश्केलीयों ओर उनतका इतिहास कह कर अंतमें हिंदवासीओंके अपील करते है की ये अत्याचार और इनकी जांच गौण बातें हैं। इनके समाप्त होजाने पर भी यह प्रति रोध चलता रहेगा जब तक ४५ का कर और विवाह का कानुन रद न हो जायगा ओर भारतवासीयों को समान अधि कार न मिलेंगे। मुख्य बात यही है जिसके लिये महात्मा गांधी और उनके अनुयायियोंने प्रतिज्ञा की है। उनकी सहा यता के लिए आपको तैयार रहना चाहिये।

लोर्ड ग्लेडस्टनका भाषण

रेव. एन्डरुसने दक्षिण आफरीकामें टुंक समयमें हिंदीओंके लीये भारी सेवा बजाये है। केपटाउनमें आप बडे बडे गोरा अगेवान और पारलामेंटके मेम्बरोंकी मुलकातें लेते है और अपना सवाल अच्छी तरहसे समझाते है। गत सप्ताहमें आपने कविराज रवींद्रनाथ टागोरके विषयपर व्याख्यान दीया जो सुननेके लिये लोर्ड ग्लेडस्टन, मि॰मेरीमेन आदि प्रतिष्ठित पुरुष आया रहा। सभाका प्रमुखपदे मेयर रहा। मि॰ मेरीमेनने आभारकी दरखास्त करते समय [illegible] हिन्दुस्तानके मुल्कके [illegible] लोर्ड ओर्कट इसने उहर पीछे न [illegible] ए। यह दरखास्तको गवरनर जनरलने अनुमोदन कीया और कहाकी मैने यह भाषण ध्यानपुरवक और बहुत खुशीसे सुना है। यह भाषण हम लोगको अच्छी तरहसे ख्याल कराताहै कि हिन्दुस्थान क्या है, और जो अंग्रेज सल्तनतका अंग है उन्का वतनीओंकी तरफ हमारा क्या फर्ज है। लार्ड साहेबने फीर कहा कि ओक्सफर्डमें जभी मैं पढता रहा तभी हिन्दका इतिहासका खास अभ्यास कीया और पीछेसे हिन्दुस्थानकी मुलाकात लीया। मैं इच्छताहुं कि यहां रहेनेवाले हिन्दुस्थान की मुलाकात लेवे और इस परसे हिंदी कैसा होते है यह अच्छी तरहसे समझ पावे। ऐसा करेंगे तभी हिन्दुस्थान दक्षिण अफरीकाके एक मुल्कके लीये 'कुली' भेजने वाला मुलक है वैसा ख्याल कमती करेंगे ओर समझ पावेंगेकि हिन्दुस्थानमें बडे भारी भारी मनुष्य है और रवींद्रनाथ टागोर तो उमदा हिन्दी चारित्रका एक नमुना है। सच्चतो यह है कि सुधारा और उच्च जीवन बढानेका प्रयत्नमें हिन्दुस्थानने जो विकास कीया है सो ब्रीटीश साम्राज्यमें बहुत करके सबसे भारी है। मि॰ मेरीमेनको साथ मि॰ एन्डरुसका आभार माननेमें मैंभी शामिल होता हू. और उमेद रखता हू. कि यह भाषण दक्षीण अफरीका ओर हिन्दुस्थान का संबंधमें जो मुश्केली आ रहा है उन्का तोड करनेमें मदद देने वाला होगा। हम सबी उमेद रखते है कि यह मुश्केलीका थोडे समयमें फैसला होगा। अच्छी समझ देनेकि कोशीष करनेके लीये भाषण कर्ताकामें अंतःकरणसे आभार चाहता हूं॥

केपटाउनमें मि॰ एन्डरुस

शुक्रवारकी शामको केप युनिवरसीटीका विद्यारथीओंको समक्ष मि॰ एन्डरुसने भाषण दीया। पाठशालाका अध्यक्ष प्रमुख रहा॥

બધામાં અત્યંત અગત્યની બાબત હીંદી લગ્ન વિષેની છે. અને તેનું કારણ એ છે કે તેમાં ધરમની લાગણી સમાયેલી છે દક્ષીણ આફ્રિકામાં આ લાગણીનું ખરાપણું અને તેનું જોર કદાચ પુરેપુરૂં સમજાયું નથી. ધારાસભાએ ૧૯૧૩ના ઇમીગ્રેશન કાયદામાં એક કલમ ઉમેરીને હીંદી કોમના મોટા વિભાગની લાગણીને માન આપવાનું ધાર્યું હતું તેમાં શક નથી. પણ તે કાયદાનું રૂપ બીજ આવવાને લીધે ધારાસભાના હેતુને જોઇએ તેવી રીતે અમલમાં મુકી શકયું નહીં અમે માનીએ છીએ કે તે કાયદાની ખામી મી. ગાંધીના કાયદાબાજ મનમાં તુરત સુઝેલી, અને જ્યારે કુલસમ બીબી નામની હીંદી બાઇએ દક્ષીણ આફ્રિકામાં હકથી વસી રહેલ હીંદીની કાયદેસર ઓરત તરીકે આ દેશમાં દાખલ થવાની પરવાનગી માગી તે તેને ન આપવામાં આવી ત્યારે તે વાંધો ઉભો થયો. આ વેળા આ કેસની અપીલ થાય તો વળી અદાલતના ચુકાદાથી કાયદા વડે થયેલી સમાધાની તુટી પડે એવું જાણી મી. ગાંધીએ સરકારને વિનંતિ કરી હતી કે આ મુશ્કેલીઓનો નીવેડો અમલના રૂપે કરી નાખવાના પગલાં તે લેય.

રીપોર્ટની એક સરસ બીના એ છે કે કારોબારમાં સુધારો કરીને સંખ્યાબંધ જુની મુશ્કેલીઓનો નીવેડો લાવવાની ભલામણ તેમાં કરવામાં આવી છે બીજી ધ્યાન ખેંચે તેવી વાત તેમાં એ છે કે પા. ૩નો કર નાબુદ કરવાની ભલામણ કરવામાં આવી છે એ વિચારવા લાયક કરની તરફેણમાં યુક્તિ ભરેલી દલીલો કરવામાં આવી ન છતાં ન ચાલુ રહે તો કેટલી હાની થાય તેમ છે તે કમીશને બરાબર જોઇ લીધું છે. આ કરની આવક કરતાં તેનો જુલમ બહુ ભારે છે કેમકે કર વસુલ કરવામાં અનહદ મુશ્કેલીઓ સમાયેલી છે એટલે તે કર રદ કરવાજ પ્રાપ્ય છે બધું જોતાં કમીશને પોતાનું કામ સરસ રીતે કર્યું છે અને અમને ભરો[illegible] [illegible]

મેટને હમણાં ખઇ ટાણું છે. જો તે ગુમાવવામાં આવશે તો કદાચ ફરી એવી તક નહિ મળે. અમે સાંભળ્યું છે કે બહુ સંતોષકારક નીવડશે તો મી. ગાંધી હીંદુસ્તાન જાય એવો સંભવ છે. તે માણસ અસાધારણ સુંદર વર્તનવાન અને ધાર્મિક વૃત્તિવાન છે, અને તીખા ઝગડાઓ કરતાં ધ્યાનમાં જીંદગી ગાળવી એ તેની મુખ્ય આકાંક્ષા છે.

રીપોર્ટ વિષે બીજી ખબરો

કમીશને સર બેંજામીન રોબર્ટસન તરફથી મળેલી મદદની ખાસ નોંધ લીધી છે.

હીંદના વાઇસરોયે દીલ્હીમાં ભાષણ આપતાં કમીશનનો રીપોર્ટ સંતોષકારક છે એમ જણાવ્યું છે.

સોમવારની બેઠકમાં એક સવાલના જવાબમાં મી. સ્મટસે જણાવ્યું કે કમીશનની ભલામણો ઉપરથી હીંદીઓને માટે એક મુસદો ઘડતાંમાં આવનાર છે. 'મરક્યુરી'નો ખબરપત્રી જણાવે છે કે નાતાલના સભાસદો પા. ૩ના કર વિષેના કાયદાની વિરૂદ્ધ વિચાર બતાવે છે. પણ યુનીયનીસ્ટ સભાસદો હીંદમાં અશાંતિ વધે એવું પગલું ભરવા માગતા નથી.

યુનીઅન પારલામેંટમાં ચરચા

ન્યાય ખાતાનો વર્ષનો ખર્ચ હતાલોનું ખરચ સરકારને પા. ૫,૬૦,૦૦૦ થયું તે અને બીજી વધારાના ખરચને બહાલી આપવાની ચરચા વખતે મી. મેલરે જણાવ્યું કે નાતાલમાં હડતાલ વખતે જે હીંદીઓને કેદ કર્યા હતા તેઓને ખાણ ખાતાઓમાં બાકી કામ લેવાયાં આવ્યું હતું. આ કામને માટે ખાણ વાળા પગાર આપતા હતા? કેદખાની ખાણોને જેલ તરીકે વાપરવામાં આવે અને ત્યાં જબરજસ્તીથી લઇ જવામાં આવે એવું કાયદામાં કદી ધારવામાં આવ્યું ન હતું. હીંદીઓ પોતે હડતાલની વાત સંભાળીને ઘરોમાં રહેતા નથી, પણ પારલામેંટના મેમ્બર તરીકે આ વાત હું ધ્યાનમાં લાવ્યા વગર રહી શકતો નથી. કેદીઓનાં કપડાં ઉપર જે છાપ મારવામાં આવે છે તેવી તીરની છાપ ખાનગી કપડાંઓ ઉપર મારવામાં આવી હતી, અને જેઓના ઉપર ગુનો ન હોય તેમને તેઓ કામ લેવાને માટે સોંપવામાં આવ્યા હતા.

ન્યાયખાતાના પ્રધાને આર કોને જણાવ્યું કે કોઇએ પણ અયોગ્ય વર્તણુંક ચલાવી નથી. મી. મેલરે આનો ઉત્તર આપ્યો કે હું જેલના અમલદારોને નહીં, પણ પ્રધાનનો વાંક કાઢું છું.

પ્રધાને કહ્યું કે કેદીઓ જેલ અમલદારો અને બીજા ખાસ નીમાએલા અમલદારોના તાબામાં હતા. ઘણા મારંરોપો બહાર આવ્યા હતા અને તે વિષે મેં તપાસ કરાવી હતી, પણ તે બીન પાયાદાર માલુમ પડયા હતા. જેમની બહાર કેદીઓ રહી શકે તેને માટે નાતાલમાં ખાસ કાયદો કરવામાં આવ્યો હતો. ખાણવાળાઓ સાથે એવી ગોઠવણ કરવામાં આવી હતી કે તેઓએ કેટલાક ઓરડા એટલે ગોરડો, કપડાં અને બીજું બધું પુરું પાડવું અને તે ઉપરાંત રોજની કેદી દીઠ ૬ પેની સરકારને કામ બદલ આપવી.

મી. મેલરે પુછયું કે આ ખાતા તરફથી કેટલા ગોરાઓ અને કેટલા 'નીગ્રો' કરેગાઓ નીમવામાં આવ્યા હતા અને ભવિષ્યમાં આવીને તેના તરીકે અને તેમાં કામ કરતા ખાણ વાળાઓને હડતાલ વખતે કેદી તરીકે કામ કરવાનું હતું નહીં બને તેમ હું ઉમેદ રાખું છું.

મી. કંકને કહ્યું કે આ રીત ઘણીજ ભયંકર ગણાય. નાતાલના હીંદીઓની સ્થિતિ ગુલામીના જેવી થઇ હતી. કોઇ માણસને તેના ગુનાને માટે દરોગાની દેખરેખ નીચે કામ કરવાની ફરજ પાડવી તે ગુલામી જેવી સ્થિતિ થઇ. આવું પગલું તો છેક છેવટના ઉપાય તરીકેજ લેવાય.

સર થોમસ વોટે કહ્યું કે મી. મેલરે અગાઉ વધુ પડતી વાત કરી હતી અને તે વખતે તેણે માફી માગી હતી. તે જો વિચાર કરી જોશે તો તેને સમજાશે કે તેણે જે માણસો દયાપણુંએ પોતાની ફરજ બજાવતા હતા તેમના ઉપર બીન પાયાદાર આરોપ મુક્યા હતા.

આ દેશમાં હીંદીઓની હકુમતી નુકસાન કારક છે એ વીષે ચરચા કરવા મની.ક સાહેબે પારલામેંટમાં જે દરખાસ્ત કરી હતી તે તેમણે પાછી ખેંચી લીધી છે.

સર બેંજામીન રોબર્ટસનની રવાનગી

સર બેંજામીન કેપટાઉનથી તા. ૧૭ મીએ જોહાન્સબરગ થઇ ડેલગોઆબેને રસ્તે હીંદુસ્તાન જવા ઉપડયા છે. કેપ ટાઉનના સ્ટેશન ઉપર તેમને મળવા મી. ગાંધી અને હીંદી કોમના બીજા ઘણા આગેવાનો ગયા હતા. તેમણે સર બેંજામીનના કામને માટે આભાર માન્યો અને ફુલના હાર પહેરાવી હીંદના વાઇસરોયના આ પ્રતિનીધીને ઘટતું માન આપ્યું. સ્ટેશન ઉપર તેમને મળવા બીજા ઘણા નામાંકિત ગોરાઓ પણ ગયા હતા. જેવા કે હીંદી કમીશનના પ્રમુખ સર વિલીયમ સોલોમન, ઓન. મેરીમન, ન્યાયખાતાના પ્રધાન ઓન. ડી વેટ, પાર્લમેંટના સ્પીકર સર જેમ્સ મોલ્ટીનો, મારશલ કેમ્પબેલ, ના. ગવરનરના ખાનગી મંત્રી, અને મુલકી પ્રધાનના મંત્રી હતા.

જોહાન્સબરગથી અમારો ખબરપત્રી જણાવે છે કે ગયે ગુરૂવારે સર બેંજામીન તેમના ખાનગી મંત્રી સાથે અહીં આવી પહોંચ્યા હતા. તેમની મુલાકાત મી. ગીમની અને બ્રી. ઇ. એસોસીએશનના એક ડેપ્યુટેશને લીધી હતી. એસોસીએશનના પ્રમુખ મી. એ. એમ. કાછલીઆએ ફુલનો હાર પહેરાવી માન આપ્યું અને તેમની સેવાને માટે આભારની લાગણી દરશાવી કહ્યું કે હીંદી કોમ હીંદી સરકારનો આભાર માને છે. વધુમાં મી કાછલીઆએ જણાવ્યું કે હીંદીઓએ પોતાને તેમજ ના. શહેનશાહને હીણપત લગાડે એવા કાયદાને તાબે થવાની ના પાડી ખરી રાજભક્તિ બતાવી છે. અને હવે ઉમેદ રાખે છે કે પુરી સમાધાની થઇ જશે.

મુસલમાની કોમ તરફથી પણ એક ડેપ્યુટેશને સર બેંજામીનની મુલાકાત લીધી હતી. તેણે કમીશનની લગ્ન બાબતની ભલામણ ઉપર વાંધો બતાવ્યો. પરંતુ સર બેંજામીને તે ચરચામાં ઉતરવાનું વલણ બતાવ્યું ન હતું.

છોટા નાગપુર આગળની એક ત્રાંબાની ખાણ દક્ષીણ આફ્રીકાની એક મેરી કુ. એ પા. ૧૪૦૦૦ થી રાખેલી છે. અને તે ચલાવવાને હીંદુસ્તાનમાં રૂ. ત્રીસ ત્રીસના એક લાખ શેર કાઢેલા છે. સ.હેરલ્ડ છાપું જણાવે છે કે દ. આફ્રીકામાં હીંદીઓ તરફ જે વરતન ચલાવવામાં આવે છે તે જોતાં આ કુ. ને હીંદમાં હીંદને પઇસે જે લાભ લેવા દેવામાં આવે છે તે હીંદીઓને ઘડા ઉપર પાટુ મારવા બરોબર છે. હીંદી સરકારે આ કંપનીને જેવી જાતના હક આપેલા છે તેની વીગત જાણવાને હોરમાં કર ભરનારાઓ હકદાર છે.

વિવિધ સમાચાર

ગયા ગુરૂવારે દક્ષિણ આફ્રિકન રેલવે ખાતામાં ગીરમીટમાં કામ કરતા બે હીંદીઓએ એકથી બીજી જગ્યાએ જવાનો હુકમ નહીં માન્યો તેને માટે તેમને કોરટમાં ખડા કરવામાં આવ્યા હતા. માજીસ્ટ્રેટે દરેકને ૧૪ દિવસની સખત મજુરી ની જેલની સજા કરી.

વેરુલમ મંદીરના મંત્રી મી. રાઘવજી લખે છે કે અત્રેના શ્રી ગોપાલલાલ મંદીરમાં સંવત ૧૯૭૦ના ચૈત્ર શુદ ૯ શનીવાર તા. ૪ એપરીલ ના દિવસના ૧૨ વાગે શ્રી રામ જયંતીનો ઉત્સવ આવે છે. એ શુભ પ્રસંગપર બધા હીંદુ ભાઇઓને કુટુંબ સહીત આમંત્રણ કરવામાં આવે છે.

નાતાલ 'ટાઇમ્સ'ના રેસેલાનો ખબરપત્રી તા. ૧૬ મીએ જણાવે છે કે નોટીંગહામ રોડના સ્ટેશન માસ્તર ઉપર એક હીંદી વેપારીને સ્ટેશન પ્લેટ ફોરમ ઉપર ઘાત આપ્યાના આરોપનો એક કેસ ચાલ્યો હતો. હીંદી વેપારી પોતાના એક મિત્રને સ્ટેશને વળાવા ગયેલો. ટ્રેન ચાલતી વખતે તેને ખબર કરવામાં આવેલી છતાં તે ગાડીને હાથ લગાડી રહેલો આથી સ્ટેશન માસ્તરે જબરજસ્તીથી તેને છુટો કર્યો. કોરટમાં તહોમતદારે જણાવ્યું કે જો તેને મેં ટ્રેન ન છોડાવ્યો હત તો ભારે અકસ્માત બનવા પામત. માજીસ્ટ્રેટે તહોમતદારને ગુન્હેગાર ઠરાવી ચેતવણી આપી છોડી મુક્યો, અને તે વખતે એવી ટીકા કરી કે જો ફરીયાદી કોઇ ગોરો હત તો આ મામલાનું પરીણામ હલકી થાત.

મારીત્સબરગના એક અનાથ માણસ વિષે અમે લખેલું તેના સંબંધમાં ત્યાંથી એક ખબરપત્રી જણાવેછે કે તે માણસ જાતનો કલકત્તીઓ હીંદુ હોય એમ તપાસ કરતાં માલુમ પડે છે. એક જગ્યાએ રહેતો નહીં અને શરીર ઉપર પહેરાવેલાં કપડાં પણ રહેવા દેતો નહોતો, અહીં હીંદી કોમ ઘણા માણસોને ખાનગી આશરો આપે છે, કોઈ તેવા માણસોનેમાટે ખાસ સંસ્થા નથી. એક બાઇ ને એક બુઢાને ચર્ચ સ્ટ્રીટમાં એક ઓરડી રહેવાને આપી છે અને તેમનું ખાવા પીવાનું પંડા [illegible] પુરૂં પાડે છે. તે સિવાય જે માણસો જરા શક્તીવાન છે અને જેઓ જામે રહેવાનું સાધન છે તેઓ રોજ ભિક્ષા માગી પોતાનો નિર્વાહ ચલાવે છે. આવા માણસો માટે કોમ આંચ આડા હાથ કરી ફરે છે એમ કાંઇ નથી.

મારીત્સબરગની ટાઉન કાઉન્સીલની તા. ૧૦મીની બેઠકમાં મી. સુલીમાન પટેલની લાઇસેન્સ બાબતની લાઇસેન્સ-બોર્ડ અમલદાર વિરૂધ્ધની અપીલ સાંભળવામાં આવી હતી. લાઇસેન્સ અમલદારે લાઇસેન્સ નહીં આપવાનું કારણ એમ જણાવ્યું હતું કે તે ન ૯૧ રીચી સ્ટ્રીટવાળી જે જગ્યાને માટે લાઇસેન્સ માગે છે તે જગ્યા તેના કબજામાં નથી. તે જગ્યાના માલીક મી. એન્સેલે તે લાઇસેન્સની સામે વાંધો લીધો છે અને તે દુકાનની ચાવી મી એન્મેલ પાસે છે. કાઉન્સીલે અપીલ કાઢી નાખી હતી.

ન્યુકાસલના મેસરસ મહમદ શાહ અને અભેર અને હાઉદ તરફથી ત્યાંના હડતાલવાળાઓના ભરણ પોષણ માટે પા ૬-૦-૬ અને પા ૨૯-૬નો માલ આપવામાં આવ્યા હતો.

ન્યુકાસલના મી. આર એચ રટરફર્ડે એક મેળાવડામાં જણાવ્યું કે હીંદીઓને નાતાલમાંથી મોકલી આપવાથી મોગા ખરચ ફક્ત ગોરોના પાળેવર ભાગોને અગવડ ભોગવવી પડશે, પણ તેથી ઘણા મુશ્કેલ સવાલનો નીવેડો આવી જશે.

પોરટ એલીઝાબેથથી એક ખબરપત્રી લખે છે કે અહીંથી હીંદુસ્તાન જનાર ઉતારૂને સ્ટીમરમાં ત્રીજા વરગની ટીકીટ આપવામાં આવતી હતી, પરંતુ આજે અહીંના રહીશ મી. દુલભભાઇ હીંદ જતા હતા ત્યારે યુનીયન કેસલ લાઇનની ઓફીસે જઇ ત્રીજા વરગની ટીકીટ માગી તો જવાબ મળ્યો કે ત્રીજા વરગની ટીકીટ હીંદીઓ માટે બંધ કરવામાં આવી છે. તમારે જવું હોય તો ડેકમાં જાઓ.

ઓવીડાજી સોડાવાટરની કું. વીકટોરીઆ વેલ કેપટાઉનની તરફથી સત્યાગ્રહ ફંડમાં પા. ૧ની રકમ મળી છે. તેની સાથે પા. ૧ની રકમ મળી છે અને તેના સંબંધમાં મી. ખંડુભાઇ ગોવીંદજીની કું. વતી મી. કે. પી. પટેલ લખે છે કે થોડા વખત ઉપર જાપાનના અમુક ભાગમાં ત્યાંની વસ્તીના કમનશીબે જવાળા મુખી ફાટવાથી હોનારતમાં સપડાઇ નીરાધાર થએલાઓની મદદના ફંડ માટે વપરાવા ફરેલાં છે. જાપાન ઉપર આવી પડેલી ભયંકરી આફતમાં આપણે મદદ કરવી ઘટે છે. [આ પૈસા અમે જાપાનના મુલકી પ્રધાનને ટોકીઓ ખાતે મોકલી આપ્યા છે. [ઇ. ઓ.]

પ્રીટોરીઆથી એક ખબરપત્રી જણાવે છે હિન્દુસ્તાનથી જે આપણા ભાઇઓ આવે છે તેમને પોતાના બાળ બચ્ચાંને ડાલગોઆબે ઉતારવાને પા. ૭ બેલ મુકવો પડે છે એટલુંજ નહીં પણ સાથે ઓરત હોય તો તેને માટે જુદી અરજ કરવી પડે છે. વળી તે ઉપરાંત જ્યારે ટ્રાંસવાલની હદમાં તે દાખલ થાય છે ત્યારે તેની પાસેથી બીજા પા. ૧૧ નો બેલ લેવામાં આવે છે. આમ બન્ને બેલના મળી પા. ૧૮ જ્યાં સુધી ઇમીગ્રેશન અમલદાર તરફથી સંતોષકારક ખુલાસો ન મળે ત્યાં સુધી રાખી મુકવામાં આવે છે. અને પછી પાછા આપતા પા. ૧ાા કાપી લેવામાં આવે છે. હિન્દી ઉતારૂ ડાલગોઆબે છોડે કે તુરતજ તેમના પા. ૭ પહેલા મળતા અને હવે તો લાંબી મુદત રાખી મુકવામાં આવે છે. ટ્રેનની મુસાફરીમાં પણ ઘણી હાડમારી ભોગવવી પડે છે. ચાર વરસના છોકરાની આખી ટીકીટ લે છે. ત્રણ અઠવાડીયા ઉપર આવેલી સ્ટીમરના ઉતારૂઓને હજુ ખુલાસો નહીં મળવાથી તેઓને ડાલગોઆબે રોકાવું પડ્યું છે. આ હાડમારી માટે સરકાર તરફથી પુરતી તપાસ થવી જોઇએ છે. [રિલવેના સામાન્ય નિયમ પ્રમાણે તે ૧૨ વરસ સુધીના બચ્ચાની અરધી ટીકીટ લેવાવી જોઇએ, તેમ છતાં ચારવરસની ઉમરના બચ્ચાની આખી ટીકીટ શા કારણથી લેવાય તેનું કારણ કંઇ સમજાતું નથી. એને આવી તકલીફ થઇ હોય તેણે રેલવે ખાતાના ઉપરીને ફરીયાદ કરવી ઘટે છે. [ઇ. ઓ.]

મી. પીઅરસન ફીજી જતાં મોઝેમ્બીકમાં હતા ત્યારે રસ્તામાં બેરાના હીંદીઓએ તેમને તા. ૫ મીએ શહેરમાં આવી મી. ગોરધનદાસ પેતથીને ઘેર તેમને માનપત્ર આપવાનો મેળાવડો કર્યો હતો. આ સ્ટીમર બેરામાં ચાર દિવસ રોકાઇ હતી તે દરમીયાન મી. પીઅરસન શહેરમાં રહ્યા હતા.

ના. આગાખાન હાલમાં બરમામાં મુસાફરી કરી રહ્યા છે રંગુનમાં ભાષણ આપતાં તેમણે થોડા વખતમાં આફ્રીકા તરફ જવાનો ઇરાદો જાહેર કર્યો હતો. જંગબારના છાપા ઉપરથી જણાય છે કે તા. ૧૬ મી મેએ તે ત્યાં આવી પહોંચશે.

ગાજીપુર અને બનારસની આસપાસના ઘણા ગરીબ ખેડુતોએ એક દિવસ ભુખ્યા રહી સત્યાગ્રહ ફંડમાં રૂ. ૨૮ા મોકલ્યા હતા. આમાંના ઘણાક ખેડુતો રૂપીઆ કમાતા નથી રકમ ફાળ આપે સ્વદેશ પ્રેમની લાગણી કેટલાક ને ઘણી અસરકારક જણાય.

મી. ગાંધીના વડીલ ભાઇના સ્વર્ગવાસ માટે દીલગીરી બતાવનારા તાર પ્રીટોરીઆ અને જરમીનસ્ટનથી આવ્યા હતા તે મોકલનારાઓનો મી. ગાંધી આ છાપા દ્વારા આભાર માનેછે.

ડરબન જોહાનસબર્ગ વગેરે જગ્યાઓનાં મંડળોએ આ શોકકારક બનાવ ઉપર દીલગીરી બતાવનારા ઠરાવ કર્યા હતા.

દુધને વગર ઉકાળ્યે પીવાથી પ્રીટોરીઆમાં 'કાળ જ્વર' ના કેટલાક કેસો બનેલા છે તે ઉપરથી ત્યાંના તંદુરસ્તી ખાતાના અમલદારે દુધને હમેશાં સારી પેઠે ઉનું કર્યા પછી જ ઉપયોગમાં લેવાની ભલામણ કરી છે

લોરડ હારડીંગ પછી હીંદના વાઇસરોય તરીકે લોરડ ક્રીવ નર નીમાશે એવી અફવા ચાલી રહી છે.

હીંદ વિષે અભિપ્રાય આપતાં મી. રામસે મેકડોનલ્ડે જણાવ્યું હતું કે દક્ષીણ આફ્રીકાના સવાલથી હીંદીઓનાં મન બહુ દુખાયાં છે, હીંદુ મુસલમાનોમાં એકસંપ વધ્યો છે, અને હવે તેઓ સ્વરાજ્ય માટે માગણી કરવા લાગ્યા છે મજુરી ના દર વધવા છતાં મજુરોની સ્થિતિ કંગાળ અને દુઃખ દાયક છે.

રહોડેશીયાથી એક હીંદી લખે છે કે બેચુઆના લેંડમાં હીંદી ની ૧૦ દુકાનો છે તેમને પઇસા વેરસેર કરવાના અથવા બીજા કામને માટે કેપમાં મેફેકીંગ જવાનું થાય છે ત્યારે બહુ તકલીફ પડે છે. સ્ટેશને ઉતરે કે તરતજ પોલીસ તેને ત્યાંથી ચારજ ઓફીસ પર લઈ જાય છે, પછી તેની પાસે પરમીટ હોય યા ન હોય. અને જતાં આવતાં બન્ને વખત ખબર આપવી પડે છે. ત્યાં પાંચ પાઉંડની રકમ અનામત મુકવી પડે છે અને પા. ૧ જુદો આપવો પડે છે. આ તકલીફ ઉઠાવતાં પણ હાલ તો પરમીટ મળે નહીં. તેથી તે વિષે વિચાર કરવાને તા. ૯ મી મ.રચે અત્રે એક સભા થઇ હતી. તે વખતે પા. ૭૦ નો ફાળો થયો હતો. આ તકલીફ બાબતમાં મેફેકીંગના ગોરા વેપારી તથા બેંકવાળાઓ એ વેપારની ખાતર સરકાર પાસે અરજી કરી છે તેનો જવાબ સંતોષકારક નહીં મળે તો મજકુર ફંડમાંથી, સરકાર તરફથી જે તકલીફ પડે છે તેને દુર કરવા કાયદેસર ઇલાજ લેવાનો અહીંના હીંદીઓએ ઠરાવ કર્યો છે.

હીંદુસ્થાનમાં છાપાંઓ ઉપર અંકુશ રાખવા ત્યાંની સરકારે સને ૧૯૧૦માં 'પ્રેસ એક્ટ' પસાર કર્યો હતો તેનો અમલ ઘણીજ કરડી રીતે હીંદી છાપાવાળાઓ ઉપર થાય છે. ચાલુ વરસની પ્રજાકીય કોંગ્રેસે એ કાયદો રદ કરવાની માગણી કરી છે. ઇગ્લાંડના જાણીતા લગભગ ૫૦ અંગ્રેજોએ છાપાઓ દ્વારા એક અરજ બહાર પાડી છે. તેમાં ઘણાઓ પાર્લામેંટના સભાસદો તથા જાણીતાઓ છે. તેમણે જણાવ્યું છે કે છાપાના કાયદાથી હીંદી છાપાવાળાઓ ઉપર ભારે અત્યાચાર થાય છે તેનો જ્યારથી અમલ શરૂ થયો ત્યારથી આજ સુધીમાં ૨૮ કેસ બન્યા છે તેમાં ૨૧ છાપાંઓ બંધ થયા છે. બીજાં ૭ પાસે મોટી જામીનગીરીઓ માગવામાં આવી છે તે જોહેર ઉઘરાણું કરી આપવામાં આવી છે. છેલ્લા થોડા માસમાંજ ૧૨ જેટલાં છાપાંઓ સરકારે બંધ કરાવ્યાં છે. અપીલમાં બીજા કેટલાક દાખલાઓ ટાંકી બતાવી સહી કરનારાઓ ઇગ્લાંડની જાહેર પ્રજાને વિનંતિ કરે છે કે છાપાના કાયદામાં કંઇ પણ સુધારો કરવો જોઇએ યાતો તેને તદન રદ કરવો જોઇએ

અંગ્રેજી રાજ્ય તળે આવેલાં જુદાં જુદાં સંસ્થાનોમાં ૧૯૧૧ના વસતી પત્રક મુજબ હીંદીઓની વસતીના આંકડા

સંસ્થાન	કુલ વસતી	હીંદી વસતી
બ્રીટીશ ગીયાના	૨૯૬,૦૪૪	૧૨૯,૧૮૧
મલાય સ્ટેટસ	૧,૦૩૬,૯૯૯	૧૭૨,૪૬૫
ફીજી	૧૩૯,૮૭૧	૪૦,૬૧૪
ગીલબરટ ટાપુઓ	૩૧,૧૨૧	૩૦૧
હોંગ કોંગ	૪૬૭,૭૭૭	૩,૦૪૯
જામેકા	૮૩૧,૩૮૨	૧૭,૩૮૦
મોરીશ્યસ	૩૬૮,૭૯૧	૨૫૭,૬૯૭
ન્યાસાલેંડ	૧,૦૦૦,૦૦૦	૪૬૩
દક્ષીણ રોડેશીઆ	૭૭૦૦ ૦ ૦	૨,૯૧૨
સ્ટ્રેટસ સેટલમેંટસ	૭૧૪,૯૬૯	૮૨,૦૫૫
ટ્રીનીડાડ અને ટોબાગો	૩૩૩,૫૫૨	૫૦,૫૮૫
યુગાન્ડા	૨,૮૯૩,૪૯૪	૩,૧૧૦
ઝાંઝીબાર	૧૯૮,૯૧૪	૧૦,૦૦૦

જાહેર ખબર

ના. ૩૯૭ તા. ૨૩ જાન્યુઆરી ૧૯૧૪.

અમારી જાહેર ખબર ના. ૮૧ તા. ૨૦—૧૦—૧૩ થી તમામ લાગતા વળગતાને ખબર આપવામાં આવેલી છે કે રાણાવાવ ગામે મદરેસાની સ્થાપના કરવાના ઉદ્દેશથી ઇ. સ. ૧૯૦૬માં મુળ ઉભા થએલા ફંડની જે રકમો હાલ પોરબંદર સ્ટેટની ટ્રેઝરીમાં જમાં પડેલી છે તે માત્ર તેજ કામ માટે આપવામાં આવશે અને અન્યથા નહીં

૨. અને હવે સઘળા લાગતા વળગતાની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે કે સદરહુ ફંડ કે જે હવે પછીથી "ધી રાણાવાવ મદ્રેસા ફંડ"ના નામથી ઓળખાશે તેને માટે વધુ રકમો લેવા અમો તઇયાર છીએ.

૩. તેવીજ રીતે રાણાવાવ ગામમાં એક કેળવાયલી (Nurse) આયા અગર દાઇ (Midwife) રાખવા માટે એક બીજા ઇલાયદા ફંડ માટે રકમો લેવા તઇયાર છીએ

૪. ઉપર જણાવેલા કાર્યો પૈકી અમે તે માટે અમારી મુખત્યારી તળે તે મુકવા મારેની એક કુંચી ચીઠી સાથે તમામ રકમો પોરબંદર સ્ટેટની ટ્રેઝરીમાં ભરવાની છે.

૫. નાણા ભરનારાઓના ઉદ્દેશને અમલમાં લાવવા માટે ફંડમાં પુરતી રકમો એકઠી નહીં થાય ત્યાં સુધી આ પ્રમાણે એકઠી થયેલી રકમ અમો અમને મુનાસબ જણાયા મુજબ અનામત અથવા થાપણ તરીકે રખાવશું.

૬. તે ફંડ પુર્ણ થયા પછી તેની વ્યવસ્થા માટે અમો કમીટી નીમશું અને આ અગત્યના ફંડ તેમની સીધી દેખરેખ તળે મુકાશું.

૭. અને વળી તે કાર્ય પુર્ણ થયા પછી ઉપરની બંને યોજનાઓને સ્ટેટ તરફથી આપવાના ઉત્તેજન અને સાધારણ મદદનો સવાલ પણ લક્ષમાં લઇશું.

૮ કોઇ પણ શખ્સ જે, એકજ વખતે અમુક રકમ આપવાને બદલે, માસીક અગર વારસીક રકમ આપવા ઇચ્છા ધરાવતો હશે તેમણે પોતાની ઇચ્છા અમોને લખીત જાહેર કરવી.

(સહી) એફ. ડી. બી. હેન્કોક, મેજર
એડમીનીસ્ટ્રેટર, સ્ટેટ પોરબંદર.

નવાં આવેલાં અંગ્રેજી પુસ્તકો.

આ છાપાના કેટલાક વાંચનારાઓ તરફથી ધરમ અને નીતિનાં પુસ્તકોની માગણી થઇ હતી. તેમાંના અંગ્રેજી પુસ્તકોની થોડી થોડી નકલો નીચે મુજબ અમારી પાસે આવી પહોંચેલી છે.

ફીલ્ડઝ, ફેકટરીઝ અને વરક શોપસ—ખેતીનો ઉદયોગ કેટલો સરસ રીતે થઈ શકે છે અને મહેનતના કામ સાથે મગજનુ કામ કેટલું ખીલવી શકાય છે તે વીશે પ્રીન્સ ક્રોપોટકીને આ પુસ્તકમાં ઘણો સરસ ચીતાર આપેલ છે. કી. ટપાલ ખર્ચ સાથે ૧/૯

ઇસ્લામ—આ પુસ્તકના લખનાર જસ્ટીસ અમીર અલી પ્રસ્તાવનામા લખે છે કે "ઇસ્લામના મુખ્ય શિક્ષણનો સાર આ પુસ્તકમાં આપ્યો છે." કી. શી. ૧-૯

હારટ ઓફ ઈંડીઆ—અથવા હીંદુ ધરમ અને નીતીનાં તત્વોનો ઈતીહાસ કી. શી. ૨-૯

પ્રખ્યાત કવી શેખ સાદીના ગુલીસ્તાન અને બોસ્તાન.

પરશીઅન મીસ્ટીકસ ભા.ગ ૧ અને ૨ તેમાં જલાલુદીન રૂમી અને નુરૂદીન અબ્દુલ રહેમાન જામીના લખાણો છે.

અરેબીઅન વીઝડમ—અરેબીકમાંથી તરજુમાને માટે ચુંટી કાઢેલી નસીયતો. દરેકની કી. શી. ૧-૯

ધી વીઝન ઓફ ઈંડીઆ અથવા હીંદની ઝાંખી—લખનાર સીડની લો.

હીંદુસ્થાન, બરમા અને સીલોનની વાર્તાઓ અને કહેવતો—આ વાર્તાઓ ભેળી કરીને મીસ ફ્રાઈટી મેયોએ અંગ્રેજીમા લખી છે. કી. ટપાલ ખરચ સાથે શી. ૧/૮.

રૂબાયત ઓફ ઉમરખાયામ ચીત્રો સાથે કી. ટપાલ ખર્ચ સાથે શી. ૧-૯

ધી સ્ટોરી ઓફ એન આફ્રીકન ફાર્મ—કેપટાઉનના પ્રખ્યાત લેખક ઓલીવ શરાઇનરના આ પુસ્તકની ૧૧૬ હજાર નકલો છપાઇ ચુકી છે. કી. ટપાલ ખર્ચ સાથે શી ૧-૯

સેલ્ફ હેલ્પ, કેરેકટર અને લાઈફ એન્ડ લેબર—ડા. સ્માઇલ્સના આ ત્રણે ઉપયોગી પુસ્તકોની અનેક ભાષાઓમા ઘણી આવૃતીઓ છપાઇ ચુકી છે. જાત મહેનત અને ઉમદા ચારિત્રથી માણસ કેટલે સુધી વધી શકે છે તેના આ પુસ્તકોમાં અસંખ્ય દાખલા તથા રસ્તાઓ આપેલા છે. દરેકની કી. શી. ૧/૬ દરેકનું ટપાલ ખર્ચ પાચ પાંચ પેની.

બ્રહ્મ નોલેજ—વેદાંતના તત્વજ્ઞાન વિષે વિચાર.

રામાયણ અને મહાભારત—મરહુમ રોમેશ દત્તે લખેલ તરજુમો.

લાઇટ ઓફ એશીઆ અથવા બુધ્ધચરિત્ર.

સોંગ સીલેસ્ટીઅલ—એડવીન આરનોલ્ડે કરેલ ભગવદગીતાનો તરજુમો.

શકુન્તલા—કવી કાલીદાસના સંસ્કૃત નાટકનો તરજુમો, આમાં [illegible] મેઘદૂત, ઉત્તર રામ વગેરે નાટકના તરજુમા છે.

[illegible] —[illegible] અરેબીકમાંથી તરજુમો કર્યો છે.

મહમદ પેગમ્બરનું જીવન ચરિત્ર—વોશીંગટન ઇરવીંગકૃત

મહોમેડેનીઝમ અથવા મુસલમાની ધર્મ.

મહમદ ધી ગ્રેટ અરેબીઅન—મેરીડીથ ટાઉનસેંડ કૃત.

ધી ફ્યુચર ઓફ ઈસ્લામ—મુસલમાની દુનિયાના પુરા માહીતગાર મી. ડબલ્યુ. એસ. બ્લંટે "ફોર્ટ નાઈટલી રીવ્યુ"માં લખેલા પાંચ નિબંધો આ પુસ્તકમાં છે. કીમત ટપાલ ખર્ચ સાથે શી. ૪/

એમ. કે. ગાંધી અને દ. આફ્રીકાનો હીંદી સવાલ—એ ચોપડી અંગ્રેજીમાં ડા. પ્રાણજીવન જે. મહેતાએ લખી છે. કીમત ૬ પેની. પોસ્ટેજ ૧ પેની.

ઇન્ડીઅન હોમ રૂલ (અંગ્રેજીમાં)—હીંદનું ખરૂં સ્વરાજ્ય શું છે તે વીશે મી. ગાંધીના વિચારો સંવાદ રૂપે અંગ્રેજીમાં આપ્યા છે કીમત ૬ પેની, પો ૧ પેની.

નવાં ગુજરાતી પુસ્તકો

આરોગ્યતા વિષે સામાન્ય જ્ઞાન—મી. મોહનદાસ કરમચંદ ગાંધીએ ઇ. ઓ. માં આ વીષય ઉપર લખેલાં પ્રકરણોનું પુસ્તક. આ પહેલા ભાગમાં હવા, પાણી, ખોરાક, કસરત વગેરેની લગતી બાબત છે. કીમત ૬ પેની પોસ્ટેજ ૧ પેની.

આરોગ્યતા વિષે સામાન્ય જ્ઞાન ભાગ બીજો. પાણી તથા માટીના ઉપચાર, ચેપી રોગ, સુવાવડ, બચ્ચાંઓની માવજત સરપ અને વીંછુના ડંખ, અકસ્માત ડુબવું, તાવ અને તેના ઇલાજ, કબજીયત, મરડો વીગેરેનાં જે પ્રકરણો મી ગાંધીએ આ છાપામાં લખેલાં તે આ ભાગમા પુસ્તક રૂપે છપાઇ બહાર પડેલ છે. કીમત ૬ પેની પોસ્ટેજ ૧ પેની.

નીતિનાં કાવ્ય — છેલ્લા બહાર પડેલ આ પુસ્તકના બીજાં ૧૬ પાનાં ઉમેરવામાં આવ્યાં છે છતાં તેની કીમત પેની ૬ જ રાખેલી છે પોસ્ટેજ ૧ પેની

શરીર સંપત્તિનો વધારો અને તેની સંભાળ—લખનાર વડોદરા નિવાસી પ્રોફેસર માણેકરાવ. કીમત ૬ પેની પોસ્ટેજ ૧ પેની

પુરવ અને પશ્ચિમ—એક પ્રખ્યાત અંગ્રેજ લેખકના પુસ્તકનો તરજુમો કીમત ૬ પેની પોસ્ટેજ ૧ પેની

મો. ક. ગાંધીનો જન્મ વૃતાંત—રેવ ડોકે લખેલ અંગ્રેજી પુસ્તકનું એ ભાષાંતર છે. એમાં શરૂઆતમા લોર્ડ એમ્પથીલનો ઉપોદઘાત છે, જેમા તેમણે મી. ગાંધીના સબંધમાં જે વિચારો બાંધ્યા છે તેનો ચિતાર આપ્યો છે. વળી ભાષાંતરકરતાની પ્રસ્તાવના જે લગભગ ૮૦ પાના છે તે વાચવા લાયક છે. આ પુસ્તકમા મી. ગાંધીની કારકીરદી સાથે દ. આફ્રીકાના સવાલનું વરણન કરેલું છે. પાકું પુંઠું કી. શી ૧ ૩.

બાલગંગાધર તીલકના મત અને વિચાર—આ વિચારો ભાઇ કેટવાલે સંક્ષેપમાં લખ્યા છે. કીમત ૬ પેની, પો. ૧ પેની.

માણસ કેટલી જમીનનો માલિક થઇ શકે?—આ વારતા મરહુમ મહાન ટોલસ્ટોયની રસીક અને મોધક વારતાનો તરજુમો છે. કીમત ૩ પેની, પોસ્ટેજ ૧ પેની.

મારો જેલનો અનુભવ—પહેલો, બીજો અને ત્રીજો—આ ત્રણે ચોપડીમાં મી. ગાંધીએ સત્યાગ્રહની લડતમાં ભોગવેલ અનુભવની સ્વહસ્તે લખેલી બીના છે. કી. શી ૧, પો. ૧ પેની

[illegible]—એમાં સત્યાગ્રહ સંબંધમાં લખાયેલાં [illegible] [illegible] કાવ્યોનો સંગ્રહ છે. કી શી. ૧, પો ૧ પેની

इंडिअन ओपिनिअन

बुधवार, ता. २५ मार्च १९१४

हिन्दी कमीशनका रीपोर्ट

यह रीपोर्ट गत बुधवारको बहार पडा है और पारलामेंटमें रखा गया है। कमिशनरोने मलामण कीया है कि तिन पाउनका कर बंध करना चाहिये क्योंकि जो मुरादसे वोह कर डाला गया है वोह सीध्ध नही होते है और उससे कुच्छ फायदा नहीं है। फीर कहते है की कोइ साक्षीओ ऐसा ख्याल रखते है की यह कर कभी नाबुद करनेमें हींदीओं समझेंगे की सरकार हींदीओंकी धमाकसे दब गइ, और उससे हिन्दीओंको फीरसे ऐसा कार्य करनेका उत्तेजन मीलेगा। और दुसरा ख्याल यह करते है की नेटिवोमें उससे अशांती होगा। परंतु हम इस दलील पर लक्ष नहीं देते है। कर नाबुद करना योग्य है तो फीर करका कायदा रद करनेमें एसी दलील लक्षमें न लेवे॥

शादीका सवालके बारे में कमीशनने कायदामें अपनी मांग मुजब मलामण करी है. यह मंजुर होगा तो फल निचे मुजब होगा:—

(१) चाहे इतनी औरत होवे एसा हकदार मरदका एक औरत और उन्का सगिर बच्चां कायदेसर आ सकेंगे।

(२) जो मरद एक औरती शादी कायदेसर होवे वैसा इरादा रखे वो सरकारने मुकरर कीये ब्राह्मण अथवा मुल्ला अथवा अन्य शादीका अमलदारकी पास जाके कायदेसर करा सकते।

(३) नयी शादि के लीए मुल्ला अथवा ब्राह्मण अमलदार मुकरर होंगे।

(४) हाल एकसे ज्यादा औरत जीसको है वोह सगीर बच्चेकी साथ आ सकेंगा यदि उन्को कायदेसर हक नहीं होगा।

(५) एक औरत शादी जो कायदे सर होगा तभी भी अप अपना धर्मानुसार दुसरी औरतके साथ शादी कर सकेंगे लेकीन वोह कायदेसर नहीं होगा।

(६) चाहे वोह हिन्दी पर इसमेंसे एक भी कार्य करनेका बंधन नहि है तथापी वोह अपनी औरतका हक डुबाते नहीं है॥

इमीग्रेशन कायदाका अमलके बारेमें कमीशनरोने जो मलामण कीया है सो नीचे मुजब है:—

(१) इमीग्रेशन कायदाका धारामें एक वरसकी मुदतका सरटीफीकेट देनेका है वहां तिन वरस करना।

(२) केपटाउनमें इमीग्रेशनखातामें आखा समय रहेवे ऐसा दुभाष्या रखे।

(३) अरजदारका इरादा होवे तो परमीट सरटीफीकेट इत्यादीकी अरजीका फोरम इमीग्रेशन ओफीस का कारकुन भरे।

(४) केपटाउनमें अंगुठाके बदलेमें दोनो हाथकी अंगुलीयों का छाप लेनेका रीवाज है सो बंध करना चाहीये।

(५) जहां इमीग्रेशन अमलदार न होवे वहां जील्लाका मजीस्ट्रेटको एकसे दुसरा इलाकेमें जानेके परमीट देनेका अखत्यार देवें।

(६) सरटीफीकट अथवा मुदति परमिट पर जो पा० १ का फी है वोह बहुतसे कमति करना और यह मुदत बढाने समय दुसरा फी नहीं लेना।

(७) एक इलाकेमेंसे दुसरा इलाकेमें जानेकी अरजी हींदी करे उस समय इमीग्रेशन अमलदार तरफसे दुसरा इलाकों का अमलदारको पुछते है सो रिवाज बंध करना चाहिये।

(८) इमीग्रेशन आफीसमेंसे अंगुठाकी निशानी वाले जो डोमीसाइल सरटीफीकेट नीकालनेमें आते है वोह सरटीफीकेट धर्णाकी मालुम होवे तभी दुसरा पुरावाकी जरुर नहीं होना चाहीए।

(९) माजीस्ट्रेट और अन्य सरकारी अमलदारकी पाससे साक्षी पत्रक लेके जो औरत और सगीर छोकरां यहां धनी और बापकी साथ रहेने को आवे उन्का यह साक्षी पत्र यहां का इमीग्रेशन अमलदार स्वीकारे।

अंतमें कमीशनने सर बेंजामीनकी तरफसे जो मदद मीला है उन्का तारीफ कीया है॥

सब छापावालोने कमीशनकी रीपोर्ट पर संतोष बताया है और तिनों कोलोनीका एकाद सिवाय सब वर्तमान पत्रोने कहा है की पा० ३ का कर अयोग्य है और यह निकाल देनेकी कमीशनकी मलामण बराबर है।

दील्ही में भाषण आपते समय नामदार लोर्ड हारडींगने यह रीपोर्ट पर संतोष बताया है और कहा है की अभी इस तोर पर कानुन हो जावे तो यह सवाल पर जो असंतोष रहा सो मीट जावे।

विविध विषय

सर बेंजामीन रोबर्टसन मेंइलिबरान स्टीमरसे डेलागोआबे होकर स्टी० पाटमकोटामें हिन्दुस्थान गये है।

पिटरमेरित्सबर्गकी सरकीट कोर्टमें आरमस्ट्रोंग केस गत हप्तामें चला रहा। हडताल के समयमें उन्हे मोहर्रम अहमद सीपाई पर हल्ला कीया रहा। आरोपिने अपना गुन्हा कबुल कीया रहा। माजीस्ट्रेटने उन्को पा० २५ का दंडकी सजा कीया।

रेव० मि० एन्डरुस लंडनमें जा पहुंचे है। वहां हिन्दीओने उन्को अच्छा मान दीया। रटरने मुलाकात लीया उस समय मि० एन्डरुसने कहा कि हिन्दीओने भारि विरता और सहनशिलता बताया है। जनरल बोथाने हमसे कहा है कि हिन्दीओंको न्याय देनेमें हम बन सके वत्ना करेंगे।

रेव. एन्डरुसने हिन्दुस्थान गत दीसेम्बरमें छोडा वह समय कोलकत्ताके छापावालो पर कागज लीखके दलीलसे बताया है की गीरमिटका रीवाज एकदमसे हिन्दुस्थानमेंसे नाबुद होनाचाहीये।

मद्रासके 'हिंदु' पत्रने सत्याग्रह फंडमें रु. १५००० गोखले महाराज को भेजे रहे। मध्य प्रांतमें से रु. ४५००, लाहोर फंडका रु. २३००० लाला लजपतराय मारफत, कलकत्ता साउथ आफरीकन लीग तरफसे रु. १०२५० कलकत्ता से एक दुसरा रकम रु. ९०६६, हरद्वार गुरुकुल विद्यारथी रु. ११७२, और कपुरथला शैलाना और विजयानगरका राजा साहेबने रु. एकेक हजार गोखले महाराज पर भेजा रहा॥

झांझीबारसे सत्याग्रह फंडकी मददके लीये कीतनेक हिन्दी भाईओंकी मददसे एक नाटक रा. लीमजी दयालने दिखाया रहा। उसमें रु० ५०० प्राप्त हुए थे। वकील मह्‌नाजी शंकरने बहुत अच्छा भाषण दीया।

"இந்தியன் ஒப்பீனியன்"

புதன்கிழமை . . 1914௵ மார்ச்சு ௴ ௨.25

கமிஷன் ரிபோர்ட்

யூனியன் சர்க்கார் ஏற்படுத்திய விசாரணை சபையார் மூன்றுபவுன் வரி ரத்து செய்யப்படவேண்டுமென்றும், இந்திய கலியாணவிவாதத்தை ஒழுங்கு செய்யவேண்டுமென்றும், இமிகிரேஷன் சட்டத்தினால் இந்தியருக்கு விளையும் அநேக எரிச்சல்களை நீக்கவேண்டுமென்றும் வெளிப்படுத்தியிருக்கிறார்கள். சம்மவர்களின் விஷயங்களை ஒரு முடிவுக்குக் கொண்டுவர, யூனியன் சர்க்கார் இஷ்டமுள்ளவர்களென்றாலும், இந்தியர்களுடைய [illegible] ருக்கும் உதவிபுரிய அதிக ஆவலுள்ளவர்களாயிருக்கின்றமையால் மேற்குறித்த விஷயங்களைச் சட்டமாக ஏற்படுத்துவார்களென்று, லண்டன் டைம்ஸ் பத்திரிகைக்குக் கேப்டவுனிலிருந்து [illegible] முன்னறிவிக்கின்றன.

மிஸ்டர் ஆண்ட்ரூஸ் இங்கிலாந்தில்

மிஸ்டர் ஆண்ட்ரூஸ் பாதிரியார் ஒப்பந்தக்கூலி [illegible] கோட்ட [illegible] ஒழிவது, [illegible] மூன்றுபவுன் வரியை [illegible] அந்த கோட்பாடு எல்லாவிடத்திலும் [illegible] அகற்றப்படவேண்டுமென்றும், ஒரு இந்தியா பத்திரிகைக்கு எழுதியிருக்கின்றார்.

ஆம்ஸ்ட்ராங் கேஸ்

டெருனத்திலிருந்து [illegible] மிஸ்டர் ஆம்ஸ்ட்ராங் என்பவர் [illegible] வரைக்குச் செல்லத்தில், ஒரு [illegible] இந்தியர்களைப் [illegible] பேரில் இருபதவுன் அபராதம் விதிக்கப்பட்டது.

பளாக்பர்ன் கேஸ்

[illegible] செய்யப்பட்டது. [illegible]

குற்றஞ் சாட்டி, ஜட்ஜி கோர்ட்டில் நிறுத்தினார்கள். அதேயிடத்தின் மற்ற முப்பத்திரண்டுபேர் கோர்ட்டுகளிலும் உபயோகப்படுத்தினதாகக் குற்றஞ்சாட்டப்பட்டிருக்கிறது.

சமாச்சாரங்கள்

பெனிவா கோட்டடியின பதினாறு இந்தியர்கள் ஸ்ட்ரைக்குக்காலத்தில மான ஹம்பு செய்ததாகக் குற்றஞ்சாட்டப்பட்டு, அபஸ்ன்டேலில ஜட்ஜியின் முன் பதினொன்பதாம்தேதி விசாரணையாரம்பமானது. விசாரணைசபையார் முன்டாபனில் கொடுக்கப்பட்ட வாக்குமூலமே இப்போது உபயோகப்படுகிறது.

* * *

ஒரு எஜமானன் தன்வேலையாளின சம்பளத்திலிருந்து பணமெடுத்து மூன்றுபவுன் வரி கட்டலாமென்று சட்டத்திலிருக்கிறதாம். அனுமதியாரும் இலவசமாக விடப்படாது.

* * *

ஸ்ட்ரைக்குக்குப்பிறகு அநேக ஆட்கள் வேலைக்குப் போகாமல் முரட்டுத்தனஞ் செய்வது பிசகு. எல்லோரும் தங்கள் வேலைகளைச் செய்து சர்க்கார் கொடுத்தவாக்கினபடி நம தொல்லைகளை நீக்குகின்றார்களாவென்று, பொறுமையோடு எதிர்பார்ப்பது அழகு.

* * *

தங்கள் எஜமானர்கள் மீது பிரியாது செய்யவிரும்பட்டால் முனனடாகவே, சம்பந்தப்பட்ட மஜிஸ்ட்ரேட்டினிடத்திலாவது, புரொடெக்டரிடத்திலாவது தெரிவித்து இப்பத்திரிகைக்கும் கடிதமூலமாய்த் தெரிவிக்கவேண்டும் உண்மையையே தெரிவிக்க வேணும்.

* * *

மிஸ்டர் ஆண்ட்ரூஸ் பாதிரியார் தென் ஆப்ரிக்காவிலுள்ள தம் இந்திய நேசர்களுக்கு மின்சாரத் தந்திமூலமாய் நன்றிசெலுத்தினார்.

* * *

சா பெஞ்ஜமன் ராபர்ட்சன் [illegible] இந்தியா [illegible].

* * *

[illegible]

અઠવાડીક પંચાંગ.

ખ્રીસ્તી—તા. ૨૫ માર્ચથી તા. ૩૧ માર્ચ સુધી ઈ. સ. ૧૯૧૪.

હીંદુ—ફાગણ વદ ૧૪ થી ચૈતર સુદ ૪ સુધી સવંત ૧૯૭૦.

મોહમેદન—તા. ૨૭ રબીઉલ્આખરથી તા ૩ જમાદીલ અ૰ સુધી ૧૩૩૨ હી.

પારસી—તા. ૧૫ થી તા. ૨૧ સુધી ૧૨૮૩.

વાર	ખ્રી તા.	હીંદુ તિથિ	મુ. પા. તા. મ.	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.
બુધ	૨૫	વદ ૧૪	૨૭ ૧૫	૬-૬	૬-૧
ગુરૂ	૨૬	,, ૩૦	૨૮ ૧૬	૬-૬	૬-૦
શુક્ર	૨૭	સુદ ૧	૯ ૧૭	૬-૭	૫-૫૯
શની	૨૮	,, ૨	૩૦ ૧૮	૬-૮	૫-૫૮
રવી	૨૯	,, ૩	૧ ૧૯	૬-૮	૫-૫૭
સોમ	૩૦	,, ૪	૨ ૨૦	૬-૯	૫-૫૫
મંગળ	૩૧	,, ૪	૨ ૨૧	૬-૯	૫-૫૪

આર્ટ પેપર ઉપર છાપેલા સુંદર ફોટોગ્રાફ

માનવંતા દાદાભાઈ નવરોજી
ઈંડિઅન ઓપીનીયન ઑફીસ ફે. ૨
અબ્દુલગનીના ઓફીસ
સ્ટેંડરટનના બહાદુરો
મી ચેટીઆર
મીસીસ સોબા...
મી. એમ. એચ. નાઝર
મી. ઇમામ અબ્દુલ કાદર
મી. ઉમર હાજી આમદ ઝવેરી
મી બાવાઝીર
મી. ફુઝનદાર
મરહુમ કાઉંટ ટોલસ્ટોય
સર વીલીયમ વેડરબર્ન
મી. કેલનબેક
દીલાવર મી. રતન જે તાતા
રે ભા. ગોખલેની મુલાકાત વખતે જોહાનીસ બરગના સ્ટેશને બાંધેલી કમાનનો દેખાવ
મી. જોસફ રોયપન બારીસ્ટર
રેવ. જે જે ડોક
મી શેઠ બાબજી રાઘુરજી મહાજનીઆ
મી. પોલાક
શેતજતુ કારટુન
મુંબાઈમાં ટ્રાંસવાલના દેશપારીઓ
મદ્રાસમાં ટ્રાંસવાલના દેશપારીઓ
મી. કેલનબેક
મી. જોસફ રોયપન ફેરીઆ
જોહાનીસબર્ગના હીંદી કોમીસ્તાન
પ્રીટોરીઆ ટ્રેઈન
કીમત-દરેકની ૧ પેનીથી પોસ્ટેજ અર્ધી પેની

Books for Sale

	price, post free s.	d.
The Story of an African Farm, a novel, by Olive Schreiner	1	9
Civilisation of India, by R. C. Dutt	1	8
Byzantine Empire or History of Syria, Asia Minor, Egypt in Africa. (The present Turkish Empire formed once a portion of the Byzantine Empire.)	1	9
Fields, Factories and Workshops, or Industry combined with Agriculture and Brain Work with Manual Work, by Prince Kropotkin	1	9
Self Help, by S. Smiles	1	11
Life and Labour or Characteristics of men of Industry, Culture, and Genius, by S. Smiles	1	10
Character, by S. Smiles	1	11
Rubayat of Omar Khayyam, with Illustrations	1	7
The Song Celestial, by Edwin Arnold	2	3
The Light of Asia, by Sir Edwin Arnold	2	3
Islam, by Justice Syed Ameer Ali	1	9
The Koran	1	9
Sakuntala, an Indian Drama by Kalidas	1	9
Mohammedanism	1	9
Mahomet 'The Great Arabian,' by Meredith Townsend	1	8
Gulistan or Flower Garden, Sadi	1	10
Sesame and Lilies by John Ruskin	1	10
Unto this Last, " "	1	10
Duties of Man, by Mazzini	1	10
Time and Tide, by J. Ruskin	1	0
English Traits and Representative Men, by Emerson	1	10
Society and Solitude and other Essays, by Emerson	1	10
Tales and Parables, by Tolstoy	1	10
War and Peace, Vol 1, 2, and 3, by Tolstoy each	1	10
A Vision of India, by Sidney Low	1	9
Stories and Sayings of India Ceylon and Burma	1	9
Future of Islam	4	0
Reflections on the French Revolution, by Burke	1	10
The Life of Mahomet, by Washington Irving	1	10
The Ramayana and the Mahabharata, by R. C. Dutt	1	10
The Hon. Mr. Gokhale and the Indenture System	0	6

The Wisdom of the East Series

Brahma Knowledge	2	8
The Persian Mystics—		
I Jalalud din Rumi	2	9
II Jami	2	9
The Bustan of Sadi	2	9
The Religion of the Koran	1	9
Diwan of Abul-Ala	1	9
Arabian Wisdom	1	9
The Confessions of Al Ghazzali	1	8
The Heart of India	2	8
Rubayat of Hafiz	1	9

New Books

Swami Vivekananda: An exhaustive and comprehensive collection of his speeches and Writings price	3	9
The Indian National Congress: An Account of Its Origin and Its Growth Full Text of all the Presidential Addresses Reprint of all the Congress Resolutions Extracts from all the Welcome Addresses Notable Utterances on the Movement Portraits of all the Congress Presidents, price 5s. post free 6/-	6	0
The Swadeshi Movement. A Symposium by Representative Indians and Anglo-Indians. An excellent and authoritative collection of official and non-official views, price 2s. post free	2	3
The Nation Builders Part I, II and III Price 6s. Post free	7	0
From Colombo to Almora Lectures by Swami Vivekananda, Price 3s. 6d. Post free	3	10
Essays in National Idealism	3	10
Essays in Indian Art, Industry and Education	2	3
Gospel of Shri Ramkrishna price 4s. Post free	4	7
Sayings of Shri Ramkrishna	1	11
From Colombo to Almora	2	10

The I. P. Press, Phœnix,

સત્યાગ્રહ રોકડ ફંડ

૮૨૬	૧	૭	પાછળનો
૦	૨	૦	લૅબી ફકીર વેરુલમના ૨૬ મે ફંડના.
			વીક્ટોરીઆ વેસ્ટ
૧૦	૦	૦	મી. ખંડુભાઈ ગોવીંદજી સોડાવરની દુ. તરફથી
૮૩૬	૩	૭	કુલ

હીંદુસ્તાનની ટપાલ

તા. ૩૦ માર્ચના અરસામાં સ્ટીમર ગરટ્રુડ વુરમન (જરમનીથી અદલાશે) પુર્વ કીનારાના બંદરો ઉપર થઈ મુંબઈ જશે.

તા ૧ એપ્રીલના અરસામાં સ્ટીમર ઓમેના સીધી મુંબઈ જશે.

તા. ૨ એપ્રીલના અરસામાં સ્ટી. પુરણીઆ ડેલ.ગો.આબે જમબારને કોલાંબો થઈ મુંબઈ જશે.

ઇ. ઓ. ના લવાજમના દર

યુનીઅન—કેપ, નાતાલ, ટ્રાંસવાલ, ઓરેંજીઆમાં—

વારષિક	૧૪	૦	
છમાસિક	૦	૮	૦
ત્રિમાસિક	૦	૫	૦
નકલની	૦	૦	૪

બધાં લવાજમ અગાઉથીજ લેવાનો ધારો છે

છાપી પ્રગટ કરનાર ઇંટરનેશનલ પ્રેસ વેસ્ટ અને મગનલાલ ખુ. ગાંધી, ધી ઇંટરનેશનલ પ્રીન્ટીંગ પ્રેસ, ફિનીક્સ, નાતાલ.

ઇન્ડિયન ઓપિનિયન.

પુસ્તક ૧૨ મું. ફીનીક્સ, બુધવાર, તારીખ ૧લી એપ્રીલ, ૧૯૧૪. અંક ૧૩.

અધિપતિની નોંધ

એસ્ટકોર્ટના માજીસ્ટ્રેટ

ન્યાયનો સુવો અહીં જ્યાં ત્યાં અને બધાને માટે સરખો કહેવાય છે, પરંતુ એસ્ટકોર્ટના મજીસ્ટ્રેટ સાહેબને મન તે વાત બરોબર હોય એમ નથી લાગતું. વાચકોને યાદ હશે કે આ માજીસ્ટ્રેટ મી. એફ. ટી. ફરગ્યુસન તે એજ કે જેની પાસે સર ડંકન મેકેન્ઝીવાળો કેસ આવ્યો હતો અને તેમણે સર ડંકનને પોતાના ગીરમીટીઆ ઉપર ખરાબ [illegible] આરોપમાંથી નિરદોષ જાહેર કર્યા હતા અને ગીરમીટીઆઓને ખોટી ફરીઆદ કરવાને માટે ચેતવણી આપી હતી. હાલમાં એક હીંદીની ઉપર કોઈ કેસ આવતાં હતાં તેનો અમોએ રીપોર્ટ તો અમે બીજે ઠેકાણે આપેલો છે. હવે અંગ્રેજી કાનુન તો એવો છે કે જે માણસની ઉપર કેસ ચાલતુ હોય તે માણસ પોતાનો ગુન્હો કબુલ કરે એટલા ઉપરથી તેને સજા એકાએક થઈ શકે પણ તેનો ગુન્હો સાબીત કરવાને સારૂ તેના ઉપરથી કોઈ પણ પુરાવો જબરજસ્તીથી તો લેવાયજ નહીં, એ તો સખત કાયદો છે અને તે વિષે કાંઈ અવકાશ નથી અને જો કોઈ પણ ન્યાયનો અમલદાર આ કાનુનનો ભંગ કરે તો તેને ન્યાયાસન ઉપરથી કાઢી મુકવામાં આવે છે. આવો સખત અને જગ જાહેર કાનુન છતાં તેની ઉપર પગ દઈને મી. ફરગ્યુસને મજકુર હીંદી પાસેથી તેનો ગુન્હો સાબીત કરવાને ખાતર ભર કોરટની અંદર જબરજસ્તી કરી અને તેના આંગળાં લેવરાવ્યાં. ગુન્હો સાબીત કરવાની ખાતર તેના આંગળાંની જરૂર હતી અને જો આંગળાં ન આપે તો તે સાબીત થઈ શકે જ નહીં. આમ સખતીથી આંગળાં લેવાયાં પછી માજીસ્ટ્રેટે તેને ગુન્હો સાબીત કરી આરોપીને ચાર માસની સખત મજુરીની જેલની સજા કરી. આવી જબરજસ્તી તે કોઈ ગોરા ઉપર ન કરી શકત. તેના મનમાં એમ કે તે ગરીબડો હીંદી આવી બાબતમાં કંઈ સુપ્રીમ કોરટમાં જવાનો હતો? પણ તેની ધારણા ખોટી પડી અને અપીલ થતાં તેમાં સુપ્રીમ કોરટના જડજોએ મી. ફરગ્યુસનના ગેરકાયદેસર વર્તન ઉપર સખત ટીકા કરી અને હીંદીને છોડી મુક્યો. આ હકીકત અમે સંભારીએ છીએ કેમકે અમે જાણીએ છીએ કે આ માજીસ્ટ્રેટ હીંદીઓની વિરૂદ્ધ છે. [illegible] પરવાના [illegible] ઉપરના તેના વરસોક રીપોર્ટમાં તે લખે છે કે કોઈ એશીઆટીકનો વેપાર તે મરવાના એકેક નામ પરથી બીજાના નામ ઉપર કરી આપવો નહીં જોઈએ અને કોઈને તેના આગેવાર નવીજ દાખલ થવાની રજા આપવી નહીં જોઈએ. વળી તે લખે છે કે હીંદી દુકાનદારના મરણ પછી તેની દુકાન બંધ કરવી, અથવા વેચી નાખવી, કે ગોરાના નામ ઉપર કરવી જોઈએ. આનો અરથ એ થયો કે કોઈ હીંદી જે મહામુશ્કેલીથી વેપાર કરી પોતાના કુટુંબનું ભરણ પોષણ કરતો હોય તેનો વેપાર તે માણસના મરણ પછી ઉમરે પહોંચેલા તેના છોકરા એના નામ ઉપર પણ ન થાય અને તેઓએ ભુખે રહેવું. આ વિચાર તે કેટલી સખતાઈથી અમલમાં મુકે છે એ ન્યાયના હીંદી વેપારીઓની વરસો વરસ ઘટતી જતી સંખ્યા ઉપરથી માલુમ પડે છે. હીંદીઓ તરફ જેની આટલી બધી વિરૂદ્ધ લાગણી હોય તે માણસ ન્યાયાસન ઉપરથી નિષ્પક્ષપાત ન્યાય આપે એ માનવું અનુભવથી મુશ્કેલ છે.

નાતાલના હીંદી વેપારીઓ.

મારીત્સબર્ગના 'વીટનેસ' પત્રને એક ગોરાએ એવી મતલબનો કાગળ લખ્યો છે કે હીંદી વેપારીઓ ગોરા વેપારીઓને મારી હઠાવે છે. આ વિચારને તે પત્રએ ટેકો આપ્યો છે, અને નીચે મુજબ લખ્યું છે: "આવી ફરીઆદ નાતાલમાં ઘણી સાંભળવામાં આવે છે અને ખાસ કરીને મેરીત્સબર્ગને આ વાત વધારે લાગુ પડે છે. આ ચર્ચ સ્ટ્રીટના સરસ ભાગમાં અરધા કરતાં વધુ હીંદી છે. આ વેપારીઓ, બજારભાવ કરતાં સસ્તો માલ વેચે છે હીંદી અને આરબ વેપારીઓને ખરાબી માટે તથા ગોરા વેપારીઓને બોયકોટ કરવામાં આવે એવી સ્થિતિ ઉપર પણ શહેરની મ્યુનીસીપાલીટી કુચ જેવી લાઇસન્સ રેવન્યુની ખાતર ચાલવા દઈ શકે એ શરમની વાત છે." આટલું કહ્યા પછી વળી તે આગળ લખે છે કે તેમ છતાં જે હીંદીઓને આટલા લાંબા વખત સુધી આ દેશમાં રહેવા દીધા તેમને એકદમ બોયકોટ કરી દેવા એમ કહેનારની સાથે પણ અમે મળતા થતા નથી. સહુથી સરસ તરીકો તો એ છે કે હીંદી વેપારીઓને ઘણી સખત શરતો કરી વેપારના પરવાના આપવા. આ શરતો એવી કરવી કે તેમણે પોતાનો વેપાર ગોરાઓના ધોરણ ઉપર ચલાવવો. દુકાનના કાઉન્ટર ઉપર કે નીચે કોઈ સુઈ શકે નહીં. બધા વેપારીઓને પોતાના નોકરોને સારો પગાર આપવાની ફરજ પાડવી. પોતાના મકાન તદ્દન સાફ અને તંદુરસ્તીને હરકત ન કરે પણ તે સારી સ્થિતિમાં તમણે રાખવાં જોઈએ અને બજાર દામ કરતાં [illegible] એવા હકોથી વેપારના [illegible] દાબી [illegible] બીજા વરસે તેમના પરવાના આપવાની બાબી થવી જોઈએ. અમને ખાત્રી છે કે આમ કરવાથી હાલની સ્થિતિમાં ઘણો સુધારો થઈ જશે. ગોરા વેપારીઓને ચોખ્ખાઈ અને તંદુરસ્તીના ધારાધોરણના ખરાખર અમલ કરવો પડે છે જ્યારે આરબ વેપારીઓને વાર ઘણી શાથીતાથી અમલ તો અમલદારોની ખાન કાળજીને લીધે ગંદા ઘરોમાં અને તંદુરસ્તીને ઘણું જ નુકસાન કરે તેવી સ્થિતિમાં રહેતા હોવામાં આવે છે. જો વધારે લક્ષ આ સવાલ ઉપર આપવામાં આવે તો આ ખરાબી ઘણે ભાગે દુર થઈ શકે તેવી છે."

ઉપરના લખાણમાં મારીત્સબર્ગના અખબારે જ હંમેશ હીંદી વેપારીઓ સામે ગોરાઓને અયોગ્ય રીતે ભાવ ઉશ્કેર્યો છે

નવી આવૃત્તિની કીતાબ

[illegible]

કોન્ફરન્સ સવાલ

[illegible]

વેપારીઓનાં લાઇસેન્સ અને ધા. ૭ નો કેસ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

જાણવા લાયક બે તાર

[illegible]

ઓકટોબર ૯ થી ૨૦ સુધીમાં શહેરોની ખાણોના અંગ્રેજ મજૂરોના એકત્ર થવા બાબતે આ પ્રતકરણીનો તાર મોકલ્યો હતો. તમારા ૧૮ એપ્રિલ સુધી અને ૩ ઓકટોબરના તાર મળ્યા. કમીશન રાષ્ટ્રના સન્માનિત નેતાઓની ફરીયાદ વિશે પ્રધાનમંડળ શું કહે છે તે મને જણાવશો. તેમને જણાવશો કે હાલની સ્થિતિમાં સત્યાગ્રહ ફરીથી ચાલુ થવું તેને માટે હું પ્રબળ દિલગીર છું. હું અંતઃકરણપૂર્વક ઉમેદ રાખું છું કે થોડાક હિંદી ઓએ આ પ્રયોગ પાછળ લીધો તેથી કરીને ૩ડ યુનીયન સરકાર તમારા ૨૨ સપ્ટેમ્બરના તારમાં જણાવેલી એશીઆટીક એકટેન્શન દાખલ થતા પ્રધાનની વિચારણા કરેલી રાજ નીતિને નહીં તજે કેમ.

જનરલ બોથા તરફથી ખુલાસો

ઉપરના તારનો જવાબ એવો મોકલવામાં આવ્યો હતો કે કમીશનને સૂચવેલ તે તેના ધારાનો અમલ ખાતરીથી અને નીતસર કરવામાં આવે છે. અગાઉની નાતાલના કમીશનને જાહેર નામુંદ થયો છે તો તે ઉપરથી જ આ યુનીયન માટે થયો છે તમારા નામની અરજીના અમલ નામુંદ થયેલા કાયદાથી હાલ જુદી રીતે થાય છે અને તે અમલથી છે એ હિંદીઓએ વધારીને વાત કરેલી છે.

વિશેષમાં પ્રધાનો જણાવે છે કે હિંદીઓ દરેક રીતે કમીશનના અમલદારોને તકલીફ આપવાના પ્રયત્ન કરતા રહે છે અને તેઓ [illegible] તના કાયદાની કલમમાંથી છટકી જવાની રીત શોધ્યા [illegible] છે એ જગ જાહેર વાત છે.

આત્મભોગનું બળ

(ઇંડીઅન ઓપીનીઅન માટે ખાસ લેખ)

કલકત્તામાં હમણાં એક ઘણો હૃદયભેદક બનાવ બન્યો છે. શ્રીમતી સ્નેહલતા નામની ૧૪ વરસની બાળ કન્યાનું શરીર ઉપર ઘાસલેટ તેલ છાંટી બળી મરી છે. તેની ઉમ્મર વધતી તેના બાપને તેને પરણાવવાની ચિન્તા થઇ. તેને માટે લાયક વર મળ્યો પણ તે બાળ જ્યારે પિતાને આપવા સમાજના કુરિવાજ પ્રમાણે રૂ ૨૦૦૦ની જરૂર પડી. આ પૈસા મેળવવા ખાતર પોતાનું આખું ઘર ગીરો મૂકવું. તેનું આ ત કરવું જોઇએ એવું પણ તે છોકરી ઘરબારને આશ્રીત રહેવા ખાતર તેણે તજી કરવું. આ હકીકત તેની છોકરીએ જાણી. પોતાના માતપિતાનું દુઃખ તેનાથી જોયું નહિ ને દુનિયામાં આવ્યું તેનાથી ન સહેવાયું. જુદી જુદી નાતીઓમાં વર વિક્રય અને કન્યા વિક્રયથી જે ભયંકર પરિણામ આવે છે, શરીર હોમી તે રિવાજોથી જે ગતિ પમાય છે તે બધા સંસાર તેને અસહ્ય. અને તે બધા કરતાં તેના બાપ તરફની સ્નેહ લાગણીએ તેને વધારે વિહ્વળ કરી. પોતાની ખાતર પોતાનો બાપ આમ રંજાય એ સ્નેહલતાને ઠીક લાગ્યું નહીં. જેથી તેણે પોતાના શરીરનો ભોગ આપવાનો નિશ્ચય કર્યો. મરતા પહેલાં તેણે પોતાના બાપને એક પત્ર લખ્યો. જે પત્ર આજ કાલ હિંદીઓના અખબારોમાં ચર્ચાતો પ્રગટ છે. કાગળ લખી પોતે બળી મરી. હિંદીઓના સમાજ સુધારા કરી શકી નહિ તેવા પોતાનો દેહની આહુતી આપી. બંગાળામાં, ગુજરાતમાં, દક્ષિણમાં વિગેરે જગોએ ઘણા મહાન સંસાર સુધારકો થઇ ગયા છે, હજુ થાય છે. તેઓએ ઘણું મહેનત કરી, ઘણા લેખો લખ્યા, ભાષણો, સભાઓ, ચર્ચા, પરિષદો મેળવવામાં આવી. પણ તે ઘણા ઉપદેશકોએ જે પરિણામ આપ્યું છે તે એક નિર્દોષ બાળાના આત્મભોગથી આવેલા પરિણામ આગળ કશા હિસાબમાં નથી. જુદી જુદી જ્ઞાતિઓએ જુદા જુદા વિદ્યાર્થીઓએ સભાઓ ભરીને કોઇ રીતે દહેજ નહીં લેવાના સોગન ખાધા છે અને તે રીતે તેને તોડી પાડવાને તેમણે પોતે પણ પ્રયત્ન કરવો છે. આ બાળાએ પોતાના શરીરનો ભોગ આપવામાં તે બાબતનો ખ્યાલ ન કર્યો. તેણે રીતે તેનું શરીર અગ્નીની જ્વાળામાં આપ્યું. તેણીએ રીતે આત્મિક અગ્નીમાં હિંદુસ્તાનના અંતઃકરણમાં સળગાવ્યો એ હકીકત તેણે અગ્નીથી ઘણી વધારે પ્રગટ કરવું. એટલું તેને આત્મિક લાગ્યું, જાણે કે ઇશ્વરનું એક ફરમાન હોય તેમ તેણે લાગ્યું. આ બાળાને શું શીખવવું હતું? આવું સુંદર ઉપદેશનો બોધ કોણ કરતે? આવું સમજણ અને હિંમત વગર નહીં થઇ શકે. ત્યાં સુધી આ બાળા આપણો, આપણાં દુઃખ, આપણી સભાઓ વિગેરે સરસ રીતે ઉપર જીવતું છે. કાઢી નાંખવું તે અવશ્ય છે. ૯ ફેબ્રુઆરીના રોજ આવ્યા ત્યાં સુધી નહિ ખરીમાં કે કોઇ સ્નેહલતા એમને ચાહ્યા છે તે દહેજની રકમ પણ જતી કરવા ઇચ્છા કરતો નથી. આ બાબત છે. સ્નેહલતા મરી ગઇ એમ કહેવાય છે પણ તે તો અમર છે. તેના જીવને તો આ સમાજમાં હોવું જોઇએ ન હોવું તે સરખું છે. ઉલટું હવે અમરતાથી મુક્ત થઇને તેણે તેનો કેવળ ભલાઇનો મારગ લીધો. આ દેશમાં રહેતા હિંદીઓ પણ જેથી તે આ સ્નેહલતાના બલિદાનથી મળેલ શીખ ન ભૂલે એમ પણ હોય તે કરવો જોઇએ. ઉચ્ચ ઉદ્દેશ માટે એમ ભોગ આપવો એવું નહીં પણ ગમે તે હલકી વસ્તુના ત્યાગને ઉચ્ચ સ્થાનમાં ગણી શકાય છે. આ આત્મભોગ સત્યાગ્રહનું રૂપ છે. આત્મભોગમાંથી જે દેશ અગર જે કોમ આ સત્યને સ્વીકાર કરશે અને પવિત્ર ધ્યેયને અમલમાં મૂકશે તે કામ પણ જીવને ખાતર હોવા જેવું હશે. સત્યાગ્રહ હવે કદાચ રોજ નહીં. પણ તે આત્મભોગ મેળવવાના રસ્તાને ઉપરાંત રોજ શીખી શકાય. કારણ કે જો સત્યાગ્રહ અથવા આત્મભોગ વગર બીજું કંઇ મેળવવા જેવું નહીં રહે. આપણે પણ હિંમતથી પ્રયત્ન કરીએ તો તે સઘળું આપણું મળશે એમ કહેવાય.

તા. ૩૧ જુલાઇ ૧૯૧૨ના રોજ પુરા થતા વરસનો કેપ્ટન સહરના મેડીકલ અમલદાર તરફથી બહાર પડેલ રીપોર્ટની એક નકલ અમને મળી છે તેમાં હિંદીઓને લગતી ખાસ [illegible] મુજબની છે: ૧૯૧૧ના માર્ચમાં લીધેલ વસ્તી ગણતરી મુજબ શહેરની વસ્તી ૩૩,૫૪૯ જેમાં ૪,૯૨૦ કાળાઓ, ૧૯,૦૧૦ હિંદી (૧૦,૭૪૦ પુરૂષ અને ૮,૨૭૦ સ્ત્રી) અને ૨૦,૩૮૨ નેટીવોની હતી. કુલ ૪૭,૬૩૪ એશીઆટીકમાં મરણનું પ્રમાણ દર હજારે ૧૩ આવ્યું હતું. નેટીવોમાં હજારે ૨૪ અને ગોરાનું ૯.૭ હતું. હિંદી બાળકોનું પ્રમાણ દર હજારે ૧૯૦૯–૧૦માં ૨૧ હતું અને તે વરસથી ઓછું આવ્યું છે. એશીઆટીકોમાં મરણના કારણોમાં મુખ્ય ક્ષય, ન્યુમોનિઆ, તાવ અને કોલેરા હતાં. ડોકટર હરીસન એમના ખાસ રીપોર્ટમાં જણાવે છે કે પરદેશ આવેલ ખાતરજિયાતી હિંદીઓ આ દરદની ઘણા કરતા નથી. અને જ્યારે માલુમ પડે ત્યારે તેઓ દરદથી પીડાઇ ગયા હોય છે. જેથી આવા દરદીઓને ખુલ્લામાં મુકવાની ખાસ અગત્યતા લાગે છે.

આયરલૅન્ડના હોમ રૂલનો સવાલ

આયરલૅન્ડને સ્વરાજ આપવાની ચર્ચા આશરે ૩૦ વરસ થયાં ચાલી રહી છે. તેને લગતું હાલનું બીલ ૧૯૧૨ એપ્રીલમાં વડા પ્રધાને દાખલ કરવું હતું અને તેની રૂએ આઇરીશ પાર્લામેન્ટમાં સેનેટમાં ૪૦ અને હાઉસ ઑફ કૉમન્સમાં ૧૬૪ સભાસદો બેસે એવી જાતની ગોઠવણ હતી. આ પાર્લામેન્ટની સત્તા જમીન કે દરીયાઈ લશ્કર ઉપર નહીં ગણાય. તેમજ તે લડાઇ કે સલાહ કરી શકે નહી પણ તે દેશની સુલેહ શાંતિને અરથે જરૂરી કાયદા કરી શકે. અને વળી પારલામેન્ટમાં આયરલેન્ડ તરફથી ૪૨ સભાસદો બેસે. પારલામેન્ટના કાયદાની રૂએ સ્વરાજનું બીલ ૯ મી મે એ કાયદો થયો ગણાશે. કેમકે તે દીવસે બીલનું બીજું વાચનનું વચન પહેલ વહેલું વંચાયું હતું તે પછી હાઉસ ઑફ કૉમન્સમાંથી આ બીલ બે વાર પસાર થયું અને હાઉસ ઑફ લૉર્ડઝે જુલાઇ ૧૯૧૩ માં બીજી વખત રદ કરવું પણ હવે ત્રીજે વખત ફરવી શકાય એમ નથી

આ સ્વરાજના સવાલમાં મુખ્ય વાંધો અલસ્ટર પ્રાંતને આવે છે તેમાં નવ વિભાગ છે જેમાંના ચારમાં બધી પ્રોટેસ્ટંટ વસ્તી છે, અને બીજા પાંચ ભાગોમાં પ્રોટેસ્ટંટો છે તેના કરતાં વધારે સંખ્યા રોમન કેથોલીકની છે આખા પ્રાંતની વસ્તી ૧૬ લાખ જેટલી છે. તેમાંના ૫૩ ટકા જેટલો ભાગ પ્રોટેસ્ટંટ, ૪૩ ટકા રોમન કેથોલીક અને બાકી ન સ્વરૂપનું ધરમના છે અલસ્ટરના ઘણા ખરા પ્રોટેસ્ટંટો સ્વરાજ્યની વિરૂદ્ધ છે. કેમકે આયરલેંન્ડના બીજા પ્રાંત કે જેમાં રોમન કેથોલીકની વસ્તી ચાર પંચમાંશ જેટલી છે તેમની તરફથી ચુંટાયેલી આઇરીશ પાર્લામેંટમાં પ્રોટેસ્ટંટોને અન્યાય થશે એમ તેમનું માનવું છે. અલસ્ટર વાળાઓને જો કે એવી ખાત્રી આપવામાં આવી છે કે તેમના હક અને સામાજીક તથા ધાર્મીક સ્થિતિનું આ ખરડામાં રક્ષણ કરવામાં આવ્યું છે, પરંતુ આ બન્ને પક્ષ વચ્ચે લાંબા કાળ થયાં ધાર્મીક અને રાજદ્વારી ઝગડાઓને લીધે જ અટસ પડી ગયેલ છે તેથી આવી બાબતમાં કાગળ ઉપરની ખાત્રી તેઓ નદ્દન નકામી ગણે છે.

આવી સ્થિતિને લીધે આખા અલસ્ટરને અથવા અલસ્ટરમાં જ્યાં પ્રોટેસ્ટંટોની વધારે વસ્તી છે તેવા ભાગોને અમુક મુદત સુધી સ્વરાજ્યમાંથી બહાર રાખી ગ્રેટબ્રીટનની સંભાળ નીચે રાખવાના પ્રયત્નો થયા હતા પરંતુ તે બન્ને પડી ભાંગ્યા. અને હવે બીલ પાસ થશે એમ જોવામાં આવ્યું ત્યારે ત્યાંના પ્રોટેસ્ટંટોએ સર એડવર્ડ કારસનની સરદારી નીચે સ્વરાજની સામે બળ વાપરીને થવાનો ઠરાવ કર્યો છે આ બળ વાપરવામાં તેઓ જીતશે કે નહીં તે કહી શકાતું નથી. પણ હાલ આ વાદળ વધુ ઘેરાયું છે; અને સ્થિતિ ગ્રેટબ્રિટન તથા આયરલેન્ડને માટે ઘણી ગંભીર થઇ પડી છે વાદળ થોડા સમયમાં ઘેરાશે એવા વિચારથી અલસ્ટરે અગાઉથી વોલંટીયર લશ્કર ઉભું કર્યું અને હમાં ગયા જુલાઇ સુધીમાં સાઠ હજાર ઉપરાંત માણસ કવાયત કરતા થઇ ગયા હતા. હાલની પાર્લામેંટ સંભાળ ઉઘડી તે પહેલા આ સવાલ ઉપર સર એડવર્ડ કારસને બેલફાસ્ટમાં ઘણાં જ ઉશ્કેરણી ભાષણો આપ્યાં અને તેમાં કહ્યું કે સ્વરાજ્યનો કાયદો પસાર થાય તો અલસ્ટર સ્વતંત્ર થવાની તૈયારી કરી રહ્યું છે આ વિજળી વિક્ષેપ આ સંપત્તિસ્થાપ બહાર પડી હતી વોલંટીયર લશ્કરના ખરચા માટે દશ લાખ પાઉન્ડનું ફંડ ઉભું કરવાનો ઠરાવ પણ થયો હતો. અને તે અરસામાં બન્ને પક્ષના આગેવાનોની કૉન્ફરન્સ બોલાવવાની ખાતરી થઇ હતી વડા પ્રધાન મી. એસ્કવીથે ઑક્ટોબરની આખરીએ જાહેર કર્યું હતું કે આવતી બેઠકમાં આયરલૅન્ડને સ્વરાજ્ય આપવાનો ખરડો પસાર થશે અને તેથી કોન્ફરન્સ ભરવાથી હવે વીશેષ લાભ નથી

ચાલુ પારલામેન્ટમાં આ બીલ ફરીને આવ્યું અને સમય નજીક આવી પહોંચ્યો તેમ આ મામલો વધારે ચકડોળે ચડ્યો છે. વડા પ્રધાને સમાધાની કરવાના હેતુથી અલસ્ટરના અમુક જીલ્લાઓને ૭ વરસ સુધી હોમ રૂલમાંથી બહાર રાખવાની દરખાસ્ત કરી પણ તે કોઇને પસંદ નથી આવી. આ અને પારલામેંટમાં ચાલતી હોમ રૂલ વિષની બીજી દરખાસ્તોથી અલસ્ટરવાસીઓ વધારે સાવધ થયા અને તેના વાલંટીયરો બંધો થઇ ગયા છે તેઓ કાંઇ રંજાડ ન કરે તેટલા સારૂ ઈંગ્લંડથી લશ્કરને તઈયાર થઇ ત્યાં જવાનો હુકમ મળ્યો છે, કેટલુંક લશ્કર ત્યાં ગયું છે. મનવારો આયરલેંડના કીનારાઓ પર પહોંચી ગઇ છે સેના ખાતાના અમુક ટુકડીઓના ૭૬માંથી ૭૦ અમલદારોએ તેમજ બીજા પણ ઘણા અમલદારોએ પોતાના આઇરીશ ભાઇઓની સાથે લડવાની ચોખ્ખી ના પાડી છે અને તેમણે મોટી સંખ્યામાં રાજીનામાં આપ્યાં છે. અમુક લખાણના સબંધમાં ભૂલ પડવાથી વડા સેનાધીપતી કર્નલ સીલીએ પણ રાજીનામું આપ્યું છે જે વડા પ્રધાને નામંજુર કર્યું છે આમ ઈંગ્લીશ ટાપુઓનું વાતાવરણ ઘણું ગંભીર થઇ પડ્યું છે અને પરિણામ શું આવશે તે જોવાને સહુ કોઇ આતુર થઇ રહ્યું છે

ગેરકાયદેસર લેવાયેલી આંગળાની છાપ

ગયા જાનવારીમાં એસકોર્ટમાં એક હોટી ઉપર ચોરીના આરોપનો કેસ માજીસ્ટ્રેટ મી રોકસન આગળ ચાલ્યો હતો તેમાં પુરાવે લેવાયા બાદ તહોમતદાર ઉપરનો આરોપ સાબીત થયો જણાવી તેને ચાર મહીનાની સખત મજુરીની કેદની સજા આપવામાં આવી હતી. આ ઠરાવ ઉપર અપીલ થઇ અને તેમાં સુપ્રીમ કોરટે તેને છોડી મુક્યો હતો. ચુકાદો આપતાં જસ્ટીસ ડવ વિલસને જણાવ્યું કે કેદીની સામે જે પુરાવો રજુ થયો છે તેમાં આંગળાની બે છાપ છે. જેલમાં લીધેલી આંગળાની છાપ પુરાવા તરીકે પ્રથમ રજુ થઇ હતી. પણ તે છાપ આરોપીની છે એમ કોઇ કહી શક્યું નથી. બીજી છાપ માજીસ્ટ્રેટે કોરટમાં હુકમ કરીને આરોપી પાસેથી લેવરાવી હતી. આરોપીએ છાપ આપવાની ના પાડી, પણ ફરજ પાડી એટલે છેવટે તેને આપવી પડી. ગુન્હો સાબીત કરવાને આંગળાની છાપ આપવાની કાયદા તરફથી ફરજ પાડી ને તેજ પુરાવાથી તહોમતદાર ઉપરનો ગુન્હો સાબીત કરવાનો કિસ્સો આ મ પહેલ વહેલો સાંભળ્યો છે. આ પુરાવો ગેરવાજબી રીતે લેવાયો છે એમ હું માનું છું, અને તેથી અપીલને ચુકાદો આરોપીના લાભમાં આપું છું

જસ્ટીસ બરગે આ ચુકાદો આપતાં કહ્યું કે કાયદો ચાલતી વખતે આ ગુનાની છાપ એપેલંટ પાસેથી તેની મરજી વિરૂદ્ધ લેવાનો હુકમ કરવામાં, અને તે પુરાવા ઉપરથી તેનો આરોપ સાબીત કરવામાં માજીસ્ટ્રેટે ભુલ કરી છે.

કેપટાઉનમાં મેળાવડો

મી. ને મીસીઝ ગાંધી તથા ઇમામસાહેબ અબદુલકાદીર કેપ ટાઉનથી વિદાય થયા ત્યાં હિંદુ ગામે હીંદી મેળાવડો ગામે શુક્ર વારે ભરાયો હતો. તે મેળાવડો એલ્બ હાર્મનીહૉલમાં થએલો. મી. વસ્તાક પ્રમુખ હતા. મીટીંગમાં સેક્રેટરી મી. મણીભાઇ ગાંધી હતા. હાજર રહેલા ગૃહસ્થોમાં મી અને મીસીઝ ગુલ, મીસ ફરીયમ ગુલ, મી. અને મીસીઝ ફતીમા ડાક્ટર ગુલ, પારસી મંચેરજી વિગેરે ઘણા હતા. ઘણું ભાષણ થયા પછી ત્રણે મેમાનોને મી. મણીભાઇએ ફુલના હાર પહેરાવ્યા હતા. મી. ગાંધીને કેપનાં અત્યારથી તે છેક સુધી ના કાયદા ભેટ કરવામાં આવ્યા હતા ને ઇમામસાહેબને સુંદર શાલ આપવામાં આવી હતી. મી. ગાંધીએ પોતાના ભાષણ માં મેળાવડાનો તેમજ મી. ને મીસીઝ ગુલ તથા તેમના કુટુંબનો તેમણે પોતાની તથા મીસીઝ ગાંધીની માંદગી માં કરેલી બરદાસ માટે તથા જે ભાઇઓ રખતે વખત મીસીઝ ગાંધીની ખબર લેવા આવતા તથા મેવે પહોંચાડી જતા તેઓનો આભાર માન્યો. કમીશનના રીપોર્ટની સમજ પાડી અને હીંદુ તથા મુસલમાન ભાઇ થઇને રહે તેમાં કેમ નું ભલું છે એમ ભાર દઇને સમજાવ્યું હતું. દરેક કોમ પોતાનો ધરમ જાળવતાં છતાં સંપીને રહે તે તદ્દન બનવા જોગ છે એમ બતાવ્યું હતું. પછી મી ગુલે ભાષણ કર્યું તાર બાદ ઇમામસાહેબે ઉપકાર માન્યો ને પોતે હંમેશ મુસલ માનને પોતાની આંખો સમાન સમજે છે ને બીજાએ તેમજ કરવું જોઇએ એમ જણાવ્યું. પછી મી. હલીમ, ડાક્ટર ગુલ તથા પારસી મંચેરજી બોલ્યા ને મેળાવડો બરખાસ્ત થયો.

ત્રણે મેમાન ગુરુવારે કીનફોન્સ કેસલમાં ફીનીકસ જવા ઉપડી ગયા. સ્ટેશન ઉપર ઘણાક હીંદી ભાઇઓ વળાવવા ગયા હતા.

[illegible] કામે ૫૦ [illegible] ૭-૧૦૦૦ મી. ગાંધીને જે ઉપયોગ કરવો હોય તે કરવા સ્ટેશન ઉપર આપ્યા [illegible] ઉપર સત્યાગ્રહ ફાળામાં સોંપ્યા [illegible] આપી.

કમીશનના રીપોર્ટ ઉપર છાપાની ટીકા

'કેપટાઇમ્સ' કમીશનના રીપોર્ટ ઉપર ટીકા કરતાં જણાવે છે કે હડતાલ જે ઉત્પન્ન થઇ હતી તે ૫૦ ૩ ના ગુંચવાડા ભરેલા સવાલને લીધેજ થઇ હતી. ઓનરેબલ મી. ગોખલે ૧૯૧૨ માં જ્યારે દ. આફ્રીકાની મુલાકાત લીધી ત્યારે તેમની અને યુનીઅન સરકારની વચ્ચે એ સવાલ ઉપર ખાસ ચરચા ચલાવવામાં આવી હતી અને હીંદીઓની પાકી એવી માન્યતા હતી કે ૫૦ ૩ નો કર રદ કરવાનું વચન તેમને આપવામાં આવ્યું છે. અને તે પ્રમાણે જ્યારે ૫૦ ૩ નો કાયદો રદ કરવામાં ન આવ્યો ત્યારે હીંદીઓ લડતમાં સામેલ થયા. એ ગમે તેમ હો. પરંતુ ૫૦ ૩ ની અને બીજી માગણીઓ તદ્દન વાજબી છે એમ કમીશનરોએ ચોખ્ખું દરસાવ્યું છે. નાતાલીઓ તરફથી જણાવવામાં આવ્યું હતું કે ૫૦ ૩ નો કર જો રદ કરવામાં આવે તો આહીંના નેટીવો 'હટ ટેક્સ' ને માટે વાંધો ઉઠાવે. આ દલીલને કમીશનરોએ ખાસ અગત્યતા આપી નથી અને જણાવ્યું છે કે જે કારણને માટે એ કર નાખવામાં આવ્યો હતો, તેનો હેતુ હવે સરતો નથી એટલે એ કર રદ કરવો જોઇએ. ૫૦ ૩ ના સવાલથી પણ વધુ અગત્યનો સવાલ હીંદી બાઇઓની

સ્થિતિ વિષેનો છે. એક અત્યારે ગણીને કબૂલ કરે [illegible] યુરોપી મિશનના તરફથી ૯૦ ટકા બાઇઓ એમ [illegible] કરી છે. ગાંધીની પાછળથી આવેલ [illegible] કમીશને [illegible] કરી છે કે ઇમીગ્રેશન કાયદામાં કેટલીક એવી ખામીઓ છે તે દુર કરવી જોઇએ. હીંદી કોમ વારંવાર પોતાનાં અનેક દુ:ખો રજુ કરતી આવેલી તે થયાં આથી [illegible] દુર થતાં નથી. પરંતુ આ સવાલોને જો પારલામેંટ સ્વીકારે, [illegible] આશા છે કે સ્વીકારશે, તે અમારી માન્યતા છે કે હીંદી કોમના, આમતના હક થતા હતા તેમજ તેમના ધરમનો પણ અપમાન થતું હતું તે આથી દુર થશે. મી. ગાંધી અને તેના મિત્રો બાઇનું બધું ચળવળ ઉપર છોડી દેશે એમ અમે સલાહ આપીએ છીએ.

ગીરમીટના સવાલ વિષે વિલાયતમાં કૉન્ફરન્સ

નેશનલ લીગ ઍન્ડ એન્જલ [illegible] રેસીસ [illegible] તરફથી વેસ્ટ મીનીસ્ટર પૅલેસ હોટેલમાં તા. ૧૭ મી ફેબ્રુઆરીએ એક કૉન્ફરન્સ ભરવામાં આવ્યું હતું. તે ઉપરના વિષય ઉપર ચર્ચા કરવામાં આવી હતી. [illegible] સ્પીરીટ ઓફ ઇન્ડિયા ના લેખક મી. એચ. ડબલ્યુ. નેવીન્સન પ્રમુખપદે હતા. [illegible] દર્શાવ્યું કે ગીરમીટીયા મજુરીની પદ્ધતિ એ પોરટુગીઝ [illegible] ગુલામી ચાલતી હતી તેના જેવીજ છે. [illegible] રાજ્યમાં ગીરમીટીયા મજુરીના [illegible] તે વિષે હું જાણતો નથી [illegible] એ દુખો જાહેરમાં આવે છે ત્યારે એ દુખો દુર કરવાને પુરતો [illegible] જોઇએ [illegible] જો, એમ હૈરીસે જણાવ્યું કે ગીરમીટીયા મજુરીનો મુદ્દો જો જાય, હોય તો આ જગતથી છે પરંતુ તેનો કરનાર ખામી ભરેલો છે. કૉન્ટ્રાકટો આપવામાં આવતી મજુરીમાં [illegible] નથી. મજુરોએ ખાસ પોતાની સ્વતંત્ર મરજીથી ગીરમીટમાં દાખલ થવું જોઇએ એમ [illegible] બરાબર સમજાવો જોઇએ. ગીરમીટીયા મજુરો વિષેના કાયદાને [illegible] વાજબી અમલ થાય છે કે કેમ તેની ખાસ દેખરેખ રાખવી જોઇએ. [illegible] ખાસ ધ્યાનમાં લેવાની જોઇએ કે ગીરમીટની મુદત પુરી થયા પછી મજુરને [illegible] તેને [illegible] પુરતા હક મળવા જોઇએ. નાતાલમાં ઘણાજ [illegible] ઉભી થઇ છે તે આપ લીધેજ કે [illegible] તેમજ બીજાં [illegible] કૉલોનીઓએ જાણ્યું જોઇએ કે [illegible] તેઓ આપવા જો તાબેદાર ન હોય [illegible] મજુરોને [illegible] લોકોને [illegible] સરકાર ગીરમીટીયા મજુરીથી [illegible] હમેશા ફાવે છે તે [illegible] પોતાના [illegible] ૧૯૫૫ માં [illegible] ઇમીગ્રેશન [illegible] ન હતા. પરંતુ હીંદી ગીરમીટીઆ [illegible] હવે [illegible] ૧૦,૦૦૦ [illegible] ઉત્પન્ન થયા છે. [illegible] મી. હૈરીસે [illegible] કમીશનોની ખામી વિષે બોલી [illegible] એવી [illegible] ગીરમીટીયા મજુરીને મુદ્દલ વાજબી છે પરંતુ તેના અમલમાં ઘણા સુધારા થતા જોઇએ. [illegible] મી. જે એમ. પારેખ બોલ્યા. તેમણે મી. હૈરીસ બતાવેલા વિચારથી જુદા પડ્યા અને દર્શાવ્યું કે ગીરમીટીયા મજુરી એ તદ્દન [illegible] ખરાબ એક ગુલામી છે જો [illegible] તે [illegible] આપેલી છે તેની ત્યાગ વિષે [illegible] હીંદી [illegible] કૈદ અમુક [illegible] ન [illegible] જાસ [illegible]

મુકે ન કરે તો તેઓને દેશમાં મોકલવામાં આવે છે. જો ગિરમીટીઓ છુટી થતાં મારા મિત્ર જણાવે છે તેમ સરસ હોય તો શા માટે તેવી મજુરી હિંદુસ્તાનમાંથી મોકલવાનું બંધ નથી કરતાં? (હસાહસ). એ બદી દુર કરવાનો ફક્ત એકજ ઉપાય છે અને તે એ જ કે ગિરમીટીયા મજુરીને તદન નિરમુળ કરવી.

ત્યાર બાદ ડેક્કન કોલેજના મહેતાએ જણાવ્યું કે એ ગીરમીટની મજુરીની પદ્ધતિથી નાલાયક અનેક ગુન્હાઓ કરવા પડે છે અને આંકડા સાથે ભરેલી ફુટડી મુકવાથી પડે છે. મી. ... એક ખાન પોતાના હીંદી મિત્ર ... ઠરાવ ... દર્શાવ્યું તેને ટેકો આપ્યો અને મી. હરીલાલ દર્શાવેલા વિચારથી વિરુદ્ધ થયા. મી. ભગવાનદાસે એ જણાવ્યું કે આ પદ્ધતિને ... નહિ તો બીજું શું કહેવું તેની ખબર પડતી નથી. સાહેબ જમીનદાર પરના અધિપતી મા ... અલીખાન પણ બધા મીત્રાની સાથે મળતા થયા અને કહ્યું કે મજુર વરગના માણસોને જો મજુરી કરવા જમીન આપવા આવે તો હીંદુસ્તાનમાં પુષ્કળ જમીન છે. ત્યાર બાદ ... વાલેની ચરચા ઉપર પોતાનો મત દર્શાવ્યો અને મી. હેરીસન જણાવેલા વિચાર વિષે કહ્યું કે મી ... મજુરીને ... અમલ ... આપવું જોઇએ તેમજ ઘણા ... જોઇએ એટલે આખરે તો એજ પરિણામ પર આવવું પડે છે કે એ મજુરીને તદન નિરમુળ કરવી જોઇએ.

વિવિધ સમાચાર

અમને ... આવ્યું છે કે આપણી ... તા. ૨૨ મી એપ્રીલ ... પાર્લામેન્ટમાં ...

મી. ... જણાવવા માગે છે કે મીસીસ ગાંધીની ... ઘણી સભાઓ ...

... અને મીસીસ ... ... સોમવારે ... છે. મીસીસ ગાંધીની ... હજુ ... નથી.

... ૧૮ તા. ૯ એપ્રીલથી ૨૭ એપ્રીલ સુધી ... કામ બંધ રહેશે.

... જણાવે છે કે ... આગ ... ૧૦,૦૦૦ ... છે. ... બીજી ... છે.

... ઉપર ૧૬ હીંદીઓ ઉપર ... ... હીંદીને ... ૧૧ હીંદીઓને ... મજુરીની ... જણાવ્યા ... હતા.

વૈશાખ ... મી. ... લખે છે કે ... શ્રી ... સંવત ૧૯૭૧ના ... શુદ ૯ શનીવાર તા. ૪ એપરીલના દિવસના ૧૨ ... શ્રી રામ જયન્તી ઉત્સવ આવે છે. ... હીંદુ ભાઈઓને ... આમંત્રણ કરવામાં આવે છે.

યુનીઅન કેસલની સ્ટીમર કેન્સ ડ્રેસ્ટીલ મારફતે નામદાર આગાખાન ગયા શુક્રવારે ડરબનથી આફ્રિકા અને એમાં એક આવી પહોંચ્યા હતા. તે નામદાર વિલાયત જતા હતા, યુરોપના પ્રસંગને લીધે તેમની સ્ટીમરને ઝાંઝીબારથી ફરવા આવવું પડયું તેઓ કેપટાઉનથી ઇંગ્લાંડ ઉપડી જશે. આ નામાંકીત નરની પધરામણીની ખબર ડરબનમાં આગેવાનોને પડતાં તેમના માનમાં એક મેળાવડો કરવાની ગોઠવણ કરવા તથા એ બાબતમાં તેમના વિચાર જાણવા તેમની મુલાકાત લેવાની કોશીશ કરવામાં આવી હતી. લડાઈને લીધે હાલની પ્રતિકુળ સ્થિતિમાં, તેમજ તેમની આ મુલાકાત અણધારેલી હોવાથી કોઈ પણ જાતનું માન આપવામાં આવે ને તે ખાનગી માનજ આપવું એમ ઠરાવવામાં આવ્યું હતું અને તે મુજબ નાતાલ ઇન્ડીઅન એસોસીએશન, આફ્રિકીઅન અન્જુમન અન્જુમન ઇસ્લામ કોલોનીઅલ બોર્ન ઇન્ડીઅન એસોસીએશન, હિંદુ મેન્સ ક્લબ, અને બીજા મંડળો તરફથી નામદાર આગાખાનને કાગળો લખવામાં આવ્યા અને તેમાં અરજ ગુજારવામાં આવી હતી કે ઉપર જણાવેલા મંડળોનો તે નામદાર પરોણાગત સ્વીકારે. પરંતુ ઘણા તારો કરવામાં આવ્યા હતા જેમાં તેમની માગણી કબુલ રાખવાને આગ્રહ કરવામાં આવ્યો હતો. સ્ટીમર ઉપર, મરીન હોટલ કે જે જગ્યાએ તે નામદાર ઉતર્યા હતા ત્યાં તેમજ બીજાં કેટલાંક સ્થળોમાં તે નામદાર આગાખાનની મુલાકાત લેવાની સવારથી કોશીષ કરવામાં આવી હતી પણ છેક મોડે સુધી તે નામદારને મળવું બની શકયું નહતું. છેવટે બપોરે ત્રણ વાગ્યાને સુમારે હિંદી કોમના એક પ્રતિનિધિએ તેમને મોટર ગાડીમાં મરીન હોટેલ આગળ જોયા અને ત્યાં તેમની મુલાકાત લીધી. તે વખતે તેમને આ દેશમાં આવવા બાબત મુબારકબાદીના ઘણા તારો મળેલા હતા. તે તેઓ વાંચતા હતા. એક બે બાબતની આગાખાનો થયા પછી પ્રતિનિધિએ તેમને પુછયું કે હિંદી કોમ એક ખાનગી મેળાવડો કરશે અને તેમાં જુદી જુદી કોમના આગેવાનો આપ નામદારને માન આપવા એકઠા થશે તો આપ આ આમંત્રણ સ્વીકારી હિંદીઓની માગણી કબુલ રાખશો? દક્ષિણ આફ્રિકાના હિંદીઓને માટે આપે અમુલ્ય સેવા બજાવેલી છે તે સેવાની ખાતર આપને ડરબનમાં થઈને આપના માનમાં કંઈ કરાય એ જરૂરનું છે. પણ આપ સુખાકારી કારણસર હાલ નહિ સ્વીકારો તો આ હિંદ સ્વ. લાંબી પ્રસ્થાનનો માટે દુઃખદ વાત છે એમ તેઓ માને છે. તેમજ આભાર માનતા આ માનપત્રની વાત તેઓ સ્વીકારી ન શકયા અને મારી માગ દરશાવ્યું કે જે માન મને આપવા દરશાવવામાં આવી છે તેને માટે હું ઘણોજ આભારી છું. પરંતુ પ્રતિકુળ સંજોગોમાં હું આ વખતે આ માનની માગણીનો સ્વીકાર કરી શકું એમ નથી. તદન ગુપ્તપણે વેશપલટો કરીને હું આ દક્ષિણ આફ્રિકામાં થઈને ચાલ્યા જવાનો મેં નિશ્ચય કર્યો હતો. કેટલાક બાબતની ગોઠવણથી, હું નાતાલ થઈ આવ્યો પરંતુ લડાઈના મામલાને લીધે મારી મરજી વિરૂધ્ધ મારે આવવું પડયું છે. વળી મારી તબીયત પણ સારી નથી, કારણ કે મારા પ્રવાસ વહાણ ફેરવવામાં આવેલું છે અને મારી હાલની અવસ્થામાં એકાએક વધારે ફેરફાર થઈ ગયો તેથી મારૂં મન ઘણું અવ્યવસ્થિત છે. અને સ્વીકારવા બાબત મને ઉપર જે પત્રો આવેલા છે તેનો હું પાછળથી તેનો સ્વીકાર કરીને જવાબ આપીશ. તે નામદારે જણાવ્યું કે તમે હિંદીઓની ફરી ડરબનના મિત્રોને મારા તરફથી આભાર માનશો અને તેમને કહેશો કે તેઓની જાહેર લાગણીઓની હું કદર કરૂં છું. પરંતુ માન સ્વીકારવાને માટે હું તદન અશક્ત છું. આજે સાંજની ગાડીમાં હું કેપટાઉન ચાલ્યો જવાનું છું જ્યાંથી સ્ટીમર મારફતે હું ઇંગ્લાંડ ચાલ્યો જઈશ. પછી હાથ મેળાપ કરી તેમણે તરતજ મોટર હંકારી મુકી.

ડરબનના મંડળોને પાછળથી નીચેના કાગળો નામદાર આગાખાન તરફથી મળ્યા હતા: "મારી આ મુલાકાતને પ્રસંગે મને માન આપવાની આપની માગણી માટે હું આપનો અંતઃકરણપુર્વક આભાર માનું છું અને હું આપનો આભારી થયો છું. હું તદન ખુદા વેશમાં મુસાફરી કરૂં છું હું મારી મરજીથી અહીં નથી આવ્યો. પરંતુ મરજી વિરૂદ્ધ સંજોગોને લીધે આવવું થયું છે અને એક ખાનગી ગૃહસ્થ તરીકે મુસાફરી કરવાનો મારો નિશ્ચય છે, વળી મારી તબીયત પણ સારી નથી. આ બનાવથી હું ઘણોજ દીલગીર થાઉં છું."

ના. આગાખાન ડરબનમાં હતા ત્યારે જનરલ બોથા સાથે તેમના તારોની અવરજવર થઈ હતી. વાંચનારને યાદ હશે કે ઇમ્પીરીઅલ કાન્ફરન્સ વખતે તે નામદાર ને જનરલ બોથાની મુલાકાત થઈ હતી અને તે સમયમાં તેમને કેમ્બ્રીજની પાઠશાળા તરફથી એલ એલ ડી.ની ડીગ્રી મળેલી હતી.

ના. આગાખાન શુક્રવારે રાતે ડરબનથી ઉપડી ગયા ત્યારે વડા પ્રધાનના પ્રતિનીધિ તરીકે ઇમીગ્રેશન ખાતાના ઉપરી અમલદાર મી. ડીક તથા માજીસ્ટ્રેટ મી. હેડમેન અને મેયર મી. હેન્ડરસને તેમને વળાવવાને આવ્યા હતા.

જોહાનીસબર્ગમાં ના. આગાખાન રોકાયા વગર કેપટાઉન તરફ ઉપડી ગયા હતા. યુનીઅન સરકાર તરફથી મુસાફરી માટે તેમને એક ખાસ ડબાની સગવડ કરી આપવામાં આવી છે.

સોમવારે સાંજે તેઓ કેપટાઉન પહોંચ્યા હતા. અને હવે પછી ટપાલમાં ઇંગ્લાંડ ઉપડી જશે.

એક હીંદીને ગેરકાયદેસર સજા

ગયા રવિવારનું 'મરક્યુરી' જણાવે છે કે પુલન નામના એક ગીરમીટીઆ હીંદીને વેરૂલમના રેસીડન્ટ માજીસ્ટ્રેટે ૭ માસની સખત મજુરીની જેલની સજા કરી હતી. તેના ઉપર આરોપ એ હતો કે તેણે વાજબી સત્તા ધરાવનાર માણસને પાસ બતાવવાની ના પાડી હતી. આવા ગુન્હા માટે ૭ માસની સજા કરતાં માજીસ્ટ્રેટે જણાવેલું કે 'નહીમતદાર કદી સુધરી ન શકે તેવો ગુન્હો છે. તે ૧૪ વખત ગુન્હેગાર માલુમ પડયો છે. અને તેને સાધારણ કાયદામાં જણાવેલી સજા કરવી એ બરાબર છે. આ બરાબર કાયદેસર નથી એમ હું ચોક્કસ જાણું છું, અને ડરબન જેલના સુપરીન્ટેન્ડેન્ટે હીંદ સંબંધી કંઈ કરવું તે નહીં કરવું હતું તો આ સવાલ પણ ઉઠી શકત નહીં. જેલના અમલદારોને માજીસ્ટ્રેટની સજા ઉપર ટીકા કરવાની શી જરૂર હતી તે હું સમજી શકતો નથી. અપીલ થવાની નથી, અને કદીએ કોઈ જાતનો ચાર્જ બતાવ્યો નથી."

આ હીંદીએ ઉપરની સજા ઉપર અપીલ કરી હતી અને તે કેસ નાતાલ પ્રોવીન્સ સુપ્રીમ કોર્ટમાં ચાલ્યો હતો. અપીલ કરનારના વકીલ મી. શૉ હતા અને સરકાર તરફથી એટરની

જુનરલ મી. ડગલાસ કે. સી. હતા. અપીલની અદ્દો એ હતો કે જે નહેમત કબુલ હતું તેથી ગુન્હો થતો નથી અને પુલતને મળેલી સજા ગેરકાયદેસર હતી.

વડી અદાલતે કરેલી સખત ટીકા

વડા જડજે ચુકાદો આપતાં જણાવ્યું કે આ કેસમાં અપીલ કરનારને એ ગુન્હાને માટે વધુમાં વધુ ૧૪ દિવસની સજા થઇ શકે તેની જગ્યાએ ૭ માસની સખત મજુરીની સજા કરવામાં આવી હતી. વધારે તાજુબીની વાત તો એ છે કે સજા ગેર કાયદેસર થાય છે એમ માજીસ્ટ્રેટ સજા કરતી વખતે જાણતા હતા. આ પ્રમાણે જાણી બુઝીને માજીસ્ટ્રેટ કેમ કરી શકે તે હું સમજતો નથી એટલુંજ નહીં, પણ ડરબન જેલના વડાએ કરેલી તપાસને ઠીક ડહાપણ ગણી તેના ઉપર પણ તેમણે અયોગ્ય ટીકા કરી. માજીસ્ટ્રેટ ગેરકાયદેસર છે એમ માલુમ પડે તો હરકોઇ સવાલ પુછી શકે છે. આ કેસમાં તો વડા જડજે કહ્યું કે હું ચોક્કસ જાણતો નથી—ડરબન જેલના વડાએ આ અન્યાયને ઉઘાડો પાડેલો છે અને તે વાત બરાબર હોય તો જે અમલદારે પોતાની ફરજ બજાવી છે. અન્યાય થાય છે એ જણાવવા છતાં માજીસ્ટ્રેટે આ પ્રમાણે કર્યું હોય તથા અન્યાયને અજવાળામાં લાવનાર ઉપર એવી અયોગ્ય ટીકા કરી હોય એવો આ પહેલોજ દાખલો મારા અનુભવનો છે. વડા જડજના ચુકાદાને જસ્ટીસ બરુમ તથા જસ્ટીસ બર્ડ મળતા થયા હતા અને અપીલ કરનારને અરજદારને છોડી મુકવાનો હુકમ કરેલો હતો.

ચાવલના રેશન પુરા આપી શકાશે?

નાતાલ સુગર એસોસીએશનની એક સભા હીંદી મજુરોને રેશન આપવાની બાબતમાં વિચાર કરવાને ગયે બુધવારે ડરબનમાં મળી હતી. પ્રમુખે જણાવ્યું કે લડાઇને લીધે ખોરાકની અસર કેવી થાય તે વિચારવું આપણને ખાસ જરૂરનું છે. આ વખતે હીંદી મજુરોને જેમ બને તેમ ઓછું સહન કરવું પડે તે વિષે વ્યવસ્થા અને વિચાર કરવો જોઇએ. આ બાબતમાં જમીનદારોની શી સ્થિતિ છે તે વિષે વિચાર થવા આ સભા બોલાવવામાં આવી છે.

સેક્રેટરી મી. એસ્ડીએ કહ્યું કે એટલાન્ટીકના બંદરમાંથી કેટલા ચાવલ આવવામાં આવે છે તેના ચોક્કસ આંકડા હું નથી મેળવી શક્યો. મને ખબર મળી છે કે છેલ્લા આઠ વરસોમાં પંદર હજાર બસ્તાં આવ્યા છે અને બીજી સ્ટીમર મેનરીકમાં ચાર હજાર બસ્તા નોંધાયાં છે. તે સ્ટીમર સપ્ટેમ્બરની ૧૫ કે ૨૦ મી તારીખે આવશે. મી. સૉન્ડરસે જણાવ્યું કે ખરી સ્થિતિનું જ્ઞાન કોઇને પણ હોય એમ લાગતું નથી. ચાવલની તંગી થશે કે નહીં એ વિષે આપણને ખબર નથી. હું સુચના કરું છું કે ચાવલ આપવાના ઓછા કરવા અને જેટલા ઓછા આપવામાં આવે તેટલું લોટ આપવું. હું ધારું છું કે હીંદીઓને આ સ્થિતિ સમજાવવી જોઇએ. તેમની સંમતી સિવાય તેમના રેશનમાંથી ચાવલ કમતી કરવા એમ હું નથી કહેતો. હું ઠરાવ મુકું છું કે જે રતલ ચાવલ અને ચાર રતલ લોટ આપવાનું જે સરકારી ધોરણ છે તે કાયમ રાખવું અને હીંદીઓની સંમતીથી જે દાખલ થવાથી વધુ રેશન આપવામાં આવે છે તેમાં ચાવલ આપવા બંધ કરી તેને બદલે ચાર રતલ લોટ આપવો. અને તે દરમીઆન સુગર એસોસીએશન આ સ્થિતિ સરકાર આગળ રજુ કરશે. બીજા બોલનારાઓએ પોતાના વિચારો જાહેર કર્યા બાદ પ્રમુખે જણાવ્યું કે હાલની સ્થિતિમાં એ મુખ્ય સવાલ છે. પ્રથમ તો એ ખબર નથી કે કેટલો માલ છે અને દેશમાં કેટલો જથ્થો સીલકમાં છે. આપણે એ ખ્યાલમાં લેવું જોઇએ કે આપણા કારીગરોને દર અઠવાડીએ અમુક ચાવલ તો આપવાજ એમ આપણે બંધાયલા છીએ. એટલે હું વગર કહ્યે માની લઉં છું કે ચાવલની સીલક ઓછી થતી જાય છે. મોટા જથ્થામાં ચાવલના ઓરડરો અપાએલા છે એ પણ આપણે જાણીએ છીએ, પરંતુ ચાવલ ખરીદવામાં પૈસાનો સવાલ મોટો છે. આ સવાલને જો દુર કરવામાં ન આવે તો દેશમાં ચાવલનો દુકાળ પડશે. ચાવલનું રેશન પુરું પાડવાને દરેક પ્રયત્નો થશે. આપણે જ્યારે લાચાર થઇએ ત્યારેજ હીંદીઓનું રેશન કમી કરવાની વાત ઉપાડવી જોઇએ અને એ બાબતમાં આપણે સરકારી મદદ માગવી જોઇએ. જમીનદારોની પેઠે ખાણ પર દુકાળ આવી પડે તેની સામે લડવું એ આપણી ફરજ છે. ત્યાર બાદ સરકારની આગળ આ સ્થિતિ રજુ કરવી એવો ઠરાવ કરી સભા બરખાસ્ત થઇ હતી.

ટ્રામ ગાડી ને હીંદીઓ

'મરક્યુરી'ના 'મન ઇન ધી સ્ટ્રીટ'ના લખાણમાં એક લખનાર જણાવે છે કે આ સવાલ ટાઉન કાઉન્સીલે તરતજ હાથમાં લઇ લેવો જોઇએ અને જુના ધારાઓથીજ ચાલી માનીને બેસી રહેવું ન જોઇએ. નવા તકરાર અને નવીન ધારાઓને અનુસરીને નવા કાયદાઓ અને નવીન ધારાઓ ઘડવાજ જોઇએ. ઇન્ડીઅન રીલીફ એક્ટ પસાર થયું છે એટલે સવાલ વહુતો લડત પુરી થઇ ગઇ છે એમ નથી. હીંદીઓ ક્વીન વીક્ટોરીઆના ઢંઢેરા પ્રમાણે યુરોપીઅનોની સાથે સરખા હક માગવા ચાહે છે અને ટ્રામવેની બાબતમાં પણ આજ લાગણીને આગળ લાવવામાં આવે છે. એની સામે બરોબર રીતે થવું જોઇએ. તેરીવો કે જેઓ કુદરતી રીતે નકલ કરનારાઓ છે તેઓ પણ આટીસ પ્રજા છે અને આ દેશના મુળ વતનીઓ હોવાથી એશીઆટીક કે જેઓ પરદેશી પ્રજા છે તેમના કરતા તેઓને વધુ હક છે અને એશીઆટીક કરતા તરીકે પોતાના આવકના પ્રમાણમાં શહેર તથા રાજ્યને મહેસુલમાં વધુ ભાગ આપે છે. ગમે તેમ પણ નેટીવો આશરે અર્ધ કરતાં માફક હજારો પાઉંડ દુર દેશમાં મોકલતા નથી હતા. આ કાઉન્સીલના કાઉન્સીલરોએ ઉપેક્ષા ન કરવી. ટાઉન કાઉન્સીલે તરતજ ખબરદાર થવું જોઇએ અને શહેરના લોકોને લગતા આ વિષયમાં મનુષ્યની અક્કલના આ કાયદા એવા વિચારો ખરી હકીકતની સામે ન લાવવા જોઇએ. પુર્વ તે પુર્વજ છે અને પશ્ચિમ તે પશ્ચિમ છે એ બન્ને કદીપણ મળશે નહીં. આ નિયમ ટાઉન કાઉન્સીલે સાચવવો જોઇએ. જો એશીઆટીકોને માટે જુદી ગાડીઓ રાખવામાં આવે તો એશીઆટીકો પોતેજ જે હીંદીઓ અસ્વચ્છ હોવા છતા ટ્રામમાં બેસે છે તેમને સમજાવશે કે ટ્રામમાં બેસવા તથા સુખેથી મુસાફરી કરવા સ્વચ્છતાની જરૂર છે. હમણાં ટાઉન કાઉન્સીલરો ઉંચા વરગના હીંદીઓનું આભાર સાથે રક્ષણ કરે છે. હીંદીઓ આ બાબતની માત્ર હરકતજ કરે છે અને કંઇપણ કરતા નથી. હીંદીઓ ટ્રામમાં એવી સ્થિતિમાં હોય કે તેઓ પોતેજ સ્વચ્છતા રાખવા કોશીશ કરે. આ કારણ તેમને માટે કોઇ બીજો રસ્તો જ્યાં સુધી કુદરતી રીતે તેઓ પોતાની મેળે હાથ લેતા નથી.

લડાઇના સમાચાર

[તા. ૧૧ મંગળવાર]

રૂટરના તાર મારફત ઓડેસાથી ખબર આવે છે કે જરમનીની સબમરીનોએ ઓડેસાની વહાણુમાં બસરી ઠુબાડી ઉપર હુમલો કર્યો હતો. ઓડેસાની એક પણ સ્ટીમરને નુકશાન લાગ્યું નથી દુશમનની એક સ્ટીમર ડુબી ગઇ છે.

ફ્રેંચ અને જરમની વચ્ચે લડાઇ

એલસેસ લૉરેનમાં બેલ્ટફરેન્સ આગળ ફ્રેંચ અને જરમનને સખત લડાઇ ચાલી છે જેમાં કાસને ભારે ફતેહ મળી છે. જરમનો પાછા હઠતા હતા અને ફ્રેંચ લશ્કર તેની પાછળ દોડ્યું હતું મળસકામાં ફ્રેંચોએ ફરી પાછો હુમલો કર્યો હતો અને એક કલાકમાં મુલહાઉસન નામનું મોટું શહેર કબજે કરી લીધું હતું શહેરની વસ્તી એક લાખની છે

સત્તાવાર ખબર આપવામાં આવે છે કે ફ્રેંચ વેસ્ટ આફ્રિકાના જરમનીના તોગોલેંડ કોલોનીમાં દાખલ થયા છે. વળી કહી જાહેર કરવામાં આવ્યું હતું કે અંગ્રેજનું લશ્કર સહિત ટોગોલેંડમાં દાખલ થયું છે

જરમનોએ હવે લીજ શહેરના ઉપર ઘેરો ઘાલ્યો છે. કીલ્લાઓ બધા હજી છુટા છે

રૂશીઅન લશ્કર ઓસ્ટ્રીઆમાં

રૂશીઅનો ઓસ્ટ્રીઆના ગાલીશીઆ પ્રાંતમાં દાખલ થઇ ગયા છે અને લેમબર્ગ સુધી પહોંચ્યા છે, ત્યાં આગળથી ઓસ્ટ્રીઆના પહેરેગીરોને હાંકી કાઢ્યા છે

રૂટરના સંદેશામાં જણાવવામાં આવે છે કે ઓસ્ટ્રીઅને એ નોવીબઝારની સરહદ ઉપરનું વીસીગ્રાડ શહેર છોડી દીધું છે અને સરવીઅનોએ શહેરનો કબજો લીધો છે.

તરકીનું લશ્કર એકઠું થાયછે

એલજેરીઅન સરહદમાં કડીગાચ પાસે તરકી એકઠું થાય છે કેડીગાચ એ ઇજીઅન સમુદ્ર ઉપર એલજેરીઆનું બંદર છે અને તરકીની સરહદથી માત્ર થોડુંજ છેટું છે

જાપાનનું દરિયાઇ લશ્કર

એડમીરલ ડીવાની સરદારી હેઠળ જાપાનની બે લડાયક આગબોટો જાપાનથી નીકળી ચુકી છે. એમ માનવામાં આવે છે કે એંગ્લો જાપાનીસ સંધીને જાપાન પુરેપુરો અમલ કરશે, એ તરફના સમુદ્રમાં જરમનીની સ્ટીમરો ક્યાં આગળ છે તેની ખબર હજુ પડી નથી. પુરવના પ્રદેશમાં અંગ્રેજ તથા જાપાને લડાઇના વખતમાં એક બીજાના દેશની સભાળ રાખવી એવી સંધી છે. જાપાન શીંગટો બંદર આગળ જશે, કે જે ચીનમાં જરમનીની માલીકીનું બંદર છે

કેનેડાથી ૧૦ લાખ આટાના બસ્તા

ડ્યુક ઓફ કનોટે જણાવ્યું કે કેનેડાના લોકોએ પોતાની સરકાર મારફતે ૧૦ લાખ આટાના બસ્તા મદદ આપવા ઇંગ્લાંડને કહ્યું છે ઇંગ્લાંડે આ મદદનો સ્વીકાર કર્યો છે કેટલાક દિવસમાં આ આટો સ્ટીમર મારફત કેનેડાથી રવાના કરવામાં આવશે

પ્રીન્સ ઓફ વેલ્સનું ફંડ

ડયુક ઓફ વેસ્ટ મીનીસ્ટરે નેશનલ રીલીફ ફંડમાં ૧૫૦૦૦ પાઉંડ ભરવા છે

હ્યુમ લેટર આશરે ૫૦ સ્ટીમર છેડી થઇ રહી છે

નાતાલથી તા ૮ મી જુલાઇએ નોરવેજીઅન આફ્રીકન આફ્રીકામાં આગેની સ્ટીમર ઇવેન્સન આન્સ્ટ્રોંગ કહ્યા ઉપરી હતી તે સમુદ્રમાં સુરંગોની જગ્યામાં આવવાથી ડુબી ગઇ છે. સ્ટીમર ઉપરના ખલાસીઓ બચી ગયા છે

હીંદુસ્તાનના રાજાઓની ખાસ તરફ

કેનેડાથી ૨૦,૦૦૦ ને બદલે એક લાખ ગુણની મદદ મળવાને સંભવ છે હજારો ખાણો લડાઇમાં જોડાવાની આતુરતા બતાવી રહ્યા છે.

ઇંગ્લીશ યુનીવરસીટીઓમાંથી હિંદી વિદ્યાર્થીઓ વોલંટીઅર તરીકે એક સામટા બહાર પડ્યા છે તેમના આ કારણથી હિંદુસ્તાનમાં ભારે ઉત્સાહ થઇ રહ્યો છે

યુધ્ધની સામગ્રી ઉપરે સુધારો બાંધશો નહિ

લંડનની સોસાઇટી ઓફ ફ્રેંડસ એક જાહેરનામામાં જણાવે છે કે અંતને સુલેહ રાખવા અથાગ પ્રયત્ન કર્યો, પરંતુ તહનામાની શરતોની ખાતર તેમજ નાનાં રાજ્યો તરફ પોતાની જવાબદારી ખાતર લડાઇમાં ઉતરવાની તેને ફરજ પડી છે આ મંડળ શરીર બળ વાપરવાની વિરુદ્ધ છે. છતાં આ વખતે એવી છે કે પ્રજાએ એકત્ર થઇ રહેવા જરૂરવાની છે સુલેહ પછી દુનીઆને ફરી દેશને ઠર સ્થાપ કરવાનો છે અને પુરવની નવી પ્રજાઓને પોતાને સુધારો લશ્કરી બળ અને યુદ્ધની સામગ્રી ઉપર ન બાંધશે, એમ બતાવવાનું છે

રૂશીઆએ જયુ ધરમી વોલંટીઅરોને પોતપોતાની ભાષા વાપરવાની અને તેઓને શહેરી તરીકેના હકોને માટે અરજીઓ મોકલવાની પરવાનગી આપી છે આ પગલાંનું પરીણામ એ આવશે કે જયુઓને રશીઆમાં બધા હક મળશે. અને હાલની લડાઇમાં રશીઆને જયુ તરફથી મોટી મદદ મળશે

[તા ૧૨ બુધવાર]

લીજ શહેરમાં ૧,૨૦૦૦૦ જરમનો

જરમનોએ મરણીઆ થઇને લીજ શહેરના સીરીંગ કીલ્લા પર રવીવારે રાત્રે હલ્લો કર્યો હતો પરંતુ તેમને પાછા હઠવું પડ્યું હતું. એમ જાહેર કરવામાં આવ્યો છે કે ૮૦૦ જરમનો મારયા ગયા છે

બેલજીઅમનું મુખ્ય લશ્કર શહેરમાં જ્યાં ૧૨૦૦૦૦ જરમનનું લશ્કર છે ત્યાં સામે જાય છે.

જરમનની ધમકી

બરસેલ્સથી એક તાર મારફત જણાવવામાં આવ્યું છે કે જરમનો શહેરના કીલ્લાઓની નજીક પહોંચી ગયા છે જો કીલ્લાઓ તેમને સોંપી દેવામાં ન આવશે તો શહેરને દારૂ ગોળાથી ઉડાડી મુકવામાં આવશે. જરમનીના કબજામાં લીજના કેટલાક પ્રખ્યાત પુરૂષો છે એમ માનવામાં આવે છે કે બેલજીઅમે દુશ્મનને કીલ્લા સ્વાધીન ન કરતાં તેને ઉડાડી મુકશે

હવેથી ક્યારે આવશે?

ટાઇમ્સનો એક ખાસ ખબરપત્રી કે જે લીજ શહેરમાં લડાઇ વખતે હતો તે લખે છે કે જરમનોનું તોપખાનું સંપુરણ સ્થિતિમાં છે તે જણાવે છે કે જરમનોએ ભારે હુમલો કર્યો છે. લીજ શહેરમાં દરેક માણસના મોંમાંથી એજ પ્રશ્ન નીકળે છે અંગ્રેજો ક્યારે આવશે?

લીજ શહેર ઘણુંજ મજબુત ગણાય છે. તેને બાર કીલ્લા છે છ કીલ્લા જમણી બાજુ અને છ ડાબી બાજુએ છે. દરેક કીલ્લાઓની વચ્ચે ચાર માઇલનું અંતર છે. એકાદ બેની વચ્ચે માત્ર એકજ માઇલનું છેટું છે એમ અંદાજ કરવામાં આવે છે કે આ બધા કીલ્લાઓનું સંરક્ષણ

અત્યાર સુધીમાં કેટલું લશ્કર આફ્રિકે મરેલું લોકસા જોયા જાણવા માં આવ્યું એટલે ચાપલ્સ માલુમ પડતાં નથી.

જરમની અને ઇંગ્લંડ

એડમીરલ્ટીના પહેલા લૉર્ડ મી. ચીન્સ્ટન ચર્ચીલ જણાવે છે કે એચ. એમ. એસ. બરમીંગહામે જરમનીના એક સ્ટીમરને ડુબાવી દીધી છે. જરમનીની આ બીજી સ્ટીમર ડુબાડવામાં આવી છે. પહેલી રવીવારે ડુબાડવામાં આવી હતી.

કેટલાક જરમન જાસુસો

જે ઇંગ્લાંડમાં પકડવામાં આવેલા છે તેઓએ પાણીના બાંધ ઉપર ઝેર નાંખવાનો પ્રયત્ન કરેલો હતો. તેમજ કેટલાક રેલવે પુલોને ઉડાડી મુકવા કોશીષ કરી હતી.

ફ્રાંસ અને જરમની

ઓલ્ડ કર્કની લડાઇમાં ફ્રાંસને નુકશાન થયું છે પરંતુ માત્ર ૧૦૦ માણસો જ માર્યા ગયાં છે.

ઇમ્પીરીયલ લશ્કર ખરીદી લીધું

રૂટરને જાહેર કરવાની સત્તા મળી છે કે લાડ ગ્લેડસ્ટન ગવર્નર થયા પછી યુનીઅન સરકારની ભલામણ પરથી યુનીઅનમાં રહેતું ઇમ્પીરીયલ લશ્કરને વિલાયત મોકલી દેવામાં આવ્યું છે. યુનીઅનનું રક્ષણ કરવાનું યુનીઅન સરકારે હાથ માથે લીધું છે. આ કારણ સરકારને માટે યુનીઅનના શીઘ્ર નવું લશ્કરની તરતજ ગોઠવણી કરવી જોઇએ. અને માટે ડીફેન્સ લશ્કર ઉપરાંત સરકાર આધાર રાખે છે એટલુંજ નહિ પરંતુ જે જે શહેરીઓ ડીફેન્સ ફોર્સમાં દાખલ નથી થયેલા તેઓ લડાઇ ચાલે ત્યાં સુધી યુનીઅનના સંરક્ષણને માટે લશ્કરમાં દાખલ થશે. આ બાબતમાં લશ્કર ખાતા તરફથી એક નોટીસ ટુંક સમયમાં બહાર પાડવામાં આવશે. સરકારની આ માગણીને બરાબર વધાવી લેવામાં આવશે એમ ને આશા રાખે છે.

યુનીઅન પારલામેન્ટ બોલાવવામાં આવશે

આ બાબતમાં ખરચ વગેરે સવાલ પર વિચાર ચલાવવા યોગ્ય વખતે પારલામેન્ટ બોલાવવામાં આવશે.

જરમન સ્ટીમર કેદી તરીકે

જરમનની સ્ટીમર ઉપર કેટલાક ઇંગ્લીશ મુસાફરોને ઘણો કુ મદદ અનુભવ થયો છે. એક માણસ પાતાની સ્ત્રી સાથે જોહાનીસબર્ગ આવ્યો છે. તેણે સ્ટાન્ડર્ડ પ્રત્યે ખબર આપી છે કે સ્ટીમર એડમીરલ મારફત ડરબનથી ઇસ્ટ લંડન જવાને મેં ટીકટ લીધી. ડેલાગોઆબેમાં સ્ટીમર ચાર દિવસ ખાલી કોલસા ભરવામાં રોકાયાના હતા. બુધવાર તના કપ્તાનને ખબર મળી કે ઇંગ્લાંડ અને જરમની વચ્ચે લડાઇ જાહેર થઇ છે અને ૪૦ મીનીટમાં દરેક ઉતારુને સ્ટીમર પરથી ઉતરી જવું. ઘણું કરીને ઉતારુઓ ઓકાર કેનસલ પાસે ગયા અને તેની મદદથી પોતપોતાના માલ પાછા લઇ સ્ટીમર પરથી બહાર કરવા માંડ્યું હતું પરંતુ પોર્ટુગીઝ સેન ઓફ વોર તત જલી આવી ચૌકી ઉપર ડેલાગોઆબે સીલ કરી લીધી છે. સ્ટીમર હવે કેદ તરીકે બારામાં પડી છે. ઉતારુઓ જરમન ઓફીસ પર પૈસા પાછા લેવા ગયા હતા. તેમણે જણાવ્યું કે પૈસા પાછા મળશે નહીં. જોહાનીસબર્ગથી જરમન કોનસલને કોન્ટ્રાક્ટ ખાલી મળી ગયો છે.

કીંગ આલબરટને મુબારકી

બેલજીઅમ હજી સુધી ટકી રહ્યું છે લીજ શહેરને સારી રીતે બચાવ કરવા માટે, મહારાજા જ્યોર્જે કીંગ આલબરટને મુબારકબાદી આપી છે.

ઓલાન્ડને મદદ માટે ફંડ

યુનીઅનમાં કેટલીક જગ્યાએ બ્રીટીશ સરકાર તરફ વફાદારી દેખાડી અને બનતી મદદ કરવાની લાગણીઓ સભાઓ ભરી જાહેર થઇ આવી છે. લાચારોને મદદ કરવા માટે ઓકલાન્ડ, ફ્રીસ્ટેટ, મેરીટ્સબર્ગ, ડંડી વગેરે ઠેકાણે ફંડ શરૂ થઇ ગયું છે. કીંબરલીના મેયરે ફંડ ખોલ્યું છે તેમાં આજ સુધી રૂ. ૨૦,૬૫૦ ભરાયા છે. મેરીટ્સબર્ગમાં રૂ. ૭૦૦ થી ઉપર થયા છે. ડીડીસબીઅનની બૅરો કાઉન્સીલે રેડક્રોસમાં ૧૦૦ ગીની આપ્યા છે.

તા. ૧૩ ઓગસ્ટ ગુરૂવાર

જરમનોનો નામુર પર હુમલો

જરમનો લીજની પશ્ચિમે હ્યુઇ તરફ પોતાની નજર નાંખે છે અને પાયદળ તથા ઘોડેસ્વાર લશ્કર નામુર તરફ ધસવા લાગ્યું છે. નામુર શહેર ઉપર જરમનીનાં હવાઇ વહાણો ઉડતાં માલુમ પડ્યાં હતાં. લીજથી ૨૪ માઇલને છેટે ૬૦૦૦ જરમનોએ એક સ્ટેશન પોતાને કબજે કર્યું છે. લીજથી ૨૫ માઇલને છેટેનું લીનડન નામનું સ્ટેશન બેલજીઅનોએ પાછું લીધું છે.

લીજનો ઘેરો

લીજનો એક કીલ્લો હજુ શરણ થયો નથી. જરમનો તે ઉપર ધસ્યા પરંતુ ઉપરથી ગોળીઓનો વરસાદ પડ્યો, હતા અને જરમનોના ઘણા માણસો મારમાં ગયા છે. શહેરમાંથી નાસી છુટેલાઓ જણાવે છે કે ત્યાંની સ્થિતિ ઘણી ભયંકર છે.

ફ્રેંચ અને જરમન

ઘોડેસ્વાર ટુકડીઓ વચ્ચે નાની લડાઇઓ થઇ હતી જેમાં ફ્રેંચે પોતાનું સરસાઇપણું બતાવ્યું હતું. જરમનનું લશ્કર લીજથી બેલજીઅમના મધ્ય ભાગમાં જાય છે. જરમનનું ઘોડેસ્વાર લશ્કર દુશ્મનની લશ્કર સામે જાય છે અને સખત લડાઇ શરૂ થતી જાય છે.

બેલજીઅમમાં શું સ્થિતિ છે?

જરમનની નવું લશ્કરની ટુકડી ઘણી એક લાખ વીસ હજાર લશ્કર લીજ આગળ છે અને બે ઘોડેસ્વાર ટુકડી ટોંગરેસ આગળ છે. ટોંગરેસ લીજથી પંદર માઇલને છેટે રેલવે સ્ટેશન છે. જરમનીનું મેનડ ડચી ઓફ લક્ઝમબર્ગમાં મેં ટુ લશ્કર હવે બેલજીઅન સરહદ ઉપર પહોંચ્યું છે અને બેલજીઅન લક્ઝમબર્ગમાં દાખલ થયું છે. જરમનીના પહેરગીરો મારચી, જહીની, અને આરલોન્સ ગયા છે.

આલસેસમાં લડાઇ

શનીવારે ફ્રેંચોએ મુલહાઉસન શહેર કબજે કરેલું હતું, તેના પર જરમનોએ હુમલો કરેલો હતો. ફ્રેંચો બહાદુરીથી લડ્યા હતા અને જરમનોના હલ્લાને રોક્યો હતો. ફ્રેંચો અપર આલસેસના હજી માલીક રહેલા છે.

ચરકને શરણે

જરમનની બે ભડાગર સ્ટીમરો ગોબન અને બ્રેસ્લોએ ડારડાનેલ્સમાં ચરકને આશ્રય લીધો છે. તેઓ મરજી લશ્કરી સરંજામ વિના ઉતારી દેવાશે. આ બન્ને સ્ટીમરો વિષે અગાઉ ખબર આવ્યા હતા કે આલ્જેરીઅનના બંદર ઉપર આ સ્ટીમરોપરથી તોપ ગોળાનો મારો ચલાવવામાં આવ્યો હતો અને ફ્રેંચોએ એ સ્ટીમરોને પકડી લીધી હતી પરંતુ આ સ્ટીમરોને પકડવામાં આવી ન હતી પોતે છુપાવી રાખવામાં આવી હતી. આ સ્ટીમરો લડાઇમાં હવે ભાગ લઇ શકશે નહીં.

ઓસ્ટ્રીઆ અને સરવીઆ

સરવીઆની સરહદ ઉપર "સાલ નેબા" નૈમ, હુમલા ઓસ્ટ્રીઅનોએ કર્યા હતા. અને તેમને પાછા હઠાવવામાં આવ્યા હતા. બધીજ કપાકાપી થઇ હતી. ઓસ્ટ્રીઅનો ટોળાં બંધ હુમલો કરતા હતા. સરવીઅનોનો દારુ ગોળો અસરકારક હતો અને હાન્ગુજ તથા સેવાની બાજુથી ઓસ્ટ્રીઅનોને હઠાવી ફરેલી છે. સરવીઅનોના પણ ઘણા માણસો મરી ગયા છે.

ઓસ્ટ્રીઆ અને રશીઆની તઇયારી

ઓસ્ટ્રીઆનું કેકાઉમાનું લશ્કર કીલ્સ તરફ ચઢવા લાગ્યું છે. કીલ્સ એ પોલીસ પ્રોવીન્સનું મુખ્ય શહેર છે. જ્યારે ફ્રેંચો સેવનેમાથી લેમ્બરગ તરફ ઉપડ્યા છે. આ પ્રમાણે ઓસ્ટ્રો રશીઅન સરહદ ઉપર ગંભીર લડાઈ ચલાવવાની તઇયારી હુવે થઈ રહી છે.

કીચનરનું નવું લશ્કર

પ્રજાને અપીલ બહાર પાડી અરલ કીચનરે લશ્કરમાં દાખલ થવા વિનતી કરી છે. આ લશ્કરના ૭ વિભાગ બનાવવામાં આવશે. વોલંટીઅરો સખ્યાબંધ જોડાય છે. સોમવારે ૩૭૦૦૦ નવા વોલંટીઅરોને દાખલ કરવામાં આવ્યા છે.

માતૃ ભુમીને મદદ

કેનેડાના આલબરટ પ્રોવીન્સે પાંચ લાખ બુશલ જવ ઈંગ્લાંડ મોકલ્યા છે.

ઓસ્ટ્રેલીઆ અને કેનેડામાં વોલંટીઅરોને દાખલ કરવાનું કામ ઉત્સાહ પુરવક ચાલુજ છે.

ગ્રેટબ્રીટનને માલ પુરો પાડવા ટ્રાંસવાલ હેન્ડ એન્ડ કાવદો ઘડ્યા છે.

કેનેડાની વોલંટીઅરી ટુકડીને પ્રીન્સેસ પેટ્રીસીઆ લાઈટ ઇન્ફન્ટ્રી નામ આપવામાં આવ્યું છે.

પા. ૧૫૦૦૦૦૦૦૦ ની લોન

જરમની રીપબ્લીક સેવીંગ બેંક અબજ પાઉન્ડની લોન લડાઈ માટે લેશે.

બરલીનમાં લડાઈ સામે વિરુધ્ધતા

'સ્ટાન્ડર્ડ' છાપામાં એક અંગ્રેજના કાગળ બહાર પડ્યો છે તેમાં તે બરલીનની એક ગુપ્ત મંડળી વિષે વર્ણન આપેછે. આ ટોળીમાં તેણે પોસ્ટમાં સાથે ભાગ લીધે હતો.

ઈંગ્લંડને મદદ કરવાની બાબત વિચાર ચલાવવા મોટી ગોઠવણ કરેલી થઈ છે.

'સાઉથ આફ્રીકન ન્યુઝ' તકલીફમાં

યુનીઅનની લશ્કરી હિલચાલ વિષે કેટલાક હકીકતો પ્રસિધ્ધ કરવાથી ડીફેન્સ ફોરસ એક્ટની કલમ ૭૬ પ્રમાણે તે છાપા ઉપર સરકાર કામ ચલાવશે.

કંપારી છુટે એવા સમાચાર

જરમનોએ જે ગામડામાં ઉજડ કરી મુકયાં છે ત્યાં મુસાફરી કરનાર એક લખનાર જણાવે છે કે ટુંકમાં બાળકોવાળા ગામડાઓમાં ફરેલાના ઢગલે ઢગલા જોવામાં આવેછે. કાળાં છુપાઇઓની પાસે તેમજ રસ્તાની બાજુમાં જ્યાં તેઓને મારી નાખવામાં આવ્યા છે ત્યાંજ તેઓ ઢગલા બંધ પડેલા છે. અને બચવા પામેલા આદમીઓ બાસ્તીમાં ફેલાઇ જતી રહેલા જમીનમાં ખાડા બનાવી સંતાઇ ગયેલા છે. આ બાસ્તી ભરેલા દેખાવથી જરમનોએ વાપરેલું પશુપણું દેખાઇ આવતું હતું. બચેલા પામેલાઓ જીવને લેઈ નાસે

એવા સમાચાર પેરીસનાં બ્રસલ્સના નાશ વિષે આવે છે. તેઓ જણાવે છે કે લડાઈના પરીણામ વિષે જરમનો બહુ ઉત્સુક છે. અને થોડા દિવસમાં પારીસમાં આવે એમ ધારવામાં આવે છે.

ઓગસ્ટ તા. ૧૪ શુક્રવાર

કેટલાક હરીફાઇ રસ્તા પાછા ઉપડે છે. જરમનીનું ઘણું ખરું લશ્કર ક્યાં આગળ છે તે બાતમી મળતી નથી. પરંતુ એમ માનવામાં આવે છે કે હેલીગોલેંડની આસપાસ તે છુપાએલું રહે છે.

આટલાંટીક સમુદ્ર સહીસલામત

આટલાંટીક સમુદ્ર હવે સહીસલામત છે. પરંતુ ઉત્તર સમુદ્ર માટે ફેજ બાબતો આપી શકાતી નથી. કારણ કે ત્યાં લડાઇમાં ચાલુ છે તેમજ જરમનોએ દરિઆમાં જળ પાથરી દીધેલી છે. કેટલાક જરમન માછીઆલીફેડને ગોળીબારથી ઉડાડી મુકવામાં આવ્યા છે.

બેલજીઅમમાં છુપી હીલચાલ

બેલજીઅમમાં લશ્કરની સઘળી હકીકત છુપી રાખવામાં આવે છે. લોવેનથી તે દક્ષ હોરેન સુધી ૨૦૦ માઇલના લંબાણમાં લડાઈ ચાલુજ છે એમ માનવામાં આવે છે કે મોટી લડાઈ શરૂ થઇ છે. જરમનીનું મોટું ભાગનું લશ્કર લીજ અને ડીનાંટ કરતી બન્ને રહેલું રાખવામાં આવ્યું છે.

નિદ્રામાં મરણને શરણ

ઈંગ્લાંડની લડાયક બોટ એમ્ફીઅન કે જેનો જરમનોએ નાશ કરેલ હતો તેમાંથી બચવા પામેલાઓ જણાવે છે કે સ્ટીમર ઉપર ઘણાઓ ઉંઘતા હતા ત્યારે મરી ગયા છે. છુટકા બચાવની હોડીમાં માણસો રાતોથી ઉતરવા હતા. કેમ જાણે કે તે માત્ર એક કસરત કરવાનીજ ન હોય!

૧૫૦૦ ફ્રેંચ કેદીઓ

એલસસમાં ફ્રાંસના લશ્કરમાંના ઘણાં માણસો માર્યા ગયા છે એ સમાચાર પારીસમાં અત્રે પાંચ નામ આવ્યા છે. ફ્રાંસના ૧૫૦૦ માણસોને એલસેસમાંથી જરમનોએ કેદી તરીકે પકડી રાખ્યા છે.

લીજ પર હાકેમોળાનો મારો

આટલાંટીક સમુદ્રમાં જરમનીની પાંચ સ્ટીમરોની પાછળ અંગ્રેજ અને ફ્રાંસની સ્ટીમરો લાગેલી છે બ્રસલ્સમાં જણાવવામાં આવે છે કે લીજના કીલ્લા પર જરમનો ફરીએ પાછો મારો ચલાવે છે કીલ્લા ઉપરથી પાછો સામો જવાબ આપવામાં આવે છે. જરમનોએ લીજ ઉપરની મોસી નદી ઉતરી જવાની કોશીષ કરી હતી, પરંતુ કીલ્લા ઉપરથી ગોળી બાર કરી તેમાં વિઘ્ન નાખવામાં આવ્યું હતું.

જરમની અને ફ્રેંચ

જરમનોએ ફ્રેંચના એપીન પોરટ જીલ્લા ઉપર હુમલો કર્યો હતો પણ તેમને પાછા હઠાવવામાં આવ્યા હતા ફ્રેંચોએ જરમનીની છ તોપો પકડી લીધી છે.

સરવ વ્યાપક જનરલ જોફ્રી

લાવુનથી નામુર સુધી તેમજ દક્ષિણ તરફના લામ બેરાવા સુધી જરમનીની ૨૬ લશ્કરી ટુકડી સામે ફ્રાંસની ૨૧ અને બેલજીઅમની ત્રણ મળી ૨૪ ટુકડીઓ છે. દરેક ટુકડીમાં ૪૦૦૦૦ માણસો છે. ફ્રાંસનું સેનાધિપતિ જનરલ જોફ્રી લશ્કરમાં નિરમયતા ફેલાવ રહ્યો છે. તે દરેક ઠેકાણે હર

વખત જોવામાં આવે છે. થોડા દિવસમાં હજારો માણસની મુસાફરી તેણે કરી છે.

એમ જણાવવામાં આવે છે કે ફ્રાંસનો લશ્કરી સરંજામ જરમની કરતાં શ્રેષ્ઠ છે.

બેલજીઅમનો ખબરપત્રી જણાવે છે કે જરમનોએ પોતાનો હુમલો ફરી પાછો શરૂ કર્યો છે. બેલજીઅમ લીમબર્ગમાં હેસલ્ટ આગળ એક લડાઇ થઇ હતી. બેલજીઅનોએ તે જગ્યા બરાબર સાચવી રાખી છે. આ લડાઇમાં બેલજીઅમનું ૧૦૦૦૦ લશ્કર રોકાએલું છે. ત્રીજાની ઉત્તર દિશામાં જરમનો ઘેરાની તઇયારી માટે તોપના મોરચા ગોઠવવાની જગ્યા આપે છે. ગેન્ટીની ગ્રન્ટોએ કટેરો ઉપર તોપનો મારો શરૂ કર્યો છે.

ઑગસ્ટ તા. ૧૫ શનીવાર

બહાદુર સ્ત્રીઓ

બેલજીઅમમાં હરસ્ટાલની સ્ત્રીઓએ અત્યન્ત બહાદુરી વાપરી છે. રીવૉલ્વર તેમજ મોટા હથીઆરો લઇને બહાર પડી હતી. જ્યારે તેઓની પાસે દારૂ ગોળો ખુટી પડ્યો ત્યારે ઘરમાં જઇ ઉકળતું પાણી લાવી મહોલામાં જરમનો ઉપર તેમણે ફેંક્યું હતું.

બેલજીઅમમાં કૈસર સેનાપતી થશે

જરમનની લશ્કરી ગોઠવણ ઉપરથી માલુમ પડે છે કે રશીઆનું લશ્કર એકઠું થઇ રહે તે પહેલાં ફ્રાંસના ઉપર ભારે હુમલો કરવા ગોઠવણ કરી બેલજીઅમમાં જરમન લશ્કરના સેનાધીપતિ તરીકે કૈસર પોતે કામ કરશે. જરમનની ભારે તોપોથી લીજના કીલ્લા ઉપર મારો ચલાવવામાં આવે છે. તોપનો મારો એટલો ભયંકર હતો કે મજબુત ઘરો પણ હાલી ઉઠ્યાં હતા. એઇક્સ લા ચેપેલથી આગળ જરમનીના પાટવી કુંવરનું ખુન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જરમનનું ઘોડેસ્વાર લશ્કર બ્રસેલ્સ તરફ ઝપથી ઉપડે છે. બેલજીઅમના મુખ્ય શહેરથી લગભગ ૩૫ માઇલ દુર તેઓ છે.

ઇતિહાસમાં સહુથી મોટી લડાઇ

ફ્રેંચ અને જરમનીનું દસ દશ લાખનું લશ્કર હવે એક બીજા સામે ભળ્યું થયું છે. દુનીઆના ઇતિહાસમાં કદી ન નોંધાએલી આ મહાન લડાઇ છે, એમ સરવે કબુલ રાખે છે.

વીસ લાખનું એકઠું થએલું લશ્કર

ફ્રાન્સનું આઠ લાખ ચાલીસ હજાર, બેલજીઅમનું એક લાખ વીસ હજાર અને જરમનીનું દસ લાખ એકતાળીસ હજારનું લશ્કર લોવેનથી નામુર સુધીમાં એકઠું થયું છે. અહીં આગળ ભારે ઝપાઝપી હવે શરૂ થશે. એક નાની લડાઇ થઇ હતી તેમાં જરમનીના છ હજાર માણસની લશ્કરી ટુકડીમાં નાસભાગ થઇ રહી હતી. રણભુમીમાં ઘણા ઘવાએલા તથા મરેલાં પડેલાં છે.

જરમનો બે વિભાગમાં અત્યારમાં આગળ વધ્યા હતા. ડીસ્ટ આગળ પહેલો વિભાગ જરમનોને હીલન આગળના વાલ્પ નદી ઉતરવાની હતી. અહીં આગળ બેલજીઅનોએ બચાવને ખાતર કીલ્લો બનાવ્યો છે. ખાઇઓ ખોદી છે અને નદીના રસ્તાનો બચાવ કરે છે. અહીં જરમનોનું આઠ હજારનું લશ્કર છે. એમાં મજબુત તોપ સાથેનું ઘોડેસ્વાર લશ્કર પણ આવી જાય છે. બેલજીઅમનું લશ્કર સાત હજારનું છે. આ લશ્કર સાથે એક ઝપાઝપી થઇ હતી. પછીથી એક એક માણસ બરછી વતી લડવા લાગ્યા હતા. કેટલાક નાના પુલો હતા તે ઉપર થઇને જરમનોને પાછા ચાલી જવું પડ્યું હતું. મશીનના બમગોળા શરૂ રહ્યા હતા.

દુશ્મનો પાછા તરતજ સામા થયા હતા અને હલ્લો કરવાનું ચાલુ રાખ્યું હતું. જરમનીને ભારે નુકસાન ખમી પાછું હઠવું પડ્યું હતું.

હઠ જરમનો

જરમનો માત્ર લડવાનોજ હેતુ ધ્યાનમાં રાખી વધુ સંખ્યામાં બેલજીઅનો પર ધસી આવ્યા. જે વાતે જરમનોએ હાર કબુલ રાખી અને વાલ્પ તથા ગેટ આગળથી તેઓએ છાવણી ઉપાડી લીધી. ટોંગરેસ સુધી તેઓ પાછા હઠી ગયા છે. જરમનીના બે હજાર માણસ માર્યા ગયા છે. બેલજીઅમનાં થોડાં માણસો મરી ગયાં છે પરંતુ ઘણા માણસો ઘાયલ થયા હતાં.

બેલજીઅમમાં ચિંતા

લડાઇ ચાલે છે તે ભાગમાં શું બને છે તે વિષે ભારે ચિંતા ચાલી રહી છે. બેલજીઅમના ઘણા ભાગમાં લડાઇ ચાલે છે. હાલમાં ગરમ ઉનાળાની રૂતુ ચાલે છે. તેમની પાસે સગવડવાળાં લડાયક કપડાં નથી. સાધારણ યુનીફૉર્મ પહેરી તેઓને લડવું પડે છે કે જે શ્રેષ્ઠ ભારે પોષાક હોય છે. જરમન લશ્કરનો ધોળો પોષાક છે. બેલજીઅમના રાજા આલબરટ બચાવના સ્થળોની મુલાકાત લે છે. તે રક્ષણને સારૂ કોઇ પણ માણસને સાથે રાખતા નથી અને મોટરમાં મુસાફરી કરે છે. જરમનો કોઇ શહેરમાં કે ગામડામાં દાખલ થાય છે. સીધા પોસ્ટ ઑફીસ કે બેન્કમાં જાય છે અને જે પઇસા મળે તે લઇ લે છે.

હીલન આગળ લડાઇ

હીલન આગળની લડાઇમાં બેલજીઅનોની જીત થએલી છે. જરમન લશ્કરનો લગભગ અરધ ભાગ માર્યો ગયો છે. બેલજીઅનોને થોડું નુકસાન થયું છે. બેલજીઅમના હાથમાં મોટાર ઉપર રાખવામાં આવતી કેટલીક તોપો આવી છે. હીલનની લડાઇ બાદ ઇજેરીની લડાઇમાં પણ જરમનોને પાછું હઠવું પડ્યું હતું.

રૂશીઅનોને ધાસ્તી

જરમનનું લશ્કર રૂશીઅન પોલાંડમાં કેલીસઝેન આગળ દાખલ થયું છે. તેઓએ ધમકી આપી છે કે જો સામા થવામાં આવશે તો વસ્તીનો નાશ કરવામાં આવશે.

૨,૦૦,૦૦૦ અમેરીકનો

લડાઇ સળગી ઉઠી ત્યારે બે લાખ અમેરીકનો અમેરીકા બહાર બીજાં રાજ્યોમાં હતા. આમાંના પચીસ હજારને જરમનીમાં રોકી રાખવામાં આવ્યા છે. અમેરીકન એલચીઓએ તેમને મોકલી દેવા બનતી તજવીજ કરી હતી. પરંતુ તે પર ધ્યાન આપવામાં આવ્યું ન હતું.

જરમનના કાઉંટ ઝેપેલીનનું મકાન પોલીસે કબજે કર્યું છે. કાઉંટ નાસી ગયો છે. એક લાખ પાઉંડની કીમતનો માલ જપ્ત કર્યો છે.

સોમવાર

પ્રીન્સ ઑફ વેલ્સનું ફંડ

આ નેશનલ રીલીફ ફંડમાં અત્યાર સુધી દસ લાખ પાઉંડ ભરાઇ ચુક્યા છે.

ડીનાન્ટ આગળ એક લડાઇ થઇ. પછી ફ્રેંચોએ જરમનોને શહેરમાંથી હઠાવી કાઢ્યા છે. ડીનાન્ટ એ બેલજીઅમનું

સહેર છે. જ્યારથી ૧૪ માઇલ છેટે છે. શહેરની ફેકટરી ઉપર એક કીલ્લો છે, જે ૧૮૭૭ માં બાંધવામાં આવ્યો હતો.

૨૫૦ માઇલ સુધીમાં લડાઈ ચાલશે

ફ્રેંચ સરકારે જાહેર કર્યું છે કે હવે એક મહાન લડાઇ શરૂ થશે અને લાખો માણસો લડાઇમાં રોકાશે. આ લડાઈ માં ઉતરનાર લશ્કર ૨૫૦ માઇલ સુધીમાં પથરાએલું રહી લડ્યા કરશે. એક અપીલ મારફતે પ્રજાને જાહેર કર્યું છે કે લશ્કરની હીલચાલ ઉપર શાંતિથી અને આશાથી ધ્યાન આપતા રહેવું

ફ્રાંસનું લશ્કર

બેલજીઅમમાં દાખલ થઇ ગયું છે. બેલજીઅમ અને ફ્રાંસના લશ્કરની હિલચાલ હવે છુપી રાખવામાં આવશે લો લ્યુસ પરવતના પાસે આગળી કેટલીક લડાઇઓ થઈ છે. ફ્રેંચે જરમનીને હાર ખવડાવી છે ફ્રેંચોએ કેટલીક તોપો પકડી છે

પોલાંડને સ્વરાજ્યનું વચન

આર્ચડ્યુક નિકોલસ ઝારની વતી એક ઢંઢેરો કાઢ્યો છે તેમાં જણાવ્યું છે કે પોલાંડનાં લોકોનું સ્વપ્નું સાચું થવાનો વખત આવ્યો છે ઝારના અધીકાર નીચે પોલાંડ ફરીથી જન્મશે અને ધરમ તથા ભાષાની સ્વતંત્રતા ભોગવશે. પાછળથી ખબર છે કે ઝારે જરમન તથા ઑસ્ટ્રીઅન પોલાંડ ને રૂશીઅન પોલાંડ સાથે જોડી દઇ પોલાંડને સ્વરાજ્ય આપ્યું છે

ચાર લાખ ઑસ્ટ્રીઅનો

એ સરવીઅન સરહદ ઉપર હલ્લો કરે છે. પણ તેમને જાનુની લડાઇ પછી સરવીઅનોએ હરાવ્યા છે. તેમ છતાં તેઓ સેવ નદી ઓળંગી ગયા છે, અને શેબાટસની રાજધાની કબજે કરી છે. આ શહેર સરવીઅન રાજધાની બેલગ્રેડથી ૪૫ માઇલ છે. ઉપલી લડાઇમાં બન્ને તરફના લશ્કરને ઘણુંજ નુકશાન થયાની ખબરો છે

ઑગસ્ટ ૧૮ મંગળવાર

રેલ્વેના ફેરફારને લીધે હવેથી અમારે છાપું આજે છાપવું પડે છે આ રિપનિમાં અમે આજના ખબર લખાણથી આપી શકતા નથી.

ટરકીસ અને અંગ્રેજો

કોન્સ્ટાંટીનોપલથી આવેલ રૂટરનો ખબર વધી જણાવે છે કે બે રહેલી ગોબીન અને બ્રેસ્લો નામની મનવરો ઉપર હજુ જરમન વાવટા ઉડે છે. તે એમ પણ જણાવે છે કે અંગ્રેજ સામે ટરકીઓનો ગુસ્સો વધતો જાય છે. બીજો એક તારમાં ખબર છે કે આ બન્ને સ્ટીમરો ટરકીએ ખરીદી લીધી છે

જાપાન લડશે કે શું?

કીઆઉચાઉ ઉપરનું જરમન થાણું ખસેડવા તથા તે ચીન મારફત જાપાનને સ્વાધીન કરવા જાપાને જરમનીને અલટીમેટમ મોકલ્યું છે. રવીવાર સુધી જવાબની રાહ જોશે

ટરકીશ લશ્કર એકઠું થાય છે તે વિષેનો ખુલાસો માગ્યો છે.

ઝાંઝીબારથી ખબરો

આવેલા છે કે ત્યાંના અંગ્રેજી લશ્કરે દારેસલામનું વાયર લેસ સ્ટેશન તોડી નાખ્યું છે, અને તરતી ગોદી તથા માપ લેવાનું જહાજ ડુબાડી દીધાં છે.

મી. ગાંધી અને બીજા હિંદીની મદદ

કોઇ પણ જાતની શરત વગર સેવા કરવાને બહાર પડેલ હિંદીઓને મી ગાંધી અને બીજા તઇયાર કરી રહ્યા છે

ભગાડ ઉપર સરકારી અંકુશ

ઇંગ્લાંડના બજાર ઉપર અંકુશ રાખવા રેલ્વેઓના પ્રધાને બધા માજીસ્ટ્રેટોને સુચનાઓ મોકલી છે. તેમાં જણાવેલું છે કે હદ બહારના ભાવો માટે સરકાર જપ્તી કરશે તે જરૂરી પગલાં લેશે.

સ્થાનીક હિંદીઓ તરફથી મદદ

ડરબનમાં ઉપડેલા દુખી માણસોને માટે ભરવાના મેયર ફંડમાં મેસર્સ પારસી રૂસ્તમજી ૧૬ ગીની, શ્રી આમ્માનજી કં. ૧૫, એમ. એસ. દરિદી ૧૦ એમ એમ અબરામજી ૫, તથા જી ડી હસનજી ૧ ગીની ભરવા છે

ડરબનની હીંદી માર્કેટ સાથે ઉપરખૂમાં પા. ૫૮-૦-૧ ભરાયા છે

પીટરમારીત્સબર્ગ હીંદી તરફના ઉઘરાણામાં પા. ૧૦૦ ભરાયા છે

ડરબન હીંદુ સ્મશાન ફંડ

ગયા રવીવારે હીંદુઓની એક જાહેર સભા ધી સુરત હીંદુ એસોસીએશનના મકાનમાં મી આર. બી. ચેટ્ટીઆરના પ્રમુખપણા હેઠળ મળી હતી. નોટીસ વાંચ્યા બાદ કારોબાર ચલાવવા મી સભાના પ્રમુખ નીમવા મી આર. બી. ભટે દરખાસ્ત મુકી હતી તે મી સી ડી પુતાનરન ટેકાથી સર્વાનુમતે પાસ થઇ હતી પ્રેશક વિવેચનાદિ હીંદુ સ્મશાન ફંડના સેક્રેટરી હવે પછી બહાર ન જતા પોતાનું રાજીનામું કર્યું તે દ્વારા ફંડનો પ્રબંધ કરેલું તે મંજુર કરવા અને વેપાર ગોઠવણ કરવા વિષે વિવેચન થયું અને તે પછી નીચે મુજબ ઠરાવ થયા હતા

(૧) સર્વાનુમતે મી. મોતીલાલ નાથવરજી દીવાનનું રાજીનામું મંજુર કરવા બાદ મી જે બી મહેતાને તે જગ્યાએ નીમવાની મી દુલભભાઇએ દરખાસ્ત કરી હતી અને મી ખુશાલભાઇ પટેલે ટેકો આપતાં તે દરખાસ્ત સર્વાનુમતે મંજુર થઇ હતી

(૨) હવે પછી ફંડની મી આર બી ભટ સાથે બેંક ઉપર સહી કરવા મી જે બી મહેતાને અધીકાર આપવા માટે દરખાસ્ત સર્વાનુમતે પસાર થઇ હતી

(૩) આ સ્મશાનને લગતું દફતર વીગેરે જે હોય તે મંગાવી લેવા મી જે બી મહેતાને સર્વાનુમતે અધીકાર આપવામાં આવ્યો

(૪) આ સભાએ મી મોતીલાલ નાથવરજી દીવાનની ફંડ કમિટી માટે ઉપકારનો ઠરાવ સર્વાનુમતે જાહેર પાડ્યો

(૫) આ ઠરાવની નકલો છાપાઓ તથા બેંકને આપવા સર્વાનુમતે ઠરાવ પાસ થયા હતો

આ ફંડના કામ માટે હાલમાં પ્રમુખ તરીકે મી સત્યની હાકેરથી અને જાડે કામ નીમવા મી. ડી એ. દેસાઇએ દરખાસ્ત કરી હતી અને તેને મી લલ્લુભાઇએ ટેકો આપતાં તે દરખાસ્ત સર્વાનુમતે મંજુર થઇ હતી.

જોહાન્સબર્ગનું 'લીડર' પત્ર જણાવે છે કે ગુપ્ત રીતે કેદીઓને ફોર્ટ જેલમાંથી ગયા મહીના અને તેથી ઓછી સજા ભોગવતા કેદીઓને સારી ચાલથી આપવાની શરતે છોડી મુકવામાં આવ્યા છે. આવા કેદીઓની સંખ્યા બે હજારથી ઉપરાંત જણાવે છે અને તેનું કારણ એવું બતાવે છે કે સરકારનો ઇરાદો પોલીસના જથ્થામાંથી ઘણી ખરી ટોળકી કમી કરવાનો છે, અને આવી રીતે કેદીઓને છોડવાથી જેલ ખાતાના અમલદારોને જેલ કામ ઉપર મોકલવાથી પણ લાભ થઈ શકશે.

વિવિધ વિષયો

લડાઈને લીધે માલની આવક બંધ થઈ ગઈ છે. તેથી અને બીજાં કારણોથી દ. આફ્રીકાની રેલવે આફીસમાં ઘણા ફેરફારો થઈ ગયા છે. જે કરવાથી કોઈક આફ કે. જેવી તેને ભરતી લગભગ બરથી ફરી નાખવામાં આવી છે

દ. આફ્રીકાના નેટીવો તરફથી લેડ ગ્લેડસ્ટનના ફંડમાં જે કોન્ટ્રીબ્યુશન મળ્યું હતું તે હાલના લડાઈના સામાનને લીધે ફંડમાંથી રાખવામાં આવ્યું છે. અને નેટીવો યુનીયન સરકારને તરફ વફાદારી છે એવી મતલબનો એક કાગળ નેટીવ ખાતાના પ્રધાનને પ્રીટોરીઆ નેટીવ નેશનલ કોંગ્રેસના પ્રમુખ મી. ડ્યુબે તથા જનરલ સેક્રેટરી મી. પ્લાટજે તરફથી મોકલવામાં આવ્યો છે.

શનીવાર તા ૮ મીએ શ્રી નાતાલ અનાવીલ સમાજની સભા ડરબનમાં મળી હતી. તેમ. તા ૨૫ મી જુલાઈના રોજ મરહુમ રા. અમૃતલાલ અને તેમના પ્રમુખની સ્મૃતિ થઈ હતી. આ. રા. સર્વદેશાઈ. મુખ્ય અનાવીલ સમાજના માનવંતા સેક્રેટરી રા. અમૃતલાલ ભીખાભાઈ દેશાઈ મુંબઈ પ્રગટ થતા ગુજરાતી પત્રો પર ઉપરથી મળેલા તે ખબરે દિલગીરી સાથે વાંચી સંભળાવ્યા. મરહુમ અમૃતલાલ ભાઈએ સમાજની સેવા તન મન અને ધન થી બજાવી હતી જેના પરીણામે સમાજ આગળ કરવા હાલ ઉભી દશામાં છે. તે પછી રા. નાગરજી ની દરખાસ્તથી અને રા. માણકજી હરીભાઈ ર. દુલભ ભાઈ તથા ર. દલપત ભાઈ ગુલાબ ભાઈના અનુમોદનથી સભામાં દીલગીરીનો ઠરાવ પસાર થયો હતો તથા મરહુમને કુટુંબને સભા તરફથી દીલસોજીનો સંદેશો મોકલવાનો ઠરાવ થયો હતો

મુંબઈ ઇલાકામાં તા. ૧૨ જુલાઈ સુધી નીચે મુજબ વરસાદ પડી ચુક્યો હતો. મુંબઈ ૨૪ ઇંચ, સીંહગઢ ૧૫ સુરત ૨૦, વલસાડ ૩૬, સરકારનેર ૬ અમદાવાદ ૮ નવસારી ૧૮, ભાવનગર ૧૦ રાજકોટ ૮, પોરબંદર ૫, ભુજ ૦, ગુજરાતમાં ૭. વડોદરા ૧૦ અને કડી પ્રાંત ૪ ઇંચ.

રા. રા. હરજીવનરાય 'ડેલી ન્યુસ'માં જણાવે છે કે બ્રીટીશ પાર્લામેન્ટના કામ પણ ભારતમાં દાખલ થવાનો હીંદીઓનાને હક છે હીંદુસ્થાનમાં વળ જનતાનું સ્વરાજ્ય હોવાની હું ઇચ્છા રાખું છું. તે સરકારના તંત્રથી ભોગવવામાં આવતા સ્વરાજ્ય જેવું હોવું જોઈએ. અથવા તો તે પ્રકારનું સ્વરાજ્ય કે જેમાં કારોબારી કામ જાહેર જનતાના મતથી ચુંટી કાઢેલા માણસોના હાથમાં રહે. અમે ના સંસ્થા સુધી હિંદીઓને એ સ્થાન ઉપરથી દુર કરવાની અથવા તેને ઓછો કરવાની તરફેણમાં હું નથી

અવલોકનાર્થે મળેલાં પુસ્તકો

બુકર ટી વોશીંગ્ટનનું આત્મ ચરિત્ર—આ પુસ્તક ચરિત્ર માળાના ૨૯ થી ૩૧ મા અંક તરીકે સાહિત્ય પ્રચારક કારર્યાલય તરફથી બહાર પાડવામાં આવ્યું છે. એ મહાન નરનું જીવન ચરિત્ર અનેક રીતે બોધદાયક છે. ગુલામગીરીમાંથી તેમનો જન્મ થયો હતો. તેમને પોતાના પિતા તેમજ દાદા વિષે કાંઈ ખબર નહતી. આવી સ્થિતિમાં જન્મ લેનાર આ મહાન નરે આજે પોતાની જાતીના લાખો માણસોને માન નીય આગેવાન બની આખી મનુષ્ય જાતીના કલ્યાણ કરતાનું એક સુંદર દ્રષ્ટાંત બેસાડ્યું છે. આ પુસ્તકથી બંધુ જીવન ચરિત્ર માળા ચરસ પર આ વખતમાં ઉંચો આવી શકે છે. કહેવું તે આખા જગતમાંના એક દીવા સમાન હતું. સાવ દુઃખ સ્થિતિમાં રહીને પોતાની જાતનું અને દેશનું હિત કેવી રીતે સાધી શકાય છે એ જોવાને માટે આ ચરિત્ર દરેકને બોધદાયક થઇ પડશે.

આપારાવ—ગુજરાતી સસ્તા માળાના વ્યવસ્થાપક રા. ડાહ્યાભાઇ રામચન્દ્ર મહેતા તરફથી આ પુસ્તક અમને મળ્યું છે તેના લેખક રા. વલ્લુભાઇ ગોકળદાસ પટેલ છે. મેવાડની ભુમીમાં થયેલા શુરવીર અને ટેક ટેક ધરાવનાર રાજપુત્રો થઇ ગયા છે. આપારાવળનું નામ સાંભળતાં આજના રાજપુત્રોને પોતાના પૂર્વજોના ગૌરવની સ્મૃતિ થઇ આવે છે. આપારાવળના પિતા નાગાદિત્ય મેવાડપર રાજ્ય કરતા હતા તે સમયે ભીલ લોકોએ મેવાડ ભુમીપર ચઢાઈ કરી અને યુદ્ધમાં રાજા મરાયા. રાણી તથા બાળક પુત્ર બાપાને લઇ એક બ્રાહ્મણે નોકર નાસી ગયો. એક બ્રાહ્મણ કુટુંબે બાપાને ઉછેરી મોટો કર્યો. રાણી રાજાના મરણ બાદ સતી થઇ ગઇ. આવી સ્થિતિમાં ઉછરેલો, બ્રાહ્મણના સાત્વિક અન્નથી પોષાયેલો, પરંતુ ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થયેલો વીર બાળક બાપારાવળ ખરો શુરવીર ક્ષત્રિ નીવડ્યો. માત્ર ૧૫ વરસની ઉંમરે વયમાં તો તેમણે પોતાના વડીલોના પર હસ્તક ગયેલું રાજ્ય પુન સંપાદન કર્યું. ગજની અદ્દુલ વિરુદ્ધ સુવર્ણ વીરતા હાંક વગાડી હતી. કરમવીર બાપારાવળ, હિંદના સુરજ, રાજપુત અને ચક્રવરતિ બિરુદ ધારણ કરનાર મેવાડને સ્વતંત્ર બનાવી ન તે દિપાવનાર ક્ષત્રિયોમાં ગૌરવ જગાડનાર, એક શુરવીર ક્ષત્રિ મનાય છે. પુસ્તક ઐતિહાસિક વાર્તામાં લખાયેલું છે કીમત ત્રણ આના મળવાનું ઠેકાણું ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતા મેનેજર ભારત જીવન અને સસ્તી વાર્તામાળા. મુંબઇ નં ૧૩.

સુખ રાખવાના ઉપાય—હીન્દ પ્રકરણ એ બ્રાહ્મણ. કર્યું છે તે વિષે મી. જસ્ટીસ અમીર અલીએ 'નાઈન્ટીન્થ સેન્ચ્યુરી' માં એક જાણવા લાયક લેખ લખ્યો હતો. આ લખાણનો મુખ્ય ભાગ તરજુમો આ નાનકડા ચોપાનીયામાં આપેલો છે. સુખસાનો વિચાર, કોલેરીમાં એસવારલણુંક, સુધરેલી ગુલામગીરી વીગેરે વિષયોનો આ લેખમાં સમાવેશ કર્યો છે. કીમત ૩ પેની; ટપાલ ખરચ ૧ પેની.

મારો જેલનો અનુભવ ભાગ ૧, ૨ અને ૩—આ ત્રણે નાનકડા પુસ્તકમાં મી ગાંધીએ સત્યાગ્રહની લડત વખતે પોતાને મળેલી જેલની હકીકત લખી છે. જેલના રીતરીવાજ ઉપરાંત આ ત્રણે ચોપડીઓમાંથી સત્યાગ્રહ અને તે વિષે મી. ગાંધીના વિચારોનું સુંદર અવલોકન મળી શકે છે. ત્રણે ભાગની કીમત ટપાલ ખરચ સાથે શી. ૧–૨ છે.

માણસ કેટલી જમીન માંગે ?—ભારત મરહુમ મહાન ટોલસટોયની એક રસીક અને બોધક વારતાનો તરજુમો છે. કીમત ૩ પેની, પોસ્ટેજ ૧ પેની.

નીતિનો ધર્મ—ફેલ્ટ બહાર પડેલ આ પુસ્તકનાં બીજા ૧૬ પાનાં ઉમેરવામાં આવ્યાં છે છતાં તેની કીમત પેની ૩ જ રાખેલી છે. પોસ્ટેજ ૧ પેની.

શરીર સંપત્તિનો વધારો અને તેની સંભાળ—ઉપયોગી ને દરેક નિવારી પ્રોફેસર માણેકરાવ. કીમત ૩ પેન્સ, પોસ્ટેજ ૧ પેની

અઠવાડીક પંચાંગ.

ખ્રીસ્તી—તા. ૧૯ મી ઓગસ્ટથી તા. ૨૫ ઓગસ્ટ સુધી ઈ. સ. ૧૯૧૪.

હીંદુ—શ્રાવણ વદ ૧૩ થી ભાદરવા સુદ ૪ સુધી સંવત ૧૯૭૦.

મોહમેદન—તા. ૨૬ મી રમજાનથી તા. ૨ સવાલ સુધી ૧૩૩૨ હીજરી.

પારસી—તા. ૧૨ થી તા. ૧૮ સુધી ૧૨૮૩.

વાર	ખ્રી તા	હીંદુ તિથિ	મુ. પ. તા. મ	સુર્યોદય ક. મી.	સુર્યા. ક. મી.
બુધ	૧૯	વદ ૧૩	૨૬	૬ ૨૭	૫ ૩૫
ગુરૂ	૨૦	,, ૧૪	૨૭	૬ ૨૬	૫ ૩૬
શુક્ર	૨૧	,, ૧૫	૨૮	૬–૨૫	૫–૩૬
શની	૨૨	સુદ ૧	૨૯	૬ ૨૪	૫–૩૭
રવી	૨૩	,, ૨	૩૦	૬ ૨૩	૫ ૩૭
સોમ	૨૪	,, ૩	૧	૬–૨૨	૫ ૩૮
મંગળ	૨૫	,, ૪	૨	૬ ૨૧	૫–૩૮

Indian Opinion

SUBSCRIPTION RATES

Within the Union

	s.	d.
Yearly	14	0
Half-yearly	8	0
Quarterly	5	0
Per copy by post		4

Subscriptions are all payable **Strictly in Advance**, and if sent by cheque, **6d.** extra should be added for bank commission (except from Durban).

Intending subscribers will kindly note that we do not accept subscriptions for less than a quarter.

The rates outside the Union are 15s., 9s. and 6s. respectively.

Cash with Order

INTERNATIONAL PRINTING PRESS,

Phoenix, Natal.

હીંદુસ્તાનની ટપાલ

તા. ૨૬ ઓગસ્ટના અરસામાં સ્ટીમર કાઠીયાવાડ કલકત્તા માટે ઉપડશે.

તા. ૨૦ ઓગસ્ટના અરસામાં સ્ટીમર ઈન્ડીઆ મુંબઈ તરફ જશે.

તા. ૨૭ ઓગસ્ટના અરસામાં સ્ટીમર ખમબુલી કોલંબો અને કલકત્તા માટે જશે.

ઈંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ તરફથી બહાર પાડવામાં આવેલાં પુસ્તકો

	શી.	પે.
ગીતાજીને. ખીસામાં રાખવા જેવડો નાનો ગુટકો	૦	૪
હીંદ સ્વરાજ્ય ગુજરાતીમાં	૦	૬
હીંદ સ્વરાજ્ય અંગ્રેજીમાં	૦	૬
કાયદા સામે થવાની ફરજ	૦	૩
મી. તીલકનાં મત અને વિચાર	૦	૬
આરોગ્યતા વિષે સામાન્ય જ્ઞાન		
ભાગ ૧ લો	૦	૬
ભાગ ૨ જો	૦	૬
નીતિના કાવ્ય	૦	૩
શરીર સંપતિ	૦	૩
જગમાની ગરબી	૦	૧
એક હીંદુ પ્રત્યે ટોલસ્ટોયનો કાગળ	૦	૧
મ.ઓ જેલને. ૧ લો અનુભવ (મી. ગાંધી)	૦	૩
,, ૨ જો ,,	૦	૬
,, ૩ જો ,, ,,	૦	૩
પુર્વ અને પશ્ચિમ	૦	૬
ઓન. મી. ગોખલે અને ગીરમીટના સવાલ ઉપર ચરચ	૦	૬
ઉપરનું પુસ્તક અંગ્રેજીમા	૦	૬
એક સત્યવીરની કથા (આ પુસ્તકમાં જુનાની સોક્રેટીસનું મરણ સમયનું ભાષણ છે)	૦	૬
માણસ કેટલી જમીનનો માલીક હોઈ શકે ?	૦	૩
સુરખરાજ	૦	૬
સત્ય વિન બીજું કશું નથી	૦	૩
જીવન દોરી	૦	૬
મુસ્તફા કામેલ પાશાનું જીવન ચરિત્ર	૦	૩
મુસ્તફા કામેલ પાશાનું ભાષણ	૦	૬
સત્યાગ્રહનો ઈનામી નિબંધ	૦	૩
સુધારાનો ચિતાર	૦	૩
સર્વોદય (આ મહાન અંગ્રેજ લેખક રસ્કીનનાં સર્વોતમ પુસ્તકનો સાર છે.)	૦	૯
હીંદી બારીસ્ટર અને ખેડુતનો સંવાદ	૦	૩

ઉપરની કીમતમાં દરેક પુસ્તક દીઠ ટપાલ ખરચની એક પેની ઉમેરવી.

પોસ્ટલ ઓર્ડર ક્રોસ કરવા નહીં અને ના પઇસા મળવાની જગ્યાએ ફીનીક્સ પોસ્ટ ઓફીસ નહીં લખવું પણ ડરબન પોસ્ટ ઓફીસ લખવું.

પુસ્તક મળવાનું ઠેકાણું—

ઈંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ,
ફીનીક્સ, નાતાલ.

હીંદ સ્વરાજ્ય

[ગુજરાતીમાં]

કીંમત ૬ પેની. પોસ્ટેજ ૧ પેની.

હીંદી બારીસ્ટર અને ખેડુતનો સંવાદ

લખનાર. પ્રાગજી ખંડુભાઈ દેસાઈ.

કીમત ૩ પેની ટપાલ ખરચ ૧ પેની

ખાસ ઘટાડેલી કીમતે

ઓન. મી. ગોખલેની દક્ષીણ આફ્રીકાની મુસાફરીનો હેવાલ

મી. ગોખલેના દક્ષિણ આફ્રિકાના પ્રવાસનું અંગ્રેજીમા વરણન—તેમાં તેમની મુસાફરી દરમીયાન પાડેલી છબીઓ, હીંદી આગેવાનોની છબી, જનરલ બોથાને જનરલ સ્મટસની છબી, અને તેમને મળેલાં સુંદર માનપત્રોની છબી, સરસ કાગળ ઉપર છાપેલી છે. આ પુસ્તક અંગ્રેજી નહીં જાણનાર હીંદી પણ છબીઓને સારૂ લઈ શકે છે. વળી કોઈ પણ પોતાને ઓળખનાર ગોરાને ભેટ આપી શકે છે અથવા અંગ્રેજી જાણનાર હીંદી સાહેબને દેશ ભેટ તરીકે મોકલી શકે છે. કીમત શી. ૨—૬; ટપાલ ખરચ પેની ૩.

ઈ. ઓ. ના લવાજમના દર

યુનીઅન—કેપ, નાતાલ, ટ્રાન્સવાલ ઓરેંજીઆ—

	શી.	પે.
વારષિક	૧૪	૦
છમાસિક	૦ ૮	૦
ત્રિમાસિક	૦ ૫	૦
નકલની	૦ ૦	૪

બધાં લવાજમ અગાઉથીજ લેવાનો ધારો છે.

યુનીયનની બહાર છાપાનો દર વારષિક શી. ૧૫, છમાસિક શી. ૯, અને ત્રિમાસિક શી. ૬ છે. જો ઘરાક ચેક મોકલે તો કમીશનની ૬ પેની (ડરબન સિવાયની ચેકોમાં) ઉપલા દરમાં ઉમેરવી. અમે ત્રણ માસથી ઓછા લવાજમ લેતા નથી. એ તરફ ઘરાકોનું ધ્યાન ખેંચીએ છીએ.

છાપી પ્રગટ કરનાર મોહનલાલ મેઘ. મેનેજર અને માલમ જી ડી. સંદેશ. ઇ. ઈંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ. ફીનીક્સ, નાતાલ.

Indian Opinion

PUBLISHED WEEKLY IN ENGLISH AND GUJARATI

No. 34—Vol. XII. Wednesday, August 26th, 1914. Registered at the G.P.O. as a Newspaper. Price Threepence.

INDIANS AND THE WAR

AN enthusiastic meeting of Indians was held on the premises of Mr. Parsee Rustomjee on the 13th instant, under the auspices of the Natal Indian Association. The hall was over-crowded, and many could not gain admittance. Among those present were: Messrs. O. H. A. Jhaveri, Parsee Rustomjee, Abdul Caader, Lazarus and Dawad Gabriel, V. Lawrence, V. R. R. Moodley, J. D. Hansraj, Imam Abdul Kader Bawazeer, R. Bughwan, S. Lutchman Panday, R. Lagomburthy, A. S. [illegible], V. S. C. Pather, S. Govindasamy Swamee, and A. Christopher. A report was submitted by the secretaries of the Committee, who had already taken the initiative in collecting subscriptions from the members of the Indian community in aid of the Mayor's Relief Fund, and stated that the first instalment of the subscriptions collected had been handed to the Mayor. The work of collecting was favourably proceeding. Everything possible was being done to collect as much as the present state of affairs born of the war would permit. The meeting resolved to support the movement as best they could. There was a general expression to offer their services to the Government, but in connection with this and other matters, arrangements are being made for the holding of a monster meeting of Indians, of which the time and place will be duly notified to the public.

The Indians were not slow in coming forward to assist in the flower selling effort on behalf of the Mayor's Fund in Durban on Saturday last. Members of the Natal Indian Association, Messrs. Parsee Rustomjee, Sorabjee, V. Lawrence, R. Bughwan, M. B. Lazarus, S. M. Moodley, A. L. E. Sigamoney, S. Govindasamy, Purshotam, and A. Christopher, with members of the European Men's Committee, made a shop-to-shop and practically house-to-house visit, selling flowers. Soul-touching incidents happened where poor people, hearing the object of the movement, brought out their last sixpence in order to do their share. Some who could afford paid their sovereign for a buttonhole. Though a good sum was realised by sales in the Indian localities, a large number of Indians were buttonholed in the streets and thus also contributed to the proceeds.

At the suggestion of the Natal Indian Association, Messrs. M. Rawat & Co., proprietors of the Union Bioscope, in Victoria Street, Durban, have offered to give a star programme for to-night with the object of handing over the proceeds of the night's performance to the Mayor's War Relief Fund. There is every hope that there will be a full house to enable the proprietors to pass over a goodly sum to the Fund. This will not be the first occasion that Messrs. M. Rawat & Co. have generously placed their Bioscope proceeds to the public cause.

In regard to the co-operation of the Indian sellers, for the matter of collecting on Saturday, it was pleasing to note (says the *Mercury*) that they adhered to their word and so well in the streets, and not a single breach was reported. Moreover, they helped considerably by their contribution of flowers, and the growers from the outside districts also responded very well indeed.

Arrangements are being made by the Natal Indian Association for the holding of Ambulance Classes.

The *Cape Times* London correspondent cables that the magnificent action of the Indian students at the English Universities in volunteering as a body for active service has intensified the loyal enthusiasm in India.

We understand that the offer made by Mr. Gandhi and other Indians in London for service in connection with the present unhappy conditions in Europe, has been accepted for hospital work by the Imperial Government. Mr. Gandhi is, therefore staying in London for the present.

We understand that several Durban Indians have offered their services to the Government in connection with the war.

In Johannesburg a movement is afoot to form an ambulance corps.

The Indian community of Durban has already contributed over £330 to the Mayor's War Relief Fund. Collections are still proceeding. The Chinese community in Durban, which is only small in numbers, has contributed £35 4s.

Governor-General's Relief Fund

Pretoria, August 22nd (Reuter).—The following memorandum explanatory of the scope of the Governor-General's Fund has to-day been issued by Mrs. Botha:

"As the public will have gathered from the letter addressed to me by his Excellency the Acting Governor-General, and published in the Press, it has been decided to inaugurate a fund, called the 'Governor-General's Fund,' for the sick, wounded, and needy in the Union during the present terrible war.

"A great amount of distress prevails in the Union as a result of the economic conditions consequent upon the war, and it has become quite impossible for the various charitable organisations in the comparatively few centres where they exist to cope with the urgent demands which are made upon them, and there can be no doubt that the longer the war continues the more accentuated this state of affairs will become. It is felt that it is the real duty of those in the Union who are able to spare something towards the relief of distress to help the indigent dependents in the Union of those who have been or still may be called out to the service of the country and the Empire, and also those in the country who are in distress through no fault of their own as a result of curtailment of business.

"It is felt, moreover, that by assisting the distressed in the Union, for which unfortunately there is ample

and health-probably will be still more acute in the near future, the people of the country would be discharging a duty which they owe not only to South Africa, but also to the Motherland, and that a great service would be rendered by maintaining Lancashire cotton goods in use.

"An urgent appeal is therefore made to the people of South Africa for their help in the good cause which has the approval of His Excellency Lord Buxton, and also of the Acting Governor-General.

"It has been suggested that the best way to establish an organisation throughout the length and breadth of South Africa would be if the magistrates and mayors in all the towns and districts would be prepared to help in forming any local committees to explain to the people the object for which the fund is being raised and to circulate subscription lists and an earnest appeal is made for this co-operation."

The British Columbia Question

The editor of the *Canadian News* writes in his paper:—

I wonder if the British people generally both at home and in the Empire overseas realise the tremendous significance and the overwhelming possibilities that are involved in Gurdit Singh's attempted landing of 400 Sikhs on the shores of British Columbia. To the thoughtful mind there is no limiting the eventualities that may arise from this apparently, and at first sight, insignificant event. One cannot blame the Canadians for their action in the matter. They have resolved that not only British Columbia but the whole of Canada shall be reserved for the white races alone. And in many respects and from many points of view such a decision is absolutely commendable. Both racially and morally it is well that white and black should not be too intimately associated or intermixed. But as I have pointed out before, Gurdit Singh has much to be argued on his behalf also. He says in effect: "We are British subjects and as devoted to the King as the nobleman in Park Lane or the coster in Whitechapel, possibly more devoted than either. We are members of the Empire and we feel we have a right to live where we like within the bounds of the Empire. My people on board this ship are mostly Sikhs, who have fought loyally and heroically for England in many parts of the Empire. We, therefore, claim our right to be treated as fairly and justly as are the other people living under the British Crown and marching beneath the Union Jack." Can we say him nay? Another thing has to be reckoned with. If we refuse these men admittance to Canada or to South Africa where much the same kind of trouble has been going on in Natal, we may have to face the horrors of revolution and mutiny in India. And then comes the consideration: How would China and Japan regard such an event and would they not feel perhaps bound to take the part of their coloured brethren in India? Remember India is part of Asia, and a coalition of China and Japan against England would mean practically the whole of the East against the whole of the West—white versus black and yellow; that means Armageddon and the end of all things so far as the present constitution of the world is concerned. All these possibilities lie hidden within the cabins of that comparatively small Japanese steamer the *Komagata Maru*. Not the advent of William the Conqueror's ship on the shores of Sussex or the first glimpsing of the *Mayflower* upon the wild hills of North America, or any of the voyagings of Drake's beautiful vessels meant more to the history of the world than may possibly the arrival of Gurdit Singh's ship at the gateway of the New West. I trust that the British authorities will be able to handle the position with all the tact and delicacy and sympathy at their command.

The Right to Decide

In an editorial commentary on the position arising out of the arrival of the Hindus on board the *Komagata Maru* and the action taken in their deportation made by the Canadian authorities *The Times* says:—The statement freely disposed of the idea, which we have already had occasion to examine and report, that British citizenship in itself confers an unrestricted right of entrance into any part of the British Dominions. This misunderstanding of the rights inherent in subjects of the Crown seems lately to have had considerable vogue in India. Its fallacies are exposed upon the most superficial examination. Each part of the British Dominions which has received the grant of self-government has the right to decide whom it will admit and whom it will exclude. It is an utter misconception to think that the right of exclusion is exercised by the Dominions exclusively against Asiatic subjects of the Crown. That is not so. Canada excludes white men who are British citizens if they are not thought suitable for admission. Such edicts of exclusion are constantly made and rigidly enforced, without any regard to the fact that the persons excluded are citizens of the Empire. It would be well, we think, if this simple fact were more generally realised in India.

આ મહાન પુરૂષ હીંદના દાદા દાદાભાઇ નવરોજીનું ૮૯ મું વરસ પુરૂં થયું છે અને તેઓ ૯૦ મા વરસમાં હવે દાખલ થાય છે. એવો ભાગ્યેજ કોઇ હિંદી હશે કે જે દાદાના નામથી અજાણ્યો હોય. હિંદીઓ એ પવિત્ર નામનો ઉચ્ચાર કરતાં મગરૂર બને છે. મગરૂર બને તેમાં કાંઇ આશ્ચર્યની વાત નથી. તેમણે હિંદુસ્તાનમાં તેમજ વિલાયતમાં રહી હિંદી પ્રજાની એવી એવી મહાન સેવાઓ બજાવેલી છે કે તેમની સેવાઓને ભાગ્યેજ કોઇ બીજા હિંદી એની સેવા અહીં શકે. તેમણે પોતાનું આખું જીવન પ્રજા સેવામાંજ કાઢયું છે. હિંદુસ્તાનમાં રાજદ્વારી ચળવળ તથા પોતાના હકો મેળવવા માટે જે જુસ્સો આજે લોકોનામાં જોરામાં આવેછે તેની શરૂઆતનાં બીજ રોપનાર આ મહાન નર દાદાજ હતા. 'પોવરટી એન્ડ ઇન્ડીઆ' નામનું પુસ્તક લખી તેમણે ઇંગ્રેજી તથા હિંદી પ્રજાની આંખ ખોલી હતી. હિંદુસ્તાનની દોલતનું દર વરસ કેવી રીતે હરણ થાય છે, તેમજ હિંદુસ્તાનના વપારનો કેવી રીતે નાશ થાય છે, વીગેરે ઉપયોગી વિષયોનું તેમણે આંકડાઓ આપી એવું સરસ વર્ણન તેમાં કરેલું છે કે દરેક હિંદીએ તેને સમજી રાખી તેમાંથી અભ્યાસ કરવો જોઇએ. હિંદુસ્તાનની મહાન પ્રજાકીય કોંગ્રેસના તેઓ એક સ્થાપક હતા, અને તેના તેઓ આજ સુધીમાં ત્રણ વાર પ્રમુખ ચુંટાયા હતા. ત્રણ વાર ફરી ફરીને પ્રમુખ ચુંટનાર આ માન તેઓજ પહેલા છે. એજ બતાવી આપે છે કે તેઓ કેટલા બધા પ્રજાપ્રીય છે. હિંદુસ્તાનની પ્રજાને તેઓ હમેશાં પોકાર પાડી કહેતા આવ્યા છે કે ચળવળ કરે, શાંતિથી કદી ન કંટાળતાં ચળવળ કરે. ચળવળ સીવાય કોઇપણ પ્રજા આગળ ચઢી કે વધી શકી નથી. કેટલાક વરસો સુધી તો તેઓ વિલાયતની પારલામેંટના સભાસદ પણ થયા હતા. વિલાયતમાં તેઓની રહેણી અત્યંત સાદાઇ ભરી હતી. લંડનમાં એક નાના સરખી ગલીમાં પોતાની ઓફીસ રાખી ત્યાં હિંદના ખુણે ખુણાની જવાબદારી તેઓ રાખતા. હિંદુસ્તાનની પ્રજાના કાન માં સ્વરાજ્યનો મંત્ર ફુંકનાર મહાન વીર નર પણ દાદાજ હતા. આ મહાન સંત હિંદી પ્રજાને, માનપત્રો તથા તેઓને રહેવા બતાવી વૃદ્ધાવસ્થાને લીધે રાજ્યદ્વારી વિષયોમાંથી નિવૃત્ત થઇને હાલ શાંત જીવન ભોગવે છે. તેમણે બતાવેલી અભિલાષા એને કાંઇ અમલમાં કરવા એ હવે હિંદી પ્રજાનું કામ છે.

આવા મહાન પુરૂષની ખરી જયંતી ઉજવેલી ત્યારેજ કહેવાય કે જેનું પ્રશંસનીય જીવન તેમણે ગુજાર્યું છે, તેવી મહાન સેવાઓ તેમણે બજાવી છે તેનું સ્મરણ કરી તેમને પગલે ચાલતાં શીખીએ. આ મહાન પુરૂષના જીવનમાંથી દરેક હિંદી બોધ લઇ પોતાની ફરજ સમજે એમ અમે ઇચ્છીએ છીએ. પ્રભુ તેમનું આયુષ્ય લાંબુ કરે અને તેમના અથાક પ્રયાસોના મીઠાં ફળો આવેલા જોવાનો તેમને સમય મળો. અમારા હમેશના નિયમાનુસાર તેમની છબી આ અંકમાં અમે આપીએ છીએ.

ધન્ય એ સત્યાગ્રહીને

આ પત્રના વાચનારાઓ મુનસામી નામના કેસથી પરિચીત છે. તે સર ડંકન મેકેન્ઝીને ત્યાં ગીરમીટમાં છે. ત્યાં આગળ તે કામ કરવા ખુશી નથી. કામ કરવાની ના પાડવા માટે તેને વારંવાર જેલમાં મોકલવામાં આવ્યો છે. તે એકંદર ત્રીસ કે એકત્રીસ વાર કોરટને દરવાજે આવ્યો છે. છેલ્લી વેળા ત્યાર માજીસ્ટ્રેટે તેમને વિનવ્યો કે તેણે કામ ઉપર ચઢવું; પરંતુ મુનસામી ખુલ્લી રીતે જણાવેછે કે સર ડંકન મેકેન્ઝીને ત્યાં મને મોકલે તેના કરતાં મોતને હું વધુ પસંદ કરૂં છું. જે માણસ ફરી ફરીને આ પ્રમાણે કરેછે તો તેની બાબતમાં તપાસ કરવી યા તેને બીજી જગ્યાએ મોકલી આપવો એ અમલદારોની ફરજ છે. માજીસ્ટ્રેટો પણ જોઇ શક્યા કે મુનસામી સર ડંકનને ત્યાં કામે ચઢે એમ નથી, છતાં તેને આ વખતે પણ સાત દિવસની જેલની સજા કરી છે. માજીસ્ટ્રેટે એક વખત આ કેસ પ્રોટેક્ટર પાસે મોકલી આપ્યો હતો. તેણે મુનસામીને સર ડંકનને ત્યાંજ જવાનો હુકમ કર્યો હતો. પ્રોટેક્ટર જો ઇચ્છે તો તે કોઇ પણ ગીરમીટીઆને એક જગ્યાએથી બીજી જગ્યાએ બદલી શકે છે. મુનસામી જ્યારે સર ડંકનને ત્યાં કામ કરવા નારાજ છે અને કોઇ બીજાને ત્યાં કામે જવા તૈયાર છે તો તેમ કરવામાં પ્રોટેક્ટરને શું વાંધો છે એ અમે સમજી શકતા નથી. પ્રોટેક્ટરની ફરજ છે કે ગીરમીટીઆઓના દુઃખોની તપાસ કરી તેઓનું સંરક્ષણ કરવું. મુનસામી ત્રીસ ત્રીસ વાર કોરટને દરવાજે આવી ઉભો રહે અને પ્રોટેક્ટર તથા માજીસ્ટ્રેટ બીજી કોઇ પણ જાતની તપાસ ન કરતાં તેને સજા કરેછે અને સર ડંકનને ત્યાંજ તેને પાછો જવાનો આગ્રહ બતાવે એ અત્યંત આપખુદી ભરેલું છે. મુનસામીને તેના સત્યાગ્રહ માટે અમે ધન્યવાદ આપીએં છીએં. તેમજ અમે ઉમેદ રાખીએ છીએ કે હવે આ કેસ વિષે નાતાલ ઇંડીયન એસોસીએશન સરકારને જરૂર લખાણ કરશે.

દાદાભાઇ જયંતી

માનવંતા દાદાભાઇ નવરોજીની ૯૦ મી વરસગાંઠ ઉપર ડરબનના હીંદી તરફથી નાતાલ ઇંડીયન એસોસીએશન તથા નાતાલ ઇંડીયન એસોસીએશન તરફથી મુબારકબાદીના તાર મોકલ્યા છે.

દાદાને જયંતીની મુબારકબાદીનો એક તાર જોહાન્સબરગથી ટ્રાન્સવાલ બ્રીટીશ ઇન્ડીયન એસોસીએશન તરફથી મોકલવામાં આવ્યો છે.

લડાઈના સમાચાર

તા. ૭ સપ્ટેમ્બર સુક્રવાર

ખુનખાર લડાઈ

રવીવાર અને સોમવારે જરમન તથા અંગ્રેજો વચ્ચે સખત લડાઈ થયાના સમાચાર મળ્યા છે. જરમનોના ઘણાં માણસો મરણ પામ્યાં હતાં. છતાં તેઓ અંગ્રેજી લશ્કર ઉપર સર સાઈ ભોગવી શક્યા. અંગ્રેજી લશ્કર ગોળા બહાર કરનારી ટુકડી સામે ટાસની જય બોલાવતું વધ્યું. બ્રીટીશ ખુણાને ઓળંગવાનો જરમનોનો અથાક પ્રયાસ નિષ્ફળ ગયો. જરમનોના ટોળાં કલાક સુધી બ્રીટીશ લોખંડની દીવાલ સામે અફળાતાં રહયાં પરંતુ એક દિવસની ખુનખાર લડાઈ પછી બ્રીટીશોને ધીમેથી પાછું હઠવું પડયું. દરમીઆન જમણી તથા મધ્ય બાજુના ફ્રેંચ લશ્કરે મજબુત રહી દુશ્મનોને પાછા હઠાવ્યા હતા. આ સંદેશો મોકલતી વખત જરમનો ફરીને પારીસનો રસ્તો લેતી ઉભેલા બાજુઓને તાજી પાછા બ્રીટીશ ઉપર નવો હુમલો કરતા હતા.

બ્રીટીશ મરણની સંખ્યા

સત્તાવાર બહાર પડી છે. તેથી જણાય છે કે અમલદારમાં ૩૬ મરાયા, ૫૭ ઘવાયા અને ૯૫ ગુમ થયા છે. બીજા માણસો ૧૨૭ મરાયા, ૬૬૯ ઘવાયા ને ૪૧૮૩ ગુમ થયા છે.

ન્યુયોર્કમાં મળેલા જરમન તારો ઉપરથી જણાય છે કે છેલ્લી લડાઈમાં જરમનોની બહુજ મોટી સંખ્યા મરણ પામી છે. મરણના આંકડા બહાર પાડવાની જરમન છાપાંઓને મનાઈ કરવામાં આવી છે.

પારીસનો બચાવ

કરવાની ગોઠવણ ચાલી રહી છે. તે શહેર ઉપર એક જરમન એરોપ્લેને અધરથી એક બોમ્બ મુમ્બ ટરશન આગળ ફેંક્યો હતો. તેની સામે ગાપાર ઉપર રાખેલી તોપો ફોડવામાં આવી હતી, પણ તે હવાઈ વહાણ બીજી દિશામાં ચાલી ગયું હતું.

ફ્રેંચ ઉડનારાઓ પણ જરમન તોપખાના ઉપર બોમ્બ નાખે છે. પારીસથી ઘણા ઉડનારાઓ પારીસમાં પડતા બોમ્બનું વેર વાળવા જરમન ઉપર બોમ્બ નાખવાને સેંટથી સરહદ ઉપર ગયા છે.

બેલજીયમમાં જરમનો

ની સંખ્યા હવે ઓછી થતી જાય છે. તેમનું લશ્કર લઈને રોજ પુરવઠો મેળવાના અમલદારો લઈ જાય છે. ત્યાંની બ્રીટીશ રૈયતને ૪૮ કલાકમાં શહેર ખાલી કરવાની નોટીસ મળી છે. તોપ વિગેરે રોજ તે શહેરની શેરીઓમાંથી પસાર કરવામાં આવે છે. અનેક મકાનો ઉપર પહેરા છે. જરમન સિપાઈઓની વરતણુંક સારી છે. તેઓ માલ ખરીદી પઈસા આપે છે. બારીઓનો ખાસ બંદોબસ્ત છે અને શહેરની બહાર નિર્જન બધું બગડ્યું છે. જરમન હુકમ નહિ સમજનાર બાળકો ચાલાકોને ગોળીથી મારી નાખવામાં આવ્યા છે. લડાઈના ખરચના બદલ પાંચ લાખના દંડની રકમની ચાર મોટા ધની માણસોએ ખાત્રી આપી છે.

રૂશીઆની જીત

ઓસ્ટ્રીઆનો ઉપર રૂશીઅનોએ મોટી જીત મેળવી છે. તેઓએ ૪૬૦૦૦ ઓસ્ટ્રીઅનોને કેદ કર્યા, એક વાવટો, ૩૨ તોપ અને ઘણા કેદીઓ હાથ કર્યા છે.

જરમની અને ટર્કી

જરમનીએ ટર્કીને એમ જણાવી ખાત્રી આપી છે કે ઈજીપ્ત સાથે મળવાથી તે તેને સામ ત્રેસ અને ડોડીકેનીઝનાં બંદરો મળશે, પણ જરમની તે તેને લુકજીના સમુદ્રનો કબજો અપાવશે.

ટર્કીને રૂમાનીઆની ચેતવણી

ગણાય છે કે તેણે ટર્કીમાં લશ્કરી હીલચાલ નહીં કરવી એવી સુચના તેણે ફરી ફરીને આપી છે, પણ હવે ડીકલેર એવા દમસમાં ટર્કી આપી તેણે જણાવ્યું છે કે આગળ વધવાથી રાજનીતિનું પરીણામ બહુ બુરું આવશે.

તા. ૪ સપ્ટેમ્બર, ગુરૂવાર

જરમન તોપો પકડાઈ

કેમ્પનીના જંગલમાં આવેલી જરમન ટુકડીઓની સાથે અંગ્રેજ લશ્કરનો ભેટો થયો, અને અંગ્રેજોએ તેમની દસ તોપ લઈ પાછા હઠાવ્યા હતા. તે આખી લાઈનમાં લડાઈ ચાલી રહી છે.

ફ્રાન્સની રાજધાની

પારીસથી ખસેડી બોરડે લઈ જવામાં આવી છે. બોરડે ફ્રાન્સનાં દક્ષીણે એક મોટું શહેર છે અને પારીસથી ૩૫૯ માઈલ દુર છે.

રૂશીઅનોએ ૧૫૦ તોપ પકડી

લેમ્બર્ગથી દશ માઈલ દુર રૂશીઅન અને ઓસ્ટ્રીઆ વચ્ચે મોટી લડાઈ થઈ હતી. આ જગાએ રૂશીઅનોએ છેવટની જીત મેળવી છે અને ત્યાંથી ૧૫૦ તોપ હાથ કરી છે. હેલીકઝા આગળ પણ એક લડાઈ થઈ હતી અને ત્યાંથી ૬૦૦ અમલદારો, ૮૦૦૦ માણસો અને ૨૦ તોપ કબજે કર્યાં છે. આ લડાઈમાં ઓસ્ટ્રીઅન સેનાપતિ મરણ પામ્યા હતા.

લેમ્બર્ગ રણમાં સાત દિવસ સુધી લડાઈ ચાલી રહી છે. સાત દિવસની ભારે લડાઈ પછી રૂશીઅનોએ ઓસ્ટ્રીઅનના લેમ્બર્ગથી ૧૦ માઈલ આવેલા મજબુત કીલ્લા લીધા છે, અને દુશ્મનનું એ લાખનું લશ્કર નસાડયું છે. તેની પાછળ પડી ઘણાને કેદ પકડયા છે.

પ્રશીઆમાં રૂશીઆ

એ પ્રથમ ઠીક પગ પેસારો કર્યો હતો. પણ અચાનક જરમન લશ્કરમાં ઉમેરો થયો અને તમણે સખત સામી રૂશીઅનોને થોડા પાછા હઠાવ્યા છે.

રૂશીઅન જનરલ અને સોલ્જરોને ઝાર પોતાએ બક્ષીસ કર્યાં છે.

રૂશીઅન લશ્કરમાં ૧૮૪ બાહુરી

ને જરાબહાર જગ્યા સપાવીએ આવે છે. બધું લોકો રૂશીઆની જીતને માટે પ્રારથના કરી રહ્યા છે.

કીયાઉ ટાપુઓમાં જાપાન

કીયાઉની નજીકના ટાપુઓમાંથી સાત ટાપુ જાપાને કબજે કર્યા છે. જાપાન આસપાસના દરીઆમાંથી સ્ટીમરથી ઉડાડી મુકનાર જંગી ગોળા શોધ કરે છે. તેમણે એક હજાર ઉપર ગોળાઓ તે પાણીમાંથી ઉપાડી લીધા છે.

એંટવર્પમાં બોમ્બ

એંટવર્પના ઉપર હવાઈ વહાણમાંથી દુશ્મનોએ એકવારમાં રેલ્વે સ્ટેશન ઉપર એક બોમ્બ ફેંક્યો હતો. કોઈને ઈજા થઈ નહોતી. બીજા બોમ્બ પણ પડયા હતા અને તેથી દશ ઘર નાશ પામ્યાં હતાં.

આકાશમાં લડાઈ

આકાશમાં ઘણા ફ્રેંચ હવાઈ જીવણા કરી મોટી લડાઈ પારીસ

ઉપર આકાશમાં થઇ હતી. ફ્રેંચના બે હવાઈ વહાણોએ એક જરમન હવાઈ વહાણ ઉપર હુમલો કર્યો હતો. તે જરમન વહાણ ઉપરથી બોમ્બ ફેંક્યું હતું. એક જરમન વહાણ છટકી જવા પામ્યું કેમકે તે બહુજ ઉંચે ઉડતું હતું. પણ પાછળથી ફ્રેંચોએ એક બીજા જરમન વહાણ ઉપર હુમલો કર્યો અને તેમાંના બે ઉડનારને મારી નીચે પાડયા.

આલ્સેસમાં જરમન લશ્કર

બીજા નવા ઘોડેસ્વારોમાંથી ૮૦ હજારનું જરમન લશ્કર આલ્સેસમાં આવવાની વકી રખાય છે

તા. ૫ સપ્ટેમ્બર, શનીવાર

ફ્રેંચ રાજધાની

પારીસથી બોરડો લઇ જવાનું કારણ એવું જણાવવામાં આવે છે કે નામદાર સરદારના હાથ નીચે રહી લશ્કર રાજધાનીનો બચાવ કરશે પરંતુ તે સાથેજ ફ્રેંચના બીજા ભાગોમાં લડાઇ ચાલુ રાખવી જોઇશે. લડાઇ અહિં સ્થાને અટક્યા વગરજ ચાલુ રહેશે. ફ્રેંચના લશ્કરમાં જરાપણ ઘટાડો થતો નથી, કેમ કે જે માણસોની જગ્યા ખાલી પડે છે ત્યાં રીઝર્વમાંથી માણસોને મોકલવામાં આવે છે. આ ખુલાસાવાર જાહેરનામા સાથે ફ્રેંચોને ઉદ્દેશીને તેની સરકારે કહ્યું છે કે આપણે દુખો ઉઠાવી લડવું જોઇશે. દરીયામાં બ્રીટીશ આપણને મદદ કરે છે અને તેથી દુશ્મનો બહારની દુનીયા સાથે કોઇ જાતનો સંબંધ જાળવી શકશે નહિ અને રશીઆનો પણ આગળ વધતા જાય છે અડગ રહીશું અને દુખો સહન કરશું તો છેવટે જીત આપણીજ છે

ફ્રાન્સની બેંકમાંનું સઘળું સોનું તથા સરકારી ખાતુ સહી સલામત બોરડો પહોંચી ગયું છે. યુનાઇટેડ સ્ટેટસ અને સ્પેનના એલચીઓ પારીસમાં રહેશે. ફ્રેંચ રાજધાની બદલવાનું પગલું ગ્રેટ બ્રિટને ડહાપણ ભરેલું ગણ્યું છે કેમકે તેથી મદદવાળા રાજ્યોનાં લશ્કર છુટથી અહીંતહીં ઘુમી શકેશે.

લેમબર્ગમાં રશીઆની જીત

થયું છે આ શહેર ઓસ્ટ્રીઆમાં ત્રીજે નંબરનું ગણાય છે તેની વસ્તી બે લાખની ગણાય છે અને તે ગેલીશીઆની રાજધાની છે. ત્યાં ઘણા રસ્તા મળે છે. આ જીતથી રશીઆ હવે આખું ગેલીશીઆ લઇ શકશે એમ ધારવામાં આવે છે

બ્રીટીશ લશ્કર

મા લડાઇની શરૂઆતથી આજ સુધીમાં ,૬૦,૦૦૦ લડવૈયા નોંધાયા છે.

સાત દિવસમાં ચાળીસ હજાર કેદી

એને રશીઆએ પકડયા છે રશીઆએ ઓસ્ટ્રીઆના લશ્કરને લુબલીનમાં પાછુ હઠાવી ૨૦૦ તોપ લીધી છે. આખી લડાઇ ફરી પુર જોરે લડાઈ ચાલે છે કેદી તરીકે પકડાયેલા ઓસ્ટ્રીઅનો જણાવે છે કે તેઓની પાસે ત્રણ દિવસ થયાં ખાવાનું નહતું

કેનેડાથી મદદ

કનેડાએ એક લાખ ગુણો આટો આપવા જણાવ્યું છે કુ ફીલાડાના લશ્કરે પાછળ જહાજોમાંથી સેમોઆ લીધું છે અને ત્યાંના જરમન ગવર્નર તથા બીજા અમલદારોને ફીજી મોકલ્યા છે.

વીસ લાખ ઓસ્ટ્રીઆ હંગેરીના હુલ્લડ

૨૪ પોલેન્ડ (ઓસ્ટ્રીઆનું એક મોટું શહેર છે) ના લડવૈયા ભુસાને છુટી નાખવાને તથા સુધારાનો બચાવ કરવાને લઇ જવા જોઇએ તેવી અરજી રશીઆ ફેરીફોર્ડ ફેંસલ

કબજ માટે આવેલા ભાષણમાં કરી હતી.

દુશ્મનોના સંબંધ વિષે જાપાનની શંકા

છે એવી જાતનું લખાણ જાપાનની સરકારે જરમની તથા ઓસ્ટ્રીઆને મોકલ્યુ છે. કેમકે તે બન્ને જગ્યાએ રહેતી જાપાનીઝ રૈયત તરફ તે રાજ્યોએ બહુ ખરાબ વરતણૂંક બતાવી હતી અને જાપાનીઝ એલચીને ત્યાંથી નીકળતા વખતે ગાળો દેવામાં આવી હતી.

બ્રિટાન પાર્લામેંટે બહુ મતે પોતાની સરકારે જાહેર કરેલી લડાઇને ટેકો આપ્યો છે.

બાલ્કન રાજ્યો

બુખારેસ્ટમાં બાલ્કન રાજ્યોના પ્રતીનીધી ભેગા થયા વ્યવહારમાં તુર્કીશ ડેલીગેટોએ જે માગણી કરેલી તે બહુજ વધુ પડતી ગણવામાં આવી છે અને ગ્રીકો તરફથી એમ માનવામાં આવ્યું છે કે તે કબુલ રાખી શકાય તેમ નથી. ગ્રીક ડેલીગેટે સામે બીજી દરખાસ્ત કરી છે, અને જો તે કબુલ થશે તો કજીયો થતો અટકશે એમ માનવામાં આવે છે.

દ. આફ્રીકામાં લડાઈના કેદી

તરીકે ૬૦૦ માણસોને જોહાન્સબર્ગ ખાતે ફો. વાર્ડમાં યુનીઅન સરકારે રાખેલા છે

તા. ૭ સપ્ટેમ્બર સોમવાર

કામ્પેન્નીની લડાઇ

નું વરણન આપતા રૂટર જણાવે છે કે બ્રીટીશ લશ્કર ઓગષ્ટ ૨૬થી તા ૧ સપ્ટેમ્બર સુધી અખંડ લડી રહ્યું હતું

બ્રીટીશ લશ્કરમાં આજ સુધીમાં ૧૫૦૦૦ માણસ ઘવાં છે અને જરમનોના આથી ત્રણ ગણા માણસ મરાયાં છે બ્રીટીશ લશ્કરના ખાલી પડેલી જગ્યાઓ પુરવાને ૧૯૦૦૦ નું લશ્કર આવી પહોંચ્યુ છે

સેંટ ક્વીન્ટન આગળ ફ્રેંચ અને અંગ્રેજના લશ્કરે જરમનને હરાવી ૧૨૦ માઇલ કરેલા પાછા હઠાવ્યા છે. (સેંટ ક્વીન્ટન પારીસથી ૮૫ માઇલ દુર છે.)

પારીસ તરફ કુચ

જરમન લશ્કર પારીસ તરફ આવતું ખાસ્ગાને સન્લીસ (પારીસથી ઉત્તરમાં ૨૪ માઇલ) ની વસ્તી તે ગામ છોડવા વાની અહીં રાતના ઘોડાવાળા ઘણા અમલો રહે છે. દુશ્મનનું લશ્કર એક ઇંચ પણ આગળ વધે તે પહેલા અંગ્રેજોએ ઘણીજ ટક્કર લીધી હતી, અને તેમના ઘણા માણસો મરાયા હતા. જરમનોના તેથી પણ વિશેષ મરાયા હતા. બસો આશરે વારને છેટે જરમનોને આવતા દેખી બ્રીટીશ મશીન તોપો દુશ્મનો ઉપર ગોળાઓનો વરસાદ વરસાવતી અને તેથી મડદાના ઢગલાઓ થતા. આવું કેટલીક વાર બનેલું હતું.

જરમનવાળી ટુકડી ૭ માઇલ લાંબી હતી. તે બરાબર મજબુત છે અને તેણે પુલો તથા ટનેલો ડાઇનામાઇટથી ઉડાડી દીધાં છે.

આમેંસના હાસ્પીતાલમાં રહેતો એક જરમન અમલદાર જણાવે છે કે જરમનો પારીસ લઇ શકે તે પહેલાં તેનું પૈસુ અલબત્ત નાશ પામશે. રશીઅન જણાવે છે કે જરમની ના મોઢામાં ઓછામાં એક લાખ માણસ મરણ પામ્યા હશે.

ફ્રાન્સની નવી રાજધાની

ના શહેર બોરડોમાં ફ્રેંચનું મુખ્ય છાપું "લી ટેમ્પસ" (ટાઇમ્સ) પારીસથી ગયું છે બીજાં છાપાં પારીસમાંજ નીકળશે.

સરકાર પાસે એક એવી સરત કબુલ કરાવવામાં આવી કે ગ્રેવેલ ચાંચવા માટે આગાઊથી ચેટકરે કુલ ધરેસે સાત ૯૦૭ પાસ ખોરદ આપવા. આરફરતી ઈમીગ્રેશન ખાતામાં એવો એક સભાહદ મી. ફરી૦ન અને એસીસ્ટન્ટ ખાતાને અમલદાર જણાવે છે કે એ રીત બરાબર કામમાં આવી છે. તે એમ પણ માને છે કે કરાર સિવાયના પણ કેટલાક આસામીઓ કેનેડામાં ઘુસી આવશે પરંતુ તેઓની સંખ્યા ઘણી મોટી નથી.

મી. ફરીવન્સ જણાવે છે કે આવી પધ્ધતિ આફ્રીકા કાયદાખાર થીનની સાથે ચાલુ રાખે તો તે પણ ઠીક ઉપયોગી થઇ પડશે. એમ જો કરવામાં આવે તો ૫૦૦ ડોલરનો કર લેવામાં આવે છે તે પણ દુર કરવામાં આવે. હવાઈ અને હીંદુસ્તાનથી વધુ આવતા હીંદીઓને અટકાવવા એક ગોઠવેલ. કાયદો પણ કરવામાં આવ્યો કે જે દેશથી તેઓ આવે ત્યાંથી સીધેસીધી ટીકીટ આવી હોય તો તેઓ ઉતરી શકે આ ધારાઓ બરાબર સારી રીતે અમલમાં મુકી શકાતા હતા. આ રીતે હીંદુસ્તાન અને હવાઇથી ૫૦૦ ડોલરના ચીનાઓને કર ભરવો પડતો હતો તે છતાં ૧૯૧૧ માં ૬૨૪૭, ૧૯૧૨ માં ૭૯૮૬ અને ૧૯૧૩ માં ૬૦૦૦ ચીનાઓ દાખલ થયા હતા. છેલ્લા વખત ૫૨ ૩૬ હીંદીઓ વાનકુવર આવ્યા અને ધારાઓ કાયદેસર છે કે કેમ તે સવાલ તેઓએ ઉઠાવ્યો. ચીફ જસ્ટીસની અપીલ કોર્ટ સાંભળીને તેણે ઠરાવ આપ્યો કે જે કલમની પાછળ ધારાઓ ઘડવામાં આવેલ છે તે એક બીજાથી વિરૂધ્ધ છે અને તેથી તે રદ બાતલ થાય છે અને તેથી ચીફ જસ્ટીસના નિરણય મુજબ ધારાઓને ફરીથી સુધારવામાં આવ્યા. આ વખતે એથી પણ આગળ વધવાનો વિચાર કર્યો. કેટલાક શહેરોમાં ઘણા માણસો ધંધા વિનાના થઇ પડેલા હતા. તેથી સરકારે મજુરે તેમજ હુન્નરી કામવાળાઓને દરિયાઇ બંદરથી તેમજ યુનાઇટેડ સ્ટેટસથી આવતા ૧૯૧૪ ના માર્ચ માસ સુધી અટકાવવાનો ઠરાવ કર્યો હતો. આ હુકમને ૭ માસ સુધી લંબાવવાને હુકમ આવ્યો છે.

(અધુરૂં)

નેકીનાં કામ કરવામાં કોઇની રાહ ન જુઓ

કહતે હૈ એક સાલ ન બારિશ હુઇ કહીં;
ગરમી સે આફતાબ કી જલને લગી જમીં
થા આસમાન પર ન કહીં અબ્ર કા નિશાં;
પાની બિના ન જાને કે, કુઇ ખુશ્ક ઔર નદિયાં
ગાયે પડે થે જાન કે ડર જાનવર થે,
ઉજડે ચમન તરૂઓ સે તરસતે થે ફૂલ કા,
કુછ તક રહી થી ખુશ્ક જમીં આસમાન કે
ફિક્ર કાય ઉન સુખી થી કિસાન કા.
બારિશ કી કુછ ઉમ્મીદ ન થી પાસ રહીબાંદો,
યહ હાલ થા કિ જૈસે કોઇ સોગવાર હો
એક દિન જો અપને ખેત મેં આકર ખડા હુઆ,
દેખી તો ખાક દેખ કે બેહાલ હો ગયા.
દરે બાદ આસમાં કી તરફ દેખતા થા વહ,
બારિશ કે ઇન્તજાર મેં બસર રહા થા વહ,
નાગાહ એક અબ્ર કા ટુકડા નજર પડા.
ઝાડી સી અપને સાથ ઉઠા કર ચિડી હુવા,
પાની કી એક બુંદ ને તાકા જમીન ઉપર,

બોલી વહ ઉસ કિસાન કી હાલત કો દેખ કર—,
વીરાન કૈસા સાફ હૈ તેરી ખેતી જમીન કી,
હૈ આસમાન પર નજર ઉસકી અહેસાનમંદ કી,
દિલ મેં યહ આરઝુ હૈ કિ ઈશ્વર અબ દે દે.
પાની અગર કે ખેતોં પ બરસે હુવે ઉંઇ
બુંદો ને વરસા સુની યહ સહેલીઓ કી ગુફતગુ,
હસ કર દિયા જવાબ કિ અચ્છા હૈ આરઝુ.
તુ એક જરા સી બુંદ હૈ પગલી, ભલા યહ ખેત
તેરે જરા સે નમ સે ન હોગા હરા યહ ખેત
તેરી પિમાકત ક્યા હૈ કિ ઇસકો હરા કરે,
હો ખુશ જો દેખ કર, યહ કિસી કો ભલા કરે?
ઉસ બુંદ ને મગર યહ બિગડ કર દિયા જવાબ,
બોલી જુદ ઉન કી જિદ ને કિયા હુઆ લાજવાબ—
માના કિ એક બુંદ હું, દરિયા નહીં હું મૈં
કતરા જરા સા હું, કોઇ ચીજ નહીં હું મૈં,
માના કિ મેરા નમ કો દરિયા કા નમ નહીં;
હિમ્મત તો મેરી અબ્ર કી હિમ્મત સે કમ નહીં
નેકી કી રાહ મેં કભી હિમ્મત ન હારિયે
મઝદુર હું તો ઉમ્ર ખુશી મેં ગુજારિયે.
કુરબાન અપની જાન કરૂં ગી કિસાન પર,
ક્યા તુ ભી મૈં રહુંગી કે યહાં આસમાન પર?
નેકી કે કામ સે કભી રૂકના ન ચાહિયે
ઇસમેં કિસી કે સાથ કી પરવા ન ચાહિયે.
લો મૈં ચલી યહ કહ કે રવાના હુઇ વહ બુંદ.
બુંદો કી અન્જુમન મેં યગાના હુઇ વહ બુંદ
ટપ દે સી ઉસકી નાક પે યહ બુંદ ગિર પડી;
સુખી હુઇ કિસાન કે દિલ કી કલી ખિલી
દેખા સહેલિયોં ને તો હૈરાન હો ગઇ,
હિમ્મત કે ઇસ કમાલ પે સબ ને આફરીં,
બોલી કિ આઓ અબ ન સહેલી કે છોડના,
અચ્છા નહીં હૈ મુંહ કો રિફાકત સે મોડના,
સાથી કે સાથ સબકો બરસના જરૂર હૈ,
ગર હમ ન સાથ દેં તો મુરૌવત સે દુર હૈ
યહ કહ કે એક સાથ વહ બુંદે રવાં હુઇ;
છીંટા સા બન કે ખેત કે ઉપર બરસ ગઇ,
કિસ્મત ખુલી કિસાન કી બિગડી હુઇ બની,
સુખી હુઇ ગરીબ કી ખેતી હરી હુઇ.
ફિર સામને નજર કે બડા બાગ કા સમાં;
થા આસ પાસ ઘાસ કા સબજા,
ઉજડા હુઆ જો ખેત થા આખિર હરા હુઆ
સારા યહ એક બુંદ કી હિમ્મત કા કામ થા,
દેખી ગઇ ન ઉસસે મુસીબત કિસાન કી;
ખેતોં હો કે ખેત પે ઉસકે બરસ ગઇ,
નાદાની સી એક બુંદ યહ હિમ્મત ખુદા કી શાન!
યહ દેખ, યહ કરમ, યહ મુરૌવત, ખુદા કી શાન

સમજુતી

કેટલીક અડચણો આ કાવ્યની સમજ ઉપર ઉપરથી લાગી જવાથી એકાએક પડે તેમ નથી. પણ કેમજ્જુરના તેમ જેમ તે રવાડે ચડે તેમ તેમ તેની ખોટાઇ તેઓને અને તેઓ સારે નજરે આવતા રહે છે શક્તિ વડે નેકીનું કામ કરવામાં આરૂંશે ખોટું ભણી કરવામાં આવ્યું છે

માણસે બીજાની ગ્રહ નથી જોવાની. જેને નહીં જોવાનું ક્ષેત્ર નું નિશાળીપણું, અથવા તો વધી જોવાની પોતાની ખુબીઓ, નેકી કરનારની હીમત એજ તેનું ખરું સાધન છે અને એજ તેની સંગાથમાં છે એમ આ કાવ્યમાં કવીએ ઘણું રસ પુર વક બતાવેલું છે. તે કહે છે કે એક વરસ ક્યાંય વરસાદ પડ્યો નહિ અને આફતાબ એટલે સુરજની ગરમીથી જમીન તપવા લાગી, આકાશમાં અબ્ર(વાદળાં)ની જરા પણ નીશાની નહતી અને પાણી વિના બધી જમીન સુકાતી હતી ત્યારે બધા જીવોના ગળામાં શ્વાસ પડતા હતા, બગીચાઓ તરસથી ઉજડ બનતા હતા, અને સુકી જમીન આકાશ સામું મોઢું તાકીને બેઠી હતી. આ વખત કીસાન એટલે ખેડુતની બધી ઉમેદ નાશ પામી હતી. તે બીચારાને વરસાદની જરા પણ આશ નહતી અને તેના હાલ કોઈ મહા શોકમાં આવી પડેલ માણસના જેવાજ હતા. એક દીવસે જ્યારે તે પોતાના ખેતરમાં આવીને ઉભો ત્યારે બધા છોડના હાલ જોઈ મનથી બહુ દુખી થયો. હર વખત તે આકાશ સામી નજર કરતો હતો અને વરસાદ પડતો નહતો. તેથી ગભરાઈ રહ્યો હતો. એટલામાં એકાએક વાદળીનો એક નાનો કકડો તેની નજરે પડ્યો. પવન તે વાદળીને તાણી લાવતો હતો અને તેના છાંટા આહીં તહીં પડતા હતા. ખેડુતની હાલત દુખી જોઈ એક ટીપું બોલ્યું કે આ ગરીબની ખેતી ઉજડ થઈ ગઈ છે, આ કમનસીબ માણસની નજર આકાશ પર જ છે, માટે મારા દીલમાં થાય છે કે આનું હું ભલું કરું અને વરસીને તેનું ખેતર હરીયાળું કરું. બીજાં બુંદોએ જ્યારે આ તેના મનની વાત સાંભળી ત્યારે હસીને કહ્યું કે તું એક જરા જેટલું બુંદ છે અને આવડું મોટું ખેતર છે તેને તું કેવી રીતે પલાળી શકીશ? તું જ એક નજીવ (હેચ) જેવું છે તે બીજાનું કઈ રીતે ભલું કરી શકશે? બધા બુંદોએ આને આવી રીતે કહ્યું તો જવાબમાં એકલા પણ હીમતવાન બુંદે એવો આપ્યો કે બધાના મોઢાં બંધ થઈ ગયાં. તેણે કહ્યું કે હું છઉં તો એક બુંદ હું કંઈ દરીયો નથી, પણ મારી હીમત દરિયાથી જરા પણ ઉતરતી નથી. નેકીના કામ માટે કદી હીંમત હારીશ નહિ મારી આખી ઉમર તેને માટે ગુજારીશ અને આ કીસાનને માટે મારી જાન કુરબાન કરીશ, અહીં આકાશમાં બેસી રહી હું શું કરીશ? નેકીના કામમાં કદી કોઈને રોકવા ન જોઈએ અને તેમાં કોઈની સંગાથ પણ ન જોઈએ, એમ કહી તે બુંદ ત્યાંથી ચાલી નીકળ્યું અને બીજા બુંદોના જથ્થામાંથી છુટું પડી ટપક દઈ તે કીસાનના નાક ઉપર જઈને પડ્યું તેજ વખતે કીસાનના અંતરમાં કળી ખીલી એટલે કે તેનું દીલ ખુશી થયું. પડનાર બુંદની સાહેબીઆ એમ આ જોયું ત્યારે તેની ઉત્તમ હીમતને જોઈ તેઓ આફરીન થઈ અને બોલવા લાગી કે આપણું આ સાહેલીની સાથ છોડવી એ આપણને છાજતું નથી. આપણા સાથીની સંગાથે ચાલો વરસવું જોઈએ, અને નહીં તો આપણે બેશરમ ગણાશું. એમ કહી એકી સાથ બધા બુંદ વરસવા લાગ્યાં અને તે ગરીબની સુકાઈ ગયેલી ખેતીને લીલી છમ કરી મુકી, અને આસપાસના ખેતરો પણ લીલા થઈ ગયા. આ વાતું એક બુંદ જેનાથી તે કિસાનનું દુખ જોયું ન ગયું તેની હીંમતથી બન્યું. આ ઉપરથી કવી કહે છે કે આ નાનું બચારું બુંદ તે કુદરતનું કુદરત છે અને તેનાથી જે કરવાનું થયો, તેણે બીજાના ભલાને અરથે જે આત્મભોગ આપ્યો અને તેણે હીંમત બીજાને જે આપી તે ભરમાં પહોંચી તે પણ ઇશ્વરની કુદરત છે.

આ કવિતા પંજાબની નિશાળોમાં છોકરાંઓને શીખવવાની એક પુસ્તકમાંથી લીધેલી છે અને તે ગુજરાતી તરજુમો ગણી શકાય છે.

વિવિધ વિષયો

અમારા ઉપરના છેલ્લા મેલમાં મળેલા તા ૭ ઓગસ્ટના કાગળમાં મી. ગાંધી જણાવે છે કે મી ગોખલે બીમાર છે. લડાઈ ન થઈ હત તો હું ત્યાં તેમને મળી, આવતા આઠવા ડીઆની મેલ સ્ટીમરમાં હીંદુસ્થાન જાઉં એવી ગોઠવણ થઈ હતી પરંતુ હવે તો એ ગોઠવણ મુજબ જઈ શકું તેમ નથી. મી ગોખલેની તબીયત ઠીક સુધારા ઉપર છે એવા ખબર અમને મળેલા છે.

તા ૭ ઓગસ્ટનું 'ટાઈમ્સ' જણાવે છે કે મી ગાંધી મીસીસ ગાંધી અને મી કેલનબેક તા ૬ ઓગસ્ટના રોજ ત્યાં પહોંચ્યા હતા. વિક્ટોરીઆ સ્ટેશને તેમને ઘણા હીંદી તથા ગોરા મિત્રોએ આવકાર આપ્યો અને સાઉથામ્પટન રોડ ફ્રુડનમાં તેમને ઉતરવાની સાથે હતો. પહેરવેસમાં આ ત્યાં હતા. આગળ ચાલતા તે પત્ર જણાવે છે કે તા ૮ હતાં રે હોટેલ સેસીલમાં તેમને જાહેર આવકારનો મેળાવડો થવાનો હતો. આવકાર આપનારી કમીટીમાં પ્રીન્સેસ સોફીઆ દુલીપસીંગ મી. ગોખલે હીંદી ડેપ્યુટેશનના સભાસદો અને બીજા ઘણાં નામાંકીત નામો હતા.

નતાલમાં જે હીંદીઓને એક કરતાં વધારે સ્ત્રીઓ હોય તેમના નામ નાતાલ ઇન્ડીઅન એસોસીએશનના સેક્રેટરીને ડરબન ૧૧૦ ફીલ્ડ સ્ટ્રીટને સરનામે, તથા ટ્રાન્સવાલમાં જે હીંદીઓને એક કરતાં વધારે સ્ત્રીઓ હોય તેમના નામ ટ્રાન્સવાલ બ્રીટીશ ઇન્ડીઅન એસોસીએશનના સેક્રેટરીને જોહાનીસબર્ગ, બોક્સ ૬૫૨૨ ને સરનામે મોકલવા વીનતી છે.

હીંદુસ્થાનથી મળેલ છેલ્લા મેલમાં ખબર છે કે મોઝામ્બીકના હીંદીઓ ઉપર ત્યાંની સરકારે દર માણસ ઉપર નાખેલો પા ૩ નો કર થોડી મુદતમાં નાબુદ કરવામાં આવશે.

ગઈ તા. ૩૦ મી ઓગસ્ટે ડરબનમાં નવસારી વાળા દરજી ભગત પ્રભુ લાલાની આગેવાની નીચે રા. ગોકળદાસ બાંધીના સ્વદેશ ગમનના પ્રસંગે માનપત્ર આપવાને માટે મેળાવડો કરવામાં આવ્યો હતો.

સેલીસબરીથી એક તાર જણાવે છે કે આવતા અકટોબર થી દક્ષીણ રોડેશીઆના એડમીનીસ્ટ્રેટર તરીકે મી. ડરમંડ ચેપ્લીનની નીમણુંક થશે. આ ઉપરાંત, વાંચનારાઓને યાદ હશે કે મી. ચેપ્લીને દક્ષીણ આફ્રીકાના હીંદીઓને ન્યાય અપાવવા બહુ આગળ પડતો ભાગ લીધો છે.

જાણીતા રમતસાથ બાપ મધે આફ્રીકીએ રીબીવેરસ(?) ખાતે મરણ પામ્યા છે. ફીલસોફીકલ તરફ થી ઇ. એસોસીએશનના પ્રમુખ મી. કાછલીઆએ મોકલેલા તારમાં જનરલ સ્મટ્સે તા ૧ લીએ પ્રીટોરીઆથી મી કાછલીઆને લખે છે કે મારા પોતાના મરણ પામેલી લાગણી બતાવવા માટે હું તમારો હમેશાં આભાર માનું છું. હિંદીઓ મોકલેલી તમારી લાગણીની સારી કદર તથા હું ઘણી કદર કરીએ છીએ. તમારી એસોસીએશનના શુભાશુભ સભાસદો જેમણે મને દિલથી લખેલું છે તેમને આથી ખબર આપશો.

હજી ગુજરાતી વાર્તા અને બીજાં લેખ—મરહુમ રાજસ્કોપ ના લખેલાં લખાણોમાં આ સહુથી સરસ ગણાય છે. કીમત ટપાલ ખરચ સાથે શી. ૨–૧૦.

એબીસ અનુ વંડરલેંડ—આ વાર્તા બોધદાયક છે કીમત ટ. ખરચ સાથે શી ૧ ૯

ઈસપના ફેબલ—ઇસપની કહાણીઓનું અંગ્રેજી સહુ અને છોકરાંઓ સમજી શકે તેવું છે. કી ૯. ખરચ સાથે શી. ૧–૯

ગોરસ્તાન—ગુલીસ્તાનના કેટલીક વાર્તાઓ શેખ સાદીએ આ પુસ્તકમાં લખી છે. કીમત ટપાલ ખરચ સાથે ૨–૯.

હાફીઝનું રુબાયત—સૈયદ અબ્દુલ મજીદે અરેબીકમાંથી તરજુમો કર્યો છે. કી. શી. ૧ ૯

મહમદ પેગમ્બરનું જીવન ચરિત્ર—વોશીંગટન ઇર્વીંગકૃત કીમત શી. ૧ ૯.

મહમદ ધી ગ્રેટ અરેબીઅન—મેરીડીથ ટાઉનસેંડ કૃત કીમત શી. ૧ ૯.

મહોમેડેનીઝમ અથવા મુસલમાની ધર્મ. કી શી. ૧ ૯.

ધી ફ્યુચર ઓફ ઈસ્લામ—મુસલમાની દુનિયાના પુરા માહીતગાર મી. ડબલ્યુ એસ બ્લંટે "ફોર્ટ નાઈટલી રીવ્યુ" માં લખેલા પાંચ નિબંધો આ પુસ્તકમાં છે. કીમત ટપાલ ખર્ચ સાથે શી ૪/

પરશીઅન મીસ્ટીક્સ ભાગ ૧ અને ૨ તમાં જલાલુદીન રુમી અને નુરદીન અબ્દુઅલ રહેમાન જામીનાં લખાણો છે દરેક ભાગની કીમત ટપાલ ખરચ સાથે શી ૨ ૯

અરેબીઅન વીઝડમ—અરેબીકમાંથી તરજુમાને માટે ચુંટી કાઢેલી નસીહતો. દરેકની કી. શી. ૧ ૯

ફીલ્ડઝ, ફેક્ટરીઝ અને વર્કશોપ્સ—ખેતીનો ઉદ્યોગ કેટલો સરસ રીતે થઈ શકે છે અને મહેનતના કામ સાથે મગજનું કામ કેટલું ખીલવી શકાય છે ત વિષે પ્રીન્સ ક્રોપોટકીને આ પુસ્તકમાં ઘણો સરસ ચીતાર આપ્યો છે કી. ટપાલ ખર્ચ સાથે ૧ ૯

કાયદા સામે થવાની ફરજ (ગુજરાતીમાં)—થોરો નામના મહાન માણસ ઘણા વરસો ઉપર અમેરીકામાં થઇ ગયા છે. તેનાં લખાણો લાખો માણસો વાંચે છે અને તેનું મનન કરે છે, અને કેટલાક તે પ્રમાણે વરતે છે. થોરો પોતે જેટલું કહેતો તેટલું કરનારો હતો. તેથી તેનાં લખાણો ઉપર બહુ વજન રાખવામાં આવે છે. તેણે પોતે અમેરીકાની સામે એટલે પોતાના દેશની સામે પોતાની ફરજ સમજીને ઘણું લખેલું છે. તે એમ માનતો કે અમેરીકાના લોકો ગુલામગીરીમાં ઘણા માણસોને રાખતા એ મોટું પાપ હતું. પોતે એટલું લખીને સંતોષ નહોતો માનતો, પણ અમેરીકાના શહેરી તરીકે આ ધંધાને અટકાવવાને સારૂ બીજા જે ઉપાયો લેવા ઘટે તે પણ લેતો. તેમાંનો એક ઉપાય એ હતો કે જે રાજ્યની અંદર ગુલામોનો વેપાર ચાલે તે રાજ્યને કર વેરો આપવો નહી. તેણે જ્યારે પોતાનો કર આપવાનું બંધ કર્યું ત્યારે તેને જેલમાં મોકલવામાં આવ્યો હતો. તે જેલમાં તેના મનની અંદર જે વિચારો આવ્યા તે વિચારો ઘણા ઊંડ અને લાભકારક હતા અને તે વિચારો આ પુસ્તકમાં આપેલા છે. કીમત ૬ પેની પોસ્ટેજ ૧ પેની.

શકુન્તલા—શ્રી કાલીદાસના સંસ્કૃત નાટકનો તરજુમો આમાં સુવાંશ મેઘદુત, ઉરવશી વીગેરે નાટકના તરજુમા છે. કીમત ટપાલ ખરચ સાથે શી ૧–૯.

ઇન્ડીઅન હોમ રૂલ—હીંદનું સ્વરાજ્ય અંગ્રેજીમાં છે. તે વીષે મી. ગાંધીના વિચારો અંગ્રેજી અખબારોમાં આપ્યા છે. કીમત ૬ પેની, પો. ૧ પેની.

મી. ગોખલેના દક્ષિણ આફ્રિકાના પ્રવાસનું પુસ્તક—મી. ગોખલે કેપટાઉન ખાતે ઉતર્યા ત્યારથી તે કીંબરલી, જોહાન્સબર્ગ, મારીત્સબર્ગ, ડરબન અને પ્રીટોરીઆ ખાતે જે જે મેળાવડાઓ થયા તેની તેમજ બીજા બનાવોની અધુરણ નોંધ આ પુસ્તકમાં છાપેલી છે. મજકુર જગ્યાઓ તેમજ દક્ષિણ આફ્રિકાના બીજા જુદા જુદા ભાગોમાંથી અને પુર્વ આફ્રિકામાંથી મી. ગોખલેને જે જે માનપત્રો મળ્યા તેની નકલો અને તે ઉપરાંત ત્રણ પુરવણીઓ આ પુસ્તકમાં છાપી છે. નાતાલ, ફ્રી સ્ટેટ, કેપ તથા ટ્રાન્સવાલના હીંદીઓ ઉપર પડતી હાડમારીની જે જે વીગતો મી. ગોખલેને મળી હતી તે બધી પ્રથમ પુરવણીમાં છે, બીજી પુરવણીમાં મી. ગોખલેની મુસાફરી દરમીયાન જુદા જુદા છાપાઓ, ટીકાકારો, ખાસ મુલાકાત લેનારાઓ, અને બીજા લખનારાઓ તરફથી દક્ષિણ આફ્રિકાના હીંદી સવાલ ઉપર જે કાંઈ ઉપયોગી કહેવામાં આવ્યુ હતું તે બધુ છે, અને ત્રીજી પુરવણીમાં અહીંના ચારે કોલોનીના હીંદીઓને લગતા ઈમીગ્રેશન, લાઇસન્સ, કેળવણી, મ્યુનીસીપલ રેલવે વીગેરે વીગેરેના કાયદાઓમાંથી ઉપયોગી ટાંચણ આપેલાં છે. હીંદી સવાલનો ઇતીહાસ જાણવાને માટે આ આખું પુસ્તક અતી ઉપયોગી છે એ ઉપરાંત જુદી જુદી વખતે થયેલા કેટલાક જલસાઓ, કારકુનો તથા માનપત્રોનાં સુંદર ચિત્રો આ પુસ્તકમાં આપેલાં છે. કીમત શી. ૨–૬ ટપાલ ખરચ ૩ પેની.

મી એન્ડ્રુસનું ભાષણ—મી એન્ડ્રુસે કેપથી વિલાયત ઉપડતાં પહેલા ટાઉન હોલમાં કવીરાજ બાબુ રવીંદ્રનાથ ટાગોર વિષે ભાષણ આપેલું તે સહુને યાદ હશે. તે ભાષણ વખતે લોર્ડ ગ્લેડસ્ટન મી મેરીમેન વિગેરે ગૃહસ્થો હાજર હતા. તે ભાષણની ઘણીજ સરસ અસર થએલી એ ભાષણ હવે હાથની બનાવટના કાગળમાં સુંદર રીતે કેપ 'ટાઈમ્સ' પ્રેસમાં છપાવવામાં આવ્યું છે. તેની કિમત પોસ્ટેજ સુધાં ૭ પેની રાખવામા આવે છે ને અમને તેટલી સ્ટાંપ મળવાથી અમે જ્યાં મોકલવાનું અમને લખવામાં આવશે ત્યાં મોકલી આપશું. આ ભાષણ અહીંના બધા જાણીતા ગોરાઓના હાથમાં જવું જોઇએ. અમે હીંદી વાચનારને ભલામણ કરીએ છીએ કે તમણે આ ભાષણ પોતાના ઓળખીતા ગોરાને મોકલવું. અમને જો પહેલા મોકલી ગોરાની સુચના કરવાનું કહેવામા આવશે તો અમે તેમ પણ કરવા તઇયાર છીએ. એક હજાર નકલો છપાવવામાં આવી છે, અમારી પાસે સાતસો નકલ આવી છે. ને તેટલી તુરત ઉપડી જશે એવું અમે ઇચ્છીએ છીએ. છપામણી ખરચ બાદ જતાં જે પઇસા વધશે તે શાંતિનીકેતનની નીશાળને સારૂ મી. એન્ડ્રુસને મોકલવામાં આવશે.

આત્મ નોલેજ—વેદાંતના તત્વજ્ઞાન વિષે વિચાર. કી. શી. ૨–૯

લાઈટ ઓફ એશીઆ અથવા બુધ્ધચરિત્ર કી શી. ૨–૩.

સેંગ સીલેસ્ટીઅલ—એડવીન આરનોલ્ડે કરેલ ભગવદ્ગીતાનો તરજુમો કીમત ટપાલ ખરચ સાથે શી ૨–૩.

હીંદુસ્તાન, બરમા અને સીલોનની વાર્તાઓ અને દંતકથા—આ રસીક વાર્તાઓ ભેગી કરીને મીસ હાર્વિ મેયોએ અંગ્રેજીમાં લખી છે. કી. ટપાલ ખરચ સાથે શી. ૧/૯.

રુબાયત ઓફ ઉમરખાયામ ચીત્રો સાથે કી. ટપાલ ખર્ચ સાથે શી. ૧–૩

ગુજરાતી પુસ્તકો

નીચેનાં પુસ્તકો ઓફીસમાં વેચાણ મળી શકશે.

	કીમત	પોસ્ટેજ
	શી. પે	પેની
કાવ્ય દોહન ભાગ ૧ લો	૨—૬	૯
કાવ્ય દોહન ભાગ ૨ જો	૩—૬	૯
કાવ્ય દોહન ભાગ ૩ જો	૩—૯	૯
કાવ્ય દોહન ભાગ ૫ મો	૪—૬	૧૦
સ્વર્ગની સીડી	૨—૬	૫
ઓમર પાશા (યુરોપમાં ટરકીએ ૫૬ વરસ ઉપર મેળવેલી જીતોના બ્યાન વાળી તવારીખ રૂપે વાર્તા) લખનાર ક. બે. મરઝબાન	૮—૬	૧૬
તુલસીદાસ કૃત રામાયણ	૫—૦	૧૨
જગ વિખ્યાત પુરૂષો-સોક્રેટીસ અને ફાધર ડેમિયનનાં ચરિત્ર	૧ ૦	૩
આનંદીબાઈ જોશી	૦—૬	૧
પોકેટ ડીક્શનેરી ગુજરાતી એન્ડ ઇંગ્લીશ	૨—૮	૪
બાળપોથી	૦—૩	૧
ગુજરાતી પહેલી ચોપડી	૦—૪	૧
” બીજી ”	૦—૫	૧
” ત્રીજી ”	૦ ૮	૨
” ચોથી ”	૦—૮	૨
” પાંચમી ”	૦ ૧૦	૩
શ્રી હીરામ ભાગ પહેલો	૦—૩	૧
શ્રીમદ ભગવદ ગીતા પાકું પુઠું	૦—૬	૧
” વિશેષ સોનેરી ને સુંદર પુઠું	૧ ૦	૨
” ખીસામાં રાખવા લાયક ગુટકો	૦—૪	૧
અક્ષરમાળા. સ્વ. કેટલાક કવિએ બનાવેલી	૦ ૬	૨

મો. ક. ગાંધીનું જન્મ વૃતાંત—રેવ. ડોક લખેલ અંગ્રેજી પુસ્તકનું એ ભાષાંતર છે. એમાં શરૂઆતમાં લૉર્ડ એમ્પથીલનો ઉપોદ્ઘાત છે, જેમાં તેમણે મી. ગાંધીના સબંધમાં જે વિચારો બાંધ્યા છે તેનો ચિતાર આપ્યો છે. વળી ભાષાંતરકર્તાની પ્રસ્તાવના જે લગભગ ૬૦ પાના છે તે વાંચવા લાયક છે. આ પુસ્તકમાં મી. ગાંધીની કારકીર્દી સાથે ટ. આફ્રીકાના સત્યાગ્રહનું વર્ણન કરેલું છે. પાકું પુઠું કી. શી ૧ ૩. ટપાલ ખરચ ૩ પેની

ગુલામરાજ—આ વારતા મહાન મરહુમ ટોલસ્ટોયની 'ઓબ્જેક્ટ ઓફ ગુલ' નામની અતિ રસીક વારતાનો તરજુમો છે. કીમત ૬ પેની. ટપાલ ખરચ ૧ પેની.

નીતિધર્મ—આપણું વર્તન અંગે નીતિ તો રહેલીજ છે પણ ધરમનો વિચાર કર્યા વિનાએ સાધારણ બુદ્ધિથી વિચારતાં નીતિ જાળવવી એ જરૂરનું છે તેમાં સુખ છે અને તેમાંજ આપણું હિત છે. એવું જૈન રસ્તે આ પુસ્તકમાં બતાવ્યું છે. કીમત ૬ પેની; ટપાલ ખરચ ૧ પેની.

પૂર્વ અને પશ્ચિમ—આ અસલ લેખો લખનાર બહુ વિદ્વાન ને અનુભવી હીંદુ છે, તેણે પોતાનાજ સુધારાનું ઘણી અસરકારક રીતે મંડન કર્યું છે. પશ્ચિમની નીતિને વખોડી છે, ને હીંદુ પાર્લામેન્ટને વખોડી છે. પોતાના હીંદના અમલદારો ને આપણું સ્વરાજ આપીને ચલાવી શકાશે છે કે પોતાના લોકોને પશ્ચિમના લોકો પાસેથી કંઈ શીખવાનું નથી. પશ્ચિમની નીતિ તો નહીંજ કેમકે તે નીતિનું મૂળ સ્વાર્થમાં છે. પશ્ચિમના સંચાકામ નહીં કેમકે તેથી ઘણાં માણસો નમાલાં ને ગુલામ બની ગયા છે પશ્ચિમનાં શહેરો નહીં કેમકે શહેરોની ધમાલથી લોકો મહાવરા જની ગયા છે ને ઇશ્વરને તદન ભુલી ગયા છે. પશ્ચિમની રાજનીતિ નહીં કેમકે રાજનીતિને પરિણામે બીજી પ્રજાઓ ઉપર ઉપકારને નામે અપકાર થયો છે, તેઓના રક્ષણને બહાને તેઓનો નાશ થયો છે આ બધું ઉપરના લેખોમાં ઘણીજ અસરકારક રીતે બતાવવામાં આવ્યું છે. કીમત ૭ પેની; ટપાલ ખરચ ૧ પે.

નવાં અંગરેજી પુસ્તકો

સ્વદેશી હીલચાલ—બંગાળના ભાગલાને પરીણામે હીંદુસ્તાનમાં જે સ્વદેશી હીલચાલનો જન્મ થયો છે તે ઉપર દેશના ૫૦ જેટલા નામાંકીત નરોએ જે વિચારો બતાવ્યા છે તે આ પુસ્તકમા આપેલા છે. આ વિચારો લખનાર કેટલાકનાં નામ આ મુજબ છે: દાદાભાઈ નવરોજી, શ્રીમંત ગાયકવાડ સરકાર, ડો રાસ બીહારી ઘોસ, ઓન. મહમદ યુસુફખાન બહાદુર, રાજા પ્યારી મોહન મુકરજી, લાલા લજપતરાય, બાબુ સુરેન્દ્રનાથ બેનરજી, રમેશ દત્ત, ઓન ગોકળદાસ કહાનદાસ પારેખ, બાબુ અશ્વનીકુમાર દત્ત, દી. બહાદુર અંબાલાલ દેશાઇ, પંડીત મદનમોહન માલવીયા, બાળ ગંગાધર તીલક, અબ્દુલ હલીમ ગઝનવી, સુરીર હુસેન કીદવઈ, પંડીત રામભજ દત્ત ચોધરી અને બીજા કેટલાક નામાંકીત પુરૂષો. કીમત શી. ૨, ટપાલ ખરચ ૩ પેની.

મક્કા અને મદીનાની યાત્રા—લખનાર સર કેપ્ટન રીચારડ એફ બરટન આ પુસ્તક બને ભાગ મળી ૯૦૦ જેટલા પાના મા લખાયું છે તેના પહેલા ભાગમાં મીસરમાં આલેક્ઝાંડરીઆ સુએઝ કેરો, નાઇલ વીગેરેનું તથા મદીનાની અંદર પેગંબર સાહેબની મઝાર સરીફ વીગેરેનું વરણન છે. બીજા ભાગમાં મક્કામાં લખનારે જે જે ભાગ જોયા તે તથા મીઠી ખાત્રાઓનાં વરણન છે. બને ભાગની ટપાલ સાથે કીમત શી. ૮-૬

હીંદની કળા ઉદ્યોગ અને કેળવણી ઉપરના નીબંધો આ પુસ્તકમા ૭ નીબંધો છે (૧) તાજ અને તેની રચના, (૨) હીંદી કારીગીરી, (૩) હીંદમાં હુન્નર અને કેળવણી, (૪) હીંદી કારભાર અને સ્વદેશી. (૫) હીંદમાં કળા અને પાઠશાળાના સુધારા, અને (૬) કળાનો ઉપયોગ કીમત ટપાલ ખરચ સાથે શી ૨—૩

સેલ્ફ હેલ્પ, કેરેક્ટર અને લાઈફ એંડ લેબર—ડા. સ્માઇલ્સના આ ત્રણે ઉપયોગી પુસ્તકોની અનેક ભાષાઓમાં ઘણી આવૃત્તીઓ છપાઇ ચુકી છે જાત મહેનત અને ઉમદા ચારિત્રથી માણસ કેટલે સુધી ચઢી શકે છે તેના આ પુસ્તકોમાં અસંખ્ય દાખલા તથા રસ્તાઓ આપેલા છે, દરેકની કી. શી. ૧, ૬ દરેકનું ટપાલ ખર્ચ પાંચ પાંચ પેની,

દેશભક્ત ગોપાળકૃષ્ણ ગોખલે અને ગીરમીટનો સવાલ ઉપરની મુદ્દા ગ્રસ્થાનોમાંથી ગીરમીટ નાબુદ કરવા વિષે ઓન. મી. જી કે ગોખલેએ ઇલાબ ઉપર હીંદી ધારાસભામાં બોલેલી ચર્ચાઓનો સંપૂર્ણ હેવાલ આ પુસ્તકમાં આપેલો છે. સાથે મી. ગોખલેની કારકીર્દીનો ટુંક હેવાલ છે અને ઉપર તેમની છબી છે. કીમત ૬ પેની ટપાલ ખર્ચ ૧ પે. આ પુસ્તક અંગ્રેજીમાં પણ છે તેની કી. ૬ પેની [illegible]

—:o:—

આઠવાડીક પંચાંગ.

ખ્રીસ્તી—તા. ૯ સપ્ટેમ્બરથી તા. ૧૫ સપ્ટેમ્બર સુધી ઈ. સ. ૧૯૧૪.

હીંદુ—ભાદરવા વદ ૫ થી ભાદરવા વદ ૧૦ સુધી સંવત ૧૯૭૦.

મુસલમીન—તા. ૧૮થી રમઝાનથી તા. ૨૪ રમઝાન સુધી ૧૩૩૨ હીજરી.

પારસી—તા. ૩ થી તા. ૯ સુધી ૧૨૮૩

વાર	અંગ્રેજી તા.	હીંદુ તિથિ	મુસ. તા.	મ.	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.
બુધ	૯	વદ	૫	૧૮	૩ ૬	૫ ૪૬
ગુરૂ	૧૦	,,	૬	૧૯	૪૬	૫-૪૭
શુક્ર	૧૧	,,	૭	૨૦	૫	૫-૪૭
શની	૧૨	,,	૮	૨૧	૧૬	૫-૪૮
રવી	૧૩	,,	૯	૨૨	૭૫ ૫૯	૫ ૪૮
સોમ	૧૪	,,	૯	૨૩	૮૫ ૫૮	૫-૪૯
મંગળ	૧૫	,,	૧૦	૨૪	૯૫-૫૧	૫-૪૯

Indian Opinion

SUBSCRIPTION RATES

Within the Union

	s.	d.
Yearly	14	0
Half-yearly	8	0
Quarterly	5	0
Per copy by post		4

Subscriptions are all payable **Strictly in Advance**, and, if sent by cheque, 6d. extra should be added for bank commission (except from Durban).

Intending subscribers will kindly note that we do not accept subscriptions for less than a quarter.

The rates outside the Union are 15s., 9s. and 6s. respectively.

Cash with Order

INTERNATIONAL PRINTING PRESS

Phoenix, Natal.

કાયદા સામે થવાની ફરજ

હેનરી ડેવીડ થોરોના અંગ્રેજી પુસ્તક

ON THE DUTY OF CIVIL DISOBEDIENCE

નાથી ગુજરાતી ભાષાંતર.

કીમત ૩ પેની, પોસ્ટેજ ૧ પેની

ઇન્ટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ તરફથી બહાર પાડવામાં આવેલાં પુસ્તકો

	શી.	પે.
બાળકોના ખીસામાં રાખવા જેવડો નાનો ગુટકો	૦	૪
હીંદ સ્વરાજ્ય ગુજરાતીમાં	૦	૬
હીંદ સ્વરાજ્ય અંગ્રેજીમાં	૦	૬
કાયદા સામે થવાની ફરજ	૦	૩
મી. તીલકનાં મત અને વિચાર	૦	૬
આરોગ્યતા વિષે સામાન્ય જ્ઞાન		
ભાગ ૧ લો	૦	૬
ભાગ ૨ જો	૦	૬
નીતિનાશ ...	૦	૩
શરીર સંપત્તિ	૦	૩
જમાનાની અસર	૦	૧
એક હીંદુ પ્રત્યે ટોલસ્ટોયનો કાગળ	૦	૧
જાહેર જેલનો ૧ લો અનુભવ (મી. ગાંધી)	૦	૩
,, ૨ જો ,,	૦	૫
,, ૩ જો ,, ,,	૦	૩
પૂર્વ અને પશ્ચિમ	૦	૬
ઓન. મી. ગોખલે અને ગીરમીટના સવાલ ઉપર ચરચા	૦	૬
ઉપરનું પુસ્તક અંગ્રેજીમાં	૦	૬
એક સત્યવીરની કથા (આ પુસ્તકમાં જુનાની સોક્રેટીસનું મરણ સમજાવ્યું આવ્યું છે)	૦	૯
માણસ કેટલી જમીનનો માલીક હોઈ શકે ?	૦	૩
મુસ્તફાકમાલ	૦	૬
સત્ય વિના બીજું કશું નથી	૦	૩
જીવન દોરી	૦	૬
મુસ્તફા કમાલ પાશાનું જીવન ચરિત્ર	૦	૩
મુસ્તફા કમાલ પાશાનું ભાષણ	૦	૬
સત્યાગ્રહનો ઈનામી નિબંધ	૦	૩
સુધારાના ભવાડા	૦	૩
સર્વોદય (આ મહાન અંગ્રેજ લેખક રસ્કીનનાં સર્વોત્તમ પુસ્તકનો સારાંશ છે)	૦	૬
હીંદી બારીસ્ટર અને ખેડુતનો સંવાદ	૦	૩

ઉપરની કીમતમાં દરેક ચોપડીને માટે ટપાલ ખરચની એક પેની ઉમેરવી.

પોસ્ટલ ઓર્ડર ખાસ કરવા નહી અને ના પઇસા મોકલાવતી વખતે ફીનીક્સ પોસ્ટ ઓફીસ નહીં લખવું પણ ડરબન પોસ્ટ ઓફીસ લખવું.

પુસ્તક મળવાનું ઠેકાણું—

ઇન્ટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ,
ફીનીક્સ, નાતાલ.

હીંદ સ્વરાજ્ય

[ગુજરાતીમાં]

કીમત ૬ પેની. પોસ્ટેજ ૧ પેની.

હીંદી બારીસ્ટર અને ખેડુતનો સંવાદ

લખનાર: પ્રાગજી ખંડુભાઈ દેસાઈ

કીમત ૩ પેની ટપાલ ખરચ ૧ જુદી

ખાસ વાટાઘાટી જોઈને

ઓન. મી. ગોખલેની દક્ષીણ આફ્રીકાની મુસાફરીનો હેવાલ

મી. ગોખલેના દક્ષિણ આફ્રિકાના પ્રવાસનું ઇતિહાસમાં વરણન—તેમાં તેમની મુસાફરી દરમીયાન પાડેલી છબીઓ, હીંદી આગેવાનોની છબી, જનરલ બોથાની જનરલ સ્મટસની છબી, અને તમને મળેલા સુંદર માનપત્રોની છબી, સરસ કાગળ ઉપર છાપેલી છે. આ પુસ્તક ઇંગ્રેજી નહીં જાણનાર હીંદી પણ છબી ઓળખી સાચવી રાખી શકે છે તેમ પણ કોઈ પણ પોતાને ઓળખનાર ગોરાને ભેટ આપી શકે છે અથવા ઇંગ્રેજી જાણનાર હીંદી સાહેબને કે દેશ ભેટ તરીકે મોકલી શકે છે. કીમત શી. ૨-૬; ટપાલ ખરચ પેની ૩

ઇં. ઓ. ના લવાજમના દર

યુનીઅન—કેપ, નાતાલ, ટ્રાન્સવાલ ઓરેંજીઆમાં—

વારષિક		૧૪	૦
છમાસિક	૦	૮	૦
ત્રિમાસિક	૦	૫	૦
નકલની	૦	૦	૪

બધાં લવાજમ અગાઉથીજ લેવાનો ધારો છે.

યુનીઅનની બહાર છાપાના દર વારષિક શી. ૧૫, છમાસિક શી. ૯, અને ત્રિમાસિક શી. ૬ છે. જો ગ્રાહક ચેક મોકલે તો કમીશનની ૬ પેની (ડરબન શિવાયની બેંકોના) ઉપલા દરમાં ઉમેરવી. અમે ત્રણ માસથી ઓછા લવાજમ લેતા નથી. એ તરફ ગ્રાહકોનું ધ્યાન ખેંચીએ છીએ.

આ છાપું મગનલાલ ખુશાલચંદ ગાંધીએ ફીનીક્સ ખાતે ઇન્ટરનેશનલ પ્રીંટીંગ પ્રેસમાં છાપી પ્રગટ કર્યું.

Indian Opinion

AND GUJARATI

Registered at the G.P.O. as a Newspaper
Price Threepence

INDIA'S ENTHUSIASTIC LOYALTY

[illegible]

roy of India.

[illegible]

at the disposal of the

[illegible]

some chiefs, [illegible]

[illegible]

at Srenagar, and
to which large
Maharaja of Hol
in his State army
purposes. Hor

[illegible]

donations from

[illegible]

The Maharaja of Rewa has offered

[illegible]

lore, have also given large sums to the

[illegible]

delivered a stirring speech, in response subscriptions were collected. The [illegible] offers free of charge all the horses which may be suitable for Government [illegible]es are also offered by the Nizam's Jamnagar, and other Bombay States.

[illegible]

[illegible] the Imperial Indian Relief Fund.

[illegible]

a thousand Tibetan troops for [illegible] British Government. His Holiness [illegible] Lamas innumerable throughout the [illegible] of Tibet are offering prayers for [illegible] British Army and for the happiness [illegible] the victims of war. (Cheers.)

[illegible] has prevailed throughout British [illegible] of telegrams and letters have been [illegible] expressing loyalty and a desire [illegible] Government either in the field or by [illegible] India. Many hundreds have also been [illegible] local administrations. They come from [illegible] associations, religious, political, and

[illegible]

[illegible], or asking for an [illegible] by personal service. The following [illegible] as typical examples: All India [illegible], the Bengal Presidency Moslem [illegible] Association of Rangoon, the

trustees of Aligarh College, Behar, the Provincial Moslem League, the Central National Mahomedan Association of Calcutta, the Khoja community, and other followers of the Aga Khan, the Punjab Moslem League, the Mahomedans of Eastern Bengal, the citizens of Calcutta, Madras, Rangoon, and many other cities, the Behar Landholders' Association, the Madras Provincial Congress, the Talugdars of Oudh, the Punjab Chiefs Association, the United Provinces Provincial Congress, the Hindus of the Punjab, Chief Khalsa Dewan, representing the orthodox Sikhs, the Bohra community of Bombay, the Parsee community of Bombay.

The Delhi Medical Association offers a field hospital that was sent to Turkey during the Balkan War. The Bengalee students offer their enthusiastic services for ambulance corps, and there were many other offers of medical aid. The Zemindars of Madras offered 500 horses.

Among other practical steps taken to assist the Government may be noted the holding of meetings to allay the panic, to keep down prices, and maintain public confidence and credit.

Generous contributions have poured in from all quarters to the Imperial Indian Relief Fund.

Mr. Roberts added that, in addition, similar offers had been made by chiefs who happened to be at present in Europe—the Gaekwar of Baroda and Maharaja Bharatpur, to mention two only, had placed the whole resources of their States at the disposal of his Majesty's Government. The Indian community in England, including Indian students, had made loyal offers of their services. Mr. Roberts concluded: "I feel confident that the House and the country will feel a deep appreciation of this magnificent demonstration of loyalty with which the princes and the people of India have identified themselves with the cause of the Empire." (Loud cheers.)

Lord Crewe on India's Loyalty

London, September 9th.—In the House of Lords to-night Lord Crewe read the statement by the Viceroy of India, which was given to the House of Commons.

Lord Crewe also gave an account of the Viceroy's Council meeting, dwelling on India's intense loyalty and magnificent help to the British.

Lord Crewe concluded: "This demonstration of true and heartfelt loyalty to the King-Emperor and the Government is one of the most gratifying facts as an outcome of the present war." (Cheers.)

Lord Lansdowne eulogised India's response.

Lord Crewe, in the House of Lords, and Mr. Roberts, in the House of Commons, had congratulations showered on them by the members.

At the conclusion of the reading of the Viceroy's statement in the House of Commons one member shouted: "Send a copy to the Kaiser."

India Offers Her All

London, September 9.—In the course of his speech in the Council (as read by Lord Crewe in the House of Lords), the Viceroy of India said: "India rejoiced that she was able to fight for the Empire. It was clear that we were not at the end of our military resources, seeing that practically all the ruling chiefs had also placed the military forces and resources of their States at the disposal of the Government.

"The Indian Government had decided to meet such portion of the cost of the expedition as would have fallen upon India in normal circumstances, roughly a million sterling, to the end of the financial year, which was additional to providing for the defence of India, and meeting losses consequent upon the war."

India Sends 70,000 Men

London, September 9.—The Viceroy of India, in the course of a great speech at Simla, said that it was no longer a secret that India had already despatched two splendid divisions of infantry and one cavalry brigade to Europe, while three more cavalry brigades would follow immediately.

It was a source of the utmost pride and satisfaction to the whole of India that they had already been able to send over 70,000 combatants to the front.

He announced that six Maharajahs and three Nawabs and other Indian nobles were accompanying the force.

London, September 9.—Lord Crewe has announced that the Gurkhas will participate in the campaign.—Reuter.

The Aga Khan's Offer

London, September 13.—His Highness the Aga Khan has offered to the British Raj his resources and personal service, and expresses willingness to serve as a Sepoy in any infantry regiment.—Reuter.

Unjust Magistrates

There seems to be cause for most serious complaint with regard to some of the Natal Magistrates. In these columns we recently recorded the condemnation of the Verulam Magistrate by the Supreme Court for illegally sentencing an Indian to a term of imprisonment, knowing the sentence to be illegal and only last week we reported a case wherein the same Magistrate was severely censured by the Judge-President for negligence and extraordinary indifference regarding a missing pass-book. The Natal Law Reports just to hand show how, in spite of a decision of the Supreme Court that, in the absence of any evidence to show that the offence was committed, a plea of guilty was not sufficient to support the decision, the Magistrate of New Hanover nevertheless convicted and sentenced an unfortunate native against whom no evidence had been led. In giving judgment in the case referred to, the Judge-President said: "It may be although it is difficult to understand how it can be, that the Magistrate on the 23rd of December was unaware of the decision given by this Court in an appeal from himself upon the 3rd of December. It may be that he had not at that time seen a report of the decision. At any rate I will give him the benefit of the doubt. But in stating his reasons for his judgment, which he did on April 15th, 1914, he says:—'I may say here, in this Province, it is not obligatory for evidence to be led when a plea of guilty is tendered.' I cannot take it that at this later date he was unaware of the decision of the Court. I could only do so by ascribing to him a degree of neglect or indolence in informing himself which I will not readily impute. But he must understand for the future that it is his duty to accept and apply the decisions of this Court, and when a point has been directly decided, more especially in the case of an appeal from himself, it is altogether improper for him to set his own view against that of this Court and say that that is not obligatory which the Court has declared to be necessary. The conviction must be quashed, and I shall expect in future that the Magistrate will see the propriety and necessity of conforming to the decisions of this Court, and I must express my regret that he should have made it necessary to tell him so."

Surely there is room here for investigation by the Department of Justice whose attention should undoubtedly be directed to cases of this nature. There is no doubt that some Magistrates are suffering badly from what in unjudicial language is called "swelled head," and until they are severely checked by departmental action, they are quite capable of ignoring even such pointed advice as that which we publish above.

From the Editor's Chair

INDIA AND THE EMPIRE

The lengthy telegrams from England that we publish elsewhere, reporting statements made in the Imperial Legislative Council at Delhi, and the Imperial Houses of Parliament, Westminster, must have amazed those who have hitherto not realised the significance of the part that India plays in the Empire. We are not for the moment going to discuss the ethics of warfare or the advantages of Passive Resistance. We have to look at the matter from the point of view of two unquestionable facts, the first of which is that the Empire is at War, and the other that India is an integral portion of the Empire. In these circumstances India's duty was clear, and she has responded, not to any outside appeal but to her own sense of what is fitting, having regard to those circumstances. How spontaneous, how generous, how wholehearted, how regardless of grievances her response has been Reuter's telegrams indicate with a gratifying degree of detail. There have not been wanting those suffering from perpetual and incurable negrophobia who have deplored the use of Indian troops, not in the least because they did not wish India to be contaminated by the brute force that is sweeping Europe like a plague, but solely because the coloured races must never be allowed to feel that they are on terms of equality, even on the plane of physical force with the European peoples, and this in spite of the lessons of the Russo-Japanese War. But these critics will, we opine, hardly contend that Indian troops are likely to be less self-restrained, less chivalrous, in a word less civilised, than the Vandals and Huns who destroyed Louvain, and who, if the reports that have been published be even one-tenth true, have mutilated, pillaged, murdered and ravished. After Port Arthur and Liao-yang, the East could not stand where it did before those gruesome events, and not the least important of all the consequences of the historic war that is now proceeding so furiously, will be the inevitable re-adjustment of the relations between the East and the West on the basis of diminished Western racial arrogance and augmented and justifiable Eastern racial pride. And to this result India will have contributed in such a degree as to compel a new consideration of her place and function in the Empire to which in its time of need she has contributed with a lavishness that has hitherto been unexampled in history.

A CHARACTERISTIC OFFER

We publish elsewhere the correspondence between Mr. Gandhi and others on behalf of Indians resident in or visiting England, offering their services, and the reply of the Under Secretary of State for India. The first letter is a fine example of the principle for which Mr. Gandhi, whose hand may be seen in every line of it, has stood for so many years, and the following words finely represent the spirit of the offer:—"We would respectfully emphasise the fact that the one dominant idea guiding us is that of rendering such humble assistance as we may be considered capable of performing, as an earnest of our desire to share the responsibilities of membership of this great Empire if we would share its privileges." Lord Crewe's suggestions indicate that the Imperial Government are anxious to avail themselves of this offer of service in the spirit in which it was made. We have details of the draft of the circular letter that was sent to those who made the offer. The words: "We advisedly use the word 'unconditionally,' as we believe that, at a moment like this, no service that can be assigned to us can be considered to be beneath our dignity or inconsistent with our self-respect," amply reveal the true meaning of a word liable otherwise to be misunderstood. An Empire that can produce men and women of such extreme self-abnegation is an Empire that must stand because of the majesty of the principles to which these self-sacrificing citizens are devoted. It is significant that this trumpet call of duty is sounded by two such remarkable women as Mrs. Gandhi, who has already suffered so much in her own person, and Mrs. Sarojini Naidu, the great poetess of India.

VISITING PERMITS AGAIN

We publish in this issue the relevant particulars of the form of application that has to be completed and declared to formally by applicants for Visiting Permits. We also publish some interesting correspondence on the subject, which shows that the representatives of the Indian community are alert to the dangers of the Indian community's being a party to the erection of an official inquisition into the movements and history of individual Indians from the time of their arrival in this country. We are strongly of opinion that the preparation of such documents should not have been entrusted to the departmental officials until the Indian community, through its leaders, had been consulted, in order to avoid the friction and suspicion that are bound otherwise to be created. We trust that other public bodies besides the Transvaal British Indian Association will register their protests with equal emphasis so that the Government may have no excuse for ignorance of the feeling of Indians in this matter. Meanwhile, we would earnestly recommend to them the undesirability of applying for Visiting Permits so long as the present form of application is in use.

"WHOM THE KING DELIGHTETH TO HONOUR"

We understand that, upon the recommendation of Lord Hardinge, supported by Lord Crewe, the Secretary of State for India, the name of Mr. Gokhale was included among those upon whom the dignity of a Knight Commandership of the Indian Empire was to be conferred on the occasion of the last celebration of the King's birthday. *India*, however, states that Mr. Gokhale, on being apprised of His Majesty's intention, wrote to say that whilst he was deeply grateful to His Majesty the King-Emperor for the same, he must humbly beg to be excused the high honour as he preferred to continue under his present simple designation, if his wish was not likely to be misconstrued, whereupon His Majesty was graciously pleased to allow the withdrawal of his name from the list. Lord Crewe, at the same time, intimated his regret that the Government could not mark their high sense of appreciation of Mr. Gokhale's public services. The incident is still one more illustration of Mr. Gokhale's extraordinary modesty and his scorn of what is appropriate for men who serve their country with no thought of reward. Like that other great Indian, Mr. Dadabhai, Mr. Gokhale's name will go down to history as that of a simple, devoted, self-sacrificing patriot who had at heart only his country's good.

Visiting Permit Monstrosities

The following is a copy of the form D.r.4 issued by the Immigration Department of the Union:—

(.- stamp to be cancelled by Officer taking this declaration.

No ....

(to be left blank).

Nature of document applied for .... Port Period (if any) for which required .... Port of Entry .... (If any reply to these questions is in the negative, this should in each case be clearly stated).

1. Name of applicant in full. 2. Applicant's age. 3. Sex. 4. Race. 5. Nationality. 6. Country of origin. Documents and references submitted in support of this statement, especially as regards residence in South Africa. 7. (a) Date and place of applicant's first entry into South Africa. (b) Full particulars with dates of applicant's subsequent movements within and beyond the Union. Description of person for whom permit is desired. Height. Build. Distinguishing features and marks. 8. Particulars of fixed property or other vested interests of applicant in South Africa or elsewhere. 9. Applicant's occupation and means of subsistence. 10. Is applicant able to read and write in any European language? If so, in what language? 11. Has applicant ever been refused permission to enter any Province of the Union or expelled from it? 12. Has applicant ever been convicted of any crime in any country? If so, for what offence? 13. Is applicant suffering from any physical or mental infirmity? 14. State whether applicant is or has been married. 15. If married state (a) name of wife or husband, as the case may be, and (b) if alive, the present place of residence. 16. Has applicant's wife or any of his children ever been in South Africa? If yes, give particulars with dates. 17. If applicant has any children give details. (This reply should include adult as well as minor children.) If applicant has lost any children by death their names should be given with the remark "dead" under the heading "present residence." 18. Particulars of any permit or certificate previously obtained or applied for in any Province of the Union. 19. Any other particulars relevant to the case.

વીસ વરસ ઉપર બ્રીટીશ કોલંબીઆમાં લાકડાં વહેરવાની મીલો ગોરા મજુરોજ ચલાવતા હતા. હવે મોટે ભાગે તેમની જગ્યાએ ચીના, જાપાની, તથા હિંદુઓને રાખવામાં આવેલા છે. ખબર કે વીસ વરસ ઉપર પાસીફીક કીનારા ઉપર મચ્છીમારનો ધંધો કરનાર આશરે દશ હજાર ગોરાઓ હતા. આજે એ ધંધો જાપાનીઓનાજ હાથમાં છે. વેપાર અથવા તો મજુરીના કામમાં ચીના કે જાપાનીઓ કોઈ રીતે ઉતરતા નથી. ચીનાઓ નોકર તરીકે રહેવાને રાજી હોય છે. પરંતુ જાપાનીઓ વધુ અને વધુ મચ્છીમારના કે બાજુના ધંધામાં ઉતરતા જાય છે. જે ધંધામાં તેઓ દાખલ થાય છે તેની બરાબર વ્યવસ્થા પોતે કરી લે છે અને તેઓની આવડતને લીધે તેઓ સામે કોઈ હરિફાઈમાં ફાવી શકતા નથી.

કાયદાની તદબીરો

એશીઆટીકમાં ગમે તેવા સદગુણો હોય, અજારતો પશ્ચીમ કીનારા ઉપર હાલના સમયમાં એશીઆટીક મજુરીની ગમે તેટલી જરૂર હોય તો પણ એ તો ચોક્કસ છે કે બ્રીટીશ કોલંબીઆ એશીઆટીકો સામે સખતમાં સખત અટકાયતો રાખવાને માગે છે. છેલ્લી હાઉસ ઓફ કોમન્સની ચુંટણીમાં દરેક લીબરલ મેમ્બરને હાર ખવડાવવામાં આવી હતી કારણ કે એશીઆટીક ઇમીગ્રેશનના સવાલ સંબંધી રાજ્ય કારભાર ચલાવવામાં તેઓનામાં ખામી છે એમ કહેવામાં આવી હતી. પ્રાંતિક સરકારો, પછી તે લીબરલ હોય કે કોન્ઝરવેટીવ, પરંતુ તેઓએ અટકાયતના રસ્તા લેવામાં કાયદાની તદબીરો શોધવાની કોશીશ કરી છે. વખતો વખત, જાપાની તથા ચીનાઓને રેલ્વેમાં અથવા સરકારના કામ તેઓના કોઈ બીજા ઉદ્દેશ માટે રાખતાં અટકાયતો મુકવામાં આવી છે. જમીન ની નીચે કામ કરવા જતા બંધ કરવાના, તેમજ તેઓને દારૂ ... પરવાના નહિ આપવાને પ્રાંતિક કાયદાઓ પસાર કરવામાં આવ્યા છે. જાપાન તરફથી તે માટે વાંધા, અને મજબુત વાંધો ઉઠાવવામાં આવેલો હતો અને પ્રાંતિક તથા ફેડરલ સરકાર તેમજ કેનેડીયન સરકાર તથા બ્રીટીશ સરકાર વચ્ચે ઘણીજ વખત એ બાબત ઝઘડો ચાલુ રહ્યો હતો. વારંવાર

કુમીનીઅન સરકાર કાયદાને નામંજુર કરે, ત્યારે પ્રાંતિક સરકાર તે ફરીથી પસાર કરી મોકલે? મી. ચેમ્બરલેઇને જ્યારે કોલોનીઅલ સેક્રેટરી હતા ત્યારે તેણે એશીઆટીકોને વધુ પ્રમાણમાં આવતા અટકાવવાની તરફમાં લાગણી બતાવી હતી. પરંતુ પ્રાંતિક સરકાર જે કાયદા ઘડે છે તે જાપાનને નિરર્થક દુઃખ લાગે તેવા હોય છે. તેણે જણાવ્યું કે નાતાલ ના જેવા કાયદા ઘડવાથી તમારો હેતુ પાર પડી શકશે માટે તેવા પગલાં ભરવાની તેણે સલાહ આપી હતી. નાતાલને લગતું એક બીલ વરતજ દાખલ કરવામાં આવ્યું અને તેથી વણીતી પરીક્ષા, કેવાય તેમાં જાપાની ભાષા દાખલ કરવામા ન આવી એટલે જાપાન અને વડી સરકાર વચ્ચે લખાણ ચાલ્યું અને આખરે તે બીલ પણ નામંજુર થયું. જાપાનીઓને ફરીઆદના હક નથી તેની ફરી પણ જાપાને કબુલ વધી ઉઠાવ્યો. પરંતુ પ્રાંતિક સરકારની મુરાદીના કામમાં ફેડરલ સરકારને વચ્ચે પડવાની ઇચ્છા નથી એટલે એ બાબતમાં કાંઇ થઇ શક્યું નહી. [અધુરૂં

વોર રીલીફ ફંડમાં હીંદીઓની મદદ

'મરક્યુરી' નો વીનનનો ખબરપત્રી લખે છે કે ગયા બુધ વારે વીનનમા હિંદીઓની એક સભા ટાઉન હોલમાં મળી હતી. મી. જે એમ એડવીક પ્રથમ હાજર થવા માટે હિંદી ઓનો આભાર માની કહ્યું કે આટલા બધા હિંદીઓને મળ વાથી મને ખાસ ખુશાલી ઉપજે છે. કેમકે તે બતાવે છે કે બ્રીટીશ વાવટાથી તમોએ જે લાભ ઉઠાવેલા છે તેની તમે કદર કરી શકો છો. જો દરેક માણસ થોડી થોડી મદદ કરે તો એક સારી રકમ થઇ જશે. હું તમોને ખાત્રી આપું છું કે સરકાર તેમજ બ્રીટીશ શહેનશાહતની પ્રજા- અને તમો પણ તેનીજ પ્રજા છો- હિંદુસ્તાનમાંથી તેમજ બહાર ના દેશોમાંથી હિંદીએ ધન તથા માણસની જે મદદ આપેલી છે તથા વફાદારીના જે ઉદ્ગારો કહેલા છે તેની સંપુરણ કદર કરેછ, કારણ કે નાતાલથી ઘણે દુર આવેલ નાપણ મારે તમોને યાદ આપવું જોઇએ કે વેપાર ધંધાની ગેર હાજરીને લીધે આ દેશમાં પણ અત્યારે થોડી ઘણી પણ મુશ્કીલતો ઉઠાવવી પડશે. મદદ કરવાની જે રીત મુજબ તમોએ બતા વેલી છે તે બહુ ખુશી થવા જેવું છે.

ત્યાર બાદ મી. એમ. સાંગે ફરીને ઉઘરાણું કરેલું હતું અને તેમાં પૌ. ૧૬ : ૬ : ૦ ની રકમ થઇ હતી.

મુઇ રીવર, એસ્ટકોર્ટ ડીવીઝન, ડર્બન, ન્યુ હેનોવર, અને અલ્લનમાં થએલા ઉઘરાણાંમાં પણ હિંદીઓનો ફાળો નોંધા યલો ભેળવામાં આવે છે.

આફ્રીકનોની મદદ

આલેક્ઝાંડરા કાઉન્ટી (આફ્રીકા) ના હિંદીએ, તરફથી થએલા ફાળાનો લાંબો રીપોર્ટ અમને મળ્યો છે. તા. ૨૮ મી ઓગસ્ટે હીંદી નીશાળમાં હીંદીઓની એક સભા મળી હતી તે વખતે માજીસ્ટ્રેટ અને મદદનીશ માજીસ્ટ્રેટને આમંત્રણ કરવામાં આવ્યું હતું. તેઓએ હાજર થઇ સભાનું પ્રમુખ પદ સ્વીકાર્યું હતું અને ફાળાને માટે એક કમીટી સ્થપાઇ હતી. સ્કુલ માસ્તર એ. બી. પોલ અને હીંદી ઇંટર પ્રીટર આર. સોમસુંદરમ મંત્રી નીમાયા હતા. પ્રમુખે જણાવ્યું કે હીંદીઓ રાજી ખુશીથી આવા કામમાં મદદ કરવાને બહાર પડ્યા છે તે જાણી હું બહુ ખુશી થાઉં છું. હું અને મારા મદદનીશ મી. ક્રેન્ડ્રો તમોને ફંડ ભેગું કરવામાં મદદ અને સલાહ આપતા રહીશું. પ્રમુખે જણાવ્યું કે આ ફાળો આપ હીંદીઓનો છે અને સરકારની તરફથી તેમાં રકમો ભરાવવાનો આગ્રહ નથી.

હીંદીઓ માટેનો ખાસ ફાળો

આ સભાનો બીજો મેળાવડો તા. ૧૪ મી સપ્ટેમ્બરે મી. રામ મુલામના દીવાનખાનામાં ઉપ પ્રમુખના પ્રમુખપણા નીચે મળેલો હતો. મંત્રીએ ઉપરનો તા. ૨૮ ઓગસ્ટના મેળાવડાનો હેવાલ તથા તે પછી ફાળાને માટે જે જે કામ કરવામાં આવ્યું તે કહી સંભળાવ્યું. આજનો મેળાવડો ખાસ કરીને જરમની સામે લડતાં ૨૯ મી પંજાબી ફુટીના જે હીંદી ભાઇઓ મરણ પામ્યાના ખબર જાણ્યાથી આપણે જાણ્યા છે તેમના કુટુંબને હીંદી વાઇસરોય મારફત ખાસ મદદ મોકલવા નો વિચાર કરવાને મળેલો હતો. હીસાબ વીગેરે સંબંધી કેટલીક વાતચીત થયા પછી એ લડવાઇઓ બાદ મજકુર પંજાબીઓના કુટુંબને કેટલી મદદ મોકલવી તેનો વિચાર કરવાને એક સભા બોલાવવાનો તથા ઘવાયેલા અને મરણ પામેલાઓની મળી શકે તે વીગત સરકાર પાસેથી માજીસ્ટ્રેટ મારફત મંગાવવાનો ઠરાવ થયો. ફાળામાં રોકડ તથા ભરાયેલી રકમ પૌ. ૧૦૦ ને આશરે થયેલી છે.

ગઇ તા. ૧૬ મીએ પાઇન ટાઉનમાં મદદ માટેના ગવર્નર જનરલના ફંડમાં નાણું ભરવાને મુસલમાની હોલમાં મી એસ. વાહેદના પ્રમુખપણા નીચે એક સભા મળી હતી. નાણું ઉઘરાવવાને એક કમીટી સ્થપાઇ તેમાં પ્રમુખ મી એસ. એમ. વાહેદ, મેમ્બરો મેસરસ એચ. એમ. વાહેદ, ઇસમાઇલ ઇબ્રાહીમ, મહમદ રમતુલા, મહમદ બાબર, સી મહમદ અને મંત્રી, મી એ. ઇ. મુલા નીમાયા હતા.

આલબીનીઆ અને ના. આગાખાન

આલબીનીઆનું છાપું 'ડુબાન્ટ' મેટીન જણાવે છે કે આલબીનીઆની મુશ્કેલીનો અંત લાવવાને અમે અહીંની રાજગાદી કોઇ એક નામીચા મુસલમાન જે આખી દુનીઆ ના પોતાના હમદરદી ભાઇઓમાં સત્તા ધરાવનાર હોય તેમને આપવાની સુચના કરીએ છીએ અને ના. આગા ખાન જે આલબીનીઆના આદરણીય રાજા થવાની લાયકાત ધરાવે છે તેનું નામ આપીએ છીએ. અમને ખાત્રી છે કે આખી દુનીઆ તે નામ હરખથી વધાવી લેશે. તેનામાં તેજ સ્વી અને ન્યાયી રાજ કરતા થવાના બધા ગુણો છે. આલ બીનીઆની પ્રજા ગરીબ છે અને તેથી તેઓ રાજ દરબાર ના મોભા મુજબનો ખરચ ઉપાડી શકે તેમ નથી. ના. આગાખાન પાસે ઘણી દોલત છે અને તેથી સ્વતંત્ર રાજ કરતા તરીકે તેને પ્રજાની મદદની બહુ જરૂર નહિ પડે. તે નામદારને બધા યુરોપનાં રાજ્યો સાથે સારી ઘરોબો છે અને ખ્રીસ્તી રાજ્યોનો તેના પર વિશ્વાસ છે. તે નામદારે પહેલા નંબરની પશ્ચિમ અને પુરવની કેળવણી લીધેલી છે અને યુરોપના હાલના રાજ્યદ્વારી મામલાથી તે માહીતગાર છે. ધારમીક વિચારોમાં તે બહુ ઉદાર છે, અને ધરમાંધપણું નાબુદ કરવાને માટે તથા જંગલી આલબેનીઆનોમાં સુધારાનું તેજ ફેલાવવાને તે ખરેખરા લાયક પુરૂષ છે. આગાખાનના આવવાથી પુરવ અને પશ્ચિમની પ્રજાનો મેળાપ થશે અને મુસલમાન તથા ખ્રીસ્તીનો એક બીજા પ્રત્યે વિશ્વાસ વધશે.

લડાઈના સમાચાર

નવું બ્રીટીશ ક્રુઝર એબુકર કેસી અને હોગ (૧૨૦૦૦ ટન) ને ઉત્તર સમુદ્રમાં પાણી નીચે રહેતી સબ-મરીને ડુબાવી દીધી છે. ક્રુઝરમાં ૯૦૦ ઓફીસ માણસ હતા. આ ૧૨૦૦૦ ટનની ક્રુઝરે સિવાયના ડુબી ગયા છે.

ઓસ્ટ્રીયાને ગેલીશીઆમાં રશીઅન લશ્કરથી ઘેરાયા છે.

રશીઅન લશ્કરે નીસ્ટર નદી ઉપરના સૈમાયલ અને સૈમબર ના કીલ્લાથી શહેરો કબજે કર્યાં છે, અને પ્રેમસીલ આગળથી બધે વહેવાર તોડી નાખ્યો છે.

બેલજીઅમના રાજાને તેનો મોટર હાંકનાર દુશ્મનના કેમ્પમાં હંકારી જતો હતો એવો શક આવવાથી રાજાએ હાંકનારને ગોળીથી ઠાર કર્યો હતો. તપાસથી જણાયેલું કે આ માણસ વિશ્વાસઘાતમાં પ્રવેશ પામ્યો હતે તો દુશ્મનોએ તેને મોટું ઈનામ આપાવાનું કબુલ હતું.

ફ્રેન્ચનો કીલ્લો જરમનોએ ઘેર્યો ત્યારે ફ્રેંચ પ્રથમ શાંત રહ્યા. મુખ્ય સરદારે અંદર બે ગાડી ઘાસ સળગાવ્યું. કીલ્લો ફાટી ચાલી ગયા છે એમ ધારી જરમનો ધસી આવ્યા એટલે ફ્રેંચોએ તોપોનો મારો ચલાવ્યો અને પરીણામે સાત હજાર જરમનો મરાયા.

બીજી જગ્યાએ મ્યુસ આગળ જરમન લશ્કરની ૧૫ મી ટુકડીને પાછું હઠવું પડયું છે. તેમાં ઘણું નુકસાન થયું છે.

૪૦,૦૦૦ નું જરમન લશ્કર હાલ વૌટરલુ પાસે પડેલું છે.

રીમ્સ, લુવેન અને મેલીન્સમા જરમનોએ ઘણું નુકશાન કર્યું છે. આ ત્રણે શહેર હુન્નર કળાના સુંદર નમુનાના રૂપ જગ્યાઓ તોડી નાખી છે. રીમ્સનુ ચરચ યુરોપમાં સરસ ગણાતું. તે તોડી નાખવાથી જરમનો સામે ઘણાં રાજ્યોએ સખત વાંધો લીધો છે.

બ્રેઝીલની રાજધાનીથી ખબર મળ્યા છે કે બ્રીટીશ સ્ટીમર ઈંડીઆ પ્રીન્સ (૨૮૪૬ ટન) ને જરમન ક્રુઝર ક્રોન પ્રીન્સ વીલ્હામે ડુબાડી દીધી છે. ઉત્તર સમુદ્રમાં નોરવેજીઅન સ્ટી. હેલ્સીંકી તરતી માઈન લાગવાથી ડુબી ગઈ છે.

ફ્રેંચના દરીયાઈ કાફલાએ અડ્રીઆટીક સમુદ્રમાં ઓસ્ટ્રીઅન ટાપુ લીસોને કબજે કર્યો છે. પાસે ગોરનો કીલ્લો તોડયો છે અને તેની નજીકના ટાપુઓની વસ્તી ભાગી જવા લાગી છે.

ઈ. પ્રાની. આ લશ્કર ભેળું થાય છે.

ઓસ્ટ્રેલીઆના લશ્કરે જરમન ન્યુગીની લીધું છે.

ઓસ્ટ્રીઆ-હંગરીમાં કોલેરા ફાટી નીકળ્યો છે.

લડાઈની શરૂઆતથી તા. ૨૮ સપ્ટેમ્બર સુધીમાં જરમનોના કુલ ૬૪,૯૮૨ માણસો મરાયા છે.

જરમનો મુસલમીઓને ઉશ્કેરી શકશે?

જરમન કાવત્રાખોરોએ બ્રીટીશ રાજની મુસલમાની વસ્તીને ઉશ્કેરવાનું બતાવ્યું કહેવા તેની સામે સખત નાપસંદગી બતાવનારો ઠરાવ ઈંગ્લાંડના મુસલમાનોએ કર્યો છે. તેમાં એ જણાવ્યું છે કે અમારો પવિત્ર ધરમ અમને અમે ગમે તે જગ્યાએ જેના આશરા તળે રહેતા હોઈએ તેના તરફ વફાદાર રહેવાનું શીખવે છે. આપણને ઈંગ્લાંડના વાજબી પણ ઉંચ ધારમીક સ્વતંત્રતા અને ન્યાય મળે છે તે બીનાર ખાસ ધારમીક સ્વતંત્રતાના અમારા આગેવાનો જરમનીના ફુંક ફુસલા તરફ ધીક્કારની નજરથી જોશે. અને સ્વાર્થી, મગરૂર, અને બેઈમાની પ્રજા કે જેણે બેલજીઅમ જેવા ઉપર

આખા યુરોપને ખુની કત્લમાં ધકેલેલ છે તેના ઉપર પ્યાર રૂપ નહિ બને. તેઓએ વફાદારીના ઈઝહાર તરીકે પુરેપુરી વફાદારી જાહેર કરી છે. 'ટાઈમ્સ' જણાવે છે કે અફઘાનીસ્તાનના ઈસ્લામીઓ જેમ શાંત આબાદ રહી રહ્યા છે તેવીજ રીતે અંગ્રેજ સલ્તનતના બધા મુસલમાનો બ્રીટનને આખર પોતાનો જીવ આપવાને તૈયાર છે.

હિંદી લશ્કર લડાઈના મેદાનમાં

'એડવર ટાઈઝર' માં નીચેના ખબર છે. મરણ પામેલા ઓની નોંધમાં ૨૭ મી હિંદી લાઈટ ઈનફંટ્રીના નામ જોતા જણાય છે કે હિંદીની પહેલી ટુકડી લડાઈના મેદાનમાં પહોંચી ગઈ છે. આ ટુકડીના ચાર વિભાગ; એકમાં મદ્રાસ અને દખણના મુસલમાનો, બીજામાં પંજાબના, ત્રીજામાં રજપુતાના ના રજપુતો અને ચોથામાં જાટ લોકો છે. આ લશ્કરી ટુકડી નીમચમાં રહેછે અને તેના કમાન્ડર લે. કરનલ ફ્લીંગ છે. મરાયના જે સમાચારમાં મેજર હેન્ડરસનનું નામ છે તે બેંગલોરમાં બ્રીગેડ મેજર હતા.

જરમન પુરવ આફ્રીકાના હિંદી

એ લડાઈને લીધે કેટલાએક મુશ્કેલ પહોંચ્યા છે. તેઓ પાસેથી મળેલી હકીકતનો તાર મુંબાઈથી લંડન 'ટાઈમ્સ' ના ખબરપત્રીએ તે છાપાને મોકલ્યો છે. તે જણાવે છે કે ત્યા હિંદીઓ તરફ ઘણું ખરાબ વરતન ચલાવવામા આવ્યુ હતું. તેમની સઘળી માલ મીલકત લુટી લેવામાં આવી હતી. તેઓનું ઘણું અપમાન કરી અનેક તરેહનાં દુખો તેઓના ઉપર પાડવામાં આવ્યા હતા. બ્રીટીશ કોન્સલ તરફથીજ તેમને થોડો આશરો મળેલો હતો. પુરવ આફ્રીકાના હિંદીઓ એ અંગ્રેજની જીતને માટે પ્રારથના કરેછે અને તેઓ લડાઈમાં દાખલ થવા નામ નોંધાવે છે.

જરમન વેસ્ટ આફ્રીકા

તા. ૨૧ મીએ યુનીઅનનું લશ્કર લુડેરીટઝના અખાતમાં ઉતરયુ હતુ.

દ. આફ્રીકન લશ્કરના સેનાપતિ જન. બોથા થયા છે. તેણે દ. આફ્રીકામાંથી ૭૦૦૦ માણસોને તૈયાર થવાની માગણી કરી છે, અને તેને ટેકો આપવાને દેશ દેશાવર ઘણા ઓ મળી છે. મળેલી સંખ્યા કરતાં જોહાનીસબર્ગ વગેરે જગ્યાએ ઘણાં માણસો નોંધાયા છે. કમાન્ડન્ટ જનરલનો હોદ્દો જન. સ્મટસે લીધો છે.

તા. ૨૬ના તારમાં ખબર છે કે નેટાળ આગળનું એક અંગ્રેજી મથક જરમન અને બોઅરોએ મળી લીધું છે. તેમા ૭ મરાયા છે અને ત્રણ ઘવાયેલા કેદ થયા છે. આમાં જણાતા બોઅર લોકો જેઓ બારીક વખત ઉપર જરમન વેસ્ટ આફ્રીકામાં ગયેલા તે જણાવવામાં આવે છે.

બાસાફવાલેન્ડમાં લડાઈ

કાલના તારમાં પ્રીટોરીઆથી ફરીથી ખબર આવે છે કે સાઉથ વેસ્ટ જરમન આફ્રીકામાં ગયેલા લશ્કરની એક ટુકડી જરમન મુલકના અંદરના ભાગમાં પેઠેલી હતી. આ ટુકડી પછી આવેલી ટુકડી ઉપર દુશ્મનોએ તા. ૨૫મીએ હુમલો કર્યો હતો. તેને મદદ કરવાને બીજી ટુકડી બે તોપ સાથે ગઈ તેને પણ ભારે લડાઈ પછી શરણ થવું પડ્યું હતું. કેદમાં મરણ થયા તે વીગતવાર હજી સુધી જાણવામાં આવી નથી.

લોરેનઝોમારક્વીસના 'ડેલી મેલ' માં એક ખબરપત્રી ખાતરી આપે છે કે એક હીંદી અને બે યુરોપીઅન વેપારીઓ ફ્રેંચના લશ્કરી પહેરામાં સરહદની ટુકડીમાં દાખલ થયા છે.

હીંદુસ્તાનથી વધુ મદદ

લડાઈ માટે મદ્રાસથી એક હૉસ્પીટાલનું જહાજ મળ્યું છે. મુસલમાનો તરફથી એક ફીલ્ડ હૉસ્પીટાલની મદદ મળી છે. ભરતપુરના મહારાજા અને મહારાણીએ પોતાની સઘળી સંપત્તિ સરકાર સમક્ષ રજુ કરી છે અને મહારાજા રહ્યું લડવાને બહાર પડ્યા છે. તેજ પ્રમાણે પુદુકોટાના રાજાએ લડાઈમાં મદદ આપવાને માગણી કરેલી છે અને બીજા ઘણા રાજકુમારોએ અંતે લડાઈમાં જવાની ઇચ્છા બતાવી છે. દરેક વર્ગના બ્રીટીશ હીંદીઓ તરફથી વફાદાર અને ઉદાર મદદ મળેલી છે.

મદ્રાસ ઇલાકાના જમીનદારોએ લડાઈની મદદમાં પા. ૨૩,૦૦૦ ની રકમ અંગ્રેજ સરકારને આપી છે. લાચાર અને નિરાધારની મદદ માટેના ફંડમાં પણ તેઓએ આ સિવાય પઇસા ભરેલા છે.

નીઝામ સરકારની મદદ

સોમવારના તારમાં રૂટરને ખબરપત્રી જણાવે છે કે હઇદરાબાદના નીઝામે રા. ૬૦ લાખની રકમ હઇદરાબાદથી મોકલેલા લશ્કરના ખરચ માટે આપેલી છે

જામનગરના પ્રીન્સ રણજીતસિંહ

તરફથી આ લડાઈની મદદમાં અંગ્રેજ સરકારને એક હજાર માણસ, ૨૦૦ ઘોડા, ૧૫ મોટર અને બે લશ્કરની ટુકડીઓની મદદ આપવામાં આવશે.

ના. આગાખાન

'ડેલી મેઇલ'ને ખાસ ખબરપત્રી જણાવે છે કે ના. આગાખાને કહ્યું હતું કે સમસ્ત હીંદ લડાઈમાં અંગ્રેજ સરકારને મદદ કરવાને તઇયાર છે. જો ૭૦,૦૦૦ માણસો પુરતા નહિ થાય તો અમે ૭૦૦,૦૦૦ આપશું; અને તેથી વિશેષ જોઇશે તો ૭૦,૦૦,૦૦૦ પણ આપીશું. અમારાથી બનશે તે બધું અંગ્રેજ સરકારની તહેનાતમાં રજુ કરશું

એડનના સુલતાન અને શેખો

તરફની મદદ વિષે રૂટરનો ખબરપત્ર લખે છે કે એડન વિભાગના બધા સુલતાન અને શેખોએ શહેનશાહને મદદ આપવાની માગણી કરી છે. તેઓ અંગ્રેજ અને તેના મિત્ર રાજ્યોની જીતને માટે પ્રાર્થના કરેછે.

બંગાળાના અખાતમાં જરમન ક્રૂઝરે કરેલી ખરાબી

જરમન ક્રૂઝર એમડને રંગુન નદીના મુખ આગળ કાઇઝર ફરવીન કુ. ની ૪૭૭૫ ટનની સ્ટીમર ક્લેન મેથેસનને ડુબાડી દીધી છે. મેથેસનના કપ્તાન અને ખલાસી શનીવારે રંગુન ઉતર્યાં છે. આગલે દીવસે એમડને એક નોરવેજીઅન સ્ટીમરને અટકાવી હતી.

રૂટરનો કલકત્તા ખાતેનો ખબરપત્રી બંગાળાના અખાતમાં કરેલી ખરાબીના સબંધમાં લખે છે કે ડુબાડેલી સ્ટીમરોના અમલદારો તથા ખલાસીઓ એમડને બતાવેલી સભ્યતાનાં બહુ વખાણ કરે છે. દોરડા વગરના તારથી મોકલાતા બધા ખબરો સમજીને એમડને અખાતમાંની બધી સ્ટીમરોની હીલચાલ જાણી લીધી. તા. ૧૦ સપ્ટેમ્બરે પ્રથમ તેણે ઇંડસ પકડી. તેના ખલાસીઓને બીજી સ્ટીમરમાં ઉતારી તેના સામે ૬ના બાહાર કરી એક્શો મીનીટમાં ડુબાડી દીધી. બીજી સ્ટીમર લોવાટને તા. ૧૧ મીએ પકડી, તેના ખલાસીઓને પણ બીજી સ્ટીમરમાં ઉતારી ૯૦ મીનીટમાં ડુબાડી દીધી. તા. ૧૨ મીએ સ્ટીમર કીલીંમાનને પકડી અને ડુબાડી દઇને સ્ટીમરોના બધા ખલાસીઓને તેમાં ઉતાર્યા. તેજ દિવસે સ્ટીમર ક્લીન પકડાઇ અને તે પણ કલાકમાં ડુબાડી. ત્યાર પછી ટ્રેબોક પકડી અને બાહારથી લાવી તે પણ ડુબાવી. એક ઇટાલીઅન સ્ટીમર પકડાઇ એમડને કેદ કરી, પણ પાછળથી તેને છોડી દીધી. રાતે બખ્તર વરસાદ પડ્યો અને તેમા એમડન ઉંડા પાણી તરફ ચાલ્યો ગયો.

તા. ૧૩ મીએ ટ્રેબોક પકડાઇ અને ત્યારે બાળીને ડુબાડી દીધી. બધા ખલાસીઓને કુંભીઆમાં બેસાડી કલકત્તાથી ૭૫ માઇલની હદ સુધી મુકી આવી. એમડનના અમલદારો માને છે કે પારીસ ઘેરામાં છે, અને ઉત્તર સમુદ્રમાંથી અંગ્રેજી ક્રૂઝરોનો નાશ થયો છે. જરમનોએ કપ્તાનોને સરસ કેબીનો અને ખોરાક અને છુટા પડતી વખતે મુબારકી આપ્યાં હતાં.

બંગાળના અખાતમાંથી એમડન બહાર જઇ શકે તેમ નથી.

એક ઇટાલીઅન સ્ટીમરે કેટલીક બીજી સ્ટીમરોને ચેતવી દીધી. તેઓ પાછી કલકત્તા ગઈ, નહીં તો તે પણ પકડાત.

એકથી બીજી સ્ટીમરમાં ઉતારતી વખતે તોફાની હવાને લીધે ડુબવાની બહુ ધાસ્તિ હતી. પણ એક મરણ થયું હતું નહીં.

મદ્રાસ આગળ જરમન ક્રૂઝર

કલકત્તામાંથી રૂટરનો ખબર પત્રી જણાવે છે કે જરમન ક્રૂઝર બુધવારે રાતે ૧૦ વાગે મદ્રાસ આગળથી પસાર થઇ હતી. ત્યારે તેણે શહેર ઉપર નવ દારૂગોળા ફેંક્યા હતા. અને તે ટેલીગ્રાફ ઓફીસ, ક્લીમેન્સ ક્લબ હાઉસ અને બંદરમાં પડેલાં કેટલાંક ઠકને લાગેલા હતા. તેલની બે ટાંકી સળગી ઉઠી હતી, અને તેમાં ૫૬૨ લાખ ગેલન તેલ બળી ગયું છે. મદ્રાસની તોપોએ તે ક્રૂઝર ઉપર મારો શરૂ કર્યો પણ બત્તી ઠારીને અંધારામાં તે સટકી ગઇ હતી. બે હીંદી અને એક છોકરો મરણ પામ્યા હતા, કોઇ જાતનો ગભરાટ ફેલાયો નથી અને લોકો બધા શાંત હતા. ગોરા તેમજ હીંદીનું વરતન વખાણવા લાયક હતું

જાપાન

પેકીંગથી મંગળવારના તાર મળ્યો છે કે જાપાનની બીજી ટોરપીડો બોટ જરમન ક્રૂઝરે ટાઉચાઉ પાસે ડુબાડી છે. ટીંટસીન આગળના અંગ્રેજ લશ્કરને જરમન સામે લડવાને કાઉચાઉમાં ઉતરેલા જાપાની લશ્કરને મળી જવાનો હુકમ મળ્યો છે.

સીંગટાઉની સરહદમાં જમીન ઉપરનો હુમલો ગયા શની વારથી જાપાનીઝ લશ્કરે શરૂ કર્યો છે. આજ સુધી જાપાનીઓના ૩૧૨ માણસ મરાયા છે.

વિવિધ વિષયો

'જસ્ટીસ' કરીને એક લખનાર 'મરક્યુરી'માં લખે છે કે હાલના ભારીક સમયને લીધે દ. આ. રેલવે તરફથી ૩૦ થી ૪૦ વરસ થયા નોકરી કરતા હીંદીઓને નોકરી ઉપરથી કમી કરવામાં આવ્યા છે. આ હીંદીઓએ જે નોકરી બજાવી છે તે એટલી તો સરસ છે કે તેવી નોકરી માટે કોઇપણ માણસ મગરૂર થઇ શકે. આટલી લાંબા વખત સુધીની સરસ નોકરી વાળા માણસને કોઇપણ જાતના બદલા વગર આમ કાઢી મેલવામાં આવે તે ઘણી અફસોસભરી સ્થિતિ ગણાય. આ હીંદીઓને પગાર અપાય છે તે માત્ર જુજ છે. મારી ખાત્રી છે કે આ હીંદીઓની જગ્યાએ ગોરા હોત તો તેમના તરફ જુદુંજ વરતન બતાવવામાં આવત.

અને કન્ઝરવેટિવ હોસ્પીટલ જોઈએ કે ટ્રાન્સવાલના જાણીતા વેપારી મી. અબદુલ ગનીના મરણઆબી આવા રવિવારે મુંબઈ રહેમતે પહોંચ્યાં છે.

મુખ્ય કોઠીથી એક હીંદી લખે છે કે બસુટોલેંડમાં વસતા હીંદીઓએ એક અરજી સરકારને ફંડમાં આપ જાય કરવા આ પ્રમાણે કરેલ, અને તેની નકલ તા. ૨૯ જાન્યુઆરીના ઇ. ઓ. માં બહાર પડેલ. તેનું પરીણામ કાંઈ આવ્યુ જણાતું નથી તો તે બાબત આગેવાનો ફરીથી સરકારનું ધ્યાન ખેંચશે એમ હું ઉમેદ રાખું છું.

ઓગસ્ટ ૧૧ તારીખની ડુંડીના મી. જે. સ્મીથ સ્થાનીક છાપામાં એક અરજપત્રીના જવાબમાં નીચે મુજબ લખે છે: હીંદુસ્થાનની ઉત્તર સરહદમાં મળેલા અનુભવ ઉપરથી હું લખું છું કે નાતાલની શેરીઓમાં જુઓ છો તે વરગના હીંદી સઘળા નથી. હું આ હીંદી જુવાનોની સાથે ઉભો રહી લડેલો છું. અને રણક્ષેત્રમાં તેઓ કેટલા કીમતી છે તે હું સારી રીતે જાણું છું ૧૮૯૪ ની બ્લેકમાઉન્ટન, ૯૫ ની ચીત્રાલ અને ૯૭—૯૮ માં તીરાહની લડાઈઓમાં તેઓની સાથે હું ફરેલો છું અને મને ખાત્રી થઇ છે કે રણક્ષેત્રમાં તેના જેવા કોઇ બહાદુર ન હતા. તેઓ તરવાર સરસ ફેરવી જાણે છે અને અનુભવથી હું કહી શકું છું કે તેઓ છેલ્લો માણસ પડતા સુધી લડે તેવા છે.

જોહાનીસબરગમાં તા. ૧૬ સપ્ટેમ્બરે હમાલ લોકોની એક સભા શ્રી. કાસમ હુસેનના પ્રમુખપણા નીચે મળી હતી. તે વખતે ઇમ્પીરીઅલ રીલીફ ફંડમાં મદદ કરવાને પા. ૨ ૬-૦ ની રકમ ભેળી થઈ હતી

દેસાઈ મગનભાઈ અભુભાઇ આબેનીઆના સરનામા માટે તેના કુટુંબીઓના કેટલાક કાગળો મળેલા છે. કોઇ વાંચકની જાણમાં હોય તો તે સરનામું મોકલવાથી અમે તે ઘટતે ઠેકાણે મોકલી આપશું

ડરબનમાં મેન્સફીલ્ડ રોડ ઉપર એક હીંદી ધોબીએ બે હીંદીઓને ધોયેલા કપડા રાખવાના ઓરડામાં સુવાડેલા. તે માટે તેના ઉપર ગયે અઠવાડીએ પોલીસ કોરટમાં કામ ચાલ્યું હતું. માજીસ્ટ્રેટે ટીકા કરતાં આરોપીને જણાવ્યું કે તંદુરસ્તીના નીયમો જાળવવા ખાતર આવા ગુન્હા [illegible] બંધ કરવાની જરૂર છે. આ વખતે આરોપીને છોડી મુકવામાં આવ્યો હતો પણ હવે પછી નવા ગુન્હા માટે સખત શીક્ષા કરવામાં આવશે એવી ચેતવણી આપવામાં આવી હતી.

વેટરન્સ ડોરપના અબદુલ રહેમાને યુનીઅન ડીફેન્સ લશકરના ઉપયોગ માટે પાંચ બેગ મકાઈ વગેરેની મદદ મોકલી હતી તેનો તે ખાતાના વડા તરફથી આભાર સહીત સ્વીકાર કરવામાં આવ્યો છે

લડાઇમાં ઘવાયેલા જે અમલદારોના તા. ૩ સપ્ટેમ્બરના રોજ બહાર પડેલી યાદીમાં લોરડ હાર્ડીંન્જના મોટા દીકરા લે. એલેક્ઝાન્ડર બી. સી. હારડીંગનું નામ છે.

હીંદુ યુનીવર્સીટી ફંડમાં હીંદુસ્તાન ખાતે લાખો રૂપીઆનો ફાળો થયો હોય તેના ઉપર સરકારનો કાબુ રહે એ બાબતમાં લીધે નારાજગી બતાવતા મા. રાજા ખીહારી ઘોસ અને મુંબઇના આઝ હૈદર મી. નરીમાન મેઘજી ઓકળાદાસે તે ફાળામાં ભરેલી મોટી રકમો પાછી ખેંચી લીધી છે.

નાતાલ ઇંડીઅન આરટેટ કમીટીના ઓનરરી સેક્રેટરીને મેયરના વોર રીલીફ ફંડના સેક્રેટરી તરફથી હીંદી બારટેન્ડરમાંથી ફંડ ભેગા કરેલાનો આભાર માનનારો કાગળ મળ્યો છે.

હીંદ સ્વરાજ્ય

આ પુસ્તકની પહેલી આવૃત્તિ ખપી જવાથી ફરીને છાપ્યું છે. તેની આ નવી આવૃતીની પ્રસ્તાવનામાં મી. ગાંધી લખે છે:— હીંદ સ્વરાજ્ય મેં ૧૯૦૯ની સાલમાં વિલાયતથી આવતાં સ્ટીમર ઉપર લખ્યું. તે મુંબઇ ઇલાકામાં જપ્ત થવાથી તેનો તરજુમો મેં ૧૯૧૦ની સાલમાં બહાર પાડ્યો. તેમાં જણાવેલા વિચારો પ્રગટ થવાને સાડાચાર પાંચ વરસ થયાં. તે દરમ્યાન તે માંહેના વિચારો વિષે મારી સાથે ઘણા માણસોએ ચરચા કરી. ઈંગ્રેજી તેમજ હીંદી અખબારોએ પત્ર વહેવાર ચલાવ્યો. ઘણાએ મતભેદ જણાવ્યા. છતાં મેં જે વિચારો દર્શાવ્યા છે તે પરિણામે વધારે મજબુત થયા છે. મને જો વખત હોય તો હું તેજ વિચારો દાખલા દલીલ સાથે વધારે લંબાણથી લખું. તેમાં ફેરફાર કરવાનું મને કારણ જ નથી.

એકજ વાત ઉપર ટીકા કરવાનું મને મન થાય છે. મારે કાને એવા ભણકારા પડ્યા છે કે જો કે હીંદ સ્વરાજનું શિક્ષણ કોઇ પણ સમયે અને કોઇ પણ સ્થિતિમાં શરિર બળ વાપરવા તરફ નથી અને સદાય આત્મ બળથી ધારેલું પાર પાડવા તરફ છે તો પણ તે શિક્ષણનું પરિણામ ઈંગ્રેજો તરફ તિરસ્કાર ઉત્પન્ન કરવાનું અને તેઓની સાથે દારૂ ગોળાથી લડી અથવા તેઓને બીજી રીતે મારી હીંદમાંથી હાંકી કાઢવાના વિચાર ઉત્પન્ન કરવાનું આવેલું છે. આ જાણી હું દુઃખી થયો છું. હીંદ સ્વરાજ લખવાનો એ હેતુ જરાએ ન હતો અને જેઓએ ઉપર પ્રમાણે વિચાર તે લખાણમાંથી ઘટાવી કાઢ્યા છે તેઓ તે લખાણ બીલકુલ નથી સમજ્યા એમજ મારે કહેવું જોઇએ. હું પોતે ઈંગ્રેજો અથવા તો કોઇ પણ પ્રજા કે માનવી તરફ તિરસ્કારની નજરે જોતો નથી. જીવ માત્ર, જેમ મહાસાગરમાં રહેલાં બધાં બીંદુ એક જ છે તેમ, એકજ છે. જીવ સાગરમાં રહેલા આપણે બધા જીવો એકજ અને બહુજ નીકટ સબંધ રાખનાર છીએ એમ માનું છું. જે બીંદુ નોખું થાય તે સુકાઇ જાય છે તેમ જે જીવ પોતાને બીજા કરતા નોખો માને છે તે બીંદુની માફક નાશ પામે છે. હું તો યુરોપના આજકાલના સુધારાનો કટ્ટો દુશ્મન છું. તે વિચાર હીંદ સ્વરાજમાં ખીલવવા પ્રયત્ન કર્યો છે અને બતાવ્યું છે કે હીંદની કઢંગી દશાને સારૂં ઈંગ્રેજો દોષિત નથી પણ આપણે જેઓએ આધુનિક સુધારો કબુલ કર્યો છે તેઓ છે. જો આપણે તે સુધારો છોડી પ્રાચીન સુધારો જેમાં ખરી ધરમ—નીતિનો સમાસ થઇ જાય છે તે પાછો ગ્રહણ કરીએ તો હીંદ આજેજ મુક્તિ પામી શકે છે. દુન્યવી પ્રવૃતિમાંથી નિવૃત થઇ ધારમિક પ્રવૃતિ લેવી એ હીંદ સ્વરાજ સમજવાની ચાવી છે આ પ્રવૃતિમાં કોઈ પણ કાળે કાળા કે ગોરા કોઇ પણ મનુષ્યની કોઇ પણ પ્રકારે હીંસા કરવાનો સમાવેશ થાયજ નહીં. —કી. ટપાલ ખરચ સાથે ૭ પેની.

બાળગંગાધર તીલકના મત અને વિચાર—આ વિચારો સાથે કોટવલિ સંક્ષેપમાં જણાવ્યા છે, કીમત ૬ પેની, પો. ૧ પેની.

રામાયણ અને મહાભારત 'અંગ્રેજી'—મરહુમ રામેશ દત્તે કરેલા તરજુમો. કીમત ટપાલ ખરચ સાથે શી. ૨-૯.

પ્રખ્યાત કવી શેખ સાદીનાં ગુલીસ્તાન અને બોસ્તાન. દરેક ભાગની કીમત ટપાલ ખરચ સાથે શી. ૧-૯.

મળવાનુ ઠેકાણું:

મેનેજર, ઈન્ટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ,

ફીનીક્સ—નાતાલ

ગુજરાતી પુસ્તકો

નીચેનાં પુસ્તકો સીવાયનાં બીજાં વેચાણ થયાં છે.

	કીમત શી. પે	પોસ્ટેજ પેની
કાવ્ય દોહન ભાગ ૧ લો	૨-૬	૯
કાવ્ય દોહન ભાગ ૨ જો	૩-૯	૯
કાવ્ય દોહન ભાગ ૩ જો	૩-૯	૯
સ્વર્ગની સીડી	૨-૬	૫
જગ વિખ્યાત મુસ્લીમ ફીલોસોફર અને ફાધર ડેમિયનનાં ચરિત્ર	૧-૦	૩
આનંદીબાઈ જોશી	૦-૬	૧
બાળપોથી	૦-૩	૧
ગુજરાતી પહેલી ચોપડી	૦-૪	૧
" બીજી "	૦-૫	૧
" ત્રીજી "	૦-૮	૨
" ચોથી "	૦-૮	૨
" પાંચમી "	૦-૧૦	૩
દેશી હીસાબ ભાગ પહેલો	૦-૩	૧
શ્રીમદ ભગવદ ગીતા પાકું પુઠું	૦-૬	૧
" વિશેષ સોનેરી ને સુંદર પુઠું	૧-૦	૨
" ખીસામાં રાખવા લાયક ગુટકો	૦-૪	૧

મો. ક. ગાંધીનો જન્મ વૃતાંત – રેવ ડોક લખેલ અંગ્રેજી પુસ્તકનું એ ભાષાંતર છે. એમાં શરૂઆતમાં લૉર્ડ એમ્પથીલનો ઉપોદ્ઘાત છે જેમાં તેમણે મી ગાંધીના સંબંધમાં જે વિચારો આપ્યા છે તેનો ચિતાર આપ્યો છે. વળી ભાષાંતરકરતાની પ્રસ્તાવના જે લગભગ ૮૦ પાના છે તે વાંચવા લાયક છે. આ પુસ્તકમાં મી. ગાંધીની કારકીરદી સાથે દ. આફ્રીકાના. લડતનું વરણન કરેલું છે. પાકું પુઠું કી. શી ૧ ૬. ટપાલ ખરચ ૩ પેની

મુડબસજ—આ વારતા મહાન મરહૂમ ટોલસ્ટોયની 'આર્લબન થી ફુલ' નામની અતિ રસીક વારતાનો તરજુમો છે કીંમત ૬ પેની, ટપાલ ખરચ ૧ પેની.

કાયદા સામે પ્રજાની ફરજ (ગુજરાતીમાં)—થોરો નામનો મહાન માણસ ઘણા વરસો ઉપર અમેરીકામાં થઇ ગયો છે, તેનાં લખાણો લાખો માણસો વાંચે છે અને તેનું મનન કરે છે, અને કેટલાક તે પ્રમાણે વરતે છે થોરો પોતે જેટલું લખતા તેટલું કરનારો હતો તેથી તેનાં લખાણો ઉપર બહુ વજન રાખવામાં આવે છે. તેણે પોતે અમેરીકાની સામે એટલે પોતાના દેશની સામે પોતાની ફરજ સમજાને આ લખેલું છે. તે એમ માનતો કે અમેરીકાના લોકો ગુલામગીરી માં ઘણા માણસોને રાખતા એ મોટું પાપ હતું. પોતે એકલું લખીને સંતોષ નહોતો માનતો, પણ અમેરીકાના શહેરી તરીકે એ પ્રથાને અટકાવવાને સારૂં બીજા જે ઉપાયો લેવા ઘટે તે પણ લીધા. તેમાંનો એક ઉપાય એ હતો કે જે રાજ્યની અંદર ગુલામીનો વેપાર ચાલે તે રાજ્યને કર નહિ આપવો નહી. તેથી જ્યારે પોતાનો કર આપવાનું બંધ કર્યું ત્યારે તેને જેલમાં મોકલવામાં આવ્યો હતો. તે જેલમાં તેના મનની અંદર જે વિચારો આવ્યા તે વિચારો ઘણા ઉંચા અને સ્વતંત્ર હતા. અને તે વિચારો આ પુસ્તકમાં આપેલ છે. કીમત ૪ પેની પોસ્ટેજ ૧ પેની.

પુર્વ અને પશ્ચિમ—આ અસલ અંગ્રેજ પ્રખ્યાત બહુવિદ્વાન ને અનુભવી અંગ્રેજ છે. તેણે પોતાનાજ સુધારાનું ઘણો સરસ રીતે ખંડન કર્યું છે. પશ્ચિમની નીતિને વખોડી છે અંગ્રેજી પાર્લામેન્ટને વખોડી છે. ચીનના લોકોનાં બંધારણ નો આબેહુબ ચિતાર આપીને બતાવી આપ્યું છે કે ચીનના લોકોને પશ્ચિમના લોકો પાસેથી કંઇ શીખવાનું નથી રહ્યું. પશ્ચિમની નીતિ તો નહીંજ કેમકે તે નીતિનું મુળ ખ્રીસ્તી ધર્મ માં છે. પશ્ચિમના સંચાકામ નહીં કેમકે તેથી ઘણા માણસો નમાલા ને ગુલામ બની ગયા છે. પશ્ચિમનાં શહેરો નહીં, કેમકે શહેરોની ધમાલથી લોકો બ્હાવરા બની ગયા છે ને ઇશ્વરને તદન ભુલી ગયા છે. પશ્ચિમની રાજનીતિ નહીં, કે જેમ રાજનીતિને પરિણામે બીજી પ્રજાઓ ઉપર ઉપકારને નામે અપકાર થયો છે, તેઓના રક્ષણને બહાને તેઓનો નાશ થયો છે. આ બધું ઉપરના લેખોમાં ઘણીજ અસરકારક રીતે બતાવવામાં આવ્યું છે. કીમત ૭ પેની; ટપાલ ખરચ ૧ પે.

સુધારાના ભવાડા—હીંદને ખરૂં જોખમ શું છે તે વિષે મી. જસ્ટીસ અમીર અલીએ 'નાઇન્ટીન્થ સેન્ચુરી' માં એક જાણવા લાયક લેખ લખ્યો હતો. આ લખાણનો ગુજરાતી તરજુમો આ નાનકડા ચોપાનીયામાં આપેલો છે. સુધારાનો ચિતાર, કોલોનીમાં ગેરવરતણુંક, સુધરેલી ગુલામગીરી વીગેરે વિષયોનો આ લેખમાં સમાવેશ કર્યો છે. કીમત ૩ પેની; ટપાલ ખરચ ૧ પેની.

મારો જેલનો અનુભવ ભાગ ૧, ૨ અને ૩—આ ત્રણે નાનકડા પુસ્તકમાં મી. ગાંધીએ સત્યાગ્રહની લડતને વખતે પોતાને મળેલી જેલની હકીકત લખી છે. જેલનાં રીત રીવાજ ઉપરાંત આ ત્રણે ચોપડીઓમાંથી સત્યાગ્રહ અને તે વિષે મી. ગાંધીના વિચારોનું સુંદર અવલોકન મળી શકે છે. ત્રણે ભાગની કીમત ટપાલ ખરચ સાથે શી. ૧-૨ છે.

માણસ કેટલી જમીનનો માલિક થઇ શકે?—આ વારતા મરહુમ મહાન ટોલસ્ટોયની એક રસીક અને બોધક વારતાનો તરજુમો છે. કીમત ૩ પેની, પોસ્ટેજ ૧ પેની

નીતિનાં કાવ્ય — ઉંચા બહાર પડેલ આ પુસ્તકના બીજાં ૧૬ પાનાં ઉમેરવામા આવ્યાં છે છતાં તેની કીમત પેની ૩ જ રાખેલી છે પોસ્ટેજ ૧ પેની

નવાં અંગ્રેજી પુસ્તકો

સ્વદેશી ચીલવળ—બંગાળના ભાગલાને પરિણામે હીંદુસ્તાનમાં જે સ્વદેશી હીલચાલનો જન્મ થયો છે તે ઉપર દેશના ૫૦ જેટલા નામાંકીત નરોએ જે વિચારો બતાવ્યા છે તે આ પુસ્તકમા આપેલા છે. આ વિષય ઉપર લખનાર કેટલાકનાં નામ આ મુજબ છે: દાદાભાઈ નવરોજી, શ્રીમંત ગાયકવાડ સરકાર, ડૉ. રાસ બીહારી ઘોસ, ઓનર. મહમદ યુસફખાન બહાદુર, રાજા પ્યારી મોહન મુકરજી, લાલા લજપતરાય, બાબુ સુરેન્દ્રનાથ બેનરજી, રેવરન્ડ જે. ટી. સન્ડરલેન્ડ, ડૉ. આનંદ કુમારસ્વામી, બાબુ અશ્વિનીકુમાર દત્ત, દીવાન બહાદુર અંબાલાલ દેસાઇ, પંડીત મદનમોહન માલવીયા, ભાઇ પરમાનંદ, અબ્દુલ હલીમ ગઝનવી, સુધીર મુકરજી, લાલા હરદયાળ, મૌલવી કમરૂદીન ચૌધરી અને બીજા કેટલાક નામાંકીત પુરૂષો. કીમત શી. ૨; ટપાલ ખરચ ૩ પેની.

હાતમ તાઈની વાર્તા અને બીજાં ટૂંક—મરહુમ ટૉલ્સ્ટૉયના લખેલાં કથાઓમાં આ ચડતી અસર જણાય છે. કીમત ટપાલ ખરચ સાથે શી. ૨-૧૦.

એલીસ ઇન વન્ડરલૅન્ડ—આ વાર્તા બોધદાયક છે કીમત ટપાલ ખરચ સાથે શી. ૧-૯.

ઇસપ્સ ફેબલ્સ—ઇસપની કહાણીઓનું અંગ્રેજી સાદુ અને છોકરાઓ સમજી શકે તેવું છે. કી. ટ. ખરચ સાથે શી. ૧-૪

બોસ્તાન—ગુલીસ્તાનના જેવીજ વાર્તાઓ શેખ સાદીએ આ પુસ્તકમાં લખી છે. કીમત ટપાલ ખરચ સાથે ૨-૯.

હદીસનું રવાયત—મોહમદ અબ્દુલ મજીદે અરેબીકમાંથી તરજુમો કર્યો છે. કી. શી. ૧-૯.

મહમદ પેગમ્બરનું જીવન ચરિત્ર—વોશીંગટન ઈરવીંગકૃત કીમત શી. ૧-૯.

મહમદ ધી ગ્રેટ અરેબીઅન—મેરીડીથ ટાઉનસેંડ કૃત કીમત શી. ૧-૯.

મહોમેડેનીઝમ અથવા મુસલમાની ધર્મ. કી. શી ૧ ૯.

ધી ફ્યુચર ઑફ ઈસ્લામ—મુસલમાની દુનિયાના પુરા માહીતગાર મી. ડબલ્યુ. એસ. બ્લંટે "ફોર્ટ નાઈટલી રીવ્યુ" માં લખેલા પાંચ નિબંધો આ પુસ્તકમાં છે. કીમત ટપાલ ખર્ચ સાથે શી. ૪/

પરશીઅન મીસ્ટીક્સ ભાગ ૧ અને ૨ તેમાં જલાલુદીન રૂમી અને નુરૂદીન અબ્દુલ રહેમાન જામીનાં લખાણો છે દરેક ભાગની કીમત ટપાલ ખરચ સાથે શી. ૨ ૯

અરેબીઅન વીઝડમ—અરબીકમાંથી તરજુમાને માટે ચુંટી કાઢેલી નસીયતો. દરેકની કી. શી ૧ ૯

ફીલ્ડઝ, ફેક્ટરીઝ અને વરક શૉપસ—ખેતીનો ઉદ્યોગ કેટલો સરસ રીતે થઈ શકે છે અને મહેનતના કામ સાથે મગજનું કામ કેટલું ખીલવી શકાય છે તે વીષે પ્રીન્સ ક્રોપોટકીને આ પુસ્તકમાં ઘણું સરસ ચીતાર આપ્યો છે. કી. ટપાલ ખર્ચ સાથે ૧/૯

મક્કા અને મદીનાની યાત્રા—લખનાર સર કેપ્ટન રીચારડ એફ. બરટન આ પુસ્તક બે ભાગ મળી ૯૦૦ જેટલા પાન માં લખાયું છે તેના પહેલા ભાગમાં મીસરમાં આલેક્ઝાંડ્રીઆ, સુએઝ, કેરો, નાઈલ વગેરેનું તથા મદીનાની અંદર પેગંબર સાહેબની મઝાર શરીફ વગેરેનું વરણન છે. બીજા ભાગમાં મક્કામાં લખનારે જે જે ભાગ જોયા તે તથા બીજી યાત્રાઓનાં વરણન છે, બને ભાગની ટપાલ સાથે કીમત શી ૮-૬.

હીંદની કળા ઉદ્યોગ અને કેળવણી ઉપરના નીબંધો આ પુસ્તકમાં ૬ નીબંધો છે. (૧) તાજ અને તેની રચના. (૨) હીંદી કારીગીરી, (૩) હીંદમાં હુન્નર અને કેળવણી. (૪) હીંદી કારભાર અને સ્વદેશી (૫) હીંદમાં કળા અને ગ્રામ્યશાખાનો સુધારો, અને (૬) કળાનો ઉપયોગ કીમત, ટપાલ ખરચ સાથે શી. ૨-૩.

શકુન્તલા—કવી કાલીદાસના પ્રખ્યાત નાટકનો તરજુમો આમાં રઘુવંશ મેઘદુત, ઉર્વશી વગેરે નાટકના તરજુમા છે કીમત ટપાલ ખરચ સાથે શી. ૧-૯.

સેલ્ફ હેલ્પ, કેરેક્ટર અને થ્રીફ્ટ, એંડ ડ્યુટી—ડા. સ્માઈલ્સના આ ઘણા ઉપયોગી પુસ્તકોની અનેક ભાષાઓમાં ઘણી આવૃત્તીઓ છપાઈ ચુકી છે ખંત, મહેનત અને ઉમદા ચારિત્રથી માણસ કેટલે સુધી ચઢી શકે છે તેના આ પુસ્તકોમા અસંખ્ય દાખલા તથા રસ્તાઓ આપેલા છે. દરેકની કી શી. ૧/૬ દરેકનું ટપાલ ખર્ચ ચાર પાંચ પેની.

ઇન્ડીઅન હોમ રૂલ—હીંદનું ખરું સ્વરાજ્ય શું છે. તે વીષે મી. ગાંધીના વિચારો સંવાદ રૂપે અંગ્રેજીમાં આપ્યા છે. કીમત ૬ પેની, પો. ૧ પેની.

મી. ગોખલેના દક્ષિણ આફ્રિકાના પ્રવાસનું પુસ્તક—મી. ગોખલે કેપટાઉન ખાતે ઉતર્યા ત્યારથી તે ઝાંઝીબાર, જોહાનીસબરગ, મેરીત્સબરગ, ડરબન અને પ્રીટોરીઆ ખાતે જે જે મેળાવડાઓ થયા તેની તેમજ બીજા બનાવોની સંપુર્ણ નોંધ આ પુસ્તકમાં છાપેલી છે. મજકુર જગાઓ તેમજ દક્ષિણ આફ્રિકાના બીજા જુદા જુદા ભાગોમાંથી અને પુર્વ આફ્રિકમાંથી મી. ગોખલેને જે જે માનપત્રો મળ્યા તેની નકલો અને તે ઉપરાંત ત્રણ પુરવણીઓ આ પુસ્તકમાં છાપી છે. નાતાલ, ફ્રી સ્ટેટ, કેપ તથા ટ્રાન્સવાલના હીંદીઓ ઉપર પડતી હાડમારીની જે જે નોંધો મી. ગોખલેને મળી હતી તે બધી પ્રથમ પુરવણીમાં છે; બીજી પુરવણીમાં મી. ગોખલેની મુસાફરી દરમીયાન જુદા જુદા ભાષણો, ટીકાકારો, ખાસ મુલાકાત લેનારાઓ અને બીજા લખનારાઓ તરફથી દક્ષિણ આફ્રિકાના હીંદી સવાલ ઉપર જે કાંઈ ઉપયોગી કહેવાના આવ્યું હતું તે બધું છે; અને ત્રીજી પુરવણીમાં અહીંના ચારે કોલોનીના હીંદીઓને લગતા ઈમીગ્રેશન, લાઇસેન્સ, કેળવણી, મ્યુનીસીપલ રેલવે વગેરે વગેરેના કાયદાઓમાંથી ઉપયોગી ટાચણ આપેલાં છે. હીંદી સવાલનો ઇતીહાસ જાણવાને માટે આ આખું પુસ્તક ઘણી ઉપયોગી છે. એ ઉપરાંત જુદી જુદી વખતે લીધેલા કેટલાક જલસાઓ, કારડુનો તથા માનપત્રોનાં સુંદર ચિત્રો આ પુસ્તકમાં આપેલાં છે. કીમત શી ૨-૬ ટપાલ ખરચ ૩ પેની.

મી. એન્ડરુસનું ભાષણ—મી. એંડ્રુસે ફીજી વિલાયત ઉપડતાં પહેલાં ટાઉન હોલમાં કવીરાજ બાબુ રવીંદ્રનાથ ટાગોર વિષે ભાષણ આપેલું તે સહુને યાદ હશે. તે ભાષણ વખતે લેડી ગ્લૅડસ્ટન મી. મેરીમેન વિગેરે ગ્રહસ્થો હાજર હતા. તે ભાષણની ઘણીજ સરસ અસર થએલી. એ ભાષણ હવે હાથની બનાવટના કાગળમાં સુંદર રીતે કેપ 'ટાઇમ્સ' પ્રેસમાં છપાવવામાં આવ્યું છે. તેની કિમત પોસ્ટેજ સુધા ૭ પેની રાખવામા આવે છે ને અમને તેટલી સ્ટૅમ્પ મળવાથી અમે જ્યાં મોકલવાનું અમને લખવામાં આવશે ત્યાં મોકલી આપશું. આ ભાષણ અહીંના બધા જાણીતા ગોરાઓનાં હાથમાં જવું જોઈએ. અમે હીંદી વાચનારને આગ્રહ કરીએ છીએ કે તેમણે આ ભાષણ પોતાના ઓળખીતા ગોરાને મોકલવું. અમને જો પઇસા મોકલી ગોરાની ચુંટણી કરવાનું કહેવામાં આવશે તો અમે તેમ પણ કરવા તઇયાર છીએ. એક હજાર નકલો છપાવવામાં આવી છે, અમારી પાસે સાતસો નકલ બાકી છે. ને તેટલી તુરત ઉપડી જશે એવું અમે ઇચ્છીએ છીએ. છપામણી ખરચ બાદ જતાં જે પઇસા વધશે તે શાંતિનીકેતનની નીશાળને સારુ મી. એંડ્રુસને મોકલવામાં આવશે.

[illegible]—વેદાંતના તત્વજ્ઞાન વિષે વિવેચન. કી. શી. ૨-૯

લાઇટ ઑફ એશીઆ અથવા બુદ્ધચરિત્ર. કી. શી. ૨-૩.

સોંગ સેલેસ્ટીઅલ-એડવીન આરનોલ્ડે કરેલ ભગવદગીતાનો તરજુમો. કીમત ટપાલ ખરચ સાથે શી. ૧-૩

[illegible], અરબી અને ઈરાનની વાર્તાઓ અને કહેવતો—આ રસીક વાર્તાઓ ભેળી કરીને મીસ [illegible] અંગ્રેજીમાં લખી છે. કી. ટપાલ ખરચ સાથે શી. ૧-૮.

રૂબાયત ઑફ ઉમરખય્યામ ચીત્રો સાથે કી. ટપાલ ખર્ચ સાથે શી. ૧ ૧૩

અઠવાડીક પંચાંગ.

અંગ્રેજી—તા. ૩૦ સપ્ટેમ્બરથી તા. ૬ ઓક્ટોબર સુધી ઈ. સ. ૧૯૧૪.
હીંદુ—આસો સુદ ૧૧ થી આસો વદ ૨ સુધી સંવત ૧૯૭૦.
મુસલમાન—તા. ૯ જીલકાદથી તા. ૧૫ જીલકાદ સુધી ૧૩૩૨ હીજરી.
પારસી—તા. ૧૯ થી તા. ૨૫ સુધી ૧૨૮૪.

વાર	અં. તા.	હીંદુ તિથિ	મુ. તા.	પા. સ.	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી
બુધ	૩૦	સુદ ૧૧	૯	૧૯	૫ ૩૮	૫—૫૮
ગુરૂ	૧	,, ૧૨	૧૦	૨૦	૫—૩૭	૫—૫૯
શુક્ર	૨	,, ૧૩	૧૧	૨૧	૫—૩૬	૫—૫૯
શની	૩	,, ૧૪	૧૨	૨૨	૫—૩૫	૬— ૦
રવી	૪	,, ૧૫	૧૩	૨૩	૫—૩૪	૬— ૦
સોમ	૫	વદ ૧	૧૪	૨૪	૫ ૩૨	૬— ૧
મંગળ	૬	,, ૨	૧૫	૨૫	૫ ૩૧	૬— ૧

Indian Opinion
SUBSCRIPTION RATES

Within the Union

	s.	d.
Yearly	14	0
Half-yearly	8	0
Quarterly	5	0
Per copy by post		4

Subscriptions are all payable **Strictly in Advance**, and if sent by cheque, 6d. extra should be added for bank commission (except from Durban).

Intending subscribers will kindly note that we do not accept subscriptions for less than a quarter.

The rates outside the Union are 15s. 9s. and 6s. respectively.

Cash with Order
INTERNATIONAL PRINTING PRESS,
Phoenix, Natal.

કાયદા સામે થવાની ફરજ

હેનરી ડેવીડ થોરોના
અંગ્રેજી પુસ્તક
ON THE DUTY OF CIVIL DISOBEDIENCE
માંથી ગુજરાતી તરજુમો.
કીંમત ૩ પેની, પોસ્ટેજ ૧ પેની

ઇન્ટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ તરફથી બહાર પાડવામાં આવેલાં પુસ્તકો

	શી.	પે.
ગીતાજીનો ખીસામાં રાખવા જેવડો નાનો ગુટકો	૦	૪
હીંદ સ્વરાજ્ય ગુજરાતીમાં	૦	૬
હીંદ સ્વરાજ્ય અંગ્રેજીમાં	૦	૬
કાયદા સામે થવાની ફરજ	૦	૩
મી. ટોલ્સટોયનાં મત અને વિચાર	૦	૬
આરોગ્યતા વિષે સામાન્ય જ્ઞાન ભાગ ૧ લો	૦	૬
ભાગ ૨ જો	૦	૬
નીતિનાશને માર્ગે	૦	૩
શરીર સંપત્ત	૦	૩
જસમાની ગરબી	૦	૧
એક હીંદુ પ્રત્યે ટોલસ્ટોયને કાગળ	૦	૧
મારો જેલનો ૧ લો અનુભવ (મી. ગાંધી)	૦	૩
,, ૨ જો ,,	૦	૬
,, ૩ જો ,, ,,	૦	૩
પુર્વ અને પશ્ચિમ	૦	૬
ઓન. મી. ગોખલે અને ગીરમીટના સવાલ ઉપર ચરચા	૦	૬
ઉપરનું પુસ્તક અંગ્રેજીમાં	૦	૬
એક સત્યવીરની કથા (આ પુસ્તકમાં જુનાની સોક્રેટીસનું મરણ સમયનું ભાષણ છે)	૦	૬
માણસને કેટલી જમીનનો ખપ હોઈ શકે ?	૦	૩
ઇશ્વરનો	૦	૬
સત્ય વિના બીજું કશું નથી	૦	૪
જીવન દોરી	૦	૧
મુસ્તફા કામેલ પાશાનું જીવન ચરિત્ર	૦	૩
મુસ્તફા કામેલ પાશાનું ભાષણ	૦	૧
સત્યાગ્રહનો ઇનામી નિબંધ	૦	૩
સુધારાના સવાલ	૦	૩
સર્વોદય (આ મહાન અંગ્રેજ લેખક રસ્કીનનાં સર્વોત્તમ પુસ્તકનો આધારરૂપ છે)	૦	૬
હીંદી બારીસ્ટર અને ખેડુતનો સંવાદ	૦	૩

ઉપરની કીમતમાં દરેક ચોપડીને માટે ટપાલ ખરચની એક પેની ઉમેરવી.

પોસ્ટલ ઓરડર ક્રોસ કરવા નહીં અને ન. પઇસા મળવાની જગ્યાએ ફીનીક્સ પોસ્ટ ઓફીસ નહીં લખવું પણ ડરબન પોસ્ટ ઓફીસ લખવું.

પુસ્તક મગાવવાનું ઠેકાણું—

ઇન્ટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ,
ફીનિક્સ, નાતાલ.

હીંદ સ્વરાજ્ય

[ગુજરાતીમાં]

કીમત ૬ પેની. પોસ્ટેજ ૧ પેની.

હીંદી બારીસ્ટર અને ખેડુતનો સંવાદ

લખનાર: પ્રાગજી ખંડુભાઇ દેસાઇ

કીમત ૩ પેની ટપાલ ખરચ ૧ પેની

ખાસ ઘટાડેલી કીમતે
ઓન. મી. ગોખલેની દક્ષીણ આફ્રીકાની મુસાફરીનો હેવાલ

મી. ગોખલેના દક્ષિણ આફ્રિકાના પ્રવાસનું ઈંગરેજીમા વરણન—તેમાં તેમની મુસાફરી દરમીઆન પાડેલી છબીઓ, હીંદી આગેવાનોની છબી, જનરલ બોથાને જનરલ સ્મટસની છબી, અને તેમને મળેલા સુંદર માનપત્રોની છબી, સરસ કાગળ ઉપર છાપેલી છે. આ પુસ્તક ઈંગરેજી નહીં જાણનાર હીંદી પણ છબીઓને સારૂ લઈ શકે છે ને વળી કોઈ પણ પોતાને ઓળખનાર ગોરાને ભેટ આપી શકે છે અથવા ઈંગરેજી જાણનાર હીંદી ભાઈબંધને દેશ ભેટ તરીકે મોકલી શકે છે. કીમત શી. ૨—૬ ; ટપાલ ખરચ પેની ૩

ઈ. ઓ. ના લવાજમના દર

યુનીઅન —કેપ, નાતાલ, ટ્રાંસવાલ ઓરેંજીઆમાં

વારષિક		૧૪	૦
છમાસિક	૦	૮	૦
ત્રિમાસિક	૦	૫	૦
નકલની	૦	૦	૪

બધાં લવાજમ અગાઉથીજ લેવાનો ધારો છે.

યુનીઅનની બહાર ઘરાકનો દર વારષિક શી. ૧૫, છમાસિક શી. ૯, અને ત્રિમાસિક શી. ૬ છે, જો ઘરાક ચેક મોકલે તો કમીશનની ૭ પેની (ડરબન સિવાયની બેંકમાંથી) ઉપલા દરમાં ઉમેરવી. અમે ત્રણ માસથી ઓછા લવાજમ લેતા નથી. એ તરફ વાંચનાર ધ્યાન ખેંચીએ છીએ.

આ પત્ર છાપનાર ઇન્ટરનેશનલ પ્રીન્ટીંગ પ્રેસ, ફીનીક્સ, નાતાલ.

ઇન્ડિયન ઓપિનિયન.

પુસ્તક ૧૨ મું. ફીનીક્સ, બુધવાર, તારીખ ૩૦ મી સપ્ટેમ્બર, ૧૯૧૪. અંક ૩૯.

પછી ત્યાં જઇ વસવાનું પણ કહી શકત. આમાં દ. આફ્રિકાનું મુંબઇ શું કથન ?"

[આ રીપોર્ટ અમે નાતાલ 'વીટનેસ' માંથી લીધેલો છે. 'મરક્યુરી' ના રીપોર્ટમાં 'ઇંડીઅન' શબ્દની જગ્યાએ 'કુલી' શબ્દ વપરાએલો જોવામાં આવે છે. અમે ઉમેદ રાખીએ છીએ કે હવાને 'મરક્યુરી' મા. જણાવેલો તોછડો શબ્દ હીંદીઓ માટે વાપરશે નહીં હોય. – અ. ઇ. ઓ.]

અધિપતિની નોંધ

ઓસ્ટ્રેલીઆ અને બ્રીટીશ કોલોનીઓમાં દાખલ થવાને હીંદીઓ પ્રયત્ન કરેછે અને તેમાં તેઓ

એક સરખામણી નિષ્ફળ નીવડે છે ત્યારે લંડન 'ટાઇમ્સ' મારફત આપણને ખબર મળે છે કે આફ્રીકાના ઉત્તરના ભાગ અલજીરીઆમાં રહેતા આરબોને ફ્રાન્સમાં ગમે તે ભાગમાં રહેવાને માટેનું ફ્રેન્ચ ની સરકાર તરફથી આમંત્રણ મોકલવામાં આવે છે. અને તે પણ ફ્રાન્સના અમુકજ ભાગમાં એમ નહીં, પરંતુ ફ્રાન્સની દક્ષીણના ભૂમધ્ય સમુદ્રના કીનારાથી છેક ઉત્તરમાં ઇંગલીશ ચાનલ સુધીના કોઇ પણ ભાગમાં. 'ટાઇમ્સ' ના ખબરપત્રી જણાવે છે કે આજે પણ હજારો આફ્રીકન મજુરો ફ્રાન્સ ની ઉત્તરમાં આવેલી કોલસાની ખાણોમાં તેમજ દક્ષીણે આવેલા દ્રાક્ષના ખેતરોમાં કામ કરે છે. ફ્રાંસની સરકાર જ્યારે પોતાની પરદેશી રૈયતને આ પ્રમાણે ઉત્તેજન આપે છે ત્યારે અંગરેજી સંસ્થાનો હીંદીઓને હડધુત કરી કાઢે છે. ઓસ્ટ્રેલીઆ ખંડ એટલો બધો વિશાળ છે કે ત્યાં લાખો ગોરાઓ વસે તોપણ તેનો મોટો ભાગ ખાલી પડી રહે તેમ છે. વળી કેટલોક ભાગ એવો છે કે ત્યાં ગોરાઓ તો વસી શકે તેમ નથી. છતાં ત્યાં પણ હીંદી, ચીના અથવા જાપાનીઝની સામે મોટી અટકાયત મુકાએલી છે. આમ ઓસ્ટ્રેલીઆ બીજાના કુતરાના જેવું કરે છે અને બીજાની સરકાર કાંઇ પણ કરી શકવાને અસમરથ બતાવે છે. બ્રીટીશ કોલોનીઓના હીંદી તરફના વરતનની આ સરખામણી બ્રીટીશ વાચકોને ખરેખર ઝાંખપ લગાડે તેવી છે.

જનરલ બોથાનું ભાષણ

ગયા અઠવાડીઆમાં ટ્રાન્સવાલના એક ખાણીના ભાષણ કરતાં જનરલ બોથાએ કહ્યું હતું કે બ્રીટીશ સરકારે જરમન સાઉથ વેસ્ટ આફ્રીકા લેવાનો તાર કર્યો છે અને જો યુનિયન સરકારે તે લેવામાં તેને મદદ કરેલ, નહીંતો વડી સરકારે ત્યાં ૬૦,૦૦૦ ઇંગ્લીશ ફોજ મોકલી આપત હત. (આ. વખત ઉપરથી સમજાય છે કે આ યુનિયન સરકારનું કેમ?) જનરલે જણાવ્યું છે, અને આના પરથી એવું લાગે છે કે યુનિયન કોલકતા વિષે જે માલુમ આપેલો છે તેની પુરી ખબર જણાતી નથી. જવાબ અને હીંદીઓ વચ્ચેના તે પછીથી ઘણું થયા છે. બ્રીટીશ સરકારે હીંદીઓને જરમન સાઉથ વેસ્ટ આફ્રીકા જીતવા હીંદુસ્તાનથી કોઇ લશ્કર મોકલવામાં આવ્યું નથી તેમ થયું હતું કે હીંદીઓને મોટી ફ્રાન્સ

ડચ પ્રજા અને સત્યાગ્રહ

ગઇ તા. ૨૬ મીએ ડચ લોકોની એક જંગાવર મીટીંગ રીટ્ઝમાં મળી હતી. તેમાં ફ્રી સ્ટેટ તરફના યુનીઅન પાર્લામેન્ટના બે સભાસદો મી. વેસલ્સ અને મી. સરફોન્ટેને જણાવેલું કે આપણા લોકો સાથે બ્રીટીશ સરકાર તરફની રાજ્યભક્તિ લઇને આપણે જન્મેલા નથી, છતાં પણ આપણા તરફની તેની ઉદારતાને ગણતી વરતણુંકથી આપણે રાજ્યભક્ત છીએ જેથી આપણે કાંઇ રાજ્યદ્રોહ નથી ફેલાવવો અગર હુલ્લડ નથી કરવાનું, પણ જે બાબતમાં સરકાર સાથે આપણે મળતા નથી તે સામે આપણે વાંધો લેવાનો છે તે સંબંધે આપણો સત્યાગ્રહ ચલાવવાનો છે. દ. આફ્રીકાના રક્ષણને માટે અને રાજ્યની સેવાની ખાતર આપણે બધાઓએ લડવા જવું એમ અમે જણાવીએ છીએ, પણ તે સાથે સરકારે જરમન સાઉથ-વેસ્ટ આફ્રીકામાં જે લશ્કર મોકલ્યું છે તે સામે સખત વાંધો ઉઠાવીએ છીએ.

ત્યાર પછી મી. સરફોન્ટેને દરખાસ્ત મુકી કે સરકારે રાખેલું સૈન્ય મોકલ્યું તે પાછું બોલાવવું.

મી. વેસલસે એક સુધારો રજુ કર્યો કે જો બધાઓને જોઇતાં હથીઆર સરકાર પુરાં પાડે તો પ્રજા પોતાનો બચાવ કરવાને તઇયાર છે.

તે સભામાં એ. બન્ને ઠરાવો પસાર થયા હતા.

કોમાગાટાના ઉતારૂઓનું કલકત્તામાં હુલ્લડ

તારીખ ૨૭ ની એક તારમાં લંડનથી રૂટર જણાવે છે કે વાનકુવરમાં ઉતરવા નહીં દીધેલા કોમાગાટા મારુના હીંદી મુસાફરો બ્રીટીશ કોલંબીઆથી કલકત્તે આવી પહોંચ્યા છે. અને ત્યાંથી કાંઇ આવી પહોંચતા મેદાન. હીંદીઓએ રીવોલ્વર અને બીજા હથીઆરો લઇ તોફાન શરૂ કર્યું છે પોલીસ અને લશ્કરને ગોળીથી બચાવ કરનારને કબજે કરવામાં આવ્યા હતા. કબજે થતાં તે પહેલાં તેમાંના ૧૬ માણસોને મારી નાખવામાં આવ્યા હતા અને કેટલાકને કબજે કરવામાં આવ્યા હતા. બાકીના ટોળામાંથી કેટલાક નાસી ગયા છે. એ અગાઉ કે બીજા અને પોલીસ સોલજરો કેટલાક મરણ પામ્યા તથા ઘાયલ થયા છે.

યુરોપની મહાન લડાઈના સમાચાર

બંગાળાના અખાતમાં જેણે એક પખવાડીઆ ઉપર ૭ બ્રીટીશ સ્ટીમરોને ડુબાડી દીધી હતી તે જરમન ક્રુઝર એમડન હજી હિંદુસ્તાનના કીનારાની આસપાસ ઘુમ્યા કરે છે લંડનથી તા. ૨૯ મીએ રવાના થએલા તારમાં ખબર છે કે ગુરૂવારે તેણે પોંડીચેરી પાસે લંગર નાખ્યું હતું. પણ પાછળથી તે ત્યાંથી નાસી ગઈ હતી.

હીંદી મહાસાગરમાં ક્રુઝર એમડન

નોકા ખાતાના પ્રધાને તા. ૨૯મી એ જાહેર કર્યું છે કે જરમન ક્રુઝર એમડને હીંદી મહાસાગરમાં નીચેની સ્ટીમરો પકડીને ડુબાડી દીધી છે. ૧ ટ્રેબેરીઓ ૨ કીંગલુડ, ૩ રીબેરીઆ, ૪ ફોઇલ, અને ૫ ક્લીઅર ગુરસ્ક. સ્ટી. ગ્રીફડેલને પકડી હતી પણ ઉપરની પકડાએલી સ્ટીમરોના ખલાસી વીગેરેને તેમાં બેસાડી તેને કોલંબો મોકલી દીધી છે

ઉપર જણાવેલી સ્ટીમર ટ્રેબેરીઓ ને રીબેરીઆ હોય તેમ માનવામાં આવે છે. આ સ્ટીમરો, ૩૩૦૦ થી ૬૫૦૦ ટન સુધીની હતી. સ્ટીમર ગુરસ્ક આ વરસેજ બંધાઇને તઇઆર થઇ હતી. આ સ્ટીમરોનું ટનેજ ૩૩૦૦ થી ૪૫૦૦ સુધીનું હતું. તેમાંની કોઇ ઉપર વાયર લેસથી તાર કરવાની ગોઠવણ હતી નહીં. આ બધી અંગ્રેજી સ્ટીમરો હતી.

હીંદી મહાસાગરમાં બીજી જરમન ક્રુઝરો

'મરક્યુરી' જણાવે છે કે થોડા દિવસ ઉપર ડરબનને કીનારે એક સ્કીપર (નાના વેપારી વહાણનો નાખુદો) આવેલ તેણે ખબર આપ્યા હતા કે એમડન ઉપરાંત સ્કારનહોરસ્ટ અને બીજી જરમન મનવાર જે જરમનના ચીનાઈ કાફલામાં હતી તે હીંદી મહાસાગરના પુરવ ભાગમાં આવેલી છે. આ સ્ટીમરોએ ડચ ઇસ્ટ ઇંડીસમાંથી કોલસો લીધેલો. ડરબનને કીનારેથી થોડા દિવસ ઉપર ગયેલી એક સ્ટીમર સ્હેજમાં બચી ગયેલી હતી તેમાં કાસને મ ટની ચીની હતી

હિંદથી હજી વિશેષ મદદ

સોમવારના તારમાં રુટર જણાવે છે કે હિંદના રાજવંશીઓ તરફથી હજુ વિશેષ મદદ ચાલી આવે છે પંદર રાજ્યો તરફથી લશ્કરી ટુકડીઓ મળી ચુકી છે અને બીજાં ૧૧ રાજ્યો તરફથી જરૂર પડશે તો ઘોડેસ્વાર લશ્કરની મદદ લેવામાં આવશે. સરહદ ઉપરના લોકો તરફથી પણ એક ટુકડી ઉભી કરવાની માગણી થએલી છે. બીજાં જુદાં જુદાં રાજ્યો તરફથી મદદ મળેલી છે હિંદુસ્તાનની શહેનશાહતમાંના નાના નાના રાજ્યોએ પણ સરસ મદદ આપી છે પોતાથી બની શકે તેવી જાતની બધી મદદ કરવાને સઘળા કોઇ આતુરતાથી બહાર પડેલા છે

ફ્રાન્સમાં હીંદી લશ્કર ઉતર્યું

લંડનથી રૂટરનો ખબરપત્રી તા. ૧ લીએ તાર કરતાં જણાવે છે કે ફ્રાન્સમાં હીંદી લશ્કરની પહેલી ટુકડી ઉતરી છે. એ તેને ભારે આવકાર મળેલો છે ખબરપત્રી જણાવે છે કે લશ્કર ઉતર્યું તે વખતે વાદળાં નહતાં અને સુરજનો પ્રકાશ ઝળહળતો હતો. હીંદીઓનો દેખાવ ઘણો સરસ લાગતો હતો. તેઓના ચારે તરફથી બહુ વખાણ થતાં હતાં. અંગ્રેજ અને તેના મિત્ર રાજ્યોની મદદમાં ઉભા રહી સાથે લડવાની તકથી હીંદીઓ પોતે બહુ ખુશી થએલા દેખાતા હતા. સંખ્યાબંધ ફ્રેન્ચોની સાથે હીંદીઓ હોડી ઉપરથી હસતા અને આનંદ પામતા કુચ કરી ચાલેલા હતા. અને તેઓના આજુબાજુના લોક નાચ કુદીને ખુશાલીના પોકાર કરતા હતા. આનંદી સ્વભાવના કાળી દાઢીવાળા શીખ લોકોને તેઓના સુંદર લશ્કરી પોષાકમાં જોઇ ફ્રેંચ પ્રજા બહુ ખુશી થતી હતી.

રજપુતો કેસરીઆં કરી લડશે

હીંદી લશ્કર વિષે સમજણ આપતાં 'મરક્યુરી' ઉપરના તાર નીચેજ જણાવે છે કે શાંતિના વખતમાં રજપુત, શીખ, ગુરખા, પઠાણ, પંજાબી અને હીંદની બીજી બધી લડાયક કોમને લડાઈને માટે એવી સખત કેળવણી આપવામાં આવે છે કે ઠંડા લોહીવાળાં માણસો તે આગળજ સમજી શકે. રજપુતો રાજ્યવંશી કહેવાય છે પણ તે લડવઈઆ પણ છે લડવું તે તો તેમને ગળથુથીમાં પાએલું હોય છે તેમની વડના માણસ સાથે લડવાનું તેમને મળે તો પછી હાર જીત એ તેમને મન નજીવી વાત છે. અને હારવાને બદલે તે પોતાનું સરવસ્વ ગુમ થવું પસંદ કરે છે. અગાઉની પેઠે આજે પણ તેઓ કેસરીઆં કરી દુશ્મનો સાથે ખુશીથી લડશે સમોવડીઆ સાથે કેવી રીતે લડવું એ તેઓજ શીખ્યા છે દુશ્મનોએ જેમ લુવેનમાં લુંટ ચલાવી અને નિરદોષ સ્ત્રી અને છોકરાંને હીચકારા બની કતલ કર્યાં તેમ તેઓ કરે તેવા નથી, પણ તેઓ તો લડાઇના નીયમો પાળીને દુશ્મનોને ચેતાવીને લડનારા છે અંગ્રેજી અમલદારોની સરદારી નીચે ખડા રહી દુશ્મનોની સામે બ્રીટીશ લશ્કર સાથે લડાઇના મેદાનમાં ઉતરવાની તેમને જે ઘણા વખત થયાં ઇચ્છા હતી તે હવે તેઓ પાર પાડી શકશે. અને આ તક યુરોપના મહા રાજ્યોમાંના એક સીવાય બધા લડવાને ઉઠેલા છે તેવે વખતે મળી છે તો તેઓ બ્રીટીશ રાજ તરફ આપણા અંગ્રેજોના જેટલીજ વફાદારીથી લડશે

મારસેલ્સમાં ઉતરતી વખતનો આવકાર

મારસેલ્સમાં હીંદી લશ્કરને જે આવકાર આપવામાં આવ્યો તે વેળા આફ્રીકાથી આવેલા ફ્રેન્ચ લશ્કરને આપેલા આવકાર કરતાં પણ ચડી ગયો હતો ફ્રેંચોનાં ઉભરાઈ ગયેલાં ટોળાંએ તેમની સાથે હાથ મીલાવ્યા, અને તેઓનાં પેહેરણ અને પાઘડી ઉપર ગુલાબનાં ફુલો ટાંકણીથી ચોટાડ્યાં

સેંકડો સ્ત્રીઓ ખુશાલીથી ગાજ વાજ કુદકા મારતી હતી અને દેખાવ જોવા લાયક થઇ રહ્યો હતો.

ગુરખા લોકો લડાઇનું ગીત ગાતા જતા હતા તેમણે લોકોમાં ઘણો જુસ્સો પેદા કર્યો હતો

હીંદી લશ્કરને શહેનશાહનો સંદેશો

શહેનશાહે બ્રીટીશ અને હીંદી લશ્કરને ઉત્તેજન આપનારા બે સંદેશા મોકલ્યા હતા આ સંદેશા તેમને મારસેલ્સ ઉતરતી વખતે વાંચીને આપવામાં આવ્યા હતા. હીંદી લશ્કરના સંદેશા ઉરદુમાં હતા. અને તેમાં નામદાર શહેનશાહે જણાવ્યું હતું કે મારા હીંદી સીપાઇઓ શહેનશાહતના તેમના સોબતીઓ સાથે ઉભા રહી નિરદય દુશ્મનની સામે બ્રીટીશ રાજ્યની ઇજ્જત બતાવશે એવી હું આશા રાખું છું

ગુરખાઓ કાંટાવાળા તારની જાળ તોડશે

પારીસથી એક તાર મળેલો છે કે એન્જીનીઅરો અને ઘોડેસ્વારો મહાભારત કામ કરી રહ્યા છે એવા ખબરો ઘવાએલા અમલદારો તરફથી મળ્યા છે જરમનોએ કાંટાવાળા તારની જે જાળ પાથરેલી છે તેથી આપણા લશ્કરને બહુ મુશ્કેલી નડે છે. અમલદારો જણાવે છે કે ગુરખાઓ પોતાની સાધારણ ખબરદારી રાખીને જ્યારે જાળને ચુપકીથી કાપશે ત્યારે આ મુશ્કેલીનો ઉકેલ આવી જશે

મી. ગાંધી અને ખીલાફત સંબંધી ફિમર ...

... લખે છે કે આજ ... એમ્બ્યુલન્સ ટુકડીની સેવા લેવા મી. ગાંધીના પ્રમુખ પણા નીચે લેવા હતી.

નામદાર આગાખાને સામાન્ય આપતાં ... ઉપર જવાને માટે તેમને મુલાકાત આપી અને કહ્યું કે જો તેઓના જય, આ હીંદુસ્તાનમાં કામ ... સ્નેહ છે તે નાબુદ થયો હોય તો તેઓની ખુન ... લેવાનું વ્યરથ નહીં ગણાય. આગળ ચાલતાં તે નામદારે જણાવ્યું કે કૈઝર પોતાને ઈસ્લામના રક્ષક હતા એમ જણાવે છે આથી જગતના રક્ષણમાંથી ખુદા બચાવે!

લંડનના હિંદીઓની વૉલંટીઅર ટુકડી

'ઇન્ડીઆ' જણાવે છે કે મી. એમ. કે. ગાંધીએ ઉભી કરેલી લંડન ઈન્ડીઅન વૉલંટીઅર ટુકડી હાલમાં રેડ ક્રોસના કામ માટેનું શિક્ષણ ડા. જેમ્સ કેટલી પાસેથી લે છે. આ ટુકડીમાં ૧૫૦ જેટલા માણસો છે. કામ કરનારી કમીટીમાં સેક્રેટરી કરનલ કાંતાપ્રસાદ, મેજર એન. પી. સીંહા, (આ બન્ને હિંદી મેડીકલ સરવીસમાંથી ફારેગ થએલા મેમ્બરો છે) મીસીસ સરોજીની નાયડુ, ડૉ. જે. એન. મહેતા, મી. જે. એમ. પરીખ, મી. સોરાબજી શાપુરજી, મી. કે. એસ. જસ્સાવાળા, મી. ડી. એન. સાહા, મી. અફઝલ હુસન, મી. જી. એ. કે. લુહાર્ડી, મી. જે. એમ. હાજી, મી. બી. બી. વરમા, અને મી. એ. વેંકટરામન છે.

આ ટુકડીને મહારાજા ગાયકવાડ, રાજકુંવરી સોફીઆ દુલીપ સીંગ, સર કે. જી. ગુપ્તા, મીરઝા અબ્બાસઅલી બેગ, લાલા લજપતરાય, અને મી. ભુપેંદ્રનાથ બાસુ તરફથી સરસ મદદ કરવામાં આવે છે.

હિંદુસ્તાનમાં લડાઈ માટેનું ફંડ

સપ્ટેમ્બરના પહેલા અઠવાડીઆની આખરીએ એક લાખ પાઉંડ જેટલું થયું હતું. આ ઉપરાંત સંખ્યાબંધ રકમો પ્રીન્સ ઑફ વેલ્સ રીલીફ ફંડમાં પણ ભરાઇ છે. આ રીલીફ ફંડના કાગળમાં કાશ્મીરના મહારાજાએ રૂા ૧ લાખ, ઓરછાના મહારાજાએ રૂા ૬,૦૦૦ અને બુંદીના મહારાજાએ રૂા ૫,૦૦૦ ભરેલા છે.

મદરાસ ઉપર હુમલો

રૂટરની સેલની ખાસ ખબર પત્રી જણાવે છે કે સ્ટીમર એમડનો મદ્રાસને કીનારેથી જે ૬૨ ગોળાનો મારો ચલાવ્યો હતો તેમાં તેનો હેતુ તેલની ટાંકી સળગાવી શહેરને સળગાવી દેવાનો હતો. બરમા ઓઈલ કંપનીના મેનેજરના બંગલા ઉપર પ્રથમ ગોળો પડ્યો, અને પછી તે કંપનીના ચોકમાં ટાંકી ઉપર પડ્યો. મેનેજરનું કુટુંબ જરાક બચી ગયું, તે વખતે તેઓ જે ઓરડામાં બેઠા હતા તે ઓરડાના અમુક ભાગને ગોળા લાગેલા હતા. એક દેશી પોલીસને માથામાં લાગતે તેને ગોળો વાગવાથી તે મરી ગયો. એ ગોળા હાસ્પીતાલ ઉપર પડ્યા અને જે વિભાગમાં કાપકુપ કરવાનું કામ થાય છે તેને લાગ્યા હતા.

એંટવર્પ ઉપર હુમલો

બેલજીયમની નદી ... એંટવર્પ પર જરમનોએ ઘેરો નાખ્યો છે. ગુરૂવારે બન્ને લશ્કર વચ્ચે સામ સામે જબરજસ્ત તોપનો મારો ચાલુ થયો હતો.

લંડનનો તાર જણાવે છે કે બેલજીયન લશ્કર સરસ રીતે જરમનોને પાછું હઠાવી રહ્યું છે. તેઓએ જરમનોની કેટલીક ટીકડીઓ કબજે લીધી છે. ઘેરા બહારની સાત ખાઈઓ ઉપર તો બેલજીયમનાં તોપમાં ગોળા ... આવ્યા ... ... પણ નાશ પામ્યાં હતાં. ... અને ... કીલ્લા ઉપરના હુમલામાં જરમનોના ૬,૦૦૦ માણસ મર્યા.

બીજાં આગળ ઘણા જરમનો ... કબજામાં લેવાઇ ગયા હતા.

એંટવર્પના ઘેરા સબંધમાં જરમન અખબારે જણાવ્યું છે કે કીલ્લા અંદરનું લશ્કર મેલ્યુસેટ, અને દેવળો લડાયક કામના ઉપયોગમાં નહીં લેય તો તેવ. શહેરનો ખાસ જમાના નો દારૂગોળા જેટલો બચાવ કરી શકશે તેટલો બચાવ જરમનો કરશે.

જરમનોએ લેરી અને વેલહામન કે જે એંટવર્પથી બહાર આવેલાં છે તે કીલ્લા ઉપર હુમલો કર્યો હતો. પરંતુ તેમને ભારે નુકસાની ખમી પાછું હઠવું પડ્યું હતું.

એન્ટવર્પથી એક તાર મારફતે જણાવવામાં આવે છે કે સીન નદીની પુરવ તરફ આપણું (અંગ્રેજી લશ્કર)ને નીથ નદી સુધી પાછા હઠવાની જરૂર પડી હતી. જરમનોના દારૂ ગોળાનો હુમલો ઘણો સખત હતો. નીથ નદી આગળ આપણી સ્થિતિ મજબુત છે. આપણું લશ્કર છેવટ સુધી સામે રહી લડશે.

બીજા તારમાં જણાવવામાં આવે છે કે વેલહેમનો કીલ્લો હજી બેલજીઅનોના તાબામાં છે. જરમનોએ નીથ નદી ઓળંગવાની હજી સુધી કોશીષ કરી નથી.

જરમનીમાં બ્રીટીશ કેદીઓ

બ્રીટીશ કેદીની જીંદગી વિષે એક જરમન છાપું જણાવે છે કે તેઓને ઘર બાંધવાના, ઝાડ કાપવાના, લાકડાં વહેરવાના, તેમજ જમીન ખેડવાના, ઘાસ માનવાના અને રસ્તાઓ સુધારવાના કામ ઉપર મોકલવામાં આવે છે.

જરમનીના વિભાગ પ્રશીઆમાં થયેલ મરણને આંકડો ૫૦,૦૦૦ માણસનો બહાર પડયો છે. બીજા વિભાગ બાવેરીઆ, સેકસની, વરટેમબરગના આંકડા હજી મળ્યા નથી.

જરમનો ૨૦ થી ૪૫ વરસની ઉમર સુધીના બેલજીઅનોને જરમની મોકલી આપે છે.

જરમનીમાં કોલેરા ફેલાઇ રહ્યો છે.

એઈનની લડાઇમાં જરમનોના ૧,૮૦,૦૦૦ માણસો મરાયાં ને ઘાયલ થયા છે.

જરમન મનવારોની હિલચાલ

પાસીફીક મહાસાગરમાં એક અમેરીકાની કંપનીની એલસી નીર નામની તેલની સ્ટીમરને જરમનીની લીપઝીગ સ્ટીમરે ડુબાડી દીધી છે.

એડરા આગળ બીજી એ મનવારે ફ્રાંસની ઝીલી નામની મનવાર ડુબાડી છે. આ મનવાર ઉપરથી લડાયક સરંજામ ઉતારી લેવામાં આવેલો હતો. આ સ્ટીમરને ડુબાડયા પછી પાપીટ શહેરના ઉપર દારૂગોળાનો મારો ચાલુ કર્યો હતો.

નોરવેજીઅન કં. ની એક સ્ટીમર ઉત્તર સમુદ્રમાં જરમનોએ નાખેલી જાળમાં સપડાવાથી ડુબી ગઇ હતી. એજ પ્રકારે બ્રીટીશ સ્ટીમર ડેવોનને પણ અકસ્માત લાગ્યો હતો. આ સ્ટીમર હલથી એન્ટવરપ જતી હતી. જાળમાં સપડાવાથી તળીએ જઇ બેઠી અને તેના નવ માણસો ડુબી ગયા છે.

જરમની સામે સખત પગલાં

એડમીરલટી તરફથી મનવાર ખબર બહાર પાડવામાં આવ્યા છે કે જરમનોએ ઠેકાણે ઠેકાણે જાળ નાખવાની રીત મુજબ ... ... તેની સામે તેવાંજ પગલાં લેવાની જરૂર પડે

છે. તેમાં અમુક દરીઆઇ ભાગમાં જાળ પાથરવાનો હુકમ આપવામાં આવ્યો છે. જે ભાગ આ હુકમમાં શામેલ કરેલો નથી તેની સ્ટીમરોની સહીસલામતી માટે જ્યાં ત્યાં જાળ પાથરવામાં આવી છે તેની ખબર આપવામાં આવેલી છે.

જરમન કાફલો

ફ્રાંસની રાજધાનીથી ખબર મળ્યા છે કે જરમન કાફલાની ૩૨ સ્ટીમરો તા. ૨૪ મીએ બાલ્ટીક સમુદ્રમાં ચડાઇ કરતી દેખાઇ હતી.

સત્તાવાર દરબાર (લંડન) ની સૂચનામાં અંગ્રેજોએ દુશ્મનોનાં ૮૭ જહાજો (કુલ ટનેજ ચાઉદ લાખ) પકડેલા છે. જરમનોએ અંગ્રેજનાં ૭૪ જહાજ (કુલ ટનેજ એક લાખ સીતેર હજાર) પકડેલાં છે. આ ઉપરાંત ૧૫ જહાજ માઇનથી તથા ૧૯ જહાજ જરમન ક્રુઝરને હાથે ડુબેલાં છે.

જરમનોનું જંગલીપણું

લડાઇમાં નિર્દોષ ઉપર કરેલી કાપાકાપી તથા લુવેન શહેરના મકાન તથા દેવળનો નાશ અને ફ્રાંસદેશની જરમનને હાથે થતી ખરાબી ઉપર ઠેકઠેકાણેથી પોકાર ચાલુ રહેલો છે. એક ફ્રેંચ સરકાર જણાવે છે કે તેઓ ઘર લુંટે છે.

સરવીઆ.

સારાજેવો (બોસનીઆની રાજધાની) ને ખરખર જોઇ રહ્યા તેના રહા ઉપરનું એક મથક સરવીઅનોએ લીધું છે. સાત ગોળંદાજ દાખલ થઇ ગેલ કબજે કરી દારૂગોળાનો જથ્થો, લડાઇનાં દશ રસાલા, અને કેટલીક મોટરો હાથ કરી છે.

ઓસ્ટ્રીઆ અને ઇટાલી

ઓસ્ટ્રીઆએ આડ્રીઆટીક સમુદ્રમાં પાથરેલી જાળમાં ડુબેલી ઇટાલીઅન સ્ટીમરની નુકશાની બદલ ઓસ્ટ્રીઆએ ઇટાલીને બે લાખ પાઉંડ આપવાનું જાહેર થયું છે.

જાપાન

સીંગટાઉ તરફ જાપાનનું લશ્કર આગળ વધતું જાય છે તેઓની પાસે ૧૧ ઇંચ વાળી મોટી તોપો છે. ચીનાઓનું વલણ ઘણું સંતોષકારક છે. જાપાનીઝ ધરવાળી તોપોથી જરમન ટારપીડોથી સ્ટીમરને ડુબાડી દીધી છે. દરીયાઇ ચાંચીઆ જેવી કરવા, કેટલીક જાપાની સ્ટીમર ચાલવાથી નાશ પામી છે. અને આજીત નુકશાન થયું છે. તેમાં ૨૩ મરણ થયા છે. જરમન મનવારોએ સખત મારો ચાલુ રાખ્યો હતો.

બેધાર તલવારવાળાં અંદર ભેળશેળ

હાલમાં લગભગ ૨૦૦ માઇલ સુધીમાં જ્યાં લશ્કર પડ્યું હોય છે અને લડી રહ્યું હોય છે તેવી જગ્યાએ અદ્દલ અહિંસાવાળાનું સ્થળ લડવાનું સ્થાન ઇંગ્લેંડ સર ફેગ્યુસન ઓન કરે છે. તેમાં ભારે બહાદુરી બતાવે છે. એક પ્રસંગે એક અંગ્રેજને ૧૮ જરમનો સામે થવું પડ્યું. તેમણે સામે થઇ લડ્યા. એક અમલદાર અને એક માણસ તેમાં ભાગે જવાથી મારી નાખ્યા. બાકીના ઘવાયા પછી નાઠા અને ત્યાંથી દૂર ચાલ્યા ગયા. તે સારી બાતમી પાસે મોકલવા ઇચ્છતા હતા તે તેઓ બરાબર સમયે આ ઠેકાણે પહોંચી જતાં રોકાયા.

ઇંગ્લાંડ અને તુર્કી

રૂટરનો ખબર જણાવે છે કે તુર્કી સરકારે ઘણી આરબ લોકોને મદદ કરવા દરીઆ ઉપર મોકલી છે તે તરત અરબસ્તાનમાં મોકલવા નહીં. ઇંગ્લંડના દરીઆ બાબતમાં જણાવ્યું છે કે તુર્કીએ તરત ચેતવું જોઇએ.

ફ્રાંસની ભારે ફતેહ

પેરીસમાંથી એક સંદેશો મળ્યો છે કે ફ્રેંચ સૈન્યએ સરહદની નજીકમાં ઓલ્ડીન પ્રાંતમાં એક મોરચો આગળ એક ભારે લડાઇ થઇ હતી. તેમાં ફ્રેંચોએ જરમનોને પુરેપુરા હરાવ્યા છે. જરમન ફ્રેંચ પ્રાંતની સરહદ તરફ હવે નાસવા લાગ્યા છે. ફ્રેંચોએ તેમનો પીછો પકડ્યો છે.

આર્ગોનનાં જંગલની લડાઇ તા. ૨૫ મી એ શરૂ થઇ હતી. જરમનોએ મોટી મોટી તોપોના દારૂગોળાનો મારો ચલાવ્યા હતા. ફ્રેંચ લશ્કરને પાછું નસાડવાને જરમનોએ અથાક પ્રયત્ન કર્યો હતો. તા. ૨૬ મી એ જરમનોએ આર્ગોનના કીલ્લા ઉપર હુમલો કર્યો હતો પરંતુ ફ્રેંચોએ તેમની સામે થઇ અને દરેક ઠેકાણે પાછા હઠવાની ફરજ પાડી હતી. જરમનો ઘાયલ તથા મરેલા માણસોને છોડી નાસી ગયા છે.

આસ્વીટ્ઝની લડાઇ

જરમનો આસ્વીટ્ઝના કીલ્લા ઉપર હુમલો કરવા જતા હતા, તે વખતે રસ્તામાં લગભગ ૯ માઇલ દૂર નદી કે જમીન નજીક નરમ આવવાથી તેઓની તોપો જમીનમાં ખુંચી જતી હતી. તેઓ આગળ વધી શકતા ન હતા તેમ પાછા પણ ફરી શકતા ન હતા. કેટલીક તોપોને કીલ્લા ઉપર લઇ જવામાં આવી અને ભયંકર દારૂ ગોળાનો વરસાદ છોડવામાં આવ્યો. બીજું લશ્કર કીલ્લાથી ચાર માઇલ આગળ વધ્યું. તેજ રાત્રે રુશીઅનો દુશ્મનોને ખબર ન પડે એવી રીતે મારો શરૂ કરી આગળ વધ્યા હતા અને જરમનોની ટુકડી ઘેરી લીધી હતી. એક ટુકડી ૧૦૦૦ ના આસરાની ફક્ત સુધી ભયંકરપણે ચાલી હતી અને ત્યાર પછી જરમનો પોતાની તોપો ફેંકવામાં ખુંચી ગઇ હતી તે તેમની તેમ રહેવા દઇ નાસી ગયા.

તા. ૨૯ સપ્ટેમ્બરે રુશીઅન પોલાંડમાં હુમલો કરવા જતા જરમન લશ્કરને રુશીઅનોએ નીમેન નદી ઉપર ફસાવ્યા હતા. તેઓ નદી ઉપર કામ ચલાઉ પુલ બાંધી પેલે પારની હરકત સીવાય બધી હદમાં. પરંતુ જ્યારે તેઓ નદી ઉતરવા લાગ્યા ત્યારે રુશીઅનોએ તોપો રુશીઅનોએ છુપાવી રાખી હતી તે દુશ્મનો ઉપર છોડી મુકી, સેંકડો જરમન લડવૈયાઓને નદીમાં પડવા હતા. એમ જણાવવામાં આવે છે કે નદીમાંથી ૨૦,૦૦૦ મડદા ઉપાડી લઇ જવામાં આવ્યા છે.

સાઉથ વેસ્ટ આફ્રીકામાં

લશ્કર લઇ જવાને જનરલ બોથાને ભારે ગામથી ટેકો મળેલો છે અને લડાઇમાં શામેલ થવાની મોટી ટુકડીઓ ઉભી થઇ છે.

લ્યુડરીટઝબુખના હુમલાનું વર્ણન કરતા રૂટર જણાવે છે કે તેઓ બ્રીટીશ લશ્કરને જોઇ ખુશી થયા હતા. જરમનો વાયરલેસ સ્ટેશન તોડી બીજું બધું જેમનું તેમ છોડી નાસી ગયા હતા.

તા. ૨૬ મી એ થએલી લડાઇમાં મરણ પામેલાની કુલ સંખ્યા ૧૫, ઘવાએલાની ૪૧, ગુમ થએલાની એક જણાવવામાં આવ્યા છે. મરણ પામેલામાં કુલ ઓફીસર ૬૩ થયા છે.

વેસ્ટ આફ્રીકાના કીનારા ઉપર, એક ફ્રેંચ ક્રુઝર દરીઆઇ લશ્કરે કેમેરૂનની રાજધાનીની કુમાશી કબજે કર્યું છે.

જરમન તાબાના આ કેમેરૂન પ્રાંત આફ્રીકા ખંડના પશ્ચિમ કીનારે આવેલો છે. ત્યાં ૩૫ લાખ લોકોની વસ્તી છે તેમાં ગોરી વસ્તી માત્ર ૨,૦૦૦ ની છે.

બ્રીટીશ ક્રુઝર કેન્ટે પકડેલી જરમન સ્ટીમરો

બ્રીટીશ સ્ટી. ક્રુઝર કેન્ટે કેમેરુન નજીક આગળ જરમનોની આઠ સ્ટીમરો પકડી છે તે ઉપરાંત એક હામબર્ગ લાઈનની મોટી સ્ટીમર અને એક ગન બોટ સોકન પકડેલાં છે. ઉપલી નવ સ્ટીમરોનું ટનેજ ૩૦૯૧૫ છે. ક્રુઝર કેન્ટ ૯૮૦૦ ટનની છે. પકડાએલી સ્ટીમરોમાં મોટામાં મોટી સ્ટીમર મેકલબર્ગ ૪૫૩૪ ટનની છે. ગન બોટ સોકન માત્ર ૫૪૮ ટનની છે.

હામબર્ગમાં થયેલી ગણત્રી મુજબ હામબર્ગ અમેરીકા લાઈનની ૨૩૦ સ્ટીમરોનું નુકશાન થવાથી સવા બે કરોડ પાઉંડની ખોટ થશે.

ટરકીશ નેવી

કોન્સ્ટાંટીનોપલથી એક તાર જણાવે છે કે ટરકીશ લડાઈની સ્ટીમરોમાં એક જરમન એડમીરલ નીચે ૩૦ જરમન કમાંડરો નીમાયા છે.

પરચુરણ

વિલાયતના છાપા ઉપરથી જણાય છે કે અફગાનિસ્તાનના અમીરે હીંદી વાઈસરોયને લખી જણાવ્યું છે કે આ લડાઈના મામલામાં તેનો ઈરાદો તટસ્થ રહેવાનો છે.

હિંદના દાદા દાદાભાઈ નવરોજીએ લંડન 'ટાઈમ્સ'માં કાગળ લખી જાહેર કર્યું છે કે સ્વતંત્રતા અને વચનને ખાતર અંગ્રેજી પ્રજાએ પડોશના રાજ્યને મદદ કરી લડાઈ શરૂ કરી છે તેવે સમયે આપણે તેને મદદ કરવી એ હિંદની ફરજ છે. ઇંગલંડની પડખે ઉભા રહીનેજ હીંદીઓ દરેક આત્મિક ઉન્નતિ પ્રગતિએ ચઢી શકશે.

કાબુલના નામદાર અમીરે એવો હુકમ બહાર પાડ્યો છે કે હીંદમાંથી આવતા હીંદીઓનો તથા કાબુલીઓ [illegible] પરવાના હોવા જોઈએ. અને એવા પરવાના આપવા માટે પેશાવરના [illegible] તે નામદારે હુકમ આપ્યો છે આનું કારણ એમ જણાવે છે કે અફઘાનીસ્તાનથી કેટલાક કાચી ઉમરને પંજાબ જવા બે અફઘાનીઓને પકડવામાં આવ્યા છે.

નાતાલ 'ટાઈમ્સ'નો ખબર વળી જણાવે છે કે ફુટ [illegible] સાહેબ અને મોલ ડોનલેપનની સરદારી નીચે [illegible] માટે હીંદીઓમાંથી ઉઘરાણું કરવાનું શરૂ થયું છે.

પોર્ટ શેપ્સ્ટનમાં તા. ૨૭ મીએ થએલા મેળાવડામાં ત્યાંની ઈંડીયન એસોસીએશને પોર્ટ શેપ્સ્ટન ફંડ માટે પાઉંડ [illegible] નો ફાળો એકઠો કર્યો હતો.

કેનેડામાં એશીઆટીક સવાલ

(ગયા અંકથી ચાલુ)

એ સવાલ લોરીઅર સરકારને મુશ્કેલીમાં નાખતો હતો તેજ સવાલ હવે કાનઝરવેટીવ પ્રધાનોની સામે આવી ઉભો છે. ... જણાવવામાં આવ્યું તેમ સર વીલફ્રેડ લોરીઅર તદન અટકાવનાર રીતી ગ્રહણ કરવા માગે છે, પરંતુ પછી સરકાર તેમજ પ્રજા ... રાખીને ... આ ... સ્વીકારે એમ નથી. જાપાનથી આવતા ... ના ઉપર અંકુશ મુકવાની ગોઠવણ કરવામાં આવેલી છે અને તે બરાબર અમલમાં મુકી શકાય છે ... સાથે પણ એવુંજ ... જરૂર છે, પણ એમાં ... ખતે બહુ મુશ્કેલ જણાઈ પડે છે અને તે અમલ્માં આવી શકે એમ નથી. તેમ કરવાથી હિંદુસ્તાનથી ચાલુ આવતા બંધ થાય એવો પણ કોઈ સંભવ લાગતો નથી. કાયદામાં જે ... ઘડાય છે તેથી દુનિયામાં આવેલા ... ઠરાવ છે અને જે કાયદાઓને જરા પણ નરમ કરવામાં આવે તો તે બ્રીટીશ કોલંબીઆ સહન કરી શકશે નહિ. એશીઆટીકોની સામે વિરુદ્ધ લાગણી અસર કરી બ્રીટીશ કોલંબીઆમાં ઉત્પન્ન થયેલી છે, અને તે પ્રાંતની એશીઆટીક વસ્તી ૨૭,૪૦૦ ની છે તે ઉપરથી ત્યાંના લોકોની લાગણી શું હશે તે કોઈ પણ સમજી શકાય છે. બ્રીટીશ કોલંબીઆની બહાર પણ જો એશીઆટીકો આવવા માંડે તો ત્યાં પણ સહેજે તેઓની સામે લાગણી ઉભી થશે. સસ્કેચવાનની સરકારે એક એવો કાયદો હાલમાં ઘડ્યો છે કે ચીના, હિંદી, જાપાનીઓ ગોરી છોકરીઓને નોકરીએ ન રાખી શકે અને એ બીલ હાલમાં ઈમ્પીરીઅલ પ્રીવી કાઉંસીલ આગળ છે એવું બીલ કાયદેસર ગણાય કે નહિ તે નિર્ણય પ્રીવી કાઉંસીલ આપશે. જો તે કાયદેસર છે એમ જણાશે તો ઓન્ટેરીઓમાં પણ એવીજ જાતનો કાયદો ઘડવામાં આવશે.

વળી એ પણ યાદ રાખવું જોઈએ કે એશીઆટીકો સામે અમેરીકન પાસીફીક કીનારા ઉપરનાં રાજ્યોમાં પણ બ્રીટીશ કોલંબીઆ કરતાં વધારે વિશેષ જાતીય દ્વેષ છે. રાજ્ય દ્વારા હદની પણ દરકાર રાખ્યા સિવાય તેઓ પુરવની પ્રજાના આવવા તરફ સામે થવા એકત્ર થઈ વિરૂદ્ધ લાગણી બતાવે છે. જાપાને પોતાની સરકાર મારફતે અનેક પ્રયત્નો કર્યા છતાં કેલીફોરનીઆની સરકારે એશીઆ ટીકોને જમીનના ટાઈટલ ડીડ ન આપવા એવો કાયદો ઘડ્યો. છ તેવીજ રીતનો કાયદો ઘડવા બ્રીટીશ કોલંબીઆના ગોરા પણ હવે માગણી કરે છે. છતાં રાજ્યના કાયદાઓ અમેરીકન જ કારણ મુજબ ન હોય તો તેને નામંજુર કરવાની સત્તા કેનેડાને છે. બ્રીટીશ કોલંબીઆની ફળદ્રુપ જમીનમાં ગોરા અને એશીઆટીક ખેડુતો વચ્ચે ખટપટ નથી. ત્યાં તો એશીઆટીકોનો તદન બહિષ્કારજ કરેલો છે. શહેરની નજીકના પડી રહેલા જમીનના વિભાગોમાં તેઓ સ્વતંત્ર રીતે શાકભાજી ઉગાડે છે. પરંતુ ફળદ્રુપ પ્રાંતમાં જમીનના માલીક તરીકે વસવા દેવાની તેમને પરવાનગી આપવામાં આવી નથી. રોયલ કમીશને હાલમાંજ એક રીપોર્ટ બહાર પાડ્યો છે તેમાં જણાવ્યું છે કે પુરવની પ્રજાઓને જમીન ભાડે આપવી યા તો તેમને માલીક થવા દેવા એ ગેરવાજબી છે. રહેવાસીઓની ખેતીને ઘણું નુકશાન કરતો છે. વળી દુધ વેચવાનો ધંધો કરનાર ગોરાઓ હિંદીઓ ગોરાઓની સાથે હરીફાઈ કરે છે અને એ વિષેની સલ બીના કમીશન સરકારને જણાવવી જોઈએ. એક સરખો વીકટોરીઆમાં થાય છે. ખેતરોને માટે મજુરી પુરતા જથામાં પુરી પાડવામાં આવે તેને માટે વિલાયતથી ગોરા મજુરો બોલાવી અને એમાંઓના ઉપર મારા હતો જોઈએ આવી ભલામણ કરવામાં આવી છે. આ ... 'સવાલ' ઉપર કેનેડાની સરકાર અગાઉ જણાવ્યું તેમ પુરતું ધ્યાન આપે છે. વળી જો તે મક્કમ કરવામાં આવે તો પણ હિંદીઓ, ચીના, અને જાપાનીઓની સામે વધુ હેરાનગત બંધ કરવાના કાયદાઓ ઘડવા એવી જે લાગણી છે તે નરમ પડે એમ બીલકુલ લાગતું નથી.

અપુરણ

મીસીસ બીસાંટ અને હિંદુ યુનીવરસીટી

બનારસ હિંદુ કોલેજને આગલી હિંદુ યુનીવરસીટીના રૂપમાં ફેરવી નાખવા માટે એક ક્રોડ રૂપીઆનું ફંડ ઉભું કરવાની યોજના કરવામાં આવી હતી. આ કાર્યમાં આગેવાની પદતો આપ શ્રીયુત મદન મોહન માલવીઆ, તથા દરભંગાના મહારાજાએ લીધી હતી. આ યુનીવરસીટીના કારભારમાં હવે સરકાર માથું મારવા ઇચ્છે છે. સરકાર પોતે યુનીવરસીટીને ચાર્ટર આપવા માગે છે અને તેજ શરતે યુનીવરસીટીને ચારટર આપે. આ શરત આગેવાનો તરફથી કબુલ રાખવામાં આવે તો શેઠ નરોત્તમદાસ મોરારજી ગોકળદાસ, અને ડોકટર રાસબિહારી ઘોસ એમણે ભરેલા પઇસા પાછા પેસી લેવાનું જણાવે છે. આ બાબતમાં 'મદ્રાસ સ્ટાન્ડર્ડ' છાપમાં મીસીસ બીસાંટ એક લેખમાં જણાવે છે કે એક ઇંગ્રેજ ખ્યાલ કરશે, ધારો કે ઓક્ષ્ફર્ડ, કેમ્બ્રીજ તથા એડીનબરો જેવા મહાન વિદ્યાલયો જો જરમનોના રાજ્ય કારભાર તળે મુકવામાં આવે તો તેની શી દશા થાય? ઇંગ્રેજી સ્વદેશાભિમાન અને ઇંગ્રેજી વીરત્વને ખીલવનાર આ મહાન વિદ્યાલયો સોંપાય છે તે જરમનોના હાથ નીચે જાય, પછી ઘણુ વખત તેવી સ્થિતિમાં રહી શકે ખરા કે? અંગ્રેજ યુવાન વિદ્યારથીઓને જરમનીના ઇતિહાસનુ શિક્ષણ આપવામાં આવે, જરમનીના શક્તિવાન પુરૂષો જેવા કે બ્લુચર, બીસમાર્ક વીગેરેના જીવન ચારિત્રોનો બોધ તેમને આપવામાં આવે તો તે યુવાન અંગ્રેજ આ સરવોત્તમ અંગ્રેજ વાવટો પોતાના હાથમાં લઇ એક ખુણેથી બીજે ખુણે ફરશે ખરો કે? જો એમ ન બને એમ આપણે માનીએ તો હિંદી પ્રજાને આ બાબતમાં કેટલું લાગતું હશે તેનો ખ્યાલ આપણે કરવો જોઇએ. હિંદી પ્રજાની પાછળ પ્રાચીન અને મહાન સુધારો ચાલતો આવે છે. તેઓના પુરવજોએ અખુટ જ્ઞાનથી ભરપુર ઉપનીષદો તેમજ મહાભારત રચેલાં છે. મહાન કવી કાળીદાસના નાટકો, શંકરાચારય, રામાનુજ અને માધવાચારયના ભાષ્યો, તુકારામ, કબીર ભગત, અને ગુરૂ નાનકની પરમાત્મા પ્રત્યે અનન્ય ભક્તિ, રાણા પ્રતાપસિંહનું શૌરય, કે જેનું નામ કળિયુગના આજે પણ રાજપુતોના હૃદયો વીરરસથી ઉભરાઇ જાય છે, તેમજ અકબર બાદશાહની ઉત્તમ રાજ્ય નિપુણતા, આ સરવ મહાન પુરૂષો તો એક વહેમી પુરૂષ ઉઠાવનારા, તેમજ માનમાં ઉંઘતેલ પુરૂષોમાં મગ્ન રહેનારાઓજ છે એવી છાપ પડે તેવુ શિક્ષણ આજે ભારતનાં બાળકોને આપણે આપીને ઉછેરીએ છીએ. તેઓના મહાન શુરવીર પુરૂષોના જીવન ચારિત્રોમાંથી શિક્ષણ આપવાનુ રહેવા દઇ તેમને નેલ્સન અને વેલીંગટને અપુરવ શૌરય દાખવ્યુ છે એમ ઠસાવવામાં આવે છે અને ક્લાઇવ તથા વોરન હેસ્ટીંગ્સજ ભારતના ઉપયોગી પ્રતિનિધિઓ હતા એવુ તેના સંતાનોને આપણે શીખવીએ છીએ.

હિંદી પ્રજાના એક મહાન પ્રજાકીય વિદ્યાલયને સરકાર સનદ (ચારટર) આપવા તઇયાર ન હોય તો ભલે, ન તેમની મદદ, પણ ઇંદ્રપ્રસ્થ અને મથુરાની શ્રી રામ સ્વાધીનતાને આપણે સ્વીકારીશું નહી. આ સ્વાતંત્ર્યની ફરતી આપણે રક્ષા કરવી એ વિશેષ કીમતી છે, આપણે આપણા બાળકોને ગીરો મુકી શકતા નથી ત્યારે હવે આપણે શું કરવું? સરકારની મદદનો અસ્વીકાર કરો, અને આપણેજ એ કારય હાથ ધરવાની

જો બનારસ હિંદુ યુનીવરસીટી અને અલીગઢ મોસ્લેમ યુનીવરસીટીની સ્થાપના આપણેજ આપણા હાથે કરીશું, આપણો શિક્ષણ ક્રમ જેવા ઇચ્છશો તેવા ગોઠવીશું, તેમાં બીજાને માથું મારવા દેશું નહી. આપણેજ તે પસંદ કરીશું, આપણાજ શિક્ષકો તેમાં રાખીશું, અને આપણીજ સરલ સામગ્રી તથા સાધનના ઉપર દ્રઢ આસ્થા ને વિશ્વાસ રાખીશું.

આપણાં વિદ્યાલયોમાં અપાતી ડીગ્રીઓની કીમત ન લેખાશે એ બનવા સંભવ છે. સરકારી નોકરી માટે આપણી ડીગ્રીઓ કાયદેસર નહી ગણાશે. તો ભલે તેમ ગણાય. ટુંક સમયને માટે થોડી અગવડ સહન કરવા માટે ભારતમાં આજે શું જાહેર જુસ્સો નથી? પ્રજાની અંદર આપણે એવા જાહેર જુસ્સાનો પ્રચાર કરવો જોઇએ કે જેથી આપણને ભારતના એવાં તેજસ્વી બાળકો મળી આવે કે જેઓ સરકારની નોકરીની લાલચને ત્યાગી દે. અને એમ કરીશું ત્યારેજ આપણાં વિદ્યાલયોની ડીગ્રીઓને પણ સરકારી ડીગ્રીઓના જેટલીજ કદર થાય છે, અને તેના જેટલીજ કીમતી છે એમ મનાવવાની ફરજ પાડીશું. વળી આપણાં વિદ્યાલયોની ડીગ્રી વાળા ઉત્તમ વિદ્યારથીઓને ચુંટી કાઢી આપણે તેમને ડીગ્રી લેવા બ્રીટીશ વિદ્યાલયોમાં પણ મોકલી શકીએ છીએ અને તેમ કરીને તેઓ આ દેશમાં સરકારી જગ્યા મેળવી શકે છે. જો ઓક્સફર્ડ અને કેમ્બ્રીજ આપણા વિદ્યારથીઓને લેવા ના પાડે તો એડીનબરો, આબરડીન, બરમીંગહામ, લીડ્સ અને માન્ચેસ્ટર તો તેમને વધાવી લેશે. આપણને માત્ર જાહેર હિંમત, સહનશીલતા, શાંતિ અને સ્વદેશાભિમાનની જરૂર છે. આ ગુણોને જો મહણ કરીશું તો આપણે અવશ્ય જીતીશું. શું ભારત વરષ આટલું નહી કરી શકે?

હીંદુ યુનીવર્સીટીએ સરકારની મદદનો અસ્વીકાર કરવો જોઇએ, અને પોતાનીજ મદદ ઉપર કારય કરવાનું આરંભ લેવુ જોઇએ. જેવી રીતે ઉપરમાં બનારસ હીંદુ કોલેજ યુનીવર્સીટીમાં ગણાશે તેમ પચ્ચપ્પા કોલેજને દક્ષીણની યુનીવર્સીટી સ્થાપો. પશ્ચિમમાં મુંબાઇ શું કદી હીલચાલ ન ઉપાડી શકે! તેજ માફક પુરવ દિશામાં બંગાલ પણ કદ ન કરી શકે! આપણે ધીમે ધીમે કારય કરી એકી વખતે એકજ યુનીવર્સીટી સ્થાપીએ તો હરકત નહીં, પરંતુ ભારત ભુમિને ખાતર આપણે આગળ વધો. હીંદુ યુનીવર્સીટી કમીટી પાસે ફંડ છે તે ફંડને રહેવાજ દો. પરંતુ જે કારયને માટે એ ફંડ કરયું છે તે કારયમાંજ વપરાય તેમ કરો. હોચકારાપણું ન બતાવો. ફરજ, કરતવ્યમાંથી પાછા હઠવાનું ન કરો. જે પઇસા પ્રજાકીય કારય માટે ઉઘરાવાયેલા છે તે પઇસા, સરકારી યુનીવર્સીટી બનાવી દેવામાં ન વપરાઓ. ભારત માતાના ઘણાજ ઉમદા પુત્રો આ કમીટીના સભાસદો છે. ભારત માતા વિશ્વાસ રાખે છે કે તેઓ પોતાની ફરજ બરાબર અદા કરશે.

નાતાલ ઇંડીઅન એસોસીએશન તરફથી એમ્બ્યુલન્સના કામને માટે ઉભા થએલા વરગમાં દર ક્રાન્સેસ વીક્ટોરીઆ સ્ટ્રીટમાં નં. ૮ એશમની નીશાળના મકાનમાં દર બુધવારે સાંજે ૮ વાગે શીખવે છે આ વરગના સેક્રેટરીનું કામ મી. બી સોરાબજી બજાવે છે.

વિવિધ સમાચાર

દીવાળીનો તહેવાર આવતા માસની તા. ૧૮ ને રવીવારે છે. હીંદુ બેસતું વરસ સંવત ૧૯૭૧ નું સોમવાર તા. ૧૯ થી શરૂ થશે.

તા. ૧ અકટોબરથી પરદેશ ખાતાના તારના શબ્દો ગણવા માં અમુક ફેરફાર થયો છે. તેમાં મુખ્ય એ છે કે દશ અક્ષરનો એક શબ્દ ગણાશે. આંકડાને એ અક્ષર તરીકે ગણત્રીમાં આવશે.

હીંદના સંદેશા 'ડીફરડ ટેલીગ્રામ' પણ અગાઉ લેવાતા તેમ પાછા તા. ૧ લીથી શરૂ થયા છે ૧૦ અક્ષરના શબ્દનો ધારો તેમાં લાગુ થશે નહીં.

નાતાલ બેંક ને સ્ટાન્ડર્ડ બેંક સાથે જોડાઇ ગઇ છે.

આ અઠવાડીએ નિયમ મુજબ વિલાયતની ટપાલ કેપટાઉન થી ઉપડવાની નથી ગયા અઠવાડીઆની ટપાલ ડરબનમાં શુક્રવારને બદલે સોમવારે મળી હતી.

ડરબન રીટેલરસ કાઉન્સીલની સુચનાથી ગોરાઓની કેટલીક દુકાનો ડરબનમાં હવેથી શનીવારે ૧૧ વાગે બંધ થશે

કેપટાઉનમાં અજારની હીંદુ વેદ ધરમ સભાએ સરકાર અને શહેનશાહત તરફ વફાદારી બતાવવાનો ઠરાવ કર્યો હતો. તેઓએ રીલીફ ફંડના ફાળામા પણ રકમો ભરી છે

ગયા ગુરૂવારે કેપટાઉનમા મદરાસીઓની એક સભાએ શહેનશાહ તરફ વફાદારીનો ઠરાવ કર્યો હતો. તે પછી બીજો ઠરાવ થયો હતો તેમાં નવી બનેલી સ્ટરેચર બેરર ટુકડી લડાઇમા મદદ કરવાને તઇયાર છે એમ યુનીઅન સરકારને જણાવવાનું મુકરર થયું હતું

ડર્બર એસ્ટેટની વેદ ધરમ સભાએ મીસીસ ડીલારે ઉપર જનરલ ડીલારેના મરણ માટે ખરખરાનો સંદેશો મોકલ્યો હતો. મારીત્ઝબરગમાં અમે આવ.ટીએ ખ્રીસ્તી હીંદીઓને માટે સેંટ એડનું ચરચ ખુલ્લું મુકાયું છે.

અમે જણાવવાને દીલગીર છીએ કે ટ્રાંસવાલમાં હીંદીઓને મદદ કરનારી ગોરાઓની કમીટીના એક જાણીતા સભાસદ મી. ડી. આર હેકન અય. અઠવાડીએ ડરબનમા મરણ પામ્યા છે.

યુનીઅનના પ્રધાન મંડળમા કામમાં ફેરફાર થયો છે. મી મલાન ખાણુ તથા ઉદ્યોગ ખાતાના પ્રધાન છે તેમને નેટીવ એફેરના ત્રીજા ખાતાનું પ્રધાનપદ જનરલ બોથા તરફથી મળ્યું છે મી. સર ટી. વૅટ જે પોસ્ટ ટેલીગ્રાફ અને જાહેર ખાતાના પ્રધાન છે તેમને જનરલ સ્મટસ પાસેથી મુલકી ખાતાનું પ્રધાનપદ મળ્યું છે.

વળી લશ્કરથી હીંદી લશ્કરની બહાદુરીના તમજ તેમને લડાઇમા મોકલવા માટે વખાણ તથા ખુશાલી જણાવવામ આવે છે ત્યારે ટ્રાન્સવાલના 'ધરટ રેંડ એક્સ પ્રેસ' ટુંક લખ્યું છે કે જરમનોની સામે મેદાન જીતીને હીંદી લશ્કરને બોલાવ્યું તેથી દક્ષીણ આફ્રીકાના ઘણા ગોરા ચકીત થયા છે. ઘણા ગોરાઓ માની શકે છે તો પછી કલરડ લશ્કરને ગોરાઓની સામે ઉભું રાખવું એ જબરજસ્ત ભુલ છે તેથી પછી હીંદીઓ પોતાને દેશ જશે તો ગોરી પ્રજા તરફ તેઓને શું માન રહેશે ?

જાણીતા ગ્રન્થ, અહીં મી. શોરાબજી આદુરજી આવતા જે વિલાયત ખાનગી ફરમાવે આવે છે કે જેનાથી મજુરોને ખાસ સમાચાર મળે તેઓ આવ્યા છે. હાલમાં મી. શોરાબજી મી. ગાંધી સાથે લંડનની એમ્બ્યુલન્સ ટુકડીમાં સામેલ થયા છે.

પોર્ટ એલીઝાબેથથી એક ખબર પત્રી લખે છે કે તા. ૨૮ મી સપ્ટેમ્બર રવીવારે મુસલમાન હનફી કોમની સભા મીઆં હુસન મહમદ . વાલીના મકાનમાં મળી હતી. તે વખતે હનફી સુન્નત જમાત નામની એક સંસ્થાન સ્થપાઇ હતી. તેમાં પ્રમુખ હુસન પ્રમુખ મી. યાકુબ હુસેન સેક્રેટરી, મી સુલેમાન યુસફ આસી. સેક્રેટરી, મી શીખા હુસન ખજાનચી અને મી. ફકીર મુસ. મદદનીશ ખજાનચી નીમાયા હતા તેઓએ હનફી સુન્નત જમાતના છોકરાઓને કેળવણી આપવાને ફંડ શરૂ કર્યું હતું. તેમાં આલીપોરના મી. યાકુબ સાલેહજી તરફથી રૂ ૧૦૦૦, મી. મી. સુલેમાન યુસફ સાસના તરફથી રૂ ૧૦૫ અને બીજા રહીશો તરફથી પા. ૪૬ - ૧૬ - ૬ ની રકમ મળી કુલ્લ પા. ૧૨૦ - ૯ - ૧૦ નો ફાળો કરવામા આવ્યો હતો ફાળામાં ૨૫ થી ૩૦ જેટલા ગુજરાતી હીંદુ ભાઇઓ તરફથી પણ શી. ૨/- થી એકેક ગીની સુધીની રકમો ભરાયેલી લેવામાં આવે છે ખબરપત્રી જણાવે છે કે આજની સભામાં મી. રણછોડદાસ ગરબડદાસ તથા મી. ડીસાભાઇ દેસાઇ કીમતી મદદ કરી હતી તથા બહારના ગૃહસ્થોમાં પણ સા. મણી ભાઇ દેસાઇ, મી. કે પી પટેલ વગેરે હતા જમાતની બીજી સભા તા ૧૯ મી અકટોબરે મળશે.

ઢાકામા પોલીસ ડેપ્યુટી વસન્ત બાબુ નામના સરકારી અમલદાર ઉપર બંદુકની ગોળીએ છોડવામા આવી હતી. પણ તેમની સાથેના એક પોલીસ મરણ પામ્યા અને બીજો સખત ઘાયલ થયો. પોતે બચી ગયા અને પાસે નદી હતી તેમાં કુદીને નાશી ગયા. આ ખુન રાજદ્વારી તરીકે લેખાય છે ખુનીની પકડ કરવા માટે સરકાર સખત પગલા લે છે, પણ હજુ સુધી પત્તો નથી.

મી હસન ઇમામ કલકત્તાની હાઇકોરટમા જડજ નીમાયા છે.

અલ્લાહાબાદની હાઇકોરટમા એક ગુજરાતી નાગર ગૃહસ્થ નામે સુંદરલાલ જડજ તરીકે નીમાયા છે.

બાલગંગાધર તીલકના મત અને વિચાર—આ વિચારો ભાઇ કોટવાલે સંક્ષેપમાં મુક્યા છે. કીમત ૬ પેની, પો. ૧ પેની.

રામાયણ અને મહાભારત 'અંગ્રેજી'—મરહુમ રોમેશ દત્તે લખેલ તરજુમ. કીમત ટપાલ ખરચ સાથે શી. ૨–૯

પ્રખ્યાત કવી શેખ સાદીનાં ગુલીસ્તાન અને બોસ્તાન દરેક ભાગની કીમત ટપાલ ખરચ સાથે શી. ૧–૯

શરીર સંપત્તિને વધારો અને તેની સંભાળ—લખનાર: વડોદરા નિવાસી પ્રોફેસર માણેકરાવ. કીમત ૬ પેની, પોસ્ટેજ ૧ પેની.

મળવાનું ઠેકાણું :
મેનેજર, ઇંડીઅન ઓપીનીઅન પ્રીંટીંગ પ્રેસ,
ફીનીક્સ—નાતાલ

ગુજરાતી પુસ્તકો

નીચેનાં પુસ્તકો ઓપીનીઅનની ઓફીસમાંથી મળશે

	કીમત શી. પે.	પોસ્ટેજ પેની
	૨–૬	૯
	૩–૬	૯
કાવ્ય દોહન ભાગ ૧ લો.	૩–૬	૯
કાવ્ય દોહન ભાગ ૨ જો	૨–૬	૫
કાવ્ય દોહન ભાગ ૩ જો		
સ્વર્ગની સીડી	૧ ૦	૩
બે વિખ્યાત પુરૂષો—સોક્રેટીસ અને ફ્રેંકલીન	૦ ૬	૧
ટેમિંવનના ચરિત્ર	૦–૩	૧
અક્ષર દીપાઈ જોશી	૦–૪	૧
મણીપોથી	૦–૫	૧
ગુજરાતી પહેલી ચોપડી	૦ ૮	૨
” બીજી ”	૦ ૮	૨
” ત્રીજી ”	૦–૧૦	૩
” ચોથી ”	૦ ૩	૧
” પાંચમી ”	૦ ૬	૧
દેશી હીસાબ ભાગ પહેલો	૧–૦	૨
શ્રીમદ ભગવદ ગીતા પાકું પુઠું	૦ ૪	૧

વિશેષ સોનેરી ને સુંદર પુઠું

” ખીસામાં રાખવા લાયક ગુટકો

મે. ક ગાંધીનો, જન્મ વૃતાંત રેવ ડોક પુસ્તકનું એ ભાષાંતર છે એમા શરૂઆતમાં, લે. ઉપોદ્ઘાત છે જેમા તેમણે મી ગાંધીના સબંધ બાબત છુ તેનો ચિતાર આપ્યો છે વળી પ્રસ્તાવના જે લગભગ ૮૦ પાના છે તે વાચ આ પુસ્તકમાં મી. ગાંધીની કારકીર્દી સાથે સત્યાગ્રહનું બયાન કરેલ છે. પાકું પુઠું ટપાલ ખરચ ૩ પેની

સુરેખાહરણ—આ વારતા મહાન મરહુમ આઇરવીન ધી ગ્રુ ’ નામની અતિ રસીક વાર છે. કીમત ૬ પેની, ટપાલ ખરચ ૧ પેની.

કાયદા સામે થવાની ફરજ (ગુજરાતીમાં)—મહાન માણસ થઈ ગએલા ઉપર અમેરીકામાં થઈ ગએલા સત્યાગ્રહી થોરો સાહેબે લખેલ છે અને છે, અને કેટલાક તે પ્રમાણે વરતે છે. કર્તાનો નેટલું કરનારો હતો, તેથી તેનો લખાણ વજન રાખવામાં આવે છે. તેણે પોતે એટલે પોતાના દેશની સામે પોતાની ફરજ લખેલું છે. તે એમ માનતો કે અમેરીકાના ને ઘણા માણસોને ગુલામ રાખતા એ મોટું એટલું બધું સખત નહોતો. માનતો, સરકારી તરીકે એ ધંધાને અટકાવવાના સારૂં કેવા મટે તે પણ લખેલો. તેમાંનો એક જે રાજ્યની અંદર ગુલામીનો વેપાર ચાલે

બયાં છે.

લખેલ અંગ્રેજી ઉપરથી લીધેલ માં જે વિચારો આપ તરફ કરતાની ... છે. દ. આફ્રીકાના કી. શી ૧–૩.

ટોલસ્ટોયની ... તનો તરજુમો

... થોરો નામના ... અર્થ બયાં છે, ... તેમનું કરે ... પોતે જેટલું ... ઉપર બહુ ... સરકારની સામે ... સરકારને પણ ... ગુલામગીરી ... હતું. પોતે ... અમેરીકાના ... બીજા જે ઉપયોગ ... થતો હતો, કે ... તે રાજ્યને કર

તેઓ આપ્યો નહીં તેથી આખી રાત ... કરવું ત્યારે તેને જેલમાં મોકલવામાં આવ્યો હતો. તે જેલમાં તેના મનની અંદર જે વિચારો આવ્યા તે વિચારો ઘણુ સારા અને ઉમદા હતા અને તે વિચારો આ પુસ્તકમાં આપેલા છે. કીમત ૩ પેની પોસ્ટેજ ૧ પેની.

પૂર્વ અને પશ્ચિમ—આ અસલ લેખ લખનાર બહુ વિદ્વાન ને અનુભવી ઇંગ્લીશ છે. તેણે પોતાનાજ મુલકનું ઘણું સરસ રીતે ખંડન કરયું છે. પશ્ચિમની નીતિને વખોડી છે. ઇંગ્રેજી પાર્લામેન્ટને વખોડી છે. ચીનના લોકોનાં ઉપાવણ નો આબેહુબ ચિતાર આપીને બતાવી આપ્યું છે કે ચીનના લોકોને પશ્ચિમના લોકો પાસેથી કંઇ શીખવાનું નથી રહ્યું. પશ્ચિમની નીતિ તો નહીંજ કેમકે તે નીતિનું મૂળ સ્વાર્થમય છે. પશ્ચિમના સમાજ નહીં કેમકે તેથી ત્યાંના માણસો નમાલા ને ગુલામ જેવા બની ગયા છે. પશ્ચિમના શહેરો નહીં, કેમકે શહેરોની ધમાલથી લોકો બહાવર બની ગયા છે ને ઇશ્વરને તદન ભુલી ગયા છે. પશ્ચિમની રાજનીતિ નહીં, કે કેમ રાજનીતિને પરિણામે બીજી પ્રજાઓ ઉપર ઉપકારને નામે અપકાર થયો છે, તેઓના રક્ષણને બદલે તેઓને નાશ થયો છે. આ બધું ઉપરના લેખોમાં ઘણુંજ અસરકારક રીતે બતાવવામાં આવ્યું છે. કીમત ૭ પેની; ટપાલ ખરચ ૧ પે.

સુધારાનો ભવાડો હીંદને ખરૂં જોખમ કયું છે તે વિષે મી જસ્ટીસ અમીર અલીએ ‘ નાઇન્ટીન્થ સેન્ચુરી ’ માં એક જાણવા લાયક લેખ લખ્યો હતો. આ લખાણનો ગુજરાતી તરજુમો આ નાનકડા ચોપાનીઆમાં આપેલો છે. સુધારાનો ચિતાર, કેળવણીમાં ગેરવર્તણુંક, યુરોપી ગુલામગીરી વીગેરે વિષયોનો આ લેખમાં સમાવેશ કર્યો છે. કીમત ૩ પેની; ટપાલ ખરચ ૧ પેની

મારો જેલનો અનુભવ ભાગ ૧, ૨ અને ૩—આ ત્રણે નાનકડાં પુસ્તકમાં મી. ગાંધીએ સત્યાગ્રહની લડતને વખતે પોતાને મળેલી જેલની હકીકત લખી છે. જેલનાં રીત રીવાજ ઉપરાંત આ ત્રણે ચોપડીઓમાંથી સત્યાગ્રહ અને તે વિષે મી. ગાંધીના વિચારોનું સુંદર અવલોકન મળી શકે છે. ત્રણે ભાગની કીમત ટપાલ ખરચ સાથે શી. ૧–૨ છે

માણસ કેટલી જમીનનો માલિક થઇ શકે?—આ વારતા મરહુમ મહાન ટોલસ્ટોયની એક રસીક અને બોધક વારતાનો તરજુમો છે કીમત ૩ પેની, પોસ્ટેજ ૧ પેની.

નીતિના કાવ્ય — ઉંચા બહાર પડેલ આ પુસ્તકના બીજા ૧૬ પાનાં ઉમેરવામાં આવ્યા છે છતાં તેની કીમત પેની ૩ જ રાખેલી છે. પોસ્ટેજ ૧ પેની.

નવાં અંગરેજી પુસ્તકો

સ્વદેશી હીલચાલ—અંગ્રેજોના ભાગલા તે પરીણામે હીંદુસ્તાનમાં જ સ્વદેશી હીલચાલનો જન્મ થયો છે તે ઉપર દેશના ૫૦ જેટલા નામાંકીત નરોએ જે વિચારો બતાવ્યા છે તે આ પુસ્તકમાં આપેલા છે. આ વિચારો લખનાર કેટલાકના નામ આ મુજબ છે: દાદાભાઈ નવરોજી, શ્રીમંત ગાયકવાડ સરકાર, ડૉ. રાસ બીહારી ઘોસ, ઓન. મહારાજ કુમારખાન બહાદુર, રાજા પ્યારી મોહન મુકરજી, લાલા લજપતરાય, બાબુ સુરેન્દ્રનાથ બેનરજી, રોમેશ દત્ત, ઓન. ગોકુળદાસ કહાનદાસ પારેખ, બાબુ અશ્વનીકુમાર દત્ત, દી. બહાદુર અંબાલાલ દેસાઇ, પંડીત મદનમોહન માલવીયા, બાળ ગંગાધર તીલક, અબ્દુલ હલીમ ગઝનવી, સુફીર હુસેન કીદવાઇ, પંડીત રામભજ દત્ત ચોધરી અને બીજા કેટલાક નામાંકીત પુરૂષો. ” કીમત શી. ૨; ટપાલ ખરચ ૩ પેની.

[illegible] સરોજની વાર્તા અને બીજાં [illegible]—[illegible] ની કવિતા ઇત્યાદિમાં આ સહુથી સરસ ગણાય છે. કીમત ટપાલ ખરચ સાથે શી. ૨-૬.

એગીસ ઍન્ડ સંપ્રદાય—આ વાર્તા ઉપયોગી છે કીમત ટ. ખરચ સાથે શી ૧-૬

ઇસપની કહાણીઓ—ઇસપની કહાણીઓનું અંગ્રેજી સહુ અને છોકરાંઓ સમજી શકે તેવું છે. કી. ટ. ખરચ સાથે શી. ૧-૬

ગોલસ્તાન—ગુલીસ્તાનના કેટલીક વાર્તાઓ શેખ સાદીએ આ પુસ્તકમાં લખી છે. કીમત ટપાલ ખરચ સાથે ૨-૯.

હાજીબાબુ ઈસ્પહાનની [illegible]—સ્ટેન્ડ અબ્દુલ મજીદે અરેબીકમાંથી તરજુમો કર્યો છે. કી શી ૧-૯

મહમદ પેગમ્બરનું જીવન ચરિત્ર—વોશીંગટન ઇરવીંગકૃત કીમત શી. ૧-૯

મહમદ ધી ગ્રેટ અરેબીયન—મેરીડીથ ટાઉનસેંડ કૃત કીમત શી. ૧-૯.

મહોમેડનીઝમ અથવા મુસલમાની ધર્મ. કી શી. ૧ ૯.

ધી ફ્યુચર ઓફ ઈસ્લામ—મુસલમાની દુનિયાના પુરા માહીતગાર મી. ડબલ્યુ એસ. બ્લંટે "ફોર્ટ નાઈટલી રીવ્યુ" માં લખેલા પાંચ નિબંધો આ પુસ્તકમાં છે. કીમત ટપાલ ખર્ચ સાથે શી. ૪/

પરશીયન મીસ્ટીક્સ ભાગ ૧ અને ૨ તેમ. જલાલુદ્દીન રૂમી અને નુરૂદીન અબ્દલ રહેમાન જામીનાં લખાણો છે દરેક ભાગની કીમત ટપાલ ખરચ સાથે શી ૨ ૯

અરેબીયન વીઝડમ—અરેબીકમાંથી તરજુમ ને માટે જુદી જુદી કહેવતો દરેકની કી શી ૧-૯

ફીલ્ડઝ, ફેક્ટરીઝ અને વર્કશોપસ—ખેતીનો ઉદ્યોગ કેટલો સરસ રીતે થઈ શકે છે અને મહેનતના કામ સાથે મગજનું કામ કેટલું ખીલવી શકાય છે તે વીષે પ્રીન્સ ક્રોપટકીને આ પુસ્તકમાં ઘણું સરસ ચીતાર આપ્યો છે. કી. ટપાલ ખર્ચ સાથે ૧/૯

મક્કા અને મદીનાની યાત્રા—લખનાર સર કેપ્ટન રીચાર્ડ એફ. બરટને આ પુસ્તક બને ભાગ મળી ૯૦૦ જેટલા પાનાંમાં લખ્યું છે. તેના પહેલા ભાગમાં મીસરમાં આલેક ઝાંડ્રીયા સુએઝ, કેરો, નાઈલ વીગેરેનું તથા મદીનાની અંદર પેગમ્બર સાહેબની મઝાર શરીફ વીગેરેનું વરણન છે બીજા ભાગમાં મક્કામાં લખનારે જે જે કામ કર્યા તે તથા બીજી યાત્રાઓનાં વરણન છે. બને ભાગની ટપાલ સાથે કીમત શી. ૮-૬.

હીંદની કળા. ઉદ્યોગ અને કેળવણી ઉપરના નીબંધો આ પુસ્તકમાં ૭ નીબંધો છે. (૧) તાજ અને તેની રચના (૨) હીંદી કારીગીરી, (૩) હીંદમાં હુન્નર અને કેળવણી, (૪) હીંદી દરબાર અને સ્વદેશી (૫) હીંદમાં કળા અને બાગબગીચા. સુધારો, અને (૬) કળાનો ઉપયોગ. કીમત ટપાલ ખરચ સાથે શી ૨ ૩

શકુંતલા—કવી કાલીદાસના સંસ્કૃત નાટકનો તરજુમો આમાં રઘુવંશ મેઘદુત, ઉરવશી. વીગેરે નાટકના તરજુમ છે કીમત ટપાલ ખરચ સાથે શી ૧-૯.

સેક્રેડ બુક્સ, સેક્રેટ અને આર્ટ્સ એંડ લેબર—ડા. [illegible] ઇમ્સના આ બન્ને ઉપયોગી પુસ્તકોમાં અનેક ભાષાઓમાં ઘણી આવૃત્તિઓ છપાઈ ચુકી છે. અને મહેનત અને ઉમદા આરિ [illegible] ઉપર [illegible] સુધી [illegible] એ તેના આ પુસ્તકોમાં [illegible] તથા રસ્તાઓ આપેલા છે. દરેકની કી. શી. ૧-૧ દરેકનું ટપાલ ખર્ચ પાંચ પાંચ પેની.

[illegible] [illegible]—[illegible] [illegible] છે તે વીષે મી. [illegible] વિચારો [illegible] આપ્યા છે. કીમત ૧ પેની. ટ. ૧ પેની.

મી. ગોખલેના દક્ષિણ આફ્રિકાના પ્રવાસનું પુસ્તક—મી. ગોખલે કેપટાઉન આવ્યા ત્યારથી તે ઝાંઝીબાર, મોઝામ્બીક, બૈરા, લોરેન્સ માર્કીસ વગેરે ગયા ત્યાં સુધીની તેમના પ્રવાસની સંપૂર્ણ નોંધ આ પુસ્તકમાં આપેલી છે મજકુર જગાઓ તેમજ દક્ષિણ આફ્રિકાના બીજા જુદા જુદા ભાગોમાંથી અને પુર્વ આફ્રિકામાંથી મી. ગોખલેને જે જે માનપત્રો મળ્યા તેની નકલો અને તે ઉપરાંત ઘણા પુરવણીઓ આ પુસ્તકમાં આપી છે નાતાલ, ફ્રી સ્ટેટ, કેપ તથા ટ્રાન્સવાલના હીંદીઓ ઉપર પડતી હાડમારીની જે જે વીગતો મી. ગોખલેને મળી હતી તે બધી પ્રથમ પુરવણીમાં છે; બીજી પુરવણીમાં મી. ગોખલેની મુસાફરી દરમીયાન જુદા જુદા ભાષણો, ટીકાકારો, ખાસ મુલાકાત લેનારાઓ અને બીજા લખનારાઓ તરફથી દક્ષિણ આફ્રિકાના હીંદી સવાલ ઉપર જે કંઈ ઉપયોગી કહેવામાં આવ્યું હતું તે બધું છે; અને ત્રીજી પુરવણીમાં અહીંના ચારે કોલોનીના હીંદીઓને લગતા ઈમીગ્રેશન, લાઇસેન્સ, કેળવણી, મ્યુનીસીપલ રેલવે વીગેરે વીગેરેના કાયદાઓ મથી ઉપયોગી ટાંચણ આપેલા છે હીંદી સવાલનો ઇતી હાસ જાણવાને માટે આ આખું પુસ્તક અતી ઉપયોગી છે. એ ઉપરાંત જુદી જુદી વખતે થયેલા કેટલાક જલસાઓ, કારટુન તથા માનપત્રોનાં સુંદર ચિત્રો આ પુસ્તકમાં આપેલા છે. કીમત શી. ૨ ૬ ટપાલ ખરચ ૬ પેની.

મી. એન્ડ્રુસનું ભાષણ—મી. એન્ડ્રુસે કેપથી વિલાયત ઉપડતા પહેલાં ટાઉન હોલમાં કવીરાજ બાબુ રવીંદ્રનાથ ટાગોર વિષે ભાષણ આપેલું તે સહુને યાદ હશે તે ભાષણ વખતે લોર્ડ ગ્લેડસ્ટન મી. મેરીમેન વિગેરે ગૃહસ્થો હાજર હતા. તે ભાષણની ઘણીજ સરસ અસર થએલી. એ ભાષણ હવે હાથની બનાવટના કાગળમાં સુંદર રીતે કેપ 'ટાઈમ્સ' પ્રેસ માં છપાવવામાં આવ્યુ છે તેની કિંમત પોસ્ટેજ સુધાં ૭ પેની રાખવામાં આવે છે તે અમને તેટલી રકમ મળેથી અમે જ્યાં મોકલવાનું અમને લખવામાં આવશે ત્યાં મોકલી આપશું. આ ભાષણ અહીંના બધા વાંચનાર ગોરાઓનાં હાથમાં જવું જોઈએ. અમે હીંદી વાંચનારને ભલામણ કરીએ છીએ કે તેમણે આ ભાષણ પોતાના ઓળખીતા ગોરાને મોકલવું અમને જો પઇસા મોકલી ગોરાની ચુંટણી કરવાનું કહેવામાં આવશે તો અમે તેમ પણ કરવા તઇયાર છીએ. એક હજાર નકલો છપાવવામાં આવી છે. અમારી પાસે સાતસો નકલ આવી છે તે તેટલી તુરત ઉપડી જશે એવું અમે ઇચ્છીએ છીએ છપામણી ખરચ બાદ જતાં જે પઇસા વધશે તે શાંતિનિકેતનની નીશાળને સારૂ મી. એન્ડ્રુસને મોકલવામાં આવશે.

બુધ્ધ ગૌતમ—વેદાંતના તત્વજ્ઞાન વિષે વિચાર. કી શી.૨ ૯

સાઉથ ઓફ એશીઆ અથવા બુધ્ધચરિત્ર. કી શી. ૨-૩.

સોંગ સીલેસ્ટીયલ—એડવીન આરનોલ્ડે કરેલ ભગવદગીતા નો તરજુમો. કીમત ટપાલ ખરચ સાથે શી. ૨-૩

હીંદુસ્થાનના ખરચા અને ગ્રીસની વાર્તાઓ અને કહેવતો—આ રસીક વાર્તાઓ ભેળી કરીને મીસ ફ્રાન્સીસ મેયોએ અંગ્રેજીમાં લખી છે. કી. ટપાલ ખરચ સાથે શી. ૧/૮

ઇમામ એફ ઉમર ખાયામ ચીત્રો સાથે કી. ટપાલ ખર્ચ સાથે શી. ૧-૬

અઠવાડીક પંચાંગ.

ખ્રીસ્તી—તા. ૭ અકટોબરથી તા. ૧૩ અકટોબર સુધી ઈ. સ. ૧૯૧૪.

હીંદુ—આસો વદ ૩ થી આસો વદ ૯ સુધી સંવત ૧૯૭૦.

મુસલમાન—તા. ૧૬ જીલકાદથી તા. ૨૨ જીલકાદ સુધી ૧૩૩૨ હીજરી.

પારસી—તા. ૨૬ થી તા. ૨ સુધી ૧૨૮૪.

વાર	ખ્રી. તા.	હીંદુ તિથિ	મુ. તા.	પા. મા.	સૂર્યોદય ક. મી.	સૂર્યાસ્ત ક. મી.
બુધ	૭	વદ ૩	૧૬	૨૬	૫-૩૦	૬ ૨
ગુરૂ	૮	,, ૪	૧૭	૨૭	૫-૨૯	૬-૩
શુક્ર	૯	,, ૫	૧૮	૨૮	૫-૨૮	૬-૩
શની	૧૦	,, ૬	૧૯	૨૯	૫-૨૬	૬ ૪
રવી	૧૧	,, ૭	૨૦	૩૦	૫-૨૫	૬-૪
સોમ	૧૨	,, ૮	૨૧	૧	૫-૨૪	૬-૫
મંગળ	૧૩	,, ૯	૨૨	૨	૫-૨૩	૬-૫

Indian Opinion SUBSCRIPTION RATES

Within the Union

	s.	d.
Yearly	14	0
Half yearly	8	0
Quarterly	5	0
Per copy by post		4

Subscriptions are all payable **Strictly in Advance**, and, if sent by cheque, 6d extra should be added for bank commission except from Durban.

Intending subscribers will kindly note that we do not accept subscriptions for less than a quarter.

The rates outside the Union are 15s. 9s. and 6s. respectively.

Cash with Order

INTERNATIONAL PRINTING PRESS,

Phoenix, Natal.

કાયદા સામે થવાની ફરજ

હેનરી ડેવીડ થોરોના

અંગ્રેજી પુસ્તક

ON THE DUTY OF CIVIL DISOBEDIENCE

ગાંધી ગુજરાતી તરજુમો.

કીંમત ૩ પેની, પોસ્ટેજ ૧ પેની

ઈંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ તરફથી બહાર પાડવામાં આવેલાં પુસ્તકો

	શી.	પે.
ગીતાજીનો ખીસામાં રાખવા જેવડો નાનો ગુટકો	૦	૪
હીંદ સ્વરાજ્ય ગુજરાતીમાં	૦	૬
હીંદ સ્વરાજ્ય અંગ્રેજીમાં	૦	૬
કાયદા સામે થવાની ફરજ	૦	૩
મી. તીલકનાં મત અને વિચાર	૦	૬
આરોગ્યતા વિષે સામાન્ય જ્ઞાન		
ભાગ ૧ લો	૦	૬
ભાગ ૨ જો	૦	૬
નીતિ[illegible]	૦	૩
શરીર સંપત	૦	૩
જસમાની ગરબી	૦	૧
એક હીંદુ પ્રત્યે ટોલસ્ટોયનો કાગળ	૦	૧
મારા જેલનો ૧ લો અનુભવ (મી. ગાંધી)	૦	૧
,, ૨ જો ,,	૦	૧
,, ૩ જો ,, ,,	૦	૩
પૂર્વ અને પશ્ચિમ	૦	૬
ઓન. મી. ગોખલે અને ગીરમીટના સવાલ ઉપર ચરચા	૦	૬
ઉપરનું પુસ્તક અંગ્રેજીમાં	૦	૬
એક સત્યવીરની કથા (આ પુસ્તકમાં જુનાની સોક્રેટીસનું મરણ સમયનું ભાષણ છે)	૦	૬
માણસ કેટલી જમીનનો માલીક હોઈ શકે ?	૦	૩
બુધ્ધરાજ	૦	૬
સત્ય વિના બીજું કશું નથી	૦	૩
જીવન દોરી	૦	૬
મુસ્તફા કામેલ પાશાનું જીવન ચરિત્ર	૦	૩
મુસ્તફા કામેલ પાશાનું ભાષણ	૦	૬
સત્યાગ્રહનો ઈનામી નિબંધ	૦	૩
સુધારાના સવાલ	૦	૩
સર્વોદય (આ મહાન અંગ્રેજ લેખક રસ્કીનનાં સર્વોત્તમ પુસ્તકનો સારાંશ છે.)	૦	૪
હીંદી બારીસ્ટર અને ખેડુતનો સંવાદ	૦	૩

ઉપરની કીમતમાં દરેક ચોપડીને માટે ટપાલ ખરચની એક પેની ઉમેરવી.

પોસ્ટલ ઓરડર કાઢી કરવા નહીં આવે તો પણ મળવાની જગ્યાએ ફીનીક્સ પોસ્ટ ઓફીસ નહીં લખવું પણ ડરબન પોસ્ટ ઓફીસ લખવું.

પુસ્તક મળવાનું ઠેકાણું—

ઈંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ,
ફીનીક્સ, નાટાલ.

હીંદ સ્વરાજ્ય

(ગુજરાતીમાં)

કીમત ૬ પેની. પોસ્ટેજ ૧ પેની.

હીંદી બારીસ્ટર અને ખેડુતનો સંવાદ

લખનાર. પ્રાગજી ખંડુભાઇ દેસાઇ

કીમત ૩ પેની ટપાલ ખરચ ૧ પેની

ખાસ ઘટાડેલી કીમતે ઓન. મી. ગોખલેની દક્ષીણ આફ્રીકાની મુસાફરીનો હેવાલ

મી. ગોખલેના દક્ષિણ આફ્રિકાના પ્રવાસનું ઈંગરેજીમાં વરણન—તેમાં તેમની મુસાફરી દરમીઆન પાડેલી છબીઓ, હીંદી આગેવાનોની છબી, જનરલ બોથાને જનરલ સ્મટસની છબી, અને તેમને અપેલાં સુંદર માનપત્રોની છબી, સરસ કાગળ ઉપર છાપેલી છે. આ પુસ્તક ઈંગરેજી નહીં જાણનાર હીંદી પણ છોકરાંઓને સારૂ લઈ શકે છે ને પછી કેઈ પણ પોતાને ઓળખનાર ગોરાને ભેટ આપી શકે છે અથવા ઈંગરેજી જાણનાર હીંદી ભાઈઓને ઘેર ભેટ તરીકે મોકલી શકે છે. કીમત શી. ૨-૬; ટપાલ ખરચ પેની ૩

ઇ. ઓ. ના લવાજમના દર

યુનીઅન—કેપ, નાતાલ, ટ્રાંસવાલ ઓરેંજીઆમાં –

વારષિક	૧૪	૦	
છમાસિક	૦	૮	૦
ત્રિમાસિક	૦	૫	૦
નકલની	૦	૦	૪

બધાં લવાજમ અગાઉથીજ લેવાનો ધારો છે.

યુનીયનની બહાર કાગળનો દર વારષિક શી. ૧૫, છમાસિક શી. ૯, અને ત્રિમાસિક શી. ૬ છે જો ઘરાક ચેક મોકલે તો કમીશનની ૬ પેની (ડરબન સિવાયની બેંકમાં) ઉપલા દરમાં ઉમેરવી. અમે ત્રણ માસથી ઓછા લવાજમ લેતા નથી. એ તરફ ઘરાકોનું ધ્યાન ખેંચીએ છીએ.

છાપી પ્રગટ કરનાર મિ[illegible] ભાઈ [illegible] મગનલાલ કે. ગાંધી. ઈ. ઈંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ, ફીનીક્સ, નાતાલ

ઇન્ડિયન ઓપિનિયન.

પુસ્તક ૧૫ મું. ફીનીક્સ, બુધવાર, તારીખ ૨૪ મી અક્ટોબર, ૧૯૧૭. અંક ૪૩.

અધિપતિની નોંધ

સંવત ૧૯૭૪

હીંદુઓનું નવું વરસ સંવત ૧૯૭૪ નું આવતે સોમવારે શરૂ થશે. આ નવા વરસના દિવસે અમે સહુ હીંદુ ભાઇઓને અભીનંદન આપીએ છીએ. આ વખતે અમે ઇશ્વર પાસે માગીએ છીએ કે યુરોપમાં ચાલી રહેલ ઘોર યુદ્ધથી જે અશાંતિ આખી દુનીઆમાં આજકાલ ફેલાઇ રહી છે તેનો આ નવા વરસમાં જલદીથી અંત આવે અને બધી જગાએ શાંતિ ફેલાય.

ટાઉન કાઉન્સીલ અને ટ્રામ

ડરબનના કર ભરનારાઓની અસોસીએશનની એક સભા મળી હતી તેમાં તેઓએ એવો ઠરાવ પસાર કર્યો હતો કે ટાઉન કાઉન્સીલે તુરત એવા પગલાં ભરવાં જોઇએ કે જેથી ગોરાઓની સાથે કલરડ લોકોને ટ્રામમાં મુસાફરી કરતા અટકાવી શકાય અને તે લોકોને ટ્રામમાંથી નોખી વ્યવસ્થા કરી આપવા. આ બાબત વિચાર ચલાવતાં આ ઠરાવ રજુ કરનાર તે એસોસીએશનના સેક્રેટરીએ દાખલો આપી જણાવ્યું કે ટ્રાંસવાલની મ્યુનીસીપાલીટીએ ૧૯૧૨ ની પ્રોવીન્શીઅલ કાઉન્સીલ પાસે એક બીલ પાસ કરાવ્યું હતું અને તે બીલથી તેને કલરડ લોકોને ટ્રામમાં મુસાફરી કરતા અટકાવવાની સત્તા મળી હતી. ટાઉન કાઉન્સીલની એક કમીટીએ એક ઠરાવ પાસ કર્યો છે કે કલરડ લોકો માટે ટ્રામની જુદી સગવડ કરવા વિચાર કરવા માટે આ બાબત ખરચનો અડસટ્ટો કાઢવા તથા સાધનો મેળવી આપનાર કમીટી પાસે રજુ કરવાં તથા જનરલ મેનેજર અને ટાઉન ક્લાર્ક પાસેથી એ બાબતના રીપોર્ટ માગ્યો. કાઉન્સીલે વધુમાં જણાવ્યું છે કે જ્યારે તેની પાસે કાયદો બાંધવાની વધુ સત્તા આવશે ત્યારે એ બાબત ઉપર વિચાર ચલાવવામાં આવશે. એસોસીએશને જે જણાવ્યું છે તે મુજબ ડરબનની કાઉન્સીલ કાયદા ના ઠરાવીને સત્તા નથી. ટ્રામ વેના જનરલ મેનેજર તથા ટાઉન ક્લાર્કે એ બાબતમાં અગાઉ એક રીપોર્ટ આપેલ હતો. તેમાં તેમણે જણાવ્યું હતું કે ટ્રામમાં અત્યાર સુધી વધારે ભીડ થવાને લીધે મુસાફરીમાં અગવડ પડેલી છે, અને આ અગવડ ભવિષ્યમાં ન થાય તેને માટે યોગ્ય સુચના જનરલ મેનેજરને આપી દેવામાં આવી છે. હાલ ડરબનની મ્યુનીસીપાલીટીએ કલરડ લોકોને ટ્રામમાં બેસતા અટકાવવાની સત્તા મેળવેલી છે તે બાબત એસોસીએશનને હાલ સીધું ધ્યાન ખેંચ્યું છે તે સબંધે કાઉન્સીલે જણાવ્યું છે કે તે સત્તા મ્યુનીસીપાલીટીને મળેલી નથી. તેમ એ બાબતની ટ્રાંસવાલ પ્રોવીન્શીઅલ કાઉન્સીલમાં તા. ૧૨ મી સપ્ટેમ્બરે બીલ ગયેલ છે અને તેમાં ટ્રાંસવાલની સરકારે પણ જે સત્તા મ્યુનીસીપાલીટીને આપી નથી. ઉપરની બાબત બરાબર સાબીત છે. અમે માનીએ છીએ કે કાઉન્સીલના હાથમાં કલરડ લોકોને ટ્રામમાં મુસાફરી કરતા અટકાવવાની સત્તા હોય તો તે તેનો ઉપયોગ તરત કરે. પરંતુ એ સત્તા નથી એટલું સંતોષકારક છે. જાહેર રીતે જ્યારે જ્યારે ભેદ પાડવામાં આવે તેની સામે હીંદીઓએ હમેશ લડત કરી છે અને ભવિષ્યમાં એવું કોઇ પગલું ભરવામાં આવે તો તેની સામે પણ થશે.

સામ્રાજ્યમાં સમાનતા

હિંદી લશ્કર યુરોપ ખાતે મહાભારત યુદ્ધમાં ભાગ લેવા હિંદુસ્તાનથી ગયું તે વિષે બોલતાં વિલાયતના વડા પ્રધાને પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે બ્રીટીશ સામ્રાજ્યમાં શહેનશાહની પ્રજા તરીકે સરખા છીએ, જાત કે જાતનો તફાવત સામ્રાજ્ય બીલકુલ સમજતું નથી. આ અતી કીમતી વાક્ય એકથી અનેક વાર સામ્રાજ્યના અનેક જવાબદાર અમલદારો ઉચ્ચારી ગએલા છે. સામ્રાજ્યમાં હિંદીઓને બરાબરીપણાના હક વિષે ઇંગ્લાંડની ગાદી પર રાણી વીકટોરીઆના સમય થયા વચનો ઘણાં વાર અપાયા છે પરંતુ આ અતિ કીમતી વચનોનો તે પ્રમાણે અમલ થાય છે ખરો? હિંદી પ્રજાને આ વચન વિષે ઘણી વાર નિરાશા ખમવી પડી છે. બ્રીટીશ સામ્રાજ્યમાં બ્રીટીશ પ્રજા નહિ એવી પ્રજાને શહેરી તરીકેના સંપુરણ હક ભોગવવા દેવામાં આવે છે. પરંતુ કમભાગ્ય હિંદીઓ કે જે બ્રીટીશ તાજની રૈયતની ઉજવળ કરવા પોતાનું લોહી રેડ્યું, આપ્યું છે છતાં સામ્રાજ્યમાં તેમને એક હલકી પ્રજા તરીકે લેખવામાં આવે છે. હિંદીઓના ઉદ્યોગી, તથા કરકસરીઆ જીવનના ઉત્તમ સદ્‌ગુણોને વખોડી કહાડી તેઓને હલકું રંગીન અને જંગલી પ્રજા છે એમ ગણી તેમના પ્રત્યે તિરસ્કારથી જોવામાં આવે છે. સામ્રાજ્યમાં હિંદી પ્રજાની આવી શોકજનક સ્થિતિ જ્યાં સુધી છે ત્યાં સુધી આવાં અનેક કીમતી વચનો તદ્દન અરથ વિનાનાં છે. સામ્રાજ્યને ખાતર હિંદી પ્રજા પોતાનાં લોહી રેડે છે તે જોતાં આ સમયમાં તેઓના હકના સવાલ ઉપર તેના જવાબદાર રાજ્યકર્તાઓ એ તથા સ્વરાજ્ય ભોગવતા કોલોનીઓએ તરતજ ધ્યાન આપવું જોઇએ. અમે ઇચ્છીએ છીએ કે આ યુદ્ધમાં હિંદી લશ્કરમાં પોતાનું જે ખુન રેડે છે તે ખુનથી ઇંગ્લાંડ અને હિંદની પ્રજા વધુ ખુબીથી એકત્ર થઇ એક બીજાને બરાબર ઓળખતા શીખે અને તેમ કરી એક બીજા પાસે હાથ લઇ શાંતી શાંતિ અને સુલેહના દિવસો નિરગમન કરે.

પાસ

ટ્રાંસવાલની મુદત પુરી થયા પછી મેજીસ્ટ્રેટ તરફથી જે પાસ આપવામાં આવે છે તે સંબંધી હાલ થયા પછી નવી લેવી ઘણી આપવામાં આવતા નથી. ગાળામાં પાસ કાઢી આપવાનો હુકમ સરકાર તરફથી દેવાઇ ચુકેલ

આ પ્રકાર પહોંચો છે. પણ જણાય છે કે હજુ તેઓ પાસ છપાઈને પ્રોટેક્ટર પાસે આવેલ નથી. કમભાગ્યે અમને ખબર મળી છે કે કેટલાક હીંદીઓને પકડવામાં આવ્યા છે અને તેમની પાસે પાસ નહીં હોવાથી તેઓને સજા કરવામાં આવી છે આ બાબત વીશેષ હકીકતની અમે તપાસ કરીએ છીએ. લડાઈને લીધે સરકારી છાપખાનામાંથી માણસો ઘટી જવાથી પાસને છપાતાં હજુ પણ કેટલીક ઢીલ કદાચ થાય. પરંતુ આવી નાના કામને માટે આટલી બધી ઢીલ થવાથી હિંદીને ઘણી હરકત ભોગવવી પડે છે સરકાર બીજા કોઈ છાપખાનામાં છપાવી શકે છે એમ ઉમેદ રાખીએ છીએ કે બ્રીટીશ ઇંડીયન એસોસીએશન સરકારને લખી આ પાસ તાકીદથી તઇયાર કરાવવાની આગ્રહ કરશે

મીં ગાંધીનો કાગળ

વિલાયતથી આવેલા છેલ્લા મેલમાં મી ગાંધીના લંડનથી ભાદરવા વદ ૧૪ ને લખેલો કાગળ મળ્યો છે. તે ઉપરથી જણાય છે કે કામકાજના અતીશય બોજાને લીધે તે કાગળ લખી શક્યા નથી. તે જણાવે છે કે આ દેશ મન ઝેર સમાન થઈ પડ્યો છે જીવ તો હિંદમાં જ છે. છતાં રહેવું જ જોઈએ એમ સમજી રહયા છું. આ વિષયમાં વધારે લખવું છે પણ હમણાં ફુરસદ નથી ને ચિન્ત પણ નથી મી. કેલનબેકની તબીયત સારી છે. તેઓ તા ૭ નવેમ્બરે હિંદુસ્તાન જશે. હાલમાં 'ફસ્ટ એઈડ ફાઉન્ડેશન નરસીંગ' નું કામ શીખીએ છીએ. આવતે અઠવાડીએ કેમ્પનું કામ શરૂ થશે. આખરે ફ્રન્ટ ઉપર જવાનું થશે એમ જણાય છે

જન. બોથાએ કુલી શબ્દ વાપરયો હતો?

દ્રાન્સવાલમાં બંડ ખતમ થયા પછી આપેલા ભાષણમાં જનરલ બોથાએ હિંદીને માટે 'કુલી' શબ્દ વાપરયો હતો. તેના સબબમાં ટ્રાન્સવાલ બ્રી. ઇ એસોસીએશને પ્રોટેસ્ટનો કાગળ લખી જનરલ બોથાના ખાનગી મંત્રીને જણાવેલું કે તે શબ્દ અયોગ્ય રીતે વપરાયેલ છે અને જો કે તે શબ્દ વાપરતી વખતે જનરલ બોથાનો ઇરાદો હિંદી કોમનું અપમાન કરવાનો હોય એમ જણાતું નથી છતાં તે શબ્દનો જે અર્થ થાય છે તે જાણીને સાધારણ રીતે હિંદીને બદલે 'કુલી' શબ્દ નહિ વપરાશે. જેથી એવી અમારી કોમની લાગણી છે

આ કાગળના જવાબમાં મુખ્ય પ્રધાનના મંત્રીએ લખી જણાવ્યું છે કે જનરલ બોથાથી ભાષણ દરમીઆન 'કુલી' જ શબ્દ વપરાયો હતો તેની તેમને બરાબર ખાત્રી નથી છતાં રીપોર્ટર ઉપર તે ઢોળી પાડવા માગતા નથી, એટલે કે તે શબ્દ વપરાયો હોય એમ બનવા સંભવ છે. ગમે તેમ હોય પણ તેનો ઇરાદો હિંદીઓને તોછડાઈથી બોલાવવાનો નહતો.

આ વિષય ઉપરના એક સરસ પત્રી (મી એન. ખાન) ના કાગળના જવાબમાં 'મરક્યુરી' ના અધિપતિએ ટીકા લખી છે કે જ્યાં પ્રધાને ડચ ભાષામાં ભાષણ આપ્યું હતું એટલે અરધાપણી જ શબ્દને માટે વાપર્યો હોય છે ને ભુલથી તરજુમામાં આવી ગયો હશે. ગમે તેમ, તેનો ઉપયોગ કરવામાં ભુલ થઈ હતી. હિંદીઓની શહેનશાહત તરફની વફાદારીનાં સહુ કોઈ વખાણ કરી રહ્યું છે તેમનું અપમાન કરવાનો જનરલ બોથાનો ઇરાદો હોય એમ અમે માની શકતા નથી.

હીંદી લશ્કરનાં વખાણ

'ટાઇમ્સ' છાપામાં 'હીંદી લશ્કરને સલામ' એ નામથી એક લખનાર નીચે પ્રમાણે લખે છે: 'આપણા સુંદર હીંદી લશ્કરની સાથે અમુક માણસ જ્યાં સુધી રહેલો ન હોય, તેની સાથે લડાઈમાં જોડાયેલો ન હોય, સુખ દુઃખના દિવસો ન કાઢ્યા હોય, તેની ચપરાસીની મીજબાની ન લીધી હોય, અથવા તો, તેની કામગીરીમાંથી લાભ ન ઉઠાવ્યો હોય, ત્યાં સુધી આ માણસો કેવા પ્રકારના હોય છે તેની સમજ પડવી અસંભવીત છે સાધારણ માણસ તેને બરાબર પીછાની શકતો નથી. તેઓ તો તેને વિષે એમજ ધારે છે કે આ કાળા માણસ કદાચ સરસ ભરદારી નીચે સારી રીતે લડી શકે, પણ તે ગોરી ચામડીવાળા સાહેબની બરાબર તો નજ હોઈ શકે. પણ તે બહુજ મોટી ભુલ છે. હીંદુસ્તાનમાં જે ક્ષત્રી અથવા રજપુત કહેવાય છે તે શરીરબળે અને મનોબળે કોઈ પણ ગોરા કરતાં વધારે છે. ભણતરમાં એટલોજ, અને ઘણા ખરાના કરતાં ચઢીઆતા હુશીઆર છે જન્મથીજ તે ખાનદાન હોય છે હથીઆર પકડવા સીવાયના બીજો ધંધો કરશે નહીં તેની સમજ છે. સાધારણ ગોરા કરતાં નીતિમાં તે ઘણો ચઢીઆતો હોય છે, કારણ કે જાતીના જે બંધનો તે બરાબર જાળવે છે તેથી તે વધારે પવિત્ર અને તનદુરસ્ત જીંદગી ગુજારે છે અને તેઓ એવી ફરજંદોને જન્મ આપે છે કે જેને દુનીઆમાં ક્યાંય શરમાવાપણું રહે નહીં

ફ્રાન્સની ભુમિ ઉપર બ્રીટીશ શહેનશાહતની ખાતર જે માણસો લડી રહ્યા છે, જેઓ થોડા અઠવાડીઆ અથવા થોડા મહીનામાં બરલીનના દરવાજા તોડી પાડશે તેના થોડા ચીતાર આપવા ધારું છું તે સાંભળો. કદાવર શીખ તરફ જુઓ. તે ૭ ફીટ ઉંચો. પહોળી છાતીનો અને પહોળા ખભાવાળો હોય છે તેના સુંદર ખીલેલા શરીરમાં એક આઉન્સ જેટલી પણ નકામી ચરબી હોતી નથી નાનપણથી તે મલ્લ જેવો હોય છે તેના દરેક સ્નાયુને ખીલવેલા હોય છે અને જો તમે તેને ઉઘાડે શરીરે, જ્યારે તે હમેશાં ન્હાતો હોય તે વખતે જુઓ ત્યારે તમને જણાશે કે મ્યુઝીઅમમાં ગ્રીક લોકોના રાખેલા સુંદર અને કદાવર પુતળાના જેવા દરેક અવયવો સંપુરણ રીતે ખીલેલા હોય તેવો તે માણસ હોય છે ગુરખાના સેન્સરો પણ તેવાજ હોય છે રણક્ષેત્રમાં ઉભા રહી મરવું એ તેમાં તે મહાન યશસ્વી ગણાય છે લડાઈમાં શત્રુની સામે ઉભા રહી મરવાનું તે તે શોધતો ફરે છે પણ મરતાં પહેલાં દુશ્મનને તે પોતાનું સંપુરણ વીરત્વ બતાવી ચુકશે. શીખ, ગુરખા અને બેંગાલ લેન્સરના જેવા, બીજો સરસ લડવૈઆ આખી દુનીઆમાં નથી જ્યાં કોઈ લશ્કર સુખે મરી ત્યાં આ લોકો નહીં શકશે આ લેખનો લખનાર અનુભવથી જણાવે છે કે જ્યારે ખોરાક ઘટી પડેલો હોય છે ત્યારે આ લોકોએ તેઓના ગોરા ભાઈબંધોને પોતાના ભાગના ચવાણ આપેલ છે, અને તેઓ માત્ર ચાવલનું પાણી પીને સંતોષ પામેલા છે. ચીત્રાલ અને બીજી લડાઈઓમાં અનેક વાર ગોરા સોલ્જરો ભુખ અને થંડીથી મરી જતા હતા તેને વખતે આ હીંદી લડવૈઆઓએ તેમને પોતાના ખોરાકમાંથી આપ્યા અને પાથરણાંથી કામળા આપી બચાવ્યા છે. જે માણસો આ હીંદી લશ્કરની સાથે લડાઈમાં ગયેલા છે, અને તેમની સાથે સુખ દુઃખના દીવસો કાઢેલા છે તે તેમને પોતાના સગા ભાઇ કહેતા પણ શરમાતા નથી.

લોર્ડ ક્રુએ કરેલો ઉદાર બચાવ

ત્યાર પછી એ હકીમાં એક સભાસદે આપણ ભાખતાં લોર્ડ કર્ઝન બોલ્યા કે સરકારે જો કોઈ અચાણ કરેલું ભલું થયું હોય તો તે એજ છે કે યુરોપ ખંડમાં લડવાને માટે હિંદી લશ્કરને બોલાવવાનો ઠરાવ તેણે જાહેર કર્યો. આપને યાદ હશે કે ૯૦ વરસ ઉપર પારલામેંટની સંમતિ સિવાય ૭૦૦૦ હિંદી લશ્કરને માલ્ટામાં મોકલવામાં આવ્યું હતું અને એ કહેવાનું બંધારણ પૂરવાર કરવા માટે લોર્ડ બેકન્સફીલ્ડ (તે સમયના વડા પ્રધાન) ના ઉપર આરોપ મુકવામાં આવ્યા હતા. પરંતુ તે પછી આપણી ઘણી લડાઈઓમાં હિંદી લશ્કરને કામે લગાડવામાં આવેલું છે. બોઅર લડાઈ વખતે આ લશ્કરની માત્ર એકજ અભિલાષા હતી કે તેઓને એ લડાઈમાં ભાગ લેવા દેવામાં આવે. આ માગણીની સામે કેટલાંક કારણો હતાં. કારણ કે દ. આફ્રીકામાં નેટીવોનો સવાલ હતો. પરંતુ હમણાં હવે તેવી જાતનાં કોઈ પણ કારણો નથી. હું પોતે માનું છું કે આ બહાદુર માણસોને યુરોપ ખંડમાં બોલાવી આપણા તગદીરનું રક્ષણ કરવામાં તેઓને તેમના ભાગ ભજવવા દેવો એ ઉચ્ચ રાજનિતિ તેમજ મહાન ડહાપણ છે. આપણા સરવ લશ્કરમાં જે લશ્કર કોઈ પણ દરજ્જે ઉતરતું નથી પરંતુ કેટલીક બાબતમાં તો તે અત્યંત નિપુણ છે તો તે લશ્કરની મદદ ન લેવી એ મુરખાઇ ભરેલું છે. હીંદુસ્તાનમાં રણ સંગ્રામનો જુસ્સો મરાઠુરવેથી ચાલતો આવેલો અને તે જગવિખ્યાત છે. જ્યારે આપણને મળી આવે તેટલા દરેકે દરેક માણસની જરૂર છે તો પછી આપણે શા માટે તેઓની મદદ ન લેવી? જ્યારે જર્મની પોતાનો મદાર તેમનાજ ઉપર પાડેલ છે અને તેઓને અગાઉ વર્ણના જનાવર છે તેથી શું આપણે તેઓની મદદ ન લેવી! રેડ ક્રોસની પટી પહેરેલા માણસ ઉપર તેઓ ઘા કરે તેવા તે નથી. અથવા તો નિર્દોષ સ્ત્રી અને બાળકોનાં ખુન કરે તેવા તેઓ નથી. જોકિત મહાન દેવળો, જે કે તેમને જુદા ધારણા ધરમના દેવળો છે છતાં તેના ઉપર તોપ ગોળાનો મારો ચલાવી તેને છીન્ન ભિન્ન તેઓ નહીં કરી નાખે. આધુનીક સમયના સુધારાઓના જાસમાંથી યુરોપને બચાવતા હીંદુસ્તાન એક સુધરેલ સરકારને મોટી મદદ આપે છે બગાળાની બોલ્યા કહી જરમનોના ઉપર ગોળી મારે કરે તે જોવા હું આતુર છું. બળવાન બાંધાના ગુરખાઓ પોતાની પરજની ખરી છરીઓથી શું કામ કરે છે તે જાણવાને આતુર હું જોયા કરું છું. તમને યાદ આપું છું કે હીંદુસ્તાનના રજપુત લડવઇઆઓએ, શુરાતન, વીરત્વ અને પરાક્રમને માટે હજારો વરસો થયાં પ્રખ્યાત થયેલ છે તે વીરત્વ અને પરાક્રમ તેઓ અહીં બતાવશે. આ માણસો યુરોપની ભુમિ ઉપર પહોંચે ત્યારે તેમના ભાઇઓ વતી તરફ અને તેઓની પાઘડી ઉપર તમે નજર રાખજો અને હું ખાત્રી આપું છું કે તેઓ તમને કદિ શરમાવશે નહીં.

હિંદી ધારાસભામાં વાઇસરોયનું ભાષણ

સીમલા ખાતે તા. ૯ સપ્ટેમ્બરે હિંદી ધારાસભામાં લડાઈ વિષે જે ભાષણો થયાં હતાં તેમાં ના. વાઇસરોયે રહે નામદારે [illegible] પ્રથમ વાંચી સંભળાવ્યો. હતો. ... તેનું સંક્ષિપ્ત ભાષાંતર ... શહેનશાહતની ... તરફથી જે અનેક લાગણીઓ પુરી પાડવામાં આવી છે તેમાં માગ તાજ તરફ હિંદ અને ઈંગ્લાંડની પ્રજાની જે ગુરુત્વાકર્ષણ ... ભાગણી જાહેર કરી છે અને આજે જ્યારે હિન્દુસ્તાનનાં રાજા રજવાડાઓએ લશ્કર તેમજ પોતાના અમુલ્ય ખજાનાની મદદ આપવાની જે માગણી કરી છે તેને માટે સર્વોત્તમ કબુલ કરે છે. દીલ્હીમાં દરબાર વખતે આ તાજપોશીની વખતે જ્યારે ઈંગ્લાંડ પાછા આવ્યા ત્યારે તમોએ ખાનગી પ્રત્યે ઉપર સ્નેહની લાગણી ભરેલો જે સંદેશો મોકલાવ્યો હતો તે હું ઘણા માન સાથે યાદ કરું છું. અને હાલના કટોકટીના સમયમાં તમોએ આપેલી ભાવીનો આટલો ઉમદા અમલ કરવામાં આવે છે તે જોઇ મને ઘણો આનંદ થાય છે, અને મને માલુમ પડે છે કે બ્રીટન તથા હિંદુસ્તાનનો સંબંધ મજબુત નહિં તુટી શકે તેવી રીતે અરસ પરસ જોડાયેલો છે.

આ પછી લડાઈ શરૂ થવાના કારણને લગતી કેટલીક હકીકત કહી તેમણે જણાવ્યું કે આ વરસમાં હીંદી સરકારનું જે એક અગત્યના સવાલ ઉપર ધ્યાન ખેંચાયું છે તે વિષે હું બે બોલ બોલવા માગું છું આ

પરદેશમાં ગએલા હિંદી વિષે

નો સવાલ છે. ધારાસભાના અગાઉ મેં જણાવ્યું હતું કે દ. આફ્રીકાના હીંદીઓની હાડમારીઓના સંબંધમાં તપાસ કરવાને નીમાએલ કમીશને કરેલી ભલામણો ધ્યાનમાં લઇ યુનીઅન સરકારે એક કાયદો પસાર કરવા માગતી હતી. ત્યાર પછી રીલીફ બીલ પાસ થયું છે તે આપણ જાણીએ છીએ. અને તે માટે તેની રાજ્ય સભાના આપણે આભારી છીએ. તે નવા કાયદાથી હીંદીઓની તમામ આશાઓ પરી પુરણ ન થઇ હોય તોપણ એટલું તો કહીશ કે તેઓની મુખ્ય મુશ્કેલીનો અંત આવ્યો છે.

બ્રીટીશ શહેરીના હકકો

હવે હું વધારે અગત્યના સવાલ ઉપર બોલીશ. મારા મત પ્રમાણે તે સવાલનો વહેવાર નીવેડો લાવી શકાય તેમ છે પણ તેમ કરતાં શહેનશાહતના બીજા ભાગોની લાગણી ધ્યાનમાં લેવી પડે છે. આ સવાલ મુશ્કેલી ભરેલો છે. સાધારણ રીતે એમ કહેવામાં આવે છે કે બ્રીટીશ શહેનશાહતના શહેરી તરીકેના હકમાં શહેનશાહતના ગમે તે ભાગમાં વસવાટ કરવાનો હકનો સમાવેશ થઇ જાય છે. પણ ભુલવું જોઇએ નહિ કે તેવી માન્યતામાં વાંધો રહેલો છે. આપણી શહેનશાહત સ્વરાજ ભોગવતા સંસ્થાનો વગેરેની બનેલી છે. સ્વરાજ્ય ભોગવતા દેશોને તેઓના અંદરના કારોબાર માટે કાયદા બાંધવાનો હક આપવામાં આવ્યો છે. બહારની વસ્તીને પોતાના દેશમાં દાખલ થવા દેવી કે નહિ તે સવાલ અંદરના કારોબારને લગતો છે. શહેનશાહતના જુદા જુદા ભાગની પ્રજા એક ભાગમાંથી બીજા ભાગમાં આવજા કરે તેમાં ઘણા કાયદાઓ રહેલા છે. તે નીયમ માટે હીંદી સરકાર ઘણો વખત થયાં લડત ચલાવતી આવી છે આ નીયમને વહેવારમાં મુકવામાં ઘણી મુશ્કેલીઓ ઉભી થયેલી છે અને જે બનાવો બન્યા છે તે ઉપરથી જણાય છે કે આ નીયમના વહેવારૂ ઉપયોગ માટે આશા રાખી શકાય નહિ. બીજી બાજુ આપણે તમામ સ્થિતિનો વિચાર કરીએ તેમજ કેટલાક વરસો થયાં જે રાજનિતિ અખત્યાર કરવામાં આવી છે તે ઉપર વિચાર કરીએ તો ખબર પડે છે કે સંસ્થાનો આપણી સામે વધારે ને વધારે સખત કાયદાઓ ઘડે છે અને હાલમાં કેનેડા ખાતે જે સ્થિતિ ઉભી થઇ છે તેથી ચીંતા થાય છે. જ્યારે આ પ્રમાણે સ્થિતિ છે ત્યારે આપણે આપણું વલણ ફેરફાર કરવા જોઇએ અને

વિચારવું જોઈએ કે હાલની સ્થિતિ સુધારવા આપણી પાસે શું ઉપાય છે યા નહિ. મારો મત એવો છે કે ઉપાય છે અને તે આપણી પાસે છે. અને તે કયો તે હું હમણાંજ તમોને જણાવું છું. આ સબંધમાં હિંદી સરકાર અને હિંદી પ્રજા તરફ સ્વરાજ ભોગવતાં સંસ્થાનો કેવું વલણ ધરાવે છે તે વિષે હિંદી પ્રજામાં કંઈ પણ ગેર સમજુતી હોય તો તે હું દુર કરવા માગું છું. ઘણી વાર એમ કહેવામાં આવે છે કે હિંદીઓને સાંકડી કાહવાને કાયદા ઘડવાનું કારણ એ છે કે સંસ્થાનોની સરખરી હીંદીઓ તરફ અણગમો બતાવે છે અને હીંદીઓ સામે જે જાપતા મુકવામાં આવેલા છે તેવા જાપતા ગ્રેટ બ્રીટનની પ્રજા સામે મુકવામાં આવ્યા નથી આ કહેવું તદન વાજબી હોય એમ હું ધારતો નથી નિખાલસપણે મારે કહેવું જોઈએ કે આપણે હિંદમાં કાયદા ઘડતી વખતે હિંદનું ભલું પહેલું કરવાની ઈચ્છા વરાવીએ છીએ. તે પ્રમાણે સંસ્થાનો પોતાના દેશનું ભલું કરવાની સરવોપરી ઈચ્છા ધરાવે છે. પણ વખતે. વખત સંસ્થાનોની સરકારે તેઓની ધારા સભામાં તકરાર દરમીઆન તેમજ હીંદી સરકાર સાથે સંદેશા ચલાવતી વખતે દેખાડી આપ્યું છે કે તેઓના પગલાંથી હીંદી સરકાર અને હીંદી પ્રજા ઉપર કેવી અસર થશે તે બાબત તેઓની જાણ બહાર નથી અને હું ધારું છું કે જો તેઓને એવી ખાત્રી થાય કે તેઓના દેશના લાભોને ધકો પહોંચે નહિ તો તેઓ હીંદી હાજતો ઉપર ખુશીથી વિચાર ચલાવશે. હું તમને ખાત્રી આપી શકું છું કે ગ્રેટબ્રીટનની પ્રજાને પોતાના સંસ્થાનોમાં દાખલ ન થવા દેવાનો હક તેઓ ધરાવે છે અને તેઓ પોતાની સ્થાનિક હાજત પ્રમાણે તે હકનો ઉપયોગ કરે છે. હું કોન્સીલને યાદ આપીશ કે ઓસ્ટ્રેલીઆની બજારમાં વેપારીઓ વધી પડવાથી ઘણું કરીને વેપારીને દાખલ કરવામાં આવ્યા નહોતા હાલમાં કેનેડામાં એવો કાયદો છે કે જેની રૂએ ગ્રેટ બ્રીટન અથવા બીજા ભાગના કોઈ પણ મજુરને ત્યાં દાખલ થતો અટકાવી શકે હાલમાં દ. આફ્રીકાની સરકારે કેટલાક અંગ્રેજ મજુરોને પોતાના મુલકમાંથી હાંકી કાઢ્યા હતા. આ દાખલા ઉપરથી જણાશે કે ફક્ત હીંદીઓ સામે જાપતા મુકવામાં આવ્યા છે એમ કહેવું એ ઠીક નથી. થોડા વખત ઉપર કેનેડાના વડીલ પ્રધાન મી. બોર્ડન એક ભાષણમાં જણાવ્યું હતું કે કાગા હીંદીઓ શાથની કે માગાટા મારુ પણ ઝુકાવ આવે તો પહેલાં તે પહેલાં દશ વરસે કેનેડામાં બહેરે દાખલ થતા ૮૩૭૦ અંગ્રેજોને અટકાવવામાં આવ્યા હતા

ચાલુ

હીંદુસ્થાનની સ્ટીમરો અને ટપાલ

લડાઈને લીધે હીંદુસ્થાનની ટપાલ ક્યારે જશે એ કાંઈ કહી શકાતું નથી. કાગળો લખી ટપાલમાં નાખી દેવા એ સલાહ ભરેલું છે, કેમકે ટપાલો ઘડી બંધ પડે તો વહેલી મોકલી શકાય. હાલમાં બહાર પડેલી ખબર મુજબ ઉપરથી નીકળતી સ્ટીમરો તેની સાથે જણાવેલી તારીખે હીંદુસ્તાન જશે એમ માલુમ પડે છે

સ્ટી. ક્રીસ્ટાન—તા. ૧૬ મી ઓકટોબરના અરસામાં ડર્બનથી ... અને કોલંબો થઈ મુંબઈ જશે.

સ્ટી. અમ્બુલી—તા. ૨૦ ઓકટોબરના અરસામાં જશે અને ... થઈ મુંબઈ જશે.

સ્ટી. ...—તા. ૨૯ ઓકટોબરના અરસામાં કલકત્તા જશે.

યુનીઅનમાં લડાઈનું વાદળ

સરકારી ખબરો ઉપરથી રૂટરનો પ્રીટોરીઆથી મોકલેલો તાર સોમવારના છાપાઓમાં નીચે પ્રમાણે છપાયો છે:—

સેનાધિપતિ બેયરસના રાજીનામા પછી કેપ પ્રાંતમાના વાયવ્ય ભાગના લશ્કરમાં કાંઈક બંડ ઉઠ્યો છે એમ જણાવ્યા કર્યું હતું. આ લશ્કરના ઉપરી કરનલ મેરીટ્સ છે. સરકારે આ લશ્કર સંભાળી લેવાને કરનલ બ્રીટ્સને તરતજ ત્યાં મોકલ્યા. તા ૮ મી એ કરનલ બ્રીટ્સે લેફ. કરનલ મેરીટ્સને રીપોર્ટ આપવાનું કહ્યું. આનો જવાબ લેફ્. કરનલ મેરીટ્સે ઘણીજ ઉધ્ધત રીતે મોકલ્યો. તે કહે છે કે રીપોર્ટ આપવાનો નથી. તેને તો ડીસચાર્જ મોકલો છે તેનો હુદ્દો સંભાળી લેવાને કરનલ બ્રીટ્સે પોતે આવવું

આ પછી કરનલ બ્રીટ્સે મેજર બુવરને ત હુદ્દો સંભાળી લેવાને મોકલ્યા તે મારીટ્સની છાવણીમાં ગયા. ત્યાં તેને તથા તેના સોબતીઓને કેદ કરી લેવામાં આવ્યા પાછળથી મેજરને છોડી તેની સાથે

યુનીઅન સરકારને અલ્ટીમેટમ

મોકલ્યું તેમાં તેણે જણાવ્યું કે તા ૧૧ મી રવીવારે સવારે ૧૦ વાગતા સુધીમાં સરકારે મને એવી ખાત્રી આપવી કે તે જનરલો હરઝોગ, ડીવેટ, બેયરસ, કેમ્પ અને મુલરને અહીં મને સુચના આપવાને મોકલી આપશે. અને જો તે મુદત સુધીમાં આ પાંચે જણાને મોકલી આપવાની સરકાર ખાત્રી નહિ આપે તો હું તુરતજ કરનલ બ્રીટ્સના લશ્કર ઉપર હુમલો કરી જઈશ અને ત્યાંથી આગળ વધીશ

મેજર બુવરે ખબર આપ્યા કે મેરીટ્સ પાસે જરમનની કેટલીક તોપ છે. અને તેને જરમન લશ્કરનું અમલદારી પણ મળેલું છે તેની સાથેના ... લશ્કર ઉપરાંત તેની પાસે જરમન લશ્કર છે. તેના પોતાના લશ્કરમાંથી જેણે જરમન સાથે થવાની ના પાડી તે બધાને તેણે કેદ કરી જરમન સાઉથ વેસ્ટ આફ્રીકામાં કેદી તરીકે મોકલી દીધા છે

જરમન સાથે કરાર

મેરીટ્સ અને જરમન સાઉથ વેસ્ટ આફ્રીકાના ગવરનર વચ્ચે કરાર થયા હતા તે મેજર બુવરે જોયા હતા તેમાં યુનીઅનને એક સ્વતંત્ર પ્રજાસત્તાક કરી દેવાની ખાત્રી મળેલી હતી વોલ્વીસ બે તથા યુનીઅનનો અમુક ભાગ જરમનને આપવાનો હતો મેરીટ્સનો સંદેશો મળેથી જરમનો ચડાઈ કરશે

ગયા મહિનાની શરૂઆતથી થએલા તાર અને વાયર લેસના કેટલાક સંદેશ મેજર બુવરને બતાવવામાં આવ્યા હતા. મેરીટ્સે બડાઈ મારી હતી કે જરમન તરફથી તેને પુષ્કળ તોપ, રાઈફલો, દારૂગોળો અને પૈસા મળેલા છે અને તે દ. આફ્રીકા લઈ શકે એમ છે

સરકાર પગલાં લે છે

આવી સ્થિતિની સાથે સરકાર બળવો દબાવવાને અને બળવા ખોરો તથા રાજદ્રોહીને યોગ્ય શિક્ષા કરવાને સખત પગલાં લે છે

સોમવારના સરકારી ગેઝેટમાં માર્શલ લૉ જાહેર થયો છે.

કેપટાઉન, પ્રીટોરીઆ, મારીત્સબરગ, જોહાનીસબર્ગ, ન્યુ કેસલ વીગેરે જગાઓમાંથી જનરલ માર્શલના લશ્કરો વળેલી હાલતમાં મૂક્યું છે તથા સરકારને ટેકો આપવાના ઠરાવ પસાર થયા છે.

યુરોપની મહાન લડાઈના સમાચાર

તા. ૯ તારીખની એક અંગ્રેજી સબમેરીને કીલ્ડ ચેનલમાં એક મોટું જરમન મનવારને ડુબાડી દીધી છે. આ અંગ્રેજી સબમેરીને અગાઉ ૧૩ મી તારીખે હેલીગોલેન્ડ નજીકમાં એક જરમન ક્રુઝરને ડુબાડી દીધી હતી. જરમન મનવાર ઘણુ થોડીવારમાં ડુબી ગઇ હતી અને તેમાંના ઉતારૂઓને નજીકની એક ક્રુઝરે બચાવી લીધા હતા.

ઇ ૯ સબમેરીન ઉપરના માણસો તરફથી જણાવવામાં આવ્યું છે કે જ્યારે દરીઆની અંદરથી સબમેરીને ટોરપીડો છોડ્યું ત્યારે જરમન ડીસ્ટ્રોયર જોવામાં આવી તરતજ પાણીમાં ડુબકી મારી સબમેરીને ડીસ્ટ્રોયર તરફ તીર ના જેવી નળીઓ ફેંકી. સબમેરીન પછી ઉંચી આવી તો ડીસ્ટ્રોયર ઉંધી જણાઇ અને માણસો તરતા હતા.

તરતી માઇનો

એટલાન્ટીક જેવી દરિયામાં તરતી માઇનો જ્યાં ત્યાં બહુ નુકશાન કરી રહેલી છે. જરમનોએ ઉત્તર સમુદ્રમાં નાખેલી માઇનો ડેનમાર્કની હદમાં તણાઇ ગએલી છે અને તેથી ત્યાંની સાથેનો વેપાર પણ બંધ થયેલો છે.

બ્રીટીશોએ નાખેલી માઇનોના સબંધમાં જરમનો બહુ બળાપો કરી રહ્યા છે અને ઇંટરનેશનલ કાયદાનો ભંગ થયો છે, એમ જરમન જણાવે છે.

ઓસ્ટ્રીઆએ ન મેલી માઇનોથી પોતાનીજ ૭ સ્ટીમરો ડુબી ગઇ છે.

જાપાન

ના એડમીરલે જાહેર કર્યું છે કે માર્શલ ટાપુનો તાબુ જર્મની ક્રુઝરે દક્ષીણ તરફના દરીયામાં ઘુમે છે તેની શોધ કરવાને જાપાનીઓએ કબજે લીધેલ છે.

આ ટાપુ પશ્ચીમ પાસીફીક મહાસાગરમાં આવેલ છે તેની વસ્તી ૧૫૦૦૦ ની અને ક્ષેત્રફળ ૧૫૫ ચોરસ માઇલ છે. તેમાંના નાના નાના ૨૪ બેટડા છે. પ્રથમ ૧૮૮૫માં તે જરમનોએ લીધેલાં હતા. જાપાનનો ઉપર મુજબનો કુચ ને મળ થયું એ ઉપરથી જણાય છે કે ચડાઇ જાહેર થયા સારૂ જાપાને એશીઆના કીનારા ઉપરજ લડાઇ ચલાવવાનું જણાવેલું તેનો આ બનાવથી ભંગ થાય છે.

જરમનીની ૫૦૦૦ ટનની ક્રુઝર કોરમોરાન અને બે ગન બોટો કીઆઉચાઉના અખાતમાં જાપાનીઓએ ડુબાડી છે.

કેનેડાથી લશ્કર

ની પહેલી ટુકડી આવી પહોંચી છે. કેનેડામાં બીજી ટુકડી ઉભી કરી મોકલવાનું નક્કી થયુ છે. પહેલી ટુકડીમાં ૩૨૦૦૦ માણસો છે તે ઉપરાંત ૬૦૦૦ રીઝર્વ અને ૫૦૦૦ ફ્રેંચ કેનેડીઅન છે. આ પહેલાં ટુકડીને લશ્કરી કેળવણી લેવાને ટ્રેનીંગ કેમ્પમાં મોકલવામાં આવશે.

લડાઇનું ખરચ

આ લડાઇનું ખરચ કેટલું બધુ મોટુ થયુ છે કે તેનું ચોક્કસ આંકડામાં આપીએ તો ખ્યાલ તે આંકડા ઉપરથી સાધારણ સમજમાં ભાગ્યેજ આવી શકે. જરમનીને રોજના ૨૦ લાખ પાઉંડ હાલ ખરચ થાય છે. ચોખ્ખી આવક ઘટી ગઇ છે. એનું પ્રમાણ રોજ ૭૪ કરોડ પાઉંડનું હતું તેમાંથી એક અબજ થયુ છે. ઓસ્ટ્રીઆનું રોજનું ૧૫ લાખ તથા ફ્રાંસને ૨૦ લાખ રોજનું ખરચ થાય છે. ઇંગ્લાંડને આશરે એક મહીનામાં ૫૬ કે કરોડ રુપીઆ લાખ. એટલે રોજના સરખામણીમાં ૮ કરોડનું ખરચ થાય છે. બધાએ મળી એક અબજ પાઉંડ સુધીનું ખરચ જતાથી ઇંગ્લાંડ અગાઉથી રાખેલી છે. આ રકમની ઘણું વરસ ભારેની છે.

એંટવર્પનો ઘેરો

ઘણા ઝબ્બર હુમલા કરી જરમનોએ એંટવર્પને ઘેરો ઘાલવાનું કામ શરૂ કર્યું છે. આસપાસના ગામડાંમાં બળતાં માલુમ પડે છે. એંટવર્પના ગવરનરે ૧૮ વરસની ઉંમરથી ઉપરના દરેક માણસને લશ્કરમાં જોડાવાની અપીલ કરી છે. શહેરમાં દેવળો ઉપર ખાસ વાવટા રાખવામાં આવ્યા છે. જરમનોનું લશ્કર આગળથી દોઢ લાખ સુધીનુ ધારવામાં આવે છે. તેના લશ્કરી સરદારે ગયા બુધવારે સવારે સફેદ વાવટા સાથે એક માણસ સાથે કહેણ મોકલ્યું હતું કે આજ રાતે ૯ વાગે ગોળા નાખવામાં આવશે.

એંટવર્પમાં અંગરેજી લશ્કર

સોમવારના તારના ખબર છે કે એંટવર્પના ઘેરામાં બેલ્જીઅમને મદદ કરવા અંગરેજોના દરીઆઇ લશ્કરની બે ટુકડી (૮૦૦૦ માણસો) એંટવર્પમાં વખતથી પહોંચી ગઇ હતી. તેમાંથી ૩૦૦ માણસ મરણના ખબર છે. બીજા એક તારમાં ખબર છે કે જ્યારે એંટવર્પ પડ્યું ત્યારે આશરે ૨૦૦૦ માણસ હોલંડ ગયું છે અને ત્યાં જઇ તેમણે તટસ્થ રાજ્યના નીયમ પ્રમાણે હથીઆર મુકી દીધાં છે. બાકીનુ લશ્કર બખતર વાળી ટ્રેનો અને ભારે તોપો સાથે ઓસ્ટેન્ડ પહોંચ્યુ છે. ઓસ્ટેન્ડ દરીઆઇ તેમજ ખુશકીના લશ્કરનું મજબુત મથક મનાય છે.

એંટવર્પ પડ્યાના ખબર

શનીવારે બપોરે ૧૨.૧ વાગે મોકલાયેલ છે કે શહેરના પડતાં કુલ લશ્કરનો બચાવ થયો છે એ વધારે ઉપયોગી ગણાય છે.

શહેરને થએલું નુકસાન

મોટી ઇસ્પીતાલ ઉપર ઝેપ્લીનના બે બોમ્બ પડવાથી તેમાના ૩૦૦ ઘવાએલાને સ્ટીમર ઉપર લઇ જવા પડ્યા હતા. ૮૦૦ ઘવાએલ ત્યાંના મંદીરના મકાનનો કેટલોક ભાગ બળી ગયો છે. શહેરની ઘણી ખરી સુંદર ઇમારતો બળી ગએલી જણાવવામાં આવે છે.

સળગી રહેલું એંટવર્પ

એંટવર્પમાંથી હજારોની વસ્તી ૨૫ સરહદ ઉપર નાસી છુટી છે. તેઓ બારથી મળેલા ખબર અમારૂં તથા એમસ્ટરડામના તાર ઉપરથી જણાય છે કે એંટવર્પ આખું સળગી ઉઠ્યુ છે. બળતી ઇમારતોના ભડકાથી આકાશ આખી રાત લાલ દેખાયુ છે. નાસી આવેલાઓથી એક કહે છે કે આખી શેરીઓ ખંડીએર થઇ પડી છે. હોલાંડમાં પાંચ લાખ માણસ નાસી આવેલા છે અને હજુ વધુ ટોળા આવવાની છે. બુધવારે રાતે તે શહેરમાં તેલની ૪૦ ટાંકીઓ સળગી ઉઠી હતી. ઘણા માણસો મરીગયા હોય એવી ધારણા છે.

એંટવર્પમાં નાસાનાસી

બધારે હજી લડાઇ બંધ નથી થયું. જ્યારે બેલ્જીઅનોએ જણાવ્યુ ત્યારે પારામાં જે સ્ટીમરો હતી તેમાં સામેલ, કેટલા ખલાસીઓ સાથે બીજી આવી બેલ્જીયમ અને બંદરે જરમન સ્ટીમરો પકડીને રાખેલી હતી તે ડુબાડી દીધી. મધ રાતે સંતાઇ ગયું અને કારખાનાઓના સામાન અટકાવવાથી

માટે નાશી છૂટે. શ્રોડા જાણી આ શહેરમાં ગઈકાલ ઘણા લોકો એક બોટ મારફત કોલ પર રહેલા બેલ્જ્યમ સ્ટીમર ઉપર ગયા, સૌ રહેલી બે સ્ટીમરો કે જેમાં માત્ર ૬,૦૦૦ ઉતારૂની ચડવક હતી તેમાં ૧૬,૦૦૦ માણુશો ભરાઈ ભારે મુશ્કેલી ઓસ્ટેંડ ગયા. ડચ સીમાને રસ્તે હજારોની સંખ્યા ચાલી જાય છે. તેમાંના કેટલાક થાકથી હારી જઈ રસ્તામાં પડેલા છે. હજારો તો ગાડાથી ઈંગ્લાંડ આવ્યા ગયા હતા.

એંટવર્પ સામે ૫૦૦ તોપ

જરમનોએ રોપેલી હતી. આ તોપ ૬ થી ૧૪ ઈંચના મોઢાના ગોળાવાળી હતી અને તેના ગોળા ૮૦ માઈલ સુધી જઈ શકતા. આ તોપોથી મજબુત કીલ્લાઓ પણ ટકી શકે તેમ ન હતું.

એંટવર્પનો દંડ

જરમનોએ એંટવર્પનો પાંચ બે કરોડનો માગેલો છે. જરમનો જણાવે છે કે આ શહેર હાથ આવ્યાથી હવે એ લાખનું જરમન લશ્કર અને ભારે તોપો ફ્રાન્સની સામે વાપરવાને છુટાં થઈ શકશે. તથા ઇંગ્લાંડ સામે દરીયાની અંદરથી ચાલતી સ્ટીમરો મોકલવાના મથક તરીકે આ શહેર ઉપયોગી થશે.

કેદ પકડાએલાઓની સંખ્યા હજુ મળી શકે તેમ નથી. ખોરાકીનો જથ્થો મોટો જથ્થો જરમનોએ હાથ કર્યો છે.

પાછળથી માલુમ પડયું છે કે એંટવર્પની તેલની ટાંકા બેલ્જીયનોએ પોતે બાળી નાખી છે. તેઓએજ શહેરમાંનું ઘણું ખાસ તેલ દાણાના કોઠાર અને દુશ્મનોને ઉપયોગી થાય તેવા જથ્થાઓ બાળી નાખ્યા હતા.

એંગ્લો—ફ્રેંચ લશ્કર

ઘેન્ટની પાસે ૧૦ માઈલ ઉપર આવેલા કવોકટરી આગળ શનિવારે ૨૦,૦૦૦ જરમનોના હુમલાને અંગ્રેજ તથા ફ્રેંચ લશ્કરે પાછો હઠાવ્યો હતો.

ઘેંટમાં એક જરમન હવાઈ વહાણે બે બોમ્બ નાખ્યા હતા.

લંડન અને પારીસમાં

બોમ્બની સામે સાવચેતી રખાય છે. સહી સલામતીને માટે જરૂર હોય તે સીવાયની બધી બત્તીઓ રસ્તાઓ તેમજ બીજા કેટલાક ભાગોમાંથી રાતે બુઝાવી નાખવામાં આવે છે.

પારીસમાં બે હવાઈ વહાણોએ ૨૦ બોમ્બ નાખ્યા છે. ૪ માણસ મરાયા અને ૨૦ ઘાયલ થયા છે. ઘવાયેલામાંના ઘણાખરા સ્ત્રી અને છોકરાંઓ છે.

પ્રશીઆની પુરવ સરહદ તરફ

રુશીઅન અને જરમન લશ્કર વચ્ચે લડાઈ ચાલી રહી છે. ગયે અઠવાડીએ રુશીઆએ પોલંડમાં મોટી જીત મેળવ્યા પછી રુશીઅનોએ દુશ્મનના ૧૦,૦૦૦ કેદી અને ૬૦ તોપ કબજે કર્યાં છે.

અંગ્રેજ ફ્રેંચના લશ્કરની મદદમાં મોરોક્કોથી જે લશ્કર આવ્યું તે લડાઈમાં ઉતરેલું છે.

બરલીનમાં બહાર પડેલ ખબર મુજબ રોમમાં જાહેર થયું છે કે જરમનના ૩ લાખ માણસો આજ સુધીમાં મરાયા છે.

આગાખાન ના. શાહેનશાહના પરોણા

તા. ૫ મી ઓકટોબરે ના. શાહેનશાહની આજ્ઞાને માન આપી આગાખાન રાજમહેલમાં ગયા હતા અને ત્યાં ના. શાહેનશાહ અને રાણીની સાથે ખાણું લીધું હતું.

વિલાયતના વડા પ્રધાન અને હીંદી લશ્કર

તા. ૪ સપટેમ્બરે કાર્ડીફ શહેરની એક મોટી સભામાં વડા પ્રધાને જણાવ્યું હતું કે આ મહાભારત લડાઈમાં હિંદુસ્તાને પુરેપુરા ઉત્સાહથી પોતાનો ભાગ ભજવ્યો છે. દરેક ધરમ અને જાત, અંગ્રેજ યા તો હિંદી રાજા અથવા પ્રજા તેમજ હિંદુ તથા મુસલમાન સરવ જાણે આ ઉમદા અને મહાન લડાઈમાં મદદ કરવા એક બીજા સાથે હરીફાઈ કરી છે. હિંદુસ્તાનના આપણા ઉત્તમ લશ્કરની બે ટુકડીઓ ત્યાંથી ઉપડી ચુકી છે. તેમની આ મદદ માટે આપણે હૃદય ભરી લાગણીથી તેઓનું સન્માન કરીએ છીએ. બ્રીટીશ સલ્તનતમાં ચામડી કે જાતનો તફાવત સમજવું નથી. શહેનશાહની પ્રજા તરીકે સરવ સરખા છે. આપણા સામાન્ય લાભો અને આપણા તકદીરના તેઓ ભાગીદાર છે. આપણા અને તેમજ ડુમીનીઅનના લશ્કરની સાથે બાજુ બાજુમાં એ પણ તેમને અંગ્રેજ લશ્કરના ભાગરૂપ ગણાવી લઈએ છીએ. આપણો વાવટો, જુદી જુદી સરવ પ્રજાઓની એકતાના એક ચિન્હ રૂપે છે અને તેને આખી સૃષ્ટિનું લશ્કર કદી પણ નીચું કરી શકે એમ નથી.

લડાઈ અને હીંદીઓ

યુરોપની લડાઈમાં હિંદી લશ્કર અગાઉ ભાગ લીધો હોય એવો દાખલો નથી. ૧૮૦૧ ની સાલમાં ઇજીપ્ત ખાતે એક હિંદી સેઇન્ય ગયું હતું પરંતુ તેણે ફ્રેંચો સામે લડાઈમાં ભાગ લીધો નહતો. એવીજ રીતે લોર્ડ બેકન્સફીલ્ડના વખતમાં પણ એક હિંદી ટુકડી માલ્ટા ખાતે ગઈ હતી પરંતુ તેને ફકત કીલ્લો સાચવવાનું કામ સોંપાયું હતું. એ પછી આ વખત એક હિંદી સેઇન્ય યુરોપ ખાતે મોકલવામાં આવ્યું છે અને યુરોપની લડાઈમાં હિંદી સેઇન્યે ભાગ લીધો હોય એવો આ પહેલ વહેલોજ પ્રસંગ છે.

લડાઈમાં જતા ફ્રેંચોને

પોંડીચેરીથી ફ્રેંચ લશ્કરની એક ટુકડી લડાઈમાં જવા ઉપડી ગઈ હતી. તેમાં ૧૫ પાદરીઓ પણ હતા. આ લોકોને વિદાયગીરીનું મોટું માન આપવામાં આવ્યું હતું અને લડાઈમાં ફ્રાંસ તથા મિત્ર રાજ્યોના જય થાય એવી પ્રારથના કરવામાં આવી હતી.

સુબાઈમાંના જરમનોને અહમદનગર લઈ જવામાં આવ્યા છે અને એમ ધારવામાં આવે છે કે હિંદમાંના બીજા ભાગો માંના જરમનોને પણ ત્યાં લઈ જવામાં આવશે.

અફઘાનીસ્તાનના અમીરનો સંદેશો

ના. વાઇસરૉયે અફઘાનિસ્તાનના ના. અમીરને એવી સલાહ આપી હતી કે તમારા રાજ્યની સલામતી આખી પુરતી હોવાથી તેમજ તમારા લાભોને બીલકુલ હાની થવાનો સંભવ ન હોવાથી તમો હાલના મામલામાં ચોખ્ખી તટસ્થતા જાળવી રાખશો. આ સંદેશાના ઉત્તરમાં ના. અમીરે જણાવ્યું છે કે ના. વાઇસરૉયની સલાહ હું કબુલ રાખું છું અને તટસ્થ રહેવાની મારી ધારણા જાહેર કરું છું.

જરમનીનો એક અગત્યનો કાગળની જપ્તિ

હીંદુસ્તાનમાં દક્ષીણ આફ્રીકાનો કોલસો ખરીદ કરવામાં આવશે. વાચનારને યાદ હશે કે દક્ષીણ આફ્રીકામાંથી હીંદુસ્તાનની અંદર કોલસો ખરીદ કરવામાં આવશે. કારી રહેલને મારે આગાઉ જ્યારે સત્યાગ્રહની લડતથી અહીં સામે ચર્ચા ઉભી થએલી અને હીંદુસ્તાનના બાપા તેમજ સરકારી આગેવાનોએ દક્ષીણ આફ્રીકાની સરકારની હીંદીઓ પ્રત્યેની વરતણુક માટે અણગમો બતાવવાને એક અવાજ જાહેર કરેલું કે દક્ષીણ આફ્રીકાના કોલસાની ખરીદી બંધ થવી જોઇએ તે વખતે હીંદી સરકાર તરફથી કાંઈ પગલું લેવાયું હોય એમ જાહેરમાં માલુમ પડયું નહતું. પરંતુ ગઇ તારીખ ૨૧ મી સપ્ટેમ્બરે સીમલા ખાતેની હીંદી વાઇસરોયની ધારા સભામાં સર હેનરી વરડે એક સવાલના જવાબમાં જ જાહેર કર્યું છે તેથી જણાય છે કે ૧૯૧૨ની સાલથી દક્ષીણ આફ્રીકાના કોલસાની ખરીદી થએલી નથી. લોક લાગણી એટલી બધી દુખાએલી હોય તે વખતે સસ્તા મોંઘાનો સવાલ રહી શકતો નથી અને હીંદી સરકારે પણ બીજેથી કોલસા ખરીદતા વધારે પઇસા ખરચવા પડે તો તેમ પણ કરીને દક્ષીણ આફ્રીકાના હીંદીઓના હીતની ખાતર હીંદી પ્રજા મતની સાથે ઉભા રહી હીંદી સરકારે તે સમયમાં અનુકુળ વરતન કરી જે લાગણી દર્શાવી તે જાણીને સંતોષ થાય છે.

વિલાયતના હિંદીઓની એમ્બ્યુલન્સ ટુકડી

'ઇંડીઆ' ઉપરથી જણાય છે કે લડાઈના મેદાનમાંથી ઘવાએલા હીંદી સિપાઇઓને અંગ્રેજી બાનુએ મેડલી સેવા આપવામાં આવતા લાગ્યા છે. તેમની સારવારમાં મદદ કરવાને ઇંગ્લાંડમાં ઉભી થએલી હિંદી એમ્બ્યુલન્સ ટુકડીના કેટલાક માણસોને ફ્રાન્સ ખાતે કોઈ ખેડુતી અસ્પતાલે નીમી મોકલવામાં આવ્યા હતા અને એક અઠવાડીઆ પછી બીજા આઠ માણસોને મોકલવામાં આવ્યા છે. કેટલાએક માણસોને હિંદી લશ્કરને માટે રાખેલી હસ્પીતાલની સ્ટીમરોમાં સારવાર કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. આ ટુકડીમાં હજુ બીજા માણસોની ભરતી કરવામાં આવે છે.

હીંદી રાજા સાથે અસભ્ય વર્તન

જે હીંદી રાજાઓ હાલની લડાઈ ઉપર વરતમાન યુદ્ધમાં ભાગ લેવા ગયા છે તેઓની સાથે અંગ્રેજ અમલદારો ભેદ રાખી વેગળા રહે છે તે બાબતમાં સુપ્રસિદ્ધ લેખક મી. એડવર્ડ કારપેન્ટરે '[illegible]' પત્રમાં એક લેખ લખ્યો છે. તેમાં તે લખે છે કે ફ્રાંસની એક હોટેલમાં એક અંગ્રેજ જનરલ બેઠો હતો તેજ ટેબલના ઉપર એક હીંદી રાજા પણ આવી બેઠો હતો. ખાલી બેઠા ટેબલ ઉપર આ જનરલ તેની સાથે એક શબ્દ સરખો પણ ન બોલ્યો એમ મેં જોયું. બીજે દિવસે રાત્રે હું હોટેલના સ્મોકીંગ રૂમમાં હતો અને મેં તેજ રાજાને ત્યાં જોયો. ત્યાં આગળ બ્રીટીશ ઓફીસરોનું એક ટોળું પણ હતું પરંતુ તેઓ માર્મીક રીતે તેની અવગણના કરતા હતા. મી. કારપેન્ટર પુછે છે કે જો હીંદી રાજા બ્રીટીશ અમલદાર સાથે વાત ચિત કરવાને પણ લાયક ન હોય તો શા માટે આપણા શહેનશાહ તેમની સેવાનો સ્વીકાર કરે છે? શહેનશાહના અમલદારો તરફથી જો તેમનું અપમાનજ થવાનું હોય તો તેમની વફાદારીના શા માટે આપણે નાહકનાં મોટાં બણગાં ફુંકીએ છીએ? જે સ્વદેશીક ભાવ હાલમાં રાજા લઈ આપણી સાથે મદદમાં આવ્યા છે તેની સાથે એવી રીતનું વરતન આપણા અમલદારો કે જેઓ [illegible] છે, શુરવીર અને માયાળુ છે તેઓ કેવી રીતે રાખી શકે તે હું સમજી શકતો નથી. આ હીંદી રાજાઓ કેને અને શા માટે મદદ કરે છે? હીંદી રાજા ફ્રાંસમાં સ્વતંત્રતાને ખાતર લડવાને આવ્યા છે! સ્વતંત્રતા! હું ધારું છું કે તે રાજા પોતાનું નિરભય અને રણધીર લશ્કર સાથે સખત ઝુમીમાં [illegible] કરીને પાછા આવે અને એક વાર ફરીથી તે હોટેલમાં જશે અને ફેર રહેનાર બ્રીટીશ અમલદારની સાથે એકજ ટેબલ ઉપર ખાવા બેસશે ત્યારે આપણા શહેનશાહ કે જેની તેણે સેવા બજાવી છે તેના અમલદારો ફરીથી તેનું અપમાન કરશે!

આજ બાબતમાં ન્યુ સ્ટેટ્સમેન પત્રમાં મી. એસ. કે. રેટક્લીફ એક પત્ર લખતાં જણાવે છે કે મી. કારપેન્ટરને એક અસાધારણ અને કમનશીબ અનુભવ થયો છે. મી. રેટક્લીફ કહે છે કે રાજાઓ તરફ બ્રીટીશ અમલદારો આ પ્રમાણે વરતવા ટેવાઈ ગએલા છે અને તે પણ ખાસ કરીને જેઓ તેમની સાથે રહી યુદ્ધમાં લડતા હોય ત્યારે પણ એમ બને છે એવું અનુમાન કરવું એ ગેરવ્યાજબી છે. પરંતુ આમ છતાં એ સમજાય તેવું છે કે હીંદીઓના તરફ—રાજાઓ કે વરતમાન હીંદીઓ તરફ—એ જ્યાં હીંદીઓની રીત બાબતમાં [illegible] છે અને ભારે ગંભિર બે બાજુ રહેલું છે. અને જેમ લોર્ડ મોર્લીએ એક વખત કહ્યું છે તેમ હીંદુસ્તાન એ એક એવો દેશ છે કે જ્યાં આગળ ખરાબ આચરણ એ [illegible] છે. હાલની આ તક તે મહાન તક છે. હીંદુસ્તાનમાં યુરોપીઅનોની લાગણી કેળવાએલી હોય છે તેના કરતાં [illegible] છે. આ સ્થિતિનો સદાને માટે અંત આવે એવું ઈચ્છીએ.

[illegible], [illegible], કેપટાઉન અને બીજા કેટલીક જગ્યાએથી સારો વરસાદ થયાના સમાચાર છે. ગયા બુધવાર તથા ગુરૂવારે દરબન, મેરીત્સબર્ગ, વેરૂલમ અને આસપાસમાં પણ સારો વરસાદ થયો છે.

નેટીવોની એક ફરીઆદ

ઢોરોને અમુક જાતની દવાની ટાંકીઓમાં બોળવા વિષેનો જે કાયદો છે તેના અમલમાં એક ગેરસમજુતી થએલી હોવાથી [illegible] નેટીવોએ અસંતોષ ફેલાવ્યો હતો. એવું માલુમ પડ્યું છે કે દવાની ટાંકીમાં ઢોરોને બોળી કાઢી લેવાનું કામ તો થયું હતું, પણ તે દવાનું પ્રમાણ બહુ સખત હોવાથી કેટલાંએક ઢોર મરી ગયાં હતાં. આ રીવાજ ત્યાંના નેટીવોને તદન નવો હતો અને ખુલાસો પહોંચે તે પહેલાં નેટીવોએ ઘણી ટાંકીઓ તોડી નાખી. મેટેટીલીમાંથી [illegible] મહીનાને [illegible] આવી ગઈ. શનીવારે તેઓ પછી મેળાપ થઈ ગઈ હતી બધું શાંત થઈ ગયું છે.

રુટરે મોકલેલા ખબરો ઉપરથી જણાય છે કે મેટેટીલીમાં નેટીવો અને ચીફ માજીસ્ટ્રેટની એક સભા ચાર કલાક ચાલી હતી. ઘણા સુખી તથા જાણીતા નેટીવ આગેવાનોએ ભાષણો કર્યા પછી આ મેળાવડાનો અંત બહુ શાંત રીતે આવ્યો હતો. નેટીવોની ફરીઆદ નવા ડીપીંગ ધારાને લગતી હતી. [illegible] ચીફ જોરજ [illegible] બધો દોષ [illegible] ઉપર નાખ્યો અને અસંતોષ નેટીવોમાં છે એવી ખબર ફેલાવનારને શોધી કાઢવાને ઘણો પ્રયત્ન કર્યો હતો. ચીફ માજીસ્ટ્રેટ મી. [illegible] જણાવ્યું કે બધી ફરીઆદો તરફ લક્ષ આપવામાં આવશે અને ઢોરોને દવાની ટાંકીમાં બોળવા સંબંધે બધી તપાસ આવતી કાલે થશે પણ જે અમુક શાંતિ થએલું તેના સંબંધમાં સુખી અને [illegible] પોલીસને દરેક જાતની મદદ કરી ગુન્હેગારોને તપાસ ચલાવવા માટે હાજર લાવવાની જરૂર છે.

સેનેટર કરનલ સ્ટેનફોર્ડે એક સખત ભાષણ દરમીઆન જણાવ્યું કે આ બાબતમાં નેટીવોનું વરતન જોઈ અને ખાસ કરી ચીફ માજીસ્ટ્રેટ તરફ જે માન રાખવું જોઈએ તેની ગેરહાજરીને લીધે હું આશ્ચર્ય પામું છું. તેઓ એમ ધારે છે કે સરકાર અથવા તો હું એમ માનીશ કે એક ટુકડી ભાંગી નાખવામાં આવે તરત ઢોરને તોડી નાખવામાં આવે, અને અને દવાની ટાંકીઓ તોડી નાખવામાં આવે એ બધાથી સુખી અજાણ હોય. ઢોરોનાં દરદ આવ્યાં અને ગયાં, પરંતુ સુખી તો રહેલાજ છે. સરકારી હુકમ પાળવાનો હોય ત્યારે ઘણા ફરીઆદ હોય છે, પણ હું તમને સખત ચેતવણી આપું છું કે યુરોપીઅનોને પોતાનાં હથીઆર છોડવાં પડે એ હસવાની વાત નથી; અને તમારા વરતણુંમાં જો સુધારો નહીં થાય તો તમારા બાપ દાદાઓ જે ધારશે, [illegible] તે જોખમમાં આવી પડશો એ યાદ રાખજો.

'પ્રતાપ'નો ખાસ અંક

કાનપુરમાં હીંદુસ્તાની ભાષામાં પ્રગટ થતા અઠવાડીક પત્ર 'પ્રતાપ'ના સંપાદક તરફથી વિજયા દશમીને એક ખાસ અંક બહાર પાડવામાં આવ્યો છે. આ અંકના મુખ પાના ઉપર હીંદ દેવીની છબી આપી છે તેની નીચે શ્રી. ગાંધીની [illegible] છબી આપેલી છે. આ ખાસ અંકમાં રાજદ્વારી, સામાજીક અને ધાર્મિક વિષયો ઉપર ઘણા વિદ્વાન હીંદીઓના હાથથી ઉત્તમ લેખો લખવામાં આવેલા છે. '[illegible] એક દૃશ્ય' એ મથાળા નીચે જાણીતા [illegible] છબી આપી છે અને તેની નીચે એક કવિતા લખેલી છે જે અમે નીચે આપીએ છીએ—

યહ ન સમઝેં તુમ કિ હમ ડર જાયેંગે,
સ્વત્વ અપના છોડ કર વહ જાયેંગે.
ચિત્ત મેં યહ બાત હમને હૈ લિયા,
ઔર પુરષ્ક માન પર મર જાયેંગે.
દંડ-ધારા મેં બહાઓ. તુમ બડી,
ધીરતાસેં હમ ઉન્હેં તર જાયેંગે
રહ નહિં સકતે કભી જુટે બિના.
પાપ કે જીસ દમ ઘડે ભર જાયેંગે.
મન ન હોગા દંડ કારાગાર સે,
પ્રાણ મર સકતે ભલા કિસ માર સે?
દેખ લી હૈં ઘોર નિરદયતા,
ક્યા ડરાતે હો હમેં તલવાર સે?
મિટ ગુલામોં કે ગયે હૈં વંશ ભી,
પર હમારા કુછ ન બિગડા પારસે
જો ન હો સાહાય્ય હમ કો તુમ સદા,
તો સતાઓ તો ન યોં અવિચાર સે

ભારતીય મુસલમાનોમાં રાષ્ટ્રીયતાની લહર

ઉકત લેખ 'પ્રતાપ' પત્રના વિજ્યા દશમીના ખાસ અંકમાં મી પીર મહમદ યુનિસે હિંદુસ્તાની ભાષામાં લખ્યો છે, તેમાંથી અમે ગુજરાતીમાં અમારા વાંચકો આગળ મુકીએ છીએ:—

વીસમી સદી એક આશ્ચર્યજનક સદી છે. એ સદીની શરૂઆત થતામાંજ તેણે આખા સંસારમાં કોલાહલ મચાવી મુક્યો છે. એશીઆખંડ પર એણે અનહદ કૃપા કરી છે. જાપાન, ચીન, ઈરાન આદિ દેશોને જગાડી ભારતને જગાડ્યું ભારતવર્ષ હજારો વરસની ગાઢ નિંદ્રામાં સુઇ રહ્યું હતું, તેને જગાડતાં ઘણોજ પરીશ્રમ પડયો છે તેમજ સમય પણ ઘણો લાગ્યો છે. ખેર, સુતેલું ભારત આખરે જાગ્યું છે અને તે નવીન જીવન સાથે જાગ્યું છે.

એ તો નિયમ છે કે કોઇ માણસ એક વાત જલદી સમજી શકે છે અને કોઇ પાછળથી સમજે છે. વીસમી સદીના મહાન ગુરૂનો — રાષ્ટ્રીય જીવનની ગતી — તે ભારતીય મુસલમાનો પાછળથી સમજ્યા છે. અમારા મુસલમાન ભાઇઓ એક એવી હાલતમાં ફસ્યા હતા કે તેઓ પોતાના સાચા ફરજોને ભુલી ગયા હતા. તેઓ લાલચમાં પડી એવું કામ કરી રહ્યા હતા કે તેથી સમાજ, જાતિ અને દેશની હાની થઇ રહી હતી. દેશમાં એક જુદાજ પ્રકારનું વાતાવરણ ફેલાએલું હતું પરંતુ તેઓ એ વાતાવરણથી દુર રહ્યા. જ્યારે એક સમય આવ્યો કે જેણે ભારતની આંખો ખોલી, પરંતુ ત્યાં સુધી તેમને લાલચે પોતાના ગુલામ બનાવી રાખ્યા હતા. ત્યાં સુધી મુસલમાન ભાઇઓને કોઇક ફ્રકારના જાતિસેવા રૂપ મહાન સંકટ ન પડયો. બીજી વખત પણ મુસલમાનોને અનુકુળતા થઇ પડી. અલબત્ત, મી. સૈયદ અહમદ ખાને રસ્તો બતાવ્યો પરંતુ તેમાં પણ સાચા સમયનો અભાવ. આંતમાં સરલ સેહ ગુરૂએ પડયો અને જેઓ આપણી તાકીદે ભાંડતાં હતા તેમને સખ્ત મારવા હાથ લાગ્યો. જેરુસાલેમની ભૂમી ત્રીજી હતી કે હવેથી સરલી અને રંગ બદલવાનું શરૂ થયું. વળી પાછળથી કાનપુરની ઘટના પણ બની. હવે પછી ભુલી અમે .... શરૂ અને આર્દ્ર દેશો જે તે સજાવટ ગયું, રાષ્ટ્રીય ક્ષેત્રમાં આંખો ફાટેલી જો મહત્વના પાઠ પડેલા દેખાય.

રાજનૈતિક ક્ષેત્રમાં હિંદુ ભાઇઓની કદમો ઘણીજ આગળ આવ્યો હતો છે. મુસલમાનોએ પણ એ દેશમાં કદમ ઉઠાવવાનો મનસુબો કરી કદમ ઉઠાવ્યો પણ ખરો. અને મુસ્લીમ લીગ તેને અનુકુળ થઇ પડી. તેણે જુદી જુદી આ પ્રમાણે જણાવ્યું કે 'અમારો અસલ સીદ્ધાંત હિંદુસ્તાનમાં સ્વરાજ્ય (સેલ્ફ ગવરનમેન્ટ) કાયમ કરવાનો છે'

સઘળના વિચારો એક સરખાજ હોતા નથી; વિચાર ભિન્નતાને લીધે લીગમાં બે દળ પડી ગયાં. એક નવિન વિચારના લોકોનો પક્ષ કે જે હિંદુસ્તાનની સ્વતંત્રતા અને તરક્કીને ચાહનારૂ છે. આને નવું દળ કહેવામાં આવે છે. બીજું દળ તે પુરાણા વિચારના લોકોનું છે. તેઓ ઇચ્છે છે કે 'સરકારની તરફથી કંઇ પણ મળી જાય અને દિવસો ગુજરે. બસ' હાલના રાજનૈતિક આંદોલનથી આ દળ આઘુંઓના મઉ દુર રહેવા માગે છે. આ દળ તે સમયનું સ્વપ્નું જોય, કરે છે કે જે સમયે મુસલમાનોની ઉન્નતિનો સીતારો એશીઆ, આફ્રીકા અને યુરોપમાં ચમકી રહ્યો હતો. હાલના નવિન વિચારોથી એ લોકો અકદમ ડરે છે. નવિન જીવનનું ચૈતન્ય એ લોકોમાં બીલકુલ નથી. સ્વતંત્રતા તથા સંપનો ધ્યાન કરવો યા તેના ઉપર કુહાડી મારવી એજ એ લોક પોતાનું કરતવ્ય સમજી બેઠા છે.

રાષ્ટ્રીયતાનું સઉથી મોટુ સાધન એ છે કે એક દેશીય બનવું. ભારતીય મુસલમાનોનો એ ખ્યાલ હતો કે અમે લોકો ભારતીય નથી. અમે તો અરબ અને ઈરાનથી આવેલા છીએ એટલે તે દેશોના હિતમાંજ અમારું હિતાહિત સમાએલું છે પરંતુ જમાનો બદલાયો છે અને એ ખ્યાલ પણ ચાલ્યો ગયો અને ચાલ્યો જતો રહે છે.

હિંદ હમારા હૈ અને હમે હિંદના છીએ એમ કહેવડાવવામાં તેઓ મશગુલ થઇ ગયા છે. હિંદુસ્તાનના હમે છીએ અને હિંદુસ્તાન હમારો છે એવા ધ્વનિ હવે ચારે તરફ સાંભળવામાં આવે છે.

કેટલાક દિવસની વાત ઉપર એક પ્રતિષ્ઠિત ઉરદુ પત્રના અગ્ર લેખમાં આ પ્રમાણે લખ્યું હતું—

અફસોસ છે, સદ અફસોસ છે તારા ફરજન્દોના ઉપર કે જેણે તારી બેખબર અને દુરગતિ જોઇને પોતાની આંખમાંથી આંસુ નથી વહાવ્યા. તારા દુઃખથી જે દુઃખી ન થયા, તેને દુર કરવાને જેણે કોશીષ ન કરી અને તારા ઉપર કાનની કુરબાની જેઓએ ન આપી, તેવા ફરજન્દો તારા વતન (મરજી) મા અવશ્ય પેદા થયા છે. હિંદના ફરજન્દો! માદરે વતનની દુઃખમાં છે તે તરફ જરા જુઓ. માદરે વતનના દુઃખ તરફ તમે કદી પણ શોચ કરયો છે? અગર જો તમે કદી પણ શોચ ન કરયો હોય તો આવો હમે તમને બતલાવીએ. અમે અને તમે સાથે મળીને માદરે હિંદની ઉન્નતિ માટે જાન નિસાર કરીએ. અફસોસ! કે માદરે વતનના ફરજંદોના લોક ગણાય છે તે ભિખારી બની આવી હાલતે!! શું માદરે વતન તરફની મહોબ્બત આ મુલકમાંથી એકદમ ઉઠી ગઇ?

ખુશીની વાત છે કે હવે અમારા મુસલમાન નેતાઓના દિલમાં પણ રાષ્ટ્રીયતાની લહર ઉઠી રહી છે. એવું પ્રત્યક્ષ દ્રષ્ટાંત અમારા એક બિહારી નેતાની આ શબ્દોમાં છે.— 'અમારે રાજનૈતિક આંદોલન (પોલીટીકલ એજીટેશન)ના મેદાનમાં એક જબરૂ આગળ વધવું જોઇએ કારણ કે અમારે દુનિયામાં જીવવું છે, ઇજ્જતની સાથે જીવવું છે. તકલીફો ભાઇઓને છોડી દેવા તરફ ....

જુઓ. અગર જો આપણી હકીકત આપણે કબૂલ કરી હોય તો દુનિઆની સાલ ઉપર નજર કરો સમજો અને વિચાર કરો, પુરાણી આફત ભુલી જાઓ., દુશ્મનાવટનું વરતન છોડી દઈ ભાઈ ભાઈ બાથમાં હાથ નાખીને ફરો. આપણે હિંદ હમારું વતન છે અને અમે સૌનાં ફરજંદો છીએ એમ સમજો. અમે સરસ એકજ પ્રજા છીએ એવી સંગાથી આખા મુલકને બાંધી દો, અને ખુદાનો આભાર માનો કે આવા અતિ સુંદર સ્વચ્છ અને પવિત્ર દેશમાં આપણને તેણે પેદા કરયા છે'

પરમાત્મા અમારા મુસલમાન ભાઈઓને સદબુદ્ધિ આપો કે જેથી હિંદને એક રાજ્ય બનાવવાના કામને સારથક કરીએ

યુનીઅનમાં બળવો

બુધવાર

હરમન્સક્રાલ

ગયા અઠવાડીઆમાં પ્રીટોરીઆથી ૨૮ માઇલ ઉપર પીટરસ બરગ લાઇનમાં આવેલા હરમન્સક્રાલ આગળ બળવાખોરોનું ૭૦૦ જેટલું લશ્કર પડેલું હતું આ ખબર મળતાં પ્રીટોરીઆથી ખાસ ટ્રેનમાં શનીવારે બે ટુકડીઓ મોકલવામાં આવી હતી. તેમણે દુશ્મનને કબજામાં લેવાનો પ્રયત્ન કરેલો પણ તેમની છાવણી ઉપર પહોંચતાં ખબર મળ્યા કે તેઓ ત્યાંથી નાસી ગયા હતા. પાછળથી દુશ્મનો થોડે દુર આગળ મજબુત સ્થિતિમાં માલુમ પડયા. કેપ્ટન રધરફોરડની સરદારી નીચે યુનીઅન સરકારના લશ્કરે હુમલો કર્યો, પણ જવાબ સખત મળતાં લશ્કર પાછું હરમન્સક્રાલ આગળ આવ્યું પ્રીટોરીઆથી આવેલી એક ટુકડીના કેપ્ટન એલન કીંગને ગોળી વાગવાથી તે મરણ પામ્યો. દુશ્મનોના ૩૦૦ માણસો હતા તેમાંથી ૭ મરાયાના ખબર છે

લેડીબ્રેંડમાં ૨૩ માણસો શરણ થયાના ખબર છે

ગુરૂવાર

નીલીસ્ટરૂમ

નીલીસ્ટરૂમમાં બળવાખોરોની પચાસ માણસોની એક ટુકડી ઉપર યુનીઅન લશ્કરના કમાંડર જેસરે હુમલો કરી બળવાખોરોના ચાર સરદારોને પકડયા છે બાકીના માણસો નાસી છુટયા છે કમાંડર જેસરનો એક અને દુશ્મનના ચાર માણસ મરાયા છે નીલીસ્ટરૂમના મેજીસ્ટ્રેટ જણાવે છે કે ઉપરના સિવાય હવે બીજા બળવાખોરો એ જિલ્લામાં રહ્યા નથી.

હેરીસ્મીથમાં કરેલી ખરાબી

તા. ૬ઠી નવેંબરે બળવાખોરોએ પરેડીઓ હેરીસ્મીથમાં લુંટ ચલાવી હતી તેનો હેવાલ લખતાં 'હેરીસ્મીથ ક્રોનીકલ' લખે છે કે પ્રથમ તો તેમણે બધી બેંકો ઉઘાડી દીધી અને નાણાંને રસ્તે હાઇસ્કુલ સુધી ઝાંખરાં લઇ ગયા, પછી મુખ્ય ટુકડી ઓ'રેલીની ... સરદારી નીચે ... તેમણે ... ઘોડાઓ ... લઇ ગયા, ... વિગેરે સામાન પણ લીધો. પછી ટપાલ ઓફીસમાં ગયા. ... અને ટેલીફોનનાં ... તોડી નાખ્યાં ... પણ તેમણે તો ... અને ... દરેક ... બધા ... નાખ્યા. ... અને ... [illegible]

આખ અઠી દિવસ સુધી તેમણે દુકાનો લુંટી અને આશરે ... રકમમાં બધી ચીજો ભેગી કરી ... સામાન, ઘોડા, ચાદર ... વિગેરે માટેનો ... સામાન તથા કામ ... લઇ ગયા. જેલમાંથી પણ જબર જસ્તીથી બે ત્રણ કેદીઓ કે જેઓ ફોજદારી ગુન્હા માટે કેદમાં હતા તેમને છોડાવી લઇ ગયા.

શુક્રવાર

રીટ્ઝ આગળ આરમરડ ટ્રેનો

નંબર ૧, ૨, અને ૪ વાળી બખતર ટ્રેનોને બળવાખોરો ની સામે મોકલવામાં આવી છે નંબર ૨ વાળી ટ્રેન સાથે રીટ્ઝ આગળ લડાઈ થયેલી તેમાં બળવાખોરના ઓછામાં ઓછા પંદર માણસ મરાયાનું જણાવવામાં આવે છે.

બળવાને લગતા ખબરો છાપવાના સંબંધમાં છાપખાના ઉપરથી કેટલેક દરજ્જે અંકુશ ઉઠાડવામાં આવ્યો છે.

શનીવાર

કેપટાઉનમાં પહેલો ટર્ક કેદી

કેપટાઉનથી ૩૭ લડાઇના કેદી તરીકે ફ્રિન્તરમાં મોકલવામાં આવ્યા છે તેમાં કેપટાઉનમાં સ્ટી. લેન્સરોય ઉપરથી પકડેલ એક ટરકીશ કેદી પણ છે.

મુઝેર રીનીકે અને વરાઇબરગ

કમાન્ડર આલબરટસે કમ્પને તા. ૨૯મીએ હરાવ્યા પછી તે મુઝેર રીનીકે (બ્લુમફોંટેનથી ૭૬ માઇલ) હતા. તા. ૩ નવેંબરે તે શહેર તેણે કબજે કરયું, અને દુકાનદારો પાસેથી ખોરાકી તથા સરકારની ચેગન, તથા ઘોડા, અને ખચ્ચરો લઇ તે વરાઇબરગ જવા ધારતો હતો તે વખતે તેની પાસે હજારથી બારસો માણસ હતા અને ઘણાની પાસે બબ્બે ત્રણ ત્રણ ઘોડા હતા. તા. ૭મીએ કેમ્પના કેટલાક માણસો વરાઇબરગ મેફેકીંગ લાઇન ઓળંગી ગયા. ૬૦૦ જેટલાની મજબુત ટુકડી આગળ જતાં બધેથી ઘોડા, ઢોરઢાંખર અને ખોરાકી ઉઠાવતા ગયા. તા. ૭મીએ કુરુમાન ખાલી થયું. તા. ૯મીએ કેમ્પની ટુકડીને ડે. ફ્રાંઝલીક પાછી હઠાવી હતી. ત્યાર પછી તા. ૨૫ સુધી જુદી જુદી જગ્યાએ યુનીઅનનું લશ્કર તેની પાછળ ગયું તેનો વિસ્તાર પુરવક હેવાલ પ્રીટોરીઆથી બહાર પડેલો છે

સોમવાર

ફેરગરેસ ડોરપ

૨૦૬ બળવાખોર ફ્રેરગરસડોરપથી ૨ માલ ... ટ્રેન ... ઉપર રાતરે અહીં આવ્યા હતા. ત્યાંથી કેટલાક ઘોડા વિગેરે લઇ ગયા છે

હીલબ્રાન અને ક્રૂનસ્ટાડ

હીલબ્રાનથી ... તા. ૧૮ ની ... જણાવે છે કે જ્યારે ... પછી ... આશરે ૬૦૦ બળવાખોર ... પણ બળવાખોર ... નહિ કે તેને પકડવાનું બન્યું નહિ.

પીટર્સબર્ગ ... અને ... પધાર્યા છે, અને ૫૪ બળવાખોર પકડેલા છે

વરજીનીઆમાં નક્કી તા. ૧૬ મીએ ... રેલ્વે લાઇન ... ખબર આપ્યા ... કે ... નદી ... વરજીનીઆમાં ... ૧૮૦ ... તેની ... તેણે ... [illegible]

ડીવેટની આશરે ૨૫૦૦ માણસ સાથે લડાઈ કરી. દુશ્મનો ના આશરે બે હજાર માણસો નહી ઓળખી શક્યા. બાકી ના ઝડપી ફુરતીલા થયા. તેવામાં આરમર્ડ ટ્રેન આવી અને ડી. ૨૨. ઓનરેબલ્સ લશ્કરને પણ બોલાવ્યું હતું. પણ તે આવતા પહેલાં ડીવેટ આગળ તોડી આગળ વધ્યો હતો. કર્નલ બ્રીન્સલી ડીવેટની પાછળ ગયો અને તેમા બળવાખોરોને ઘણું નુકશાન થયું હતું.

વીનબર્ગમાં ડી વેટ

વીનબર્ગમાં તા. ૯ નવેમ્બરે ડીવેટ અને તેના લશ્કરે ધણખ લુંટ ચલાવી હતી. મેયર મી. રાઘટની દુકાનમાં ડીવેટને પટેલની ના પાડવામાં આવતાં આખું શહેર ઢીલ. ફળી લઇ બાળી નાખવાની તેણે તઇયારી કરી હતી પણ તેના સાથીએ તેને અટકાવ્યો.

પાછળથી મેયરને બોલાવી ડીવેટે જણાવ્યું કે વીનબર્ગે માર. ડીકરને મારી નાખ્યો છે. મેયરના ઉપર સખત હુમલો કરી તેને લાત મારી માર માર્યો હતો.

શાઈદ બ્રધરસની આખી દુકાન સેંકડ બળવાખોરોએ લુંટી લીધી અને પાંચ મોટી અને બે કેપ ચેગનો ભરી સામાન લઈ લીધો અને પછી મકાન તોડી નાખ્યું.

બુધવારે જનરલ બોથા આવ્યા પછી બધું શાંત થયું હતું.

હુટ્રપુટર ડીસ્ટ્રીક્ટમાં

બળવાખોરોની ટુકડી બે ત્રણ દિવસ થયા આવી, માણસોના ઘોડા ચોરી જાય છે.

નોપુરટ આગળ કર. કમાંડંટ લુઇ બોથા

નું લશ્કર બળવાખોરોના લશ્કરે સામે તા. ૨૬ મીએ લડ્યું હતું. બળવાખોરના ૬ માણસ ઘવાયા તથા કર. બોથાનો એક માણસ મરાયો અને એક ઘવાયો હતો.

મંગળવાર

ક્વાર્ટ્ઝ ફોન્ટીન ફારમ

આગળ કર કમા. મેન્ડ બોથાને ૧૨૦ બળવાખોર સાથે લડાઇ થઇ તેમાં ત્રણ મરાયા અને ૧૩ પકડાયા છે. કર બોથાના ઘોડાને ગોળી વાગવાથી ઘોડો મરણ પામ્યો હતો.

બ્રાહ્મ વીલ આગળ કર. ક્લીકર બળવાખોરો સાથે લડ્યો. તેણે તેમાં વેનવેન અને બીજા ૧૨ બળવાખોર પકડ્યા છે બીજા ઘણા શરણ થયા છે.

[ક્વાર્ટ્ઝ] ફોન્ટીન રસ્ટનબર્ગથી પુરવમાં ઓડન્ડાલ નજીક છે.

સોમાલીલાન્ડમાં

બ્રિટિશની નજીકમાં સોમાલીલાન્ડ સરહદ ઉપર કેટલાક બ્રિટન ગોરાની એક ટુકડી શ્રીમાન નામની આસપાસનાં બેનરો માં હુમલા લઇ ચાલી હતી. ધીનાંરની સરકારી નીમેલા આ ૧૯૭ માણસોની ટોળી કૈવાના, ખબર મળ્યા છે. ધીનારે નેમોની સાથે હતા નહી. તેમણે ગયે અઠવાડીએ ઉંટરૂટ મોટું કેરાવેન્ યુકેરેસથી ચાલવા વીગેરે લેવા ચાલેલા. પણ સખત સડકાયમ તો આખરથી કરી સલામત જગાએ લઇ જવામાં આવ્યા છે.

[illegible]

માં જર્મનોએ ઉત્તરેથી ઘણાક કામ ઉપર હલ્લો ચલાવ્યો [illegible] એક મોટ બગલો હતો તે એ એમ કે કહેલા તેમાંથી એક તો [illegible] ગયો અને બીજો [illegible] ૧૬૦ વાર ઉંચે પહોંચ્યો ત્યારે નાસીને તેમને [illegible] નહીં, [illegible] ઘણુ [illegible] ઘણી ભારે હતી.

લડાઇના મેદાનમાં હીંદી લશ્કર

કેરોથી ખબર જણાવે છે કે જ્યારે એલ ત્રુકુ અને કેરીઆક ની વચ્ચે બીકાનેરના ૨૦ ઉંટ સ્વારોની ટુકડી જતી હતી ત્યારે બીકાનેરના કેપટન ચૌહાણે સફેદ ઉંટ ઉપરથી સફેદ વાવટો હલાવતી એક ટુકડીને જોઇ. તે દુશ્મન છે એમ માલુમ પડ્યું કે તુરતજ તેનાં માણસોને બંદુક મારવા હુકમ કર્યો. તેમણે લગભગ બધા દુશ્મનોને મારી નાખ્યા. દુશ્મનોની એક બીજી ટુકડીઓ પણ તેવાજ કાળ થયા. પછી કેપટન ચૌહાણ ઘેરાઈ ગયો ને ૩૦૦ તોફાનીઓએ તેને ઘેરી લઇ બંદુકો મારી ચલાવ્યો. કેપટન ચૌહાણની ટુકડી લડતાં લડતાં પાછી હટી. કેપ. ચૌહાણને ગોળી વાગી, એટલે એક બીકાનેર વાળાએ તેને પોતાના ઉંટ ઉપર લીધો પણ પછી તે બંનેને ગોળી વાગી. આપણાં માણસમાંથી ૧૪ મરાયા અને ૩ ઘાયલ થયા. દુશ્મનોના કેટલા ખબર મળ્યા નથી.

પુરવ આફ્રીકામાં લડાઇ

નવેમ્બર તા. ૩ જીએ બ્રીટીશ લશ્કરે જરમન સરહદની બાર માઇલ અંદર આવેલા મથક લોંગીડો હીલ ઉપર ચઢાઈ કરી પરોઢીએથી સાંજ સુધી તેઓ દુશ્મનો સામે લડયા હતા એવા સમાચાર નૈરોબીથી રૂટરનો ખબરપત્રી મોકલાવે છે. તે વખતે દુશ્મનોએ તેમના ઉપર સખત જોર કર્યું હતું. પરંતુ બ્રીટીશ લશ્કર બહાદુરીથી વર્ત્યું અને ઘણુંજ સરસ નીયમ પુરવક તેઓ પાછા હટી આવ્યા. બ્રીટીશ લશ્કરમાં ૭૫૦ માણસો અને બે મશીન તોપ હતી. માણસોમાં પંજાબી ૨૯ મી ટુકડીની ચાર કંપની અને ચાર કંપની કાશ્મીરની ઇમપીરીયલ સરવીસની હતી.

બ્રીટીશમાં ૬ અમલદાર અને ૧૮ માણસના મરણ થયાં અને ૨ અમલદાર તથા ૩૫ માણસો ઘવાયા. દુશ્મનના માણસો આશરે ૩૮ ગોરા અને ૮૫ નેટીવ મરાયા તથા ઘવાયાની ગણત્રી થઇ છે.

લડાઇની નિતિ

બ્રીટીશ મથકની સાથે રહી જોનારા એક અમલદારે પહાણ અને જાહેરનાં ભારે વખાણ કરતાં છે પણ એ વખાણ કરતા તેણે એક કિસ્સો એવો ટાંક્યો છે કે જે સામાન્ય નિતિથી વિરોધી છે.

તે કિસ્સો એવા પ્રકારનો છે કે હિંદી દુશ્મનોના એક ટોળા જતા. અરબ લાકડીથી દુશ્મનોને હાથ પકડાયા ગયો. તેજ વખતે તે શાંતિથી દુશ્મનોની છાવણી તરફ ચાલ્યો અને જઇ તે નિશાનીઓથી કહ્યું કે હું તો બ્રીટીશોથી નાસી ગયો છું અને મારી સાથે બીજા ૩૫ સાથીઓ છે તે પણ આવવા માગે છે. આમ કહી તેણે જરમનોને પુરેપુરા છેતરયા અને પછી બધી હકીકતથી વાકેફ થઇ ગયો. ઉપરોક્ત ખબર હિંદી છાવણીમાં લઈ આવ્યો.

આ હિંદીને ઇનામ આપવામાં આવ્યો છે.

ઇટલીના મહાસભામાં

કેપ ટાઉનના પત્રના મહાસભામાં ઇટાલીના દીવાને એક ભાષણ પ્રસંગે જણાવ્યું છે કે લડાઇમાં ભાગ લેવાની જરૂરીયાત ઘણી આવશે એમ નિરાશ થઇ ગયા છે.

તેણે જણાવ્યું કે ઇંગ્લેન્ડ, રશીયા, ફ્રાંસ અને જાપાન માણસની માગણી કરે તો અમે તૈયાર છીએ, આજ સુધી પાછી જે કંઇ છે તે બધું જોખમ છે ને એ બાબતની ખબર અમે જ લેશું.

હવાલદાર ગંગાસીંગ

'ટાઇમ્સ' જણાવે છે કે 'વીકટોરીઆ ક્રોસ' નો એક જીત નારો પહેલો હિંદી હવાલદાર ગંગાસીંગ છે. ખાઈઓમાં દુશ્મન સાથે ૧૧ હિંદીએ હાથોહાથની ઝપાઝપીમાં લડાઈ થઈ તેમાંથી તે એકલોજ જીવતો આવ્યો. તેણે ૧૬ જરમનોને માર્યા. તેને લડતાં પાંચ જખમો થયા છે

ત્રણ હિંદી બેટરીઝ

ફ્લાન્ડર્સ વાળી જગ્યાએ હુમલો લઇ જવાને મોટી તોપ વાળી ટુકડીને બેટરી કહે છે. આવી ત્રણ હિંદી ટુકડી લંડન આગળ ન્યુ ફોરેસ્ટમાં કેટલોક વખત થયાં છાવણી નાખીને પડી હતી. 'ઇંડીઆ' ટાઇમ્સ જણાવે છે કે તેમાંના માણસો ઘણા ખરા પંજાબી અને શીખ છે તેમાં થોડા બ્રાહ્મણો અને ડોગરા (?) પણ છે.

પુરવ આફ્રીકામાં મરણો

એક રેલવેના ઠેકાણા અગત્યના મથકનો કબજો લેવા જતાં પુરવ આફ્રીકામાં ઘણા માણસો મરાયા છે એવી ખબર પ્રેસ બ્યુરોએ બહાર પાડી છે. તે લડાઇમાં કાશમીર ૨૬ ફુટ, ૧૦૧ મી ગ્રેનેડીઅર્સ (હિંદીઓ) તથા અંગ્રેજોની ટુકડી તોપના ભારે મારની સામે બહાદુરીથી ગએલી પણ શહેરમાં પહોંચતા ઘરમાંથી બંદુકની ગોળીઓ તેમના ઉપર છુટી આથી તેમને પાછા ફરી સ્ટીમર લેવાની જરૂર પડી હતી.

ખાઇઓ ઉપર હુમલા

હિંદી લશ્કર અને દુશ્મનો વચ્ચેની લડાઇનો ખ્યાલ ઉભો કરે તેવો હેવાલ એક 'નજરે જોનાર' તરફથી પ્રેસ બ્યુરોને મળ્યો છે તેમાં હિંદીઓએ સખ્યાબંધ તોપો અને માણસો તા. ૨૩ મી એ કેદ પકડ્યાનું જણાવ્યું છે

સવારે ૯ વાગે જરમનો હિંદી ખાઇઓ ઉપર ચડી આવ્યા અને નજીકથી ફેંકી શકાય તેવી દારૂગોળાથી ખાઇને નીરુપયોગી બનાવી દીધી જરમનોએ એ ખાઇ કબજે લીધી

હિંદીઓએ બપોરે પાછો સામો હુમલો કર્યો એક સામટા જબરા હુમલા છતાં તોપ જલદીથી ફુટનારી રાઇફલો અને બંદુકોની સામે તેઓ નિષ્ફળ નીવડ્યા. અને સાંજ ફરી બીજો હુમલો લઇ ગયા પણ તેમાં થોડી ફતેહ મળી. હિંદી લશ્કરે જબરે મધરાતે હુમલો કર્યો. અને તેમાં અત્યંત બહાદુરીથી સવાર સુધી લડ્યા અને છેવટે પુરી જીત મળી આપણું નુકશાન બેદ કૃપણાવે તેટલું થયું છે, પણ તે લડાઇની સ્થિતિનો વિચાર કરતા વધુ ન ગણાય.

સર જોન ફ્રેંચનું લખાણ

લોર્ડ રોબર્ટસને લખ્યું છે તેમાં હિંદી લશ્કરના અતી ઉત્તમ કામની ઘણી તારીફ કરી છે

લાહોરની ટુકડી બ્રીટીશ ઘોડેસ્વારોની મદદમાં છે, અને મીરતના લશ્કરની ચોથા નંબરની ટુકડીની મદદમાં છે.

શીખ લશ્કર, ફીરોઝપુર બ્રીગેડ, સીકંદરાબાદ ઘોડેસ્વારો અને જોધપુરના લેન્સર્સની ટુકડી પણ લડાઇમાં સામેલ છે

હીંદી ટુકડીવાળી જગ્યાઓ ઉપર સતત હુમલા અને તોપના મારા ચાલ્યા હતા જ્યાં તેની પાછળ ખાઇઓના પણ હુમલા આવેલા. એ વખત કેટ આ હુમલા એટલા સખત હતા કે એક વખત હુમલાઓને પાછા હઠવું પડ્યું. અને શત્રુ ઉપર લાભ અફસોસ ભર્યું હતું બીજી મુશ્કેલ પરિસ્થિતિ, સરદાર વરદ નોંધી ફીજમ આગમનોથી હિંમતિ ભરેલી થતાં બચી ગઈ.

લડાઇ અને તુરકી

પેપેરા આગળ એક ટરકીશ ટુકડીને હરાવી રૂશીઅનોએ દારૂ ગોળાની એક ટ્રેન હાથ કરી છે.

કારા, કલીસે, રૂથસરમ અને કોટેસી આગળ પણ રૂશીઅન લશ્કરે ટરકીશ ટુકડીઓને હાર ખવરાવી છે તથા કેટલોક દારૂ ગોળો હાથ કર્યો છે.

ઇરાની અખાતમાં

ટર્કીશોની હાર બે વખત થયા પછી ઘણી તોપ અને ઘણુ ઘવાયેલાને છોડી તેઓ ચાલ્યા ગયા છે.

બસરા અને બગદાદના વકીલ ટીગ્રીસના ઉપર ભાગમાં નકેલા છે.

રવીવારે ટરકીશોને અત્યંત આગળ પીછેહઠ નાખવામાં આવ્યા હતા રૂશીઅનો તેમની પાછળ જોરથી હુમલો લઈ ગયા છે.

બસરા દરયાઇ તેમજ ખુશકી લશ્કરથી કબજે કર્યું છે.

બસરાની જીત

ગુરૂવારે રૂટર જણાવે છે કે બસરાનો ઘેરો ઘણો અગત્યનો ધરાવે છે આ જીતને માટે હીંદી લશ્કરને ભારે મુબારકી મળી છે. તેથી જરમન અસરને સજ્જડ ફટકો પડ્યો છે. બસરાની જીત પછી દબદબા ભરી સારથ શહેરમાંથી નીકળી મધ્યના ચોકમાં જ્યાં શહેરના નામાંકીત માણસો રહેતા હતા ત્યાં લઇ જવામાં આવી. પછી દરીયાઇ તોપોએ સલામી આપી અને યુનીયન જેકનો વાવટો રોપવામાં આવ્યો શહેનશાહને માટે ખુશાલીના ત્રણ પોકારો પાડવામાં આવ્યા અને પછી બ્રીટીશ શહેનશાહના અમલનો ઢંઢેરો વાંચવામાં આવ્યો. વસ્તીએ આ ઢંઢેરો હરખથી વધાવી લીધો

બાકી રહેલું ટરકીશ લશ્કર વરાળની પેઠે ઉડી ગયું અને તેઓની તોપ અને રાઇફલો ત્યાંજ પડી રહી.

બસરાથી નવ માઇલ આવેલું કોર્નાર પણ શરણે થયું છે બગદાદના અંગ્રેજ વકીલ બ્રીટીશ સહીસલામત છે.

બસરાની બીજી વખતની લડાઇ થઇ તેમાં ટરકોના બે હજાર માણસો મરાયા અને ઘવાયા અરબોને શહેરમાં રાખી તેઓ નાસી ગયા. અરબો ટરકીશ તરફથી કંટાળી ગયાનું જણાવે છે તેઓ પાછા પતપોતાના ધંધાસર થઈ ગયા છે.

સોમાલીઓની મદદ

તા. ૧ નવેમ્બર નેરોબીથી રૂટરનો એક ખબર મળી જણાવે છે કે જુબા હદના સોમાલીઓ જાહેર કરે છે કે તેઓ અંગ્રેજની તરફમાં છે અને તેમની જીતના માટે રોજ મસજીદમાં તેઓ પ્રાર્થના કરે છે. અંગરેજને માટે લડાઇમાં ઉતરવાની પણ તેમણે ઇચ્છા બતાવી છે.

ઇજીપ્ત અને અકાબા

લંડનને ખબરપત્રો જણાવે છે કે પેલેસ્ટાઇનની દક્ષીણના ભાગમાં ટરકીશો ઇજીપ્ત સામે ચઢાવની તઇયારીઓ કરે છે.

અકાબામાંથી બ્રીટીશ દરીયાઇ લશ્કરે ટરકીશોને હઠાવ્યા પછી ટરકીશ હીલચાલના ખબર મળ્યા નથી.

કેરોના તારમાં ખબર છે કે બીકાનેર ઉંટસ્વારોની એક ટુકડીએ ૩૦ બેદુઇનોને મારી નાખ્યા છે. તેમાં ૭ જાણીતા શેખો હતા.

સુએઝ કેનાલથી ૧૫ માઇલ ટરકીશ લશ્કર પડ્યું છે, પાણીના તંગીને લીધે તે આગળ વધી શકતું નથી.

કોરિડોરમાં લડાઈ થતાં ટરકોને ભારે નુકશાન થયું છે.

યુરોપની મહાન લડાઈના સમાચાર

નાતાલ 'ટાઇમ્સ'ના ખાસ ખબરપત્રીએ મોકલેલી ખબરો ઉપરથી જણાય છે કે ઇટાલી મિત્ર રાજ્યોની સાથે મળીને લડવાને તૈયાર થઇ રહ્યું છે. તે માત્ર લડાઈનું બહાનું શોધે છે. બનતું આગે તો તે સ્પ્રીંગની કેનાલ ખુલ્લી રખાવાને માટે લડશે. જરમની તેને તટસ્થ રાખવાને મહા પ્રયાસ કરે છે.

ઉમરાવોની સભામાં લૉર્ડ કીચનર

ગયા ગુરૂવારે ઉમરાવોની સભામાં લૉર્ડ કીચનરે ભાષણ કરતાં જણાવ્યું હતું કે જરમનોએ છેલ્લા થોડા દિવસોમાં કાંઈ વધારો કર્યો નથી. હીંદીઓના આવવાથી આપણને ઘણી મદદ થઇ છે. આપણા માણસો ઘણા મરાયા છે પણ દુશ્મનોના તે કરતા વધારે મરાયા છે.

રૂશીઅનોએ જરમનને આગળ વધતા અટકાવી મોટી હાર ખવરાવી છે. અને અગાઉ કદી ન થયું હોય તેટલાં માણસનું નુકસાન જરમનીને થયું છે.

આપણે હજુ વધારે માણસની જરૂર છે. હાલમાં દર અઠવાડીએ ત્રીસ હજાર નવા માણસોની ભરતી થાય છે.

તેણે જાહેર કર્યું કે બેલજીઅન લશ્કર કદી પણ બેલજીઅમ છોડીને ગયેલું નથી.

એક બ્રીટીશ મનવાર ઉપર અકસ્માત

બુલવર્ક (૧૫,૦૦૦ ટન) નામની એક બ્રીટીશ મનવાર શીઅરનેસ (લંડનથી આશરે ૫૨ માઈલ) આગળ ફાટેલી સ્થિતિમાં લાંગરેલી હતી, ત્યારે અકસ્માતથી એક ગોળો ફૂટ્યો અને તે મનવાર ડુબી ગઇ. તેમાં ૭૫૦ માણસોમાંથી માત્ર ૧૪ માણસોજ બચેલા છે. આ મનવારમાં ૧૬ મોટી તોપ અને બીજી કેટલીક નાની તોપો તથા ૯૦૦ ટન કોલસો હતા.

બીજા દીવસના ખબરમાં છે કે આ મનવારમાં મરણ પામેલાની સંખ્યા ૭૭૦ થઇ છે.

વેપરીસ આગળ જીત

એક અઠવાડીઆની સખત લડાઈ પછી વેપરીસની નજીકના મોટા જંગલમાંથી જરમન લશ્કરને અંગ્રેજોએ પાછા હઠાવ્યા છે.

રૂશીઆમાં લોડઝ આગળ જરમનોની મોટી હાર થઇ છે અને છેલ્લા દશ દીવસની લડાઈમાં એક લાખ જરમનો મરાયાની ખબર થઇ છે.

કારપેથીઅનમાંથી રૂશીઅનોએ ૧,૨૦૦ ઓસ્ટ્રીઅન કેદ પકડ્યા છે.

રૂશીઆ અને જરમની

લોડઝ આગળ રૂશીઆ તથા જરમનીના લશ્કર વચ્ચે ભારે લડાઈ થઇ હતી. એક જગ્યાએથી રૂશીઅન કેવલરીએ ફાજલ થઇને જરમન લશ્કર ઉપર હુમલો કર્યો અને તેમાં જરમનોને બહુ નુકસાન સહન કરવું પડ્યું હતું. તેઓની બારે તોપો રૂશીઅનોએ લઇ લીધી, અને ૬,૦૦૦ જરમનો કેદ પકડાયા હતા.

ઓસ્ટ્રીઆએ ઘણું કેદ ગુમાવ્યું લશ્કર લડાઈમાં ખોયું છે એમ ઓસ્ટ્રીઆની પાર્લામેંટમાં જાહેર થયું છે.

ન્યુઝીલંડમાં કેલિફ નું ગામ છે.

જરમન સ્ટા ફાર્ક મોલ્ટે (૨૪,૬૪૦ ટનની) સ્ટેશનના કાફલાની સાથે ઓરેનડીઆ (૮,૫૨૯ ટનની) ને મળી ... ને ડુબાડી દીધી છે. ડુબાડી દીધેલી સ્ટીમરના ખલાસી ... એક મોટા અકસ્માત

અમેરિકાના નર્થ હિલ્સ ... ૮ ખાણીઓમાં નવાઓ એક મોટો અકસ્માત ...

... માં પણ છ લાખનું માલ હતું.

ફરીને પારીસની તરફ આવી

'એડવર' કાપીઝ' તો આર્સ ખબર મળે જણાવે છે કે, જરમનો ફરીને આર્જન, રેઇમ્સ અને સોઇસન્સ ઉપર હુમલો લાવેલા છે એટલે તેઓનો વિચાર પારીસ ઉપર આવવાનો હોય એમ અટકળ થાય છે.

હીંદુસ્તાનના સમાચાર

મુંબઈની કેટલીક મીલો લડાઈના સબબે સદંતર બંધ થવા માંડી છે ને થોડા કલાક કામ કરવા માંડ્યું છે. એજંટોને આવું પગલું ભરવાની ફરજ પડી છે કારણ કે તેમને પુરતા કામદારો મળતા નથી. વળી કાપડ તેમજ સુતરનો જથ્થો વધી ગયો છે અને તેનું કારણ કેટલેક દરજ્જે બહાર પડતાનું છે. વળી વેપારી આરકેસ નહિ સબબથી ચીન તરફ સુતર નિકાસ થતું અટક્યું છે. ચોમાસું સારું પસાર થએલું હોવા છતાં સુધારાના કાંઇ ચિન્હ જણાતાં નથી. જેકબ સસુન અને ઈ. ડી. સાસુન મીલો સદંતર બંધ છે. ઇ. ડી. સસુન, એલેક્ઝાંડરા અને એડવર્ડ સસુન મીલો થોડેક ભાગે ચાલે છે. ગ્રીવ્ઝ કોટન કંપનીની મીલો બંધ થઇ છે. ચાયના અને મુન મીલો બંધ કરવામાં આવી છે. એક જાણીતા મીલ માલીક જણાવે છે કે વેપાર બંધ પડી જવાનું એ પરીણામ છે. મીલ મજુરો ચાલ્યા જાય છે જેથી પુરતા કામદારો મળી શકતા નથી. એ જોતાં આખો દિવસ મીલો ચાલુ રાખવા બનવા જોગ નથી. આ વરસે અનાજનો પાક બહુ મોટો ઉતરશે અને કાપડની સારી માગણી થાય છે, પણ આઠ બંધ પડી જવાથી મીલમેન કામ કરી શકતા નથી. લડાઈને સબબે મીલ કામદારો પોતાને વતન ચાલી ગયા છે.

કોમાગાટામારૂના ઉતારૂઓની વર્તણુંક બાબત કલકત્તાના છાપાઓ સખત ટીકા કરે છે. તેઓએ લક્ષ્ય ખેંચ્યું છે કે શીખ કોમ જેણે લડાઈ દરમ્યાન વફાદારી બતાવેલી છે તે કોઇપણ કબુલ કર્યા વિના રહેશે નહિ. એક એંગ્લો ઈંડીઅન છાપું 'ઈંડીઅન ડેલી ન્યુઝ' સુચના કરે છે કે જેઓ પકડાયા છે તેઓને દેશ નિકાલ કરવા.

લડાઈની મદદમાં રા. ૬૦ લાખની રકમ નીઝામ સરકાર તરફથી હિંદી સરકારને મોકલવામાં આવી તે સાથેના ચાઠીમાં તેમણે જણાવ્યું કે ૧૮૮૭ની સાલમાં હીંદી સરહદ ઉપર રમખાણ જાગવાની ધાસ્તી ઉભી થતા મારા મરહુમ પિતાએ રા. ૬૦ લાખની રોકડ મદદ અને નીઝામી લશ્કરની સહાય બ્રીટીશ સરકારને આપવાની મરહુમ મહારાણીને માગણી કરી હતી. જેથી હાલની મોટી લડાઈના વખતમાં એ કરતા ઓછી રકમની મદદ આપવી હું મુનાસબ ધારતો નથી.

મુંબઈના ગવરનર લૉર્ડ વીલીંગ્ડનને મળેલા તાર ઉપરથી જાહેર થયું છે કે તેમના પુત્રને લડાઈમાં સખ્ત મોટો જખમ થયો છે અને તે કેદી તરીકે પકડાયો જણાય છે.

કેટલાક જાણીતા પારસી અને ગુજરાતી હીંદુ ગૃહસ્થોના વચ્ચે મતફેર પડવાથી વફાદારીના ઠરાવો પસાર કરવા માટે અવસરે આવતી રીતે સમસ્ત હિંદુઓની કેટલી સભા ભરવાની ... થી. ... સર ... મહારાજ હોળકર ... એક

સભા પીરાણામાં સર [illegible] ના પ્રમુખપણા નીચે ભરવામાં આવી હતી. 'હીંદી પ્રજા'

અમદાવાદમાં હિ. ધ. અંબાલાલ સાકરલાલના શોક જનક મૃત્યુ માટે શહેરીઓની એક જંગાવર સભા સરદાર સર ચીનુભાઈના પ્રમુખપણા નીચે મળી હતી. પ્રમુખએ સાથે પ્રમુખ તેમજ પ્રોફેસર આનંદશંકરભાઈ. રા. મગનભાઈ ચતુરભાઈ પટેલ, ઓન. રમણભાઈ વિગેરે અન્ય આગેવાનોએ દીલગીરી બતાવી હતી, અને તેમની યોગ્યતા માટે તારીફ કરી હતી. અને તે સભામાં મરહુમનું સ્મારક ફંડ સ્થાપવા એક કમીટી સ્થાપાઈ હતી. તેમાં ઓન. સરદાર સર ચીનુભાઈ પ્રમુખ, અને ઓન. રાવ બ. રમણભાઈ ઉપ પ્રમુખ, હતા.

માયસોરમાં દશેરાને દિવસે ચોથી સહાયકારીક સંમેલન ભરવામાં આવી હતી. આ સંસ્થા ૧૯૧૧ માં સ્થાપવામાં આવેલી તે વખતે માયસોર રાજ્યમાં તેની પેટા શાખાઓ ૧૪૦ હતી. અને બધા મળી ૧૦૧૦૭ સભાસદો હતા. તે ઉપરાંત તે સંસ્થાની રૂા. ૩૮૬,૬૫૦ ની થાપણ હતી હાલ ચાર વરસ પછી તે બધા આંકડામાં ચાર ગણો વધારો થયો છે. આ સંસ્થામાં સભાસદોનો ઘણો ભાગ ખેડુત વરગ છે જેથી ખેડુત વરગની સ્થિતિ સુધારવાને તે અથાગ પ્રયત્ન કરે છે. આજ સુધીમાં ખેડુતોને કરજમાંથી મુક્ત કરવાને ૮૦ પેટા શાખાઓએ રૂા ૬,૫૦,૦૦૦ ની રકમ ભેગી કરી છે. આમ ખેડુતોનું હીત હિંદુસ્તાનના બીજા ભાગો કરતા માયસોરમાં વધારે સારી રીતે સચવાય છે

તા. ૧૭ સપ્ટેમ્બરે જેતપુરમાં અસાધારણ વરસાદ પડયો છે. તે વરસાદથી ઘણા ઘરો તુટી પડયા છે, અને તેથી આશરે એક હજાર માણસો ઘરબાર વગરના લાચાર બની ગયા છે. બીલખામાં પણ એવોજ ભારે વરસાદ પડયો હતો અને તેથી વેપારીઓને ઘણું નુકસાન થયું છે. [illegible] મહાજન તરફથી ગરીબોને મદદ અપી છે, પણ વધુ મદદ ખાતર સખી ગૃહસ્થોને અરજ કરવામાં આવી છે

વિવિધ સમાચાર

ટ્રાન્સવાલ બ્રીટીશ ઇંડીઅન એસોસીએશનના સેક્રેટરી લખી જણાવે છે કે ટ્રાન્સવાલમાં જે હીંદીઓને એક કરતાં વધારે બૈરીઓ હોય તેમણે તે વિષેની ખબર નામ ઠામ વિગેરે પુરતી વીગત સાથે મોકલી દેવાની. જોહાન્સબરગના સરનામાથી તુરત મોકલી આપવા નહીં તો તે બૈરીઓ અને તેમનાં છોકરાંઓના દાખલ થવા વિષે પાછળથી તકલીફ પડવા સંભવ છે

જે હીંદી વેપારીઓની માલ મત્તાને બળવાખોરોએ હાની નુકસાન પહોંચ્યું હોય તેમણે નુકસાનના પહોંચેલા માલની વીગત તેની કીંમત, નુકસાન થયેલું તે દિવસની તારીખ અને તેને લગતી બીજી વગેરે હકીકત સાથે ટ્રાન્સવાલ બ્રીટીશ ઇંડીઅન એસોસીએશનના ઓનરરી સેક્રેટરીને બોક્સ ૬૫૨૨ જોહાન્સબરગ મોકલી આપવા વિનંતી છે

ટ્રાન્સવાલ લીડરમાં [illegible] ની જાન્યુઆરીમાં ઇંડીઅન [illegible] જેવા [illegible] હીંદુસ્તાનની [illegible] થવાની છે.

[illegible] [illegible] [illegible] પુરુ કરવા આજકાલના [illegible] [illegible] થયે [illegible] આવ્યાં હતા તેના [illegible] [illegible] [illegible] ખબર કે [illegible] તેનીજ [illegible]

ના અને તેની ઘરબાર પાળવાર. ૨૫ને માનુસીલી [illegible] [illegible] દેવામાં આવી હતી.

ખાસ શુક્રવારે રૂટર તારથી જણાવે છે કે કલકત્તામાં રા. બ્રાહ્ય. ડી. બાલામાં એક ગોળી ફેંકવામાં આવ્યો હતો. એક અમલદારને ગંભીર ઈજા થઇ હતી. ગુની બે જુવાન ભાગી ગયા હતા. તેઓ નાશી ગયા, પણ તેની પાછળ માણસો ગયા હતા. તેઓએ એક બીજો ગોળો ફેંકયો તેથી એક પંજાબી પોલીસનું મરણ થયું અને બે બીજા ઘવાયા હતા.

'ગુજરાત મેઇલ'માં હીંદુસ્તાનની સીવીલ સરવીસના ઉમેદવારોને માટે એક જાહેર ખબર બહાર પડી છે તેમાં જણાવવામાં આવ્યું છે કે આ ઉમેદવારો બ્રીટીશ રૈયત તરીકે જન્મેલા હોવા જોઇએ, તેઓ ૨૨ થી ૨૪ વરસની અંદરના, શરીર નીરોગી અને સારી ચાલ ચલગતવાળા હોવા જોઇએ

ડરબનથી એક ખબરપત્રી લખે છે કે અત્રે આવેલા રાંદેરના કાજી સઇયદ પીરસાહેબને દેશથી મળેલા કાગળથી માલુમ પડયું છે કે તેમના મામા કાજી સઇયદ મહમદ તા. ૨૮ મી સપ્ટેમ્બરે આ ફાની દુનીઆ છોડી ચાલી ગયા છે. મરહુમને માટે ફાતેહા સુરતી મસ્જીદમાં પડવામાં આવેલા હતા. મરહુમ ખંભાતમાં શહેર કાજી તથા સરકારી કોરટમાં જજ હતા. તેઓ પોતાની પાછળ ફક્ત એક ઓરત મુકી ગુજરી ગયા છે. ખુદા પાક મરહુમને જન્નતમાં રહેમત ફરમાવે અને પીર સાહેબ વીગેરેને સબુરી દીએ.

બીજી ખબરમાં તે ખબરપત્રી જણાવે છે કે હજરત કાજી પીર સાહેબ રાંદેરની આવતા ફેબ્રુઆરીના મેલમાં કેપટાઉન જવા ઉપડી જવાના છે.

હીંદુસ્તાનની સ્ટીમરો અને ટપાલ

સ્ટી. કાઠીઆવાડ—તા ૧૧ નવેમ્બરે કલકત્તાથી કોલંબો રસ્તે ડ આવવા ઉપડી છે તા. ૬ ઠી ડીસેમ્બરના અરસામાં ડરબન આવવા વકી છે.

સ્ટી. ઓમ્બોડી—તા ૧૭ ડીસેમ્બરે કોલંબો, મદ્રાસ અને કલકત્તા માટે ઉપડશે.

સ્ટી. ગ્રેપ્સ-જુલ્ફ કીનારાનાં બંદરો પર થઇ મુંબઈ માટે ડરબનથી તા. ૨૧ ડીસેંબરના અરસામાં ઉપડશે.

સ્ટી. અમકુલી—કોલંબોથી અત્રે આવવા તા ૧૪ નવેંબરે ઉપડી છે.

સ્ટી. સલાસીઆ—તા. ૧૦ ડીસેમ્બરે કલકત્તાથી ડરબન માટે ઉપડશે.

સોનેરી અંક

તા ૧ ડીસેમ્બર મંગળવારે બહાર પડયો છે. ડરબનમાં તે મેસરસ સન અરૈંક કેમ્પે વરકશોપ અને ક્વીન સ્ટ્રીટના ખુણા ઉપર) તથા મકનજી બ્રધરસ (૧૮૨ ગ્રે સ્ટ્રીટ) વાળા જગ્યાઓથી વેચાતો મળશે. કીમત ટપાલ ખરચ શીવાય પુઠાની શી. ૩ ૬—૧, ટપાલ ખરચ સાથેની કીમત શી. ૩—૧૦, પાકા પુઠાની કીમત શી. ૭—૬ ટપાલ ખરચ સાથે શી. ૭.

ટપાલમાં ગ્રાહકોના નામનીઓએ આમને ઠીકાણે લખવું.

[illegible] કીમત જાતે સ્ટાંપ ન મોકલતાં પોસ્ટલ ઓરડર મોકલવા વિનંતિ છે

Books for Sale

[Revised list] Price, post free.

	s.	d.
Future of Islam	4	2
The Life of Mahomet, by Washington Irving	1	10
Pilgrimage to Al Madinah & Mecca		
Part I	4	3
Part II	4	3
Æsop's Fables, illustrated	1	9
Alice's adventures in Wonderland, by Lewis Carroll, illustrated	1	9
Sohrab and Rustum, by Matthew Arnold. The origin of this story is taken from the "Shah Namah," the great Persian epic written by Firdausi	0	7
Up from Slavery, a wonderful story of courage in the face of almost impossible difficulties The author BOOKER T WASHINGTON is the first American coloured man to have achieved high intellectual distinction	1	9
Swami Vivekananda—An exhaustive and comprehensive collection of his speeches and Writings	4	3
The Swadeshi Movement — A Symposium by Representative Indians and Anglo-Indians. An excellent and authoritative collection of official and non-official views,	2	3
From Colombo to Almora Lectures by Swami Vivekananda Price 3s. d post free	3	10
Gospel of Shri Ramkrishna price 4s. post free	4	7
Sayings of Shri Ramkrishna	1	11
From Colombo to Almora	2	10
Essays in National Idealism, by Dr Ananda K. Coomaraswamy. "We think the book to be of surpassing value."—*Modern Review*	1	6
The Late Mr Joseph J Doke: a Memoir specially written for INDIAN OPINION also contains a report of the memorial service and an editorial tribute		6
Essays in Indian Art, Industry and Education by E. B Havell, late Principal, Government School of Art, Calcutta, author of several important works on Indian Art	2	3
Rabindranath Tagore, a Lecture by the Rev C F Andrews of Delhi delivered at Capetown. The surplus from the sale of these works, deducting cost of printing, will be handed to Babu Rabindranath Tagore for use in connection with his school at Bolpur	0	7
Civilisation of India, by R. C. Dutt	1	8
Sakuntala, and Dram by Kalidas	1	9
Fields, Factories and Workshops, or Industry combined with Agriculture and Brain Work with Manual Work, by Prince Kropotkin	1	9
Thrift, by S. Smiles		9
Duty, with illustrations of Courage patience, and endurance, by S. Smiles	1	9
Rubaiyat of Omar Khayyam,	1	7
The Song Celestial, a translation in verse of the Bhagavad Gita, by Sir Edwin Arnold	2	9
The Bhagavad Gita	1	1
The Light of Asia by Sir Edwin Arnold	1	1
Islam, by Justice Syed Ameer Ali	1	9
The Koran, translated by J M. Rodwell	1	9
Mahommedanism, by Prof. Margoliouth	1	9
Mohamed "The Great Arabian," by Meredith Townsend	1	8
Gulistan or Flower Garden, Sadi	1	10
Sesame and Lilies, by John Ruskin	1	10
Unto this last,	1	10
Self-Help, by Smiles	1	10
Character, by S. Smiles	1	10
Stories and Sayings of India Ceylon and Burma	1	9
The Heart of India	1	9
Duties of Man, by Mazzini	1	10
Time and Tide, by J. Ruskin	1	10
English Traits and Representative Men, by Emerson	1	10
Society and Solitude and other Essays, by Emerson	1	10
War and Peace, Vol 1, 2, and 3, by Tolstoy each	1	10
Anna Karenina by Tolstoy		
Part I	1	9
Part II	1	9
Hadji Murad and other stories, by Count Leo Tolstoy. These stories and dramas which Count Tolstoy left behind him date, many of them, from his great epoch of production, and have been pronounced by the best critics to represent his highest work in this sphere.	2	10
Tales and Parables, by Tolstoy	1	10
A Letter to a Hindu, or the subjection of India, its cause and cure, by Leo Tolstoy	0	1
Reflections on the French Revolution, by Burke	1	10
The Ramayana and the Mahabharata, by R. C Dutt	1	10
The Hon. Mr Gokhle and the Indenture System	0	6
The Hon. Mr. Gokhale's Tour in South Africa: Special INDIAN OPINION Souvenir. Reduced to half-price	2	9
The Ethics of Passive Resistance	0	3
Indian Home Rule, by M K. Gandhi	0	6
Hindu Social Ideals, by P J Mehta	0	7
M. K Gandhi: An Indian Patriot in South Africa, by J J. Doke	3	10
M. K Gandhi and the S. A. Indian Problem, by P J. Mehta	0	7
M. K Gandhi: a sketch of his life and work	0	7
The story of the Ramayana, the epic of Rama Prince of India by J L. P Erasmus	0	7
A Book and its Misnomer, (being a brief examination of "The Asiatic Danger in the Colonies" by L. E. Neame)	0	7

The Wisdom of the East Series

	s.	d.
The Awakening of the Soul, from the Arabic of Ibn Tufail	1	9
Brahma Knowledge	2	8
The Persian Mystics—		
I. Jalalud din Rumi	2	9
II. Jami	2	9
The Bustan of Sadi	2	9
The Religion of the Koran	1	9
Diwan of Abul Ala	1	9
Arabian Wisdom	1	9
The Confessions of Al Ghazzali	1	8
Rubaiyat of Hafiz	1	9
Heart of India	2	9

New Books

	s.	d.
Hinduism—Religions ancient and Modern series	1	8
Letters from John Chinaman by G. Lowes Dickinson	1	8
Stories & sayings of India Ceylon Burma and the near East by Fyrie Mayo	1	8
The Kingdom of God is within you, by Count Leo Tolstoy: or, Christianity not as a mystic doctrine but as a new life—conception	3	0

Orders for the above books to be sent to

The Manager,

International Printing Press,

Phœnix, Natal

N B Postal orders should not be crossed and should be made payable to International Printing Press, Durban, and *not* Phœnix.

અઠવાડીક પંચાંગ.

અંગ્રેજી—તા. ૨ ડીસેમ્બરથી તા. ૮ ડીસેમ્બર સુધી સને ૧૯૧૪.

હીંદુ—માગસર સુદ ૧૫ થી માગસર વદ ૬ સુધી સંવત ૧૯૭૧.

મોહમેડન—તા. ૧૩ મોહોરમથી તા. ૧૯ મોહોરમ સુધી ૧૩૩૩ હીજરી.

પારસી—તા. ૨૨ થી તા. ૨૮ સુધી ૧૨૮૪.

વાર	અંગ્રેજી તા.	હીંદુ તિથિ		મુ. તા.	પા. મ.	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.
બુધ	૨	સુદ	૧૫	૧૩	૨૨	૪—૫૨	૬—૪૪
ગુરૂ	૩	વદ	૧	૧૪	૨૩	૪—૫૨	૬—૪૫
શુક્ર	૪	,,	૨	૧૫	૨૪	૪—૫૨	૬—૪૬
શની	૫	,,	૩	૧૬	૨૫	૪—૫૨	૬—૪૬
રવી	૬	,,	૪	૧૭	૨૬	૪—૫૧	૬—૪૭
સોમ	૭	,,	૫	૧૮	૨૭	૪—૫૧	૬—૪૮
મંગળ	૮	,,	૬	૧૯	૨૮	૪—૫૧	૬—૪૮

Indian Opinion
SUBSCRIPTION RATES

Within the Union

	s.	d.
Yearly	14	0
Half-yearly	8	0
Quarterly	5	0
Per copy by post		4

Subscriptions are all payable strictly in Advance, and, if sent by cheque, 6d. extra should be added for bank commission (except from Durban).

Intending subscribers will kindly note that we do not accept subscriptions for less than a quarter.

The rates outside the Union are 15s. 9s. and 6s. respectively.

Cash with Order.

INTERNATIONAL PRINTING PRESS
Phoenix, Natal.

કાયદા સામે થવાની

ફરજ

હેનરી ડેવીડ થોરોના

અંગ્રેજી પુસ્તક

ON THE DUTY OF CIVIL DISOBEDIENCE

નો ગુજરાતી તરજુમો.

કીંમત ૩ પેની, પોસ્ટેજ ૧ પેની

ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ તરફથી

બહાર પાડવામાં આવેલાં પુસ્તકો

	શી.	પે.
ગીતાજીના ખીસામાં રાખવા જોગ્યા નાના ગુટકા	૦	૪
હીંદ સ્વરાજ્ય ગુજરાતીમાં	૦	૬
હીંદ સ્વરાજ્ય અંગ્રેજીમાં	૦	૬
કાયદા સામે થવાની ફરજ	૦	૩
મી. લીંકનના મત અને વિચાર	૦	૬
આરોગ્યતા વિષે સામાન્ય જ્ઞાન ભાગ ૧ લો	૦	૬
ભાગ ૨ જો	૦	૬
નીતિનું ...	૦	૩
તરીર સ૫.ત	૦	૩
જગતમાની મરજી	૦	૧
એક હીંદુ પ્રત્યે ટાલસ્ટોયનો કાગળ	૦	૧
મારો જેલનો ૧ લો અનુભવ (મી. ગાંધી)	૦	૧
,, ૨ જો ,,	૦	૧
,, ૩ જો ,,	૦	૩
પુર્વ અને પશ્ચિમ	૦	૧
ઓન. મી. ગોખલે અને ગીરમીટના સવાલ ઉપર ચરચા	૦	૬
ઉપરનું પુસ્તક અંગ્રેજીમાં	૦	૬
એક સત્યવીરની કથા (આ પુસ્તકમાં યુનાની સોક્રેટીસનું મરણ સમજાવેલું છે)	૦	૬
માણસ કેટલી જમીનનો માલીક હોઈ શકે?	૦	૨
મુસ્તફા...	૦	૬
સત્ય વિના બીજું કશું નથી	૦	૩
જીવન દોરી	૦	૧
મુસ્તફા કામેલ પાશાનું જીવન ચરિત્ર	૦	૩
મુસ્તફા કામેલ પાશાનું ભાષણ	૦	૧
સત્યાગ્રહનો ઇનામી નિબંધ	૦	૬
સુખમાના ...	૦	૩
સર્વોદય (આ મહાન અંગ્રેજ લેખક રસ્કીનનાં સર્વોત્તમ પુસ્તકોનો સારાંશ છે)	૦	૬
હીંદી બારીસ્ટર અને ખેડુતનો સંવાદ	૦	૩

ઉપરની કીમતમાં દરેક ચોપડીને માટે ટપાલ ખરચની એક પેની ઉમેરવી.

પોસ્ટલ ઓરડર કેશ કરવા નહીં આવે તે માટે મળેલાં ખરાબ પ્રીનીક્સ પોસ્ટ ઓફીસ નહીં લખવું પણ ડરબન પોસ્ટ ઓફીસ લખવું.

પુસ્તક મળવાનું ઠેકાણું:—

ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ,
ફીનીક્સ, નાટાલ.

હીંદી લશ્કરની છબી

તા. ૨૮ ઓકટોબરના ઈંડીયન ઓપીનીયનના અંક સાથે હીંદી લશ્કરના ચાર ફોટા આપેલા છે તેમાં એક ચિત્ર ફ્રેંચ ડ્રાયવર એક હીંદી અસવારની સાથે હાથ મીલાવે છે તે છે બીજામાં સર પ્રતાપ સીંગ છે, અને ત્રીજા તથા ચોથામાં હીંદી સ્વાર લશ્કરની ટુકડીઓ છે. કીમત ટપાલ ખરચ સાથે ૨ પેની.

હીંદી બારીસ્ટર અને ખેડુતનો સંવાદ

લખનાર: પ્રાગજી ખંડુભાઈ દેસાઈ

કીમત ૩ પેની ટપાલ ખરચ ૧ પેની

ખાસ ઘટાડેલી કીમતે

ઓન. મી. ગોખલેની દક્ષીણ આફ્રીકાની મુસાફરીનો હેવાલ

મી. ગોખલેના દક્ષિણ આફ્રિકાના પ્રવાસનું ઇંગ્રેજીમાં વરણન—તેમાં તેમની મુસાફરીમાન પાડેલી છબીઓ, હીંદી આગેવાનોની છબી, જનરલ બોથાને જનરલ સ્મટ્સની છબી, અને તેમને મળેલા સુંદર માનપત્રોની છબી, સરસ કાગળ ઉપર છાપેલી છે. આ પુસ્તક ઇંગ્રેજી નહીં જાણનાર હીંદી પણ ઘેર રાખે સારૂ થઈ શકે છે ને પછી કોઈ પણ ગોરાને ઓળખનાર ગોરાને ભેટ આપી શકે છે અથવા ઇંગ્રેજી જાણનાર હીંદી ભાઈબંધને ભેટ તરીકે મોકલી શકે છે. કીમત શી. ૨—૬; ટપાલ ખરચ પેની ૬

ઇ. ઓ. ના લવાજમના દર

યુનીયન—કેપ, નાતાલ, ટ્રાંસવાલ ઓરેંજીયામાં —

વારષિક	૧	૪	૦
છમાસિક	૦	૮	૦
ત્રિમાસિક	૦	૫	૦
નકલની	૦	૦	૪

ખાસ લવાજમ અગાઉથીજ લેવાને ધારો છે.

યુનીયનની બહાર છાપાનો દર વારષિક શી. ૧૫, છમાસિક શી. ૯, અને ત્રિમાસિક શી. ૬ છે. જો ચેક મોકલે તો કમીશનના ૬ પેની (ડરબન સિવાયની બેંકોનાં) ઉપરાંત ઉમેરવી. અમે ત્રણ માસથી ઓછા લવાજમ લેતા નથી. એ તરફ વાચકોનું ધ્યાન ખેંચીએ છીએ.

છાપી પ્રગટ કરનાર આલ્બર્ટ વેસ્ટ અને છગનલાલ ખુ. ગાંધી. ઇ. ઇંટરનેશનલ પ્રીંટીંગ પ્રેસ, ફીનીક્સ, નાતાલ.

Indian Opinion

PUBLISHED WEEKLY IN ENGLISH AND GUJARATI

No. 47—Vol. XII WEDNESDAY, NOVEMBER 25TH, 1914 Registered at the G.P.O. as a Newspaper Price Threepence

A JAPANESE POET ON CIVILISATION

YONE Noguchi, the Japanese man of letters, has written a biting criticism of Western civilisation as revealed by the war.

He writes from the Keio University, Tokio, to the New York *Nation*:—

"What does the present European war mean to us Orientals?" he asks, and replies: "It means the saddest downfall of the so-called Western civilisation; our belief that it was founded on a higher and sounder footing than ours was at once knocked down and killed; we are sorry that we somehow over-estimated its happy possibility, and were deceived and cheated by its superficial glory.

"We now see that it was merely a mirage or optical illusion of a thing which, in its truest sense, never existed; or if it ever existed, it was simply a changed form or crafty masquerading of an avaricious instinct of primitive barbarism. The Western people, with all sorts of colleges and institutions in their most advanced order, are, after all, like their naked friends in far-away Asia or Africa, as it proves now, only a hungry piece of flesh, who, to use a Japanese saying, has just three more hairs than a monkey; certainly we inhuman beings (who says human beings?) were made, not by the sure intention, but by the caprice of God.

"How can you believe, when you see them throwing a cannon ball, tramping on the killed people, that they are the human beings who could love trees and birds, and say in drowning once said:—

"God's in His Heaven—
All's right with the world"?

Forty Years' Toil

"During the last forty long years, the Western poets, preachers, and philosophers have been singing and writing on the general peace and brotherhood, and every church striking its holy bell on every Sunday and Christmas Eve, whose heavenly music was, to use Robert Bridges' graceful lines,

"'Angels' song comforting as the comfort of Christ
When he spake tenderly to his sorrowful flock.'

"And what is the result of their forty years' toil? We see only the rivers coloured by blood, and a huge mountain made in a single night with human corpses. Where's the peace and brotherhood dreamed by their innocent minds? Who can deny when I say that the Western people when they are so strong and savage, are the sole believers in Machiavellianism? When they preached peace, it was only at the time when they could not practise their barbarous policy; those forty years of peace were only a sort of truce. It was never a peace for peace's sake, but the time of preparation or suspension of hostilities in the interim from one war to another.

"We Japanese fought two wars in the last twenty years in the East, and we were given the unwelcome name of warlike nation, and often proved, as a result, to many international difficulties. We have been looked upon as a dangerous element, particularly by the Americans, who sent us peace envoys on several occasions; it was their stupidity not to think that their own West, as I said before, with all sorts of advanced colleges and institutions, was still more dangerous than the East where Confucius's analects are not a dead language.

"Confucius's teaching is that we should recompense injury with justice, kindness with kindness; and his doctrine is, the book says, to be true to the principles of our nature and the benevolent exercise of them to others. Even when we, as a people or nation, could not strictly observe his teaching, we believe that we never acted aggressively.

Western Life No Soul's Content

"The present downfall of the Western civilisation means more than you and I suppose. *It is not too much to say that the present European war is the beginning of the dark age of the whole world.* We Orientals will insist in future not to believe whatever high philosophy on love or peace or humanity the Western scholars and theologians might write. *We Japanese are glad at least to have a country in a far-away East, not in the West.* I have been losing for some long while my own respect towards the West and her own civilisation.

"My recent Western journey, which was concluded only a few weeks ago, confirmed me that the so-called dynamic European civilisation was all against the Asiatic belief, that is to say, Confucius's teaching that we 'should have no foregone conclusion, no arbitrary predeterminations, no obstinacy, and no egoism.'

"Confucius says: 'He who aims to be a man of complete virtue, in his food does not seek to gratify his appetite, nor in his dwelling place does he seek the appliances of ease; he is earnest in what he is doing, and careful in his speech; he frequents the company of men of principle that he may be rectified.'

"When I knew that the Western civilisation was more or less founded on individualism and often egoism and self-satisfaction, I thought that the social community of the West was less harmonious and loving; and when one does not respect the others, there will be only one thing to come, that is fight, in sound or silence.

"I have seen enough proof that the Western life was not a kind to lead one to soul's content and peacefulness, but always to disturbance and pain. *Having much disaffection with the Western life, I returned to a country where naturally the supernatural determination should be a reproof to the Western arrogance; I believe I know too much to be surprised by the present European war.*"

Opinion on the Viceroy's Plan

The idea of a reciprocity agreement certainly commends itself to us (says the *Leader* of Allahabad). As regards its terms our position is this. Firstly we should and can never consent to a disability being imposed upon us *qua* Indians in any statute of the realm. The racial disability does not exist in law now and it will be the most retrograde step imaginable for it to be created. We are and must always remain the equal subjects of the King in the eye of the law. On this point, the most vital to the Indians, no compromise is possible in return for any amount of present advantage. Nor do we suppose that his Excellency the Viceroy thinks differently. We cannot think he can, when we recall the terms of his historic Madras speech in which he claimed for our countrymen in South Africa their full rights as British citizens. If no legal disability is imposed on Indians *qua* Indians, and if further the dominion governments consent to receive a limited number of Indians to settle in those regions, will our countrymen agree to surrendering the theoretical right or claim to unrestricted migration? We do not know if they will. But we know that they ought to. If they will not, they will gain nothing whatsoever; will lose even what they have. They will then be giving the most melancholy proof that they are not better than what they are stigmatised by Anglo-Indians to be—arm-chair politicians mystified by dazzling rhetoric and with no eye to the real and the practical. Not seldom have we occasion to regret that our countrymen in general do not combine in adequate measure statesmanship with patriotism. We shall have one more occasion to regret their throwing away a favourable opportunity, an opportunity that does not come often. Having said thus much, we must say that our consent to the surrender of the principle is subject to a limitation. It is that the identical surrender should be made by the dominions of their right of migration to our country. If, as has been authoritatively stated by more personages than one in recent months, the law does not recognise such a right of imperial citizenship as the free migration of the inhabitants of one part of the empire to another, it must be definitely understood that the statement of the principle is applicable to India no less than to other countries of the empire and the Government of India must assert the right which Canada, Australia and South Africa do, to admit only a limited number of colonials to this country. It is not meant that the assertion of the right should entail any hardship on the colonials: this can be provided against by legislation, as any hardship to our countrymen migrating to one or another of the dominions will presumably be provided against. All that we stand up for is that the reciprocity agreement must have real reciprocity in it, the mutual relations of India and the dominions must be based on a recognition of the equality of each in the eye of the other. There are two more points, which are not unimportant, to which attention should be drawn. Temporary Indian visitors should be allowed in the dominions as colonial visitors are allowed in India. The prohibition against even [illegible] is most galling. The [illegible] Indians [illegible] [illegible] as well as [illegible] [illegible] [illegible] [illegible] [illegible] of [illegible] [illegible] in India [illegible] [illegible] in South Africa. Here again we do not suppose that the reasonableness of the above will [illegible] up any [illegible].

To sum up: we are strongly in favour of a reciprocity agreement such as his Excellency the Viceroy has suggested on lines that do not [illegible] [illegible] [illegible] [illegible] [illegible] to admit their status as equal subjects of the King in the eye of the law. The essential features of such an agreement we hold these to be [illegible] [illegible] [illegible], as we have argued:

(1) that no distinction in law should be made between Indians and other subjects of the British King;

(2) that no statutory disability should be imposed on Indians *qua* Indians;

